## ACKNOWLEDGEMENT

We sincerely express our gratitude to **“Shree Kundkund Kahan Sat Sahitya Prachar, Borivali”** from where we have sourced **“Samaadhini Swatantrataa Part-3”**(Pravachans on Shree Samaadhitantra by Pujya Shree Kanji Swami)


**“Shree Kundkund Kahan Sat Sahitya Prachar, Borivali”** have taken due care, However, if you find any typographical error, for which we request all the reader to kindly inform us at info@vitragvani.com or to “**Shree Kundkund Kahan Sat Sahitya Prachar, Borivali**” at gnayakforever@gmail.com



# સમાધિની સ્વતંત્રતા

ભાગ - ૩





ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# સમાધિની સ્વતંત્રતા

## ભાગ - 3

પૂજ્યપાદસ્વામી વિરચિત

## સમાધિતંત્ર

શાસ્ત્ર ઉપર થયેલ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના

શ્લોક નં. ૩૨ થી ૫૨ સુધીનાં અક્ષરશઃ ૨૫ પ્રવચનો

: પ્રકાશક :

શ્રી કુંદકુંદ - કહાન સત્ સાહિત્ય પ્રચાર - બોરીવલી

D - 16/205, યોગી નગર, એક્સર રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - 400 092

ફોન - 2863 1155 / 93228 90089

E-mail - gnayakforever@gmail.com

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઇ. સ. |
|---|---|---|---|
| ૩૨ | ૨૫૩૮ | ૨૦૬૮ | ૨૦૧૨ |


: પ્રકાશન :

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૨૩ મી જન્મજયંતિનાં

મંગલમય પ્રસંગે, ગજપંથા સિદ્ધક્ષેત્રે

તા. ૨૩.૪.૨૦૧૨ વૈશાખ સુદ - ૨

**પ્રથમ આવૃત્તિ : ૧૦૦૦ પ્રત**

**મુલ્ય : ધારાવાહિ સ્વાધ્યાય**

**મુદ્રક : સિલ્વર પ્રિન્ટસ્, વસઇ - પૂર્વ.**

**ટે. ૦૨૫૦ ૩૨૧૧૩૦૪ / ૦૫**

## ''સમાધિની સ્વતંત્રતા'' પ્રાપ્તિ સ્થાન

**મુંબઇઃ**

**બોરીવલીઃ**

**શ્રી કુંદકુંદકહાન સત્ સાહિત્ય પ્રચાર**

ડી-૧૬/૨૦૫, યોગી નગર,

એક્સર રોડ, બોરીવલી (વેસ્ટ)

મુંબઇ - ૪૦૦ ૦૯૨.

ફોનઃ **2863 1155 / 9322890089**

**પાર્લાઃ**

**શ્રી કવિન્દ્ર ગાલા**

ચોથેમાળે, સિદ્ધિ દીપ,

રુઇયા સ્કુલની સામે,

મહંત રોડ, વિલેપારલે (ઇસ્ટ),

મુંબઇ-૪૦૦ ૦૫૭

ફોનઃ **2610 2865 / 9892238006**

**દાદરઃ**

**શ્રી રમેશભાઇ બુરિચા**

૩૦૧, સનશાઇન હાઇટસ,

જ્ઞાનમંદિર રોડ, દાદર (વેસ્ટ),

મુંબઇ - ૪૦૦ ૦૨૮

ફોનઃ **2438 8787 / 9820498454**

**ઘાટકોપરઃ**

**શ્રી વિજયભાઇ બોટાદરા,**

B/27, મહાવિર - પ્રકાશ,

વલ્લભબાગ લેન,

ઘાટકોપર (ઇસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૭૭.

ફોનઃ **2506 8790 / 98191 95353**

**કલકત્તાઃ**

**શ્રી પ્રકાશભાઇ શાહ**

૨૩/૧, બી. જસ્ટીસ દ્વારકાનાથ રોડ,

ખાલસા સ્કુલની સામે, ભવાનીપુર,

કલકત્તા -૨૦.

ફોનઃ **033-24868518 / 9830331010**

**રાજકોટઃ**

શ્રી સીમંધર કુંદ કુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ

સ્વરૂચી, યોગીનિકેતન પ્લોટ,

સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

ફોનઃ **0281-2477728 / 9374100508**

**જામનગરઃ**

શ્રી પરેશભાઇ વાધર

૨૫, દિગ્વીજય પ્લોટ, જામનગર.

ફોનઃ **02882-560566**

**સોનગઢઃ**

**ડૉ. માધુરીબેન એસ. નંદુ**

ધ્રુવધામ, રોજકોટ-ભાવનગર મેઇનરોડ,

મુ.પો. સોનગઢ, જી. ભાવનગર.

ફોનઃ **02846-244132**

શ્રી સમાધિતંત્ર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી ના રેકોર્ડ થયેલા ૧૧૫ પ્રવચનો ટોટલ પાંચ ભાગમાં પ્રકાશિત કરવામાં આવશે.

શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચાર, બોરીવલીનુ આ 'સમાધિની સ્વતંત્રતા - ભાગ ૩' તે સાતમું પુસ્તક છે.

આ પુસ્તક પ્રકાશનમાં અજાણતાં કાંઇ ક્ષતિ રહી ગઇ હોય તો તે બદલ અમો ક્ષમા માંગીએ છીએ અને મુમુક્ષુગણ પાસે માર્ગદર્શનની અપેક્ષા પણ રાખીએ છીએ.

અંતમાં આ પુસ્તકનાં સ્વાધ્યાયથી સૌ આત્માર્થીઓ પૂજ્ય આચાર્ય ભગવંત તથા પૂજ્ય ગુરુદેવશ્રીનું હ્રદય સમજીને પોતાના જ્ઞાન - શ્રદ્ધાનમાં અવધારીને ત્વરીત પોતાના ભગવાન આત્માના દર્શન કરી લ્યે તેવી મંગલ ભાવના....

## —: શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચારના પ્રકાશનો :-

૧. સ્વતંત્રતાનો ઢંઢેરો
૨. સ્વતંત્રતાની પરાકાષ્ટા
૩. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૧
૪. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૨
૫. જ્ઞાનનો સ્વતંત્ર સ્વયંવર
૬. સમાધિની સ્વતંત્રતા - ભાગ ૧ (સુ.આ.)

આ પુસ્તક http:/www.AtmaDharma.com તથા http:/www.vitragvani.com પર ઉપલબ્ધ છે.

**સમાધિપ્રાપ્ત સર્વે સંતોને નમસ્કાર**

# પ્રકાશકીય નિવેદન

શરીરાદિ પરપદાર્થોમાં તથા પરભાવોમાં એકત્વબુદ્ધિ છોડીને, સંસારથી મુક્ત થવાના દિવ્ય સંદેશા **ભગવાન શ્રીપૂજ્યપાદઆચાર્યે** આ **સમાધિતંત્ર યા સમાધિશતક**માં આપ્યા છે. તે શાસ્ત્ર ઉપર સંસ્કૃતટીકા શ્રીપ્રભાચંદ્રઆચાર્યે કરી છે.

સમાધિની પ્રાપ્તિ સર્વ કાળે દુર્લભ છે, તેમાં પણ આ વર્તમાન યુગમાં તો અત્યંત દુર્લભ છે. છતાં સમાધિપ્રાપ્ત આત્મજ્ઞ સંત ગુરુદેવ **પૂજ્ય શ્રીકાનજીસ્વામી**નાં ભવતાપનાશક અમૃતમય પ્રવચનોથી મુમુક્ષુઓને તેવી સમાધિની પ્રાપ્તિ સુલભ થઇ રહી છે એ મહાન સદ્ભાગ્ય છે.

સિલ્વર પ્રિન્ટસ, મુંબઇના વ્યવસ્થાપક શ્રી રજતભાઇ દોશીએ કુશળતાપૂર્વક આ ગ્રંથનું સુંદર છપાઇ આદિ કાર્ય કરી આપ્યું છે તે માટે તેમનો પણ આભાર માનીએ છીએ.

આ શાસ્ત્રનાં પ્રવચનો સુંદર રીતે ટાઇપ કરવા બદ્દલ કુમારી બીનાબેન શેઠનો (કાંદીવલી, મુંબઇ) સંસ્થા આભાર માને છે.

આ શાસ્ત્રનાં પ્રવચનો ફરી-ફરીને વાંચી, સાંભળી, પ્રુફરીડીંગ કરવા બદ્દલ ડૉ. (શ્રીમતી) વસુબેન દિપકભાઇ શાહનો (તારદેવ, મુંબઇ) સંસ્થા ખુબ આભાર માને છે.

પરમપદની પ્રાપ્તિનો માર્ગ દર્શાવનાર આ શાસ્ત્રનાં સારી રીતે અધ્યયન તથા અનુભવ કરીને જગતના સર્વ જીવો આધિ-વ્યાધિ-ઉપાધિ રહિત પરમ જ્ઞાનાત્મક સમાધિની પ્રાપ્તિ કરો એવી ભાવના ભાવીએ છીએ.

**શ્રી કુંદકુંદ કહાન સત્ સાહિત્ય પ્રચાર**
**બોરીવલી**

# પ્રસ્તાવના

**ગ્રન્થ – સમાધિતંત્ર અપરનામ સમાધિશતક**

શ્રીપૂજ્યપાદઆચાર્યે આ ગ્રન્થમાં જીવની ત્રણ અવસ્થાઓ – બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સુંદર રીતે નિરૂપણ કર્યું છે અને બહિરાત્માવસ્થા છોડી અંતરાત્માવસ્થાદ્વારા પરમાત્મપદની પ્રાપ્તિ કેવી રીતે થાય તેનો ઉપાય સૂચવ્યો છે. સ્વ-પરના ભેદવિજ્ઞાન વિના અંતરાત્મપણું પ્રગટ થઈ શકે નહિ, તેથી આચાર્યદેવે આ ગ્રન્થમાં ભેદ-વિજ્ઞાનનું મહત્વ વિશેષપણે સમજાવ્યું છે.

આચાર્યદેવે આધ્યાત્મિક રસસાગરને આ નાની ગ્રન્થ-ગાગરમાં અતિ કલાપૂર્ણ કૌશલ્યથી ભરી દીધો છે. તેમાં ભેદજ્ઞાનનો ધ્વની પ્રત્યેક શ્લોકમાં ગુંજી રહ્યો છે. ભેદજ્ઞાનની ભાવના અને તેના અભ્યાસ માટે પૂરતી સામગ્રી પૂરી પાડે છે અને અભ્યાસીને આગળ વધવા માટે સારી પ્રેરણા આપે છે. આધ્યાત્મિક ભાવનાનો આ એક અત્યુત્તમ ગ્રન્થ છે.

પરમાત્મપદની પ્રાપ્તિ ભેદવિજ્ઞાનદ્વારા જ થઈ શકે, બીજી કોઈ રીતે થઈ શકે નહિ – એ બાબત ઉપર ગ્રન્થકારે આગમ, યુક્તિ અને જાત અનુભવદ્વારા પોતાની અનોખી, રોચક, હૃદયગ્રાહી, સરળ શૈલીમાં ઇ સુંદર રીતે પ્રકાશ પાડ્યો છે.

આ ગ્રન્થના અભ્યાસથી ચિત્ત અતિ પ્રફુલ્લિત બને છે અને અનાદિકાળથી અજ્ઞાનવશ થતી ભૂલોને પરંપરાનો પદે પદે બોધ થાય છે. ભેદવિજ્ઞાનદ્વારા તે ભૂલો ટાળી પરમપદની પ્રાપ્તિ કેમ કરવી તેની માર્ગદર્શનપૂર્વક પ્રેરણા, આચાર્યે સચોટ ભાવવાહી શબ્દોમાં કરી છે. આ ગ્રન્થના ભાવપૂર્વક વાંચન, વિચાર અને મનનથી ભવદુ:ખથી સંતપ્ત થયેલા જીવોને આત્મશાન્તિ થયા વગર રહેશે નહિ. ગ્રન્થની એ એક અદ્‌ભૂત ખૂબી છે.

આચાર્યદેવે આ ગ્રન્થની રચના મોક્ષમાર્ગના અભિલાષી જીવોને લક્ષમાં રાખીને કરી છે-એ વાત શ્લોક (૩) ઉપરથી જણાઈ આવે છે.

અંતિમ શ્લોક (૧૦૫) માં ગ્રન્થનો ઉપસંહાર કરતાં આચાર્યદેવે ગ્રન્થના નામ- **'સમાધિતંત્ર'**-નો નિર્દેશ કરી તેની ઉપયોગિતા દર્શાવતાં કહ્યું છે કે આ મોક્ષમાર્ગભૂત ગ્રન્થનો સારી રીતે અભ્યાસ કરી તથા તેને અનુભવમાં ઉતારી, પરમાત્મામાં નિષ્ઠાવાન જીવ પરમપદની-પરમસુખની પ્રાપ્તિ કરી શકે છે.

આ ગ્રન્થમાં આત્મ-વિષયને સ્પષ્ટ કરવા માટે એકાર્થવાચક ભિન્ન ભિન્ન શબ્દોનો



# પરમ પૂજ્ય શ્રી પૂજ્યપાદ સ્વામી

સુંદર શૈલીમાં જે પ્રયોગ કરવામાં આવ્યો છે તે જોતાં, સાહિત્યદ્રષ્ટિએ પણ ગ્રન્થની મહત્તા વિશેષ પ્રતિભાસે છે. રચનાચાતુર્ય અને શબ્દપ્રયોગનું કૌશલ્યાદિ કર્તાનું સંસ્કૃતભાષાનું અગાધ જ્ઞાન પ્રગટ કરે છે.

પ્રસ્તુત ગ્રન્થ ભાષા-સૌષ્ઠવ, પદ્ય-રચના અને સાહિત્યગુણોની દ્રષ્ટિએ જૈન સાહિત્યમાં એક વિશિષ્ઠ - અનોખું સ્થાન પ્રાપ્ત કરે છે.

આ ગ્રન્થના સંસ્કૃત-ટીકાકાર શ્રી પ્રભાચંદ્ર પોતાની ટીકા-પ્રશસ્તિમાં, ગ્રન્થના અપર નામ '**સમાધિશતક**' નો ઉલ્લેખ કર્યો છે. આથી પ્રસ્તુત ગ્રન્થ, '**સમાધિતંત્ર' અને 'સમાધિશતક**' - એ બંને નામોથી જૈન સમાજમાં પ્રસિદ્ધ છે.

## ગ્રન્થકર્તા શ્રી પૂજ્યપાદાચાર્ય

શ્રી પૂજ્યપાદાચાર્ય મૂલસંઘ - અન્તર્ગત નન્દિસંઘના પ્રધાન આચાર્ય હતા. તેઓ સુપ્રસિદ્ધ, બહુ પ્રતિભાશાલી, પ્રખર તાર્કિક વિદ્વાન્ અને મહાન તપસ્વી હતા.

### સમય

શ્રવણ બેલ્ગોલના શિવાલેખ નં.૪૦(૧૦૮)માં ઉલ્લેખ છે કે તેઓ **શ્રી સમંતભદ્રાચાર્ય**ની પછી થયા અને તેઓ તેમના મતાનુયાયી હતા.

તેમણે પોતાના '**જૈનેન્દ્ર વ્યાકરણ**'માં 'चतुष्टयं समन्तभद्रस्य' (૫-૪-૧૬૮)-એવો ઉલ્લેખ કર્યો છે. તે પણ બતાવે છે કે શ્રી સમન્તભદ્રાચાર્ય તેમના પૂર્વગામી હતા.

વિદ્વાનોના મત પ્રમાણે શ્રી સમન્તભદ્રાચાર્ય ઈ.સ.૨૦૦માં બીજી શતાબ્દિમાં થઈ ગયા.

**શ્રી ભટ્ટાકલંકદેવે** (સમય-ઈ.સ.૬૨૦ થી ૬૮૦) પોતાની '**તત્વાર્થરાજવાર્તિક**' માં અને શ્રી વિદ્યાનંદે (સમય ઈ.સ. ૭૭૫ થી ૮૦૦) પોતાની '**તત્વાર્થશ્લોકવાર્તિક**' ટીકામાં, શ્રી પૂજ્યપાદરચિત '**સર્વાથસિદ્ધિ**' નાં વાક્યોનો ઉપયોગ અને અનુસરણ કર્યું છે. આથી અનુમાન થાય છે કે શ્રી પૂજ્યપાદ સ્વામી શ્રી ભટ્ટાકલંકદેવની પહેલાં અર્થાત્ ઈ.સ.૬૨૦ પહેલા થઈ ગયા હોવા જોઈએ.

આ બંને આધારોથી સાબિત થાય છે કે તેઓ ઈ.સ.૨૦૦ અને ઈ.સ.૬૨૦ની વચ્ચેના કાળમાં થઈ ગયા.

શિલાલેખો અને ઉપલબ્ધ જૈન સાહિત્ય ઉપરથી વિદ્વાનોએ નક્કી કર્યું છે કે આ સુપ્રસિદ્ધ આચાર્ય ઈ.સ.પાંચમી શતાબ્દિમાં અને વિક્રમની છઠ્ઠી શતાબ્દિમાં થઈ ગયા.

## નિવાસસ્થાન અને માતા-પિતાદિ

તેઓ કર્ણાટક દેશના નિવાસી હતા. કન્નડ ભાષામાં લખેલા **'પૂજ્યપાદચરિતે'** તથા **'રાજાવલીકથે'** નામના ગ્રન્થોમાં તેમના પિતાનું નામ **'માધવભટ્ટ'** અને માતાનું નામ **'શ્રીદેવી'** આપ્યું છે અને અને લખ્યું છે કે તેઓ બ્રાહ્મણકુલમાં ઉત્પન્ન થયા હતા. શ્રી દેવસેનાચાર્ય કૃત **'દર્શનસાર'** માં લખ્યું છે કે તેમના એક વજનન્દી નામના શિષ્યે વિ.સં.૫૨૬માં દ્રાવિડ સંઘની સ્થાપના કરી.

## તેમનું નામ

તેમનું દીક્ષાનામ દેવનન્દી હતું; અને પાછળથી તેઓ પૂજ્યપાદ, જિનેન્દ્રબુદ્ધિ આદિ અપર નામોથી લોકમાં પ્રસિદ્ધ થયા.
શ્રવણ બેલ્ગોલાના શિલાલેખમાં ઉલ્લેખ છે કે

**यो देवनन्दिप्रथमाभिधानो बुद्धया महत्या स जिनेन्द्रबुद्धिः ।**
**श्री पूज्यपादोऽजनि देवताभिर्यत्पूजितं पादयुगं यदीयम् ।।**

(-શ્રમણ બેલ્ગોલ શિ.લે.નં. ૪૦(૬૪); શક સં.૧૦૮૫)

**प्रागभ्यधायि गुरुणा किल देवनन्दी,**
**बुद्धया पुनर्विपुलया स जिनेन्द्रबुद्धिः ।**
**श्री पूज्यपाद इति चैव बुधैः प्रचख्ये,**
**यत्पूजितः पदयुगे वनदेवताभिः ।।**

(-શ્ર.શિ.લે.નં. ૧૦૫ (૨૫૪); શક સં. ૧૧૨૦)

ઉપરોક્ત લેખોથી જણાય છે કે તેઓ ત્રણ નામ-દેવનન્દી, જિનેન્દ્રબુદ્ધિ અને પૂજ્યપાદ-થી પ્રસિદ્ધ હતા. દેવનન્દી-એ તેમના ગુરુએ આપેલું દીક્ષાનામ છે, બુદ્ધિની પ્રકર્ષતા-વિપુલતાના કારણે તેઓએ પાછળથી **'જિનેન્દ્રબુદ્ધિ'** -એ નામ પ્રાપ્ત કર્યું અને તેમના ચરણયુગલની દેવતાઓએ પૂજા કરી તેથી બુધજનોએ તેમને **'પૂજ્યપાદ'** નામથી વિભૂષિત કર્યા.

## તેમની અદ્ભૂત જીવન-ઘટનાઓ

નીચેના શિલાલેખો તેમના જીવન ઉપર સારો પ્રકાશ પાડે છે :-

**श्रीपूज्यपादोद्धृतधर्मराज्यस्ततः सुराधीश्वरपूज्यपाद : ।**
**यदीयवैदुष्यगुणानिदानीं वदन्ति शास्त्राणि तदुद्धृतानि ।।**
**धृतविश्वबुद्धिरयमत्र योगिभिः कृतकृत्यभावमनुबिभ्रदुच्चकैः ।**
**जिनवद् बभूव यदनङ्गचापहृत्स जिनेन्द्रबुद्धिरिति साधुवर्णित्तः ।।**

(-શ્ર.શિ.લે.નં. ૧૦૮(૨૫૮); શક્ર સં. ૧૩૫૫)

श्रीपूज्यपादमुनिरप्रतिमौषर्द्धि र्जीयाद्विदेहजिनदर्शनपूतगात्र :   ।
यत्पादधौतजलसंस्पर्शप्रभावात् कालायसं किल तदा कनकीयकार ।।

(-શ્ર.શિ.લે.નં. ૧૦૮(૨૫૮)

ઉપરોક્ત શિલાલેખોમાં દર્શાવ્યું છે કે -

શ્રી પૂજ્યપાદે ધર્મરાજ્યનો ઉદ્ધાર કર્યો, દેવોના અધિપતિઓએ તેમનું પાદપૂજન કર્યું તેથી તેઓ પૂજ્યપાદ કહેવાયા, તેમના દ્વારા ઉદ્ધાર પામેલાં શાસ્ત્રો આજે પણ તેમના વિદ્યાવિશારદ ગુણોનું કીર્તિગાન કરે છે. તેઓ જિનવત્ વિશ્વબુદ્ધિના ધારક હતા અર્થાત્ સમસ્ત શાસ્ત્ર-વિષયોમાં પારંગત હતા. તેમણે કામદેવને જીત્યો હતો તેથી કૃતકૃત્યભાવધારી ઉચ્ચ કોટિના યોગીઓએ તેમને **'જિનેન્દ્રબુદ્ધિ'** નામે વર્ણવ્યા છે.

વળી આ શિલા-લેખમાં એવો પણ ઉલ્લેખ છે કે

૧.તેઓ અદ્વિતીય ઔષધ-ઋદ્ધિના ધારક હતા,
૨.વિદેહક્ષેત્રેસ્થિત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી તેમનું ગાત્ર પવિત્ર થઈ ગયું હતું;
૩.તેમના પાદોદક (ચરણ-જલ)ના સ્પર્શથી એક વખત લોઢું પણ સોનુ થઈ ગયું હતું.
આ ઉપરાંત ઘોર તપશ્ચર્યાદિથી તેમની આંખનું તેજ નષ્ટ થયું હતું, પરંતુ શાન્ત્યષ્ટક ના એકાગ્રતાપૂર્વક પાઠથી નેત્ર-તેજ પુનઃ પ્રાપ્ત થયું હતું.
મહા યોગીઓને માટે આવી ઘટનાઓ અસંભવિત નથી.

## ગ્રન્થરચના

શ્રી પૂજ્યપાદ સ્વામીએ જે ગ્રન્થો રચ્યા છે તેમાં 'જૈનેન્દ્ર વ્યાકરણ', શબ્દાવતાર; સર્વાર્થસિદ્ધિ, સમાધિતંત્ર, ઈષ્ટોપદેશાદિ ગ્રન્થો પ્રમુખ સ્થાને છે. નીચેના શિલાલેખથી તેમના રચિત ગ્રન્થોનો ખ્યાલ આવે છે

जैनेन्द्रं निजशब्दभागमतुलं सर्वार्थसिद्धिः परा,
सिद्धान्ते निपुणत्वमुद्धकवितां जैनाभिषेकः स्वकः ।
छन्दः सूक्ष्मधियं समाधिशतकं स्वास्थ्यं यदीयं विदा
माख्यातीह स पूज्यपादमुनिषः पूज्यो मुनीनां गणैः ।।४।।

(-શ્ર.શિ.લે.નં. ૪૦)

જેમનું **'જૈનેન્દ્ર વ્યાકરણ'** શબ્દશાસ્ત્રોમાં પોતાના અનુપમ સ્થાનને, **'સર્વાર્થસિદ્ધિ'** સિદ્ધાન્તમાં પરમ નિપુણતાને, **'જૈનાભિષેક'** ઉચ્ચ કક્ષાની કવિતાને, **'છન્દશાસ્ત્ર'** બુદ્ધિની સૂક્ષ્મતા (રચનાચાતુર્ય)ને અને **'સમાધિશતક'** સ્વાત્મસ્થિતિ (સ્થિતપ્રજ્ઞતા)ને સંસારમાં વિદ્વાનો પ્રતિ જાહેર કરે છે, તે પૂજ્યપાદ મુનીન્દ્ર મુનિગણોથી પૂજનીય છે.

## જૈનેન્દ્ર વ્યાકરણ

આ સંસ્કૃત વ્યાકરણનો ગ્રન્થ છે. તેનાં સૂત્રોના લાઘવાદિના કારણે તેનું મહત્વ ઘણું છે, અને તેથી તેણે લોકમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. ભારતમાં આઠ પ્રમુખ શાબ્દિકોમાં આ વ્યાકરણના કર્તા શ્રી પૂજ્યપાદ સ્વામીની સારી ગણના છે.

**सर्वव्याकरणे विपश्चिदधिपः श्रीपूज्यपादः स्वयम् ।**

(શ્ર.શિ.લે.નં. ૪૭, ૫૦)

**जैनेन्द्रे पूज्यपादः**

(શ્ર.શિ.લે.નં. ૫૫)

સર્વ વ્યાકરણોમાં, શ્રી પૂજ્યપાદ સ્વયં વિદ્વાનોના અધિપતિ હતા; અર્થાત્ સર્વ વ્યાકરણ પંડિતોમાં શિરોમણિ હતા.

## શબ્દાવતાર

આ પણ વ્યાકરણનો ગ્રન્થ છે. તે પ્રખ્યાત વૈયાકરણ પાણિનીના વ્યાકરણ ઉપર લખેલો 'શબ્દાવતાર' નામનો ન્યાસ છે. 'નગર' તાલુકાના શિલાલેખમાં પણ તેનો ઉલ્લેખ છે.

## સર્વાર્થસિદ્ધિ

શ્રી ઉમાસ્વામી રચિત '**તત્ત્વાર્થસૂત્ર**' ની સંસ્કૃત ટીકારૂપે આ ગ્રન્થ છે. '**તત્ત્વાર્થસૂત્રની**' આ સૌથી પ્રથમ ટીકા છે. તેની પછી શ્રી અકલંકદેવે '**તત્ત્વાર્થ રાજવાર્તિક**' અને શ્રી વિદ્યાનંદે '**તત્ત્વાર્થશ્લોક**' નામની ટીકાઓ લખી. આ ટીકાઓમાં '**સર્વાર્થસિદ્ધિ**' નો સારો ઉપયોગ કરવામાં આવ્યો છે અને તેનું ઠીક પ્રમાણમાં અનુસરણ કરવામાં આવ્યું છે. સિદ્ધાંત ગ્રન્થોમાં આ ગ્રન્થ બહુજ પ્રમાણભૂત ગણાય છે અને જૈન સમાજમાં તેનું સારું મહત્વ અંકાય છે.

## સમાધિતંત્ર અને ઈષ્ટોપદેશ

આ બંને આધ્યાત્મિક ગ્રન્થો છે. સમાધિતંત્રનું અપરનામ સમાધિશતક છે. તેની સં.ટીકા શ્રી પ્રભાચંદ્રે કરી છે અને ઈષ્ટોપદેશની સં.ટીકા પં.આશાધરજીએ કરી છે. બંને ગ્રન્થો જૈન-સમાજમાં સુપ્રસિદ્ધ છે.

શ્રી પૂજ્યપાદાચાર્યે '**સમાધિતંત્ર**' માં શ્રી કુંદકુંદાચાર્ય જેવા પ્રાચીન આચાર્યોનાં આગમ-વાક્યોનું સફળતાપૂર્વક અનુસરણ કર્યું છે. મોક્ષ પાહુડ, સમયસારાદિ આધ્યાત્મિક શાસ્ત્રોનો આંશિક પ્રતિધ્વનિ, આ ગ્રન્થમાં તુલનાત્મક દ્રષ્ટિવાળાને જરૂર જણાયા વગર રહેશે નહિ.

## ઉપસંહાર

શિલાલેખો, ઉપલબ્ધ ગ્રન્થો અને ઐતિહાસિક ગવેષણાથી જ્ઞાત થાય છે કે **પૂજ્યપાદ સ્વામી** એક સુપ્રતિષ્ઠિત જૈન આચાર્ય, અદ્વિતીય વૈયાકરણ, મહાન દાર્શનિક, ધુરંધર કવિ, મહાન્ તપસ્વી અને યુગપ્રધાન યોગીન્દ્ર હતા. મહત્વના વિષયો ઉપર તેમણે જે ગ્રન્થો રચ્યા છે તે તેમની અપાર વિદ્વત્તાની સાક્ષી પૂરે છે.

તેમના દિગંતવ્યાપી યશ અને વિદ્વત્તાથી આકર્ષાઈ કર્ણાટકના ઇ.સ.૮મી, ૯મી, ૧૦મી શતાબ્દિના પ્રાયઃ સર્વ પ્રાચીન વિદ્વાન કવિઓએ પોતપોતાના ગ્રન્થોમાં બહુ ભક્તિ - ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પી તેમની મુક્તકંઠે ખૂબ ખૂબ પ્રશંસા કરી છે.


## સંસ્કૃત ટીકાકાર શ્રી પ્રભાચંદ્ર

પ્રસ્તુત ગ્રન્થની સંસ્કૃત ટીકાને અંતે આપેલી પ્રશસ્તિ ઉપરથી જણાય છે કે શ્રી પ્રભાચંદ્ર (પ્રભેન્દુ) આ ગ્રન્થના સંસ્કૃત ટીકાકાર છે. કેટલાક વિદ્વાનોના મત પ્રમાણે તેઓ 'શ્રી સમન્તભદ્રાચાર્ય' રચિત 'રત્નકરંડ-શ્રાવકાચાર' ના પણ સંસ્કૃત ટીકાકાર છે. તેમણે સમાધિતંત્રના (સમાધિશતકના) પ્રત્યેક શ્લોકમાં ગર્ભિત રહેલા ભાવને (હાર્દને) સરળ સંસ્કૃત ભાષામાં સારી રીતે વ્યક્ત કર્યો છે.

# આભારદર્શન

શ્રી સમાધિતંત્ર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી ના રેકોર્ડ થયેલા ૧૧૫ પ્રવચનો સાંભળીને નિજ હિતનાં લક્ષે અક્ષરશઃ લખવાનું તથા પ્રુફ રીડીંગ કરવાનું સૌભાગ્ય જેમને પ્રાપ્ત થયું છે તેવા ભવ્યજીવોઃ

- શ્રી વિજયભાઇ શેઠ — બોરીવલી
- શ્રી અનિલભાઇ શાહ — બોરીવલી
- શ્રી સમીરભાઇ શાહ — બોરીવલી
- શ્રી ધીરેનભાઇ વખારીયા — બોરીવલી
- શ્રી જયેશભાઇ શેઠ — પાર્લા
- શ્રી મણિભાઇ ગાલા — પાર્લા
- શ્રી અજયભાઇ શાહ — પાર્લા
- શ્રી બીપીનભાઇ શાહ — પાર્લા
- શ્રી ધીરેન્દ્રભાઇ ગાલા — પાર્લા
- શ્રી કવિભાઇ ગાલા — પાર્લા
- શ્રીમતી લક્ષ્મીબેન સાવલા — પાર્લા
- શ્રીમતી દિવાળીબેન ગડા — પાર્લા
- શ્રીમતી મંજુલાબેન ગાલા — પાર્લા
- શ્રીમતી મીનાક્ષીબેન નંદુ — પાર્લા
- શ્રીમતી કિરણબેન — પાર્લા
- શ્રીમતી ભારતીબેન સાવલા — પાર્લા
- શ્રીમતી ઝવેરબેન છેડા — પાર્લા
- શ્રીમતી રેખાબેન ગાલા — પાર્લા
- શ્રીમતી વસુબેન શાહ — તારદેવ
- શ્રીમતી જ્યોતિબેન ડગલી — અંધેરી
- શ્રીમતી શુશીલાબેન ગાલા — વડાલા
- શ્રીમતી સોનલબેન વખારીયા — બોરીવલી
- શ્રીમતી રીટાબેન ભેદા — બોરીવલી
- શ્રીમતી વર્ષાબેન શાહ — બોરીવલી
- કુમારી શીતલબેન શાહ — બોરીવલી
- શ્રીમતી છાયાબેન વખારીયા — બોરીવલી
- કુમારી પૂર્વી દેઢીયા — બોરીવલી
- શ્રીમતી પારુલબેન કપાસી — બોરીવલી
- શ્રીમતી પીંકીબેન શાહ — બોરીવલી
- શ્રીમતી ભારતીબેન મહેતા — બોરીવલી
- શ્રીમતી જયાબેન ગાલા — પાર્લા
- શ્રીમતી રજનીબેન શેઠ — પાર્લા
- શ્રીમતી વંદનાબેન સાવલા — પાર્લા
- શ્રીમતી ઉષાબેન શાહ — પાર્લા
- શ્રીમતી ચંદનબેન છેડા — પાર્લા
- શ્રીમતી મુક્તાબેન — પાર્લા
- શ્રીમતી વર્ષાબેન શાહ — પાર્લા
- શ્રીમતી વિણાબેન નંદુ — પાર્લા
- શ્રીમતી રૂપાબેન શેઠ — મુંબઇ
- શ્રીમતી લીનાબેન સચદેવ — મુંબઇ
- શ્રીમતી હર્ષિતાબેન દેઢીયા — વાશી
- શ્રીમતી ઈલાબેન દેસાઇ — રાજકોટ




ભૂતકાળના 'રાજેન્દ્ર', વર્તમાનનાં 'યોગીન્દ્ર', ભાવિના 'જિનેન્દ્ર' એવા અનંત ઉપકારી

## પૂ. ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

ભૂતકાળના 'રાજેન્દ્ર', વર્તમાનના 'યોગીન્દ્ર', ભાવિના 'જિનેન્દ્ર' એવા
અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જીલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઇના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિ. સં.૧૯૪૬ વૈશાખ સુદ બીજ, (તા. ૨૧.૪.૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા આ ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઇ ગયો હતો. કોઇક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંત સ્વભાવ, સૌમ્ય ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઇ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિં અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે, માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ, પિતાજીનો સ્વર્ગવાસ થતાં, સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતાં નહિં. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળ સ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે, ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીનું કાવ્યની રચના કરે છે:

''શીવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ''

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રીના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે અજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સ.૧૯૭૦, ઇ. સ. ૧૯૧૪) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઇક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી - કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે ગુરુદેવશ્રીને હજુ દિગંબર શાસ્ત્રો મળ્યા નહોતાં, છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દૃઢતા પૂર્વક સિંહગર્જના કરે છે - ''જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિં. જીવ પોતાના ઉંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.''

વિ. સં.૧૯૭૮ (ઇ. સ.૧૯૨૨)માં મહાવીરપ્રભુના શાસન - ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સુચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઇ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદઆચાર્યદેવ વિરચિત 'સમયસાર' નામનું મહાન પરમાગમ એક શેઠ દ્વારા મહારાજશ્રના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે - ''શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતી નિજ ઘર દેખે છે. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, મોક્ષમાર્ગપ્રકાશક, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાનદીપિકા વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી તેઓશ્રીને નિશંક નિર્ણય થઇ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સાચો ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઇક અને બહારમાં વેષ કંઇક - એવી સ્થિતી તેમને અસહ્ય થઇ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતા કરતા, સોનગઢ આવી ''સ્ટાર ઓફ ઇન્ડિયા'' નામના એકાંત મકાનમાં ''મહાવીર જન્મકલ્યાણક''ના દિવસે (વિ. સ.૧૯૯૧, ચૈત્ર સુદ તેરસ, ઇ. સ.૧૯૩૫) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિન્હ મુહ્પતિનો ત્યાગ કરે છે અને જાહેર કરે છેઃ ''હવે હું સ્થાનકવાસી સાધુ નથી; સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.'' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભૂત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઇન્ડિયા' માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન - પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યા મંદિર'નું નિર્માણ

કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં.૧૯૯૪ (ઇ. સ.૧૯૩૮) વૈશાખ વદ ૮ (આઠમ)ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના - મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઉંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા. જેમાં શ્રીસમયસાર ગ્રંથ પર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, સમયસાર કળશ - ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ઇ. સ.૧૯૬૦થી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ ગુરુવાણી દેશ - વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમ જ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર - ઘેર ગુંજતી થઇ ગઇ છે, તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ - વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં.૨૦૦૦ ના માગશર (ઇ. સ. ૧૯૪૩ ડીસેમ્બર) માસથી ''આત્મધર્મ'' નામની માસિક અધ્યાત્મ - પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઇ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ ''આત્મધર્મ'' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઇ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું દૈનિક ''શ્રી સદ્-ગુરુ પ્રવચનપ્રસાદ'' સપ્ટેમ્બર, ૧૯૫૦થી નવેમ્બર, ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને

તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો – મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તકો છપાવવાનું કાર્ય વિ. સં.૧૯૯૯ (ઇ. સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્–સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ – વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઇ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ પર અપાર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દશલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ – વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં.૧૯૯૭(ઇ. સ.૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થાય છે. વડિલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં.૨૦૦૩ (ઇ. સ.૧૯૪૭)ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવે છે.

સોનગઢમાં વિ. સં.૧૯૯૭(ઇ. સ.૧૯૪૧)ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઇ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર – પાંચ દિગંબર જિનમંદિરો હતાં અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં

દરરોજ અડધો કલાક ભક્તિ થાય છે. જેમાં જિનવરભક્ત ગુરુરાજ હમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય - વ્યવહારની અપૂર્વ સંધીપૂર્વકનું હતું.

ઇ. સ.૧૯૪૧ થી ઇ. સ.૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર - ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા નૈરોબીમાં કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઇ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઇ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક ૮૦૦ પાનાનો દળદાર ''અભિનંદન ગ્રંથ'' આ ભાવિ તીર્થાધીનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઇમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદ્શિખરજીની યાત્રા નિમિત્તે ઇ. સ.૧૯૫૭ અને ઇ. સ.૧૯૬૭માં - એમ બે વખત, સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર થયો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૭ અને ઇ. સ.૧૯૬૭માં - એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો  જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાન્તકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઇ ગઇ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલાં અભિનંદન પત્ર અર્પણ થયા છે.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ.૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઇ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતાં, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

વિ. સં.૨૦૩૭ કારતક વદ ૭,(તા.૨૮.૧૧.૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ - દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતુ કરી, અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ જ દૂર જન્મ લઇને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહી દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું, તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; આવો પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેઓશ્રીના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મ તત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એજ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, કર્મબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધસ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ - વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન

કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમપ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમ કે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતાં જ નહિં. દિવ્યભાવશ્રુતધારી આ પુરણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છેઃ

ઃ સિદ્ધાંતોઃ

૧. એક દ્રવ્ય, બીજા દ્રવ્યને અડે નહિં, સ્પર્શે નહિં.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે; વ્યય કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ, પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિને કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦ ધ્રુવનું આલંબન, પણ વેદન નહિં; અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિં.

આ અધ્યાત્મયુગ સર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

## શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રૂચતાં જગતની રૂચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર  તારવા  જિનવાણી  છે  નૌકા  ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહિ;
આ  કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ  દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર–વીર–કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ–ગુણ–પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઇ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્‌ઘન વિષે કાંઇ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું સત્ સત્ જ્ઞાન જ્ઞાન ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
–રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં–અંશમાં,
ટંકોત્કીર્ણ  અકંપ જ્ઞાન મહિમા  હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**

નિત્યે  સુધાઝરણ ચંદ્ર!  તને  નમું હું,
કરુણા  અકારણ સમુદ્ર! તને નમું  હું;
હે  જ્ઞાનપોષક  સુમેઘ! તને નમું  હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

**(સ્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર–અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, – મનરથ મનનો  પૂરજો  શક્તિશાળી!

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | શ્લોક ક્રમાંક | પાના ક્રમાંક |
|---|---|---|---|
| પ્રવચન - ૪૧ | ૨૦.૦૧.૧૯૭૫ | ૩૨, ૩૩ | ૧ થી ૧૭ |
| પ્રવચન - ૪૨ | ૨૧.૦૧.૧૯૭૫ | ૩૩, ૩૪ | ૧૮ થી ૩૨ |
| પ્રવચન - ૪૩ | ૨૨.૦૧.૧૯૭૫ | ૩૪, ૩૫ | ૩૩ થી ૪૭ |
| પ્રવચન - ૪૪ | ૨૩.૦૧.૧૯૭૫ | ૩૫, ૩૬ | ૪૮ થી ૬૩ |
| પ્રવચન - ૪૫ | ૨૪.૦૧.૧૯૭૫ | ૩૬ | ૬૪ થી ૭૬ |
| પ્રવચન - ૪૬ | ૨૫.૦૧.૧૯૭૫ | ૩૭ | ૭૭ થી ૯૦ |
| પ્રવચન - ૪૭ | ૨૬.૦૧.૧૯૭૫ | ૩૭ | ૯૧ થી ૧૦૩ |
| પ્રવચન - ૪૮ | ૨૭.૦૧.૧૯૭૫ | ૩૮, ૩૯ | ૧૦૪ થી ૧૧૯ |
| પ્રવચન - ૪૯ | ૨૮.૦૧.૧૯૭૫ | ૩૯ | ૧૨૦ થી ૧૩૩ |
| પ્રવચન - ૫૦ | ૨૯.૦૧.૧૯૭૫ | ૩૯, ૪૦ | ૧૩૪ થી ૧૪૮ |
| પ્રવચન - ૫૧ | ? ? | ? ? | ઉપલબ્ધ નથી |
| પ્રવચન - ૫૨ | ૩૦.૦૧.૧૯૭૫ | ૪૦, ૪૧ | ૧૪૯ થી ૧૬૩ |
| પ્રવચન - ૫૩ | ૦૧.૦૨.૧૯૭૫ | ૪૧ | ૧૬૪ થી ૧૭૭ |
| પ્રવચન - ૫૪ | ૦૨.૦૨.૧૯૭૫ | ૪૨ | ૧૭૮ થી ૧૯૨ |
| પ્રવચન - ૫૫ | ૦૩.૦૨.૧૯૭૫ | ૪૨, ૪૩ | ૧૯૩ થી ૨૦૯ |
| પ્રવચન - ૫૬ | ૦૪.૦૨.૧૯૭૫ | ૪૩, ૪૪ | ૨૧૦ થી ૨૨૪ |
| પ્રવચન - ૫૭ | ૦૫.૦૨.૧૯૭૫ | ૪૫ | ૨૨૫ થી ૨૩૯ |
| પ્રવચન - ૫૮ | ૦૬.૦૨.૧૯૭૫ | ૪૬, ૪૭ | ૨૪૦ થી ૨૫૬ |
| પ્રવચન - ૫૯ | ૦૭.૦૨.૧૯૭૫ | ૪૭, ૪૮ | ૨૫૭ થી ૨૭૧ |
| પ્રવચન - ૬૦ | ૦૮.૦૨.૧૯૭૫ | ૪૮ | ૨૭૨ થી ૨૮૪ |
| પ્રવચન - ૬૧ | ૦૯.૦૨.૧૯૭૫ | ૪૯ | ૨૮૫ થી ૩૦૦ |
| પ્રવચન - ૬૨ | ૧૦.૦૨.૧૯૭૫ | ૪૯, ૫૦ | ૩૦૧ થી ૩૧૬ |
| પ્રવચન - ૬૩ | ૧૭.૦૨.૧૯૭૫ | ૫૦ | ૩૧૭ થી ૩૩૦ |
| પ્રવચન - ૬૪ | ૧૭.૦૬.૧૯૭૫ | ૫૦, ૫૧ | ૩૩૧ થી ૩૪૫ |
| પ્રવચન - ૬૫ | ૧૮.૦૬.૧૯૭૫ | ૫૧, ૫૨ | ૩૪૬ થી ૩૬૩ |

# પ્રવચન – ૪૧

## શ્લોક – ૩૨ અને ૩૩

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૨૦.૦૧.૭૫**

एतदेव दर्शयन्नाह -

**प्रच्याव्य विषयेभ्योऽहं मां मयैव मयि स्थितम् ।**
**बोधात्मानं प्रपन्नोऽस्मि परमानन्दनिर्वृतम् ।। ३२ ।।**

વિષયમુક્ત થઈ મુજ થકી જ્ઞાનાત્મક મુજસ્થિત,
મુજને હું અવલંબુ છું પરમાનંદરચિત ।। ૩૨ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર ....

**टीका** : मामात्मानमहं प्रपन्नोऽस्मि भवामि किं कृत्वा ? प्रच्याव्य व्यावृत्य केभ्यः ? विषयेभ्यः । केन कृत्वा ? मयैवात्मस्वरुपेणैव करणात्मना । क्व स्थितं माम् प्रपन्नोऽहं ? मयि स्थितं आत्मस्वरुप एव स्थितम् । कथम्भूतं मां ? बोधात्मानं ज्ञानस्वरुपम् । पुनरपि कथम्भूतम् ? परमानन्दनिर्वृतं परमश्चासावानन्दश्च सुखं तेन निर्वृतं सुखीभूतम् अथवा परमानन्दनिर्वृतोऽहम् ।। ३२ ।।

**અન્વયાર્થ** : (मां) મને-મારા આત્માને (विषयेभ्यः) પંચેન્દ્રિયોના વિષયોથી (प्रच्याव्य) હઠાવીને (मया एव) મારા જ વડે-પોતાના જ આત્મા વડે (अहं) હું (मयि स्थितं) મારામાં સ્થિત (परमानन्दनिर्वृत्तम्) પરમ આનંદથી નિર્વૃત્ત (રચાયેલા) (बोधात्मानं) જ્ઞાનસ્વરૂપ આત્માને (प्रपन्नोऽस्मि) પ્રાપ્ત થયો છું.

**ટીકા** : હું મને એટલે મારા આત્માને પ્રાપ્ત થયો છું. શું કરીને ? (મારા આત્માને) છોડાવીને-પાછો વાળીને, શાનાથી ? વિષયોથી. શા વડે કરીને ? મારા જ વડે એટલે કરણ (સાધન) રૂપ આત્મસ્વરૂપ વડે જ; ક્યાં રહેલા એવા મને હું પ્રાપ્ત થયો છું ? મારામાં રહેલાને અર્થાત્ આત્મસ્વરૂપમાં જ રહેલાને. કેવા મને ? બોધાત્માને એટલે જ્ઞાનસ્વરૂપને. વળી કેવા મને ? પરમ આનંદથી નિર્વૃત્ત (રચાયેલા)ને-પરમ આનંદ એટલે સુખ, તેનાથી નિર્વૃત્ત (રચાયેલા)-સુખ થયેલાને (એવા મને એટલે આત્માને પ્રાપ્ત થયો છું); અથવા, હું પરમ આનંદથી નિર્વૃત્ત (પરિપૂર્ણ) છું.

**ભાવાર્થ** : બાહ્ય ઇન્દ્રિયોના વિષયોથી મારા આત્માને છોડાવીને મારામાં રહેલા પરમ આનંદથી પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્માને, હું મારા જ પુરુષાર્થથી પામ્યો છું.

## વિશેષ

આ શ્લોકમાં मया एव અને मयि स्थितं - એ શબ્દો બહુ અર્થસૂચક છે તે બતાવે છે કે પરમાત્મપદ મારામાં-આત્મામાં છે, બીજે બહાર કોઇ ઠેકાણે નથી અને તે પદ હું આત્મ સન્મુખ થઇને પુરુષાર્થ કરું તો જ પ્રાપ્ત થાય, બીજા કોઇ બાહ્ય સાધનથી કે કોઇની કૃપાથી તે પ્રાપ્ત થાય નહિં. પરમાત્મપદની પ્રાપ્તિ માટે તે સ્વાવલંબનનું ગ્રહણ અને પરાવલંબનનો ત્યાગ સૂચવે છે.

વળી આચાર્યે દર્શાવ્યું છે કે આત્મસ્વરૂપની પ્રાપ્તિ મેં મારા આત્મબળ વડે જ કરી છે. એમ પોતાનો આત્મવૈભવ બતાવી મુમુક્ષુ જીવોને પ્રેરણા કરી છે કે, 'તમે પણ સ્વતઃ એટલે પોતાના આત્મસામર્થ્યથી જ પરમ પદની પ્રાપ્તિ કરો.'

૧. જુઓ : શ્રી સમયસાર ગુ.આવૃત્તિ-ગાથા ૨૯૪, ૨૯૬ -
પ્રજ્ઞા છીણી થકી છેદતાં, બન્ને જુદા પડી જાય છે. (૨૯૪) — — પ્રજ્ઞાથી જેમ જુદો કર્યો, ત્યમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે. (૨૯૬)
અહીં સાધ્ય સાધન એક જ છે ભિન્ન ભિન્ન નથી - એમ બતાવ્યું છે. ૩૨.

આત્મા અને પરપદાર્થોને (ઈન્દ્રિયોના વિષયોને) ભિન્ન કરવામાં અને આત્માને ગ્રહણ કરવામાં કરણ (સાધન) જુદાં નથી; પ્રજ્ઞા એક જ કરણ છે, તે વડે જ આત્માને ભિન્ન કરાય છે અને તે વડે જ તેને ગ્રહણ કરાય છે. [૧]

એનો **ભાવાર્થ :** કહે છે કે જેને ધરમ કરવો છે, ધરમ એટલે આનંદની દશા પ્રગટ કરવી તે. સંસારમાં આત્મા આનંદ સ્વરૂપ હોવા છતાં પાંચ ઈન્દ્રિયોના વલણમાં એને જે ભાવ શુભાશુભ થાય છે એ બધું દુઃખરૂપ છે. ઈ દુઃખી છે. કેમ ? કે પોતે સ્વરૂપમાં આનંદ છે ત્યાંથી આનંદ પ્રાપ્ત કરવો જોઈએ એની એને ખબર નથી, એથી જાણે પાંચઈન્દ્રિયોના વિષયો એટલે શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એમાં વલણ કરવાથી મને ઠીક પડે છે એમ અજ્ઞાની અનાદિથી મૂંઢપણે સંસારમાં રખડી રહ્યો છે, દુઃખી થઈ ને. ચીમનભાઈ, બરાબર હશે આ ? રોજ આ કારખાનામાં, પૈસામાં એ, આ કરોડપતિઓ ભિખારા કહેવાય છે બધા. રાજા કહેવાય છે બધા, ભગવાન કહે છે કે બધા ભિખારી છે બચારા, કેમ કે આનંદ સ્વરૂપમાં છે એને ન દેખતાં પરમાં છે એમ માંગે, સુખ માંગે છે માળો. આહાહા ! ઓલા બાવા આવે છે ને બાવા દુકાનમાં, પૈસા ન આપે પછી ત્રાગુ કરે, એમ આ કહે છે કે સુખ માટે પોતાના સ્વભાવનું ત્રાગુ કરે છે. આહાહા !

આંહી શબ્દ કોઈના સાંભળું તો મને ઠીક પડે, કોઈનું રૂપ જોઉં તો ઠીક પડે, ગંધ કરું તો ઠીક પડે, સ્પર્શું તો ઠીક પડે. આહાહા ! ગજબ વાત છે. અહીંયા તો વીતરાગની વાણી સાંભળવાનો વિષય પણ દુઃખરૂપ છે. એમ કહે છે બાપુ. ઝીણી વાત છે ભાઈ ! કેમ કે બાહ્ય ઈન્દ્રિયોના વિષયોથી મારા આત્માને છોડાવીને ધર્મીતો એ છે, સાચો પુરુષ, ને ધર્માત્મા તો એને કહીએ. આહાહા ! કે બાહ્ય ઈન્દ્રિયોના વિષયોથી મારા આત્માને છોડાવી એટલે કે પંચઈન્દ્રિયોના વિષય તરફનો ઝુકાવ. આહાહા ! એને છોડીને ભાઈ આકરી વાતુ ભારે ! આ ધરમ કરવો હોય તો કે દયા પાળે ધરમ થઈ જાય, વ્રત કરે ને અપવાસ કરે ને ધરમ થઈ જાય, પાંચ પચાસ હજાર લાખ બે લાખ આપેને ધરમ થઈ જાય, ધૂળમાંય ધરમ નથી સાંભળને. ધરમ એટલે આનંદ. ધરમ એટલે આનંદ. પરમાં છે આનંદ ? આહાહા ! એ દાન દેવાનો ભાવ એ પણ શુભરાગ, એ પણ પર વિષયનું દુઃખ છે એ. આહાહા ! સમજાણું કાંઈ ?

પરની દયા પાળવાનો ભાવ એ પણ રાગ અને દુઃખરૂપ છે. પર તરફ ચૈતન્યમૂર્તિ ભગવાન અહીંયા છે અંદર, એને છોડીને પર તરફના વલણના ઝુકાવમાં એને જે રસ પડયો છે તે મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ ? બાહ્ય ઈન્દ્રિયો આહા ! એનાથી

આમ બાહ્યથી જોવું. આહાહા! આંહી તો કહે છે સર્વજ્ઞદેવ પરમાત્મા, ત્રિલોકનાથ, તીર્થંકર એને જોવામાં જે લક્ષ જાય છે. આહાહા! બહુ વાત આકરી છે. એ બાહ્ય ઈન્દ્રિયનો વિષય છે, શુભભાવ થાય છે એ દુ:ખરૂપ છે. અરે એને ખબર નથી આનંદ સ્વરૂપ છું હું. ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર સર્વજ્ઞદેવનો એ પોકાર છે કે અમે જે આનંદને પ્રાપ્ત કર્યો એ અંતરમાં હતો એમાં જઈને પ્રાપ્ત કર્યો છે. અંતરમાં જઈને મેં શુદ્ધિ ને આનંદને પ્રાપ્ત કર્યો છે અને તમને પણ એમ કહીએ છીએ. આહાહા! કે અણીન્દ્રિય ભગવાન આત્મા છે એ ઈન્દ્રિયથી ગ્રાહ્ય નથી. ઈન્દ્રિયથી જે ગ્રાહ્ય છે તેના ઉપર લક્ષ જતાં તો દુ:ખજ ઉત્પન્ન થાય છે.

આ તો મજા કહે છે ને? કે પાંચ પચા લાખ, કરોડ બે કરોડ રૂપિયા બહુ સુખી છે શેઠ. તમને સુખી કહે છે બધાં, આ પોપટભાઈ સુખી છે વઢવાણવાળા. એના દેશના ઓળખીતા કહે છે. નવનીતભાઈ ને કહે, હેં? એ તો પુણ્ય છે. આહાહા! પ્રભુ તને ખબર નથી ભાઈ, આત્મા અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ છે, સત્ નામ હોવાવાળું શાશ્વત, આનંદને જ્ઞાનનો સાગર છે. આહાહા! એના તરફ, તારા તરફ તેં નજર કરી નથી. આહાહા! જ્યાં સુખ ને આનંદ ત્યાં તે નજરું કરી નથી પ્રભુ. આહાહા! અને જ્યાં નથી ત્યાં નજરુંમાં રોકાઈ ગ્યો છો. ઓહો! ટુંકી વ્યાખ્યા કરી નાંખી ને જરી. વિષયેભ્યો પૃથક આહા! પછી ભલે વીતરાગની વાણી હોય, વીતરાગ પોતે સર્વજ્ઞ હોય, એના તરફના લક્ષમાં તો રાગ જ થાય છે. આહાહા! એટલે કે દુ:ખજ થાય છે. આહાહા! આકરી વાતુ છે ભાઈ! આંહી કહે છે કે હું હવે બાહ્ય ઈન્દ્રિયનાં વિષયોમાં તો ઘણો ભટક્યો પણ ન્યાં ક્યાંય સુખ છે નહિં. આહાહા! ઓહોહો! ભારે વાતું ઝીણી.

કહે છે કે, આ શાસ્ત્ર સાંભળવામાં લક્ષ જાય છે ને? એ પણ એક વિકલ્પ છે, દુ:ખ છે, ગજબ વાતું છે બાપા. આ તો! પરમ સત્યની વાત છે. આહાહા! પાંચ ઈન્દ્રિયના વિષય કીધા ને? પછી શુભ હો કે અશુભ હો, આહાહા! એ દુ:ખરૂપ છે. આત્મા આનંદનું ધામ એનાથી પરતરફના વલણમાં જાવું ત્યાં આત્માના આનંદની શૂન્ય દશા છે. આહાહા! અર્થાત્, પોતે અતીન્દ્રિય આનંદનો રસ કંદ પ્રભુ છે એને એમ ન માનતા પરમાં આનંદ વિષયમાં જાય છે, એ પોતાના આનંદનો અભાવ માને છે. હું આનંદ નહિં, આ પરમાં આનંદ છે એમ માને છે. ઝીણી વાતું બાપુ, આ તો કોઈ પંડિતાઈની, ચોપડા ભણી જાય માટે આ મળી જાય, આહા! બહારથી એક સ્ત્રીનો વિષય છોડયો માટે એને ધરમ થઈ જાય એમ નથી. આહાહા! પણ જેનો પાંચ ઈન્દ્રિય તરફનો વલણનો

ઝુકાવ જ્યાં છે એ બધો દુ:ખરૂપ છે. આહાહા! તો એને છોડીને, આહાહા! ધરમી જીવ, સુખને પંથે દોરાયેલો જીવ, પાંચ ઈન્દ્રિયના વિષય તરફના દુ:ખના પંથને છોડીને, આહાહા! મારામાં રહેલાં પરમ આનંદથી. આહાહા! મારામાં રહેલો આનંદ છે.

આનંદ નવો લેવો છે એમ છે (નહિં). પ્રભુ આત્મા આનંદ સ્વરૂપજ છે, અતીન્દ્રિય આનંદ. આહાહા! જે આ વિષયમાં આનંદ માને છે એ તો ઝેરને આનંદ માને છે. આહા! સમજાય છે કાંઇ? પર તરફના વલણમાં તો રાગ જ ઉત્પન્ન થાય, રાગ તો ઝેર છે. આહાહા! પીવે ઝેરના પ્યાલા ને માને મજા. આ કહે આના જેવો મુરખ કોણ કહેવાય? કહે છે. આહાહા! સમજાણું કાંઇ? તું છો કે નહિં? શું છે? તું કોણ છો? એ છે એ આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો સાગર છે ભાઈ, તને ખબર નથી. તારી તને ખબરું નથી અને દુનિયાની ખબરુંમાં, ચીમનભાઇ? હેં? દયાનો દીકરો થઇને વાતું એવી કરે જાણે. ઓહોહો! અહીંયા તો કાંઇ છે નહિં.

અમેરિકાના જે ઓલા આવે ને છોકરાઓ મગજ ફાટે એનું, બે-દસ હજારનો પગાર હોય, અહીં બિચારાને પાંચસોય મળતા ન હોય પણ ન્યાં દસ હજારના પગારમાં બચતુંય ન હોય, ઘરેથીયે બધા એવા હોય, પણ ગોટા પેંટ શર્ટના. અમેરિકામાં ગ્યા'તા, કે શું છે? અમેરિકામાં ગ્યા'તાં ત્યાં દસ-દસ હજારનો પગાર હોય ને ન્યાંના ભંગીયાનેય દસ હજાર મળે, પણ તેમાં છે શું પણ તને? ફાંકા મગજમાં, મગજમાં આમ જાણે કે અમને ઓહોહો! ક્યાંથી ઉતર્યા ને ક્યાં જઇ આવ્યા. હેં? ચીમનભાઇ, આહાહા! ભગવાન, જ્યાં જાવું છે ત્યાં ગયો નહિં, નથી જાવું ત્યાં ગ્યો. ભાઈ તને ઝેરનાં તને પ્યાલાં ચડી ગયા છે ભાઈ. આહાહા! સમજાણું કાંઇ? કહે છે હવે હું એ બંધ કરું છું. મારી ચીજમાં જ આનંદથી ભરેલો હું છું. આહાહા!

પરમાં જઇને સુખી થવું એ તો આનંદની ઉલટી દુ:ખરૂપ દશા છે. હવે જેને સુખી થવું હોય ધરમ કરવો એટલે સુખી થવું, એમ ધરમ કરે એટલે આ અંદર અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ એનું નામ ધરમ છે. આહાહા! ધરમ કોઇ આ દયા પાળે ને દેરાસર બનાવે ને પાંચ પચી લાખ, બે લાખ આ પરમાગમ મંદિર બનાવ્યું ૨૬ લાખનું.માટે કાંઇ ધરમ થયો એને? એ ગીરધરભાઇ, હજી ગીરધરભાઇને થવાનું છે હજી. આ તો રામજીભાઇ કહે થઇ તો ગ્યું હવે કહો એને માટે ધરમ નહિં. આહાહા! ભાઈ (શ્રોતા: પ્રેમચંદભાઇ) હેં? (શ્રોતા: પ્રેમચંદભાઇ) પ્રેમચંદભાઇ કહેતા'તા સાચી વાત છે.

પ્રેમચંદભાઇ કહેતાને હવે થઇ ગ્યું મારે મંદિર એટલે હવે વાંધો નહિં, મંદિર એ કરવામાં ધરમ નથી. એમ નવનીતભાઇ, પ્રેમચંદભાઇ એમ કહેતા. આહા! ભાઇ એ તો પહેલેથી કહીએ છીએ આ તો નવી વાત નથી. એ મંદિર બને એ તો એની જડની પર્યાયના સંગ્રહથી બને છે. આહાહા! અને એના તરફનું લક્ષ છે એ તો રાગ છે. આહાહા! ગજબ વાત બાપુ. ધરમની વાત જગતને સાંભળવી મુશ્કેલ પડે એવી છે. આહાહા! (શ્રોતા: મીઠી મધુરી) હેં? (શ્રોતા: એ મીઠી મધુરી છે) આહા! હા એ વાતું મીઠી મધુરી છે ભાઇ. તારા ઘરમાં આનંદ ભરેલો છે ભાઇ તું જો. છે? મારામાં રહેલા, ધર્મી જીવ એમ જાણે અને માને છે કે, મારામાં રહેલા પરમાનંદથી પરિપૂર્ણ. આહાહા! સમજાણું કાંઇ?

આ કાચી ભાતનો ફળકો છે આખો ઇ જો. આ ફળકા નથી આવતા? ક્યારેક આમ. ભગવાનમાં આનંદનું દળ ભર્યું છે, અરેરે! અતીન્દ્રિય આનંદના જ્ઞાનનો આનંદ ને જ્ઞાનનો સ્વભાવ ભર્યો છે એવા અમૃતકુંભને જોને, એકવાર કહે છે. આહાહા! અમૃત કુંભ કહ્યો છે ને? પેલાને વિષકુંભ કહ્યો છે. આહાહા! પર તરફના ભાવમાં શુભ-અશુભ ભાવ થાય. ચાહે તો દયાનો હોય, ચાહે તો દાનનો હોય, ચાહે તો ભક્તિનો હોય, મંદિરનો હોય, સાક્ષાત્ ત્રણલોકના નાથ તીર્થંકર બિરાજતા હોય અને એની પૂજા, મણી રતનના દીવા હીરાના થાળ કલ્પવૃક્ષના ફુલ જય ભગવાન એ બધો શુભરાગ છે. એ પર ઇન્દ્રિયના વલણમાં ઝુકાયેલો ભાવ છે એનાં સ્વભાવના આનંદથી તે ખસી ગયો છે, આહા! સમજાણું કાંઇ?

એ કહે છે હવે હું છોડું છું. હવે એ મને નથી ગમતું. આહાહા! પાંચ ઇન્દ્રિયના વિષયના વલણને હું છોડું છું. આહાહા! અને હું મારા આત્માના આનંદના ધનમાં જાઉં છું. આહાહા! આ ધરમ ભારે આવી જાત. બાપુ ધર્મ એવો જગતે ભલે ગમે એ રીતે કલ્પીને માન્યો હોય પણ એને ધરમની ખબર નથી. આ દયા મંડળીના એક અગ્રેસર સાહેબ મોઢાના માન જેવા પાંચ પચા લાખ ઉઘરાવે ત્યાં સુધી એમ જુઓ આ મંડળમાં અમે છીએ કાંઇ જુઓ, શું કર્યું તે? એ તો પર તરફના વલણનો શુભ રાગ છે. એની તને ખબર નથી બાપુ. તેં તારા સ્વરૂપની તેં હિંસા કરી છે. પર તરફના વલણમા થતો વિકલ્પ ને રાગની વૃત્તિ ને લાગણી, એ તો દુ:ખરૂપ છે અને તું એને માને છે કે મેં કાંઇ સારુ કર્યું. આહાહા! બાપુ સારાની તને ખબર નથી. સારું તો આનંદથી ભરેલો ભગવાન ત્યાં સારું છે અંદર. આહાહા! મારામાં રહેલા, અહીં અસ્તિ સિદ્ધ કરે છે, મારામાં રહેલો અતીન્દ્રિય આનંદથી ભરેલો. આહાહા!

એક બીડી પીવે ત્યાં મજા પડે એને. હેં? એમાં સિગારેટ, આમ તો આ વાતની ખબર નથી. આમ પીએ છે ને? બે સિગારેટ પીવે ત્યારે ભાઈસાહેબને પાયખાનમાં દિશા આવે. આના અપલખણના કાંઈ પાર છે? આહાહા! અને દુનિયામાં ડાહ્યા તરીકે ગણાવું છે એને, શેઠ? ભગવાન, તું ભુલ્યો છો ભાઈ. આહાહા! ભગવાન ભૂલાની ખડકીએ ચડી ગયો છે. અમારે આત્મારામનો બાપ છે ને દાદા. પોતે આત્મારામ અને એના બાપદાદા ભગવાન ભૂલા એનું મકાન છે એમાં રહે છે કલોલ, કલોલ. આહાહા! ભગવાન અતીન્દ્રિય આનંદનું ધામ એ ભૂલ્યો અને બીજી ખડકીએ ચડી ગ્યો માળો. પુણ્ય અને પાપના ભાવ પર કે શુભમાં ઝુકતી લાગણીઓ. આહાહા! ભગવાન ભૂલને રસ્તે ચડી ગયો. સમજાણું કાંઈ?

આરે આવી વાતો કેવી પણ આ? આવો ધર્મ કેવો હશે આ? આખી દુનિયા બીજું કહે ને હવે આ ભગવાન કાંઈ બીજુ કહે? આહાહા! ઓલા હરિજનને બીડી જોઈતી હોય તો કહે એ દાદા એક બીડી આલજો બીડી, ધરમ થાશે. ઠીક ભારે ધરમ ભાઈ સોંઘો. એ બીડી દે ત્યાં ભૂંગળા પડયા હોય તો લે, બીડી થોડી શરૂ કરી હોય ને કોઈ નીકળે તો નાંખી દે, નથી આવતી હડેલી એમાં એવા ભૂંગળા બે ચાર મળે આમ ભંગીને હરિજનને, બાપુ એક દીવાસળી આપજો હોં ધરમ થાશે. બહુ બાપુ ધરમ કાંઈ સહેલો. આ મકરસંક્રાંતિની પર્વની આવે છે ને આ? ગઈ ને હમણાં. હેં? કેસર, પણ ઈ પુણ્યને ધરમ માને છે.

એ પોપટભાઈ! આહાહા! રાગની મંદતા હોય તો શુભભાવ એટલે દુઃખ છે. ત્યાં આત્માના આનંદનો ઘાત થાય છે. ભાઈ તને ખબર નથી. આંહી કહે છે કે હવે હું તો બહુ કરી મેં ફરફર, હવે હું છોડું, ન્યાં તરફનો ઝુકાવ છોડી મારામાં રહેલા પરમ આનંદથી પરિપૂર્ણ જ્ઞાન સ્વરૂપ આત્માને. આહાહા! કેમ વિશ્વાસ બેસે? રાંકો કરીને માન્યો એને પરમાત્મ સ્વરૂપે હું છું, કેમ બેસે? સમજાણું કાંઈ? મારામાં રહેલા, આહાહા! પરમ આનંદથી પરિપૂર્ણ જ્ઞાન સ્વરૂપ એમ પાછું. એવા આત્માને હું મારા જ પુરુષાર્થથી પામ્યો છું. આહા! પોતે છે ને ત્યાં એ 'પ્રપન્નોસ્મિ બોધાત્માનં પ્રપન્નો અસ્મિ પરમાનંદ નિવૃત્તમ' એનો અર્થ કર્યો. ભાઈએ બોધાત્મનં પ્રપન્નો ઉજું પદ છે ઉરમાં, બોધાત્માનં પ્રપન્નોઅસ્મિ પ્રાપ્ત થયો છે એ પરમાનંદ નિવૃત્તમ્ પરમાનંદથી રચાયેલું મારું સત્વ છે, પરમાનંદના સ્વરૂપથી ભરેલો મારો આત્મા છે. આહાહા! કેમ બેસે? હેં? આહાહા!

એ અદડી અડદની દાળ હોય ને ચુરમાના લાડવાને પતરવેલાના ભજીયા

ખાતો હોય ત્યારે. આહાહા! આજ તો બહુ મજા પડી. આરે! ચીમનભાઈ! હેં! અરે ભગવાન શું તું કહે છે ભાઈ? એ પતરવેલિયા જડ માટી ધૂળ છે. આહાહા! એ અડદની દાળ ધૂળ છે ને ચૂરમાના લાડવાય ધૂળ પુદ્ગલને અજીવ તત્ત્વ છે. આહાહા! હો એમ કરીને ઓડકાર ખાયને, ઓડકાર હો. આહા ભાઈ! ગાંડાના કાંઈ ગામ જુદા હોય છે? ગાંડાના જ ગામ ભરેલા છે બધાં. આહા! ભાઈ તને ખબર નથી પ્રભુ, એ પરમાં આનંદ માને છે એ ઝેરને તું આનંદ માને છે ભાઈ. તું તારામાં રહેલો જે આનંદ છે એનો તું અનાદર કરે છે. આહાહા!

હવે તો હું મારામાં રહેલા આત્માના જ્ઞાન સ્વરૂપને પ્રપન્નો ભાષા એમ છે ને? એટલે પામ્યો છું. આહાહા! ધર્માત્મા પોતાની વાત જે અનુભવી તેને જાહેર અને પ્રસિદ્ધ કરે છે. આહાહા! હું એ પરમાનંદથી ભરેલો જ્ઞાન સ્વરૂપ પ્રભુ છું. એને મેં મારી નજરું નાંખીને મેં પ્રાપ્ત કર્યો છે. એટલે પુરુષાર્થથી પ્રાપ્ત કર્યો છે એમ. સમજાણું કાંઈ? મારા વીર્યને મેં મારા આત્માના આનંદ તરફ વાળીને, આહાહા! જે વીર્ય પર તરફ વળીને જે ઝુકાવમાં જાતો, એમાં દુઃખ થાતું, એમાંથી પાછો વાળીને. આ બધા પૈસાવાળા સુખી કહેવાય છે ને? ઓલો નહોતો આવ્યો એક સોનગઢ. અમારા ભાણાનો ભાઈ સુખી છે. એને ઘેર આવ્યો'તો વઢવાણથી કો'ક (શ્રોતાઃ શાંતિ) શાંતિ ઈ તો ઓલો માણેકલાલ આ તો વઢવાણનો (શ્રોતા:ચુડગર) ચુડગર. ઓલા કરોડોપતિ ખરાને એના વેવાઈ. હમણાં સુખી છે ધૂળેય નથી સુખી. હવે સાંભળને તારા કરોડો રૂપિયા જડ છે. જડને લઈને સુખી છે? આહાહા!

બહારની સગવડતા એ તો જડની સગવડતા, ઝેરીલા તત્ત્વની સગવડતા છે. અમૃતનો સાગર ભગવાન મૂકી દઈને સગવડતામાં માને છે બહારમાં, એ શાંતિને લૂંટે છે. એ મહાન સ્વરૂપની હિંસા કરે છે. આહાહા! હવે આવી કેવી હિંસા વળી, આ કે પરને મારવો હિંસા. અરે બાપુ તું પણ છો કે નહિં? જીવ પરમ આનંદને જ્ઞાનથી ભરેલો પદાર્થ, એને તું અનાદર કરે એ જ તારી હિંસા છે. આહાહા! પરની હિંસા કોણ કરી શકે છે? પરની દયા કોણ પાળી શકે છે? સમજાણું કાંઈ? ''પ્રપન્નો'' (એટલે) મેં અંગીકાર કર્યો છે. આહાહા! એના તરફનો જે સ્વીકાર નહોતો અને રાગને પર તરફનો સ્વીકાર હતો એ સ્વીકાર છોડીને પ્રભુને મેં સ્વીકારમાં લીધા છે. આહાહા! પ્રભુ કોણ? પોતે હોં! બીજો ભગવાન એની પાસે રહ્યો. એ ભગવાન આપતાય નથી ને દેતાય નથી. આહાહા! સમજાણું કાંઈ? માળે આવી વાતું હશે?

પરિપૂર્ણ જ્ઞાન સ્વરૂપ આત્માને હું મારા જ પુરુષાર્થથી અંતઃસ્વભાવની સન્મુખનો મારો જે પ્રયત્ન બહિર્મુખના ત્યાગથી સ્વમુખની સન્મુખતામાં મેં મારા આત્માને પ્રાપ્ત કર્યો છે. આહાહા! સમજાણું કાંઇ ?

## વિશેષ

આ શ્લોકમાં મયા એવ અને મયિ સ્થિતં મૂળ પાઠ છે ને? મયેવ અને મયિસ્થિતં બીજું પદ છે. મયેવ અને મયિસ્થિતં આ તો અધ્યાત્મ વાત છે. આ કાંઇ શબ્દ, એક શબ્દમાં તો ગંભીરતા પડી હોય. એ કાંઇ ચકલો લાવ્યો ચોખાનો દાણો ને ચકલી લાવી મગનો દાણો ને ખીચડી થઇ એવી આ વાત નથી. આહાહા! કહે છે, મયા એવ અને મયિ સ્થિતં. આહાહા! એ શબ્દ તો અર્થ સૂચક છે. એ બતાવે છે કે પરમાત્મપદ મારામાં, પરમાત્મપદ, પરમ સ્વરૂપ જ્ઞાન સ્વરૂપ આનંદ સ્વરૂપ એવું પરમાત્મપદ. આહાહા! એ મારામાં એટલે કે આત્મામાં છે, બીજે બહાર કોઇ ઠેકાણે નથી. આહાહા! વિષયની વાસના ના કાળે બહારના માંસને હાડકાં ચૂસતા એને મજા લાગે. આહાહા! એ ઝેરના પ્યાલા પીવે છે ને માને છે કે મને મજા થાય છે, એ ભ્રમબુદ્ધિ છે એની. ભ્રમણામાં પડયો ભગવાન અને પરમાં સુખ માને. આહાહા! કહે છે એ પરમાત્મપદ મારામાં છે, બીજે બહાર કોઇ ઠેકાણે નથી.

સમ્મેદશિખર ને શેત્રુંજય તો હશેને અહીંયા? ભગવાન મોક્ષ પધાર્યા છે તો (શ્રોતાઃ મોક્ષ પોતામાં છે કે બહારમાં છે?) એક જણ નહોતો કહેતો ભાઇ જાત્રા એ જવું છે શેત્રુંજય? પણ શું છે એ તો બહારની વાત છે. ન્યાં ક્યાં આત્મા હતો? એ તો શુભભાવ હોય ત્યારે ભક્તિ જાત્રાનો ભાવ હોય, શુભભાવ પુણ્ય, અધર્મ, દુઃખ, આકુળતા. પૂરણસ્વરૂપ પ્રાપ્ત ન થાય ત્યાં વચમાં એવો ભાવ હોય, પણ એ હોય એ છે દુઃખરૂપ ભાવ. આકુળ વ્યાકુળ છે જગતને અને તે બધું આત્મ સન્મુખ થઇને પુરુષાર્થ કરું તો જ પ્રાપ્ત થાય. કોઇની કૃપાથી મળી જાય, સમજાણું કાંઇ? ગુરુની કૃપા થઇ જાય, ઇશ્વરની કૃપા થઇ જાય તો મળે એવી એ ચીજ નથી. સમજાણું કાંઇ ?

હું તો મારો પુરુષાર્થ કરું તો જ પ્રાપ્ત થાય, બીજા કોઇ બાહ્ય સાધનથી કે કોઇની કૃપાથી એ પ્રાપ્ત થાય નહિં. આહાહા! અરેરે! એને સત્ય કાને પડયું નહિં. સત્યની શું સ્થિતિ છે એની એને ખબરુંય નહિં અને માને કે અમે હમણાં કમાણા છીએ. અમારા બાપ પાસે નો'તુ અને અમે શું કહેવાય? બાહુબળે પેદા કર્યું. ક્યાં મોહનભાઇ પાસે હતું? ક્યાં હતા આટલા પૈસા તમારા કરોડ રૂપિયા? મેં આ પેદા કર્યા, પાછા લેખ

લખે પોતાના જીવન ચરિત્રનો. હેં ? આવ્યું છે ને હમણાં નથી આવ્યું એક મોટું ? મોટો લેખ છે. શક્તિ હશે ને એમ કે પૈસા થ્યા હશે તે મોટો લેખ ચારિત્રનો. અહીં આવ્યા'તા, હૈદરાબાદ ગ્યા ત્યારે એમના ઘરે ઉતર્યા'તા એક દિ', અરે એમ કે અમે બાહુબળે આમ કર્યું ને આમ કર્યું ને ફલાણા વખતે મોટા મને બોલાવ્યા ને ન્યાં બોલાવીને પછી આ લેખક ત્યાં હાજર હતો અને આ બધા જીવન ચરિત્ર. અરે ગાંડા છે બધા.

એ ઈંદીરા ગાંધી હતી ને ફલાણો મોરારજી આ શું તમારા આ મોરારજી ને ? (છે મોટા) એમાં હું ય હતો, પણ તને શું થ્યું એમાં ? આહાહા ! સમજાણું કાંઇ ? (શ્રોતાઃ શોભા શોભા) શોભા શેની ? ઉભા છે મોટા. આહાહા ! પર તરફના વલણના ઝુકાવનો ભાવ તદ્દન દુ:ખરૂપ ને ઝેર છે. એ જીવન એ જીવન નહિં. આહાહા ! પોપટભાઇ ! જીવ્યું જેણે જાણ્યું જેણે આનંદનો નાથ એને સંભાર્યો અંદરમાં. આહાહા ! જેના જીવનમાં આનંદની અંતરના ધારામાંથી આનંદ આવ્યો એનું જીવન જીવ્યું કહેવાય. બાકી બધા મરી ગયેલા, મડદાં છે. સમજાણું કાંઇ ? આહાહા ! મોક્ષ છે ને, પાહુડમાં છે ને ? અષ્ટપાહુડમાં છે. જેને આનંદનો નાથ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ છે એનું જેને ભાન નથી તે બધાં ચાલતાં મડદાં છે. કુંદકુંદાચાર્યે કહ્યું છે. ચાલતાં મડદાં. ઓલા ઉપાડતા ને, આને ઉપાડે આમ.

ચીમનભાઇ ! આ મોટા ડાક્ટર હોય હુશિયાર, લાખ લાખ પેદા કરતા હોય મહિનાના. જેલમાં કોઇ ઉંટને પૂર્યો હોય ને માણસને પૂર્યો હોય જેલમાં અને બે ચાર પાંચ ઉંટો હોય ને બે ચાર પાંચ આદમી હોય આમ અને ઉંટ ઉપર જઇને બેસે જેલમાં એટલે મોટો થયો ? જેલમાં પડયા છે બાપા, તાળા માર્યા ભગવાન આનંદને, રાગમાં સુખ છે પરમાં સુખ છે, એ તાળા માર્યા અંદરમાં. એ જેલમાં છે. સમજાણું કાંઇ ? આવી સ્થિતિ છે લ્યો. કાંઇ પાંચ પચાસ લાખ થાય તો બહુ સુખી છીએ. એમાં દસ પાંચ કરોડ થોડા વધારે થાય બહુ સુખી છીએ, ધૂળમાંય સુખ નથી. આહાહા ! પાગલની પેઠે માળો પરમાં સુખ માની રહ્યો છે.

કેમ હશે મલુકચંદ ભાઇ, હેં ? આ તમારા પૂનમને સુખી કહે છે ને લોકો. પાંચ કરોડ રૂપિયા છે એની પાસે બોલો, આના દીકરા પાસે. મુંબઇ, મુંબઇ, પૂનમચંદ મલુકચંદ, બાવીસ બાવીસ માળના માળ, હજીરા મોટા ઉભા કરે છે, ધૂળેય નથી સુખ સાંભળને માળા. પણ પૂર્ણાનંદનો નાથ, એની પ્રાપ્તિ માટે છે એને મળવા માટે છે એનો ભેટો થવા માટે અંદરમાં. આહાહા ! સ્વાવલંબનનું ગ્રહણ, ભગવાન પૂર્ણાનંદનો નાથ એના સ્વભાવનું એને અવલંબન અને પરાવલંબનનો ત્યાગ પૂજ્ય છે. સમજાણું કાંઇ ? આચાર્યને દર્શાવવું છે કે આત્મ સ્વરૂપની પ્રાપ્તિ મેં મારા આત્મબળ વડે જ કરી છે. પાઠ

છે ને એવો 'માં મયે મયિ સ્થિતમ્:' આહાહા!

પૂજ્યપાદ સ્વામી. સમાધિતંત્ર નામ છે ને આ? આનંદની પ્રાપ્તિ મને સમાધિની પ્રાપ્તિ. સમાધિ ઓલા બાવા કરે એ નહિં હોં. આ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો એને અહીંયા ધરમ અને સમાધિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એમ પોતાનો આત્મવૈભવ બતાવી મુમુક્ષુ જીવોને પ્રેરણા કરી છે. તમે પણ સ્વતઃ તમે પણ તમારાથી, આહાહા! એટલે પોતાના આત્મ સામર્થ્યથી જ પરમ પદની પ્રાપ્તિ કરો. આહાહા! આત્મા અને પર પદાર્થોને ઈન્દ્રિયોના વિષયોને ભિન્ન કરવાનું, એટલે શું કહે છે? ભગવાન આત્મા અને આ વિષયો પર એને ભિન્ન કરવામાં અને આત્માને આડે. સમયસારની વાત છે. ગ્રહણ કરવામાં સાધન જુદા નથી, એ સમયસારની વાત છે. નીચે છે ને? શુદ્ધ આનંદનો ધામ પ્રભુ એમ જ્યાં અંતરદ્રષ્ટિ પડી ત્યાં રાગથી ભિન્ન થયો ઈન્દ્રિયોથી ભિન્ન થયો ઈન્દ્રિયના વિષયથી ભિન્ન થયો. એ ભિન્ન પડવામાં સાધન પણ પરથી ભિન્નની દશા અને ગ્રહણ કરવામાં પણ એ જ દશા. છે? આહા! સાધન જુદા નથી. કોઈ દયા દાન ને વ્રતના પરિણામ કરે તો આ ધરમ થાય, રાગથી ભિન્ન પડે, એવું સ્વરૂપ છે નહિં. આહાહા! સમજાણું કાંઈ?

પ્રજ્ઞા એક જ કરણ છે. રાગ અને ભગવાન બે ને જુદું પાડવામાં પ્રજ્ઞાની દશા જ સાધન છે અને તેને તે વડે જ આત્માને ભિન્ન કરાય છે, અને તે વડે જ તેને ગ્રહણ કરાય છે. એ નીચે શ્લોક છે. 'પ્રજ્ઞાછીણી થકી છેદતાં બંન્ને જુદા પડી જાય છે', નીચે છે નીચે. 'પ્રજ્ઞાછીણી થકી છેદતાં બંન્ને જુદા પડી જાય છે'. જ્ઞાનની દશાને સ્વભાવ તરફ વાળતાં રાગ અને આત્મા બે જુદા પડી જાય છે. આહાહા! સમજાણું કાંઈ? માણસને તીખી લાગે ને આ? માણસને તીખી લાગે ને આ? આ બધું એકાંત છે નિશ્ચય, નિશ્ચય, પણ કાંઈ વહેવાર કરવો અને એનાથી થાય એવું તો કહેતા નથી. સાંભળને હવે. વહેવાર કરતાં કરતાં થાય એ તો રાગ છે. રાગ કરતાં કરતાં થાય પરથી જુદાપણું? સમજાણું કાંઈ? જુઓ અહીં તો કરણ ને ગ્રહણ જુદા પડવાનું કરણ અને ગ્રહણ કરવાનું કરણ એકલી પ્રજ્ઞા કીધી. અંતરજ્ઞાનની દશા જે પર તરફ વળી છે એને જ્ઞાનની દશા અંતરમાં વાળવી, એક જ પરથી જુદુ પડવાનું સાધન છે. આહાહા! સમજાણું કાંઈ? પ્રજ્ઞાથી જેમ જુદો કર્યો, બે જ પદ છે, એમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે. નીચે.

અહીં સાધ્ય ને સાધન એકજ છે. લ્યો વહેવાર સાધનને નિશ્ચય સાધ્ય એ તો કથન માત્ર છે. સાધ્ય જે પૂર્ણાનંદ સ્વરૂપ એને રાગથી ભિન્ન પાડવાનું સાધન પ્રજ્ઞાની દશા છે

જ્ઞાન દશા છે, અને તેને ગ્રહણ કરવું એટલે અનુભવવું એ પણ જ્ઞાન દશાથી અનુભવાય છે. આહાહા! હવે આવી વાત છે. કો સમજાણું? ભિન્ન ભિન્ન નથી એમ બતાવ્યું છે.

**एवमात्मानं शरीराद्भिन्नं यो न जानाति तं प्रत्याह -**

**यो न वेत्ति परं देहादेवमात्मानमव्ययम् ।**
**लभते स न निर्वाणं तप्त्वाऽपि परमं तपः ।। ३३ ।।**

એમ ન જાણે દેહથી ભિન્ન જીવ અવિનાશ;
તે તપતાં તપ ઘોર પણ, પામે નહિ શિવ[૩]વાસ ।। ૩૩ ।।

**टीका** : यः प्रतिपन्नाद्देहात्परं भिन्नमात्मानमेवमुक्तप्रकारेण न वेत्ति । किं विशिष्टम्? अव्ययं अपरित्यक्तानन्तचतुष्टयस्वरूपम् । स प्रतिपन्नान्न निर्वाणं लभते । किं कृत्वा? तप्त्वाऽपि । किं तत्? परमं तपः ।। ३३ ।।

**અન્વયાર્થ** : (एवं) ઉક્ત પ્રકારે (यः) જે (अव्ययं) અવિનાશી (आत्मानं) આત્માને (देहात्) શરીરથી (परं न वेत्ति) ભિન્ન જાણતો નથી (सः) તે (परमं तपः तप्त्वापि) ઘોર તપશ્ચરણ કરવા છતાં (निर्वाणं) મોક્ષ (न लभते) પ્રાપ્ત કરતો નથી.

**ટીકા:** જે પ્રાપ્ત થયેલા દેહથી આત્માને, એ રીતે-ઉક્ત પ્રકારે ભિન્ન જાણતો નથી, કેવા આત્માને? અવ્યય અર્થાત્ જેણે અનંતચતુષ્ટય સ્વરૂપનો ત્યાગ કર્યો નથી તેવા (આત્માને), તે પ્રાપ્ત થયેલા દેહથી નિર્વાણ પામતો નથી. શું કરીને? તપ્યા છતાં, શું તપીને? પરમ તપને.

**ભાવાર્થ** : જે જીવ અવિનાશી આત્માને દેહથી ભિન્ન જાણતો નથી-અનુભવતો નથી, તે ઘોર તપ કરે તો પણ સમ્યક્ત્વ કે નિર્વાણને પામતો નથી.

આત્મા અવિનાશી ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદમય છે અને શરીર ઇન્દ્રિયાદિ અચેતન-જડ છે. બન્નેનાં લક્ષણ ભિન્ન ભિન્ન છે, તેથી તેઓ એકબીજાથી ભિન્ન છે. આમ જે જીવ જાણતો નથી તે અજ્ઞાની છે, સ્વ-પરના ભેદ-વિજ્ઞાનથી રહિત છે. શરીરાદિની જડ ક્રિયાને જીવ કરી શકે છે એમ માની તે રાગ-દ્વેષ કરે છે અને તેથી ઘોર તપ કરવા છતાં તે ધર્મ પામતો નથી.

---

૩. શિવ - મોક્ષ

૪. પરમાર્થમાં અણસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,
સઘળુંય તે તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે. (૧૫૨)
વ્રત-નિયમને ધારે ભલે, તપ-શીલને પણ આચરે,
પરમાર્થથી જે બાહ્ય, તે નિર્વાણ-પ્રાપ્તિ નહિં કરે. (૧૫૩)
(શ્રી સમયસાર ગુ.આવૃત્તિ ગાથા ૧૫૨,૧૫૩)

## વિશેષ

જ્ઞાનસ્વરૂપ આત્માના ભાન વિના જીવ ભલે વ્રત-તપ-નિયમ-શીલાદિ આચરે, તો પણ તે કર્મબંધનથી છૂટશે નહિં-નિર્વાણ પામશે નહિં. [૪]

આત્મભાન વિના અજ્ઞાની જે તપાદિ કરે છે તે બધો કાય-કલેશ છે. તેનાથી ચૈતન્યની શાંતિનું વેદન નથી. તે ખરેખર તપ નથી પણ 'તાપ' છે-ક્લેશ છે. તેનાથી મુક્તિની પ્રાપ્તિ કદી થતી નથી, પરંતુ જેનાથી ચૈતન્યનું પ્રતપન હોય, ચૈતન્યના આનંદનો અનુભવ હોય તે જ ખરું તપ છે. તેનાથી જ નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

માટે પ્રથમ ભેદ-જ્ઞાનદ્વારા સ્વાત્માનું જ અવલંબન કરી તેમાં જ લીનતા કરવી તે જ એક નિર્વાણ-પ્રાપ્તિનો ઉપાય છે. બીજા બધા ઉપાય જૂઠા છે, દુ:ખદાયક છે અને સંસારનું કારણ છે. ૩૩

**ટીકા :** જે પ્રાપ્ત થયેલા દેહથી, આત્માને આ દેહ મળ્યો, આ આવ્યો છે ને જડ. માતાના ઉદરમાં આત્મા તો પરલોકમાંથી આવ્યો છે. એ પ્રાપ્ત થયેલો જે દેહ એનાથી આત્માને એ રીતે ઉક્ત પ્રકારે ભિન્ન જાણતો નથી. આહાહા! પૂર્વનો દેહ છૂટી ગયો અને નવો દેહ મળ્યો. નવો મળ્યો પ્રાપ્ત થયો સંયોગમાં આવ્યું, ભગવાન તો અંદર અરૂપી ચિદાનંદ અનાદિ અનંત છે. આહા! સમજાણું કાંઇ? પ્રાપ્ત થયેલો એમ પાઠ છે ને? 'લભતે' ન ત્રીજું પદ છે ને? દેહથી આત્માને એ રીતે ઉક્ત પ્રકારે ભિન્ન જાણતો નથી. કેવા આત્માને? અવ્યય, જેણે અનંત ચતુષ્ટય સ્વરૂપનો ત્યાગ કર્યો નથી. આહાહા! શું કહ્યું? પૂર્વનો દેહ છૂટયો ને આ દેહ આવ્યો નવો, પણ એ અનંત સ્વભાવ જે છે જ્ઞાન દર્શન આનંદ ને વીર્ય એવા સ્વભાવને કદી એણે છોડયો નથી. વસ્તુ છે તે અનાદિ અનંત છે, એમ એનો સ્વભાવ છે કે નહિં?

સ્વ-ભાવ, પોતાનો કાયમ રહેલો ભાવ એ જ્ઞાન આનંદ વીર્ય ને શ્રદ્ધા વિગેરે કાયમ રહેનારો ભાવ. એવા અનંત ચતુષ્ટયનો સ્વરૂપનો ત્યાગ કર્યો નથી. આહાહા! એવા આત્માને એ પ્રાપ્ત થયેલા દેહથી નિર્વાણ પામતો નથી. શું કરીને? તપ્યા છતાં. એટલે શું કહે છે? અપવાસ કરે મહિનાના ને બબ્બે મહિનાના ને ચાર ચાર મહિનાના, છ-છ મહિનાના ને આયંબિલમાં. રસ ન ખાય, ને શરીરથી બ્રહ્મચર્ય પાળે ને એવી તપસ્યાઓ અનંતવાર કરી પણ એનાથી આત્મા પ્રાપ્ત થતો (નથી). આહાહા! ભારે ભાઇ! પણ કઇ ક્રિયા પણ એની હતી? એ તો જડની બધી ક્રિયા ને રાગની ક્રિયા છે. આહાહા!

ભગવાન જ્ઞાનની ક્રિયા જે છે, અંદર સ્વરૂપ એના તરફ તો ગયો નથી. એ તો રાગની ક્રિયા ને જડની ક્રિયા છે બધી. આહાહા! તપ્યાં છતાં. જોયું? તપીને. પરમ તપને મહા છ-છ મહિનાના અપવાસ હમણાં આવ્યું છે ક્યાંક. નહિં? એક કોક બાઈએ અપવાસ કર્યા ને કાંઈ, ૧૨૫ કે એટલા કાંઈ પાણી બાણી પીધું હશે, આવ્યું છે છાપામાં, બહુ વખાણ. લાંઘણું છે. જ્યાં આત્મા આનંદનો નાથ છે એની તો દ્રષ્ટિની ખબર નથી.

રાગ ને શરીરથી મારું હોવાપણું ભિન્ન છે એનો અનુભવ નથી, એ બધી તપસ્યાઓ કરીને સુકાઈ જાય તો પણ તેને આત્મા પ્રાપ્ત થાય એવું નથી. આહાહા! કહો આ વરસીતપ કરે છે ને, જુઓને આ નથી કરતાં? વૈશાખ સુદ ૩ થી સામી વૈશાખ સુદ ૩, બાર મહિના. એક દિ' ખાવું ને એક દિ' અપવાસ. ભારે મહેનત કરી, એણે શું કર્યું એ તો એને ખબર નથી. અતીન્દ્રિય આનંદમાં રહેતાં વૃત્તિ ઈચ્છા ઉત્પન્ન થઈ નહિં, તેથી આહાર આવ્યો નહિં, એને તપસ્યા કહેવામાં આવે છે. આહાહા! અતીન્દ્રિય આનંદમાં રમતાં વૃત્તિનું ઉત્થાન એ વિકલ્પ જ ઉઠયો નહિં આહાર લેવાનો. એને આહાર આવવાનો નહોતો આંહી વિકલ્પ ન થયો, આનંદમાં રહ્યા, અતીન્દ્રિય આનંદમાં રહ્યા એને ભગવાન તપ અને તપસ્યા કહે છે. બાકી બધી લાંઘણું કહે છે, એ ત્રાગા કહે છે.

બાવા પૈસા લેવા આવે ને ન આપે તો ત્રાગું કરે, શરીરથી થાકે. અમારે એક વાર થ્યું'તું, પાલેજમાં. બધા ગ્યા એ લોકો? ગ્યા લાગે છે, નહિં? મનસુખને? ગ્યા. એક બાવો એક વાર આવ્યો'તો, ચોકમાં, દુકાન ઉપર. આ તો ૭૦ વરસ પહેલાની વાત છે. એ હું તો આપી દઉં, આપણે પૈસાનું એમને એમ આમ કોથળા ઉપર જમા પડયા, ભાઈ હતાં ને ભાગીદાર, નહિં અહીં નહિં, ઓલાએ માળાએ લૂગડું સળગાવ્યું, સામું કપડું એક હશેને. પછી આઠ આના દેવા પડયા. એક પૈસો ન આપે, ફકીર હતો ફકીર. ૬૪-૬૫ની વાત છે. ત્રાગા કરે ઈ. લૂગડું બાળ્યું સામે નહિં? કોક કહે ભાઈ આપી દયોને, કાઢોને એને. આહાહા! ભગવાન ત્રણલોકના નાથ એમ કહે છે કે સર્વજ્ઞ પરમેશ્વર જેના એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જેને જાણવામાં આવ્યા, એવા ભગવાન એમ કહે છે કે એ આત્માનાં આનંદના ભાન વિના, એ આનંદના ભાન સ્વાદ વિના, તારી તપસ્યાઓ કરીને મરી જા તોય એ તપસ્યાથી પ્રાપ્ત થાય એવો છે નહિં. સમજાણું કાંઈ? આહાહા!

'પ્રતપન્તે ઈતિ તપઃ' ભગવાન આનંદનો નાથ જેમ સોનાને ગેરુ લગાડીને સોનું ઓપે, સોનાને ગેરુ લગાડવાથી સોનુ ઓપે ને શોભે એમ ભગવાન આનંદનો નાથ એમાં એકાગ્ર થઈને જે આનંદની ઉગ્ર દશા પ્રગટ કરે, એને ભગવાન તપસ્યા કહે છે.

આહાહા! દુનિયાથી ઉંધુ છે ભાઇ આ. પોપટભાઇ! સંપ્રદાયમાં રહેવા ન ધ્યે(દે) ને આંય તો સંપ્રદાય છે નહિં આંય કોઇ, અહીં સોનગઢના પાદરમાં. મારગ આ છે પ્રભુ, માનો ન માનો. તારી મરજી. વાડામાંથી તો કાઢી મૂકે ઝટ દઇને. ચંદુભાઇ! બાપુ મારગ એ છે ભાઇ. તને સત્યના પંથ શું છે સુઝ્યા નથી ભાઇ. જે બધા તપસ્યા કીધીતી ને? જે પાઠ છે કે નહિં? तप्त्वाऽपि परमं तपः ચોથું પદ છે. છ-છ મહિનાના અપવાસ કરે, દૂધ ખાંડ સાકર રસનો ત્યાગ કરે, શરીરથી જાવજીવ બ્રહ્મચર્ય પાળે, એ ક્રિયાથી આત્મા પ્રાપ્ત થાય એવો નથી. કહો જેઠાભાઇ! ઉના પાણી ઘણાં પીધા છે તમે. હેં? लभते स न निर्वाणं જેને રાગને શરીરથી ચૈતન્ય ભગવાન ભિન્ન છે અને એ ભિન્નની દશાનું સાધન પણ આત્માની જ્ઞાનદશા છે એને અનુભવ કરવો એ પણ જ્ઞાનથી અનુભવ થાય છે. એવું જેને ખબર નથી એ પરમ તપ ગમે તેટલી અપવાસને રાગની ક્રિયા કરે, મુક્તિ નહિં થાય એની. નિર્વાણ નહિં થાય એને. આહાહા!

વિચાર આવ્યો, આ વરસીતપ કરે છે ને? એ શું છે ઇ? એય ચોમાસુ હતું ને બહાર સદરમાં. એમાં, આ ગામમાં શેઠીયાની વહુએ જરી કર્યા હશે. આ વરસીતપ કરે છે ને? અરે આ ઉભા ઉભા બિચારા ઉપવાસ કરે શેઠીયાની વહુને ન્યાં કહે છે કે ઇ લાંઘણ. ૯૦માં થ્યું'તું રાજકોટમાં. ત્યારે તો આમાં હતા ને? બાપુ લાંઘણ એ તારી. આ શું કહે છે. लभते स न निर्वाणं એટલે न वेत्ति परं देहात् एवम् आत्मानम् अव्ययं ભગવાન અવિનાશી અનાદિ અનંત એવો પ્રભુ તે દેહથી ભિન્ન છે એવું જેણે અંતરભાન કર્યું નથી એવા જીવની તપસ્યા મરીને ગમે તેટલી કરે, કેટલાક તપસ્યામાં મરી જાય છે, વધારે ખેંચાઇ ગ્યા હોય ને, પારણાં પહેલા મરી જાય છે.

જોરાવરનગરમાં એક છોડી મરી ગઇ, જોરાવરનગરમાં. બહુ અપવાસ ખેંચ્યા, પછી એવું થ્યું? પૂરું કર્યા વિના છૂટકો ન હોય પછી મરી ગઇ. હમણાં કોકે કર્યા'તા ૧૨૫ અપવાસ નહિં? આંકડો નહોતો આવ્યો? આજેય આવ્યોતો છાપામાં. રેકોર્ડ તોડયો આ બાઇએ. કરતી હશે અપવાસ. શરીર જરી ઠીક હશે. આહાહા! પણ એ શરીર અને આહારનો ત્યાગ એ હું નહિં. આહાહા! આહારને ગ્રહણે કર્યો નહોતો અને આહારને હું છોડતોય નથી, જડ છે એ તો. આહાહા! મારી ચીજ તો આ આહારના રજકણોથી જુદી, આહારના પોષણથી પિંડ બન્યો આ દેહ એનાથી જુદી, અને એમાં રાગનો વિકલ્પ ઉઠે પર તરફના ઝુકાવનો એનાથી પણ જુદી. એવું જેને ભેદજ્ઞાન નથી એ ગમે તેટલી તપસ્યાઓ કરે પણ એને નિર્વાણ મુક્તિ થતી નથી. આહાહા! આકરું કામ પણ હોં. છે કે નહિં

આમાં ? ૩૩ આંકડો છે.પોતે પ્રાપ્ત થયેલા દેહથી નિર્વાણ પામતો નથી. તે દેહથી છૂટો પડતો નથી. એમ કહે છે કે શરીર અને રાગ ભાવ કર્મ રાગ છે. જડ જે આ શરીર તે બેથી ભગવાન જુદી ચીજ છે અંદર. એવું જેણે જુદાપણું કર્યું નથી, એ ગમે તેટલી તપસ્યાઓ કરે તો પણ જુદો નહિં થાય. જુદો નહિં થાય તો નિર્વાણ નહિં પામે. સમજાણું કાંઇ ? તપ્યા છતાં.

**ભાવાર્થ** : જે જીવ અવિનાશી આત્માને અવ્યય છે ને ? 'આત્મા અવ્યયં' બીજુ પદ છે ને ? અવિનાશી આત્માને દેહથી ભિન્ન જાણતો નથી, દેહની ક્રિયા એ મારી નથી એ તો જડની બધી છે. આહાહા ! આ બોલવું આ શરીર હાલવું એ બધી જડની ક્રિયા છે આત્માની નહિં. આહાહા ! અવિનાશી આત્માને દેહથી ભિન્ન જાણતો નથી અનુભવતો નથી. દેહ શબ્દે શરીર અને રાગાદિ બધા દેહના વિકાર છે બધા. નિર્વિકારી ભગવાન પૂર્ણાનંદનું સ્વરૂપ જે રાગથી ને પરથી ભિન્ન જાણતો નથી અને ભિન્ન થઇને અનુભવતો નથી. આહાહા ! એ ઘોર તપ કરે, આકરાં તપ કરે તો પણ સમકિત કે નિર્વાણને પામતો નથી, લ્યો. સમકિતને પામતો નથી. કહે છે, શું કહ્યું ઇ ? કે રાગ છે શુભ વિકલ્પ, દયા દાન ભક્તિ આદિ અને શરીર જડ બે થી જુદી ચીજ છે. જુદું છે એને જુદું જાણ્યુ નથી, તો જુદો થઇને નિર્વાણ થાય, નિર્વાણ તો તદ્દન જુદો થાય એનું નામ છે. રાગથી ને શરીરથી જુદી ચીજ છે, આનંદકંદ પ્રભુ. એવું જુદું જાણ્યું નહિં, જુદું અનુભવ્યું નહિં અને એક માનીને તપસ્યાઓ કરી રાગને ને શરીરને મારી ક્રિયા માનીને. એથી જુદો નહિં પડે. કારણ જુદો જાણ્યો નથી, જુદો માન્યો નથી, જુદો અનુભવ્યો નથી. આહાહા ! સમજાણું કાંઇ ? દેવીલાલજી ! આવો મારગ છે ભાઇ.

પણ બીજો કોઇ રસ્તો હશે કે નહિં સહેલો ? કે આવોજ રસ્તો હોય ? 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' આહાહા ! ભાઇ મારગ તો આ છે, બાપુ ! પરમાર્થ આ પરની દયા પાળે ને પરને ઇ પરમાર્થ નહિં હોં ! પરમાર્થ પરમ પદાર્થ એવો ભગવાન આત્મા, એને રાગને દેહથી ભિન્ન જાણ્યા વિના, ગમે તેટલી તપસ્યાઓ કરે એનાથી એની મુક્તિ નહિં થાય. જુદો જાણવામાં ન આવ્યો એને જુદો નહિં થાય. આહાહા ! નિર્વાણને પામતો નથી. અહિં તો એને સમકિતને પામતો નથી, એટલું લીધું, બેય લીધું છે. સમ્યક્ત્વપણે મુક્ત છે તે એટલે એક રાગથી પરથી જુદો અને સ્વરૂપથી અબંધ છે. મારું સ્વરૂપજ અબંધ છે. રાગથી હું બંધાયેલો નથી ને પરથીય બંધાયેલો નથી. એવા સ્વરૂપને અબદ્ધસ્પૃષ્ટને જાણ્યો એની તો મુક્તિ થઇ, એને મુક્ત સ્વરૂપ છે એવું ભાન થઇ

ગયું. સમજાણું કાંઇ ?

તે મુક્ત સ્વરૂપ એવા ભાન વિના એવી તપસ્યાઓ ને વ્રતને કરીને મરી જાય, સાધુ થઈને બાહ્યમાં દુકાન બાયડી છોડીને, સમજાણું કાંઇ ? એને સમકિત નહિં થાય. કારણકે સ્વરૂપજ રાગ ને પરથી. રાગ છે ઈ વિકલ્પ દયા દાન વ્રત આદિ એ તો આશ્રવ છે, ભાવબંધ છે ને વસ્તુ તો અબંધ છે. ભાવબંધથી જુદી અબંધ વસ્તુનો જેને અનુભવ નથી એ જીવો બંધભાવને પોતાનો માનીને ગમે એટલી તપસ્યાઓ કરે એ જુદો નહિં પડે. સમજાણું કાંઇ ? આહાહા !

તે નિર્વાણ પામતો નથી. આત્મા અવિનાશી ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનાનંદમય છે. આત્મા વસ્તુ તેમાં વસેલા જ્ઞાનને આનંદના ગુણથી તે ભરેલો છે. આહાહા ! એમાં પુણ્યને પાપના ભાવ એમાં રહેલા નથી. સમજાણું કાંઇ ? એમાં શરીર રહેલું નથી. આહાહા ! અવિનાશી ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનાનંદમય છે અને શરીર ઇન્દ્રિય આદિ અચેતન છે, બન્નેના લક્ષણ ભિન્ન ભિન્ન છે, તેથી તેઓ એક બીજાથી ભિન્ન છે. આમ જે જીવ જાણતો નથી, તે અજ્ઞાની છે. સ્વપરના ભેદ વિજ્ઞાનથી રહિત છે, સ્વપરની એકત્વબુદ્ધિવાળા છે. શરીરાદિની જડ ક્રિયા ને જીવ કરી શકે છે. આ જડને હું આ પરની દયા પાળું ને આ જીવ કરું ને એ હું કરી શકું છું, તો આ તો જડની ક્રિયા છે. આહાહા ! એમ માની રાગ દ્વેષ કરે છે, તેથી ઘોર તપ કરવા છતાં તે ધરમ પામતો નથી.

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

**જેમ શરીર, સ્ત્રી, આદિ પરદ્રવ્ય વિના ચાલે નહિં એમ લઈને બેઠા છે, એમ એકવાર આમ તો લે કે મારે મારા આત્માની દૃષ્ટિ વિના એક ડગલું નહિં ચાલે લે ! મારા દ્રવ્ય વિના મારે એક ક્ષણ પણ ન ચાલે !**

**દૃષ્ટિનાં નિધાન ૪૬૫**

# પ્રવચન – ૪૨

## શ્લોક – ૩૩ અને ૩૪

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૨૧.૦૧.૭૫**

**एवमात्मानं शरीराद्भिन्नं यो न जानाति तं प्रत्याह –**

**यो न वेत्ति परं देहादेवमात्मानमव्ययम् ।**
**लभते स न निर्वाणं तप्त्वाऽपि परमं तपः ।। ३३ ।।**

એમ ન જાણે દેહથી ભિન્ન જીવ અવિનાશ;
તે તપતાં તપ ઘોર પણ, પામે નહિં શિવ[૧]વાસ ।। ૩૩ ।।

**ननु परमतपोऽनुष्ठायिनां महादुःखोत्पत्तितो मनः खेदसद्भावात्कथं निर्वाणप्राप्तिरिति वदन्तं प्रत्याह –**

**आत्मदेहान्तरज्ञानजनिताह्लादनिर्वृतः ।**
**तपसा दुष्कृतं घोरं भुञ्जानोऽपि न खिद्यते ।। ३४ ।।**

આતમ-દેહવિભાગથી ઊપજ્યો જ્યાં આહ્‌લાદ,
તપથી દુષ્કૃત ઘોરને વેદે પણ નહિં તાપ ।। ૩૪ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।

૧. શિવ - મોક્ષ.

મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

---

૩૩ ગાથા એનો વિશેષ કહે છે કે, આ આત્મા જે છે એ જ્ઞાનસ્વરૂપી આનંદમૂર્તિ છે. આ આત્મા જે છે એ તો જ્ઞાન સ્વરૂપ એનું ચૈતન્યસ્વરૂપ છે એનું જેને ભાન વિના એ બાહ્યની દેહની ક્રિયા અને પુણ્ય પાપના ભાવ, દયા દાન વ્રત ભક્તિ પૂજા કામ-ક્રોધના ભાવ એ બધા તો મલિન અને વિકાર છે, એ આત્મા નથી. આત્મા તો જ્ઞાન સ્વરૂપી ચિદાનંદ પ્રભુ જ્ઞાતાદષ્ટા જેનો ત્રિકાળ સ્વભાવ છે એવું જેને પુણ્ય પાપના રાગથી ને દેહથી ભિન્ન જેણે જાણ્યું નથી, પોતાની હૈયાતી. આત્માનું હોવાપણું એ તો જાણગ સ્વભાવ પ્રજ્ઞા બ્રહ્મ સ્વરૂપ છે એવું જેણે જાણ્યું નથી, રાગની ક્રિયા ને દેહની ક્રિયાથી ભિન્ન પાડયો નથી એવા અજ્ઞાનીને ભલે વ્રત તપ નિયમ કરે એ ગમે એટલી તપસ્યાઓ કરે અપવાસની વ્રત પાળે દયા બ્રહ્મચર્ય વિગેરે નિયમ પાળે અભિગ્રહ આકરા પાળે ઓર શીલ, કષાયની મંદતાનો રૂડો સ્વભાવ રાખે, એવું આચરે તો પણ તે કર્મ બંધનથી છૂટશે નહિં. એને ધરમ નહિં થાય એમ કહે છે. આહાહા! ભારે આકરી વાત આ તો. સમજાણું કાંઇ ? છે ?

જ્ઞાન સ્વરૂપ આત્માના ભાન વિના, આહાહા! આત્મા પ્રજ્ઞા બ્રહ્મ સ્વરૂપ છે. જ્ઞાન ને આનંદ જેનું સ્વરૂપ છે એવું જેણે શરીરને રાગની ક્રિયાથી ભિન્ન કર્યો નથી, ભિન્ન જાણ્યો નથી ભિન્ન અનુભવ્યો નથી. આહાહા! એવા જીવો વ્રત, તપ, નિયમ, શીલાદિ આચરે તો પણ એને બંધનથી છૂટશે નહિં, એને નિર્વાણ મોક્ષ નહિં થાય. સંસારમાં રખડવું રહેશે. આહાહા! સમજાણું કાંઇ ? આવી વાત છે જરી. સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન અને આનંદ એવો જે ભગવાન આત્મા એનું જેણે રાગ ને દેહથી ભિન્ન જ્ઞાન કર્યું નથી, ભિન્ન પાડવાની દશા જેણે પ્રગટ કરી નથી, એ જીવો ભલે વ્રત ને તપ ને ક્રિયાકાંડ કરે એનાથી એને ધરમ નહિં થાય. છે નીચે ? ૧૫૨ નીચે છે ને કડી ? સમયસારની છે:

પરમાર્થમાં અણસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,

સઘળુંય તે તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે (૧૫૨)

સર્વજ્ઞ પરમાત્મા જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન સ્વભાવમાં હતું એ જેની દશામાં પ્રગટ થયું છે એવા સર્વજ્ઞ પરમેશ્વર, એમ કહે છે કે, આહાહા! સમજાણું કાંઇ? પરમાર્થમાં અણસ્થિત. છે ને એ? આહાહા! પરમાર્થ આત્મા પ્રભુ ચૈતન્ય મૂર્તિ છે. એમાં જેની સ્થિતિ નથી અને એકલી દયા, દાન, વ્રત ને ભક્તિ ને તપની ક્રિયાઓ કરે એને સર્વજ્ઞ પરમાત્મા મૂર્ખાઇ ભરેલા વ્રત ને મૂર્ખાઇ ભરેલા તપ કહેવામાં આવે છે. આરે વાતું ભારી. એને બાળ વ્રત ને બાળ તપ કહે છે. અજ્ઞાનીની એ બધી ચેષ્ટાઓ છે, કહે છે. આહાહા! સમજાણું કાંઇ? નિર્વાણ નહિં પામે.

આતમ ભાન વિના અજ્ઞાની હું એક આનંદ ને જ્ઞાન સ્વરૂપી પરમાત્મ સ્વરૂપે હું છું એવું જેણે રાગ ને દેહથી ભિન્ન જ્ઞાન કર્યું નથી. આહાહા! એ અજ્ઞાની જે તપાદિ કરે, એ અપવાસ કરે લાંઘણું કરે મહિના મહિનાના અપવાસ કરે નકોરડા અપવાસ કરે, પાણી પણ પીવે નહિં. હમણાં એક બાઇએ કર્યા'તા. ૧૨૫ અપવાસ. એવું આવ્યું'તું છાપામાં. જયપુરમાં નહિં? એ બધી લાંઘણીયું. આહાહા! અંદર આત્મજ્ઞાન વિના આત્માના અનુભવ વિના, આત્મા આનંદ અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. એ અતીન્દ્રિય આનંદના સ્વાદ વિના, આહાહા! એ બધી ક્રિયાઓમાં રાગનો સ્વાદ છે. આહાહા! આકરી વાતું ભાઇ. દુનિયાથી જુદી જાત છે આ. સમજાણું કાંઇ?

આત્માના ભાન વિના અજ્ઞાની જે તપ આદિ વ્રત આદિ કરે એ બધો કાયકલેશ છે. આહાહા! જગતને આકરું પડે. એ કાયકલેશ ખેદ કરે છે, કહે છે. આહાહા! તેનાથી ચૈતન્યની શાંતિનું વેદન નથી. આહાહા! ભગવાન આનંદ સ્વરૂપ શાંત રસનો કંદ પ્રભુ છે આત્મા. આહાહા! કેમ બેસે? કહો, એક સિગરેટ પીવે ત્યાં બસ આમ ખુશી થઇ જાય. આહાહા! એક સ્ત્રીનું સુંદર રૂપ દેખીને ખુશી થઇ જાય. આહાહા! અરે ક્યાં તું ગયો? એક દયા દાનના પરિણામ કરીને રાજી થઇ જાય એ તો રાગ છે. આહાહા! ભાઇ વસ્તુ ઝીણી છે.

સર્વજ્ઞ પરમેશ્વર દેવે તીર્થંકર કહેલો મારગ એ આત્માનું જેને (એ) ભાન નથી એ બધી ક્રિયા કષ્ટ કરે તે ખરેખર તપ નથી, પણ તાપ છે. આ વરસીતપ કરે છે નહિં બાઇયું? એક દિ' ખાવું ને એક દિ' અપવાસ, સામટા અપવાસ કરે છે. આપણે બલુભાઇએ કર્યું નહોતું, કોઇ આવ્યું છે કે નહિં બલુભાઇને ત્યાંથી? બલુભાઇ નહિં? દાક્તર. દાક્તર નહિં પણ દવાના દવાની ફેક્ટરી, ન્યાં જોયું છે ને? રામજીભાઇ હતાં

ન્યાં, ત્યાં આહારે કર્યો'તો. મોટું દવાખાનું. પચાસ(૫૦) લાખ રૂપિયા. દવાયું કરતા, બતાવ્યું મને ત્યાં ગ્યા'તા ને ન્યાં. અરે એણે વરસીતપ કર્યો'તો. ચીમનભાઈ, ઓળખો છો ને ? તમે તો ઓળખોને ? એક દિ' અપવાસ એકદિ' પારણું. પછી પછી વળી એનો સંઘ થ્યો ત્યારે પારણે હું ત્યાં હતો. રાજકોટ. એનો બાપે હતો તે દિ'. ચુનીભાઈ, અરે ! આ શું ક્રિયા હતી ? જ્યાં આનંદનો નાથ એને જગાડયો નથી જેમાં વિકારની લાગણીઓથી પાર પડયો પ્રભુ. આહાહા !

દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ તો બધો રાગ છે, એ વૃત્તિનું ઉત્થાન છે, એ વિકાર છે. આહાહા ! એ વિકારની લાગણીની પાછળ પ્રભુ આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ છે. અરે એની જેને ખબરું નથી, એનું જેને સમ્યગ્દર્શન થયું નથી, આહાહા ! એ બધા આવા અપવાસ કરે ને વ્રત પાળે, ને શરીરથી બ્રહ્મચર્ય પાળે લાખો મંદિરો બનાવે. અરે ભગવાન, આકરું કામ છે ભાઈ. આંહી તો બની ગ્યું છે ને ? હવે તમારે બનાવવાનું છે. ગીરધરભાઈ. પણ ઈ બનાવશે એ તો એને કારણે બને. કદાચ ભાવવાળો હોય તો શુભભાવ એમાં હોય. શુભ. પણ એ એનાથી ધરમ થાય, ભાઈ એમ નથી. હોં ! આહાહા ! એવી ક્રિયામાં બહુ તપસ્યા કરે તો તપ નથી, પણ તાપ છે. એટલે જેને આત્મા આનંદનો નાથ સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ એવું જેને વેદનમાં આવ્યું નથી, એને તો એ તપસ્યામાં રાગનું જ વેદન છે, આ આકુળતાનું વેદન છે. પોપટભાઈ ! કર્યો છે વરસીતપ ઘરે, કોઈ દી' કર્યો નહિં હોય, તૈયારી છે. આ શરીર સારું છે તો કદાચ કરી નાંખ્યો હોય કીધું. બીજા કો'ક કહેતા'તા. નહિં ? કો'ક કહેતો'તો. આહાહા ! ઘણાંય આવે અહિંયા કહે બૈરાએ વરસીતપ કર્યો છે.

અરે ! આત્મા પોતે આનંદનું ધામ જ્યાં શાંત અને આનંદરસ પડયો છે અંદર. આહાહા ! એ તો અકષાય વીતરાગીમૂર્તિ આત્મા છે એને ખબર નથી. એવા વીતરાગી સ્વરૂપ ભગવાન આત્મા એનું જેને અંતરમાં અનુભવમાં વેદન નથી અને એ તપસ્યાઓ ને વ્રતો કરે, એને તાપ લાગે છે, કષાયનો તાપ છે એ તો બધો. આહાહા ! આકરું લાગે હોં. હેં ? લાખોપતિની વઉરું હોય, વરસીતપ કરે અને એને એમ કહેવું કે બધી આ તારી લાંઘણીયું છે, સાંભળને હવે. અને વરસીતપ કર્યા પછી લાખ બે લાખ ખર્ચે, ગૃહસ્થ હોય તો. આ નહિં. આ નહિં કેવા ? અમદાવાદવાળા. હેં ? મંગળભાઈની વહુ, ધાંગધ્રાવાળા. શાંતિભાઈની બા. વરસીતપ કર્યો તો તે પોણોલાખ-લાખ ખર્ચ્યો. મોટી, શું કહેવાય તમારી સ્પેશ્યલ રેલ આવી'તી સ્પેશ્યલ ટ્રેન. અને આંહી પાલીતાણામાં બધા પૈસા

બહુ ખર્ચ્યા હતા અને માને કે ધરમ. બાપુ ક્યાં ધરમ હતા ? ભાઈ તને ખબર નથી.

વીતરાગ મારગ એવો ઝીણો છે ને ? એને સાંભળવા મળ્યો નથી બિચારાને. શું થાય ? આહાહા ! ભાઈ તારામાં અતીન્દ્રિય આનંદ અને અકષાય વિકારના પરિણામથી રહિત નિર્વિકારી રસ છે, પડયો છે આત્મામાં. આહાહા ! એવા નિર્વિકારી રસનો રસાસ્વાદ જેને નથી, આહાહા ! એ જીવો આ તપસ્યાઉં ને બધી કરે એને ભગવાન બાળ તપસ્યાને બાળ મૂર્ખાઈ ભરેલું તપ કહે છે. સમજાણું કાંઈ ? ચીમનભાઈ ! તમારામાં કર્યું ને ? કોઈએ નહિં કર્યો હોય ? જૂની બાઈએય નહિં. ઠીક. હેં ? એમના જૂના હતાને એણે કર્યો હશે. એકજ છે, બસ આ નવા જ છે. હેં ? એની સાસુને નવા જૂના, એની સાસુને નવા જૂના. સાચી વાત છે ફૂલચંદભાઈ ને. આહાહા ! અરેરે શું કર્યું તેં તો ? ભાઈ ! ભગવાન પૂર્ણાનંદનો નાથ એને પડખે ગ્યો નહિં અને રાગની ક્રિયાને પડખે ચડી ગ્યો. દુઃખી દુઃખી, દુઃખી થઈ ગ્યો. આકરું લાગે હોં સંપ્રદાયના માણસને. જેને ઘરડ લાગી હશે ને સંપ્રદાયની, એને આ વાત આકરી લાગે. નહિં ? દામોદરભાઈ આકરી લાગે. આહાહા ! ખબર છે ને ? આહાહા !

કહે છે ને એ તપ નથી પણ તાપ છે. કલેશ છે. આહાહા ! એ રાગની મંદતા ના પરિણામ પણ કલેશ છે. આત્મા રાગના વિનાનું સ્વરૂપ છે પ્રભુ ! એની ઓથ લીધી નહિં, એના ઘરમાં આનંદ પડયો તેનો સ્વાદ લીધો નહિં. આહાહા ! અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન આત્મા છે. અરે કેમ બેસે ? એક બીડી વિના હાલે નહિં, તમાકુ વિના હાલે નહિં. હેં ? બે સિગરેટ પીવે ત્યારે તો એને ઝાડા ઉતરે પાયખાને આવા તો વ્યસનોમાં દુઃખી બચારા. સમજાણું કાંઈ ? આંહી તો કહે છે કે સાધુ થયો અનંતવાર. બાયડી છોકરા કુટુંબ રાજપાટ છોડી નગ્ન મુનિ થયો, વનવાસમાં રહ્યો પણ એ બધી ક્રિયાઓ આત્માના જ્ઞાન વિના નિરર્થક ગઈ. આહાહા ! એ તાપ છે, એનાથી મુક્તિ પ્રાપ્તિ કદી થતી નથી. આહા ! એક આંહી હતું ને ? પુસ્તક લીધું, કોક લઈ ગ્યું ? વધારાનું હતું નહિં ? ચીમનભાઈનું હતું ? ઠીક.

પરંતુ જેનાથી ચૈતન્ય નું પ્રતપન હોય, આહા ! જેમ સોનું ગેરુથી જેમ શોભે. સોનાને ગેરુ લગાડવાથી ઓપે એમ ભગવાન આત્મા ચૈતન્યના તેજથી અંદરમાં પ્રતપે, અંતરથી પ્રતપે તે વિશેષે તપન નામ આનંદની દશા થાય એને ભગવાન તપ કહે છે. સમજાણું કાંઈ ? ભાઈ વાતું બહુ જુદી પણ અહીંની. ચેતનનું પ્રતપન હોય એટલે ચૈતનના આનંદનો અનુભવ હોય, આહાહા ! તે જ ખરું તપ છે. ચૈતન ભગવાનના તેજમાં પોતે પ્રતાપન થઈ અને ચૈતનના આનંદનો જેને ઉગ્ર સ્વાદ આવે. આહાહા ! ઈ

કેવો સ્વાદ વળી ? આ દૂધપાકનો સ્વાદ કહેવાય, મોસંબીનો કહેવાય, એ તો ભગવાન જડ છે. જડનો સ્વાદ એને આવતો નથી પણ એના તરફ લક્ષ રાખીને આ ઠીક છે એવો જે રાગ કરે એ રાગનો સ્વાદ એને આવે છે. આહાહા ! એવા અપવાસમાં તપસ્યામાં વ્રતમાં એ રાગ મંદ કદાચિત કરતો હોય તો પણ તે તો કલેશ ને દુઃખ છે. આહાહા ! આનંદના સ્વરૂપે પ્રભુ બિરાજમાન પરમાત્મ સ્વરૂપે આત્મા છે. આહાહા ! આ કેમ બેસે ? રાંકને, પામરને પ્રભુતાની વાત કેમ બેસે એને ? હેં ? આહાહા !

એ ચૈતનના આનંદનો અનુભવ હોય તે જ ખરું તપ છે. તેનાથી નિર્વાણની પ્રાપ્તિ (થાય છે) તેનાથી મોક્ષ નામ પરમાનંદની પ્રાપ્તિ થાય. નિર્વાણ એટલે મોક્ષ, મોક્ષ એટલે પરમાનંદની પ્રાપ્તિ. મોક્ષ બીજી કોઈ ચીજ નથી. અંતરમાં જે આનંદ છે એ શક્તિમાં એ એની દશામાં આનંદનું પૂરણપણું પ્રાપ્ત થવું એનું નામ મોક્ષ. દુઃખથી મુક્ત થઈને સુખની પૂરણ પ્રાપ્તિ એનું નામ મોક્ષ. સમજાણું કાંઈ ? માટે પ્રથમ ભેદજ્ઞાન દ્વારા સ્વાત્માનું જ અવલંબન કરી પ્રથમ જ, એ દયા દાન વ્રતના તપના વિકલ્પ છે એ લાગણી વૃત્તિઓ છે એ તો. એનાથી ભિન્ન ભેદજ્ઞાન દ્વારા સ્વાત્માનું અવલંબન કરી, ચિદાનંદ પ્રભુ એનું અવલંબન આશ્રય લઈ, આહાહા ! તેમાં જ લીનતા કરવી, તે જ એક નિર્વાણ પ્રાપ્તિનો ઉપાય છે. આ બધા કરે છે, બિચારા નથી. શું હશે ઈ ?

એક જણ કહેતા'તા કે ૯૦ની સાલમાં, ૯૦ની સાલમાં ચોમાસું હતું ને ત્યાં સદરમાં ? પછી આ વાત ત્યાં હાલતી ને ગામમાં બાઈયું ને વરસીતપ હતો તો કહે જુઓ આ લાખોપતિની વહુરું ઊભા ઊભા અપવાસ કરે અને કહે છે કે લાંઘણીયું, એને ધરમ ન થાય. નવરંગભાઈ ! આહા ! શું થાય ભાઈ ? આત્મા એ ક્રિયા આમ કરું ને આમ કરું ને આમ કરું એ તો બધો વિકલ્પ છે, વિકલ્પ નામ રાગની લાગણી છે. આહાહા ! એ લાગણીની પાછળ પ્રભુ એકલો આનંદથી ભરેલો પદાર્થ આત્મા છે. ભગવાનને, આનંદ જે પ્રગટયો પરમાત્માને, એ ક્યાંથી પ્રગટયો ? કંઈ બહારથી આવે છે ? અરિહંત પરમાત્મા સર્વજ્ઞ વીતરાગ કેવળી પરમેશ્વર એને જે અનંત જ્ઞાન અનંત આનંદ પ્રાપ્ત થયો, એને પરમાત્મા અરિહંત કહીએ. અરિ નામ રાગ ને દ્વેષ ને અજ્ઞાન એવા જે દુશ્મનો એને જેણે હણીને વીતરાગ પરમાનંદ દશા જેણે પ્રગટ કરી એ પૂર્ણ સુખી ને આનંદમાં છે ઈ. એવી દશા અંદર પડી છે અંદરમાં. આહાહા ! સમજાણું કાંઈ ? આહા ! આવું.

લીંડી પીપરમાં ચોસઠ પહોરો તીખો રસ પડયો છે, છોટી પીપર કહેતે હે ને ? એ છોટી પીપરમેં માં ચોસઠ રસ, ચોસઠ પહોર કહે છે ને ? ચોસઠ પહોર ઘૂંટે એટલે

ચોસઠ પહોરી તીખાશ બહાર આવે. એ ક્યાંથી આવી? પથરામાંથી આવી? એમાં પડી'તી. આહાહા! એ આટલી પીપર કદે નાની, રંગે કાળી, પણ ચોસઠ પહોરો એટલે રૂપિયે રૂપિયે તીખો રસ અંદર પડયો છે. આહા! હેં? (શ્રોતાઃ ઘૂંટયા વગર શી રીતે આવે?) એ અંદર છે એ આવે છે. ઘૂંટવાથી આવે તો પથરામાંથી આવવી જોઈએ. લાકડા ઘૂંટે ને ચોસઠ પહોર. પ્રાપ્તની પ્રાપ્તિ છે. આહાહા! એમાં છે, એમાંથી આવે છે. એ તો અનુકૂળ નિમિત્ત છે. લાકડા ને ઘૂંટે ને ચોસઠ પહોર? એમાં ક્યાં હતી? આહાહા! તીખો રસ અને લીલો રંગ એ પીપરના દાણામાં પ્રત્યેકમાં પડયો છે પૂરો. આહાહા! એમ ભગવાન આત્મામાં, પ્રત્યેક આત્મામાં પૂરણ આનંદને પૂરણ જ્ઞાન ભરેલું છે. કેમ વિશ્વાસ આવે? કોઈ'દિ જાણ્યું નથી સાંભળ્યું નથી વિચાર્યુ નથી. આહાહા! અરે એમને એમ જીંદગીયું હાલી ગઈ નકામી, જગતની. કહે છે કે, પ્રથમ ભેદજ્ઞાન દ્વારા સ્વાત્માનું અવલંબન કરી તેમાં લીનતા કરવી તે જ એક નિર્વાણ-પ્રાપ્તિનો ઉપાય, મોક્ષનો ઉપાય આ છે, બીજા બધા ઉપાય જૂઠા છે. આહાહા!

દુઃખદાયક છે. બીજા બધા ઉપાય જૂઠા દુઃખદાયક છે, કેમકે ત્યાં જ્ઞાન સ્વરૂપી ભગવાન એમાંથી વૃત્તિનું ઉત્થાન જે થાય છે એ રાગ છે, આહાહા! અને સંસારનું કારણ છે. એ બધા વ્રત તપના ભાવ એ સંસારનું કારણ, રખડવાનું કારણ છે. કહે છે. આહાહા! આકરી વાતું. હવે એમ કહે છે કે, ધર્માત્માને આત્માના આનંદમાં જેને ભાન છે કે હું આનંદ છું એવાઓને પણ કોઈ અપવાસ આદિની ક્રિયા તો હોય છે, તો એને ખેદ થતો હશે કે નહિં? કેટલું સહન કરે? પાંચ પાંચ, બબ્બે મહિના સુધી આહાર ન લે. સંથારો કરે સમાધિ મરણ આમ. એને દુઃખની ઉત્પત્તિ થવાથી મનમાં ખેદ થવાથી, મનને એને ખેદ થતો હશે? એમ કહે છે. નિર્વાણની પ્રાપ્તિ કેમ સંભવે? જો આવી ક્રિયામાં એને ખેદ થાય તો મોક્ષ કેમ થાય? એવી શંકા કરનારને પ્રતિ કહે છે. એવી જેને શંકા થાય એને જવાબ દે છે.

**ननु परमतपोऽनुष्ठायिनां महादुःखोत्पत्तितो मनः खेदसद्भावात्कथं निर्वाणप्राप्तिरिति वदन्तं प्रत्याह -**

**आत्मदेहान्तरज्ञानजनिताह्लादनिर्वृतः ।**
**तपसा दुष्कृतं घोरं भुञ्जानोऽपि न खिद्यते ।। ३४ ।।**

આતમ-દેહવિભાગથી ઊપજ્યો જ્યાં આહ્‌લાદ,
તપથી દુષ્કૃત ઘોરને વેદે પણ નહિં તાપ ।। ૩૪ ।।

**टीका** : आत्मा च देहश्च तयोरन्तरज्ञानं भेदज्ञानं तेन जनितश्चासावाह्लादश्च परमप्रसत्तिस्तेन निर्वृतः सुखीभूतः सन्। तपसा द्वादशविधेन कृत्वा। दुष्कृतं घोरं भुञ्जानोऽपि दुष्कर्मणो रौद्रस्य विपाकमनुभवन्नपि । न खिद्यते न खेदं गच्छति ।। ३४ ।।

પરમ તપ કરનારાઓને મહાદુઃખની ઉત્પત્તિ થવાથી તથા મનમાં ખેદ થવાથી નિર્વાણની પ્રાપ્તિ કેમ સંભવે? એવી શંકા કરનાર પ્રતિ કહે છેઃ-

**અન્વયાર્થ** : (आत्मदेहान्तरज्ञानजनिताह्लादनिर्वृत्तः) આત્મા અને દેહના ભેદ-વિજ્ઞાનથી ઉત્પન્ન થયેલા આહ્લાદથી જે આનંદિત છે તે (तपसा) તપદ્વારા (घोरं दुष्कृतं) ભયાનક દુષ્કર્મોને (भुंजानः अपि) ભોગવતો હોવા છતાં (न खिद्यते) ખેદ પામતો નથી.

**ટીકા** : આત્મા અને દેહ-તે બંનેના અંતરજ્ઞાન-ભેદજ્ઞાનથી જે આહ્લાદ અર્થાત્ પરમ પ્રસન્નતા (પ્રશાન્તિ) ઉત્પન્ન થાય છે તેનાથી આનંદિત એટલે સુખી થઈને, બાર પ્રકારના તપે કરી ઘોર દુષ્કર્મને ભોગવતો છતાં અર્થાત્ ભયાનક દુષ્કર્મ વિપાકને (ફલને) અનુભવતો હોવા છતાં, તે ખિન્ન થતો નથી-ખેદ પામતો નથી.

**ભાવાર્થ** : જેને આત્મા અને શરીરનું ભેદજ્ઞાન વર્તે છે, તે ચૈતન્યસ્વરૂપમાં એકાગ્ર થઈ અતીન્દ્રિય આનંદમાં ઝૂલતો હોવાથી તેને સહેજે ઉપવાસાદિ બાર પ્રકારનાં તપ હોય છે. તેનાથી તેને મનમાં ખેદ થતો નથી અને તપશ્ચરણના કાળે ઘોર દુષ્કર્મના ફલસ્વરૂપ બાહ્ય રોગાદિ કે ઉપસર્ગાદિનાં કારણો ઉપસ્થિત હોવા છતાં, તેના આનંદમાં બાધા આવતી નથી, અર્થાત્ તે ખેદખિન્ન થતો નથી.

## વિશેષ

જેમ સુવર્ણ, અગ્નિથી તપ્ત હોવા છતાં, તેના સુવર્ણપણાને છોડતું નથી, તેમ જ્ઞાની કર્મના ઉદયથી તપ્ત હોવા છતાં પોતાના જ્ઞાનીપણાને છોડતો નથી.[૨]

સાધકની નીચલી દશામાં સમ્યગ્દૃષ્ટિને રોગ, ઉપસર્ગાદિ આવી પડે તો અસ્થિરતાના કારણે તેને થોડી આકુલતા થાય છે અને તેના પ્રતિકારની પણ તે ઇચ્છા કરે છે, પરંતુ શ્રદ્ધા-જ્ઞાનમાં શરીર પ્રત્યેના મમત્વભાવનો અભાવ હોઈ તેને તેનું સ્વામીત્વ હોતું નથી. તે તો ફક્ત તેનો જ્ઞાતા-દૃષ્ટા રહે છે; તેથી સ્વભાવદૃષ્ટિના બળે તે જેમ જેમ આત્મસ્વરૂપમાં સ્થિરતા પામે છે, તેમ તેમ તેને વીતરાગતા વધતી જાય છે અને રાગ-

૨. જ્યમ અગ્નિ-તપ્ત સુવર્ણ પણ નિજ સ્વર્ણભાવ નહિં તજે,
ત્યમ કર્મ-ઉદયે તપ્ત પણ જ્ઞાની ન જ્ઞાનીપણું તજે. (શ્રી સમયસાર, ગુ. આ.-ગાથા ૧૮૪)

દ્વેષાદિનો અભાવ થતો જાય છે; એટલે જેટલે અંશે વીતરાગતા પ્રગટે છે તેટલા અંશે આકુલતાનો અભાવ થાય છે એમ સમજવું.

સ્વરૂપમાં ઠરવું અને ચૈતન્યનું નિર્વિકલ્પપણે પ્રતપવું અર્થાત્ આત્માની શુદ્ધ પર્યાયમાં વીર્યનું ઉગ્ર પ્રતપન તે તપ છે.[૩] આવી સમજણ અને સ્વરૂપાચરણના કારણે જ્ઞાની ઉદયમાં આવેલા પ્રતિકૂળ સંયોગોથી ખેદખિન્ન થતો નથી.

મુનિ મન-વચન-કાયની નિશ્ચલ ગુપ્તિ દ્વારા આત્મ-ધ્યાનમાં એટલા લીન થઇ જાય છે કે તેમની સ્થિર મુદ્રા દેખી, પશુઓ તેમના શરીરને પત્થર સમજી ખૂજલી ખંજવાળે છે, છતાં તેઓ પોતાના ધ્યાનમાં નિશ્ચલ રહે છે.[૪] માટે અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા જ્ઞાનીઓને તપશ્ચર્યાદિનું કષ્ટ લાગતું નથી. ૩૪

---

## પ્રવચન – ૪૨

**ટીકા** : આહાહા ! આત્મા અને દેહ, આ તો માટી જડ છે. ભગવાન આત્મા જ્ઞાન સ્વરૂપી ભિન્ન છે. એ બંન્નેના અંતરજ્ઞાન, ભાષા દેખો. પાઠમાં છે ને ? અંતરજ્ઞાન, બે ના આંતરાનું જ્ઞાન એટલે ભેદજ્ઞાન. આહાહા ! દેહ, દેહ પણે છે. રાગ, રાગ પણે છે. ભગવાન આનંદ પણે છે. કયો ભગવાન ? આ અંદર પડયો ઇ. ભગવાન થઇ ગ્યા, ઇ તો એની પાસે થઇ ગ્યા. આહાહા ! આત્મા અને દેહ બન્નેના અંતરજ્ઞાન એટલે ભેદજ્ઞાનથી, આહાહા ! જે આહ્‌લાદ પરમ પ્રસન્નતા ઉત્પન્ન થાય છે. આહાહા ! કહે છે કે, દેહ અને રાગથી ભગવાન ભિન્ન છે એમ ભાન થતાં અંદર પ્રસન્ન શાંતિ આવે છે. આહાહા ! પ્રસન્નતા આત્મામાં આવે આનંદની. ભારે ભાઇ ! આ કઇ જાતની વાત છે ? સમજાણું કાંઇ ? ભેદ નહોતો ત્યારે દુઃખ થતું. રાગ ને દેહ હું છું એવી માન્યતામાં દુઃખી હતો. એ દેહ અને રાગથી ભિન્ન મારું ચૈતન તત્ત્વ છે, એના ભાનમાં જ્ઞાનીને પ્રસન્નતા આનંદ આવે છે. આહાહા ! સમજાણું કાંઇ ?

આઠ વરસની બાળિકા હો શરીરે, પણ જો એને ભેદજ્ઞાન કરે છે તો આનંદ આવે છે, એમ કહે છે. આહાહા ! રાગને કષાયનો ભાવ ઇ દુઃખરૂપ છે. એનાથી

---

૩. સહજ નિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપે છે;
નિજ સ્વરૂપમાં અવિચલ સ્થિતિરૂપ સહજ નિશ્ચય ચારિત્ર આ તપથી હોય છે. (શ્રી નિયમસાર, ગાથા–૫૧-૫૫ની ટીકા)

૪. સમ્યક્‌પ્રકાર નિરોધ મન-વચન-કાય-આતમ ધ્યાવતે,
તિન સુથિર મુદ્રા દેખિ, મૃગ-ગણ ઉપલ ખાજ ખુજાવતે (છઢાલા-૬/૫)

જેણે આત્માનું સ્વરૂપ ભિન્ન છે, બેમાં અંતર છે, એમ કહ્યું છે ને એમાં? અંતર છે. આહાહા! બેમાં અંતર છે બેનું જુદાપણું છે. આહાહા! એવું જુદાપણાના ભાનમાં, પરમ પ્રસન્નતા ઉત્પન્ન થાય છે ભેદજ્ઞાનમાં, સમ્યગ્દર્શનમાં. આહાહા! એને સમ્યગ્દર્શન. આંહી તો દેવગુરુ શાસ્ત્ર માને સમકિત. હવે કરો વ્રત ને તપ. ૮૦માં અમારે પાઠ હાલતો ને ૮૦ કેટલા વરસ થયા? ૫૦. એમાં અમારે મોક્ષ મારગનું અધ્યયન ચાલતું'તું ને સાંભળતા'તા લોકો બોટાદમાં પણ હજારો માણસ ત્યાં. ૫૦ વરસ પહેલા. બોટાદ. ત્યારે પાછળથી પછી મૂળચંદજી એ માંડયું. જુઓ ભાઇ આપણે તો શ્રદ્ધા ભગવાનની મળી ગણધર જેવી મળી છે આપણને. હવે કહે અહીંયા બધું સાંભળીને આડું અવળું કરશો નહિં તમે એમ. એ વખતે ત્યાંય એમ કહેવાતું કે ભઇ સંપ્રદાયની દ્રષ્ટિને માનવી, એ કાંઇ વસ્તુ નથી. 'અણભિગે' એ ગાથા હતી. સંક્ષેપરૂચિની ગાથા છે ને? સંક્ષેપરૂચિની ગાથા છે. જેને સમ્યગ્દર્શન થાય એને વિપરીત અભિનિવેષ ટળી જાય. વિપરીત અભિનિવેષનો અંશ રહે અને સમકિત થાય. ભલે સંક્ષેપ રૂચિ હો કીધું. સમજાણું? આહા!

૫૦ વરસની વાત છે. ૮૦. હજારો માણસો. પ્રતિષ્ઠા હતી ને અમારી એમાં એ સંપ્રદાયમાં તો. હાથમાં લઇને બેસીએ તો હજારો માણસ સભામાં ભેગા થાય. ભાગ્યા મૂળચંદજી સાંભળ્યું નહિં એમ કીધું આ. ભાગ્યા લઇને, લોટો લઇને બહાર. એ કે આ તું વાંચ એમાં મને એવું થયું કકળાટ થયો. મનમાં એવું થયું સારું કર્યું કીધું વયા ગ્યા તો. આહાહા! એવું હોય? આપણે જે માનીએ છીએ સાચી વાત એ બરાબર, સમકિત છે. બાપુ જુદી વાત છે કીધું. અરેરે! શું કરે? આંહી કહે છે કે સમ્યગ્દર્શન જેને પ્રાપ્ત થાય, હજી તો ચોથું ગુણસ્થાન, શ્રાવક પછી અને મુનિ તો ક્યાંય રહ્યા, એ તો દશા બાપુ આકરી ભાઇ. આહાહા! અહીંયા તો પરમ પ્રસન્નતા પ્રશાંતિ ઉત્પન્ન થાય. છેલ્લામાં આવે છે ને? શ્રીમદ્‌માં નથી આવતું? છેલ્લે? છેલ્લી કડી શું છે? નહિં? પ્રશાંત (સુખધામ) હેં? હા એ એની છેલ્લી કડી -

સુખધામ અનંત સુસંત ચહી,
દિનરાત રહે તદ ધ્યાન મહીં,
પ્રશાંતિ અનંત સુધામય જે
પ્રણમું પદ તે વરતે જયતે.

છેલ્લું માંગળિક. શ્રીમદ્‌માં વાંચ્યું છે? કોક'દિ વાંચ્યું, થોડું ઘણું વાંચ્યું હશે ઉપર ટપકે. એમાં એ આવે છે. છેલ્લું આવે છે. પ્રશાંતિ અનંત સુધામય શાંત શાંત શાંત. પુણ્ય પાપના

વિકલ્પો છે એ અશાંત છે. એનાથી ભિન્ન પડીને ભગવાન છે આત્મા એનું જ્યાં ભાન થાય ત્યાં પ્રશાંત. શાંત, શાંત, શાંત. આહાહા! એ શાંતિની પ્રસન્નતા છે, ને બહારમાં પૈસો મળે, બાયડી હોય અનુકૂળ, આબરૂ થાય રાજપાટ ને રાજી થાય એ રાગનું દુઃખ છે. ઈ પ્રસન્નતા રાગની છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! કહે છે કે, જેણે રાગ અને શરીરથી ભગવાન આત્માને ભિન્ન પાડયો એને અંતરમાં શાંતિની પ્રસન્નતા આવે છે. આહાહા! સમજાણું કાંઈ? અરે! આ શું હશે વળી? બાપુ! જ્યાં દશા પલટી જાય છે, રાગ અને પુણ્યના ભાવ એ તો આકુળતા છે.

પૂરણ વસ્તુ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જ્ઞાનીને પણ એવો રાગ આવે. ભક્તિનો પૂજાનો ભાવ હોય પણ એ ભાવ એ તો આકુળતા વાળો છે ઈ. આહાહા! એનાથી ભિન્ન પડીને આતમરામને જેણે આત્માના આરામ ને જોયો. આહાહા! જેણે આત્મામાં આરામ લીધો એ આતમરામ આનંદની શાંતિની પ્રસન્નતામાં આવી જાય છે, કહે છે. આહાહા! ભારે વાત ભાઈ આવી. તેનાથી આનંદિત એટલે સુખી થઈને ઠીક શરીરથી ભિન્ન ભગવાન આત્માને ઓળખતાં, રાગથી પણ ભિન્ન એનું ભાન કરતાં પ્રસન્નતાની ઉત્પત્તિ થાય તેથી તે આનંદિત અને સુખી થાય છે. આહાહા! માણસ કહે છે ને ધરમ તો ભાઈ આ વ્રત પાળવા ને આ તપસ્યાઉં કરવી ને મીણના દાંતે લોઢાના ચણા ચાવવા. બધી વાતું. વાડામાં ફોતરા, એ તો દુઃખ છે. સમજાણું કાંઈ?

બાર પ્રકારના તપે કરી, તપસ્યા હોય મુનિને, ઘોર દુષ્કર્મને ભોગવતો છતાં, અશાતાના ઉદયને લઈને શરીરમાં નબળાઈ થઈ જાય પેટમાં ખાડા પડે આંખ્યું ઉંડી (ઉતરી) જાય, ભયાનક દુષ્કર્મના વિપાકને અનુભવતો હોવા છતાં એવી દેહની ક્રિયામાં પ્રતિકૂળતા હોવા છતાં, તે ખિન્ન થતો નથી. આહાહા! ખેદ પામતો નથી ધર્માત્મા. આહાહા! અજ્ઞાની જે આત્માના ભાન વિના જે તપ કરે એને દુઃખ થાય છે એકલો કલેશ રૂપ. આહાહા! અને આનંદના ભાનવાળો રાગથી ભિન્ન પડેલો પ્રભુ એને કોઈ એવી તપસ્યાઓ હોય તો એનાથી ભિન્ન પડેલાની પ્રસન્નતા એમાં તો આવે છે કહે છે. આહાહા! સમજાણું કાંઈ? શુદ્ધ ઉપયોગ વધારવા માટે, એ આવે છે ને? મોક્ષમાર્ગ પ્રકાશકમાં. જ્ઞાની શુદ્ધ ઉપયોગ વધારવા માટે અપવાસ કરે. અપવાસના હેતુએ અપવાસ નહિં? આવે છે ને ભાઈ એમાં? શુદ્ધ ઉપયોગ. આ બાજુ આવે છે, શુદ્ધ ઉપયોગ. જે શુદ્ધ ઉપયોગનું ભાન થયું એને વધારે શુદ્ધ ઉપયોગ કરવા માટે, એ આ નિવૃત્તિ લે છે. એ રાગ છોડીને અપવાસ આદિ પણ એ આ ચીજને માટે. આહાહા!

અરે ! આવા અવસર મળ્યા, મનુષ્ય દેહના ટાણા. ઓલું ગાતા અમારે વનેચંદ શેઠ, વનેચંદ શેઠ નહોતાં ? વાંકાનેર.

''મનુષ્યદેહના ટાણાં રે વાલીડા મારા નહિં રે મળે''

ઓળખતા'તા તમે, ચીમનભાઈ, નહિં ઓળખતાં ? ગુજરી ગયા, ત્રીજી સાલ. ૨૮વરસ થયા. હિંમતભાઈને ખબર છે તમારા બાપને, એને ખબર છે ને તમારા બાપને ઓળખે. ત્યાં આવતા ને આ તો ગાતા એ રીતે.

''મનુષ્યભવના ટાણા રે વાલીડા મારા નહિં રે મળે''

એવું કંઈ ગાતા. ઊંટના ભવમાં ઊંટ હોય ને ઊંટ એના કંથારીના માળા કોરડા ખાધા. લાંબા વનસ્પતિના ઓલા કહે ને ? આહા ! એવા ભવ કર્યા ભાઈ તેં. વનેચંદ શેઠ. નગરશેઠ હતા. વીશા શ્રીમાળી. આપણે સ્થાનકવાસીમાં શેઠ ગામના શેઠ. રાજમાં બહુ માન એનું. એ રાજા આવે એટલે ત્યાં મૂકતા'તા એ. કાંઈ કહેવાય ને ? (ધોળ, ધોળ) સોનાની ઓલી નાંખી શું કહેવાય તમારી આ, ગીની ગીની સોનાની ગીની લઈને દરબાર આવે જ્યારે બહારથી આમ. નગરશેઠ ખરા ને ત્યારે ઉતારે કંઈ ધોળ કહેવાય ઈ. હેં ? સાંભળ્યું છે કે ભઈ આ વાત તો ઈ એને કે સાજા નરવા આવ્યા ને સાજા નરવા રહેજો.

અમારા ગામના માણસોની પ્રજા વતી હું શેઠ આરતી ઉતારું છું. ધોળ ધોળ ત્યાં. આહાહા ! એને ગાતા બહુ ચોમાસામાં ૮૦માં બે એક મહિના રહ્યા'તા. ૪ મહિના રહ્યા'તા. બે મહિના ગઢડે ૮૧માં રહ્યા હતા. ઊંટના ભવમાં તે તે ખાધા કંથેરીના માળ રે, એ કોરડા બનાવે છે ને ઓલ્યા ? આહાહા ! ભાઈ ! તને ટાણા મળ્યા એમાં તુ નહિં જાણ તો ક્યારે જાણીશ ભાઈ ? એવા તો અનંતવાર પૈસા મળ્યા ધૂળ મળી રાજ મળ્યા શેઠાઈ મળી એ વિષ્ટાના ઢગલા મળ્યા બધા ઈ. અમૃતનો સાગર ભગવાન અંદર છે એમાંથી એને કાઢયો નહિં એણે. આહાહા ! એ જેણે કાઢયો, આહાહા ! એને કહે છે બે મહિના સુધી આહાર ન મળે, જંગલમાં કોઈ તડકે પડયા રહેવું પડે, પણ અંતરમાં પ્રસન્નતા એની પ્રગટ થાય છે. આહાહા ! કેમકે રાગથી ભિન્ન પડીને પોતાના પ્રભુ ને પોતે ઓળખ્યો છે અંદર. એ ઓળખાણમાં સ્થિર થાય છે. આહાહા ! સમજાણું કંઈ ? એ ખેદ ખિન્ન થતો નથી ખેદ પામતો નથી.

**ભાવાર્થ :** જેને આત્મા અને શરીરનું ભેદજ્ઞાન વર્તે છે. ઠીક ખુલાસા કર્યા છે એણે. ભગવાન આત્મા અસ્તિ અસ્તિ તત્ત્વ છે. આહાહા ! નરસિંહ મહેતાય કહી ગયા છે ને, નહિં ?

જ્યાં લગી આત્મા તત્ત્વ ચીન્હ્યો નહિં
ત્યાં લગી સાધના સર્વ જૂઠી.

એ તારા તપને પૂજા ને ભક્તિ બધા થોથા છે. હેં ? એ બધા. આહાહા ! આત્મા તત્ત્વ છે ઇ કહેવું છે. મારે તો અહીં વસ્તુ છે, અસ્તિ સત્તા વસ્તુ છે, આહાહા ! એ તત્ત્વનું શરીરથી ભેદજ્ઞાન જ્યાં થાય છે તે ચૈતન્ય સ્વરૂપમાં એકાગ્ર થઇ અતીન્દ્રિય આનંદમાં ઝૂલતો હોવાથી. આહાહા ! હિંચકે જેમ આમ ઝૂલે એમ રાગથી ભિન્ન પડેલો આત્મા અંદર આનંદમાં ઝૂલે છે, કહે છે. સમજાણું કાંઇ ? આહાહા ! આનંદમાં ઝૂલે તેને સહેજે ઉપવાસાદિ બાર પ્રકારના તપ હોય તેનાથી તેને મનમાં ખેદ થતો નથી. આહાહા ! અને તપશ્ચરણના કાળે ઘોર દુષ્કર્મ ના ફળ સ્વરૂપે બાહ્ય રોગાદિ એવા રોગ આવે શરીરમાં હો જડમાં ઉપસર્ગાદિ આવે, દેવો અને પશુઓ પણ જ્યાં સર્પ કરડે વીંછી કરડે જંગલમાં પડયા હોય મુનિ. આહાહા ! મુનિ તો જંગલમાં રહેતા. સાચા સંત તો જંગલમાં હોય છે. આહા ! (વનવાસી) હેં ? જંગલવાસી હા.

આ ઓલ્યા ૨૮ મૂળગુણમાં ભૂમિશયન આવે છે નહિં ? આવે છે નહિં ? ભૂમિશયન ૨૮ મૂળ ભૂમિશયન. તો એમાં આવ્યું ઓલું પાછલી રાતમાં (શ્રોતા : ભૂ માહિં પિછલી રયનિ મેં, કછુ શયન એકાશન કરન) આ ઇ મૂળગુણમાં આવ્યું. હા. મુનિ જેને આત્મા જ્ઞાન આનંદનો નાથ પ્રગટયો છે. આહા ! એ તો નગ્ન મુનિ હોય છે દિગંબર. એ વનવાસમાં છેલ્લો પહોર અને પહેલો પહોર છોડીને પાછળના ભાગમાં થોડોક કરવટ એક પડખે થોડી નિંદ્રા આવે. આહાહા ! એવું એને તો, મારે તો બીજુ કહેવું હતું. ઓલા ૨૮ મૂળગુણમાં એને તો મૂલગુણ કરી નાંખ્યો છે. નહિં ? છે એ ભૂમિશયન તો આ રીતે શયન એમ, એથી બીજું એ તે ચાર ચાર કલાક સૂવે ને છ છ કલાક સુવે ને મુનિપણું હોય ત્રણકાળમાં નહિં. સમજાણું કાંઇ ? આહા !

જેના હજી મૂળગુણના ઠેકાણાં ન મળે એને સાધુપણું અંદર હોય ? ત્રણ કાળમાં ન હોય. ભાઇ મારગડાં જુદા પ્રભુ. આહાહા ! આ તો ઓલું ભૂમિશયનનું આવ્યું તું ને એટલે કીધું. ભૂમિશયન મૂળગુણમાં નાંખ્યું છે, એટલે એ રીતે જેનું ભૂમિશયન નથી એને તો મૂળગુણે નથી. આહાહા ! પ્રવચનસારમાં છે ને ? નહિં એ ગાથા છે ને ? આપો પ્રવચનસાર. કેટલામું છે ઇ ? ૨૩૨ પછી છે ? પહેલી, ઠીક. આહાહા ! શરૂઆતમાં છે આ **जधजादरुवजादं -**

જન્મ્યા પ્રમાણે રૂપ, લુંચન કેશનું, શુદ્ધત્વ ને,
હિંસાદિથી શૂન્યત્વ, દેહ અસંસ્કરણ - એ લિંગ છે ૨૦૫

આરંભ મૂર્છા શૂન્યતા, ઉપયોગ યોગ વિશુદ્ધતા,
નિરપેક્ષતા પરથી-જિનોદિત મોક્ષકારણ લિંગ આ. ૨૦૬

એટલું આવ્યું એ પછી એ નથી. ૭માં નથી ૮માં ૮માં ૮માં.

વ્રત સમિતિ લુંચન, આવશ્યક, અણચેલ, ઇન્દ્રિયરોધનં,
નહિં સ્નાન-દાતણ એક ભોજન, ભૂશયન સ્થિતિભોજનં. ૨૦૮

સાચા સંત હોય એ જંગલમાં હોય છે. આહાહા! જે ભગવાન પરમાત્મા જેને સ્વીકારે એ તો નગ્ન મુનિ જંગલમાં વસતા હોય અને આનંદની લહેરમાં પડયા હોય. કહે છે એને ભૂમિશયન હોય છે. નીચે તે એક થોડી વાર. આહા! હેં? ભૂશયન ગામમાં એ હોય નહિં. ગામમાંતો એક આહારાદિ લેવા આવે થોડો બસ. આહા! બહુ મારગ ઝીણો. વીતરાગનો મારગ લોકોએ ચૂંથી નાંખ્યો. લોકોને બચારાને રળવા આડે નવરાશ ન મળે અને એમાં આ કાંઇ. આહાહા! ભૂશયન જોયું? કર્મના ઉદયથી તપ્ત હોવા છતાં પોતાના જ્ઞાનીપણાને છોડતો નથી. આહાહા! જંગલમાં મુનિ ક્ષયરોગ થાય. હેં? તાવ આવે. એકસો છ છ ડીગ્રી આઠ આઠ પણ અંદર આનંદના ભાનમાં આનંદમાં મસ્ત છે એને બાહ્યના પ્રતિકૂળથી ખેદ થતો નથી. આહાહા!

સાધકને નીચલી દશામાં સમ્યગ્દૃષ્ટિ ને રોગ ઉપસર્ગ ઉપસર્ગ દેવ તિર્યંચ આદિથી આવી પડે તો અસ્થિરતાના કારણે તેને થોડી આકુળતા થાય, તેના પ્રતિકારની પણ તે ઇચ્છા કરે, પરંતુ શ્રદ્ધા જ્ઞાનમાં શરીર પ્રત્યેના મમત્વભાવનો અભાવ હોઇને તેને તેનું સ્વામીત્વ હોતું નથી. આહાહા! તે તો ફક્ત એનો જ્ઞાતાદૃષ્ટા રહે છે. અસ્થિરતાના કારણે જરી વિકલ્પ આવે કે આ રોગ શાને? પણ એ અસ્થિરતાનોય સ્વામી નથી. આનંદનો નાથ જેને હાથ આવ્યો, એવા રાગનો સ્વામી થાય કોણ? આહાહા! આ જાત આવી જાત ક્યાંથી? કોઇ કહે કે આ સોનગઢમાં નવું કાઢયું કહે, કોઇ એમ કહે છે. એ ચીમનભાઇ! અરે ભગવાન તે સાંભળ્યો નથી. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનું સ્વરૂપ એણે શું કહ્યું, બાપુ સાંભળ્યું નથી. આહાહા! અનાદિનો વીતરાગનો આ મારગ છે. સમજાણું કાંઇ? આહાહા!

સ્વભાવ દ્રષ્ટિના બળે તે જેમ જેમ આત્મસ્વરૂપમાં સ્થિરતા પામે છે, ધરમી ને તો સ્વભાવની ખાણ પ્રગટી છે. સમ્યગ્દર્શનમાં આનંદની ખાણ નજરે નિધાન આવ્યા છે. આહાહા! એવા આનંદના ધામમાં રહેતા પ્રતિકૂળતામાં એને દુ:ખ થતું નથી. આહા! તેમ તેમ તેને વીતરાગતા વધતી જાય છે. કેમકે પોતે પરમાત્મ સ્વરૂપે આનંદમૂર્તિ

છે એવું જ્યાં સમકિતીને અંદરમાં ભાન થયું સમકિતીને ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં. આહાહા! સમજાણું કાંઇ? એને અંતરમાં સ્થિરતાનો અંશ વધતો જાય છે. તેટલે અંશે રાગ દ્વેષ આદિનો અભાવ થતો જાય છે. એટલે જેટલે અંશે વીતરાગતા પ્રગટે તેટલે અંશે આકુળતાનો અભાવ થાય છે. એમ સમજવું ને ?સ્વરૂપમાં ઠરવું અને ચૈતન્યનું નિર્વિકલ્પ પણે પ્રતપવું અર્થાત્ આત્માની શુદ્ધ પર્યાયમાં વીર્યનું ઉગ્ર પ્રતપન તે તપ. નીચે છે -

**સહજ નિશ્ચયનયાત્મક પરમસ્વભાવ સ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે.**

પરમાત્મા એટલે પોતે હોં, પરમ સ્વરૂપ નિત્યાનંદ ધ્રુવ સ્વરૂપ ભગવાન આત્મા. આહાહા! સહજ નિશ્ચયનય સ્વરૂપ પરમ સ્વભાવ આત્માનો તેમાં પ્રતપન તેમાં લીનતા, એનું નામ તપ કહેવામાં આવે છે. સમજાણું કાંઇ? નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ નિશ્ચય ચારિત્ર. એ આ આ તપથી હોય છે એમ કહે છે. ચારિત્ર જે પણ નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિ આનંદમાં એવું સહજ નિશ્ચય ચારિત્ર આવા તપથી હોય છે, એ નિયમસારની છે. સ્વરૂપમાં ઠરવું ચૈતન્યનું નિર્વિકલ્પપણે પ્રતપવું આત્માની શુદ્ધ પર્યાયમાં વીર્યનું ઉગ્ર પ્રતપન, અંતર આનંદમાં ઉગ્ર પુરુષાર્થનું થવું, એનું નામ ભગવાન તપ કહે છે. આહાહા! અરે આવી વાત, હવે આવી તો અમે કોઇ'દી સાંભળી નહોતી, કે અમે અપવાસ કર્યા, આ વરસીતપ કરે. હેં? એ વજુભાઇ ત્યાં શું આ બધા વરસીતપ કરે બૈરા બચારા અને બે હજાર પાંચ હજાર ખર્ચે વરસીતપને પારણે શક્તિ પ્રમાણે વળી છેવટે ઢોંગ કરે. બાર મહિના પૂરા થાયને છેલ્લે, માથે સૂંઠ ચોપડે ને પછી બધા પૂછવા આવે ને કેમ છે? એ પોપટભાઇ! આહાહા! હેં? કાંઇ ઠેકાણા ન મળે, આવા છે ને બાપા.

આત્મા આનંદ સ્વરૂપ છે એનું જ્યાં ભાન નથી, એની જેને અંતરમાં પિછાન ને પ્રાપ્તિ થઇ નથી વસ્તુની, એ જીવો બધા કલેશના ભોગવનારા છે, કહે છે. આહાહા! આવી સમજણ અને સ્વરૂપાચરણ ના કારણે, સ્વરૂપાચરણ લ્યો એ રાગનું આચરણ છે એનાથી ભિન્ન સ્વરૂપનું ભાન થતાં, સ્વરૂપનું આચરણ શુદ્ધ ચૈતન્ય ઘનનું આચરણ. આહાહા! જ્ઞાની ઉદયમાં આવેલા પ્રતિકૂળ સંયોગોથી ખેદ ખિન્ન થતો નથી. ભલે કર્મને ઉદયે કોઇ રોગ આવે, સિંહ આવે, સર્પ કરડે, વીંછી કરડે જંગલમાં, ખેદ કરતો નથી. આહાહા! અને જરી ખેદ થાય તો તેનો સ્વામી થતો નથી. આહાહા! ભારે ભાઇ આવું.

વિશેષ કહેશે................

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

## પ્રવચન – ૪૩

### શ્લોક – ૩૪ અને ૩૫

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૨૨.૦૧.૭૫**

ननु परमतपोऽनुष्ठायिनां महादु:खोत्पत्तितो मन: खेदसद्भावात्कथं निर्वाणप्राप्तिरिति वदन्तं प्रत्याह -

**आत्मदेहान्तरज्ञानजनिताह्लादनिर्वृत: ।**
**तपसा दुष्कृतं घोरं भुञ्जानोऽपि न खिद्यते ।। ३४ ।।**

આતમ-દેહવિભાગથી ઊપજ્યો જ્યાં આહ્લાદ,
તપથી દુષ્કૃત ઘોરને વેદે પણ નહિં તાપ ।। ૩૪ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

૩૪ ગાથા. વિશેષનો છેલ્લો પેરેગ્રાફ છે. મુનિની પ્રધાનતાથી કથન છે. છેલ્લો પેરેગ્રાફ છે. મુનિ મન-વચન-કાયાની નિશ્ચલગુપ્તિ દ્વારા, આત્મધ્યાનમાં એટલા લીન થઇ જાય છે મુનિ. સમ્યગ્દર્શનમાં પણ, આત્મા ધર્મની શરૂઆત કરનારા એ પણ પ્રથમ મન વચન ને કાયાના વિકલ્પ છોડી, શુદ્ધ ચૈતન્યઘન આનંદ સ્વરૂપ એમાં મગ્ન થાય છે, ત્યારે તેને શાંતિ પ્રગટે છે. ઝીણી વાત છે. સમજાણું કાંઇ ? ધરમની પ્રથમ શરૂઆત એટલે કે સુખ ને આનંદની દશાની પ્રથમ અવસ્થા, એમાં પણ આત્મા પ્રથમ 'ધ્યાતા, ધ્યાનને ધ્યેય' એવા ભેદ ભૂલી જાય છે. ઝીણી વાત છે. 'જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય'. હું એક જાણનાર છું. હું મને જણાઉં છું. હું જ્ઞાન વડે જાણું છું. આહાહા ! એવો પણ ભેદ વિકલ્પ જે રાગની લાગણી છે, એ સ્વરૂપનું ધ્યાન કરતાં એ લાગણી છૂટી જાય છે. ત્યારે એ સુખને પંથે ચડયો કહેવામાં આવે છે. ધીરુભાઇ ! એ ઓલા દુઃખને પંથે પડયા છે બધા. આહાહા !

ધરમની પ્રથમ શરૂઆત થતાં, ધરમ એટલે આનંદની દશા. આહાહા ! એ મન વચન ને કાયાની તરફની વલણવાળી વૃત્તિઓ ને વિકલ્પો રાગ, પ્રથમ સ્વરૂપની સન્મુખ થતાં તેમાં દૃષ્ટિ જામતાં એ વિકલ્પો ભિન્ન પડી જાય છે. શેઠ ! ઝીણી વાત છે આ. આહાહા ! એને પ્રથમ સમ્યગ્દર્શન કહે છે. આહા ! પ્રથમ સમ્યગ્દર્શન. સમજાણું કાંઇ ? આત્મા આનંદ સ્વરૂપ છે એને લક્ષમાં, ધ્યાનમાં ધ્યેય તરીકે લઇને આત્માના આનંદ સ્વભાવ જે નિત્ય છે, એમાં જ્યારે લીન થાય છે, ત્યારે એને પુણ્યને પાપના વિકલ્પોનો ત્યાં એકતાબુદ્ધિનો નાશ થાય છે. આહાહા ! છ ઢાળામાં આવે છે ને ? ભાઇ. ધ્યાતા, ધ્યાન ને ધ્યેય, વચભેદ જ્યાં નહિં. છ ઢાળા, ભાઇને મોઢે બહુ ? આહાહા ! ક્યાં પડી છે દુનિયાને ? દુઃખના ડુંગરે ડોલે છે જીવ. આહાહા ! રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ, સંકલ્પ વિકલ્પ, એની લાગણીમાં રોકાયેલો એ દુઃખી છે. હેં ? આહાહા ! શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ છે.

પરમ પદાર્થ સર્વજ્ઞ પરમેશ્વરે જોયો અને અનુભવીને ઠર્યા, એની વાણીમાં આ આવ્યું. ધર્મની પ્રથમ શરૂઆત કરનાર એનો આત્મા અંદરમાં લીન થાય છે, કહે છે. આહાહા ! એ લીનતા વિશેષ સમ્યગ્દૃષ્ટિને વિશેષ લીનતા હોઇ શક્તી નથી. આહાહા ! બહુ વાત આકરી ભાઇ ! અત્યારે લોકો બહારથી માનીને બેઠા છે. આત્મા અનંત અનંત ગુણનો, સ્વભાવનો પિંડ સાગર છે. એવા પરમાત્મ સ્વરૂપ, પરમ આત્મા એટલે પરમ સ્વરૂપ પોતે છે. આહાહા ! એની સન્મુખતા થતાં પર સન્મુખતાથી ઉત્પન્ન થતા પુણ્ય-પાપના વિકલ્પો ત્યાં રહેતા નથી. આહાહા ! હજી તો ધરમની પહેલી સીઢીની વાત આ છે. લોકોને ક્યાં પડી છે ? હરવા, ખાવા, પીવા, વિકલ્પો કરવા, દુઃખી થઇને મરવા,

અને વળી જાય ઢોરમાં તો ત્યાં ભવ માત્ર ફરવા ? આહાહા ! સમજાણું કાંઈ ?

જેને આ આત્મા એક સમયમાં, ક્ષણમાં, પૂરણ અનંત ગુણ સંપન્ન જે ચીજ છે એ નિર્વિકલ્પ ચીજ છે, વીતરાગ મૂર્તિ એનું સ્વરૂપ છે, આનંદનો એ કંદ છે, જ્ઞાનનો એ સરોવર છે, શાંતિનો એ સાગર છે. આહાહા ! એવી ચીજને અંદરમાં સ્વરૂપનું બહુમાન થઈને અંતરમાં એકાગ્ર થાય છે ત્યારે તો એને હજી સમ્યગ્દર્શન પહેલું પ્રગટે છે. સમજાણું કાંઈ ? આ મારગ છે આવો અને પછી મુનિની વાત લીધી છે. મુનિ જે છે સાચા સંત એ તો દિગંબર હોય છે. નગ્ન બાહ્યમાં હોય છે એ જંગલમાં વસતા હોય છે. મુનિ હોય એ જંગલમાં હોય. આરે ! આહાહા ! એ મુનિ. છે ને ? પહેલો શબ્દ છે, ધીરુભાઈ ! છે ? છેલ્લો પેરેગ્રાફ છે. મુનિ, મુનિ. મુનિ મન, વચન, કાયાની નિશ્ચલ ગુપ્તિ દ્વારા. આહાહા ! કહે છે કે મુનિ તો એવા હોય છે વીતરાગ માર્ગમાં, કે જે જંગલમાં હોય અને અંતર અતીન્દ્રિય આનંદમાં એ ઝૂલતા હોય છે. સમજાણું કાંઈ ? એને મન વચન કાયાની નિશ્ચલ ગુપ્તિ, મનથી ખસી ગયા છે, વાણીથી ખસી ગયા છે, દેહથી ખસી ગયા છે. સ્વરૂપમાં, અંદરમાં મગ્ન આનંદમાં મગ્ન છે. આહાહા ! એ ત્રણની ગુપ્તિ દ્વારા. ગુપ્તિ એટલે મનને, વચનને, કાયા તરફના જે ઝુકાવ શુભ ને અશુભ વિકલ્પોને રાગ, એનાથી ગુપ્ત થઈ ગયો એટલે ખસી ગયો છે ત્યાંથી. આહાહા !

એ ગુપ્તિ આત્મ ધ્યાનમાં, ભગવાન સચ્ચિદાનંદપ્રભુ શુદ્ધ આનંદઘન અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ છે. આહાહા ! એમાં મુનિ ડુબકી મારે છે અંદરમાં. આ શું ? દુનિયાથી તદ્દન વિરુદ્ધ વાત. આહાહા ! એય પોપટભાઈ, જેમ છોકરાઓ બેઠા હોય પૈસાની વાતુ થાતી હોય ને ૨-૫ લાખ પેદા થયા, એમ વાતું કરે. ઈ રાગમાં ડૂબી જાય છે અંદર, રાગમાં ડૂબી જાય. આહાહા ! અરે ! દયા દાન ને વ્રત ને તપનો વિકલ્પ હોય રાગ, એમાં પણ જે લીન થઈ જાય છે રાગમાં ડૂબી ગ્યા છે. આહાહા ! એ અધરમમાં ડૂબ્યા છે. ધર્માત્મા શરૂઆતની દશામાં પણ, વસ્તુનું ધ્યાન કરીને ધ્યેયને પકડતાં એ નિર્વિકલ્પ દશા થઈ જાય છે. રાગની એકતા તૂટીને સ્વભાવની એકતા. 'એયત્તં વિહત્તં' સ્વભાવથી એકત્વ છે અને રાગના વિકલ્પથી વિભક્ત છે, જુદો છે. આહાહા ! આવે છે, ત્રીજી ગાથા સમયસારમાં. 'તં એયત્તવિહત્તં દાએહં અપ્પણો સવિહવેણ'. એ પાંચમી 'તં એયત્તં-વિહત્તં'. આહાહા !

કુંદકુંદઆચાર્ય મહારાજ મુનિ હતા. અતીન્દ્રિય આનંદમાં જેમ હિંચકે ઝૂલે, આમ હિંચે, એમ અતીન્દ્રિય આનંદના ઝૂલે ઝૂલતા હતા. આરે આ શું ? આવો

મારગ. શેઠ! એ ઝૂલતા ઝૂલતા આ, કહે છે કે હું આત્માની વાત કહીશ તમને. આહાહા! હું મારા નિજ વૈભવથી કહીશ, એમ કહે છે. એની પાસે વૈભવ હશે આ પૈસા બૈસા? મારો નિજ વૈભવ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન જે પ્રગટયો એ મારો નિજ વૈભવ છે. આ ધૂળના ઢેફાં, ૫-૫૦ લાખના દાગીના ને બાયડી, છોકરા ને એ બધા વૈભવ, એ મહાણના મડદાના વૈભવ છે. શેઠ? આહાહા! પૈસા તો ધૂળ ઉડાડે છે. ધૂળ હૈ ને પૈસા, માટી હૈ. આંય માટી નહિં? કોઈ વાગતે હૈ તો પછી પાણી અડાડશો નહિં ભાઈ, મારી માટી પાકણી છે એમ નથી કહેતા? ધીરુભાઈ! કહે છે કે નહિં? ખીલો વાગી ગ્યો હોય ને ઓલું થઈ ગ્યું હોય, કહે, ભાઈ પાણી અડાડશો નહિં હોં! મારી માટી પાકણી છે, ઝટ રૂઝાશે નહિં.

આ માટી છે કે શું છે? બોલે તો છે. શેઠ! નથી બોલતા? બહુ ભાગતો હોય વાગી જાય ને કાંઈ? ઠેસ વાગે, લોઢું વાગી જાય તો ભાઈ પાણી અડાડશો નહિં. પાણી. મારી માટી પાકણી છે, પાકી જશે. માટી પાકણી એમ બોલે, પણ શ્રદ્ધામાં ઠેકાણા ન મળે. માનતો નથી પણ એ તો લોકોની ભાષા એ બોલે જાય છે. માટી છે, આ માટી. આ જડ ધૂળ એ પાકે છે. લબકારા મારે ને જ્યારે લોહીનું પરુ થાય ત્યારે લબકારા મારે. લોહી છે અંદર એનું પરુ થાય. તો લોકો કાંઈ કહે છે, ડાક્ટર બાક્ટર કહે છે, આપણને કાંઈ ખબર નથી. સો સો લોહીનું બિંદુ ને એક પરુનું બિંદુ એમ કોઈ કહેતુ'તું કાંઈ. લોહી મરે ને પરુ થાય પછી લબકારા મારે.

એક ફેરે થ્યું'તું, નથી થાતું? આ શું કહેવાય? સાત પડો આ પાકે છે, હથેળી પાકે નહિં? સાત પડ પાકે. સાત પડો કહેતા કંઈક એને. હેં? (શ્રોતા : બહુ ઉંડુ હોય) બહુ ઉંડુ. આહાહા! પીડા પીડા પીડા. આહાહા! એક ફેરે જોયું'તું. વિઠ્ઠલ ગોવાળ ને ન્યાં હતા ગોધરામાં. આ એના દિકરા નથી? હરગોવિંદને આંહિ. ઓલો અપાસરો કરાવ્યો'તો ઈ. એને થયું'તું, સાતપડો થયો'તો. આ તો ઘણાં વરસની વાત છે. ૫૦-૬૦ વરસની. આહાહા! લબકારા મારે સહન ન થાય સાત પડો કહેવાય છે ને? કળતર. પાકી જાય. એક આંગળી પાકે છે તો થઈ જાય છે ને પરુ, એ તો જડની દશા છે. એમાં પાક આવે છે ત્યારે એની બળતરા થાય છે, કેમકે એની દૃષ્ટિ ત્યાં છે ને? આહાહા! ત્યાં લીન થઈ જાય છે એ પરમાં. આંહી કહે છે ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ રસ કંદ છે. એમાં જે આત્મા અંતરદૃષ્ટિ મૂકીને, વિકલ્પની, રાગની એકતા તોડીને, સ્વભાવની એકતા કરે છે, એને આનંદનો અનુભવ આવે છે એને સમ્યગ્દૃષ્ટિ કહીએ. હજી શ્રાવક

થવા પહેલા હોં ! શ્રાવક તો બહુ ઊંચી દશા છે. આ વાડાના શ્રાવક એ શ્રાવક નથી. થોથા નામના. વાતો આવી છે, ધીરુભાઇ ! આહા !

ભાઇ ! એ સમ્યગ્દર્શનમાં પણ જ્યાં આનંદનો જ્યાં અનુભવ આવે, તો આગળ પંચમ ગુણસ્થાન જે શ્રાવક દશા છે, એ તો અલૌકિક કોઇ દશા છે. એને તો સર્વાર્થસિદ્ધના દેવ જે એકાવતારી છે, જે એક ભવ કરીને મોક્ષ જનારા છે, એના કરતાં પણ શ્રાવકપણું જેને સાચું પંચમ ગુણસ્થાનની દશા હોય એને એને આનંદ આવે તેના કરતાં આને આનંદ વધારે આવે. આહાહા ! ગુણસ્થાનના જે ભાગ છે ને ૪થું, ૫મું, ૬ઠ્ઠુ, ૭મું એ બધા આનંદના અંશના વધારાના એ ભાગ છે. ૪થે ગુણસ્થાને આનંદ થોડો, ૫મે એથી વિશેષ, ૬ઠ્ઠે વિશેષ. જાઓ, ૧૨મે પૂરો. અરેરે ! અરે એની ખબરું ન મળે એને. આંહી મુનિને ૬ઠ્ઠે ગુણસ્થાનની વાત ચાલે છે. મુનિ તો જંગલમાં વસનારા, એના દર્શન વર્તમાન ભરતમાં દુર્લભ થઇ પડયા. સમજાણું કાંઇ ? મુનિ તો એને પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ કહે છે, જેનું આત્માના ધ્યાનમાં એટલા લીન થઇ જાય કે તેમની સ્થિર મુદ્રા દેખી, મેરુ પર્વતની જેમ ઠરી જાય અંદરમાં. આહાહા ! પશુ તેમના શરીરને પથ્થર સમજીને ખુજલી નાંખે. આવે છે ને ભાઇ ? હા ઇ ૧૩મે.

(શ્રોતા :

સમ્યક્પ્રકાર નિરોધ મન-વચન-કાય-આતમ ધ્યાવતે,
તિન સુથિર મુદ્રા દેખિ, મૃગ-ગણ ઉપલ ખાજ ખુજાવતે ! (છઢાલા ૬/૫)

સાધુપણું તો બાપુ બહુ અલૌકિક વાતું છે. એ તો પરમેશ્વરપદ છે. આહા ! અરેરે ! ભગવાનના વિરહ પડયા એમ મુનિપણાના, ભરતક્ષેત્ર ને વિરહ થઇ ગયા છે. લોકો માને છે એ નથી મુનિ. સમજાણું કાંઇ ? કહે છે, એટલા લીન થઇ જાય કે જેની સ્થિર પથરો પડયો હોય એમ માનીને હરણ આવીને ખુજે, ખુજલી શરીરને. આહાહા ! પથ્થર સમજીને ખુજલી ખંજવાળે છે છતાં તેઓ પોતાના ધ્યાનમાં નિશ્ચળ રહે છે. આહાહા ! સમજાણું કાંઇ ? ભરત ચક્રવર્તી જેને ઘેરે છ ખંડ અને ૯૬હજાર સ્ત્રીઓ એ, પણ જ્યારે ધ્યાનમાં બેસતા, આહાહા ! સારાય રાગને રાગથી ખસી જઇ, આહાહા ! પૂર્ણાનંદનો નાથ એને દષ્ટિમાં લઇ આનંદના અનુભવમાં પડયા હોય છે, ત્યારે એને બાહ્યમાં શું થાય છે એની પણ એને ખબર ન હોય. સમજાણું કાંઇ ?

છ ખંડનો ધણી પણ સમ્યગ્દષ્ટિ. ૯૬હજાર સ્ત્રી, ૯૬કરોડ પાયદળ એ હું નથી. હું છું ત્યાં એ નથી, એ છે ત્યાં હું નથી. હું છું ત્યાં રાગ નથી અને રાગ છે ત્યાં હું

નથી. આહાહા! એવી જે અંતરદૃષ્ટિને ખીલવી છે, આહાહા! એનું નામ ધર્મી ને સમ્યગ્દૃષ્ટિ. ભલે છ ખંડનું રાજ દેખાય, સમજાણું કાંઇ ? પણ વેશ્યાના પ્રેમ જેવો પ્રેમ હોય એને પરની હારે. વેશ્યાને પૈસા દે ત્યાં સુધી પ્રેમ કરે પછી કાંઇ ન મળે. એમ આ રાગ આવે ત્યારે લક્ષ જાય પર ઉપર, અંતરમાં કંઇ ન મળે. આ મારી ચીજ નહિં. આહાહા! સમજાણું કાંઇ ? આરે! આવો ધરમ શું હશે? આવો વીતરાગનો ધરમ હશે? આ જૈન પરમેશ્વરનું આમ કહેવું હશે? ભાઇ! અત્યાર સુધી તો અમે આવું સાંભળતા નહોતા કે આત્માનું ધ્યાન થાય અને વળી આનંદ આવે? ને, આ તો વ્રત કરોને અપવાસ કરોને. હેં? નિર્જરા વધે. ઇ એણે પ્રશ્ન કર્યો તો ને તે દિ' ૯ની સાલમાં. શું કહેવાય? શેઠ તોલારામ.

આ વછરાજજી નહિં? ગજરાજજીના મોટાભાઇ. હતાને? તોલારામ. આપણે આ નવ સાલનું થયું ને નામકરણ, એના પહેલા આવ્યા હતા. સ્પેશલ, આખી સ્પેશલ આવી હતી. એ સ્ટેશન ઉપર સ્પેશલ રાખી અને બધા. હેં? ગંગવાલ આ ગજરાજની દિકરી છે ને? એના મોટા દાદા. ઘણાં કરોડપતિ હતા. એ અહીંયા એને એક જણે પૂછયું, ન્યાં ચર્ચા હાલી હશે એમાં કે શેઠ! પૂછો મહારાજને કે કઇ તપસ્યાથી? તપસ્યા કોને કહેવી? એમ આવે છે ને? 'તપસા ચ નિર્જરા' તત્ત્વાર્થ સૂત્રમાં. તત્ત્વાર્થસૂત્રમાં એ આવે છે એટલે કાંઇ વાત થઇ હશે કે આ અપવાસ કરો ને વ્રત કરોને એ બધી તપસ્યા. એ એક છોકરો હતો જુવાન. ઘણા વર્ષ થઇ ગ્યા. ૯ની સાલની વાત છે. મહારાજને પૂછો કે તપસ્યા એ નિર્જરા.

ભાઇ! એ તપસ્યા, નિર્જરા, અપવાસ કર્યા ને એ તપ નહિં? આહાહા! આમાં આવ્યું'તું ને આપણે? જુઓને સ્વરૂપમાં ઠરવું. ઉપર પેરેગ્રાફ. એની ઉપર પેરેગ્રાફ. સ્વરૂપમાં ઠરવું, આનંદમાં ઠરવું, ચૈતન્યનું નિર્વિકલ્પ પણે પ્રતપવું, નિર્વિકલ્પ નામ રાગ વિનાની વીતરાગ દશાની શોભા થવી, આત્માની શુદ્ધ પર્યાયમાં વીર્યનું ઉગ્ર પ્રતપન, શુદ્ધ આનંદમાં વીર્યનો પુરુષાર્થનો ઉગ્ર પ્રતપન એને તપ કહે છે. આહાહા! સમજાણું કાંઇ ? એ છે શ્લોક છે ને? જુઓ. નિયમસારનો છે. નીચે છે જુઓ. 'સહજ નિશ્ચયનયાત્મક પરમસ્વભાવ સ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે. નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ નિશ્ચય ચારિત્ર આ તપ કહેવાય છે.' આહાહા! આનંદનો નાથ ભગવાન એમાં ઠરવાથી અને એવી ચારિત્ર દશા એ આવા તપથી થાય છે. આહાહા! સમજાણું કાંઇ ?

એને પશુ જેના શરીરને પથ્થર સમજીને ખુજલી ખંજવાળે છે. આહાહા! છતાં પોતાના ધ્યાનમાં નિશ્ચળ રહે છે. માખી જેવું જનાવર, ફટકડીનો ગાંગડો સ્થિર હોય,

પણ મૂકે આમ જીભ ત્યાં મીઠાશ ન આવે. ઊઠીને સાકરનો ગાંગડો અર્ધો બહાર હોય, એનો સ્વાદ લે અને એવો સ્વાદ લે કે છોકરાને જો સાકરના ગાંગડા મૂકયા હોય રોટલીમાં જરી, એ છોકરો થૂંકવાળા હાથે સાકર લેવા જાયતો એની પાંખ ચોંટી ગઇ હોય સાકરના હારે, પણ એના સ્વાદમાં એ ઉઠે નહિં, માખી. માખી. આ તો દાખલો છે ને ? ભાઇએ આપ્યો છે, છાપામાં છે. નિહાલભાઇએ. આહાહા ! એમ અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ ભગવાન આત્માનું છે, એમાં જે લીન થયો હોય, એને ન્યાંથી નીકળવું ગોઠે નહિં. માખી સાકરના સ્વાદે ચોંટી હોય અને એની પાંખ દબાય તો પણ એ ઉઠે નહિં. આહાહા ! સમજાણું કાંઇ ?

ભારે ! આવો ધરમ કઇ જાતનો આવો ? આવો તે વીતરાગ ધરમ હશે ? આ જિનનો પરમેશ્વરનો આવો ધરમ હશે ? ભઇ અમે તો ઉપવાસ કરવા દયા પાળવી વ્રત પાળવા જાત્રા કાઢવી બે-પાંચ-દસ લાખ ખર્ચીને. બધી વાતું બાપા. એ તો રાગની મંદતાના શુભ ભાવની વાતું છે, એ ધરમ નથી. ધરમ તો આત્માના આનંદમાં. આહાહા ! કેમકે ધરમ એ સ્વભાવ છે વસ્તુનો સમ્યક્ પ્રકાર... 'સ્થિર મુદ્રા દેખી મૃગગણ ઉપલ ખાલ ખુજાવતે.' ઉપલ એટલે પથ્થર. મૃગગણ-હરણના ટોળા અને એમાં પથ્થર દેખીને શરીરને ખંજવાળે. આહાહા ! તો પણ જે મુનિ અતીન્દ્રિય આનંદમાં લીન છે તે ન્યાંથી ખસતા નથી. આહા ! સમજાણું કાંઇ ? ભારે વાતું, ભાઇ ! એ ૩૪ ગાથા થઇ. માટે અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા જ્ઞાનીઓને તપસ્યાનું કષ્ટ લાગતું નથી. એવા ધર્માત્માને પંદર-પંદર દિવસ સુધી આહાર ન મળે, મહિનો-મહિનો આહાર ન મળે તો પણ અતીન્દ્રિય આનંદમાં મસ્ત છે, એને બહારનો ખેદ દેખાતો નથી. આહાહા !

અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા અંતર ભગવાન આત્મા, અનાકૂળ શાંતરસનો પિંડ છે ઇ, એનું જ્યાં અંતરમાં ભાન થઇને અંદર ઠર્યો. આહાહા ! એને મહિના-મહિનાના ઉપવાસ. કહે છે એમ કે ભગવાન મહાવીરે છ-છ મહિનાના અપવાસ કર્યા. એ ઉપવાસ કર્યા એ જોવે છે ઓલો પણ અંદર આનંદ હતો એને નથી જોતા ? ૬ મહિના સુધી અતીન્દ્રિય આનંદમાં રહેતા હતા. આહાહા ! ભગવાને પણ સાડાબાર વર્ષની તપસ્યાઓ કરી. અન્ન ને અન્ન કરીને ખાધું નહિં, પાણીને પાણી કરીને પીધું નહિં, સખ કરીને સૂતા નહિં. એવું આવે, બોલે હોં ! પણ ધૂળેય નથી તું કહે એમાં, સાંભળને. એ તો અતીન્દ્રિય આનંદનું ધામ હતું, સ્વરૂપનું. એમાં લીન થતા હતા. લીન થતાં, ઇ વૃત્તિ ઇચ્છા ઉત્પન્ન જ નહોતી થતી. એને અહીંયા આહાર ન કર્યો અને તપસ્યા કરી એમ કહેવામાં આવે છે. આહાહા !

એ આહાર ન મળ્યો અને આહાર નથી માટે ખેદ થાય એને? આનંદ થાય છે. એમ અતીન્દ્રિય આનંદને પડખે ચડી ગયો છે. આત્મા અતીન્દ્રિય આનંદ છે, એને પડખે ચડયો છે ધર્મી એમ કહે છે, રાગને પડખેથી ખસી ગયો છે. અને અજ્ઞાની આનંદના પડખેથી ખસી ગયો છે અને રાગને પડખે ચડી ગયો છે. આહાહા! માટે અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા જ્ઞાનીઓને તપસ્યા આદિનું કષ્ટ લાગતું નથી.

૩૫ (ગાથા) ખેદ પામનારાઓને આત્મસ્વરૂપની પ્રાપ્તિનો અભાવ દર્શાવતાં, જેને ખેદ લાગે છે, એને આત્મદર્શન નથી, એ સમકિતી ધર્મી નથી. આહાહા!

**खेदं गच्छतामात्मस्वरुपोपलम्भाभावं दर्शयन्नाह -**

**रागद्वेषादिकल्लोलैरलोलं यन्मनोजलम् ।**
**स पश्यत्यात्मनस्तत्त्वं स तत्त्वं नेतरो जनः ।। ३५ ।।**

**રાગાદિક-કલ્લોલથી મન-જળ લોલ[૧] ન થાય,**
**તે દેખે ચિદ્‌તત્ત્વને, અન્ય જને ન જણાય ।। ૩૫ ।।**

**टीका** : रागद्वेषादय एव कल्लोलास्तैरलोलमचञ्चलमकलुषं वा । यन्मनोजलं मन एव जलं मनोजलं यस्य मनोजलम्  यन्मनोजलम्। स आत्मा । पश्यति। आत्मनस्तत्त्वमात्मनः स्वरुपम्। स तत्त्वम् । स आत्मदर्शी तत्त्वं परमात्मस्वरुपम्। नेतरो जनः (रागादिपरिणतः जनः) तत्त्वं न भवति ।। ३५ ।।

ખેદ પામનારાઓને આત્મસ્વરૂપની પ્રાપ્તિનો અભાવ દર્શાવતાં કહે છે કે:-

**અન્વયાર્થ :** (यन्मनोजलम्) જેનું મનરૂપી જલ (रागद्वेषादिकल्लोलैः) રાગ-દ્વેષાદિ તરંગોથી (अलोलं) ચંચલ થતું નથી, (सः) તે (आत्मनः तत्त्वं) આત્માના યથાર્થ સ્વરૂપને (पश्यति) દેખે છે-અનુભવે છે. (तत् तत्त्वं) તે આત્મ-તત્ત્વને (इतरः जनः) બીજો માણસ–રાગ-દ્વેષાદિથી આકુલિત ચિત્તવાળો માણસ (न पश्यति) દેખી શક્તો નથી.

**ટીકા :** રાગદ્વેષાદિ એ જ કલ્લોલો (તરંગો) છે, તેનાથી અલોલ-અચંચલ-અકલુષ જેનું મનરૂપી જલ છે (-મન એ જ જલ તે મનોજલ,-જેનું મનોજલ છે-) તે આત્મા, આત્માના તત્ત્વને એટલે પરમાત્મસ્વરૂપને દેખે છે (અનુભવે છે,) અર્થાત્ (તે તત્ત્વને) તે એટલે આત્મદર્શી તત્ત્વને એટલે પરમાત્મસ્વરૂપને (અનુભવે છે,) બીજો કોઇ જન અર્થાત્ રાગાદિપરિણત અન્ય (अनात्मदर्शी) જન તત્ત્વને અનુભવી શક્તો નથી.

---

૧. લોલ - ચંચળ

**ભાવાર્થ :** જેનું મન રાગદ્વેષાદિ વિકલ્પોથી આકુલિત-ચલિત થતું નથી તે આત્માના યથાર્થ સ્વરૂપને-પરમાત્મસ્વરૂપને અનુભવે છે; બીજો કોઈ રાગદ્વેષાદિથી આકુલિત-અનાત્મદર્શી જન તેને અનુભવી શક્તો નથી.

જેમ તરંગોથી ઊછળતા પાણીમાં અંદર રહેલી વસ્તુ દેખાતી નથી, તેમ રાગ-દ્વેષાદિરૂપ તરંગોથી-વિકલ્પોથી ચંચલ બનેલા મનરૂપી જલમાં અર્થાત્ જ્ઞાનજલમાં આત્મ-તત્ત્વ દેખાતું નથી. નિર્વિકલ્પ દશામાં જ આત્મ-દર્શન થાય છે; સવિકલ્પ દશામાં આત્માનુભવ થતો નથી.

### વિશેષ

વસ્તુસ્વરૂપ સમજી અતીન્દ્રિય આત્મસ્વરૂપની સન્મુખ થતાં રાગદ્વેષાદિ વિકલ્પો સ્વયં શાંત થઈ જાય છે. તેને શમાવવા માટે આત્મ-સન્મુખતા સિવાય બીજો કોઈ ઉપાય નથી. ઉપયોગ અંતર્મુખ થતાં રાગદ્વેષાદિનો અભાવ થાય છે, નિર્વિકલ્પ દશા પ્રગટ થાય છે અને પરમાત્મતત્ત્વનો આનંદ અનુભવમાં આવે છે. તે વખતે બહારની ગમે તેવી અનુકૂળતા કે પ્રતિકૂળતા હોય તો પણ ચિત્ત મલિન થતું નથી. આવો જીવ સ્વરૂપમાં લીન થઈ અકથ્ય આનંદ-શાંતિ અનુભવે છે, પરંતુ બાહ્ય પદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટની કલ્પના કરી જેનું ચિત્ત રાગ-દ્વેષાદિ કષાયોથી આકુલિત થાય છે તેને શુદ્ધાત્માનો આનંદ આવતો નથી; અર્થાત્ તેને શુદ્ધાત્મસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. ૩૫

---

## પ્રવચન – ૪૩

**ટીકા :** આ તો માખણની વાતું છે. ભાઈ ! આ અત્યારે. રાગદ્વેષ આદિ કલ્લોલે તરંગો. હું દયા પાળું છું ને વ્રત પાળું છું ને ભક્તિ કરું છું ને એ બધા રાગદ્વેષના તરંગો વિકલ્પો છે. આહાહા ! એ તેનાથી અલોલ, અચંચળ, અકલુષ જેનું મનરૂપી જળ છે. આહાહા ! એ શુભ અશુભ વિકલ્પો છે, એ ચંચળ છે. કલુષ છે. એનાથી જે અલોલ અને અકલુષ જેનું મનરૂપી જળ છે. મન એ જળ તે મનોજળ. જેનું મનોજળ છે એટલે જેના આત્મામાં પુણ્યને પાપના વિકલ્પો કલ્લોલો ઉઠતા નથી અને આનંદની લહેરમાં જે અંદરમાં પડયો છે તે આત્માનાં તત્ત્વને પરમઆત્મ સ્વરૂપને દેખે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

ગિરધરભાઈ છે કે નહિં ? એ યાદ આવી ગ્યા તમારા બાપને, ૭૭ની

સાલમાં. નાગરભાઇ અને ઓલો. કયો ? ઓલો પાનાચંદ નહિં ? મોટો કલેક્ટર થયો તો ઇ. જેને સાડા ત્રણ હજારનો પગાર, જયપુરના દિવાન તરીકે. શીવલાલ પાનાચંદ, જેની પરીક્ષામાં જ્યોર્જની હારે પરીક્ષામાં પહેલે નંબરે પાસ થયો'તો. આ જ્યોર્જ હતો ને ? પણ અંગ્રેજ લોકો નંબર હિંદુસ્તાનને પહેલો નહોતો આપતા એટલે પહેલો નંબર જ્યોર્જને આપ્યો ને બીજો નંબર શીવાને આપ્યો. શિવલાલભાઇ એક હતા, વીશાશ્રીમાળી વાણિયા. અમારે વઢવાણ. એનો ભાઇ છે આ. હેં ? આહા ! એને ઓલા તમારા જાય છે ને શું કહેવાય ? ભૂલી જઇએ તમારા આ ગઢ, ગઢ, ગઢ હોયને ? વઢવાણમાં ગઢ નથી ? એ ગઢને અડીને એનું ઘર છે. નામે ભૂલી જઇએ છીએ તમારા ગઢનું. એ જ્યારે પહેલા ભણીને આવ્યા શરૂઆતમાં ૭૭માં, પછી તો સાડાત્રણ વરસ રાજ કર્યું એણે. તે'દિ ૭૦૦નો પગાર, પહેલે વહેલે ચઢયા અને બોટાદનો આ. ૭૭ની વાત છે. વ્યાખ્યાન કરીને અમે આવ્યા. આ ગીરધરભાઇના બાપ લઇને આવ્યા.

આ ગીરધરભાઇ છે ને ? નાગરભાઇ ને બેય આવ્યા. કારણકે એના મામા ત્યાં રહેતા એમાં. ભીંડા. ભીંડાનું કાંઇ મેં કીધું. શિવલાલભાઇ ! આ તમે આત્માનું કાંઇ વાંચ્યુ છે ? આત્માનું કાંઇ ? ૭૦૦નો પગાર મોટો કલેક્ટર થ્યોતો પછી સાડાત્રણ હજાર મહિને. આ બધા ડાહ્યા દુનિયાના. કીધું તમે આત્મા માટે, વાંચ્યુ છે ? બુદ્ધિ બહુ. આખા કપાટ ના કપાટ વાંચે તો યાદ રહે એટલી બુદ્ધિ. વાંચ્યુ છે પણ આત્મા છે કે નહિં ? હજી મેં નિર્ણય નથી કર્યો. અરેરે ! શું કર્યું ? કીધું આ મોટો કોટ પહેરીને આવતા, નાની ઉંમર ને તે દિ'. ૪૮ વરસે મરી ગયો બિચારો. ૪૮વરસની ઉંમરે. તે દિ' તો નાની ઉંમર હતી. કીધું આત્મા વસ્તુ છે, એનું કાંઇ તમે વાંચ્યું છે ? મેં કહ્યું. પણ છે કે નહિં એનો હજી મેં નિર્ણય નથી કર્યો.

આરે ! ભણ્યા મોટા, આ ભણ્યા થોથા. આ ૭૭ની વાત છે. કેટલા વરસ થ્યા ? ૫૪. હેં ? અરે ! શું કીધું મેં ? આ તમારા ભણતર ભણી ભણીને શું કર્યું તમે આ ? દિવાળા કાઢયા, કીધું આ તો. હેં ? ના બચારા સાંભળતા. નાગરભાઇ પાછા હારે હતા ને ? નાગરભાઇને ઉપર અમારે નાગરભાઇને તો અમારા ઉપર પ્રેમ ઘણો. સંપ્રદાય તરીકે હતોને પ્રેમ ? અરેરે ! આ દેહમાં આત્મા છે એ કોણ છે ? એનો હજી નિર્ણય કર્યો નથી ? આ તમારા ભણતર બધા. આહાહા ! પથ્થરની શિલામાં શાસ્ત્ર લખે તેથી પથ્થરની શિલા આમ ઉડતી આવશે ? પાણીમાં નાંખે ને બુડી જાય. એમ તારા આ ભણતરનું આ શાસ્ત્રના ભણતર કર્યા હોય એ આત્મા એનાથી ભિન્ન છે એનું ભાન નથી, એ બધા શાસ્ત્રના ભણતરે બુડી જવાના

છે. લોકના ડહાપણથી તો બુડેલા છે જ. આહાહા! સમજાણું કાંઇ ?

આ સમયસારને પથ્થરની શિલા ઉપર લખેલા હોય, પછી પાણી પર મૂકે તો એ શાસ્ત્ર છે તો એ તરે ખરા કે નહિં ? નહિં. હેં ? (શ્રોતા : એ બીજાને તારે) બીજાને શું તારે. આહા! અરે તરવાના પ્રસંગને પોતે સમજ્યો નથી, બીજાને કોને તારવામાં નિમિત્ત થાય, ક્યાંથી ? આહાહા! એવા લખેલા છે ને ? આહાહા! ઇ પથ્થરને લઇને આમ પાણીમાં મૂકે નિયમસાર સમયસાર શાસ્ત્ર. એમ શાસ્ત્રને કોતર્યા મનમાં પણ આત્મા રાગ રહિત અંદર અખંડ આનંદ પ્રભુ છે એને તારતા આવડયો નહિં એ બધા બુડવાના છે. સમજાણું કાંઇ ? આહાહા! આત્માના પરમ તત્ત્વને દેખે છે, તે એટલે આત્મદર્શી તત્ત્વને, એટલે પરમાત્મ સ્વરૂપને અનુભવે છે. ઇ શું કહે છે ? જેણે અંતરમાંથી વિકલ્પના કલ્લોલોને છોડી દીધા છે, એ આત્મ તત્ત્વને અનુભવે છે. બીજો કોઇ આત્મ તત્ત્વને અનુભવે એમ બનતું નથી. આહાહા! છે ? બીજો કોઇ જન રાગાદિ પરિણીત જન તત્ત્વને અનુભવી શક્તો નથી. એથી શું કહે છે ? અંદરમાં જેને દયા દાન વ્રત ભક્તિ કામ ક્રોધના વિકલ્પો ઉઠે છે, એમાં જે પડયો છે એને આત્મદર્શન નહિં થાય. આહાહા!

એ વિકલ્પને છોડે છે ન્યાંથી લક્ષને ફેરવે છે રાગની લાગણીઓથી લક્ષને ફેરવે છે, તે આત્મદર્શી આત્માને અનુભવે છે. પણ આત્માને રાગથી ફેરવતો નથી અને આત્માનો એને અનુભવ થાય એમ કોઇ દિ' બનતું નથી. માળા આ તો માખણની વાતું છે એકલી નવનીતભાઇ, નવનીતભાઇ માખણ છે કે નહિં ? નવનીતનો અર્થ માખણ થાય છે, નહિં ? આહાહા! કહે છે, ભગવાન પૂજ્યપાદ સ્વામી મુનિ છે, આચાર્ય છે, જંગલમાં વસનારા સંત છે. વીતરાગી પાસે ગયા હતા, સીમંધર ભગવાન બિરાજે છે, મહાવિદેહમાં બિરાજે છે, ત્યાં ગયા હતા. કુંદકુંદઆચાર્ય જેમ ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા. આ કેટલું રહ્યાને, એનું કાંઇ ખબર નથી. ગયા હતા, ત્યાં લેખ છે અને ન્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા. પરમેશ્વર બિરાજે છે, સીમંધર પ્રભુ જમીન ઉપર, મહાવિદેહમાં ૫૦૦ ધનુષનો દેહ છે કરોડ પૂર્વનું આયુષ્ય છે ૨૦૦૦ વર્ષ પહેલા તો ભગવાન બિરાજતા હતા અત્યારે હજી બિરાજે છે એના એ ભગવાન બિરાજે છે. હજી અબજો વર્ષ બિરાજશે ત્યાં અરિહંત પદે, પછી દેહ છૂટીને સિદ્ધપદે નમો સિદ્ધાણં અત્યારે નમો અરિહંતાણંમાં છે. સમજાણું કાંઇ ?

એ ત્યાં ગયા હતા. છે ને ભાઇ ? પેલામાં ક્યાંક ક્યાંક છે ખરું ? ગ્યા'તા તેવું લખાણ છે ને ? આઠમું. હા એ આઠમું. બીજો બોલ. વિદેહ ક્ષેત્ર સ્થિત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી તેમનું ગાત્ર પવિત્ર થઇ ગયું હતું. બગડો છે. જેમ કુંદકુંદઆચાર્ય,

૮મું પાનું. છે ને ? પ્રસ્તાવનામાં. બગડો. છે ? વિદેહક્ષેત્ર સ્થિત. વિદેહ ક્ષેત્રમાં ભગવાન બિરાજે છે અત્યારે. જિનેન્દ્ર ભગવાનના દર્શનથી એમનું ગાત્ર નામ શરીર પવિત્ર થઇ ગયું હતું. આહાહા ! જિનેન્દ્ર બુદ્ધિ નામે વર્ણવ્યા છે જુઓ ઉપર. યોગીઓએ તેમને જિનેન્દ્ર બુદ્ધિ, પહેલા પેરેગ્રાફમાં, બહુ શક્તિ હતી. જેના પગ ઇન્દ્રો દેવો પૂજતા. ભગવાન પાસે ગયા હતા. મહાવિદેહમાં પરમાત્મા સીમંધર પ્રભુ વિહરમાન ભગવાન બિરાજે છે, ત્યાં ગયા હતા. આવીને આ શાસ્ત્ર રચ્યા. કહે છે. આહાહા !

કહે છે કે, આત્મદર્શન અને અનુભવ કોને થાય ? કે જે કંઇ મનથી વચનથી કાયાથી વિકલ્પો જે ઉઠે છે રાગ, એને છોડે. આહાહા ! મનનો ઘડો જે ફોડે, સંકલ્પ વિકલ્પ એ મન છે. આઠમા પાને છે. ઇ બીજો બગડો છે. તે પરમાત્મ સ્વરૂપ એવો આત્મા, એને એ દેખે એટલે કે અનુભવે. આહાહા ! બહુ મોંઘુ ભાઇ ! આવું તત્ત્વ. ભાઇ ! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર જેને સો ઇન્દ્રો પૂજે છે, એનું કહેલું તત્ત્વ ઘણું સૂક્ષ્મ છે. જગતને સાંભળવા મળતું નથી. જે મળે એ બીજું મળે છે. આહાહા ! આંહી કહે છે, મહાપ્રભુ ચૈતન્ય બિરાજે છે અંદર, અતીન્દ્રિય આનંદથી છલોછલ ભરેલો ભગવાન આત્મા. આહાહા ! પણ એને કોણ અનુભવે ? એટલે કે, એને કોણ દેખે ? એટલે કે, એના ધ્યાનમાં આ આત્મા ક્યારે આવે ? આહાહા ! કે પુણ્ય ને પાપના વિકલ્પોને છોડી દે તો, દૃષ્ટિમાંથી છોડીને. આહાહા ! સમજાણું ?

એ રાગાદિ પરિણીત જીવ તત્ત્વને અનુભવી શક્તો નથી. આહાહા ! જેને આત્મા ગુણી અને અનંત આનંદ આદિ ગુણ, એવા ભેદનો જેને રાગનો વિકલ્પ ઉઠયો છે અને એ વિકલ્પમાં પડયો એ આત્માને જોઇ નહિં શકે. આહાહા ! સમજાણું કાંઇ ? પહેલા એને ખ્યાલમાં તો લેવો પડશે કે મારગ આવો છે. ખ્યાલ વિના હાલશે શી રીતે ? આહાહા ! અરેરે ! જગતને ક્યાં પડી છે ? મારું શું થશે ? અરે હું શું થઇશ ? ને ક્યાં જઇશ ? સમજાણું કાંઇ ? કેમકે, જે વસ્તુ છે એ તો અનાદિ અનંત છે. સત્ચિદાનંદ સ્વરૂપ છે ને ? એટલે શાશ્વત છે. નવું થયેલું છે ? નાશ થાય એવું છે ? નવું થ્યું નથી, નાશ થાય એવું નથી. છે એમ છે, હવે એને અહીંયાથી ભવિષ્યમાં ક્યાં રહેવું ? રહેશે તો ખરો અનાદિ અનંત કાળ. જે કોઇ રાગના વિકલ્પની એકતામાં છે ઇ રાગમાં રહેશે ભવિષ્યમાં એટલે રખડતો રહેશે ઇ રાગમાં.

એ જેને આત્મા જાણવો છે, એના પહેલા કાળની વાત છે. એને ચોથોય નથી ને પાંચમો ય નથી, છઠ્ઠો કાંઇ છે નહિં અંદરમાં. હેં ? આત્મા છે પ્રભુ આહાહા ! હમણાં જોયું તું. તે દિ' વાંચ્યું તું ૮૪માં. તે આજે આ નીકળ્યું છે આમાં. ઇ દ્રવ્યસંગ્રહ નથી

આ ? કાળલબ્ધિ છે પણ હેય છે તે આ છેલ્લા છે ને ? બધાના આ સ્યાદ્‌વાદ થોડું જોયું, નયનું જોયું, નિક્ષેપનું જોયું, પ્રમાણનું થોડું બાકી છે. ભાઈ ચાર કહેતા'તા ને ? નય, નિક્ષેપ, પ્રમાણ ને સ્યાદવાદ. મેં વાંચ્યું તું ભાઈનું, હુકમચંદ. હુકમચંદ પંડિત છે, જયપુર. બહુ બુદ્ધિ બાપુ. ૩૯ વરસની ઉંમર પણ બુદ્ધિતો ઘણી બુદ્ધિ, ભાઈ ઓળખે ને ? શેઠ ઓળખોને તમે. હમણાં આવ્યા'તા ને (સાગર આયે થે).

બહુ બુદ્ધિ, ઘણી બુદ્ધિ. હા ઈ બહુ બુદ્ધિ. અત્યારના પંડિતોની અપેક્ષાએ એની બુદ્ધિ ઘણી છે. ધારણા ઘણી મારે. હજી તો ૪૦ વરસ થ્યા છે. ઈ કહે કે હમણાં શબ્દકોષ બનાવ્યો છે એક જણાએ. જિનેન્દ્રવર્ણી એ એટલે કહે કે મેં આમાંથી ચાર(૪) વાર મૂળ વાંચ્યું છે. નય, નિક્ષેપ, પ્રમાણ અને સ્યાદવાદ. બાકી બધા મોટા દરિયા છે ચાર પુસ્તક આવ્યા છે. ૫૦-૫૫ નું એક-એક પદ. ચાર છે. એમાં આ તો પ્રયોજનભૂત વાત શું છે ? એ ન જાણે. આહાહા ! અને લાખ વાર એવા ચોપડા બનાવે. સમજાણું કાંઈ ? આહાહા ! એમાં ઈ આવ્યું'તું. દ્રવ્યસંગ્રહમાં નહોતું કહ્યું તે'દિ. લબ્ધિ છે, ઈ છે પણ હેય છે. ઈ આજ જ આવ્યું'તું. નય, નિક્ષેપ. આહાહા !

કહે છે કે જેને શુભ-અશુભ વિકલ્પની રાગની લાગણી ઉભી છે, એ રાગમાં જેનું લક્ષ છે, રાગમાં જેનું ધ્યેય છે, રાગમાં જે રંગાઈ ગયો છે, એને ભગવાન આત્મા નહિં જણાય. ચાહે તો વ્રત તપના વિકલ્પમાં રંગાણો હોય તોય આત્મા નહિં જણાય હજી આ. સમજાણું કાંઈ ? એ જે રાગના વિકલ્પથી રહિત થઈને અંદરમાં સ્વરૂપના અનુભવમાં જશે એને વિકલ્પનો ભાવ રહેતો નથી. આહાહા ! આવી સ્થિતિ છે. બાપુ ! લોકો બીજી રીતે કહે, કલ્પે, કહેશે, જિંદગી ચાલી જાશે ભાઈ ! આહાહા ! સમજાણું કાંઈ ?

**ભાવાર્થ** : જેનું મન રાગ દ્વેષ આાદિ વિકલ્પોથી આકુલિત છે, સંકલ્પ વિકલ્પ કર્યા જ કરે છે. આહાહા ! છે ? વિકલ્પથી આકુલિત ચલિત થતો નથી તે આત્માના યથાર્થ સ્વરૂપને, આહાહા ! હેં ? આવી વાત બહુ ઝીણી. પણ આવ્યા ઠીક, હમણાં ટાંકણે આવી ગ્યા તમે. આ વસ્તુ આવી સાંભળવા મળતી નથી. આહા ! તમારા મુંબઈમાં તો બધું હોળી છે બધી. મોહરૂપી નગરી છે ઈ. શ્રીમદે કહ્યું છે ને મોહમયી. હેં ? મોહમયી નગરી કીધી છે. આહાહા ! આંહી તો કહે છે કે, આત્મા નિર્વિકલ્પ ચૈતન્યઘન છે, એને પ્રાપ્ત કરવા માટે પણ વિકલ્પો લાખ, શાસ્ત્રના ભણતરના. આ હું નિત્ય છું ને પર અનિત્ય છે ને હું સ્વ છું અને બીજા પર છે ને એવી લાગણી છોડે જ છૂટકો, સ્વભાવમાં જવું હોય તો. આહાહા !

પોપટભાઈ ! એ રૂપિયા રળવામાં કાંઈ મહેનત પડી નથી હોં ! એ તો

પુણ્યને લઈને ઢગલા દેખાણા. (આમાં મોટો પુરુષાર્થ કરવો પડે) મોટો પુરુષાર્થ (ઓમાં નાનો કરવો પડે). એ નાનોય ખોટો છે પણ. આહાહા! ભગવાન! તું કોણ છો? ક્યાં છો? બાપુ તને ખબર નથી. એને પહોંચી વળવા માટે, ભગવાન કહ્યો છે ને? કહ્યું'તું ને? ૭૨ ગાથામાં. સમયસારની ૭૨ ગાથામાં ભગવાન કરીનેજ બોલાવ્યો છે જીવને. ભગવાન આત્મા, એમ સંસ્કૃત ટીકામાં આપણે વંચાઈ ગયું છે. કે ભાઈ અંદર જે દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય આમાં નહિં ભાઈ, આ તો છે વળી સમાધિતંત્ર. સમયસારમાં છે સમયસાર. એ ૭૨ ગાથા છે ને? લ્યો ૭૬ નીકળી. ૭૨ છે જુઓ.

ભગવાન તરીકે તો આચાર્યે બોલાવ્યો છે. ભગવાન આત્મા. જુઓ શું કહે છે? જળમાં શેવાળ છે, જળમાં શેવાળ છે, એ મળ છે, એ મેલ છે. જળ, જળ, પાણી. શેવાળની માફક એ શેવાળની માફક આશ્રવો મેલપણે અનુભવાય. એ દયા દાન વ્રત ભક્તિના પરિણામ એ મેલ છે. આહાહા! અરેરે! એને ખબર ન મળે એ શેવાળની પેઠે આશ્રવો મેલપણે અનુભવાતા હોવાથી એ પુણ્યના ભાવ પણ મેલ છે, અશુચિ છે, અપવિત્ર છે અને ભગવાન આત્મા સંસ્કૃત છે. આહાહા! છે? ભગવાન આત્મા તો સદા અતિ નિર્મળ ચૈતન્ય માત્ર સ્વભાવપણે જ્ઞાયક હોવાથી અત્યંત પવિત્ર છે એ તો પ્રભુ. પુણ્ય પાપના ભાવ જે થાય એ તો મલિન છે, અશુચિ છે, અપવિત્ર છે ભાઈ, તને ખબર નથી. સમજાણું કાંઈ? જેમ આ શરીરમાં માંસ ને હાડકા, વીર્યને લોહી અશુચિ જડની છે, એમ ભગવાન આત્મામાં એ પુણ્ય ને પાપના ભાવ જે દેખાય એ બધા મલિન છે અને અશુચિ છે. ભગવાન આત્મા અતિ નિર્મળ જે સદાય. આહાહા!

સંસ્કૃત ટીકા છે હોં.

खलु आश्रवा भगवान आत्मा तु नित्यमेव अति निर्मळ चिन्मात्रत्वेनोपलम्भकत्वादत्यन्तं शुचिरेव - સંસ્કૃત છે

આહાહા! પામરને પ્રભુ તરીકે બોલાવ્યો છે ને? શેઠ! ભાઈ! તું પામર નથી. ભાઈ! પર્યાયમાં તે પામરતા માની છે, તું પ્રભુ છો. આહાહા! અનંત અનંત ગુણનો સાગર પ્રભુ તું, તારી મોટપ તો સિદ્ધની પર્યાય કરતાં મોટી મોટપ છે, કેમકે સિદ્ધની પર્યાય એક સમયની, એવી અનંતી પર્યાયો, તારા અંદર ગુણમાં પડી છે. એવો ભગવાન આત્મા. આહાહા! દિગંબર સંતો જે આનંદમાં ઝૂલનારા એ કહે છે કે ભગવાન આત્મા આહાહા! શરીર વાણી મન તો જડ છે, અજીવ છે પણ જે કાંઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ ઉઠે છે અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસનાનો વિકલ્પ બેય અશુચિ ને મેલ છે. આહાહા! એ આત્માનું સ્વરૂપ નથી. એનાથી આત્મા પ્રાપ્ત થતો નથી. બલુભાઈ!

આહા ! ભાઈ ! મારગ તો એવો છે, અપૂર્વ મારગ છે. પૂર્વે કોઈ દિ' સાંભળ્યો નથી એણે.

શ્રુત પરિચિત અનુભૂતા. અનંતવાર ભાઈ ! તે શુભ રાગની વાર્તા સાંભળી છે, પરિચયમાં આવી ગઈ છે અને અનુભવી છે તેં, એ કોઈ નવી વાત નથી. એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ તો રાગ છે, એની વાત તો તેં સાંભળી છે, તેં કરી છે અને અનુભવી છે. પણ રાગથી રહિત ભગવાન આત્માની વાત તેં પૂર્વે સાંભળી નથી ભાઈ આ. સમજાણું કાંઈ ? ગાંડા જેવું લાગે હોં માણસને તો. લહેર કરતાં હોય, માનતા હોય ને અંદરથી ૫-૫૦ લાખની મૂડી હોય, ૨-૫ લાખ પેદા થતા હોય, બાયડી ઠીક હોય. છોકરા વહુ જાગ્યા હોય, ધર્મી. સુખી છીએ બધી રીતે હમણાં સુખી છીએ. ધૂળેય નથી સુખી, સાંભળને. આ પરાશ્રિત ભાવ, એ બધો દુઃખનો છે. એ દુઃખના વિકલ્પથી રહિત પ્રભુ બિરાજે છે અંદર. આહાહા ! સમજાણું કાંઈ ?

ત્રણ વાર છે આની. એક નહિં પણ ત્રણ વાર ભગવાન ભગવાન કરીને બોલાવે છે. આહાહા ! એની મા ઘોડિયામાં સુવાડે ત્યારે એના વખાણ કરે, મારો દીકરો ડાહ્યો છે ને પાટલે બેસીને નાહ્યો છે ને ત્યારે સૂવે હોં. ગાળ્યું દેશે ને નહિં સૂવે, જોજો કોઈ દિ' જોવું હોયતો, કારણકે અવ્યક્તપણે પણ એને ગુણ વહાલા લાગે છે. ડાહ્યો છે ને પાટલો આમ છે ને. એ ગાણાં એની મા એને સુવાડવા ગાય છે, આ ભગવાન એને જગાડવા ગાય છે. આહાહા ! ૬૪ની વાત છે. સંવત ૬૪, અનસુયાનું નાટક હતું. મોટું નાટક છે. આ નર્મદા છે ને ? ભરુચ ને કાંઠે. નર્મદા નદી. ઈ બે બેનો હતા નર્મદા અને અનસુયા. ત્યાં અમારે પાલેજ પાસે છે નદી. એટલે મહાદેવભાઈ ભેગા ગયેલા. ૬૪ની વાત છે. સંવત ૬૪ની. ત્યાં અનસુયાનું નાટક હતું ત્યાં સાંજે રાતે તો કાંઈ પછી નવરા હોઈએ ત્યાં કહે હાલો જોવા જઈએ.

એમાં ઈ અનસુયા એ બાઈ હતી. એ પરણ્યા વિના સ્વર્ગમાં જાતી'તી. સ્વર્ગ કહે આંહી ન અવાય. 'અપુત્રસ્ય ગતિનાસ્તિ.' ત્યાં કોને પણ ? હેત પડે એને પરણ. એને હેઠે એક આંધળો બ્રાહ્મણ હતો, એને પરણી. એને થ્યો છોકરો. હિંડોળામાં હિંચકતી'તી, હિંચકતી'તી. શુદ્ધોસિ, બુદ્ધોસિ, નિર્વિકલ્પોસિ, એમ ગાતી'તી એને. બેટા તું શુદ્ધ છો, બુદ્ધ છો, નિર્વિકલ્પ છો, આનંદ છો. એ વખતની વાત છે. છોકરું લાવ્યા હશે ક્યાંકથી, છોકરું માળુ જીવતું હતું કોકનું, ઓલામાં નાંખેલું. એમ આ ભગવાન જગાડે છે, અરે આનંદનો નાથ નિર્વિકલ્પ સ્વરૂપ છો તું, પ્રભુ જાગને.

વિશેષ કહેશે..........

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન – ૪૪

## શ્લોક – ૩૫ અને ૩૬

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૨૩.૦૧.૭૫**

**खेदं गच्छतामात्मस्वरुपोपलम्भाभावं दर्शयन्नाह -**

**रागद्वेषादिकल्लोलैरलोलं यन्मनोजलम् ।**
**स पश्यत्यात्मनस्तत्त्वं स तत्त्वं नेतरो जनः ।। ३५ ।।**

રાગાદિક-કલ્લોલથી મન-જળ લોલ[1] ન થાય,
તે દેખે ચિદ્દ્તત્ત્વને, અન્ય જને ન જણાય ।। ૩૫ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

---

૧. લોલ - ચંચળ

એનો ભાવાર્થ : જેનું મન રાગ દ્વેષ આદિ વિકલ્પની લાગણીથી આકુલિત ચલિત થતું નથી, તે આત્માનાં યથાર્થ સ્વરૂપને એટલે કે પરમાત્મસ્વરૂપ ને અનુભવે છે. કોઈ એમ કહે કે, ભાઈ પ્રથમ એને રાગની મંદતાથી નય નિક્ષેપ ને પ્રમાણ જ્ઞાનથી જાણે તો તે અનુભવ થાય, તો એમ નથી એમ કહે છે. આહા! આત્માનો અનુભવ તે શુભ અશુભ વિકલ્પોથી થાય, એમ નથી, એવી ઝીણી સીધી વાત છે. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે, એટલે કે જેને સુખનો પંથ પ્રગટ કરવો છે, એને મનનાં સબંધમાં થતી પુણ્યપાપની કે વિકલ્પોની લાગણી એને છોડયે સ્વરૂપનો અનુભવ થશે. આહાહા! બીજો કોઈ રાગ દ્વેષ આદિથી આકુલિત, જેને અંદરમાં વિકલ્પો ઉઠયા કરે છે, એ અનાત્મદર્શી આત્માને જોઈ નહિં શકે. આહાહા!

આ તો ઠેઠની વાત છે માખણની. હા હા! ભાઈ એનું સાધન? બધા પૂછે છે ને, ઘણાં એ? ત્યાં ય પૂછે છે અગાશ માં કે આ નિશ્ચયની વાત કરી, પણ એનું કોઈ સાધન સાધન એ પૂર્ણાનંદનો નાથ અંદર વિકલ્પ વિનાની લાગણીથી, લાગણી છોડી દઈને સ્વરૂપ ને અનુભવે એ સાધન છે. કો શેઠ! એમ કે કંઇક દાન કરીએ, દયા પાળીએ, વ્રત પાળીએ, તપસ્યા કરીએ, ભક્તિ કરીએ, મંદિર બનાવીયે તો કાંઈક આત્માનું દર્શન ને સમ્યક્ થાય કે નહીં? આહાહા! લેખ લખતાં બહુ આવડે, શાસ્ત્રનાં. તો એનાથી આત્માનો અનુભવ થાય કે નહીં? લેખ લખવા ને એ બધો તો વિકલ્પ છે. આહાહા!

(**શ્રોતા** : સાધન તો હૈ)

અહીં આ તો કહા. મિથ્યાત્વમાં પણ સાધન ફાધન નહિં. અહીંયા તો આત્મા અંદર નિર્વિકલ્પ ચીજ છે એટલે કે પૂર્ણ આનંદ ને જ્ઞાતા દ્રષ્ટા ના સ્વભાવથી ભરેલો પ્રભુ આત્મા છે, એને તો કોઈ પણ પ્રકારનાં વિકલ્પની જાત થી તે અનુભવમાં આવે એવો નથી. આહાહા! તો આ એકાંત થઈ જાય છે એમ પંડિતો કેટલા કહે છે. આ તો એકાંત છે બાપા. ઈ એકાંત કરશે તો જ એને અનેકાંતનું સાચું જ્ઞાન થશે. આહાહા! થયું? એ અસ્તિ નાસ્તિ બે વાત કરી. જેને આત્મા સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું છે, હજી તો ધર્મનો પહેલો પાયો, ધર્મનું પહેલું પગથીયું એ પ્રાપ્ત કરવું હોય એને અતીન્દ્રિય આનંદનો નાથ પૂરણ સ્વરૂપ છે, એને વિકલ્પની લાગણી છોડી દઈને સીધો નિર્વિકલ્પથી અનુભવ થઈ શકે એવી ચીજ છે. આહાહા!

આ મોટી તકરાર આ બધા પંડિત હારે. બનારસ ના બધા ભણેલા. ઈ કહે વહેવારથી થાય, વહેવારથી થાય. આંહી ના પાડે છે. રાગની મંદતાનાં પરિણામ

કરતાં કરતાં આત્મા અવિકારી આનંદ સ્વરૂપ છે એનો અનુભવ થાય, એમ નથી. આહાહા! સમજાણું કાંઈ? એ ૧૩મી ગાથામાં આવ્યું'તું ને? નય નિક્ષેપ પ્રમાણથી જાણે છતાં એ બધા વિકલ્પો તે અભૂતાર્થ છે, એ સાચું સાધન નથી. આહાહા! અરે! અનંત કાળથી એને પરિભ્રમણનાં પંથને છોડયો નહિં અને એ વિકલ્પો છે, એ સંસાર છે. આહાહા! એ સ્વરૂપમાં એ છે નહિં. સ્વરૂપ તો આનંદ કંદ પ્રભુ શુધ્ધ જ્ઞાયક સ્વભાવથી ભરેલો પદાર્થ એમાં પર્યાયો જે નિર્મળ પ્રગટે ધરમની, એ પણ એમાં નથી અંદરમાં. આહાહા! આવી વાત છે ભાઈ.

ભાઈ આપણે તો દાન આપો, આ કરો, આ કરો, આ કરો. દવાખાના માંડો, ભોજનશાળા બનાવો, ભોજનશાળા. પાંચ લાખ રૂપિયા કરો એમાંથી વ્યાજમાંથી આપો કે દરરોજનો અત્યારે ૨ રૂપિયાનો ખર્ચ થાય છે ત્રણનો એક ટંકનો તો એક રૂપિયો ભોજન કરો બધા ને આપો જાઓ. એવું કરે છે ને? રાજકોટમાંય છે, કાંઈક છે ને? મોહનભાઈ તરફથી છે ને? મોહન ધીયા તરફથી કાંઇ છે ખરું, થોડી કિંમત એની લે. તો એમાંથી એમા સારો ભાવ છે એમાંથી હળવે હળવે આત્માનો અનુભવ થાય, એ તો ના પાડે છે આંહી. કો' શેઠ! પણ દવા મફત આપવી, બીજાના આંતરડા રાજી થાય, એનાથી કંઈ લાભ ન થાય જીવને? (શ્રોતા : ...........) હેં? આરે ભાઈ એ તો વિકલ્પની લાગણી છે. એ તો દૂર રહો એનાથી તો આત્માનું સમ્યગ્દર્શન થાય નહિં, પણ આત્મા અનંત ગુણનો ધણી એ ગુણી છે ને એમાં આનંદ આદિ ગુણ છે, એવો ભેદનો જે વિકલ્પ ઉઠે આ રાગ, એનાથી પણ તે આત્મા જણાય એવો અનુભવાય એવો નથી. આહાહા! આ આકરુ લાગે છે ને હોં.

ઈ માણસ માને છે કે આ સોનગઢનું છે. સોનગઢનું છે કે શાસ્ત્રનું છે? એ શેઠ? ભાઈ તને ખબર નથી. એ પ્રભુ ચૈતન પોતાનાં શુધ્ધ સ્વભાવ થી ભરેલો મહા પ્રભુ છે, એને સ્વભાવની ધારાથી જ અનુભવાય, એને નિર્મળ સ્વભાવની ધારા થી જ એને અનુભવાય અને પકડાય, બાકી કોઈ વસ્તુ છે જ નહિં. બીજા કહેતા હોય તો ભ્રમ છે એનો. સમજાણું કાંઈ? આહાહા! આત્મા જાણનાર જાણનાર જાણનાર છે, અને એનું જ્ઞાન છે એ ગુણ છે અને જ્ઞાતા અને જ્ઞેય અને જ્ઞાતા પોતે જ્ઞાનની પોતાની દશાનું જ્ઞેય છે એવા ત્રણ ભેદનો પણ જ્યાં વિકલ્પ રાગ ઉઠે છે, ત્યાં સુધી આત્મા પ્રાપ્ત નહિં થાય એવો વસ્તુ સ્વભાવ છે. એણે કોઈ દિ' એક રસ્તો લીધો નથી અને લેવાની દરકાર કરી નથી, એમ બધી બહારની ધમાધમ. યશોવિજય નથી કહેતા? એ આવે છે ને? ધામધૂમે ધમાધમ ચલી, જ્ઞાન મારગ રહ્યો દૂર રે. આહાહા!

અજ્ઞાનીઓએ બહારની પ્રવૃત્તિ, જાણે વ્રત કરવા ને તપસ્યાઉં કરવી, દાન દેવા ને બીજાને દુ:ખીના આંસુ લુવા, નાગાને કપડા દેવા, ભુખ્યાને અનાજ દેવું, રોગીને ઔષધ દેવું. કો' ધીરૂભાઇ! આવી વાત છે. ઈ મારગ જ નથી, એ તો બધો પુણ્યનો મારગ છે રાગનો. આહાહા! અને એ રાગનાં મારગે અંતર અનુભવ આત્મા પ્રાપ્ત થાય એવી વસ્તુનું સ્વરૂપ જ નથી. આવી વાત છે ભાઈ! નિરાવલંબી પ્રભુ છે એણે કોઈ 'દિ દરકાર કરી નથી. આ જગતનાં લાલા પેઠા કરી કરીને મરી ગ્યો માળો. લાલા પેઠા સમજ્યા ને? બધું. બહુ દયા પાળશું તો ભાઇ સામાનાં આંતરડા, અંતર દુઆ દેશે. એના આંતર દુઆ દે, આહાર પાણી દે, સંભાળ રાખે રોગીને દવા આપે, કપડા આપે કાંઈક. બધી વાતો ખોટે ખોટી છે. આહાહા! એ શેઠ?

શ્રોતા : આગેવાલે કરતે આ રહે હૈ.

પૂ. ગુ. : ક્યા કહતે હૈ?

શ્રોતા : આગળવાળા કરતા આવ્યા છે તો કરીએ છીએ.

પૂ. ગુ. : કરતા આવ્યા તો કરે છે. અજ્ઞાન કરે છે અનાદિથી. સમજાણું કાંઈ?

આંહીતો પરમાત્મા, સર્વજ્ઞ પરમાત્મા એ કહેલો આ ભાવ છે ઈ સંતો જગત પાસે આડતીયા થઈને જાહેર કરે છે. સમજાણું કાંઈ? જેને અંદરમાં જ્યાં સુધી, શુભ રાગનાં વિકલ્પ ઉઠે દયાના, દાનના, ગુણ ગુણીનાં ભેદનો એ વિકલ્પથી આત્માનું અજ્ઞાન ટળે કે જ્ઞાન થાય, એમ નથી. એ નવરંગ ભાઇ? તો શું આ દયા પાળવી, ઈ ક્યાં ગઇ? રહી ગ્યું. ભાઇનો હતો ને પ્રશ્ન શરૂઆતમાં, પાંચની સાલનો. નહિં? છવી વરસ થયા. છવી(૨૬). આહાહા! ભગવાન! તું એવો નિરાલંબી વસ્તુ છો. આહાહા! છે એ ચેતનના દરિયામાં પ્રવેશ કરવા માટે કોઈ પણ પ્રકારનાં રાગનાં વિકલ્પ ની એને જરૂર નથી.

પોપટભાઇ! આ પૈસા વાળા હોય જાણે પૈસા ખર્ચીએને કાંઇક ધરમ થશે. હળવે હળવે, બે પાંચ લાખ, બે પાંચ લાખ તો ન ખરચે પણ થોડા ઘણાં આપે. શરીરનાં બળીયા હોય ઈ અપવાસ કરે કે ધરમ થાશે. મનનાં બળિયા હોય એ મનથી વાતું કરે ધર્મ આમ ને ધર્મ આમ. ત્રણે બળ ત્યાં કામ આવે એવું નથી કહે છે. આહાહા! છે? આહાહા! જેમ તરંગ રૂપી ઉછળતા પાણીમાં હવે ન્યાય આપે છે. પાણી છે એમાં તરંગ ઉઠતા હોય તરંગ મોજા, અંદર રહેલી વસ્તુ દેખાય નહિં. તરંગ ઉઠે એમાં અંદર શું પડયું છે, આ દાગીનો પડી ગયો હોય સોનાનો, દેખાય નહિં. એમ રાગ દ્વેષ આદિ રૂપ તરંગોથી

એટલે કે વિકલ્પોથી એટલે કે શુભ અશુભ લાગણીથી ચંચળ બનેલા મન રૂપી જળમાં, જ્ઞાન જળમાં આત્મ તત્ત્વ દેખાતું નથી. આહાહા!

સુજાનમલજી! આવો મારગ છે ભાઇ. આહાહા! શું કીધુ? (**શ્રોતા :** રસ્તો બતાવો) આ કીધું ને ઇ. (**શ્રોતા :** હજી દેખાતું નથી) પણ કે'દિ પ્રયત્ન કર્યો તે સાંભળ્યું નથી ને નિર્ણય કર્યો નથી. એણે એમ ને એમ ગોટે ગોટા વાળ્યા છે અંદર. આહાહા! એ વસ્તુ રાગનાં વિકલ્પની લાગણીથી પાર છે, એને રાગનાં ને વિકલ્પની મંદતા થી તેમાં જવાય આત્મા માં પ્રવેશ થઈને આત્મા અનુભવાય એ વસ્તુ એવી નથી. આહાહા! ભારે વાત ભાઈ. લોકોને આકરું તેથી પડે છે. ઓલા કહે કે શાસ્ત્ર જ્ઞાન આપો, શાસ્ત્રો આપો બધાને કે જેથી તમને જ્ઞાનાવરણીય ટળીને જ્ઞાન થાય. કુંદકુંદઆચાર્યને ન થ્યું? કુંદકુંદઆચાર્ય ને ન થ્યું? કુંદકુંદઆચાર્ય હતા. એમ કહે છે, એનાથી થ્યું એમ. એ શેઠ?

કહે છે શું? કુંદકુંદઆચાર્ય પહેલા ભવમાં ગોવાળીયા હતા. એ શેઠને ઘરે. ઢોરને ચારતા હશે જંગલમાં, એમાં જંગલમાં લા(દાવાનળ) લાગી અને પોતે લા લાગતા ત્યાં જોવે છે, ત્યાં નીચે ઝાડ તળે કુંદકુંદઆચાર્યનો જીવ, ત્યાં એક પેટી પડેલી, પેટી સળગી નહિં એટલે પોતે આમ જોવે છે જ્યાં પેટી. ઓહો! આ તો શાસ્ત્ર છે. ગોવાળીયો હતો શેઠનો. એ શાસ્ત્ર લઈને ઘરે આવ્યો. એમાં મુનિરાજ આવ્યા, આહાર લેવા નગ્નમુનિ દિગંબર અમૃતનાં સાગર હતા, અમૃતનાં છોળો ઉછાળતા. આહાહા! છઠ્ઠે-સાતમે ગુણસ્થાનની ભૂમિકાએ ઝૂલતા મહારાજને શેઠીયાએ આહાર વહોરાવ્યો, આ ગોવાળીયાએ પુસ્તક વહોરાવ્યા. કથામાં આવે છે, વાતમાં.

એને લઈને એમકે કુંદકુંદઆચાર્યને જ્ઞાનાવરણીય નો ક્ષયોપક્ષય થયો અહીંયા. કહે છે ભાઈ! બધા પંડિતો ને બંડિતો. એ તો એક કોણ હતું, એવું જ્ઞાન કરાવ્યું. બાકી જ્યારે એને સમ્યગ્જ્ઞાન થયું ત્યારે એને કોઇ આ કર્યું ને તે કર્યું, માટે સમ્યગ્જ્ઞાન થયું એમ છે નહિં. આહાહા! અમથુંય નથી આવતું. ઓલા દસ પ્રકારનાં ધરમ, ઉત્તમ ક્ષમા આદિ. એમાં ત્યાગ ધરમ આવે છે. ત્યાગમાં એવું આવે કે પોતા પાસે કોઈ પુસ્તક હોય તો બીજાને દેવું. દસ પ્રકારનાં ધર્મ આવે છે ને શેઠ? ઉત્તમ ક્ષમા એમાં ત્યાગ આવે છે. ત્યાગ ધર્મ લખાણમાં એમ આવે કે પોતા પાસે કોઈ પુસ્તક હોય અને કોઇ માંગે તો દઈએ, ઈ ત્યાગ કહે છે. ઈ તો એક ક્રિયા થઈ, એક વિકલ્પ થયો કે આ દઉં પણ એ વિકલ્પથી આત્માને સમ્યગ્જ્ઞાન થાય, નવરંગભાઈ! આ બધા આટલા લખાણ ને લોકો પંડિતો કહે છે ઈ બધી ખોટી વાત હશે?

કુંદકુંદઆચાર્યનો દાખલો, કુંદકુંદઆચાર્ય પુસ્તકના બનાવનાર, જે ભગવાન પાસે ગયા. આઠ દિ' રહ્યા. સાક્ષાત્ પ્રભુ બિરાજતે હૈ. આહાહા! આટલો બધો ક્ષયોપશમ કે જેના શાસ્ત્રની રચના સાધારણ આચાર્ય ન કરે, એવી તો એની રચના, એટલો જ્ઞાનનો ક્ષયોપક્ષમ. એ ગોવાળીયાનાં ભવમાં મુનિને પુસ્તકો આપ્યા એને લઈને એમ કહે છે લોકો. અહીં ના પાડે છે કે, એમ છે જ નહિં. આહાહા! (**શ્રોતા** : આત્માની સન્મુખ થાય તો જ્ઞાન થાય, બાકી કોઇ રીતે ન થાય.) આહાહા ! શું થાય ? એ ચૈતન આનંદનો સાગર જ્ઞાનનો ભરેલો. આહાહા! આહાહા! એને હું, આ આત્મા અબદ્ધ છું, શુધ્ધ છું, ચૈતન કંદ છું, એવો જે વિકલ્પ નામ રાગની લાગણી એ તો છે. એનાથી પણ એની પ્રાપ્તિ થાય એવું નથી. આહાહા! બાપુ ઈ મારગડા અલૌકિક છે ભાઈ! એણે મારગને પામવાની રીત શું છે ઈ એણે જાણી નથી. સમજાણું કાંઈ?

ઓલા કહે કે એકવાર વંદે જો કોઈ. હેં? પશુ નરકગતિ. આહાહા! સમ્મેદશીખરની જાત્રા. ધીરૂભાઈ! જુઓને મારે હવે આ થાશે ને આ ગિરનારની ત્રીજને દિ' જાત્રા છે ને, નહિં? ત્રીજને? બીજે. હેં? બીજને. બીજને દિ' જવાનું છે સવારમાં. ને ત્રીજને દિ' બપોરે છે નહીં? ઉપર જવાનું. ભાઈ આવવાના છે બધા. બાબુભાઈ છહે (૬૦૦) (માણસ) લઈને. આપણાં બાબુભાઈ. નહીં? ધર્મચક્ર કાઢયું'તું ને? છહે (૬૦૦) માણસ. ઘણું કરીને ઇ આવવાના છે. ઘણું કરીને બીજના આવશે. ત્રીજના સાંજે ઉપર ચડવાનું છે. બાપુ એ તો એક શુભ રાગ છે. હોય પણ એ શુભરાગ છે માટે એને સમ્યગ્દર્શન થાય? ધીરૂભાઈ! (**શ્રોતા** : સમ્યગ્દર્શન ન થાય તો કાંઇ નહીં ધરમ તો થાય ને?) ધરમ નથી. આહાહા! એ કાંઈક સજ્ઝાયમાં એવું આવે છે. હોં! ધીરુભાઇ! આ તમારુ નામ આવ્યું ને? એમાં એવું છે.

'ધીરજ ધર ને અરે અધીરા' એવું આવે છે, તે સજઝાય વાંચેલી બહુને. હજારો સજઝાય વાંચેલી દુકાન ઉપર. હોં! તે દિ'. ચોસઠ, પાસઠ, છાસઠ. ચાર સજ્ઝાયમાળા છે. અઢીસો અઢીસોની સજઝાય એક એક. એમાં એવું કંઇક આવે છે. 'ધીરજ ધરને અરે અધીરા' પછી ભૂલી ગયા. એટલું પદ યાદ રહ્યું. ધીરો થા ભાઈ ધીરો થા. આહાહા! એને તારા આવા વિકલ્પની જાત થી તું જણાય એવો તું છો નહિં. આહાહા! પર તરફનાં ઉપકારની લાગણી જ્યાં સુધી છે, ત્યાં સુધી સ્વભાવ સન્મુખ થઈ શકશે નહિં. સમજાણું કાંઈ? ઉપદેશ દઈને ઘણાં માણસો ધર્મ પામે, લાખો માણસો પામે, એનાથી એને આત્માને લાભ થાય ધરમનો, એમ નથી. હેં? (**શ્રોતા** : તો ઉપદેશ આપ્યો ક્યાંથી?) કોણ કરતું'તુ એ, વાણી તો વાણીને કારણે આવે છે.

એ વાત થઈ નથી કે, વાણી આવે છે ઈ આત્મા એનો કર્તા નથી. ભાષાની વર્ગણા, જે રજકણોનો સમૂહ છે એમાંથી ભાષા રૂપે પરિણમવાના રજકણો છે, એ ભાષા રૂપે થાય છે, એનો આત્મા કર્તા નથી અને એ ભાષાની પર્યાય કાને પડી સામાને, માટે તે કાળે તેને જ્ઞાનની પર્યાય થાય, એ ભાષાથી થતી નથી. આહાહા! આવી વાત. તે કાળે તેના જ્ઞાન ની પર્યાયનો ઉત્પન્ન કાળ છે ભલે પર લક્ષી જ્ઞાન, પણ તે ઉત્પન્નનો કાળ છે માટે થાય છે, ભાષાથી થાય છે એમ છે (નહિં) બાપુ! મારગડા એવા આકરા બહુ છે. આહાહા! એવું એકવાર અમે કહેતા સંપ્રદાયમાં હો. આચારાંગમા આવે છે. 'નો લોએ એસણં ચરિયં' ગૌતમ, મારા માર્ગને લોકની હારે તું મેળવીશ નહિં. લોકો આમ માને છે ને લોકો આમ કહે છે. એ 'નો લોએ એસણં ચરિયં' લોકની એષણા બુધ્ધિ ને મારા માર્ગ હારે મેળ ન કરીશ. મારગડા આ અમારા વીતરાગના જુદા છે. આહાહા!

સંપ્રદાયમાં એ શ્લોક આવે છે, આચારાંગમા. તે દિ' મોઢે કર્યું'તું ને? વ્યાખાન ચાલતું 'તુ ને. તે દિ' હજારો માણસો, સાઠ વરસ પહેલાય પણ. 'નો લોએ એસણં ચરિયં' પણ શ્વેતાબંરનુ પછી આમ કહેવાય ને કે હે ગૌતમ, અમારા મારગને દુનિયાના કોઈ પણ મારગ સાથે તું મેળવીશ નહિં. મેળ ખાય એવું છે (નહિં). (**શ્રોતા** : સમન્વય તો કરવો પડે) ઈ જ કહેવાય શું. મેળ કોની હારે કરે છે? આહાહા! કોઈ સાથે વિરોધ દ્રષ્ટિવાળા હોય, વિરોધ નહિં, પ્રેમ કર. વ્યક્તિ પ્રત્યે વિરોધ નહિં, વેર નહિં, શત્રુતા નહિં. પણ જેવું સ્વરૂપ છે એનાથી ઊંધુ હોય તો એને જાણે કે આની દ્રષ્ટિ ઊંધી છે, પણ એથી વ્યક્તિ પ્રત્યે વેર થાય એવું હોઈ શકે નહિં. આત્મા છે એ. સમજાય છે કાંઈ? એ ભૂલ્યો છે, પણ એ ભૂલ ટાળશે એટલે એના ચૈતન નાં મૂળ પ્રત્યેનો પ્રેમ ન જાય. ધીરૂભાઈ! આવું છે. આહાહા!

આંહી તો કહે છે, આ સમાધિ તંત્ર ના શ્લોકો જ બધા આત્માને સમાધિ એટલે સમ્યગ્દર્શન. સમાધિ એ સમ્યગ્દર્શન, હજી ચોથું ગુણસ્થાન. ધર્મનું પહેલું પગથીયું. ક્યારે થાય ને કેમ થાય? આહાહા! કહે છે કે ભગવાન, ભગવાન તને કહીયે છીએ ને કહે છે ભગવાન, કે તારા આત્મામાં ભરેલો સાગર વીતરાગ સ્વભાવ છે, એને જે લાગણીઓ પુણ્યની, દયાની, ભક્તિની ઊઠે છે, અરે ગુણ ગુણીનાં ભેદનો વિકલ્પ ઉઠે છે એનાથી પણ એ ચૈતન પ્રાપ્ત નહિં થાય. સમજાણું કાંઈ? અરે! સાંભળવા મળે નહિં સત્ય, એ બચારા શું કરે? ધીરૂભાઈ! (**શ્રોતા** : આપણું ધર્મચક્ર જુદું છે) જુદું છે ધર્મચક્ર. વીતરાગ માર્ગ વીતરાગનો એવો મારગ છે, ત્રણ લોકનાં નાથ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ તિર્થંકર દેવ.

(શ્રોતા : ..........) એ તો રાગ છે આ બધા ધર્મચક્ર કાઢે ને ? આ બધા કાઢયા ને ધર્મચક્ર દિલ્હીથીને. ચારેકોરથી ધર્મચક્ર કાઢે, દિલ્હીથી ઈંદોરથી, અહીં ફતેહપુરથી. પણ બાપુ ઈ તો શુભ ભાવ હોય ખરો ?

જ્યાં સુધી પૂર્ણ વીતરાગ દશા ન થાય ત્યાં સુધી એવા શુભ ભાવ હોય, પણ એનાથી આત્માને ધરમનો લાભ થાય ? એ તો વચમાં વહેવાર પ્રતિબંધક બંધનુ કારણ આવ્યા વિના રહે નહિં. વહેવાર એ પુણ્યનું કારણ ને બંધનું કારણ છે. આવે ખરો, પણ ઈ સાધન છે ને એમાં એને આત્માને લાભ થાય એનાથી એ વાત માં માલ જરીયે નથી. આહાહા ! સમજાણું કાંઈ ? ક્યાં ગયા ? ગીરધરભાઈ ? ગીરધરભાઈને ન્યાં આરસનું મકાન કરવું છે, અઢી લાખનું, ત્રણ લાખનું. એ કરનાર નો ભાવ કષાય મંદ હોય શુભ હોય તેથી શુભ છે માટે મંદિર થાય છે એમેય નથી, અને મંદિર થવાનું છે માટે આને શુભ ભાવ થાય છે એમેય નથી અને શુભ ભાવ થાય છે માટે ધર્મની, ધર્મમાં પ્રવેશ કરવાની અનુકૂળતા થાય છે એમેય નથી. આહાહા ! આહા !

આવો વીતરાગ મારગ, વીતરાગ સ્વરૂપી પ્રભુ. 'જિન સોહી હે આત્મા અન્ય સોહી હે કર્મ, યે વચન સે સમજ લે જિન પ્રવચન કા મર્મ' પોતે જિન સ્વરૂપી ભગવાન બિરાજે છે, અકષાય રસનો કંદ છે, એને કષાયનાં વિકલ્પથી પ્રાપ્ત થાય એ ચીજ એવી નથી. આહાહા ! સમજાણું કાંઈ ? તો પછી આવું કરવું શું કરવા ? એમ કહે છે. શુભ ભાવ, પણ ઈ શુભ ભાવ આવે, પણ એનાથી અંદરના ધર્મને આત્માની શાંતિ ને લાભ મળે, એવું નથી. પાપથી બચવા માટે શુભ ભાવ હોય પણ આત્માને બચાવવા માટે શુભ ભાવથી પણ ભિન્ન પડવું પડશે એને. આહાહા ! સમજાણું ?

જેમ તરંગો વિકલ્પથી ચંચળ બનેલા મન રૂપી જળમાં, જ્ઞાન જળમાં આત્મ તત્ત્વ દેખાતું નથી. આહાહા ! પાણીનાં આમ તરંગ ઉઠે તો ન્યાં નીચે પડેલી ચીજ તરંગના આડમાં દેખાય નહિં, એમ ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ, એને દયા, દાન, વ્રતના આદિ કે ગુણગુણીનાં ભેદનાં વિકલ્પરૂપ તરંગ, એને લઈને આત્મા જણાય નહિં એને. આહાહા ! આરે ! ભારે વાત આવી. જેમ જ્ઞાન જળમાં આત્મ તત્ત્વ દેખાતું નથી, નિર્વિકલ્પ દશામાંજ આત્મ દર્શન થાય છે. બહુ સાદી ભાષા કરી. આહાહા ! નિર્વિકલ્પ એટલે કોઈ પણ પ્રકારના વિકલ્પની રાગની લાગણી છોડી દઈને, એ વીતરાગી પર્યાય દ્વારા જ એ આત્માનો અનુભવ થાય છે. આહાહા ! એવું એનું સ્વરૂપ છે. જન્મ મરણનાં અંત લાવવાનો આ એક ઉપાય છે. આહાહા ! ચોરાસી લાખના અવતાર કરી કરીને, દુઃખી

થઈને ડોલ્યો સંસારમાં, પણ એને સુખનાં પંથની રીતની ખબર ન મળે. સમજાણું કાંઈ?

## વિશેષ

વસ્તુ સ્વરૂપ સમજી અતીન્દ્રિય આત્મ સ્વભાવની સન્મુખ થતાં, લ્યો સમજી એટલે આ ચૈતન છે, જ્ઞાન સ્વરૂપ છે, આનંદ સ્વરૂપ છે, અકષાયસ્વરૂપ છે, વીતરાગ સ્વરૂપ છે, નિર્મળ સ્વરૂપ છે, એમ વસ્તુનાં સ્વરૂપને સમજી અતીન્દ્રિય આત્મસ્વરૂપની સન્મુખ થતાં એ ચીજ જે ભગવાન આત્મા એની સન્મુખ થતાં, રાગ દ્વેષ આદિ વિકલ્પો સ્વયં શાંત થઈ જાય છે. વિકલ્પો ઉત્પન્ન થતા નથી. સ્વરૂપની અંતરમાં જતાં, એ વિકલ્પની રાગની લાગણી શાંત થઈ જાય એટલે ઉત્પન્ન થતા નથી, એને નિર્વિકલ્પ માં આત્મા પ્રાપ્ત થાય છે. આહાહા! લાખ ઉપાય કરે બીજા, છ ઢાળામાં આવે છે ને? ભાઈ નહિં?

'લાખ લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો છોડી જગત દ્વંદફંદ નિજ આત્મ ધ્યાવો.' આહાહા! છઢાળામાં આવે છે. પણ લોકો ક્યાં ને ક્યાંય ગોખવામાં પડયા રહ્યા, પણ એનું સ્વરૂપ શું છે એ જાણવાની દરકાર કરી નહિં. સમજાણું કાંઈ? રાગ દ્વેષ આદિ વિકલ્પો સ્વયં શાંત થઈ જાય છે, તેને સમાવા માટે આત્મસન્મુખની સન્મુખતા સિવાય બીજો કોઈ ઉપાય નથી. સ્વભાવની સન્મુખથી વિપરીત વિકલ્પો એને ટાળવા માટે સ્વભાવની સન્મુખતા સિવાય કોઈ ઉપાય નથી. ભારે ઝીણું જગતને, આહા! સમજાણું કાંઈ?

ઉપયોગ અંતર્મુખ થતાં, જ્ઞાનનો વેપાર જાણવાનો જે વેપાર એ પ્રભુ પૂર્ણાનંદ તરફ ઢળતાં, શુધ્ધ સ્વરૂપ તરફ સન્મુખ થતાં, રાગ દ્વેષ આદિનો અભાવ થાય છે, ત્યાં પુણ્ય ને આદિનાં વિકલ્પો ત્યાં રહેતા નથી. નિર્વિકલ્પ દશા પ્રગટ થાય છે અને પરમાત્મ તત્ત્વનો આનંદ અનુભવમાં આવે છે, લ્યો. આહાહા! શુ કહ્યું ઈ? ભગવાન શુધ્ધ ચૈતન ઘન આનંદ કંદ એવું તત્ત્વ છે એને વર્તમાન પર્યાયે તેના તરફ સન્મુખ થતાં, રાગ આદિની ઉત્પત્તિ થતી નથી. નિર્વિકલ્પ દશા થાય છે ત્યારે અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. પરમાત્મ તત્ત્વનો આનંદ અનુભવમાં આવે છે. આહાહા! એનું નામ સમ્યગ્દર્શન ને એનું નામ ધર્મ. આહાહા!

''કોઈ કહે સેવીએ વિવિધ ક્રિયા કરી, ફળ અનેકાંત લોચન ન દેખે'' આનંદઘનજી માં આવે છે. કોઈ કહે સેવીએ વિવિધ ક્રિયા કરી. વિવિધ ક્રિયા, દયા, દાન, ભક્તિ, ઉપાસના, સેવા, શાસ્ત્ર, ભણતર, શાસ્ત્ર બનાવવા દેવા ઈ વિવિધ પ્રકારની ક્રિયાઓ. ''કોઈ કહે સેવીએ વિવિધ ક્રિયા કરી ફળ અનેકાંત લોચન ન દેખે'' પણ એનું

ફળ તો અનેક એટલે ચાર ગતિ છે. આહાહા! આનંદઘનજીમાં આવે છે ધીરૂભાઈ! આનંદઘનજી. શ્વેતાબંરમાં. 'ફળ અનેકાંત ક્રિયા કરી બાપડા, રળ વળે ચૌ ગતિ માંહિ લેખે' જેનું ફળ અનેકાંત છે, અનેકાંત એટલે અનેક ગતિમાં રખડવું તે છે. આહાહા! સમજાણું કાંઈ? હવે એને એ ધર્મ થાય છે અને ધર્મ થાશે, એમ મનાવીને બચારા પડયા છે. આહા! એને આત્માનો અનુભવ નહિં થાય. સમજાણું કાંઇ? તે વખતે બહારની ગમે તેવી અનુકૂળતા કે પ્રતિકૂળતા હોય તો પણ ચિત્ત મલિન થતું નથી. શુદ્ધચૈતન્યના ધ્યેયના ધ્યાનમાં અનુભવતા એને વિકલ્પ રહેતો નથી, એમ કહે છે. આહાહા! આવી વાતો બિચારાને વહેવાર નો તો લોપ કરી નાખે છે. કહે. એય. રાગનો લોપ થાય ત્યારેજ અંદર જવાશે નવરંગભાઈ!

આવી ચીજ છે બાપુ! એને લક્ષમાં તો લે, એને જ્ઞાનમાં તો લક્ષમાં લે, કે માર્ગ તો આ છે એને એ જાતની શ્રદ્ધાથી નક્કી તો કર, એ જાતની શ્રદ્ધા. આહાહા! હેં! પછી શ્રદ્ધાન અંદર. આહા! વસ્તુ સ્વરૂપ પૂર્ણ શુધ્ધ ચૈતન એને પામવા માટે, તે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન સમ્યગ્ચરિત્ર થવા માટે એને રાગની મંદતાના વિકલ્પની કોઈ જરૂરી નથી. આહાહા! છે? એનું મૂળ સ્વરૂપ શુધ્ધ ચૈતન એને અવલંબતા શુધ્ધ નિત્યાનંદ પ્રભુ તેને સન્મુખમાં જતાં મનમાં મલિનતા રહેતી નથી. આહાહા! આવો જીવ સ્વરૂપમાં લીન થઈ અકથ્ય આનંદ શાંતિ અનુભવે છે. આહાહા! એ અનુભવ રસના પ્યાલા પીયા ન જાય, એવી વાત છે જરી. આહાહા!

એ આનંદ સ્વરૂપ પ્રભુ અતીન્દ્રિય આનંદ કે જે કરોડો ઈન્દ્રાણી ના સંગમાં આવતો ઈન્દ્ર, એને એ સુખની ગંધ નથી, એ સુખમાં તો ઝેર છે એના સુખમાં તો. આહાહા! પ્રભુ આત્મામાં એવો અતીન્દ્રિય આનંદ છે કે ઈ ઝેરનાં આનંદ હારે એને મેળવી શકાય નહિં. ઈન્દ્રનાં સુખ કરતાં આત્માના આનંદનું સુખ અનંત ગણું, એમ ઝેરની હારે આત્માને ગુણાય નહિં. હેં? હા શેની મેળવણી થાય? એ તો ઝેરનાં છે આ પ્યાલા. નથી એમાં આનંદ, સ્ત્રીનાં વિષયમાં આનંદ, આબરૂના સિંહાસને ચડયો અને બેઠો હોય મોટી આબરૂ એના સુખ એ ઝેરનાં સુખ છે. આહા! આત્માના સિહાંસને બેસતાં, આહાહા! ઉદાસીન રાગથી ખસી જઈને શુધ્ધ ચૈતનના ધામમાં વસતાં જે આનંદ અનુભવાય કહે છે કે એ બાહ્યનાં આનંદની હારે ક્યાંય મેળ નથી, એ અકથ્ય આનંદ શાંતિ છે. આહાહા!

સાકરનો સ્વાદ ખ્યાલમાં હોવા છતાં કેવો છે? ક્યા પદાર્થની હારે મિંઢવીને બતાવવું એ કોઈ ચીજ નથી. સાકર અથવા દૂધ. સમજાણું કાંઇ? કે ઘી, ઘી લ્યો, ઘીનો

સ્વાદ ખ્યાલમાં હોય, જેને ગળથુથીથી ઘી મળે છે છતાં એ કેવું મીઠું છે, કોઈ પદાર્થની હારે મેળવીને કહી શકાય નહિં. હેં ? એ સાકરની મીઠાશનું જ્ઞાન હોં ! મીઠાશ અહીંયા આવતી નથી. મીઠાશ છે એ તો જડ છે. ચૈતનને એની મીઠાશ નથી આવતી જડની. ફક્ત એનો ખ્યાલ આવે છે એમાં, અને એમાં વિકલ્પ ઉઠે છે એટલે એને ઠીક લાગે છે એમ. પણ એ ઘી નું જ્ઞાન થયું અહીંયા, થયું છે તો તે કાળની પોતાની પર્યાયનું, પણ એ જ્ઞાન ઘી કેવું ? કોઈ જગતનો પદાર્થ એને મિંઢવીને આવો ઘીનો સ્વાદ એમ નહિં કહી શકે ? ઘી નો સ્વાદ ગળથુથીએ મળ્યો છે ઘીતેલા જેવો હશે. ઓલા તળાવમાં નથી આવતા ઘીતેલા. હેં ? કેળા જેવો સ્વાદ હશે ? સાકર જેવો હશે ? ગોળ જેવો હશે ? ભાઇ એ જાણું છું ખરો પણ એ કેવો છે એમ કહી શકતો નથી. આહાહા ! ત્યારે એની જાત ધૂળનાં સ્વાદનો ખ્યાલ એ ધૂળ છે ને ઘી. આહાહા ! આહા !

એના ખ્યાલને બીજા પદાર્થ હારે મેળવીને તુલનાત્મક કરીને કહી શકાય એવી કોઈ ચીજ નથી, તો આમનું અકથ્ય કહે છે, જુઓ. આહાહા ! અકથ્ય આનંદ શાંતિ અનુભવે છે. આહાહા ! પરંતુ બાહ્ય પદાર્થમાં ઈષ્ટ અનિષ્ટની કલ્પના કરી જેનું ચિત્ત રાગદ્વેષ આદિ કષાયોથી આકુલિત થાય છે. આહાહા ! તેને શુદ્ધાત્માનો આનંદ આવતો નથી, તેને શુદ્ધાત્મા સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. આહાહા ! આવો ભારે ધર્મ ભાઈ આવો. અમે તો આખી જીદંગી આવું સાંભળ્યું નો'તું કોઈ દિ'. ત્યાં કરો સામાયિક કરો, પોહા કરો, પડિકમ્મણા કરો, ફલાણું કરો, ઢીકણું કરો એવું સાંભળ્યું'તું બધું. બાપુ મારગડા જુદા ભાઈ ! એ બધી વિકલ્પની લાગણીની વાતું છે. આહાહા ! વળી તત્ત્વ શબ્દથી શું કહેવા માંગે છે, એ કહે છે. તત્ત્વ શબ્દથી શું કહેવા માંગે છે, તે કહે છે. છે ? ઈ છત્રીસ ૩૬મો શ્લોક ?

**किं पुनस्तत्त्वशब्देनोच्यत इत्याह –**

**अविक्षिप्तं मनस्तत्त्वं विक्षिप्तं भ्रान्तिरात्मनः।**
**धारेयत्तदविक्षिप्तं विक्षिप्तं नाश्रयेत्ततः ।। ३६ ।**

**અવિક્ષિત મન તત્ત્વ નિજ, ભ્રમ છે મન વિક્ષિપ્ત[૨];**
**અવિક્ષિપ્તને મનને ધરો, ધરો ન મન વિક્ષિપ્ત** ।। ૩૬ ।।

**टीका** : अविक्षिप्तं रागाद्यपरिणतं देहादिनाऽऽत्मनोऽभेदाध्यवसायपरिहारेण स्वस्वरूप एव निश्चलतां गतम् । इत्थं भूतं मनः तत्त्वं वास्तवं रूपमात्मनः । विक्षिप्तं उक्तविपरीतं मनोभ्रान्तिरात्मस्वरूपं न

૨. વિક્ષિપ્ત - આકુલિત

भवति । यत एवं तस्मात् धारयेत् । किं तत्? मनः । कथम्भूतम्? अविक्षिप्तम् । विक्षिप्तं पुनस्तत् नाश्रयेन्न धारयेत् ।। ३६ ।।

વળી તત્ત્વ શબ્દથી શું કહેવા માગે છે તે કહે છે :-

**અન્વયાર્થ** : (अविक्षिप्तं) અવિક્ષિપ્ત (मनः) મન છે તે (आत्मनः तत्त्वं) આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે અને (विक्षिप्तं) વિક્ષિપ્ત મન છે તે (आत्मनः भ्रान्तिः) આત્મ-વિભ્રમ છે (ततः) તેથી (तम् अविक्षिप्तं) તે અવિક્ષિપ્ત મનને (धारयेत) ધારણ કરવું અને (विक्षिप्तं) વિક્ષિપ્ત મનનો (न आश्रयेत्) આશ્રય કરવો નહિં.

**ટીકા** : અવિક્ષિપ્ત એટલે રાગાદિથી અપરિણત-દેહાદિ સાથે આત્માના અભેદ (એકરૂપ)ના અધ્યવસાય (મિથ્યા અભિપ્રાય)નો પરિહાર કરીને સ્વ-સ્વરૂપમાં જ નિશ્ચલ (સ્થિર) થઇ ગયેલું એવું મન તે આત્મ-તત્ત્વ એટલે આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે.

વિક્ષિપ્ત એટલે ઉપર કહ્યું તેનાથી વિપરીત (અર્થાત્ રાગાદિથી પરિણત તથા દેહ અને આત્માના ભેદજ્ઞાનથી રહિત) મન તે (આત્મ) ભ્રાન્તિ છે, તે આત્માનું સ્વરૂપ નથી; માટે (તેને-અવિક્ષિપ્ત મનને) ધારણ કરવું. તેને એટલે કોને? મનને; કેવા (મનને)? અવિક્ષિપ્ત (મનને); પરંતુ તે વિક્ષિપ્ત (મનને) ધારણ કરવું નહિ-તેનો આશ્રય કરવો નહિં.

**ભાવાર્થ** : જે મન રાગદ્વેષથી વિક્ષિપ્ત થતું નથી-આકુલિત થતું નથી, દેહાદિમાં આત્મબુદ્ધિ કરતું નથી અને આત્મ-સ્વરૂપમાં નિશ્ચલ રહે છે તે આત્મ-તત્ત્વ છે-આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે. જે મન રાગદ્વેષાદિરૂપે પરિણમે છે-તેનાથી વિક્ષિપ્ત થાય છે; દેહ અને આત્માના ભેદ-જ્ઞાનથી રહિત છે અને આત્મસ્વરૂપમાં સ્થિર થતું નથી તે આત્મ-ભ્રાન્તિ છે, આત્માનું નિજરૂપ નથી. માટે અવિક્ષિપ્ત મન આત્મ-તત્ત્વ હોવાથી પ્રગટ કરવા યોગ્ય છે અને વિક્ષિપ્ત મન આત્મ-તત્ત્વ નહિં હોવાથી હેય છે-ત્યાગવા યોગ્ય છે.

જ્યારે જ્ઞાનસ્વરૂપ ભાવ મન રાગાદિ વિભાવ ભાવોથી છૂટી આત્માને, શરીરાદિ બાહ્ય પદાર્થોથી ભિન્ન, ચૈતન્યમય, એક ટંકોત્કીર્ણ જ્ઞાયક સ્વભાવરૂપ અનુભવ કરવા લાગે છે તથા તેમાં તન્મય થઇ જાય છે ત્યારે તે અવિક્ષિપ્ત અર્થાત્ નિર્વિકલ્પ ભાવમનને 'આત્મતત્ત્વ' કહે છે, પરંતુ જ્યારે તેમાં વિકલ્પો ઉઠવા લાગે તે વિક્ષિપ્ત અર્થાત્ સવિકલ્પ મનને આત્માનું તત્ત્વ કહેતા નથી. તે આશ્રવ છે. માટે આત્માર્થીએ સ્વસન્મુખ થઇને નિર્વિકલ્પ મનને જ અવિક્ષિપ્ત મનને જ ધારણ કરવું જોઇએ. તેનાથી જ આત્મ-લાભ છે.

**વિશેષ**

પ્રથમ સ્વ-પરનું ભેદજ્ઞાન કરી પર પદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટપણાની કલ્પનાનો ત્યાગ કરવો, રાગ-દ્વેષાદિનાં કારણો તરફ ઉપેક્ષા-બુદ્ધિ કરવી અને ભાવશ્રુતજ્ઞાનને અંતર્મુખ કરવું. આથી પર પદાર્થો સંબંધીના સંકલ્પ-વિકલ્પો બધા શમી જશે, મન અવિક્ષિપ્ત બનશે અને આત્મસ્વરૂપમાં સ્થિર થશે. આવા અવિક્ષિપ્ત ભાવ મનને જ પ્રગટ કરવા આચાર્યે ઉપદેશ આપ્યો છે, કારણ કે તે આત્મ-તત્ત્વ છે અને તે મોક્ષનું કારણ છે.

જે જ્ઞાનનો ઉપયોગ રાગાદિ વિકારોમાં તથા પર પદાર્થોમાં રોકાય છે તે જ્ઞાન નથી, પણ જે જ્ઞાન જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત થાય છે તે જ વાસ્તવિક જ્ઞાન છે-આત્મતત્ત્વ છે; માટે તે ઉપાદેય છે.

જે ઉપયોગ પરમાં જ અટકેલો રહેવાથી આત્મ-સન્મુખ વળતો નથી, તે પરના વલણવાળું તત્ત્વ છે, આત્માના વલણવાળું તત્ત્વ નથી, તેનાથી સંસાર છે માટે તે હેય છે. ૩૬

---

## પ્રવચન – ૪૪

**ટીકા** એની. એક રાજા હતો, પછી રાણી રીસાણી'તી ને રાજા મનાવવા ગ્યો, પછી ન માની પછી થઈ ગયો વૈરાગ. પછી લીધી દીક્ષા એવી વાત હોય તો સમજાયે ખરી, પણ દીક્ષા કોને કહેવી ? હેં ? ને પછી થયો મોક્ષ. હમણાં અમારો મનસુખ કહેતો'તો પાલેજવાળો. એના ફઈબાનાં દિકરાનો દિકરો દસ વરસની ઉંમરનો, દીક્ષા લીધી અમદાવાદ. કુંવરજીભાઈની બેનનો દિકરો, એનો દિકરો એના દિકરાનો દિકરો. એને એક શીખવી રાખેલું સાધુએ. કોઈ કહે તો મારે દીક્ષા લેવી છે મારે દીક્ષા લેવી છે, પણ દસ વર્ષનો હજી દીક્ષા સમક્તિની ખબર નથી તને, તારા ગુરૂનેય ખબર નથી. મનસુખ કાંઈક કહેતો'તો. અમારે છે ને મનસુખ આવ્યો તો કાલે. એના ફઈબાના દિકરાનો દિકરો એટલે આ દીક્ષા લેવા ગયા, મનાવવા ગયા. ઘણું ઘણું સમજાવ્યું એકજ વાત કરે, મારે દીક્ષા લેવી છે. મારે પણ શું દીક્ષા એટલે શું ખબર તો પડે નહિં કાંઈ. હજી દસ વરસનો, કાંઈ ભાન ન મળે, દેનારનેય ભાન ન મળે ને લેનારનેય ભાન ન મળે. એ દીક્ષા મિથ્યાત્વને બાંધે છે. શુભ નહિં મિથ્યાત્વ મિથ્યાત્વ મિથ્યા શ્રદ્ધાને ઉપાર્જે. દીક્ષા નથી, ચારિત્ર નથી, સમક્તિ નથી

એને દીક્ષા માને તો મિથ્યાત્વને પોષે છે. દીક્ષા ક્યાં હતી ? હજી તો સમ્યગ્દર્શન કોને કહેવું ઈ ખબર ન મળે. આહાહા ! હેં ? ઘણી થાય છે હમણાં તો.

બાઈયું કુંવારી લ્યે છે, કેટલી દીક્ષા. એ બધા રખડવાના. મિથ્યાત્વને ઘૂંટી ઘૂંટીને નિગોદમાં જવાના. એવી વાત છે જરી આકરી વાત છે. ધીરૂભાઈ ! દુનિયાથી જુદી વાત છે. આહા ! કુંદકુંદઆચાર્ય તો એમ કહે છે કે એક વસ્ત્રનો તલ જેટલો સુત જેટલો કપડું રાખે અને અમે મુનિ છીએ એમ માને મનાવે માનતાને રૂડું જાણે નિગોદં ગચ્છં ઈ એવો પાઠ છે. ઈ નિગોદ બટાટા સકરકંદ માં જશે, અનંત કાળ રહેશે કેમ કે નવેય તત્ત્વની વિરૂધ્ધ શ્રદ્ધા એની છે. શેઠિયાઓ ઘરે દીક્ષાનાં વરઘોડા કાઢે, દીક્ષા નિમિત્તે ઘરેથી આમ નામ બહાર આવે, બે પાંચ હજાર ખરચે. આહાહા ! અરે ભાઈ ! તું લુટાંવ છો બાપુ, તને ખબર નથી. આહાહા ! કહે છે, એક વસ્ત્રનો ધાગો એટલો ભાવ જેને રાખવાનો છે, એના ભાવમાં મિથ્યાત્વ પડયું છે કે આ હું મુનિ છું એમ. આહાહા ! કેમ કે વસ્ત્ર રાખવાનો સંયોગી ચીજનો જે ભાવ છે એ સંવર નથી, એ આશ્રવ છે અને એનો સંયોગ થાય છે. આશ્રવ ને નિમિત્ત છે એને સંવર નથી, એને સંવર માને છે એને નિર્જરા નથી, નિર્જરા માને છે. એનું ફળ મોક્ષ નથી, એનું ફળ મોક્ષ માને છે. દરેક તત્ત્વમાં ફેર છે. આહાહા ! સમજાણું કાંઈ ?

ભાઈને તો એમ કે એવી દીક્ષા બીક્ષાનો ભાવ કરે તો શુભ તો થાય કે નહિં ? એમ કહે છે. (**શ્રોતા** : શુભભાવ તો થાય) ધૂળ યે નથી શુભ, મહા મિથ્યાત્વનો અશુભ ભાવ પડયો હોય એમ જરી કોઈ રાગની મંદતાનો ઠીક લાગે એની ગણતરી શી ? આહાહા ! બધું એમ જ ચાલે છે. છે ને એ બધુ જોયું છે ને ? આહાહા ! કહે છે, અવિક્ષિપ્ત રાગાદિથી અપરિણીત દેહાદિ સાથે આત્માનાં અભેદના અધ્યવસાયનો પરિહાર કરીને સ્વસ્વરૂપમાં જ નિશ્ચલ સ્થિત થઈ ગયેલું મન આત્મતત્ત્વ એટલે આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે. શું કહે છે ?

વિકલ્પો જે છે દયા, દાન, વ્રત, ભક્તિ આદિનાં એનાથી અપરિણીત નહિં પરિણમેલો, દેહાદિ સાથે આત્માનાં અભેદનાં અધ્યવસાય નો પરિહાર કરી દેહ હું છું, દેહની ક્રિયા મારાથી થાય છે, એવો જે અભેદ મિથ્યાત્વ ભાવ એને છોડીને, સ્વસ્વરૂપમાં નિશ્ચલ સ્થિર થયેલું. આહાહા ! પોતાનાં આનંદ ધામમાં મન જામી ગ્યુ એવું મન તે આત્મતત્ત્વ એટલે આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે, એટલે કે નિર્વિકલ્પ દશા તે આત્માનું સ્વરૂપ છે. આહાહા ! વિક્ષિપ્ત એટલે ઉપર કહ્યું તેનાથી વિપરીત. રાગ, વિકલ્પ આદિથી

પરિણીત વિકલ્પથી રાગથી પરિણમેલું મન અથવા જ્ઞાન અને દેહ અને આત્માનાં ભેદજ્ઞાનથી રહિત મન તે ભ્રાંતિ છે. આહાહા!

રાગની એકતા ને દેહ તે હું, દેહની ક્રિયા હું કરી શકું છું, વિકલ્પ ઉઠે તે મારી ચીજ છે એવી જે ભ્રાંતિ, એને મિથ્યાત્વ કહે છે. સમજાણું કાંઇ ? તે આત્માનું સ્વરૂપ નથી. એટલે શું કહે છે? કે વિકલ્પ રાગથી પરિણીત જ્ઞાન અને દેહથી એકપણાની માન્યતા એમ ભેદ જ્ઞાન કરાવી એવી જે ભ્રાંતિ એટલે મિથ્યાત્વ છે એ તો. આહા! અહિંયા તો એ કાળે એને અસમાધિ છે, એમ કહેવું છે. રાગની એકતા ને દેહની એકતા એવો જે ભાવ તે ભ્રાંતિ એટલે અસમાધિ છે, દુ:ખ છે અને રાગને શરીરથી ભિન્ન પડેલા તત્ત્વમાં લીન થતાં ત્યાં આનંદ છે. સમજાણું કાંઈ? એટલે કે શુભ વિકલ્પથી પરિણમેલી દશા અને દેહ ને આત્મા એક છું એવી ભ્રાંતિ, એ બધો મિથ્યાત્વ ભાવ છે, પછી ભલે સાધુ થયો હોય બહારથી હજારો રાણી છોડીને પણ અંદરમાં એ વિકલ્પ ઉઠયો છે એ વિકલ્પ તે હું છું. સમજાણું? અને વિકલ્પની પરિણતી એટલે દશા એ મારી છે એવી જે ભ્રાંતિ, એ મિથ્યાત્વમાં પડયો છે. આહાહા! સમજાણું કાંઈ?

એ આત્માનું સ્વરૂપ નથી. તેને અવિક્ષિપ્ત મનને ધારણ કરવું, એણે એ આત્માનાં સ્વરૂપને ધારણ કરવું, વિકલ્પને છોડી દેવા એમ કહેવું છે. કોને? મનને. કેવા મનને? અવિક્ષિપ્ત, તેનો આશ્રય કરવો નહિં. આહાહા! એટલે મનમાં જે વિકલ્પ ઉઠે તે વિક્ષિપ્ત મન છે, અસ્થિર મન છે, ચંચળ કલ્લોલ છે, એ દુ:ખરૂપ દશા છે, એનો આશ્રય ન કરવો. આહાહા! જે મન રાગ દ્વેષથી વિક્ષિપ્ત થતું નથી, જેનું જ્ઞાનની પર્યાયમાં રાગ દ્વેષથી વિક્ષિપ્ત અસ્થિર ચંચળ થતું નથી, આકુલિત થતું નથી, દેહાદિમાં આત્મબુધ્ધિ કરતું નથી.

દેહ આદિ હું છું, એમ જે જ્ઞાનની પરિણતી માનતો નથી, આત્મસ્વરૂપમાં નિશ્ચલ રહે છે, તે આત્મ તત્ત્વ છે, તે આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે. આહાહા! પંચમહાવ્રતનાં વિકલ્પથી રહિત એ આત્માનું સ્વરૂપ છે. પંચમહાવ્રતનાં વિકલ્પ એ આત્માનું સ્વરૂપ નથી. આહાહા! પંચમહાવ્રત અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય એ બધો વિકલ્પ છે, રાગની લાગણી છે વિક્ષિપ્ત છે ચંચળતા છે અસ્થિર છે અણાત્મા છે. આ તો આખા સંસારને ઉડાવી દેવાની વાતું છે આંહી તો ભાઇ! એવી વાત છે. આહાહા! એ અનાદિ સંસાર એનો અંત લાવવાની તો આ વાત છે. આહાહા! કે જે ભગવાન આત્મા, જેમાં સંસાર એટલે ઉદય ભાવ છે જ નહિં. આહાહા! એ વિકલ્પ છે બધા એ તો ઉદય ભાવ છે,

સંસાર છે. આહાહા!

એવા વિક્ષિપ્ત અસ્થિર વિકલ્પની દશાને અણાત્મા તરીકે જાણીને તેનાથી ભિન્ન પડ. આહાહા! એવું જ્ઞાન સ્વરૂપ. આહાહા! તે આત્માનું સ્વરૂપ વાસ્તવિક છે. જે મન રાગદ્વેષ આદિ રૂપે થાય છે, જે પર્યાયમાં રાગનું પરિણમન થાય છે તેનાથી વિક્ષિપ્ત થાય છે અસ્થિર થાય છે, દેહ અને આત્માનાં ભેદ જ્ઞાનથી રહિત છે. શરીરને રાગથી ભિન્ન આત્મા એને ખબર નથી ને આત્મસ્વરૂપમાં સ્થિર થતું નથી તે આત્મ ભ્રાંતિ. આહાહા! તે આત્માનું સ્વરૂપ નથી. માટે અવિક્ષિપ્ત મન આત્મતત્ત્વ હોવાથી પ્રગટ કરવા યોગ્ય છે. એ નિર્વિકલ્પદશા પ્રગટ કરવા યોગ્ય છે, એમ કહે છે. આરે! આ ભારે વાતું. ભાઈ! મન આત્મતત્ત્વ નહિં હોવાથી હેય છે. અસ્થિર મન તે આત્મતત્ત્વ નહિં હોવાથી છોડવા લાયક છે વહેવાર વિકલ્પ, ને અંતરમાં સ્થિર થવા લાયક છે, તે આત્માને સમ્યગ્દર્શન થશે, નહિંતર થશે (નહિં).

વિશેષ આવશે.....

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

**આનંદનો નાથ એવા શુદ્ધાત્માની પ્રેમથી વાત સાંભળે છે તેને ભાવી નિર્વાણનું ભાજન કહ્યું છે. એને સાંભળતા દેહથી ભિન્ન છું. કર્મથી ભિન્ન છું, રાગથી ભિન્ન છું ને પોતાથી પરિપૂર્ણ છું એ વાત એને બેસવી જોઈએ, હકાર આવવો જોઈએ. આમાં કાંઈ મુંઝાવા જેવું નથી. સાંભળીને હા પાડતાં હકાર આવતાં અંદર સંસ્કાર પડતાં જાય છે.**

**દૃષ્ટિનાં નિધાન ૨૩**

# પ્રવચન – ૪૫

## શ્લોક – ૩૬

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૨૪.૦૧.૭૫**

**किं पुनस्तत्त्वशब्देनोच्यत इत्याह -**

**अविक्षिप्तं  मनस्तत्त्वं विक्षिप्तं भ्रान्तिरात्मनः ।**
**धारयेत्तदविक्षिप्तं विक्षिप्तं नाश्रयेत्ततः ।। ३६ ।।**

અવિક્ષિપ્ત મન તત્ત્વ નિજ, ભ્રમ છે મન વિક્ષિપ્ત[૧];
અવિક્ષિપ્તને મનને ધરો, ધરો ન મન વિક્ષિપ્ત ।। ૩૬ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

---

૧. વિક્ષિપ્ત - આકુલિત

૩૬ મો કળશ ગાથા (ભાવાર્થ) પાનું ૫૯મું બીજો પેરેગ્રાફ છે. દુર્ગમ સ્વરૂપનો અનુભવ કેમ થાય એ વાત છે આંહી તો. કેમકે અનાદિ કાળથી રાગ દ્વેષ આદિ વિકલ્પોનો તો અનુભવ અનંત વાર થયો, પણ વાસ્તવિક તત્ત્વ જે ચૈતન મૂર્તિ આનંદનું ધામ તેમાં નિર્વિકલ્પપણે તેનું મલાવ, એનુ મેળવવું. શુભ અને અશુભ રાગની વૃત્તિઓ કરે એ તો દુઃખરૂપ આશ્રવ તત્ત્વ અને અહીં અણાત્મા છે. ઠીક આજે રજા છે, છોકરાઓ આવ્યા છે ને ? રજા છે ને રજા.

આંહી તો આત્મા વિકલ્પથી રજા લ્યે છે હવે. આહાહા ! ચૈતન આનંદનું દળ એ આત્મા છે. એમાં જ્ઞાનસ્વરૂપ ભાવ, જ્ઞાન સ્વરૂપ ભાવ જાણવાના સ્વભાવે ભાવ એ મન રાગાદિક વિભાવ ભાવોથી છૂટી જો આ છૂટી આવ્યું રજા એ. આહા !

ચાહે તો શુભ રાગ હો કે અશુભ હો, ચાહે તો દેવગુરૂ શાસ્ત્રની શ્રધ્ધાનો વિકલ્પ હો, કે શાસ્ત્રના ભણતરનો વિકલ્પ હો, પણ એ વિકલ્પ તો આશ્રવ છે, એ આત્મ તત્ત્વ નહિં. આહાહા ! એ આશ્રવથી ભિન્ન પડી, જ્ઞાન સ્વરૂપ ભાવ મન, ભાવ મન નો અર્થ કે આત્મ તત્ત્વ, રાગાદિ વિભાવ ભાવોથી, ભિન્ન છે બહુ ઝીણી વાત છે. ધીરૂભાઈ ! આહાહા ! ધર્મ એ કોઈ સાધારણ વાત નથી. અનંત કાળમાં એક સેકન્ડ પણ કર્યો નથી, બાકી તો અનેક શુભ ભાવના મરણે તો અનંતવાર મર્યો છે. અશુભ ભાવનાં મરણે અનંતવાર મર્યો છે પણ એ શુભ અશુભ જે વિકલ્પ છે ચાહે તો દયાનો દાનનો વ્રતનો ભક્તિનો પૂજાનો કે ગુણગુણીનાં ભેદનો, એ વિકલ્પ છે, એ રાગ છે. એ આત્મા રાગાદિ સ્વરૂપને છોડી અંતરજ્ઞાન સ્વરૂપી ભગવાન આત્માને નિર્વિકલ્પ દશાથી પકડે. જ્ઞાન સ્વરૂપ ભાવ મન એટલે આત્મા, વિકલ્પોના વિભાવભાવોથી છૂટી અંતરાત્માનાં આનંદને શરીરાદિ બાહ્ય પદાર્થથી ભિન્ન પાડી, આહાહા ! સમ્યગ્દર્શન પ્રથમ ધરમની સીઢી, ધરમનું પહેલુ પગથીયું. એ તો ક્યારે થાય ? કહે છે આહા ! શુભ અશુભ વિકલ્પોથી છૂટી બાહ્ય પદાર્થોનાં ભાવથી ખસી. આહા ! ચૈતનમય બધા એક ટંકોત્કીર્ણ જ્ઞાયક સ્વભાવ અનુભવ થવા લાગે. આહા !

એકલો જ્ઞાન સ્વભાવ, એનો અનુભવ કરે ત્યારે એને આનંદનો સ્વાદ આવે, ત્યારે એને આત્માનો લાભ થયો કહેવાય. આહાહા ! જુઓ આ લાભ સવાયા. વાણિયા નથી લખતાં ? બારણા ઉપર લખે. બારણા ઉપર લખે લાભ સવાયા. બીજું શુભ લાભ, શુભ. લાભ લખતે હૈ કી નહિં ? એ શુભ અલાભ. જગતનો લાભ એ અલાભ, પૂર્ણાનંદનો નાથ પ્રભુ અંદર જેનું સ્વરૂપ વિકલ્પ વિનાનું, રાગ વિનાનું એવું એ આત્મ

તત્ત્વ, એને બાહ્યનાં આશ્રયથી થતાં વિકલ્પની લાગણીઓને છોડી દઈ અંતરના અવલંબે જાય. આહાહા ! ભારે કરી. ત્યારે જ્ઞાયક સ્વભાવ અનુભવ થવા લાગે. શેઠ આવો મારગ છે આ. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. જ્ઞાયકભાવ જાણગભાવ, જાણગસ્વભાવ, આત્મતત્ત્વ, એને સ્વ પદાર્થનાં સન્મુખ જવામાં પર પદાર્થનો આશ્રય વિકલ્પને એણે છોડવો પડશે. એ વહેવાર રાખીને નિશ્ચય થશે ? સમજાણું કાંઈ ? આહાહા. ભારે માર્ગ ભાઈ ! એવા આત્માના સન્મુખનાં ભાવ વિના, પર સન્મુખનાં ભાવે તો અનંતવાર મર્યો, અનંતવાર જન્મ્યો આહાહા ! સર્પે એને કરડયો ને મર્યો એવા મરણ અનંત કર્યા છે એણે. સાચું હશે કેમ ?

અનંતકાળ, અનંત કાળ થયો ને આદિ વિનાનો કાળ છે. છે, છે ને ? છે આત્મા. એ દરેક ભવમાં અનંતવાર એને સર્પે કરડયો ને મર્યો. એવું મરણ અનંતવાર કર્યું છે. એ મરણ તો સર્પે કરડે ને છૂટે એક વાર છે, પણ રાગની ક્રિયા એ ધર્મ ક્રિયા છે એવું જે મિથ્યાત્વનું ઝેર, એવા ઝેરે એણે અનંતા મરણ કર્યા છે. ક્યાંય એને શાંતિ નથી મળી. એ શાંતિ મળે, તો એનો ઉપાય ? કે બાહ્ય પદાર્થના વલણ ના ભાવને છોડી અંતર આનંદ સ્વરૂપમાં, ધ્યેયમાં સન્મુખ થઈ, આહાહા ! એ આત્માનો અનુભવ કરે તથા તેમાં તન્મય થઈ જાય ત્યારે તે અવિક્ષિપ્ત નિર્વિકલ્પ મન એટલે આત્મતત્ત્વ કહેવાય. અવિક્ષિપ્ત મન છે ને મન, મનનો શબ્દ અહીંયા આત્મા લેવો, આત્મતત્ત્વ કહે છે. આહાહા ! ધીરેથી ચૈતન ભગવાન ધ્રુવસ્વરૂપ નિત્ય આનંદનું દળ છે એ. એ આનંદનાં દળને વિકલ્પોના લાગણીથી છોડી, અંતરમાં વિશ્રામ ઠામ લે એને નિર્વિકલ્પ તત્ત્વ હાથ આવે. આહાહા ! એને નિર્વિકલ્પ તત્ત્વનું નિધાન અનુભવમાં આવે. આરે આવી વાત કેવી આ તે ? આહાહા ! એ ધીરુભાઈ ! આવુ કાંઈ સાંભળ્યું છે ? તમારે હોસ્પિટલમાં ને, શું છે કાંઇ ખબર છે ? ને એ કમિટી ત્યાં બધી કોકને કહ્યું'તું કે ફલાણાને મોટી કંપની છે.

આહાહા ! ત્યાં તો ગપેગપ વાતો હાલતી હોય બધી. આહાહા ! ભાઈ ! તું ધીરો થા. ધીરજ માં હાલ. પર તરફનાં આશ્રયે લક્ષે જે ભાવ થાય એ બધા વિકારી ઝેર પરિણામ છે. એવા પર આશ્રયમાં, પર દ્રવ્યના, પરતત્ત્વનાં વલણવાળા જે વિકલ્પો શુભાશુભ, એમાં આત્મા નથી. એ શુભાશુભ રાગ, એમાં આત્મા નથી. તેથી એ શુભાશુભ રાગના ભાવ. નિર્વિકલ્પ મન એટલે નિર્વિકલ્પ આત્મતત્ત્વ, એનો અનુભવ થાય એને નિર્વિકલ્પ દશામાં આત્મ લાભ થાય છે. આવી વાત લોકોને બહુ કઠણ પડે અને લોકોને ચડાવી દીધા બિચારા ને બહારમાં. ના બાપુ ! આ રસ્તા વિના ભાઈ ! તારા જન્મ મરણનાં આરા નહિં આવે, હેં ? માર્ગ આ છે. બીજી રીતે હળવો કરીને ઊંધો માર્ગ બતાવશે, ત્યાં પંથ નહિં આવે હાથ. આહાહા !

ચૈતન ભગવાન પૂરણ આખો, પૂરણ સ્વભાવે તત્ત્વ બિરાજમાન છે અંદર. આહાહા ! એનો લાભ એને કેમ થાય ? કે બાહ્ય તરફનાં ગમે તેવા વિકલ્પો હો એનું લક્ષને છોડી દઈ અને નિર્વિકલ્પ દશાથી આત્મા ને અનુભવે એને આત્માનો લાભ થાય, એને ધર્મ થાય અને એ સુખને પંથે પડે. કો' નવરંગભાઈ ! આહાહા ! છે ? નિર્વિકલ્પ ભાવ એવું આત્મતત્ત્વ. આહાહા ! આખું ચૌદ પૂર્વ ને બાર અંગનું માખણ છે આ તો. આહાહા ! કરવાનું હોય તો, એને સુખને પંથે દોરાવું હોય તો એને આ કરવું પડશે. બાકી બધા થોથે થોથા શાસ્ત્રના. વાંચનનાં વિકલ્પો, સાંભળવાનાં વિકલ્પો, કહેવાના વિકલ્પો, આહાહા ! એ બધામાં આત્મા નથી. એ વિકલ્પની વૃત્તિઓનું લક્ષ છોડી, ભગવાન આનંદની મૂર્તિ છે તેના સન્મુખ થઈ, રાગ વિનાની દશા વડે આત્મા ને અનુભવે, એને આત્માનો લાભ મળે એને ધર્મ લાભ થયો કહેવાય, તે મોક્ષને પંથે જાય છે એમ કહેવાય. કો' સમજાણું કાંઈ ? બાકી તો બધા રખડવાના રસ્તે ચડી ગ્યા છે.

અરે ! પરંતુ જ્યારે તેમાં વિકલ્પ ઉઠવા લાગે. આહા ! નિર્વિકલ્પ તત્ત્વસ્વરૂપ એના અનુભવમાં આત્માને આત્મા મળ્યો. એ આત્મતત્ત્વની પ્રાપ્તિ આત્માના નિર્વિકલ્પ ભાવ વડે જ થશે, બાકી વિકલ્પ ઉઠયા, વૃત્તિ ઉઠે અંદર. આહાહા ! ત્યારે તો હું શુધ્ધ છું અને અબધ્ધ છું ને એવો વિકલ્પ ઉઠે છે ત્યારે વિક્ષિપ્ત સવિકલ્પ તત્ત્વ થયું, સવિકલ્પ રાગ વાળું તત્ત્વ મનવાળું તત્ત્વ થયું. આહાહા ! એ એનું આત્માનું તત્ત્વ કહેતા નથી. આહાહા ! જ્ઞાન અને આનંદ સ્વરૂપ, એની સન્મુખતામાં રમતાં ભગવાન આત્મા આવો છે એમ એને લાભ થાય. આનંદ સ્વરૂપી છે શાંત રસના દળ એવી વસ્તુ છે. અશાંતના વિકલ્પો છૂટી, શાંત રસના અનુભવમાં જાય એને આત્મતત્ત્વ મળ્યું કહેવાય. આહાહા ! એ કમાણો આત્માને, આ પૈસા કમાય છે નથી કહેતા ? આહાહા !

સવિકલ્પ આશ્રવ છે. આહા ! ચૈતન જ્ઞાતા દ્રષ્ટાના સ્વભાવમાં જતાં વિકલ્પ રહેતો નથી, રાગ. રાગની વ્યાખ્યા લોકો સ્થૂળ કરે છે, પણ અહીંયા તો ચૈતન સ્વરૂપ શુદ્ધ વીતરાગ મૂર્તિ એમાંથી ખસીને કોઈ પણ દયા દાન કે દેવગુરૂ શાસ્ત્રની ભક્તિ કે ગુણગુણીનાં ભેદનો વિકલ્પ ઉઠે, એ આત્મા નથી. કહો, આવો મોંઘો કર્યો કહે છે, કેટલાક એમ કહે છે. એમ સોનગઢને કેટલાક ગાળ આપે છે. આ સોનગઢનું છે ? ધીરુભાઇ તો કહેતા'તા એમાં સત્ છે એનું સત્ નું બહાર પાડે છે. એમ કહેતા'તા કાંઇક. નહિં ? હેં ? આહાહા !

ભાઈ ! તું શાંત થા. તારો સ્વભાવ છે એ સ્વભાવ થી પકડાય એટલો તો નિર્ણય તો કર. હેં ? નિર્ણય તો કર ભાઈ ! બહારના આશ્રયથી ઉત્પન્ન થતા વિકલ્પો ચાહે

તો ત્રણ લોકનાં નાથ સર્વજ્ઞ પરમાત્મા બિરાજતા હોય અને તેને સાંભળવાનો વિકલ્પ ઉઠયો એ રાગ છે. મારગડા જુદા છે ભાઈ! એ રાગ છે એ આત્મતત્ત્વ નથી, એ તો આશ્રવ તત્ત્વ છે, બંધ સ્વભાવી ભાવ છે ઈ. આહાહા! ભગવાન આત્મા અબંધ સ્વભાવી વસ્તુ છે. અરે! એવી સત્યની વાત ના પડયા વિરહ, ભગવાનના વિરહ પડયા પણ આવી સત્ય વાતના વિરહ પડયા. આહાહા! એની પર્યાયમાં શુભરાગના ભાવ થાય, ત્યાં પડયો પ્રભુને દુકાળ. આહાહા! એને સુકાળ કરવો હોય તો એ વિકલ્પનું લક્ષ છોડી દઈને ભગવાન આત્મામાં અંતરદષ્ટિ કરીએ તો પર્યાયમાં સુકાળ થાય.

અનાદિનો દુકાળ છે એની દશામાં. અનાદિનો એને આત્માના લાભનો અભાવ છે એને. આહાહા! એ કોઈ પરની દયા પાળીયે, આ દયા ને મંડળી શું કહે છે? આવે છે ને જીવદયા મંડળી? ફલાણા ઢીકણા ને બધા પૈસા ભેગા કરવા હોય તો ધીરૂભાઈ જેવા ને મોઢા આગળ લઈ જાય. પાંચ પચાસ હજાર લાખ બે લાખ ભેગા કરવા હોય તો. અને ભાઈ! હાલો તમે પાંચ પચાસ લાખ ભેગા થાય એટલે લ્યો, આપણે બહુ ધર્મ કર્યો. આહાહા! શેઠ? પણ ભાઈ! તને ખબર નથી, એ વિકલ્પ છે એ તો અણાત્મતત્ત્વ છે. આહાહા! હેં? ભાઈ એમાં, વિકલ્પમાં આત્મા નથી આવ્યો, વિકલ્પમાં તો ઝેર આવ્યું છે, રાગ આવ્યો છે. અરર! આ વીર મંડળીનાં નાયક થાય ને મોઢા આગળ બેસે ને ફલાણાના દેરાસરના, શું કહેવાય આ? ટ્રસ્ટીઓ, મોઢા આગળ કામ કરનારાને એવું બધું ઘણું છે.

કહે છે, બાપુ એ તો બધા વિકલ્પની જાત છે, ભાઈ એ તો રાગની જાત છે, ભાઈ એમાં આત્મા નથી. આહાહા! એ વિકલ્પની વૃત્તિઓની જાળને સંભાળ. ચૈતન મૂર્તિ તરફ જતાં, એ વિકલ્પની જાળ રહેશે નહિં. એનો અનુભવ થતાં એ વિકલ્પની રાગ એકતા રહેશે નહિં. અનાદિથી રાગને સ્વભાવની એકતા માની છે, મોટું મિથ્યાત્વનું ઝેર છે. સમજાણું કાંઈ? કાંઈક વહેવાર હારો કરશું તો ધર્મ થાશે એમ માનનારા ભાઈ ભૂલે છે એ. આહાહા! તારો નાથ પ્રભુ! રાગ વિનાનો દશામાં પડયો છે. આહાહા! આકરો માર્ગ છે ભાઈ! અપૂર્વ માર્ગની વાતો છે આ તો! હેં? પૂર્વે અનંતકાળમાં કદિ કર્યો (નથી). અપૂર્વ માટે આત્માર્થી એ સ્વસન્મુખ થઈને, આહાહા! સ્વ એવો જે ચિદાનંદ ભગવાન એની સન્મુખ થઈને, નિર્વિકલ્પ મનને એટલે નિર્વિકલ્પ આત્માના તત્ત્વને ધારણ કરવું, મન શબ્દે આત્મા એવું અવિકલ્પ રૂપ આત્માની દશા ને ધારણ કરવું જોઈએ તેનાથી જ આત્મલાભ છે. આહાહા!

## વિશેષ

સ્વપરનું ભેદ જ્ઞાન કરી હવે એની રીતની પધ્ધતિ જરી બતાવે છે. સ્વ નામ આનંદમૂર્તિ પ્રભુ અને પર નામ વિકલ્પ ને શરીરાદિ વાણી આદિ બધું, એ સ્વપરનું ભેદજ્ઞાન કરી, પરથી પ્રભુ જુદો છે એમ ભેદજ્ઞાન કરી, પર પદાર્થમાં ઈષ્ટ અનિષ્ટપણાની કલ્પનાનો ત્યાગ કરવો. પર પદાર્થ થી આ ઈષ્ટ છે અને અમુક પ્રતિકૂળ તે અનિષ્ટ છે(નહિં) એ છોડી દેવું. પરપદાર્થ કોઈ ઈષ્ટ અનિષ્ટ છે (નહિં). આહાહા! ઈષ્ટ દેવગુરૂ ને શાસ્ત્ર તો ઈષ્ટ છે માટે તેનો પ્રેમ કરવો, ઈ છોડી દેવું કહે છે. આહાહા! ઈષ્ટ તો તારો નાથ છે. અનિષ્ટ તો વિકારી વૃત્તિઓ છે. આહાહા! ઈષ્ટ ચિદાનંદ આત્મા સહજાનંદની મૂર્તિ પ્રભુ તે ઈષ્ટ છે અને શુભ ને અશુભની લાગણીઓ બધી તે અનિષ્ટ છે. આહાહા! વસ્તુ કોઈ ઈષ્ટ અનિષ્ટ નથી બહારની કે કુટુંબ કબીલા દેવગુરૂ શાસ્ત્ર અમારે ઈષ્ટ છે, વેરી ને વિરોધીઓ અમારે અનિષ્ટ છે એવું કોઇ છે નહિં કાંઈ. આહાહા! ભારે વાતો ભાઈ. આવું તો કાનેય કોઈક'દિ પડે. હેં? ધીરૂભાઈ! બાકી ઈ સાંભળવા બહુ મળે. આહાહા! શું થાય?

**શ્રોતાનો પ્રશ્ન :** ....

પૂ. ગુ. : ઈ અત્યારે અહિંયા, પર ભિન્ન છે અને સ્વ જતાં એની પર્યાયનું વલણ સ્વમાં જાય છે. પર ભિન્ન છે અને હું મારું અભિન્ન તત્વ છે, એમ લક્ષ કરવા જાય ત્યાં પર્યાય દ્રવ્યમાં ઢળી જાય છે, (**શ્રોતા :** પર્યાય દ્રવ્યનું ધ્યાન કરે છે.) ઈ પર્યાય આમ વળી જાય છે. રાગ તરફ ન વળતા, એ દ્રવ્ય તરફ ઢળી જાય છે. આહાહા! સંપ્રદાય માં તો પડિક્કમણા કરો, સામાયિક કરો, પોહા કરો, ઉપવાસ કરો. હમણાં કોક બાઈએ કાંઈક કીધું તું ને? સવાસો(૧૨૫) કે કાંઇ કર્યા'તા. પાણી પીને કર્યા હશે. સવાસો (૧૨૫) નહિં? ૧૬૦. હેં? ૧૬૫. સાચી વાત? આવ્યું તો કાંઈક છાપામાં હેં? જયપુરમાં સ્થાનકવાસીમાં નહિં?

અરે! ભાઈ ઉપવાસ તો પરમાત્મા એને કહે છે, આનંદનો નાથ પ્રભુ ઉપનામ સમીપમાં અંદરમાં જઈને વસે. ઉપવાસ કહ્યું છે ને? ઉપ ઉપસર્ગ છે. ઉપનામ સમીપ છે, વાસ નામ વસવું છે. ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદનો નાથ એના સમીપમાં જઈને એમાં વસે એને ઉપવાસ કહે છે, બાકી બધાને લાંઘણીયું કહે છે. આહાહા! (**શ્રોતા:** ક્રિયાકાંડ.) કોણ કરે છે? વિકલ્પ કરે છે, કરે છે એને કર્યો શું? વિકલ્પ કરે છે કે આ મેં આટલા કર્યા એ રાગ કરે છે. અરેરે! ભાઈ! આ સત્યાગ્રહ સાટુ નથી કરતા? ઉપવાસ કરે, આ રીતે નહિં કરો ત્યાં સુધી અમે આહાર નહિં લઈએ. ત્રાગાં છે બધા. ચૈતન

ભગવાનનાં સમીપમાં ત્રાગું કરે છે. આહાહા! રાગની ક્રિયાને એ સત્યાગ્રહ માને છે. આહાહા! સત્ વસ્તુ જ્ઞાયક ચિદાનંદ પ્રભુ, એનું અંતર એકાગ્ર થઈને આ હું એવી જે પ્રતીત કરવી એનું નામ સત્યાગ્રહ છે. ધીરુભાઈ! બધી વ્યાખ્યા જુદી છે. (શ્રોતા : ...............) હેં? વાત જુદી છે બાપુ. બધી દુનિયાને જોઈ છે ને? આહાહા!

આંહી તો કહે છે સ્વ પરનું ભેદજ્ઞાન કર્યું ત્યારે પર્યાય દ્રવ્ય ઉપર ઢળી, રાગને પરથી ભિન્ન પડતાં સ્વ પર પર્યાય ગઈ એનું નામ ભેદજ્ઞાન. પર્યાય પર્યાયમાં રહી પણ પર્યાય ઢળી આમ. એટલે કે ઢળી એ બાજુ એટલે કે દ્રવ્યને પર્યાય એક થઈ નથી ગઈ, પણ પર્યાય આમ ઢળી એટલે પરથી ભેદજ્ઞાન થયું. આહાહા! ઈ અભેદ ભાવે જ થઈ એટલે આમ આમ, આમ જે ખંડ પડતો ઈ આમ ગઈ એટલું. અભેદનો અર્થ જેની જાતની વસ્તુ પર્યાય આવી, એ પર્યાય એ બાજુ ઢળી તેને અભેદ કીધી બાકી કાંઈ પર્યાય ને વસ્તુ બે એક થઈ જાય છે કાંઈ? આહાહા! બહુ આ તત્ત્વ નિરાળા તત્ત્વ છે. આહાહા! જેની હજી રીતની ખબર ન મળે.

શીરો કેમ થાય? કે મોંઘો પડે છે. ઘીમાં લોટને શેકવો. ઘી બધું લોટ પી જાય છે. પછી ગોળનું પાણી નાખે પછી શીરો થાય. બાપુ! અમારે એ મોંઘો પડે છે ત્યારે કે ગોળનાં પાણી પછી નાખવાનું છે ને? તો ગોળનાં પાણીમાં પેલો લોટ શેકો ને પછી નાંખો ઘી લોપરાય નહિં થાય. લોપરી સમજતે હૈ? પોટીસ, પોટીસ. ઈ ન થાય. કેમ કે એ બાઈયું એમ કહે. આપણે તો સાંભળ્યુ છે કાંઈ કરેલું નથી. વહુને કહે એની સાસુ, કે આ પોટીસમાં જાતું વળતું ઘી નાખજો હોં. જાતું વળતું એમ બોલે. જાતું વળતું એટલેકે ઘી બહું પડે નહિં ને પડયા વિના રહે નહિં. આહાહા! ત્યારે ઈ પોટીસ થાય. આ તો આ ગોળનાં પાણીમાં, સાકરનાં પાણીમાં લોટ શેક્યો ને પછી ઘી નાખ્યું તો પોટીસ નહિં થાય? શીરો તો ન થાય પણ પોટીસ ન થાય. સમજાણું કાંઈ?

પોપટભાઈ! આવી વાતું છે બાપુ આંહીતો. એમ આત્મા દયા દાન વ્રત ભક્તિ તપ ના પરિણામથી કલ્યાણ કરવા માંગે એને હારા (સારા) પુણ્ય એ નહિં બંધાય. સમજાણું કાંઈ? ધર્મ તો શેનો થાય? પહેલો તો, પહેલો શ્રદ્ધામાં આત્માને શેકવો પડશે. આહાહા! નિર્વિકલ્પ શ્રદ્ધા સમ્યક્ એ આખા આત્માને પૂર્ણ ને કબુલે છે. સમજાણું કાંઈ? અગ્નિમાં મુખ્ય ત્રણ શક્તિ વર્ણવવામાં આવે છે ને? કે પાચક, દાહક, પ્રકાશક. અગ્નિ પાચક, દાહક, પ્રકાશક. અનાજને પકવે, લાકડાને બાળે, પ્રકાશ કરે. અગ્નિનો ધરમ છે ને? પાચક, દાહક (બાળે), પ્રકાશક (પ્રકાશ કરે) એમ ભગવાન આત્મામાં ત્રણ ગુણ

મુખ્ય સમયગ્દર્શન એ પાચક છે આખા તત્ત્વને પચાવે છે.

પૂર્ણાનંદનો નાથ હું પરમાત્મા સ્વરૂપે છું એવું સમ્યગ્દર્શન એને પચવે છે. સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ કરે છે. પૂર્ણ આવું છે અને અપૂર્ણ આવું છે ને નિમિત્ત આવુ છે એવું જ્ઞાન પ્રકાશે છે, અને સ્વરૂપમાં ચરિત્ર છે એ રાગને બાળે છે. આ તો સમજાય એવું છે ને ભાઈ? આહાહા! મારગ બાપા! આ તો અનંત કાળમાં અજાણ્યા મારગ ભાઈ! એ મારગની અશક્યતા નથી દુર્લભતા છે. સમજાણું કાંઈ? આહાહા! ઈષ્ટ અનિષ્ટપણાની કલ્પનાનો ત્યાગ કરવો. આહાહા! માખણ જેવું શરીર રૂપાળુ સુંદર ઈ જડ છે, પ્રભુ! એ માંસ ને હાડકા છે. આહાહા! એમાં તારી નજરું પડતાં તને પ્રીતિ લાગે. ભાઈ! તું હાડકાના પ્રેમમાં પડયો. આહાહા! તને માંસ ને હાડકા એના તને પ્રેમમાં તને રંગાઈ ગયો તું. ભગવાન આનંદનો નાથ એનો પ્રેમ તેં છોડી દીધો. સમજાણું કાંઈ? આવી વાત છે શેઠ આંહી તો, આંહી તો બીજુ શું હોય? આવી વાત છે બાપા.

અરે! શુભ રાગ હોય, એનો પ્રેમ, પ્રભુ કહે છે કે ત્રિલોકના નાથનો તને દ્વેષ છે. 'દ્વેષ અરોચક ભાવ' આનંદઘનજી કહે છે. આનંદઘનજી થયા ને શ્વેતાંબરમાં? એણે કીધું 'દ્વેષ અરોચક ભાવ' આનંદનો નાથ જ્ઞાયક સ્વરૂપ નિર્વિકલ્પ આત્મતત્ત્વ તને રૂચે નહિં અને રાગનો કણ છે ઈ તને રૂચે, તને સ્વરૂપ પ્રત્યેનો દ્વેષ છે. આહાહા! પોપટભાઈ! આવા માર્ગની રીતું ભાઈ ભારે આકરી. સાધારણ માણસને તો એવું કરી નાખે માળા, આ પાગલ છે આ કે નહિં? પાગલ માળે આવી વાતો કરે, કે આવો આત્મા. (**શ્રોતાઃ** પાગલ કો પાગલ હી દિખતે હૈ.) બાપુ માર્ગ તો આવા છે. આહાહા! એનો નિર્ણય તો કર. આહાહા! એ વિકલ્પની ભૂમિકામાં વસ્તુ આવી છે, એનો નિર્ણય તો કર ભાઈ, તો વીર્ય ત્યાં અટકશે.

પરમાં ઝુકવું અટકીને, સ્વ તરફ વળશે. આહાહા! 'રૂચી અનુયાયી વીર્ય.' રૂચી સ્વરૂપ આવું છે, એવી થશે તો તારૂં વીર્ય, નામ, પુરષાર્થ બધો રૂચી અનુયાયી. રૂચીને અનુકૂળ વીર્ય કામ કરશે, રાગનું વીર્ય એ નહિં કામ કરે શુભ રાગમાં. આહાહા! બહુ ભાઈ મારગ બાપુ! જગતથી તો એક વાર મરી જવું પડશે તારે કહે છે, ત્યારે જીવતી જ્યોત હાથ આવશે. પ્રથમની વાત છે હોં આ. રાગ થી માંડીને બધી ચીજોથી મરવું પડશે તારે. એ હું નહિં, એ મારામાં નહિં, એનાથી લાભ નહિં. આહાહા! સમજાણું કાંઈ?

મોટા મોટા ભાષણો આપે, આમ કરો, ફલાણું કરો, આપણે આમ કરીએ સમાજ ઉત્કૃષ્ટ નું આપણે કરવું કામ. સમાજ ઉત્કૃષ્ટ, સંઘ ઉત્કૃષ્ટ એમ બધી વાતું કર્યા કરે

માળા, ગપગોળા મારે. આહાહા! આંહી કહે છે પ્રભુ તું એકવાર સાંભળને ભાઈ. એ એક આત્માનું ઉત્કૃષ્ટપણું કેમ છે એની તને ખબર નહિં ને સમાજનું ઉત્કૃષ્ટપણું નીકળી ગયો છે કરવા ? આહાહા ! કહે છે, ઈષ્ટ અનિષ્ટ કોઈ ચીજ જ નથી, કેમ કે આત્મા જ્ઞાયક સ્વરૂપ છે અને એ સિવાયની બધી ચીજો તેને જ્ઞાનમાં જ્ઞેય છે. જ્ઞાનમાં જ્ઞેય નામ જણાવા લાયક છે. આ ઈષ્ટ છે ને આ અનિષ્ટ છે, એવી જ્ઞેય પદાર્થમાં રજીસ્ટર કરીને છાપ નથી મારી ત્યાં. આહાહા! સમજાણું કાંઈ ?

એવા ઈષ્ટ અનિષ્ટ વિકલ્પપણાનો ત્યાગ કરવો. રાગ દ્વેષ આદિનાં કારણો પર ઉપેક્ષા બુધ્ધિ કરવી, પર તરફ વળતા રાગનો અભાવ થાય માટે પર તરફની ઉપેક્ષા અને ભાવ શ્રુત જ્ઞાનને અંતર મુખ કરવું. આહા! જો આ. અંદરની જ્ઞાનની નિર્મળ પર્યાય, એને અંતરમાં વાળવી. ભગવાન સાહેબો બેઠો ત્યાં છે, ચૈતન પ્રભુ છે ત્યાં. આહાહા! ભાવશ્રુત જ્ઞાનને અંતરમુખ કરવું. આથી પર પદાર્થો સંબંધીના સંકલ્પ વિકલ્પો બધા શમી જશે. આહાહા! પણ આનો કાંઈ બીજો ઉપાય હળવો ? એમ માંગે છે બધાય. એ ગીરધરભાઈ! આ માર્ગ છે બાપુ. બીજે રસ્તેથી માનીશ, એ સોંઘુ મોંઘુ પડી જશે બાપુ. હેં ?

વાણીયાનો દાખલો નથી આપતા, મણ દૂધી લાવીને ગામડામાંથી વેંચવા આવ્યા હશે શહેરમાં. મણ, દોઢ મણ, સવા મણ ખપી ને ૧૦ શેર રહી. પણ એ બધી એવી હોય જરી ચાંદાવાળી, મોળી પાતળી રહી હોય. એમાં વાણિયો એક આવ્યો, કહે ભઈ જો આ અત્યારે તમે ચાર આના શેર આપી તમને બેઆના શેર. હવે અત્યારે મોંઘી હશે. આપણને બહુ ખબર નથી. ચારઆના શેર દૂધી વેંચી છે. આ દસ શેર છે. હવે મારે ઉપાડીને ક્યાં લઈ જવી ગામડામાં ? બે આને આપી. જાઓ, લઈ જાઓ. વાણિયો જાણે દસ શેર આવીને, ઘરે જાય ત્યાં કૂવો આખામાં. એક એક કાણું દેખાય, આખામાં કૂવો. સોંઘુ પડયું મોંઘુ.

એમ વાણિયા બીજી રીતે લાભ લેવા જશે કે રાગમાંથી આમ થાશે, પુણ્ય માંથી આમ થાશે, ઢીકણામાંથી આમ, એ આખુ તારું પુણ્ય જાશે. બરાબર છે ને ધીરૂભાઈ! આ કરે. ગામડામાં એવું હોય છે. આ ભીંડા, નથી ભીંડા. સારા સારા લઈ ગયા, હોય સવા મણ દોઢ મણમાં, દસ શેર વધી હોય તો લો આ ભાઈ બે આના શેર, બે આના. અત્યારે તો રૂપિયો, દોઢ રૂપિયો શેર એમ કહે છે કાંઈ. એ ઓલો લોભીયો હોય વાણિયો માળો. ઠીક આપણને સોંઘુ મળ્યું, લે લાવ. ઘેરે જાય ત્યાં એ કૂવો, આખે કૂવે ફેંક્યો, એક કટકોય સાજો ન મળે. એમ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ તમારે કલ્યાણ થશે એ

સડેલા, સડેલી દુધી આપે છો તને. આરે ભાઇ! સમજાણું કાંઈ?

લોભીયો વાણીયો તણાશે એમાં, બધુ જાશે. આહાહા! કહે છે, આત્મા સ્વરૂપમાં સ્થિર થશે, વિકલ્પો બધા છોડી દઈને. કોઈ પણ વિકલ્પ આત્માને લાભ કરે, આહા! એ છે જ નહિં. પંચમહાવ્રતનાં પરિણામનો વિકલ્પ, એ આત્માને લાભ ન કરે. પંચમહાવ્રત - અહિંસા સત્ય દત્ત બ્રહ્મચર્ય એ પણ વિકલ્પ ને રાગની લાગણી છે. આહાહા! ભગવાન જ્ઞાન સ્વરૂપમાં એ વિકલ્પ છે જ નહિં. એવા વિકલ્પ ને સમાવી દેશે અને મન અવિક્ષિપ્ત બનશે, સ્થિર થશે, આત્મ સ્વરૂપમાં સ્થિર થશે. આવા અવિક્ષિપ્ત મન એટલે નહિં ડહોળાયેલું મન પ્રગટ કરવા આચાર્યે ઉપદેશ આપ્યો છે એટલે એવું આત્મતત્ત્વ પડયું છે કારણ કે તે આત્મતત્ત્વ છે. સમજાણું? અને તે જ મોક્ષનું કારણ છે.

કારણ ઓલામાં કહ્યું'તું, આત્માનું તત્ત્વ કહેતા નથી, આશ્રવ છે એમ કહ્યું. સવિકલ્પ દશા એ આશ્રવ છે, પેલામાં કહ્યું'તું. ત્યારે આ નિર્વિકલ્પ દશા એ આત્મતત્ત્વ છે. ભારે વાતો. વળી કેટલાક એમ કહે, સભા જોઈને ઉપદેશ દેવો. આ પણ સભા જોઈને શું સભા જોઈને? સભા તો આત્મા છે બધા. આવો ઉપદેશ આચાર્યો એ શું જોઇને સભા જોઈને કર્યો હશે? માર્ગ આ છે સાંભળવો હોય તો સાંભળો ને રૂચે તો રૂચો. સમજાણું કાંઈ? આહાહા! પોતાને ઈ માર્ગ રુચતો ન હોય ને પછી કહે, હળવો માર્ગ બતાવો, બીજાને હળવો માર્ગ બતાવો. હળવો ક્યો બીજો? ઊંધો કહો, હળવો એટલે ઊંધો. આહાહા! ઠરશે આત્મા કહે છે. આચાર્યે આ ઉપદેશ આપ્યો છે આવો.

પૂજ્યપાદ સ્વામી દિગંબર સંત હતા મુનિ હતા, જંગલમાં વસતા હતા. દેવો જેના પગ પૂજતા હતા. પૂજ્યપાદ છે ને શબ્દ? પાદ એટલે પગ પૂજ્ય. એ એવા આચાર્યે આ ઉપદેશ કર્યો છે, કહે છે. કારણ કે આત્મતત્ત્વ છે અને તે જ મોક્ષનું કારણ છે. જે જ્ઞાનનો ઉપયોગ રાગાદિ વિકારોમાં, જ્ઞાન એટલે જાણવાનો ભાવ એ દયા દાન આદિ વિકારોમાં કે પર પદાર્થમાં રોકાય છે, તે જ્ઞાન નથી, તે આત્મા નથી. આહાહા! ભારે વાતું ભાઈ! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપસ્યા, ઉપવાસ એમાં જે રોકાય છે એ રાગમાં રોકાય છે, એ આત્મા નથી. આહાહા! એ તો આશ્રવ તત્ત્વ છે. સમજાણું કાંઈ?

જે જ્ઞાનનો ભાવ રાગમાં અને પર પદાર્થમાં રોકાય તે આત્મા નથી, એ જ્ઞાન જ નથી. આહાહા! પણ જે જ્ઞાન, જ્ઞાનમાં પ્રતિષ્ઠિત થાય છે, જે ભગવાન જ્ઞાન સ્વરૂપી પ્રભુ, પોતાના જ્ઞાનમાં ઠરે છે ત્યાં પ્રતિષ્ઠિત થાય છે. આહાહા! જ્ઞાનને ત્યાં પ્રતિ પ્રતિષ્ઠિત શોભા આપે છે કે જ્ઞાન ન્યાં પડયું પોતાના જ્ઞાનમાં જ્ઞાન જાય છે, તો પ્રતિષ્ઠિત

થાય છે તે જ વાસ્તવિક જ્ઞાન છે. કહો, આ બધા ડોક્ટરનાં જ્ઞાન ને વકિલાતનાં જ્ઞાન ને આ ધીરૂભાઈને કંપનીનું જ્ઞાન હશે ને કાંઈક ? કંપનીનું કે કાંઇ કો'ક કહેતું'તું. કોઈક છોકરો કહેતો'તો કે આને ફલાણી કંપની છે મુંબઈમાં. કોક હશે ધંધા બંધાનું. કોક છોકરો કહેતો'તો. પણ કોઈ હેં ? (કિરીટભાઈ) હા કોઈક કહેતું'તુ. હશે. કીધું ક્યાંક, પણ આંહી તો કહે છે કે એ બધા સંસારનાં જ્ઞાન.

(**શ્રોતા :** યે તો મુનિયોં કો ઉપદેશ હૈ.) હેં ? (**શ્રોતા :** એ તો મુનિઓકે લિયે હુઆ) અરે હજી તો સમક્તિ પામવું એના માટે ની વાત છે આ. સમક્તિ વિના મુનિ ક્યાંથી થતો'તો ? નાગા થઈને લુગડા ફેરવી નાંખે સાધુ થઈ ગયો ? સમજાણું કાંઈ ? જેને ચારિત્રમાં ચરવુ, શેમાં ચરવું ? શેમાં રમવું ? એ ચીજનો પત્તો મળ્યો નથી અને ચારિત્ર થઈ જાય ? ચારિત્ર એટલે ચરવુ, તો માલ હોય ત્યાં ચરે. ઢોર ક્યાં ચરતા હશે ? ઢેફામાં ? ઢોર ચરે છે ને, માલ હોય ત્યાં ચરે, ઢેફાં હોય ત્યાં ચરતા હશે ? ચરવું એટલે માલ અંદર ભાળ્યો, જોયો છે, આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, સમ્યગ્દર્શનમાં એનું ભાન થયું છે, એ માલમાં ચરવા રમવા જાય એને ચારિત્ર કહે છે. આહાહા ! શેઠ ! અહિંયા શેઠીયા હોય ઈ બધા ગોટા વાળ્યા હોય ન્યાં.

જય તિષ્ઠ તિષ્ઠ તિષ્ઠ કર્યું તો હશેને થોડું ? બનાવ્યું એને માટે હોય અને પાછું બોલે એમ. મન શુધ્ધિ, વચન શુધ્ધિ, કાય શુધ્ધિ, આહાર શુદ્ધિ એ ચારેય જુઠ્ઠું છે. એ શેઠ ? તે દિ' ભેગા હશેને ? કોક દિ' સાધુને વહોરાવ્યું હશે કે નહિં ? નગ્ન મુનિ. (**શ્રોતા :** કરે શું ? ગામમા આવ્યા હોય મહેમાન, એને ભૂખ્યા રાખે ?) હેં ? આહાહા ! ત્યારે જૂઠ્ઠું બોલીને જૂઠ્ઠું દેવું ? (**શ્રોતા :** ભોજન તો કરાવવું પડે ને ? કાંઇ ભૂખ્યા રખાય નહિં) આહાહા ! આંહી તો કહે છે, ચારિત્ર એટલે કે ચરવું, રમવું, આનંદનું ભોજન કરવું એનું નામ ચારિત્ર છે. પણ હવે એ આનંદ સ્વરૂપ છે એ તો દ્રષ્ટિમાં આવ્યો નથી, ક્યાં ચરશે ? ને શેને જમશે ? રાગને જમશે પથરાને, રાગ અચેતન છે. પુણ્યપાપનાં પરિણામ અચેત જડ છે, એમાં ચૈતન નથી. આહાહા ! સમજાણું કાંઈ ? કાંઈ સમજાણું એમ કહેવાય છે ને ? આહાહા !

શું વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથના પંથની બલિહારી છે. હેં ? તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા, જેને સો ઈન્દ્રો પૂજતા, જેના સમોવસરણમાં ઈન્દ્રો ગલુડીયાની પેઠે બેસે આમ. આહાહા ! એવા ત્રણ લોકનાં નાથ તીર્થંકરદેવ એનો આ હુકમ આ છે, ભાઈ કહેતા ને ત્યાં સત્ વાતું. મહારાજ સત્માંથી સત્ કહે છે કે ધીરુભાઈ કહેતા.

આહાહા! બાપુ આવો છે મારગ, પહેલો નિર્ણય તો કર! એ ભૂમિકામાં સાચો નિર્ણય આવો, એવું તો નક્કી કર! આહાહા! આ ઉપદેશ એ બધો, કોઈવાર આવે હોં. નથી અગીયારમી ગાથામાં કહ્યું? શુદ્ધ નયનો ઉપદેશ ક્યાંક ક્યાંક છે, વિરલ છે. અગીયારમી ગાથામાં આવે છે ને? શું કીધું આ?

જે ઉપયોગ પરમાંજ અટકેલો રહેવાથી, જાણવાનો સ્વભાવ જીવનો છે, એ જાણનારો રાગમાં, પુણ્યમાં, વિકલ્પમાં રોકાય. સમજાણું? આત્મસન્મુખ વળતો નથી એ પરનાં વલણવાળું તત્ત્વ છે, એ આશ્રવ તત્ત્વ છે. આહાહા! ભારે વાતું ભાઈ! ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ આત્મા છે, એની સન્મુખ છોડીને જેટલો પર તરફનાં વિકલ્પ વલણમાં જાય છે, આહાહા! એ આત્મ તત્ત્વનાં વલણવાળું તત્ત્વ નથી. આહાહા! ભગવાન એમ કહે હોં. ભગવાન કહે કે મારી ભક્તિમાં તારો ઉપયોગ રોકાશે એ આત્મા નથી. આહાહા! હેં? ભગવાન એમ કહે છે, સંતો કહે છે. જુઓને, અમને આહાર દેવામાં તારો ઉપયોગ રોકાશે, એ આત્મા નથી, એ પુણ્ય છે. આહાહા!

અમારું સ્મરણ કરવામાં તારો ઉપયોગ રોકાશે, એ રાગમાં રોકાશે, એ આત્મા નથી હજી તો આ. હેં? આ તો હીરાના પાસા પડે છે ભાઈ. આહાહા! બેલ્જિયમમાં છે હીરાની ઓલા (પાસા નથી પાડતા?) હીરાની સરાણી, સરાણી. હીરાની સરાણી. લોઢાની હોય છે ને? એમ આ હીરાની. ત્યાં આવ્યાં'તા એક ફેરે ૯૫માં. ત્યાં એ હીરા સરાણે ચડે અને પાસા પડે હીરામાં. ઓલા લોઢાના પડે કહે છે ઈ હીરો લઈ જાય તો શું કહેવું, પણ હીરાની રજું પડી પડે હેઠે એને લઈ જાય તો હજાર રૂપિયા ઉપજે, હજાર રૂપિયા. બેલ્જિયમનો એક આવ્યો તો તે દિ' ૯૫માં. નાનાભાઈનો ધંધો છે એ ને? નાનાલાલ કાળીદાસ, રાજકોટ. એ ધંધો. ત્યાં આવ્યા'તા. લાવ્યા'તા મારી પાસે. કહે એવા હીરાની આની પાસે સરાણી છે. એમ વીતરાગનાં માર્ગને સરાણે ચડાવે છે.

નિર્મળાનંદના નાથને પહોંચી જા નાથ ત્યાં, તારો હીરો છે ત્યાં. અરે એ વાતને લઈ જાય ભાવને એને તો શું કહેવું, પણ આ પ્રરૂપણા ના તત્ત્વને હા પાડે અંદરમાં, એ પણ હીરાની રજકણો છે. આકરી વાત બહુ. તેનાથી સંસાર છે. આહાહા! ભગવાન આત્મા સ્વસન્મુખના ઉપયોગ થી ખસીને જેટલો પર સન્મુખના વલણમાં જાય, એ વિકલ્પ બધો સંસાર છે. ઓહોહો! આચાર્ય તો કહી ગયા છે પહેલા, કે જે શુભઅશુભ વિકલ્પ રાગ છે, એને લાભ માને એ તો મિથ્યાદ્રષ્ટિ પાગલ છે, પણ ઉપદેશ નો વિકલ્પ જે છે, ભાન વાળાનો વિકલ્પ છે, એ પાગલ છે, કહે છે ચારિત્ર દોષ છે એ. આહાહા! એનાથી

સંસાર છે. કોનાથી ? આત્માના સ્વભાવના વલણ સિવાય જેટલો બાહ્ય પદાર્થ, દેવ ગુરૂ શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ એના તરફ વલણનો ભાવ એ બધો રાગ ને સંસાર છે.

સુજાનમલજી ! આવી વાત છે. આહાહા ! માટે તે હેય છે. શું કહ્યું ઇ કે ચૈતન આનંદ જ્ઞાન સ્વરૂપી છે, એનો સ્વસન્મુખનો જે વેપાર છે એ તો નિર્વિકલ્પને આત્મતત્ત્વ છે. એમાંથી કંઇક પર તરફના વલણમાં, વાંચવામાં, સાંભળવામાં, કહેવામાં, જોવામાં જાય છે, એ બધો વિકલ્પ છે ને એ સંસાર ને રાગ છે. આહાહા ! આ તો વીતરાગ માર્ગ છે ભાઈ ! જિનેશ્વર દેવ ત્રિલોકનાથ જેમ જિનચંદ્રપ્રભુ. આહાહા ! એનો આ માર્ગ છે આ. ત્યાં રાગનો કણ પણ ત્યાં સમે નહિં. સમજાણું કાંઈ ? હવે આ ૩૭ ગાથા લેશે વિક્ષેપ કેમ થાય છે ને અવિક્ષેપ કેમ થાય ઈ લેશે.

વિશેષ કહેશે....

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

**ક્રમબદ્ધ માનનારો આનંદની દૃષ્ટિપૂર્વક રાગને દુઃખરૂપ જાણે છે તેને રાગની મીઠાશ ઊડી ગઈ છે. જેને રાગમાં મીઠાશ પડી છે અને પહેલાં અજ્ઞાનમાં રાગને ટાળવાની ચિંતા હતી તે પણ ક્રમબદ્ધ ક્રમબદ્ધ કરીને મટી ગઈ છે તેને તો મિથ્યાત્વની પુષ્ટિ વધી છે. મિથ્યાત્વને તીવ્ર કર્યું છે. રાગ મારો નથી એમ કહે અને આનંદસ્વરૂપની પુષ્ટિ નથી તો તેણે તો મિથ્યાત્વને વધાર્યું છે. ભાઈ ! આ તો કાચા પારા જેવું વીતરાગનું સૂક્ષ્મ રહસ્ય છે. અંતરથી પચાવે તો વીતરાગતાની પુષ્ટિ થાય અને તેનું રહસ્ય ન સમજે તો મિથ્યાત્વને પુષ્ટ કરે.**

**દૃષ્ટિનાં નિધાન ૩૨**

# પ્રવચન – ૪૬

## શ્લોક – ૩૭

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૨૫.૦૧.૭૫**

**कुत: पुनर्मनसो विक्षेपो भवति कुतश्चाविक्षेप इत्याह -**

**अविद्याभ्याससंस्कारैरवशं क्षिप्यते मन: ।**
**तदेव ज्ञानसंस्कारै: स्वतस्तत्त्वेऽवतिष्ठते।। ३७ ।।**

અજ્ઞાનજ[1] સંસ્કારથી મને વિક્ષેપિત થાય;
જ્ઞાનજ સંસ્કારે સ્વત: તત્ત્વ વિષે સ્થિર થાય ।। ૩૭ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન: ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમ: ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

---

૧. અજ્ઞાનજ - અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા

આ સમાધિતંત્ર. આત્માને સમાધિ નામ શાંતિ કેમ મળે? એટલે કે સમ્યગ્દર્શન, ભગવાન ત્રિલોકનાથ તીર્થંકર દેવે જેને સમ્યગ્દર્શન કીધું, એ શું ચીજ છે? અને એ સમ્યગ્દર્શનમાં શું થાય? કે સમ્યગ્દર્શનમાં સમાધિ આનંદનો અનુભવ થાય. આહાહા! ઝીણી વાત બહુ છે. જે એણે અને અનંતકાળમાં કોઈ'દિ કર્યુ નથી અને એને છોડીને મનમાં અનાદિથી પુણ્ય ને પાપના, રાગના, સંસ્કારને લઈને એનું મન અવિક્ષિપ્ત એટલે અસમાધિવાળું છે. સમજાણું કાંઈ?

લોગસ્સમાં નથી આવતું? 'સમાહિ વર મુત્તમં દિન્તુ' એના અર્થની ક્યાં ખબર છે? 'સમાહિ વર મુત્તમં દિન્તુ' એટલે હે પરમાત્મા! અમારી અમને સમાધિ મળો. સમાધિ એટલે આત્મા આનંદને જ્ઞાન સ્વરૂપી પ્રભુ છે, એની અંતર દ્રષ્ટિ કરીને શુદ્ધ આનંદના સ્વાદને લેવો અને એમાં પ્રતીત કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા! સમજાય છે કાંઈ? ત્યાં ધરમની પહેલી સીઢી, ધરમનું પહેલું પગથિયુ (એમ) એને ત્રિલોકનાથ તીર્થંકર દેવ કહે છે. ધીરુભાઈ! અને એ કેમ પ્રાપ્ત ન થયું? કે અનાદિથી પુણ્ય ને પાપના વિકલ્પો શુભ અશુભભાવ એ બધા વિકાર છે, એને પોતાના માન્યા. એથી ત્યાંથી ખસ્યો નહિં અને અંતરમાં અંતરાત્મામાં આવ્યો નહિં, માટે તેને અસમાધિ નામ (એટલે) દુ:ખની દશા એને વર્તે છે. પોપટભાઈ! હેં? પણ આ પૈસાવાળા સુખી કહે છે ને? આહાહા! હેં?

(શ્રોતા: બહારમાં સુખ હોય ક્યાંથી?)

આંહી તો કહે છે, એકવાર સાંભળ પ્રભુ. સાડત્રીસમી ગાથા છે. બહુ સરસ છે. વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકર દેવને જ્યારે સર્વજ્ઞપણું પ્રગટ થયું એક સેકન્ડના અસંખ્યમાં ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જેણે જાણ્યા, એવા તીર્થંકર દેવની વાણીમાં, અસમાધિમાં કેમ રહ્યો અનાદિથી? અને સમાધિની કેમ પ્રાપ્તિ થાય? એની વાત છે. સમાધિ કહો કે ધરમ કહો, અસમાધિ કહો કે અધરમ કહો. આહાહા! એ કહે છે જુઓ, સાડત્રીશ(૩૭મી ગાથા) કયા કારણથી મનનો વિક્ષેપ થાય છે અને કયા કારણથી અવિક્ષેપ થાય છે? એ મથાળુ આપે છે. કયા કારણે મનમાં રાગદ્વેષની અસમાધિ થાય છે? અને કયા કારણે આત્માના આનંદની, શાન્તિ ને સમાધિ ને સમકિત ને ધરમ થાય છે? એ કહે છે. ગાથા ૩૭

**कुत: पुनर्मनसो विक्षेपो भवति कुतश्चाविक्षेप इत्याह -**

**अविद्याभ्याससंस्कारैरवशं क्षिप्यते मन: ।**
**तदेव ज्ञानसंस्कारै: स्वतस्तत्त्वेऽवतिष्ठते।। ३७ ।।**

અજ્ઞાનજ[૨] સંસ્કારથી મને વિક્ષેપિત થાય;
જ્ઞાનજ સંસ્કારે સ્વતઃ તત્ત્વ વિષે સ્થિર થાય ।। ૩૭ ।।

**टीका** : शरीरादौ शुचिस्थिरात्मीयादिज्ञानान्यविधास्तासामभ्यासः पुनः पुनः प्रवृत्तिस्तेन जनिताः संस्कारा वासनास्तैः कृत्वा । अवशं विषयेन्द्रियाधीनमनात्मायत्तमित्यर्थः । क्षिप्यते विक्षिप्तं भवति मनः । तदेव मनः ज्ञानसंस्कारैरात्मनः शरीरादिभ्यो भेदज्ञानाभ्यासैः स्वतः स्वयमेव । तत्त्वे आत्मस्वरुपे अवतिष्ठते ।। ३७ ।।

વળી કયા કારણથી મનનો વિક્ષેપ થાય છે અને કયા કારણે તેનો અવિક્ષેપ થાય છે તે કહે છે :-

**અન્વયાર્થ** : (अविधाभ्याससंस्कारैः) અવિધાના અભ્યાસથી ઉત્પન્ન થયેલા સંસ્કારો દ્વારા (मनः) મન (अवशं) અવશપણે-સ્વાધીન નહિં રહેવાથી (क्षिप्यते) વિક્ષિપ્ત થાય છે (तत् एव) તે જ મન (ज्ञानसंस्कारै) ભેદજ્ઞાનનાં સંસ્કારો દ્વારા (स्वतः) સ્વતઃ (तत्त्वे) આત્મસ્વરૂપમાં (अवतिष्ठते) સ્થિર થાય છે.

**ટીકા** : શરીર વગેરેને પવિત્ર, સ્થિર અને આત્મીય (પોતાનું) આદિ માનવારૂપ જે અવિદ્યા (અજ્ઞાન) તેનો અભ્યાસ અર્થાત્ તેની વારંવાર પ્રવૃત્તિ તેનાથી ઉત્પન્ન થયેલા સંસ્કારો એટલે વાસનાઓ-તે વડે કરીને અવશ-અર્થાત્ વિષયો અને ઇન્દ્રિયોને આધીન એટલે અનાત્માને આધીન તે મન વિક્ષેપ પામે છે; એટલે વિક્ષિપ્ત થાય છે. તે જ મન, જ્ઞાનસંસ્કારો વડે અર્થાત્ આત્માને શરીરાદિથી ભિન્ન જાણવારૂપ અભ્યાસ વડે, સ્વતઃ એટલે સ્વયં જ તત્ત્વમાં અર્થાત્ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે.

**ભાવાર્થ** : શરીરાદિ પર પદાર્થોમાં આત્મબુદ્ધિ કરવી તે અજ્ઞાન છે-અવિદ્યા છે. તેના પુનઃ પુનઃ પ્રવૃત્તિરૂપ અભ્યાસથી ઉત્પન્ન થયેલા સંસ્કારોથી મન પરવશ થઇને-પરાધીન થઇને રાગી-દ્વેષી બની જાય છે-વિક્ષિપ્ત થાય છે. આ જ મન ભેદ-જ્ઞાનના સંસ્કારોથી સ્વતઃ એટલે પોતાની મેળે આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે.

શરીર જડ છે, અપવિત્ર છે, અસ્થિર છે ને પર છે. તેમાં આત્માની કલ્પના કરી તેને પવિત્ર, સ્થિર ને પોતાનું માનવું તથા જ્ઞાન અને રાગને એક માનવા અર્થાત્ શુભ ભાવથી લાભ માનવો તે અવિદ્યા છે-અજ્ઞાન છે. આ અજ્ઞાનતાને-ઊંધી માન્યતા અને ઊંધા જ્ઞાનને વારંવાર અંદર ઘૂંટવાથી અને તદનુસાર આચરણ કરવાથી વાસનારૂપ સંસ્કારો ઉત્પન્ન થાય છે. આ સંસ્કારોથી મન પોતાને વશ-સ્વાધીન વર્તતું

૨. અજ્ઞાનજ - અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા

નથી, પરંતુ પરવશ બને છે-અર્થાત્ વિષયો અને ઈન્દ્રિયોને આધીન થઈ ક્ષુબ્ધ થાય છે-વિક્ષિપ્ત થાય છે. આવું-રાગ-દ્વેષ આકુલિત મન બાહ્ય વિષયોમાં જ પ્રવર્તે છે, જ્ઞાન સ્વરૂપમાં સ્થિર થતું નથી.

હું શરીરાદિથી અને રાગ-દ્વેષાદિ વિકારોથી ભિન્ન, પવિત્ર, સ્થિર અને જ્ઞાયક-સ્વરૂપ છું-એવા સ્વપરના ભેદવિજ્ઞાનદ્વારા ઉત્પન્ન થયેલા જ્ઞાન-સંસ્કારોથી તે જ મન સ્વયં-સ્વાધીનપણે-પોતાની જ મેળે રાગ-દ્વેષાદિથી રહિત થાય છે-અવિક્ષિપ્ત થાય છે અને આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે.

## વિશેષ

શુદ્ધાત્માની વારંવાર ભાવનાથી જ્ઞાનના સંસ્કારો ઉત્પન્ન થાય છે. તેનાથી મન રાગ-દ્વેષ રહિત થઈ સમાધિમાં ઠરે છે.

'હું શુદ્ધજ્ઞાનસ્વરૂપ પરમાત્મા છું; શરીર-મન-વાણીરૂપ હું નથી. હું તેનાથી ભિન્ન છું ' - એવી વારંવાર ભાવના ભાવવાથી તેના સંસ્કારો દૃઢ થાય છે અને તેવા સંસ્કારોથી ચૈતન્યસ્વરૂપમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે.[૩]

માટે જ્ઞાન-સંસ્કાર સમાધિનું કારણ છે અને અવિદ્યાના સંસ્કાર અસમાધિનું કારણ છે.

જ્ઞાન-સંસ્કારો દ્વારા જેમ જેમ સ્વરૂપમાં સ્થિરતા વધતી જાય છે, તેમ તેમ રાગ-દ્વેષાદિ ભાવો છૂટતા જાય છે અને વીતરાગતા વધતી જાય છે. માટે જ્યાં સુધી મન (જ્ઞાનનો ઉપયોગ) બાહ્ય વિષયોથી છૂટી આત્મસ્વરૂપમાં સ્થિર ન થાય ત્યાં સુધી આત્મ-તત્ત્વની ભાવના કર્યા જ કરવી.

શ્રી સમયસાર કલશ-૧૩૦માં કહ્યું છે કે

**भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया ।**
**तावद्यावत् पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते ।। १३० ।।**

''આ ભેદવિજ્ઞાન અછિન્ન ધારાથી-અર્થાત્ જેમાં વિચ્છેદ ન પડે એવા અખંડ પ્રવાહરૂપે-ત્યાં સુધી ભાવવું, કે જ્યાં સુધી પરભાવોથી છૂટી જ્ઞાન જ્ઞાનમાં જ (પોતાના સ્વરૂપમાં જ) ઠરી જાય.''

---

૩. જુઓ - સમાધીતંત્ર શ્લોક ૨૮

અહીં જ્ઞાનનું જ્ઞાનમાં ઠરવું બે પ્રકારે જાણવું. એક તો, મિથ્યાત્વનો અભાવ થઇ સમ્યગ્જ્ઞાન થાય અને ફરી મિથ્યાત્વ ન આવે, ત્યારે જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું કહેવાય; બીજું, જ્યારે જ્ઞાન શુદ્ધોપયોગરૂપે સ્થિર થઇ જાય અને ફરી અન્ય વિકારરૂપે ન પરિણમે ત્યારે તે જ્ઞાનમાં ઠરી ગયું કહેવાય. જ્યાં સુધી બન્ને પ્રકારે જ્ઞાન જ્ઞાનમાં ન ઠરી જાય ત્યાં સુધી ભેદવિજ્ઞાન ભાવ્યા કરવું.[૪]

આ શ્લોકમાં સ્વતઃ શબ્દ એ સૂચવે છે કે જીવ સ્વયં પોતાના સમ્યક્ પુરુષાર્થથી પોતાના સ્વરૂપમાં સ્થિર થાય છે, બીજા કોઇ કારણે નહિં. ૩૭

## પ્રવચન – ૪૬

**એની ટીકા :** શરીર આ જડ છે, માટી. આ તો પુદ્‌ગલ છે, જડ છે. આ કંઈ આત્મા નથી. આ તો અજીવ તત્ત્વ છે. એ અજીવ તત્ત્વ વિગેરે ને પવિત્ર માની, આ શરીર મારું છે એમ માની, આ તો જડ છે ધૂળ છે અપવિત્ર પદાર્થ છે, પવિત્ર તો ભગવાન છે. એ શરીરને પવિત્ર માન્યું, પોતે પવિત્ર છે એની ખબર ન મળે. આત્મા અતીન્દ્રિય આનંદનો સ્વભાવ ધરનારો છે, એની એને ખબર ન મળે.

મૃગની નાભિમાં કસ્તુરી એ મૃગલાને ખબર ન મળે, એમ અજ્ઞાની પુણ્યને પાપના ભાવના પરિણમેલા એને ભગવાન આનંદ સ્વરૂપ છે અંદર આત્મા એની એને ખબર નથી. આહાહા ! સમજાણું કાંઈ ? એ કહે છે શરીરને પવિત્ર માન્યું, શરીરને ચૂંથવાથી ભોગ લેવાથી મને ઠીક પડે છે એમ મૂંઢે, અજ્ઞાનીએ અનાદિથી આમ માન્યું. આહાહા ! માંસ ને હાડકા ને ચામડા થયા એમાં મને મજા પડે છે, એમ અજ્ઞાનીએ અનાદિથી માન્યું. આ તો જુદી જાતની વાત છે જગતથી, અને એ સ્થિર છે એમ માન્યું. પવિત્ર તો પોતે છે એમ ન જાણ્યા અને આને પવિત્ર માન્યું, કે આ શરીર મારું, સુંદર બહુ સારુ બહુ. આહાહા ! અને શરીરથી આપણે કામ લઈએ તો આ શરીર તો જડ છે માટી છે એનાથી કામ હાલે એ તો બધા જડના થાય. આહાહા !

સ્થિર માન્યું એને, સ્થિર તો પોતે છે નિત્યાનંદ પ્રભુ. એમ ન માનતાં, ન જાણતાં, શરીરને કહે આ ટકશે, આ ટકશે કાયમ. આહાહા ! અને આત્મીય પોતાનો આદિ માનવામાં મારું શરીર છે મારી વાણી છે મારું મન છે અંદર શુભ અને અશુભ ભાવ

૪. જુઓ શ્રી સમયસર કલશ - ૧૩૦. ગુ. આવૃત્તિમાં - અર્થ અને ભાવાર્થ

થાય છે ને ? ઝીણી વાત છે ભગવાન. હિંસા, જુઠ્ઠું, ચોરી, વિષય ભોગ વાસના એ પાપ વાસના અને દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાનો ભાવ વિકલ્પ એ પુણ્ય વાસના. પાછળની વાતમાં રાડ પડે એવું છે. બાપુ તને ખબર નથી ભાઈ. એ પરની દયા પાળવાનો ભાવ ને જે ભક્તિનો ભગવાનની પૂજાનો ભાવ, દાનનો ભાવ દયાનો ભાવ જાત્રાનો ભાવ પંચમહાવ્રતનો ભાવ એ બધો રાગ છે, બાપુ તને ખબર નથી. સમજાણું કાંઈ ?

એ મારા માની અને એને તેં સેવ્યા, આહાહા ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો મારગ દુનિયાથી નિરાળો છે. હેં ? આહાહા ! અંદર આનંદનો નાથ બિરાજે છે પોતે પ્રભુ ચૈતન્ય. એમાં પવિત્રતા છે, એમાં સુખ છે, એમ ભૂલીને. આહા ! હમણાં એક પદ યાદ આવ્યું છે એ પદ થોડું હોં. આ છેલ્લામાં નહિં. ચેતનજી હતાને ? હેં ? એ સ્થાનકવાસીની સજ્ઝાયમાંથી આવ્યું હશે. ''ભુલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો, ભમ્યો દિનને રાત.'' સજ્ઝાયમાળા આવે છે ને ? ચાર લ્યો એમાં હશે એ વખતે યાદ આવ્યું'તું, કહ્યું હમણાં. હેં ? સજ્ઝાય છે ચાર સજ્ઝાયમાળા છે ને, અમે બધી વાંચી છે ને. દુકાન ઉપર વાંચી હતી, પાંસઠ, છાંસઠની સાલમાં. સંવંત ૬૫ ને ૬૬. પાલેજમાં દુકાન હતી. દુકાન તો પિતાજીની દુકાન હતી. સ્વતંત્ર દુકાન ઘરની હતી. આ ચાર સજ્ઝાયમાળા આવે છે આપણે. એક એકમાં અઢીસો, અઢીસો સજ્ઝાયો છે. એ ચારેય ચોપડી તે 'દિ મંગાવી'તી. એય, ૬૪, ૬૫. કેટલા વરસ થયા ? હેં ? ૬૬ વરસ પહેલાની વાત છે. દુકાનમાં બધા વાંચેલા ઘણાં શાસ્ત્ર વાંચેલા તેમાં આ હતું.

આ ક્યાંથી હમણાં ચેતનજી ઉભા હતા ને યાદ આવ્યું નહિં ભૂલ્યો, 'ભૂલ્યો મન ભમરા' અરે ભમરા તું ક્યાં ભમ્યો ? ચૈતન્ય આનંદનો નાથ અંદર બિરાજે છે. એ સિધ્ધ સમાન તારું સ્વરૂપ છે. આહાહા ! એને ભૂલીને, પુણ્યને પાપના ભાવને ભટક્યો પાંચ ઈન્દ્રિયના વિષયમાં, આહાહા ! એમાં ક્યાંય શાંતિ નથી, એ તો બધી અશાંતિ છે. આહાહા ! હિંસા જૂઠું ચોરી વિષય ભોગ-વાસના કામ ક્રોધ માન માયા લોભ રતિ અરતિના ભાવ એ પાપ વાસના છે. એ દુઃખ છે. હવે કઠણ પડે એવી વાત કીધી. ભાઈ એ કીધું આહાહા ! દયા, દાન, ભક્તિ, વ્રત, તપના ભાવ, પૂજા એ ભાવ શુભ રાગ છે. આહાહા ! એ ત્યાં અટક્યો છે જીવ અનાદિથી. એ શુભ રાગ છે કહો, કે અધરમ છે કહો, વાત તો આવી છે. ત્રણ લોકના નાથનો પોકાર તો આ છે. સમજાણું કાંઈ ?

એ ધરમ નહિં, ધરમ તો એ રાગની ક્રિયા વિના, ચિદાનંદ સ્વરૂપ ભગવાન આત્મા, એની શ્રધ્ધા જ્ઞાન ને અનુભવ કરવો એને તીર્થંકર દેવ ધરમ કહે છે. બહુ કામ,

નવરાશ ન મળે પાપની આડે, એમ કરતાં પુણ્ય થોડા થયા, ત્યાં અટકી ગયો. કે અમે કાંઈ ધરમ કર્યો. અરે, બાપુ એવું તો અનંતવાર કર્યું તેં સમજાણું કાંઈ? આહાહા! કહે છે, શરીરને આદિને પોતાનું માનવા રૂપ જે અવિદ્યા એ અજ્ઞાન છે. આહાહા! શરીર મારું વાણી મારી મન મારું પુણ્ય પાપના ભાવ વિકારી છે એ મારા, એ આશ્રવ તત્વ છે. આહાહા!

એને પોતાના માન્યા એ અજ્ઞાન અવિદ્યા સંસ્કાર છે. આહાહા! અનંત કાળમાં ભટક્યો, એ રહી ગયું, કાંઈ તેની ખબર નથી એને. એ તો જે કરે છે એ કર્યા કરે જરી. નવરો થાય ત્યાં શુભ ભાવ કરે. દુકાને પાપની ઘાણીમા અંદર બેય મલિન પરિણામ છે. એ પુણ્યને પાપ બે ય. એક સોનાની બેડી અને એક લોઢાની બેડી આરે ભારે ભાઈ, હેં? સોનાની, (સોનામાં પોલ હોય પોલ) સોનું હોય સોનું. આહાહા! કહે છે કેમ તને આત્માની શાંતિ ન મળી? સમ્યગ્દર્શન કેમ ન થયું? સમ્યગ્દર્શન થતાં આત્માને શાંતિ મળે. આહાહા! કેમ ન થયું? કે પર વસ્તુને માનવાના સંસ્કાર વડે ત્યાં રોકાઈ ગયો. ધીરુભાઈ! આવું છે. અજ્ઞાન તેનો અભ્યાસ વારંવાર પ્રવૃત્તિ આહા!

ઓલું શું કહેવાય? દોરાને કાંતે છે ને? હેં? શું કહેવાય? તમારે ચરખો, રેંટિયામાં થોડો દોરો આમ એક પછી એક, એક પછી એક નીકળ્યા જ કરે, એમ કહે છે કે અનાદિના પ્રભુ તેં પુણ્ય ને પાપના શુભ અને અશુભ ભાવ, એના રેંટિયા માંડયા તેં. આહાહા! એના સંસ્કારને લઈને તને અસમાધિ થઈ. આહાહા! ચિદાનંદ ભગવાન અંદર આનંદનો નાથ જ્ઞાતા દ્રષ્ટા, જે તીર્થંકર દેવે જેને આત્મા કહ્યો, એ આત્માને તું ભુલી ગ્યો. સમજાણું કાંઈ? આહા! એવા સંસ્કારથી ઉત્પન્ન થયેલા વાસના વડે, વિષયો ને ઈન્દ્રિયોને આધીન, શુભ ને અશુભ ભાવોમાં આધીન થતાં, ઈન્દ્રિયોને એના વિષયોમાં દોડી ગયો આમ. આહાહા! ઝીણી વાત સૂક્ષ્મ ભાઈ! વીતરાગની વાણી છે એ પણ સાંભળવામાં શુભભાવ છે, કારણ(કે) એ ઈન્દ્રિયનો વિષય છે. બહુ ઝીણી વાત. વીતરાગ માર્ગ એવો ઝીણો છે, અત્યારે તો બધું ગૂંચાઈ ગયું છે બધું ઊંધું. આહાહા!

કહે છે, આવા અવિદ્યાના સંસ્કારથી પર તરફના વલણમાં તારી દશા, સંસ્કાર જામી ગયા એમાં. અંતર આત્મા આનંદ સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ ''સિદ્ધ સમાન સદા પદ મેરો'' આહાહા! એ તને શ્રધ્ધામાં દૃષ્ટિમાં અનુભવમાં રહી ગયો, એથી તને સમાધિ ન થઈ. સમાધિ એટલે આ બાવા કરે છે એ નહિં હોં! આ તો સુખ અંદર થવું જોઈએ. ભગવાન આનંદનો ગાંગડો છે, આનંદની ગાંઠ છે ઈ. આહાહા! આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. જેમ શક્કરકંદ છે ને? ઈ શક્કરકંદમાં બધે મીઠાશ જ ભરી છે. આ

શિવરાત્રીમાં નથી કરતા? આ વિષ્ણુ, છે અનંતકાય હોં, અનંત જીવ છે. એને રાંધીને ખાય છે ને? બાફીને સાકર નાંખીને ખાય અંદર.

આ ભગવાન આત્મા એકલો અતીન્દ્રિય આનંદનો શક્કરકંદ છે એમ તેં કોઈ દિ' સાંભળ્યું નથી. પોપટભાઈ! આહાહા! એવા આનંદના નાથ ને તેં ન જોયો, ન જાણ્યો, ન માન્યો, આહાહા! અને આવા અજ્ઞાન સંસ્કારથી, પાંચ ઈન્દ્રિયના પર વિષયોમાં પરાધીન થઈ ગયો તું. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! એને લઈને અણાત્માને આધીન તે મન વિક્ષેપ પામે છે. શું કીધું ઈ? આ શરીર વાણી મન બધાં જડ છે અને અંદરમાં પુણ્યને પાપના ભાવ થાય એ પણ ખરેખર તો ચૈતન્યની જાતની જાત નથી એ પણ અચેતન છે. છે જીવની પર્યાયમાં પણ એમાં જ્ઞાનને આનંદનો અભાવ છે, માટે પુણ્ય ને પાપના ભાવ એ મારા છે એમ તેમાં દોરાઈ જઈ અને મનનો વિક્ષેપ થયો. આહાહા!

અણાત્માને આધીન એ શુભ ને અશુભ ભાવ એ આત્મા નથી. શુભભાવ એ પુણ્ય છે અશુભ ભાવ એ પાપ છે, બેય તે આશ્રવ છે. આહાહા! એને આધીન થઈ આહાહા! મનનો વિક્ષેપ થયો. આહાહા! અશાંતિ થઈ એને. એને કષાયનો ભાવ ઉત્પન્ન થયો. એમાં એ દુઃખમાં એ વિક્ષેપ થઈ ગયો. મન અસ્થિર થઇ ગયું કહે છે. આહા! સમજાણું કાંઈ? આરે! વાત એવી કેવી પણ આ? ઓલા તો કહે દયા પાળ તો ધરમ થાય, આ ભગવાનની ભક્તિ કરીએ હંમેશા. બાપુ! એ બધી વાતુ શુભભાવની છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવયેક ઉપજાયો' ભગવાન તો એમ કહે છે કે ભાઈ, તું તો સાધુ પણ અનંતવાર થયો છે, પંચમહાવ્રતના પરિણામ પણ અનંતવાર તે કર્યા છે. આહા! એ તો રાગ છે.

'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક' નવમી ગ્રૈવેયક છે, બાર દેવલોક છે, ઉપર નવ ગ્રૈવેયક છે ત્યાં અનંતવાર ગયો છે. સમજાણું કાંઈ? એવા શુભભાવ પુણ્યના ભાવ, શુક્લ લેશ્યાના ભાવ, એ કર્યા પણ આત્મજ્ઞાન બિન, આત્મા શું ચીજ છે એના અનુભવ વિના એને સુખનો અંશ પણ ન આવ્યો. આહાહા! સમજાણું કાંઈ? જેને દુનિયા ધરમ માને એને તો અહીંયા જ્ઞાની કહે છે કે એ પરાધીન દુઃખ છે. આ તો વીતરાગ મારગ છે. ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જેને સો ઈન્દ્રો પૂજે છે. ભગવાન તો બિરાજે છે મહાવિદેહમાં, તીર્થંકરો તો ચોવીસ તીર્થંકરો મોક્ષમાં પધાર્યા, એ નમો સિદ્ધાણંમાં ગયા અને સીમંધર ભગવાન આદિ વીસ તીર્થંકરો મહાવિદેહમાં બિરાજે છે, અરિહંતપદે છે હજી શરીર છે. સમજાણું કાંઈ? એના મુખમાંથી આ વાણી નીકળી, આ વાણીની રચના છે. સમજાણું કાંઈ?

પોપટભાઈ! મનમાં સંસ્કાર એવા નાંખ્યા, કહે છે શરીરની ક્રિયા હું કરું આવી શુભભાવ આવો હું કરું અશુભ ભાવ આવો કરું એમાં ગૂંચાઇ ગયો ઇ. આહાહા! એ અજ્ઞાનના સંસ્કારમાં ગૂંચાણો. આહા! એ અવિદ્યાના સંસ્કાર પડયા. ચૈતનથી વિપરીત દશાના સંસ્કાર પડયા. આહા! સમજાણું કાંઇ ? એટલે કે વિક્ષિપ્ત થાય છે. તે જ મન જ્ઞાન સંસ્કાર વડે હું તો જાણનાર દેખનાર આનંદ છું. મારું સ્વરૂપ તો શુધ્ધ ચૈતન્ય આનંદઘન છે. અતીન્દ્રિય આનંદનો રસીલો તે હું, આત્મા. આહાહા! રાગનો રસીલો એ આત્મા નહિં આરે! આવી વાત કેવી ? આ તો કહે વહેવારનો લોપ થઈ જાય છે.

ભાઈ! તને વહેવારની ખબર નથી બાપુ! વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકર દેવ, ગણધરો અને સંતોની વચ્ચે ઈન્દ્રોની વચ્ચે આ ધરમ ફરમાવ્યો હતો. આહાહા! સમજાણું કાંઈ ? તે પુણ્ય ને પાપના ભાવ તે વિકાર છે. એનાથી મારી ચીજ ભિન્ન છે. આનંદ છે, જ્ઞાન છે, શાંતિ છે, સ્વચ્છતા છે, પ્રભુતા છે. એ હું આત્મા, એવા એણે સંસ્કાર નાંખ્યા નહોતા, એ સંસ્કાર જો નાંખે તો સમાધિ એને થાય. આહાહા! છે ? આત્માને શરીરાદિથી ભિન્ન જાણવાના અભ્યાસ વડે, આ રજકણો માટી એનાથી હું જુદો છું. આ વાણી છે જડ, એનાથી હું જુદો છું. પુણ્ય ને પાપના ભાવ થાય, તે રાગથી પણ હું જુદો છું. આહાહા!

એવા પરથી ભેદજ્ઞાનના સંસ્કાર નાખતાં, એને સમ્યગ્દર્શન ને સમાધિ થાય. આવો મારગ છે ધીરૂભાઈ! આ બધા પૈસાવાળા જાણે પૈસા ખરચે ધરમ થઈ જાય. એય શેઠ! કરના ક્યા ? કરના, ક્યા કરના ? ઓ કરના નહીં હૈ ? પુણ્ય થાય, એમાં રાગની મંદતા કરે તો પુણ્ય થાય. પોપટભાઈ! આ પોપટભાઈએ આપ્યા કે નહિં ? હમણાં પચાસ હજાર. નહિં ? વઢવાણ. આ મંદિર થાય છે ને ? એ ગીરધરભાઈ (ગીરધરભાઇ થોડું હળવેથી બોલે) એ તો હવે હળવે હળવે કરશે બધા. એમાંય પણ એ ક્રિયા જે થાય છે એ તો પર છે. એમાં દેનારને રાગની મંદતાનો ભાવ હોય તો પુણ્ય છે, ધરમ નહિ,

(**શ્રોતા** : પણ આટલા બધા રૂપિયા આપ્યા ને ધરમ નહિં ?) કોના રૂપિયા હતા ? રૂપિયા તો જડ છે. (**શ્રોતા** : ભલે એના નહિં, ખર્ચ્યા તો એણે છે ને ?) ખર્ચ્યા એણે નથી. એ તો ત્યાં ખર્ચાણા જડને કારણે. એ પોપટભાઇ! (**શ્રોતા** : ખરચવાનો ભાવ કર્યો) ભાવ કર્યો તો કીધું રાગ કર્યો'તો. રાગ મંદ કર્યો તો શુભ થાય, એણે અને ઓલો તમારો કોણ ? તલકશીભાઇનો દિકરો રમણીક, બેયે ૫૦ હજાર આપ્યા. એણે ૫૦હજાર આપ્યા. લાખ. અઢી ત્રણ લાખનું થાય છે. આંહી તો આપણે પહેલેથી કહેતા આવ્યા છીએ અમે

તો કે મંદિર બને એ એને કારણે બને. એમાં ભાવ કરનારને રાગની મંદતા હોય તો પુણ્ય છે, ધરમ નહિં. ધીરૂભાઈ ?

ધીરૂભાઈ એ કરવાનું છે ને આ બધું મકાનનું, આંહી તો પહેલેથી. હેં ? અરે ભગવાન, (**શ્રોતા :** રાગના ભાવમાં ધરમ નથી) રાગ, બાપુ ! તને ખબર નથી. ભાઈ ! જે વૃત્તિ ઉઠે છે અંદર વિકલ્પ રાગ છે. આહાહા ! હોય, અશુભથી બચવા એ ભાવ હોય, પણ એ ધરમ છે અને એનાથી ધરમ હળવે હળવે થાશે, એ વાતમાં જરીએ માલ નથી. કો સુજાનમલજી ! (**શ્રોતા :** બરાબર હૈ, ટંકોત્કીર્ણ વાત) આવો મારગ વીતરાગનો છે બાપુ. આહાહા ! ત્રણલોકના નાથ, તીર્થંકર દેવ, ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં આ કહેતા હતા. એ, આ કહેણ છે બધા. આહાહા !

ભાઈ ! તને સંસ્કાર બીજા પડી ગયા. આત્માની જાતના સંસ્કાર ન પાડતા પુણ્ય ને પાપના ભાવ મારા અને એમાં મને લાભ થશે એવા સંસ્કારથી અજ્ઞાન પોષાણું છે કહે છે, શેઠ ! શેઠને જ્યાં હોય ત્યાં બેસાડે, પૈસા આપેને ઓલામાં કંઈ દસ હજાર, પાંચ હજાર ? કરો શેઠને કહી મોઢા આગળ બેસાડે. હમણાય ન્યાં કુંડલપુર જવાના છે ને, મોઢા આગળ, કંઈક આપશે હોં, આપણને કાંઇ ખબર નથી. ચંદુભાઈએ કહ્યું'તું, ન્યાં થાય છે ને ? મોટું ગજરથ હેં ? ગજરથ (**શ્રોતા :** કમીટીના પ્રમુખ છે) એના પ્રમુખ છે એ. મોઢા આગળ બેસાડે પૈસાવાળાને કાંઇક આપશે પાંચ દસ હજાર. આહાહા ! હેં ? શું કીધું ? જબરદસ્તીથી (જબરદસ્તીથી પકડયા છે) આહાહા ! ભારે ભાઈ.

આંહી તો કહે છે પ્રભુ, કે લક્ષ્મી છે એ તો જડ છે, જેમ શરીર જડ છે આ માટી, માટી છે ને ? કંઈ વાગે ત્યારે નથી કહેતા કે મારી માટી પાકણી છે પાણીને અડવા દેશો નહિં, પણ એ બોલવા પૂરતું, કાંઇ ભાન ન મળે કાંઇ. મારી માટી પાકણી છે એમ કહે છે પણ મારી કરીને પણ માટી કોની છે એની ખબર નથી એને કંઇ. ઈ આ વાગે ને ક્યાંક જ્યારે ખીલો વાગી ગયો હોય પાણી અડાડવા દેશો નહિં હોં. મારી માટી પાકણી છે. માટી છે ને આ ? ધૂળ છે એ તારી થઈ ગઈ ? ક્યાંથી આ માટીનો માટી થઈ ગયો. માટી નો માટી. આહાહા ! હેં ? જડ છે.

એમ પૈસા જડ ધૂળ છે. સોનાના હોય કે રૂપાના હોય, કે ત્યાં તમારે અત્યારે હોય છે ને ? શું કહેવાય ? ઈ નોટું, કાગળિયા એ તો બધા જડ છે. એ જડ થઈએ રહ્યા છે કે તારા થઈને રહ્યા છે ? (**શ્રોતા :** પાસે છે ત્યાં સુધી તો એના થઇને રહ્યા છે ને ?) ધૂળે ય નથી એના થઇને રહ્યા ધીરૂભાઈ ! ઈ અજીવ થઈને રહ્યા છે કે તમારા થઈને રહ્યા છે ઈ ? તમારા થઈને રહે તો તમે આત્મા છો અરૂપી, તો અરૂપી થઈ જાય ઇ. (**શ્રોતા :**

મારી પાસે છે ત્યાં સુધી તો મારા છે.) ના જરીયે હરામ હોય તો જડના છે. ઈ જ વાંધા છે ને અહિંયા તો. એ અજીવ તત્ત્વને જીવને પોતાનું માનવું મહા મિથ્યાત્વના સંસ્કાર છે. લોકોને પણ એ રીતે ચડાવી દીધા છે. પૈસાવાળા હોય. પૈસા ખરચે, ધરમ ધુરંધર, નાખો એક તક્તી. તકતી, તકતી નાંખે છે ને ? બહુ તસ્દી મહેનત કરે બિચારો, પચાસ હજાર લાખ ખર્ચ્યા ઇ જાઓ. ફલાણા ભાઈની યાદગીરીમાં ત્યાં નામ નાંખે ત્રણ ચાર પાંચ ફલાણા ભાઈ આપનાર ને ફલાણાની યાદગીરીમાં ને (હસ્તે ફલાણા) હેં ? હસ્તે ફલાણા એટલા તો નામ નાંખે.

અરે ! ભગવાન, તુ શું કરે છે આ ? બાપુ, તને રાગની મંદતા તેમાં કરી હોય તો પુણ્ય છે. ઈ પુણ્ય બંધન છે હો, પણ એ છે બંધન બાપુ, પણ એ ધરમ નહિ. પણ અજ્ઞાનથી એવા સંસ્કાર નાંખ્યા કે એમાં ધરમ છે એવું મિથ્યાત્વનું પોષણ કર્યું એણે. આહાહા ! મિથ્યા શ્રદ્ધા મિથ્યા દર્શન શલ્ય. આહાહા ! કહે છે, એવા સંસ્કારથી ભૂલી ગયો તું, પ્રભુ તને. આહાહા ! અને એના સવળા સંસ્કાર કરવા હોય તો, હું તો આનંદ ને જ્ઞાન સ્વરૂપ છું. સત્ સ્વભાવ મારો ત્રિકાળ આનંદ ને અતીન્દ્રિય જ્ઞાન એ મારી ચીજ છે, એવા વારંવાર અભ્યાસથી એને જ્ઞાનના સંસ્કાર એમાં પડે. એને સમક્તિ થાય ત્યારે એને શાંતિ થાય, આહાહા ! કો' શેઠ, આવું શું કરવું ? એમ કહે છે. આહાહા !

જુઓ, જ્યાં શરીરાદિથી ભિન્ન જાણવા રૂપ અભ્યાસ વડે, સ્વતઃ એટલે સ્વયં, તત્ત્વમાં આત્મ સ્વરૂપમાં સ્થિર થાય છે. આહાહા ! આત્મ તત્ત્વ એટલે કે જ્ઞાનનું સ્વરૂપ, આનંદની મૂર્તિ એ આત્મતત્ત્વ છે. એ રાગને પરથી ભિન્ન સંસ્કાર કરતા કરતા આત્મામાં સ્થિર થાય છે, ત્યારે એને સમ્યગ્દર્શન ને સમાધિ નામ (એટલે) આનંદ આવે છે, એનું નામ ભગવાન સમાધિ કહે છે. લોગસ્સ કર્યો છે કે નહિં ? લોગસ્સમાં આવે છે 'સમાહિ વર મુત્તમં દિન્તુ' કોને અર્થની ખબર છે ? ગડિયા હાંકે જાય, (**શ્રોતા** : ન આવડે તો ચાર નવકાર ગણી જાય) હેં ? બસ ચાર નવકાર આહા ! આંહી તો સમાધિ આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત સમાધિ. આ બાવા સમાધિ કરે એની વાત નથી હોં આ ? આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત સમાધિ. એટલે કે ઉપાધિ એટલે આ સ્ત્રી કુટુંબ પરિવાર ધંધો એ બધું ઉપાધિ.

શરીરમાં રોગ આવે એ વ્યાધિ, પેલી ઉપાધિ, આ વ્યાધિ. મનમાં સંકલ્પ, વિકલ્પ, પુણ્ય, પાપ ના ઉઠે એ આધિ. ઉપાધિ, વ્યાધિ અને આધિ. ત્રણથી રહિત ભગવાન આત્માની સમાધિ. આહાહા ! સમજાણું કાંઈ ? કાંઈ સમજાણું ? કહેવાય છે ને ? બધું સમજે તો ન્યાલ થઈ જાય આ તો એની હવા આવે છે કે નહિં ? આહાહા ! ત્રણલોકના નાથ તીર્થંકર

દેવ, પરમેશ્વરના આ ફરમાન છે આ આદેશ છે આ હુકમ છે. આહાહા! ભાઈ, તને સંસ્કાર પર મારામાં પડી ગયા, એથી તારી ચીજને તું ભુલી ગયો. હવે તું પરના સંસ્કાર છોડ, પ્રભુ આહાહા! હું તો આત્મા જ્ઞાન સ્વરૂપી, જ્ઞાતા દૃષ્ટાનો ભંડાર છું. મારામાં નથી પુણ્ય પાપ નથી શરીર નથી વાણી નથી કુટુંબ કબીલો કોઈ નથી. આહાહા!

આ સ્ત્રીને કોઈ અર્ધાંગના કહે છે. મુર્ખાઇનો પાર છે કાંઈ? અડધું અંગ ઈ ને અડધો હું... અર્ધાંગના કહેવાય, એય મારી નાંખ્યા, અજ્ઞાનના સંસ્કાર નાંખી. આ કહે છે ને લોકો કહે છે ને આપણને તો. આહાહા! એ અર્ધાંગના છે અમારા ઘરેથી છે, એમ કહે ને? ઘરેથી એટલે શું? (**શ્રોતા** : એ બેય સમજી જાય છે) ભાઈ! તારું ઘર તો અહીંયા જ્ઞાન ને આનંદ છે. એ ઘરમાં સ્ત્રી નથી ને રાગેય નથી, એ ઘર એવું છે એનું. આહાહા! નવ તત્ત્વમાં મોટી ભૂલો, એ અજીવને જીવ માન્યો, પુણ્યના ભાવ એ આશ્રવના ભાવ એને ધરમ સંવર માન્યો ને ધર્મ માન્યો, એ નવે તત્ત્વની વિપરીત માન્યતા. આહાહા!

હજી તો નવે તત્ત્વના નામેય ન આવડતા હોય સરખા. આહાહા! અને માને કે અમે કાંઇક ધરમ કરીએ છીએ, ધૂળેય નથી ધરમ, હવે સાંભળને. ધરમની ચીજ કોઈ અપૂર્વ છે. એક સેકંડમાત્ર પણ ધરમ થતાં જેના જન્મ મરણના અંત આવે એવો ધરમ છે ઈ. એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? અને એનું નામ સમાધિ છે. આહાહા! શરીર વાણી મન લક્ષ્મી એ મારા અને એમાં મને ઠીક પડે છે, એવા જે અજ્ઞાનના સંસ્કાર એ મિથ્યાત્વના સંસ્કાર છે. મિથ્યા નામ (એટલે) જૂઠા સંસ્કાર છે અને હું રાગ નહિં, પુણ્ય નહિં, પાપ નહિં. મારી ચીજ તો સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સચ્ચિદાનંદ એટલે? સત્ નામ શાશ્વત. જ્ઞાન ને અતીન્દ્રિય આનંદનાં સ્વભાવ વાળો હું. એમ વારંવાર અભ્યાસથી એને સમ્યગ્દર્શનના સંસ્કાર ઉત્પન્ન થાય. આહાહા! સમજાણું કાંઈ?

વહેવારવાળાને તો એવું લાગે, આ જાત્રા કરે, સમ્મેદ્‌શિખરની જાત્રા કરે તો ધરમ થાય. આંહી કહે છે લાખ જાત્રા કરે તો ધરમ ન થાય. લે સાંભળ. કેમ કે પર દ્રવ્ય તરફના વલણનો ભાવ એ રાગ છે. સાક્ષાત્ ત્રણલોકના નાથ તીર્થંકરદેવ સમોવશરણમાં બિરાજતા હોય અને કલ્પવૃક્ષના ફૂલે જેની પૂજા કરી હોય. હીરાના થાળ ને મણીરત્નના દીવા ને કલ્પવૃક્ષના ફૂલ એવી અનંતવાર પૂજા કરી ભગવાનની. આની સામું જોયું નહિં એણે આમ. એ તો પર વસ્તુ છે. ભગવાન તો આત્માથી પર ચીજ છે. પરચીજને પૂજ્યા પણ સ્વને પૂજ્યો નહિ. આહાહા! સમજાણું કાંઈ? ભાઈ, દુનિયાથી જુદી જાત છે આ. હેં? આહાહા!

એવું તો બધુ હાલે છે ખબર નથી? બધા શું કહે છે શું માને છે શું મનાવે છે. ભાઈ, એ મારગડા જુદા પ્રભુ! એ જનમ મરણના છુટવાના સમક્તિના મારગ નાથ

જુદા છે ભાઈ, એના સંસ્કાર પણ તને નહિં, એ સાંભળવા મળે નહિં, આહાહા! એ સાંભળીને પાછા જાણવામાં ક્યારે મૂકે? અને રૂચિ કરીને અનુભવે ક્યારે? બાપુ, એ તો અલૌકિક વાતુ છે. સમજાણું કાંઈ? આહાહા! કહે છે જાણવારૂપ અભ્યાસ વડે, સ્વતઃ સ્વયં તત્ત્વમાં આત્મ સ્વરૂપમાં સ્થિર થાય છે લ્યો.

**ભાવાર્થ** : શરીરાદિ પરપદાર્થમાં આત્મબુદ્ધિ કરવી, શરીર વાણી મન એમાં આત્મબુધ્ધિ કરવી કે મને આ મારાં છે, એ મિથ્યાત્વ છે. મિથ્યા દર્શન શલ્ય અઢાર પાપ આવે છે કે નહિં? પ્રાણાતિપાત મૃષાવાદ, નથી? અઢારમું એ મિથ્યા દર્શન શલ્ય, એ આ અઢારમું પાપ છે. ગાડી અમારી ને છોકરા અમારા. હેં? બધુ મિથ્યાત્વ છે. આહાહા! કહે છે શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દીકરા, દીકરીયું, વેવાણ, વેવાઈ ને વેવલા. ધીરુભાઈ! સારો વેવાઈ મળ્યો હોય, કરોડપતિ હોય, ત્યાં ખુશીખુશી થઈ જાય. આવો શેઠ, આવો શેઠ હેં? વેવલા છે, વેવલા છે. બીજું શું છે? આંહી તો કહે છે, શરીર આદિ પર પદાર્થોમાં આત્મ બુધ્ધિ કરવી એ અજ્ઞાન છે મિથ્યાત્વ છે મિથ્યાશલ્ય છે વિપરીત માન્યતા છે અધરમ છે. આહાહા! અવિદ્યા છે.

એની પુનઃ પુનઃ પ્રવૃત્તિ અભ્યાસથી એનો અભ્યાસ આખો દિ' ને રાત, આ મારા ને હું એનો, અમે એના માટે આમ કર્યું, પાણીમાં ડાંગ માર્યે કાંઈ પાણી જુદા પડે? એમ અમારા બધા વેવાઈ વેવલા બધા અંગિત માણસો છે, એ અમારા અંગિત છે. ખાનગી કામમાં સાથ દેવા વાળા. હેં? સાત પેઢીથી મારે અને એને સંબંધ હાલ્યો આવે છે. ધૂળેય નથી સાંભળને! આહા! આ શરીર સાથે સંબંધ રાખે છે શરીર છૂટી જશે રાખ થઇ જશે દગો આપશે એકવાર એવો કે કોઇ તારો ધણી કાંઇ નહિં થાય. એ તો માટી છે. એને કાળે રહેશે, તારે કારણે નહિ રહે ઈ, તું સંભાળ કર તો રહે નહિંતર ન રહે એવું છે નહિં કાંઈ. આહાહા!

જડ જડને કારણે પોતાની અવસ્થાથી રહે છે. આહાહા! એને પોતાના માની પોતાની ચીજને ભૂલી ગ્યો ઇ. સમજાણું કાંઈ? એવી અવિદ્યા પ્રવૃત્તિ અભ્યાસ વારંવાર, મારું શરીર સારું મારું શરીર પાતળું મારું શરીર આવું ને મારી કાઠી આવી ને એમ જ આખો દિ સંસ્કાર, અરર! કાઠો આ તો જડનો છે. અમે ખાઈ પી ને સંભાળીએ, ધ્યાન રાખીએ તો શરીર સારું રહેશે, પથ્યાહાર કરીએ તો સારું રહે, એ બધું જડની વસ્તુ જડને કારણે છે. બાપુ! તારે કારણે કાંઈ નથી. પણ એને હું આમ રાખું તો રહે. સમજાણું? આહાહા!

મન પરવશ થઈને એમાં પ્રવૃત્તિમાં પરવશ પરાધીન થઈને રાગી દ્વેષી બની જાય છે. પછી તો એને અનુકૂળતામાં રાગ ને પ્રતિકૂળતામાં દ્વેષ, બસ એજ એના

સંસ્કાર ઉભા થાય છે. વિક્ષિપ્ત થાય છે. આંહી વિક્ષિપ્ત છે ને ? જુઓ પાઠમાં, આ જ મન ભેદજ્ઞાનના સંસ્કારોથી, આહાહા ! વારંવાર સંસ્કાર. પથ્થરમાં દોરડું ઘસાય તો પેલું પણે નથી આવતું, નિશાળમાં આવે છે ને ? હેં ! કુવાના કાંઠે, ઓલા દોરડા, પથ્થર કાળા હોય તો પણ રસ્સી આવત જાવતે શીલ પર કરત નિશાન. આહાહા ! એમ વારંવાર અભ્યાસ કર ભગવાન, હું રાગ નહિ શરીર નહિં વાણી નહિં એ પુણ્ય ને પાપ હું  નહિં એ સ્ત્રી કુટુંબ હું નહિં. હું તો આત્મા, આનંદને જ્ઞાન સ્વરૂપ છું. એવા વારંવાર સંસ્કાર નાંખેથી એ રગડ પ્રભુ ત્યાં. આહાહા ! સમજાણું કાંઈ ?

પોતાને આત્મ સ્વરૂપમાં સ્થિર થાય છે લ્યો. એ મન ભેદજ્ઞાનના સંસ્કારોથી સ્વત: પોતાની મેળે આત્મ સ્વરૂપમાં સ્થિર થાય. આહાહા ! જ્યાં જેને પોતાનું માન્યું ત્યાં તે ઠરે, અજ્ઞાની રાગને શરીરને માન્યા ત્યાં ઠરે, જ્ઞાની ધરમાત્મા એ તો હું જ્ઞાન સ્વરૂપ એ મારું સ્વરૂપ છે, એમાં એને માને ત્યાં ઠરે. સમજાણું કાંઈ ? આહાહા ! આ ક્રિયાવાળાને તો આકરું ભારે પડે ભાઈ હો, પણ જાત્રા શત્રુંજયની ક્રિયા ને શત્રુંજયની જાત્રા કરીને આવ્યા ને એમ કહે ઇ પુણ્ય છે, ધરમ નહિં. ત્યારે રાડ નાંખે માંડ લઇને, નિકળ્યા હતા હવે એમાં કાંઇ પાંચ દસ ખરચ્યા હોય તો કહે ધરમ નથી ઇ. આ તંબોળીને એમ કીધું'તું ને તે દિ', માંડ લઇને નીકળ્યા'તા લઈને આવ્યા અને અહીં વાત થઇ. ભડક્યા પછી. ભાઈ ! એ જાત્રાનું સ્થળ તો તારો આત્મા છે. સાચી જાત્રા ચિદાનંદ સ્વરૂપ અંતર છે આરૂઢ થા. આ જાત્રા. ઓલી જાત્રા હોય, શુભભાવ અશુભથી બચવા માટે જ્ઞાનીને હોય પણ એ વસ્તુ સ્થિતિ સત્ય નથી. સમજાણું કાંઈ ?

સત્ વસ્તુ જે શાશ્વત સત્ છે, સત્ છે. હોવાવાળો જેનો સ્વભાવ કાયમ છે એવા સ્વભાવ તે હું એવા સંસ્કારથી ત્યાં પવિત્રતા પ્રગટ થાય છે અને આ રાગ હું શરીર હું એ ક્રિયા મારી એના સંસ્કારથી દુઃખ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ ? શરીર જડ છે અપવિત્ર છે અસ્થિર છે ને પર છે, આટલે સુધી આવ્યું'તું. તેમાં આત્માની કલ્પના કરી તે મારા છે એમ કલ્પના કરી એને પવિત્ર સ્થિર અને પોતાનું માનવું, અને જ્ઞાન ને રાગને એક માનવા, હવે એનો ખુલાસો કરે છે. ભગવાન સ્વરૂપને રાગને એક માનવા. એ એને પોતાનું માનવું એ સમ્યગ્દ્રષ્ટિ પોતાના સ્વભાવના પરિણમનમાં જ સદાય છે. રાગાદિ પરિણમન એ એનું છે નહિં. એમ કહે છે ભાઈ શુદ્ધતાનું પરિણમન એનું સદાય વર્તે છે. આ વાત બેસવી જગતને, અનાદિનો અભ્યાસ બીજો ને, કહેનારા પણ એવા મળ્યા. એટલે એને એમ લાગે આહા ! આ તો એકલી નિશ્ચયની સાચી વાત કરે છે પણ ખોટી થોડી કરતા નથી. આહાહા !

વિશેષ કહેશે...............

# પ્રવચન – ૪૭

## શ્લોક – ૩૭

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૨૬.૦૧.૭૫**

**कुतः पुनर्मनसो विक्षेपो भवति कुतश्चाविक्षेप इत्याह -**

**अविद्याभ्याससंस्कारैरवशं क्षिप्यते मनः ।**
**तदेव ज्ञानसंस्कारैः स्वतस्तत्त्वेऽवतिष्ठते।। ३७ ।।**

અજ્ઞાનજ[1] સંસ્કારથી મને વિક્ષેપિત થાય;
જ્ઞાનજ સંસ્કારે સ્વતઃ તત્ત્વ વિષે સ્થિર થાય ।। ૩૭ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

---

૧. અજ્ઞાનજ – અજ્ઞાનથી ઉત્પન્ન થએલા

૬૧ પાનું છે ને ? જ્ઞાન સંસ્કારો દ્વારા. કહે છે કે આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપ છે, એવું ભાન થતાં જ્ઞાનમાં એકાગ્રતાના સંસ્કાર પડે છે. ઓલા સંસ્કારની અહીંયા વાત નથી. પ્રવચનસારમાં આવે છે કે ભાઇ ! સંસ્કાર હોય એ તો પરાધીન જ્ઞાન છે. પરોક્ષની વ્યાખ્યા આવે છે ને ? એ અહીંયા વાત નથી. અહીં તો આ આત્મા રાગ થી ભિન્ન, એવા જ્ઞાનમાં સંસ્કાર પડતા જાય એની વાત છે. વાત એ છે ને ? ચૈતન્ય સ્વરૂપ એ તો ભેદજ્ઞાનનો ગાથા નો આધાર આપશે. જેને આત્માનું કલ્યાણ કરવું છે એણે કલ્યાણની દશા સમકિત પ્રાપ્ત થાય, એવા સ્વભાવને રાગથી ભિન્ન અનુભવવો પડશે જાણવો પડશે સ્વરૂપ જાણવું પડશે. ભેદ જ્ઞાનની તરફ વિકલ્પ ગયો છે ને ? એ છે તો નિર્વિકલ્પ. આહાહા !

રાગના અંશમાં એને જ્ઞાનમાં અંતરમાં વલણવાળી દશા થતાં એ જ્ઞાન છું, આનંદ છું, શુદ્ધ છું એવું જે પવિત્રતાના સંસ્કાર પડે એનાથી આત્માનો અનુભવ થાય. આહાહા ! આંહી કહેવાનો આશય તો એવો છે કે કોઇ વિકલ્પને આશ્રયે કે પર ને આશ્રયે અંદરમાં આત્માનો લાભ થાય એ નહિં. વહેવાર કારણ છે ને નિશ્ચય કાર્ય છે, એમેય નહિં. આહાહા ! એ વસ્તુ નિશ્ચયથી તો સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. અલિંગગ્રહણ ૬ઠ્ઠો બોલ. એ ચૈતન્ય સ્વરૂપ એના અનુભવ માટે પર ના આશ્રયની એને જરૂર નથી. એને રાગની મંદતાના ભાવની અપેક્ષા સ્વસ્વરૂપને જાણવા માટે નથી. આહાહા ! આવું સ્વરૂપ છે. એ કહે છે કે જ્ઞાન સંસ્કારો દ્વારા એટલે કે રાગથી શરીરથી તો ભિન્ન છે જ એમાં કાંઇ, ફક્ત એની પર્યાયમાં વિકલ્પની લાગણીઓ ઉઠે છે, અને તે જ કાળે ત્યાં જ્ઞાનની પર્યાય છે, એની એને ભેદ કરવાની વાત છે આહીં. આહાહા !

અરે ! સવારમાં આવ્યું'તું ને કે ગતિ આદિ અને રાગઆદિ ને પ્રાપ્ત થતાં એની દૃષ્ટિ ત્યાં હોવાથી એને ચૈતન્ય સ્વરૂપ અંદર ધ્રુવ છે તેનો એને લાભ થતો નથી. હેં ? ગતિ આદિ અને રાગાદિ, દેહ ને આત્મા પ્રાપ્ત કરે અંદર, એ કર્મને કારણે નહિં અને આને પ્રાપ્ત કરે તેથી એને આત્માનો લાભ થાય નહિં. આહાહા ! અલૌકિક મારગ છે. ભાઇ ! એ રાગ જે છે એનાથી ચૈતન્યમાં જવાય એમ નહિં, તેમ રાગનો વિકલ્પ ઉઠે - આ ચૈતન્ય ભિન્ન છું શુદ્ધ છું નિર્મળ છું એવા જે રાગ વિનાના અંદર સંસ્કાર પડે એ ત્યાં છે પણ હવે એ ધ્યાન નથી.

તત્ત્વાનુશાસનમાં, જેટલો જેટલો જેટલો અંદર ગરે છે એટલું સમ્યગ્દર્શન એમ કહેવાય છે. નહિં તો સમ્યગ્દર્શન તો આખું એકજ હારે થાય. આહાહા ! એ આત્મા અવલોકનમાં ક્યાંક છે. કહ્યું'તું એક વાર કે આમ કેમ મૂક્યું આણે ? સ્વસન્મુખના ભાઇ !

આ તો જન્મ મરણ રહિતની કરવાની વાત છે, ભાઇ ! એ કાંઇ સાધારણ ધારણાથી પ્રાપ્ત થાય એવું એ તત્ત્વ નથી. વ્રત પાળે કે અપવાસ કરે, દેવ-ગુરુ શાસ્ત્રની ભક્તિ કરે કે વિનય કરે એનાથી આત્મલાભ થાય એવી વસ્તુ નથી, કેમકે પર તરફની દશાવાળા ભાવ એ દશા બધી રાગ વાળી છે. આહાહા ! એનાથી ભિન્ન પાડવાના સંસ્કાર. આહાહા ! એવા સંસ્કાર દ્વારા જેમ જેમ સ્વરૂપમાં સ્થિરતા થતી જાય, એમ કહે છે. દૃષ્ટિ તો થઇ છે. હેં ?

ભગવાન જ્ઞાયક સ્વરૂપ છે એવી રાગથી ભિન્ન પડીને સ્વરૂપનું જ્ઞાન થઇને પ્રતીતિ થઇ છે. આહાહા ! પણ પછી વારંવાર એ જ્ઞાનમાં સ્વભાવમાં શુદ્ધતાના ધ્યેયને પકડીને શુદ્ધતામાં જેમ જેમ સ્થિર થતો જાય છે, તેમ તેમ તેને શાંતિ વધતી જાય છે. કોઇ ક્રિયાને વહેવાર કરતાં કરતાં આ થાય છે, એવું સ્વરૂપ નથી. ઓહો ! જન્મ જરા મરણના આવા, ભાઇ ! વાત કરતા'તા ને અર્જુનભાઇ આવ્યા'તા, છોકરો મરી ગ્યો ને એ બધા રોતા હશે. ૬ વર્ષનો છોકરો, સર્પ કરડયો ને ? રાગ છે. અરેરે ! કહે કે છોકરો પહેલો મોટો થવો જોઇએ, એને ઠેકાણે ભાઇ રોવા બેઠો, રોવે પણ મને વિકલ્પ એ વખતે આવ્યો આ બેમાંથી કોઇ આજ જવાનું છે કે શું છે આ ? એમ કહેતા'તા એ. પણ સ્થિતિ પૂરી થવાની હોય બાપુ, એમાં કોઇ રાખી શકે ? ઇન્દ્ર એને રાખી શકે ?

લોકોને ખબર નથી તત્ત્વ શું છે ? સર્વજ્ઞ ભગવાન તીર્થંકર દેવ એમ ફરમાવે છે કે ભાઇ ! પ્રભુ ! તું તો અનંત ગુણનો ધણી છો બાપુ ! એનો સ્વામી થઇને, રાગનું સ્વામીપણું છોડી દઇને, આહાહા ! શરતું બહુ. આ ભગવાન આત્મા શું ચીજ છે એના ભાન વિના આ બધા જે સામાયિક ને પોહા ને પડિક્કમણા કરે છે ને એ બધા અજ્ઞાન ભાવ છે, એને એ લોકો ધરમ માને છે. આહાહા ! સમજાણું કાંઇ ? બેઠું કે ન બેઠું છોકરાઓને ? જ્ઞાયક ચૈતન્ય સ્વભાવ ધ્રુવ એને ધ્યેયમાં લઇને એના સંસ્કાર પડતા જાય એકાગ્રતાના. આહાહા ! એને ભગવાન ધરમ કહે છે. આ બધુ આમ કરવું ને આમ કરવું એ જે વિકલ્પ ઉઠે છે એ બધો ધરમ નથી. લોકોને કાંઇ માની બિચારા જીંદગીયું ચાલી જાય છે. આહાહા !

અંતર્મુખ દૃષ્ટિમાં અંતરાત્મા, શુદ્ધ ચૈતન્યને અંદર અનુભવીને, એ આત્મા શાંત રસ ને ઉપશમ રસનો કંદ છે, અકષાય સ્વભાવની મૂર્તિ પ્રભુ છે, આ આત્મા. એને અકષાય ભાવ દ્વારા અંદર જતાં, મારગ બહુ ઝીણો. ભાઇ ! પોપટભાઇ ! આ સામયિક કર્યા ને પડિક્કમણા કર્યા ને સાંજ સવારને, આઠમ ચૌદશના પોહા કર્યા ને અરે ધૂળેય નથી, સાંભળને ત્યાં ક્યાં સામયિક હતી ? હજી આત્મા રાગથી ભિન્ન શું ચીજ છે એનો

પત્તો લીધો નથી અને એમાં ઠરવું છે એ ચારિત્ર ક્યાંથી આવે એને ? સમજાણું કાંઇ ? ત્યાગ કરવો એટલે ઠરવું, જમવું, પણ શેમાં ? કોઇ ચીજ હોય એમાં ને ? એ ચીજ શું છે એ તો દૃષ્ટિમાં અને અનુભવમાં આવી નથી.

અને એના ચારિત્ર એને વ્રતને તપ એના સાચા હોય ? ત્રણકાળમાં હોઇ શકે નહિં. સમજાણું કાંઇ ? આહાહા ! કહે છે, એવા સંસ્કારમાં રાગ દ્વેષ આદિ ભાવો છૂટતાં જાય છે. આહાહા ! શુદ્ધ ચૈતન્ય ઘન આનંદ કંદ પ્રભુ છે આત્મા. એની દૃષ્ટિ કર્યા પછી એમાં જેમ એકાગ્ર થતી જાય છે તેમ તેમ રાગ ઉત્પન્ન થતા નથી. એનું નામ રાગ નાશ થાય છે એમ કહેવામાં આવે છે. આહાહા ! આવો માર્ગ વીતરાગનો. લોકોએ કંઇ કંઇ કરીને કચડી નાંખ્યો છે. હેં ? આહાહા ! કંઇક મનાવ્યું છે.

અરે પ્રભુ ! તું ક્યાં છો ? ભાઇ ! તું જ્યાં છો ત્યાં તો વીતરાગતા પડી છે. આહા ! ત્યાં એ વિકલ્પને અવકાશ નથી. આહા ! હું આ કરું ને આ હું છું ને એવી વસ્તુના વિકલ્પ એને અવકાશ નથી. અને વીતરાગતા વધતી જાય છે. એ પ્રથમ સ્વરૂપજ વીતરાગ મૂર્તિ છે એને ભગવાન આત્મા કહે છે. જે વૃત્તિ ઉઠે આ રાગાદિ એ તો આશ્રવ તત્ત્વ છે. વૃત્તિ, વિકલ્પ ઉઠે, એ ખરેખર તો ભાવબંધ છે અને ભગવાન તો અબંધ સ્વરૂપ છે. આહાહા ! એ ભાવબંધનાં વિકલ્પથી અબંધ સ્વભાવમાં જઇ ન શકાય. આહાહા ! બહુ ઝીણું. બાપુ ! એ નિરાવલંબી સ્વરૂપ જેને આલંબન નથી.

બહારનું આલંબન, એવી ચીજની અંતરદૃષ્ટિ ને અનુભવ થતાં એમાં સ્થિર થતાં ત્યાં રાગ દ્વેષ ટળતાં જાય છે, અને વીતરાગતા વધતી જાય છે એનું નામ ધરમ કહેવાય છે. આહાહા ! શું કહેવું રાગ ને ? શું કહેવું વીતરાગ ? એની ખબરું ન મળે. સમજાણું કાંઇ ? માટે જ્યાં સુધી જ્ઞાન બાહ્ય વિષયોથી છૂટી આત્મ સ્વરૂપમાં સ્થિર ન થાય ત્યાં સુધી આત્મ તત્ત્વની ભાવના કર્યા જ કરવી. એકલું માખણ છે લો આ તો. એ આત્મતત્ત્વની ભાવના, આત્મતત્ત્વભાવ ભાવ સ્વરૂપ શું છે ? આત્મતત્ત્વ એટલે એનો ભાવ સ્વભાવ શું છે ? એવું જાણ્યા વિના એ આત્મતત્ત્વની ભાવના ભાવમાં એકાગ્રતા ન થઇ શકે.

ભાવ ને ચૈતન્ય સ્વભાવ ભાવને જ્ઞાનમાં ભાસ્યા વિના, સમજાણું કાંઇ ? તેમાં સ્થિરતા ન થઇ શકે. કારણકે વસ્તુ શું છે એ તો દૃષ્ટિમાં આવી નથી અને એને ચારિત્ર ચારિત્ર એટલે શું ? કાંઇ બહાર ક્યાંય લટકે છે ચારિત્ર ? લૂગડા છોડયા, બાયડી છોકરા છોડયા એનાથી ચારિત્ર થઇ ગયું ? આહાહા ! આહાહા ! અને પંચમહાવ્રતનાં પરિણામ કદાચિત થયાં, એય વિકલ્પ છે એ તો રાગ છે, એ કાંઇ ધરમ નથી. આહાહા !

એવો ચૈતન્ય ભગવાન આત્મા એની દૃષ્ટિ કરીને પછી એમાં વારંવાર એકાગ્રતાનો અભ્યાસ કરીને, સ્વરૂપમાં સ્થિર થાય એ ત્યાં સુધી કહ્યું કે આત્મતત્ત્વની ભાવના પૂરી સ્થિરતા ન થાય ત્યાં સુધી કરવી. આહાહા! આ કરવું નથી? હેં?

પરમાર્થ વચનિકામાં આવે છે કે આગમ ક્રિયા સહેલી એટલે દયા દાનના વ્રત ભક્તિ આદિના પરિણામ કરે અને એને એમ માને કે હું કાંઈક ધરમ કરું છું અને અધ્યાત્મનો જે વહેવારનીય એને ખબર ન મળે. આવે છે ને ભાઈ. હેં? આહાહા! આગમની જે વહેવારની ક્રિયા શાસ્ત્રની અહિંસા સત્ય દત્ત બ્રહ્મચર્ય અપરિગ્રહ સમિતિ ગુપ્તિ વહેવાર એ સહેલું એટલે એને વિકલ્પ આવે એ જાણે કાંઈક ધરમ કરું છું. આહાહા! ભાઈ તને ખબર નથી તું છેતરાઈ ગયો છો ભાઈ. એ અધ્યાત્મનો વહેવાર પણ એને ખ્યાલમાં આવતો નથી. જોવો શું કીધું ઈ?

વસ્તુ તો ત્રિકાળ નિત્યાનંદ પ્રભુ છે એની શ્રદ્ધા જ્ઞાન એકાગ્રતા એવો જે પર્યાય એ અધ્યાત્મનો વહેવાર છે. આહાહા! આવી વાત. સમજાણું કાંઈ? આ વ્રતને તપને ઉપવાસને એ બધા વિકલ્પ છે, એ તો બધી રાગની ક્રિયાઓ છે, એ તો આત્માનો વહેવારેય નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આત્માનો વહેવાર તો ભગવાન એને કહે છે ત્રિલોકનાથ તીર્થંકર દેવ કે એની જાતમાં શું ભર્યું છે એનું જેને ભાન થયું છે. આહાહા! તે જ્ઞાન અને આનંદમાં એકાગ્રતા થાય છે એ આત્માનો વહેવાર છે. સવારે તો ત્યાં સુધી આવ્યું'તું ગજરથ, ગજરથ આમ હલાવે ને લાખો રૂપિયા ખર્ચે તો કાંઈ ધરમ થાતો હશે કે નહિં? (**શ્રોતા :** પ્રભાવના તો થાય ને) પ્રભાવના ક્યાં રહેતી હશે? આત્મામાં કે આત્મા બહાર? આહાહા! ઈ તો આંહી કહે છે, પ્રભાવના. વિશેષે પ્રતિષ્ઠિત ભાવના સ્વરૂપ આનંદનો નાથ જે એને પકડીને એકાગ્ર થવું એ પ્રભાવના છે. આહાહા!

બહુ દુનિયાથી ન્યારો માર્ગ ભાઈ! વીતરાગ પરમેશ્વર એનો કહેલો ધર્મ કરવો એ અપૂર્વ ને અલૌકિક ચીજ છે. કહે છે દાખલો આપે છે.

શ્રી સમયસાર કલશ-૧૩૦માં કહ્યું છે કે :-

**भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया ।**
**तावद्यावत् पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते ।। १३० ।।**

આ ભેદ વિજ્ઞાન, પુણ્યની ક્રિયા જે દયા, દાન, વ્રત, ભક્તિની એ પુણ્યની ક્રિયાનો વિકલ્પ છે, એનાથી ભિન્ન પાડવાનો અભ્યાસ કર કારણકે ત્યાં ધરમ છે ક્રિયામાં

ધરમ છે નહિં. આહાહા! અત્યારે કર્યું ને એ બધું પુણ્ય થાય છે. જયંતિભાઇ! કાં મૂર્તિ ને સ્થાપે ને શું કહેવાય એને? અંજનશલાકા. હેં? અંજનશલાકા. મૂર્તિની પ્રતિષ્ઠા કરે એ તો જડની ક્રિયા બધી. ત્યાં કદાચ રાગની મંદતાનો ભાવ હોય તો ય પુણ્ય છે એ ધરમ નથી. પર દ્રવ્ય અનુસારી વૃત્તિ એ ધરમ નથી. સ્વદ્રવ્ય અનુસારી પરિણતી તે ધરમ છે. આહાહા!

એ કહે છે આ ભેદ વિજ્ઞાન અછિન્ન ધારા જેમાં વિચ્છેદ ન પડે એવા અખંડ પ્રવાહરૂપે, આહાહા! ત્યાં સુધી ભાવવું કે રાગનો વિકલ્પ છે, એનાથી પ્રભુ આત્મા જુદો છે. એને જુદો પાડવાની ભાવના ક્યાં સુધી ભાવવી? અખંડ પ્રવાહરૂપે. આહાહા! ધ્રુવ સ્વરૂપ છે તેને ધ્યેયમાં લઇને ધ્યાન કરવું. આ આરે, આ શું મારગ ભાઇ! મારગ એવો છે, વસ્તુનું સ્વરૂપ છે. ભાઇ તને ખબર નથી. એ ચૈતન્ય પ્રભુ પૂરણ વીતરાગ સ્વરૂપ છે. એને રાગને વિકલ્પથી ભિન્ન પાડી અને એમાં ઠરવું. આહાહા! એનું નામ સમ્યગ્દર્શન જ્ઞાન ને ચારિત્ર છે. આ તો હજુ માંડ પકડાવુંય કઠણ, શું કહે છે આ? સંપ્રદાયમાં તો આ સામાયિક કરો ને પોહા કરોને પડિક્કમણા કરો ને ઉપવાસ કરો ને વ્રત કરો ને ચોવિહાર કરો ને શ્વેતાંબરમાં જાય તો ત્યાં કહે પૂજા કરો ને ભક્તિ કરોને જાત્રા કાઢો ને. આહાહા! દિગંબરમાં જાય તો લૂગડા છોડોને. કોણ કરે બાપુ તને ખબર નથી. આહાહા! એ આનંદનો નાથ ભગવાન પરમાત્મ સ્વરૂપે બિરાજમાન છે. 'અંદર તું' એને પર તરફનાં વલણની વૃત્તિઓથી જુદો પાડી ભાઇ ગ્યા લાગે છે નહિં?

ધીરુભાઇ! ને બેય ઇ કહેતા તા ઓલી આ જમીન લેવાની છે ને જમીન ઓલી પડી ગઇ ઇ નહિં એ લેવા ગ્યા હશે. એમને કીધું કે શું કરવા તમે આ કરો છો? તો કહે ભાઇ અમે આત્માના ધરમને માટે છે એમ કંઇ કહેતા'તા એ બધા શું કહેવાય બધા સાધારણ જમીનના. હેં? સાર્વજનિક તો આ કહે કે જાહેરનું જ છે એમ કીધું. આ આત્મા જૈન થઇ શકે છે કોઇ પણ એમ કહેતા'તા. હેં? એમાં અમારે આ શશીભાઇ નો દાખલો આપ્યો એણે, કહે કે જુઓ. હેં? જુઓ, આ વિષ્ણુ કહેવાય છતાં જૈનનું વાંચન કરે છે વિદ્વાન, એ કહેતા'તા, માણસ કહેતા'તા હોં, મોઢ છે મોઢ. મોઢ વાણિયા છે. વિષ્ણુ છે એના બાપ દાદા કર્તા માનનારા હતા. હેં? કાંઇક કીધું 'તું એણે ભાઇ ત્યાં. ઓલા કહે ............ શું કહેવાય આપણને એ આવડે નહિં.

સમાજને માટે ભાષા શું કહેવાય? હેં? સાર્વજનિક લ્યો. સાર્વજનિકને માટે હોય તો હું એમ કે બેસીશ, ભાઇ, પ્રવચન સાંભળવા. કહે સાર્વજનિકને માટે જ છે આ. ધરમનું સ્વરૂપ જૈન પરમેશ્વર જે કહે છે એ સાર્વજનિકને માટે છે. આહાહા! ત્યાં તો

એ છે વિષ્ણુ એ જ જૈનમાં આવીને જૈનની વાતું કરે બીજા નહિં એમ નાંખે ભાઈની ઉપર. સમજાણું કાંઈ ? કે શું આ વાતો કરો છો પહેલા વહેલા બેનને. બેનને બેય આવ્યા'તા . આહા ! આ વસ્તુ બાપું . આ તો આત્માની ચીજ છે. જેનો આત્મા જે આત્મા છે તેને જાણે તેને આત્માનું જૈનપણું પ્રગટે. જૈન કોઈ સંપ્રદાય નથી. જૈન તો વિશ્વ ધરમ એટલે જૈન ધરમ આતમ ધરમ છે. આહાહા ! અરે પણ ઢેઢ ને ભંગી હોય તોય ધરમ પામી શકે. આત્મા છે કે નહિં અંદર ?

અખંડ આનંદ પ્રભુ જય ચૈતન્ય જ્યોતિ ઝળહળ જ્યોતિ પ્રભુ બિરાજે છે. એવી ચૈતન્યની શિખા ને પકડવી એનું નામ જૈન ધરમ છે. પછી એ ક્યાં ફલાણાના માટેની વાત છે એ ? આહાહા ! સાર્વજનિક વાતુ સર્વોદય તીર્થ જ આ છે. સર્વોદય કહ્યું છે ને ભાઈએ સમંતભદ્રઆચાર્યએ. ૨૪ તીર્થંકરની સ્તુતિમાં સર્વોદય કહ્યું છે. સર્વને સમજાય ને સર્વને છે એવું પ્રગટ થઈ શકે એવો આ મારગ છે. સમુદાય સર્વોદય ને બધા એવું માને છે કે બધા જાતના જેટલા ધર્મો એને માને એનું નામ સર્વોદય. ઓલા કાંતિભાઈ છે ને ત્યાં ? મુંબઈ. ઈસ્પિતાલ નહિં ? સર્વોદય ઈસ્પિતાલ મોટી, કરોડપતિ માણસ છે આ તમારા મુંબઈમાં.

કાંતિભાઈ આવ્યા'તા ને ? સર્વોદય ત્યાં આપણું વાંચન રાખ્યું હતું ને ? માણસો દસ દસ હજાર ઘાટકોપર, સ્થાનકવાસી શ્વેતાંબર ને ઘણાં માણસો, દસ દસ હજાર માણસો વ્યાખ્યાનમાં, ત્યાં સર્વોદયમાં રાખ્યું ત્યાં હમણાં છેલ્લું હતું, નહિં ? ભાઈના ઘરે ગ્યા'તા વ્યાખ્યાન વખતે ત્યાં ગયા'તા નવા હોલમાં - ઘણું માણસ. ઘાટકોપરમાં જૈન વસ્તી ઘણી, તો બધા આવે સાંભળવા. શું કહે છે આ ? આ બધી અત્યાર સુધી ચાલીસ વર્ષથી હાલે છે ને ? આપણા વાડામાંથી જુદા પડયાં ને જુદા પડી ને આ કહે છે શું આ ? ભાઈ ! સાંભળો બાપુ, આ તો વીતરાગ નો મારગ ભાઈ ! વાડાનો મારગ નથી આ. આહાહા ! એ આ તો અત્યારે યાદ આવ્યું જરીક. પેલાં એ વિષ્ણુ ધરમ પામે છે. એમ કહેવું છે આંહી.

બેય ગયા. લેવા ગ્યાને જમીન ? હેં ? એમ કે આમાં તો આત્મા ભગવાન વિષ્ણુ ફલાણુ છે એવું ક્યાં છે ? આત્મા તો આત્મા આનંદનો નાથ અનંતગુણનો પિંડ છે. એને જ અનુભવવો એને જાણવો, એમાં પંથ ને વાડા ક્યાં આવ્યા ? અને પક્ષ ક્યાં આવ્યો ? આંહી એ કહે છે, ભગવાન ! આનંદનો નાથ ચિદાનંદ મૂર્તિ પ્રભુ છે. નાળિયેરમાં જેમ ગોળો છૂટો પડયો છે. આહાહા ! એમ આ શરીર વાણી અને મન અને પુણ્ય પાપના વિકલ્પો રાગ, એનાથી પ્રભુ ચૈતન્ય ગોળો જુદો છે. એની ભાવના ત્યાં સુધી કરવી કે

વિચ્છેદ ન પડે. અખંડ પ્રવાહરૂપે ત્યાં સુધી ભાવવી જ્યાં સુધી પરભાવોથી છૂટી બિલ્કુલ વિકલ્પથી છૂટી જ્ઞાન જ્ઞાનમાં ઠરી જાય . આહાહા!

ચૈતન્ય ભગવાન પોતાના સ્વરૂપમાં ઠરી જાય ત્યાં સુધી એની ભાવના કરવી. આહાહા! શું શૈલી? ને શું આ કહે છે? ભાઇ, એ વસ્તુની સ્થિતિ છે. વસ્તુ સ્વભાવ સહજાનંદ સ્વરૂપી જે આત્મા છે. ઓલા સહજાનંદ, ઈસરીના સ્વામી નારાયણના ઇ નહિં હોં? એક બાઇ વળી એમ કહે છે અમારા ઉમરાળામાં. સહજાનંદી શુદ્ધ સ્વરૂપી એવું આવે છે? હતા અમારે જોરાવરની બા. હેમકુંવર બા, કહે કે આ મહારાજ વળી સહજાનંદી ક્યાંથી? આપણે તો સ્વામીનારાયણ સહજાનંદી હોય. કાંઇ ખબરું નો મળે. માણસને સહજાનંદ તો આ આત્મા સહજ ચૈતન્ય આનંદ છે એને ભાવવો. ભાવવો એટલે લક્ષ કરવું, જ્ઞાન કરવું, એનું નામ સહજાનંદ છે. આહાહા! ઠીક અત્યારે. આ નહિં? આવે છે ને? ભાઇ કેવા?

મણિભાઈ ગારીયાધારથી આવે છે ને મણિભાઇ. હેં? તમારી પાસે રહે છે ને હા એ. એના ફઇબા હેમકુંવરબા તે જૈનશાળામાં ઉતરેલાને? પરિવર્તન પછી. પછી તો આંહી ઉતરેલા જૈનશાળામાં. પછી બેઠાં સામે બેસે બૈરા અંદર ન આવી શકે એ કહે કે મહારાજ સહજાનંદી, આ શું છે? કાંઇ ખબરું ન મળે. આ આત્મા સહજ આનંદની મૂર્તિ છે, એનું નામ સહજાનંદ છે. આહાહા! કાંઇ ખબરું ન મળે નામનીય ખબર ન મળે. આહાહા! કહ્યું'તું ને એક વાર 'વિહુય રયમલા' નહિં? લોગસ્સમાં આવે છે ને? લોગસ્સમાં નથી આવતું? એવમયે અભિથુઆ, વિહુય રયમલા ભગવાન જાણે અર્થની. કોને ખબર શું કહે છે? ગડીયા હાંકે જાય અર્થની ખબર ન મળે એને, ભાવની તો ક્યાંથી ખબર હોય.

દશાને વીશાની બેયની તકરારું હતી લીંબડીમાં. ત્યાં દશાશ્રીમાળી ડોશી હતી ઓલુ લઇને બેસે છે ને ઓલું શું કહેવાય? ઘડિયાળ. એમાં ઓલું નમોત્થુણં આવ્યું. એમાં અર્થ આવડે નહિં. ભાન ન મળે ને દશા ને વીશાની તકરાર ગામમાં અપાસરામાં. એમાં એ બાઇ બોલી કે વિહુય રયમલા નો અર્થ વિહા રોઇ મર્યા. ડોશી બીજાને કહે આ તો આપણી તકરાર આંહી ક્યાંથી આવી લોગસ્સમાં. લોકોને કાંઇ ભાન બિચારાને, કાંઇ ભાન લોગસ્સ કોને કહેવો કાંઇ ભાન ન મળે. આહાહા! વિહુય રયમલા કે વીહા રોઇ મર્યા. પણ કે આપણી તકરાર અહીં ક્યાંથી? જરા જોવો તો ખરા અંદર? ત્યાં તો વિહુય રયમલા છે.

હે નાથ! હે પરમાત્મા! વિહુય વિ વિશેષે હુય આપે ટાળ્યા છે. રયમલા રય નામ આઠકર્મની રજ અને પુણ્ય પાપ ના મળ આપે ટાળ્યા છે ને સિદ્ધ થયા છો એ વાત

છે ત્યાં. ચંદુભાઇ ! આ સામાયિક કરતાં ત્યારે ખબર હતી અર્થની ? હેં ? આંધળે આંધળા આંહી તો પરમાત્મા સ્વરૂપ ભગવાન આત્મા કેમ પામ્યા, એમણે કર્મના રજ ને આત્માના આનંદના ધ્યાનથી ટાળ્યા અને પુણ્ય-પાપના દયાના વ્રત ભક્તિના પરિણામ પણ મેલ છે, રાગ છે એ મળ કહેવાય. રજકણ એ જડ કર્મ છે, એને ટાળીને પરમાત્મા સિદ્ધ થયા છે. એ આંહી કહે છે કે જો તારે સિદ્ધ થવું હોય તો રાગથી ભિન્ન પડી અને જ્યાં પ્રભુ બિરાજે છે શુદ્ધ ચૈતન્યઘન આત્મા ત્યાં ઠર, ત્યાં જમ, ત્યાં આનંદનું ભોજન જમ ત્યાં જમ એટલે ત્યાં આનંદમાં જામી જા અને આનંદનું ભોજન કર. આહાહા !

શું હશે આ તે વાતું ? પરભાવોથી છૂટી જ્ઞાન-જ્ઞાનમાં ઠરી જાય. અહીં જ્ઞાનનું જ્ઞાનમાં ઠરવું બે પ્રકારે છે. એક તો મિથ્યાત્વનો અભાવ થઇ સમ્યક્જ્ઞાન થાય. રાગ ને આત્મા એક છે એવો જે મિથ્યાત્વભાવ, આહાહા ! એને છોડીને સ્વરૂપની દૃષ્ટિ કરવી એ જ્ઞાનમાં ઠરવું, સમ્યગ્દર્શનનો પુરુષાર્થ કહેવાય છે. સમજાણું કાંઇ ? ફરી મિથ્યાત્વ ન આવે. આહાહા ! રાગનો ભાવ ને સ્વભાવ ભાવ બે ભિન્ન છે. એ ભિન્નતાના ભાનમાં રાગની એકતા તૂટી જાય ત્યારે તેને મિથ્યાત્વનો નાશ થાય. આહાહા ! ત્યારે તે આત્મામાં સમ્યગ્દર્શન અપેક્ષાએ ઠર્યો એમ કહેવાય.

બીજું, જ્યારે જ્ઞાન શુદ્ધ ઉપયોગરૂપ સ્થિર થઇ જાય, હવે આગળ વધીને અંદર શુદ્ધ ઉપયોગ આત્માનો જેવો શુદ્ધ સ્વભાવ છે એવો જ ઉપયોગ શુદ્ધ થાય ત્યારે અંદરમાં ઠર્યો એમ કહેવામાં (આવે છે.) આહાહા ! ફરી અન્ય વિકારરૂપે ન પરિણમે. આહાહા ! ૯૨ ગાથામાં આવ્યું'તું ને આપણે ? ૯૨ગાથા પ્રવચનસાર. અમે આગમ કુશળતા અને સમ્યગ્જ્ઞાનનાં ભાનથી અમે મોહગ્રંથી છેદી છે, કહે છે. આહાહા ! ! છદ્મસ્થ મુનિ કહે છે અને તે ગ્રંથી અમે છેદી જે ફરીને ઉત્પન્ન થવાની નથી હવે અમને પંચમ આરાના મુનિ તમે કેવળી નહિં ને આટલું બધું ? સાંભળને. આહાહા ! એ તો ૯૨માં આવે છે. જ્ઞેય અધિકાર. સમજાણું કાંઇ ? આહાહા ! છે ને આ ૯૨, ૯૨ છે ને ? આ આત્મા સ્વયં ધરમ થાય એ ખરેખર મનોરથ છે અમારો. આ આત્મા સ્વયં પોતે ધરમ થાય, વીતરાગ પરિણતીપણે પરિણમે એવો અમારો મનોરથ છે, કહે છે. તેને વિઘ્ન કરનારી એક બહિર્મોહ દૃષ્ટિ છે. જોયું ? દર્શન મોહ ન લીધું, બહિર્મોહ દૃષ્ટિ છે. આત્માને ધર્મપણે થવામાં વિઘ્ન કરનારી એક બહિર્મોહ દૃષ્ટિ એટલે શું કહ્યું ?

અંતરનાં રાગ ને સ્વરૂપ સાથે સબંધ નથી, એને રાગ ને મારો માનવો એ બહિદૃષ્ટિ તે સ્વરૂપને પામવામાં વિઘ્ન કરનારી છે. આહાહા ! કર્મ વિઘ્ન કરનારું છે, એમ

નથી. આહાહા! એ કહે છે. તે આગમ કૌશલ્ય, ભગવાનનાં જ્ઞાનનાં કૌશલ્યતા વડે પ્રગટી અને આત્મજ્ઞાન વડે હણાઇ ગઇ હોવાથી, આહાહા! અમે આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છીએ એના ભાનમાં એ મિથ્યાત્વની ગાંઠ ગળી ગઇ, નાશ થયો, એલા છદ્મસ્થ મુનિ તમે પંચમઆરાના કેવળી ને પૂછયા વિના, તમને આટલું બધું જોર છે? સમજાણું કાંઇ? એ વાત તો દિગંબર સંતો કહેતા આવે છે. બીજાનો ભાર નથી. આહાહા! કહે છે, એ આગમ કૌશલ્ય આતમજ્ઞાન વડે હણાઇ ગયું હોવાથી એટલે પુણ્ય પાપના પરિણામની ગાંઠ જે હતી એને મારી માની હતી એને આતમજ્ઞાન વડે હણાણી છે. કોઇ ક્રિયાથી હણાણી છે એમ નહિં. ભગવાન આત્મજ્ઞાન સ્વરૂપનો અનુભવ થઇ એ હણાઇ ગઇ છે. હવે મને ફરીને ઉત્પન્ન થવાની નથી. શાંતિભાઇ! આહાહા! હેં?

ક્ષયોપશમ ક્ષાયિક એ તો થ્યું'તું, પણ ક્ષાયિકમાં જાય એની વાત છે. સમજાણું કાંઇ? ભગવાન પછી તો આ તો અમૃતચંદ્ર આચાર્ય કહે છે, ભગવાન જેમ. ભગવાન કુંદ કુંદ આચાર્ય એવા અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંતોએ, નાગા બાદશાહથી આઘા, જેને જગતની પડી નથી કાંઇ. આહા! જેને પરમાત્માના આનંદની લહેર માં જે મજા કરે છે એને મુનિ કહીએ. એ મુનિ કહે છે કે અમારી આત્મજ્ઞાન વડે બહિર્મોહ દ્રષ્ટિ અંતરદ્રષ્ટિ થવાથી બહિર્મોહ દ્રષ્ટિ અંતદ્રષ્ટિ થવાથી હણાઇ ગઇ છે. આહાહા! સમજાણું કાંઇ? હવે અમને ફરીને ઉત્પન્ન થવાની નથી. આહાહા!

એ ક્ષયોપશમ સમકિતમાં છે, ક્ષાયિકમાં નથી. ભગવાન પાસે જાય તો ક્ષાયિક થાય પણ એ બીજા કાળમાં જાય તો થાય. એટલે ગયા એટલે ક્ષાયિક થયું એમેય નહિં, પણ એને ક્ષયોપશમ ક્ષાયિક થશેજ એવી દ્રઢતા થઇ ગઇ એને. સમજાણું કાંઇ? આહાહા! ભાઇ આવી વાતું અને પાછુ જોવો હવે મને ફરીને ઉત્પન્ન થવાની નથી અરે નાથ, શું કહો છો આ? પ્રભુ તમને શું થયું? અમે દુનિયાથી પાગલ થઇ ગયા છીએ. અમારો આનંદનો નાથ અંદર જાગ્યો છે. એ જાગવા વડે અંધારાનો અમે નાશ કર્યો છે. આહાહા! આ કેટલાક કહે છે ને, સમ્યક્‌ની શી ખબર પડે? હેં? એ તો કેવળી જાણે. પંચાધ્યાયમાં એવો પાઠ છે અરિહંત ઇન્દ્રિયનો વિષય નથી. આહાહા!

બાપુ! એ તો પ્રત્યક્ષ જ્ઞાનની અપેક્ષાએ, આ તો વેદનની અપેક્ષાનો પાઠ છે. સમજાણું કાંઇ? સંસ્કૃત છે હોં. બહિદ્રષ્ટિ જેની છે सा चागमकौशलेनात्मज्ञानेन च निहता, नात्र मन पुनर्भावमापत्स्यते। આહાહા! નિત્યાનંદ પ્રભુ બિરાજે છે તેને જોયા છે અમે. ભગવાન પાસે ગ્યા'તા એ તો વળી, ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. તીર્થંકર સીમંધર

પ્રભુ ! ઈશ્વર એમની પાસે ગયા હતાં. આ તો કહે અમે આત્મામાં ગયા છીએ. આહાહા ! એને વીતરાગ ચારિત્ર પ્રગટ થયેલો મારો આત્મા. ભાષા તો જુઓ. ઓહોહો ! મુનિરાજ એમ કહે છે કે મારો આત્મા વીતરાગ ચારિત્રપણે પરિણમ્યો છે. મહાવ્રતના પરિણામનો જે રાગ છે એ નહિં. આહાહા ! વીતરાગી ચારિત્રપણે અમારો આત્મા થયો છે. આહાહા ! વીતરાગી દ્દષ્ટિપણે થયો છે, વીતરાગી ચારિત્રપણે થયો છે. આહાહા ! વીતરાગી ચારિત્રમાં તો હજુ એમ કે છૂટી જશે. હેં ? આહાહા ! આ શું કહે છે ? સ્વર્ગમાં ગયા છે પણ ક્ષાયિકની સંધિ મારતા ગયા છે સ્વર્ગમાં એ.

કુંદકુંદઆચાર્ય દિગંબર સંત સ્વર્ગમાં બિરાજે છે. દેવ તરીકે છે અત્યારે. ત્યાંથી મુનિ થશે અને ક્ષયોપશમ સમકિતનો નાશ કરશે. સમજાણું કાંઈ ? શેઠ આવી વાતું છે, બાપુ. આહાહા ! ઓલું તો નિમિત્ત, તદ્દન ભિન્ન છે. લોકો કહેને અલક મલકની માંડી છે. આ તો અગમ્યગમ્ય ભગવાન ત્રણલોકનો નાથ વિકલ્પથી જણાય એવોય નથી. એ નિર્વિકલ્પ અગમ્ય થી ગમ્ય થઈ જાય છે. આહાહા ! અને ગમ્ય થતાં એને ખાતરી થઈ જાય છે, અમે પામેલી દશાની શ્રદ્ધાથી પડવાના નથી. આહાહા ! નવરંગભાઈ ! અમે પામેલા ભાવથી હવે પડવાના નથી. આહાહા !

પ્રભુ ! તમને અવધિ જ્ઞાન નથી ને તમે પાંચમા આરાના મનઃપર્યાય જ્ઞાન નથી ને કેવળજ્ઞાન નથી ને પ્રભુ તમે કેવળી ને પૂછવા ગ્યા'તા ? પણ ભગવાનની પાસે ગ્યા'તા આઠ દિન રહ્યા'તા તમે પૂછ્યું તું ભગવાન ને કે આ હવે અમારું સમકિત નહિં પડે એમ ભગવાને કીધું છે ? આહાહા ! આ અમારો ભગવાન કહે છે. આહાહા ! જુઓ વીતરાગી સંતોની રમતું, એમ પાછું કહ્યું ને વીતરાગ ચારિત્ર છે. આ પંચમહાવ્રતનાં પરિણામને લૂગડા લૂગડા છોડી ને નાગા થાય ને એ સાધનપણું નથી. એ સાધુપણું નથી. ચારિત્ર તો જેને આત્મદર્શન જેને જ્ઞાનમાં ભાન થઈ ગયું છે અંદર એમાં એ જ્ઞાન સ્વભાવમાં ઠરીને જેને વીતરાગતા, વીતરાગ સ્વરૂપી ચારિત્ર પ્રગટે. સમજાણું કાંઈ ? મારો આત્મા સ્વયં ધર્મ થયો છે. હેં ? ધર્મ કરતો નહોતો, હું ધર્મરૂપ થઈ ગયો છું. જુઓ આ સંતોની વાણી.

અહીં દિગંબર સંતો એ જ સંત છે, બાકી કોઈ સંત છે નહિં સાચા. સમજાણું કાંઈ ? સમસ્ત વિઘ્નનો નાશ થયો હોવાથી સદાય નિષ્કંપ રહે છે. આહાહા ! અતિ વિસ્તારથી બસ થાઓ. જયવંત વર્તો સ્યાદવાદ્ મુદ્રિત જૈનેન્દ્ર શબ્દ બ્રહ્મ જયવંત વર્તો, તે શબ્દ બ્રહ્મ મૂલક આત્મ તત્ત્વ ઉપલબ્ધિ કે જેના પ્રસાદને લીધે, વીતરાગ સર્વજ્ઞની વાણી અમારે નિમિત્તમાં હતી, એટલું સિદ્ધ કરે છે. હેં ? આહાહા ! આ જ્ઞાન તત્ત્વ અધિકાર.

આપણે સવારમાં હાલે છે એ તો જ્ઞેય તત્ત્વ અધિકાર છે. આ જ્ઞાન તત્ત્વ પ્રજ્ઞાપન છે. આહાહા! શબ્દ બ્રહ્મ સર્વજ્ઞની વાણી સીધી આ છે. એ શબ્દ બ્રહ્મ, આતમ બ્રહ્મ એ સર્વને જાણનારી દશા જ્યાં વ્યાપે છે, શબ્દ બ્રહ્મ સંપૂર્ણ પદાર્થ ને કહેવામાં વ્યાપે છે એવી જે સર્વજ્ઞની વાણી, એ અમારા સ્વરૂપને પ્રાપ્ત થવામાં નિમિત્ત હતી.

અમે પ્રાપ્ત કર્યું ત્યારે એ વાણીને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? મોહનલાલજી આ ૯૨. આ ૯૨ ગાથા હાલી'તી ત્યારે ......... .... આહાહા! શું કહે છે? જ્યાં સુધી રાગથી ભિન્ન પડીને સ્વરૂપમાં સ્થિર ન થવાય ત્યાં સુધી ભેદજ્ઞાન ભાવવું. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! ચક્રવર્તીની સભામાં જાવું હોય ત્યાં તો કેટલી એની સભ્યતા અને યોગ્યતા થવી જોઈએ નહિં? આતો ત્રણલોકના નાથ વીતરાગ પરમેશ્વર એની સભામાં કેટલી લાયકાત હોવી જોઈએ? આહાહા! એ વ્યાખ્યાન સાભળ્યું'તું ભગવાન પાસે. પ્રભુ બિરાજે છે સીમંધર તીર્થંકર દેવ એની પાસે એ ગયા હતા. આ કુંદ કુંદ આચાર્ય, સંવંત ૪૯. આઠ દિ' રહ્યા હતા. ઈ અમૃતાચંદ્રાચાર્ય કહે છે ને કે 'ભાવયેત્ ભેદ વિજ્ઞાન' એ તો કુંદ કુંદાચાર્યનું હ્રદય જ ખોલે છે આ બધા. સમજાણું કાંઈ?

રાગથી ભિન્ન પડી, અરે પણ રાગ કોને કહેવો એની ખબરું ન મળે. એ જાણે કે આ મહાવ્રતનાં ભાવ ને દયા દાનનાં ભાવને એ બધો રાગ નહિં. એ બધા રાગના પોષક છે, સાંભળને, એ તો રાગ છે. આહાહા! એનાથી ભિન્ન પડીને જ્ઞાનની ભાવના સ્વરૂપની એકાગ્રતા ત્યાં સુધી કરવી કે ત્યાંથી છૂટી ને પરભાવથી પૂરણ ભાવમાં રમે ત્યાં સુધી ભાવના કરવી. આહાહા! લોકોને દ્રવ્યગુણને પર્યાયનું જ્ઞાન એ કરે એને કરવું કે જેનાથી નિરંતર સ્થિર ન થાય ત્યાં સુધી. આહાહા! આ દ્રવ્યગુણ પર્યાય કોને કહીએ? દ્રવ્ય વસ્તુ અનંતગુણોનો પિંડ પ્રભુ, એને ગુણ એની જ્ઞાન દર્શનાદિ શક્તિઓ અને એની દશાવાળો શ્રાવક એને પર્યાય કહે છે. આવું દ્રવ્યગુણને પર્યાયનું જ્ઞાન નિરંતર સ્થિર ન થાય ત્યાં સુધી ભાવવું. આહાહા! જુઓ દ્રવ્યગુણ પર્યાયનું જ્ઞાન કહે છે આમાં પહેલી શરત છે ને? કહે છે કે શુદ્ધ ઉપયોગમાં ઠરી જાય ફરી અન્ય વિકારરૂપે ન પરિણમે ત્યારે જ્ઞાન ને ઠરી ગયેલું કહેવાય. જ્યાં સુધી બન્ને પ્રકારે જ્ઞાન જ્ઞાનમાં ન ઠરી જાય ત્યાં સુધી ભેદ વિજ્ઞાન ભાવ્યા કરવું. હેં? આ શું છે? આ ગુજરાતી છે નહિં આમાં તો કો'કે લીટી કરી છે. ચંદુભાઈએ કરી છે? આ કોણે લખ્યું હેઠે? હેં?

''અજ્ઞાન જ સંસ્કારથી મને વિક્ષેપિત થાય,

જ્ઞાન જ સંસ્કારે સ્વતઃ તત્ત્વ વિષે સ્થિર થાય''

ગુજરાતીમાં છે. જુઓ આ તો ગુજરાતીમાં આવ્યું. જુઓ આ ગુજરાતી છે ને? આ હેઠે કોનું હશે આ? ત્યારે નહોતું, નજર જ અત્યારે પડી. કોના અક્ષર છે આ? છે કોઈ આમાં. હેં? ક્યાં ગયા? તમે લખ્યું છે આ? કોણે લખ્યું છે? આ ઓલા પાછળથી. હેં? છોટાલાલે. મેં પણ હમણાં આને જોયું કાવ્ય છે ને બધા આમાં નથી. આહાહા! આ શ્લોક છે ને એનું છે.

**અજ્ઞાનજ[૨] સંસ્કારથી મને વિક્ષેપિત થાય;**
**જ્ઞાનજ સંસ્કારે સ્વતઃ તત્ત્વ વિષે સ્થિર થાય ।। ૩૭ ।।**

આહાહા! જુઓ ઓમાં નહોતું આમાં છે. ઓલામાં ને? હિન્દીમાં ને? પાઠ છે પહેલો શું નજર ગઈ. કાલ સુધી નહોતુ, આજે નજર ગઈ. આહાહા! આ શ્લોકમાં સ્વતઃ શબ્દ એ સૂચવે છે કે જીવ સ્વયં પોતાના સમ્યક્ પુરુષાર્થથી, આહાહા! પોતાના સ્વરૂપમાં સ્થિર થાય છે એને વહેવાર રત્નત્રયના વિકલ્પની અપેક્ષા નથી. એમ સ્વયં શબ્દ સૂચવે છે. આહાહા! આ પંડિતો ને આકરું લાગે. આ વહેવાર છે એ બંધનું કારણ? વહેવાર તે નિશ્ચયનું સાધન નહિં? એ શેઠ, નીચે આ કેવું કહેવાય હરિગીત છે ને? પાછળ છે ને પાછળ એમાંથી ભાઈએ લખ્યું છે. આહાહા! કહે છે કે પાઠમાં સ્વયં શબ્દ પડયો છે. ૩૭માં. છે ને?

**अविद्याभ्याससंस्कारैरवशं क्षिप्यते मनः ।**
**तदेव ज्ञानसंस्कारैः स्वतस्तत्त्वेऽवतिष्ठते ।। ३७ ।।**

સ્વતઃ રાગથી પુણ્યથી દયા દાનની ક્રિયાથી એ આત્મા પામી શકાતો નથી. કેમ કે એ બધો રાગ છે. સ્વતઃ પોતાના નિર્મળ સ્વભાવથીજ પોતે પામી શકાય છે. એને રાગની ને વ્યવહારની અને નિમિત્તની જરૂર નથી. આહાહા! બીજા કોઈ કારણે નહિં, પોતાના સમ્યક્ પુરુષાર્થ દ્વારા અંતરમાં ઠરી શકાય છે. સમ્યક્ સમકિત પણ પોતાના પુરુષાર્થથી પ્રાપ્ત થઈ શકે છે. કોઈ બીજા કારણથી છે નહિં. હવે મનના વિક્ષેપની અસ્થિરતાનું અને અવિક્ષેપ સ્થિરતાનું ફળ બતાવી એવી ૩૮મી ગાથામાં કહેશે.

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

૨. અજ્ઞાનજ - અજ્ઞાનથી ઉત્પન્ન થએલા

# પ્રવચન – ૪૮

## શ્લોક – ૩૮ અને ૩૯

**સ્થળ : સુવર્ણપુરી તારીખ : ૨૭.૦૧.૭૫**

**चित्तस्य विक्षेपेऽविक्षेपें च फलं दर्शयन्नाह**

**अपमानादयस्तस्य विक्षेपो यस्य चेतसः ।**
**नापमानादयस्तस्य न क्षेपो यस्य चेतसः ।। ३८ ।।**

અપમાનાદિક તેહને, જસ મનને વિક્ષેપ;
અપમાનાદિ ન તેહને, જસ મન નહિં વિક્ષેપ ।। ૩૮ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

**ટીકા** : अपमानो महत्त्वखंडनं अवज्ञा च स आदिर्येषां मदेर्ष्यामात्सर्यादिनां ते अपमानादयो भवन्ति। यस्य चेतसो विक्षेपो रागादिपरिणतिर्भवति। यस्य पुनश्चेतसो न क्षेपो विक्षेपो नास्ति। तस्य नापमानादयो भवन्ति ।। ३८।।

મનના વિક્ષેપનું અને અવિક્ષેપનું ફલ બતાવી કહે છેઃ-

**અન્વયાર્થ** : (यस्य चेतसः) જેના મનમાં (विक्षेपः) વિક્ષેપ - રાગાદિ પરિણામ થાય છે, (तस्य) તેને (अपमानादयः) અપમાનાદિક હોય છે, પણ (यस्य चेतसः) જેના મનમાં (क्षेपः न) ક્ષેપ - રાગાદિરૂપ પરિણામ થતાં નથી (तस्य) તેને (अपमानादयः न) અપમાન-તિરસ્કારાદિ હોતાં નથી.

**ટીકા** : જેનું મન વિક્ષેપ પામે છે અર્થાત્ રાગાદિરૂપે પરિણમે છે, તેને અપમાનાદિ-અર્થાત્ અપમાન એટલે પોતાના મહત્વનું ખંડન - અવજ્ઞા, મદ, ઈર્ષ્યા, માત્સર્ય વગેરે થાય છે, પરંતુ જેના મનમાં વિક્ષેપ થતો નથી, તેને અપમાનાદિ થતાં નથી.

**ભાવાર્થ** : જેનું મન રાગ - દ્વેષાદિ વિકારોથી વિક્ષિપ્ત થાય છે, તેને જ માન-અપમાનાદિની લાગણી થાય છે, પરંતુ જેનું મન રાગદ્વેષરૂપે પરિણમતું નથી તેને અપમાનાદિની લાગણી ઉદ્ભવતી નથી. તે માન - અપમાનમાં સમભાવે વર્તે છે.

મોહ - રાગ - દ્વેષાદિ વિભાવોમાં વર્તતો જીવ જ માન - અપમાનની કલ્પનાથી દુઃખી થાય છે, પરંતુ જેનું ચિત્ત રાગ - દ્વેષ - મોહાદિ વિભાવોથી રહિત થઈ પોતાના જ્ઞાનસ્વરૂપમાં સ્થિર થાય છે તેને માન - અપમાનની કલ્પનાઓ ઉત્પન્ન થતી નથી, કારણકે જ્ઞાનાનંદમાં લીન થતાં કોણ બહુમાન કરે છે કોણ અપમાન કરે છે-એવો વિકલ્પ જ ઊઠતો નથી. તે જ્ઞાતા - દૃષ્ટાપણે રહે છે.

## વિશેષ

જ્ઞાનીને શત્રુ - મિત્ર પ્રત્યે, માન - અપમાનના પ્રસંગે, જીવન કે મરણના વિષયમાં અને સંસાર કે મોક્ષમાં સમભાવ - સમદર્શિતા વર્તે છે.[1]

''જ્ઞાનભાવના છોડીને અજ્ઞાનથી જે જીવ પર સંયોગમાં માન-અપમાનની બુદ્ધિ કરે છે તે અજ્ઞાની છે. જેને જ્ઞાનસ્વભાવની ભાવના નથી એવા અજ્ઞાનીને જ બાહ્યદૃષ્ટિથી એકાંત માન-અપમાનરૂપ પરિણમન થાય છે. જ્ઞાનસ્વભાવની ભાવનામાં

૧. શત્રુમિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા, માન-અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહિં ન્યૂનાધિકતા, ભવ-મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો ... અપૂર્વ...૧૦ (શ્રીમદ્ રાજચંદ્ર-અપૂર્વ અવસર)

જ્ઞાનીને જ્ઞાનનું જ પરિણમન થાય છે, માન-અપમાનરૂપ પરિણમન થતું નથી; જરાક રાગ-દ્વેષની વૃત્તિ થાય, ત્યાં તે વૃત્તિને પણ જ્ઞાનથી ભિન્નરૂપ જ જાણે છે ને જ્ઞાનસ્વભાવની જ ભાવના વડે જ્ઞાનની અધિકતારૂપે જ પરિણમે છે.''[૨] ૩૮

## પ્રવચન – ૪૮

**ટીકા** : જેનું મન વિક્ષેપ પામે છે. જરી શી વાત કરે છે ? જેનો આત્મા અંતરઆનંદ સ્વરૂપ છે, એવું જેને ભાન થયું નથી એને બહારમાં અપમાન માનમાં એનું ચિત્ત અસ્થિર થઇ જાય છે. સમજાણું કાંઇ ? મન વિક્ષેપ રાગાદિરૂપે પરિણમે છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ આનંદસ્વરૂપ છે. એની જેને અંતરમાં મહત્તા ભાસી નથી, એને બહારના માન અપમાનમાં ચિત્તમાં અસ્થિરતાની દશા થઇ જાય છે. ઝીણી વાત છે. સમાધિની વાત છે ને આંહી ? જેને સમાધિ એટલે આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે. એવું જેને અંતરભાન થઇને સમાધિ એટલે શાંતિનો અંશ પ્રગટયો છે, એનું મન અવિક્ષેપ રહે છે, એને કોઇ માન અપમાનથી એનું મન અસ્થિર થતું નથી. આહાહા !

આચાર્ય દિગંબર મુનિ એમ કહે છે તેમને અપમાનાદિ, અપમાન એટલે પોતાના મહત્વનું ખંડન, અજ્ઞાનીને આત્માના આનંદ અને શાંતિનું સમ્યગ્દર્શન નથી. આહાહા ! એને પોતાની મહત્તાનું ખંડન, પોતાની મહત્વતા જેવી માની હોય, એમાં એને ખંડન લાગે કે આ મારું અપમાન કરે ? આહાહા ! એને રાગ અને દ્વેષ થઇ જાય છે એને અસમાધિ થાય છે, એમ કહે છે. જેને આત્મા આનંદ શાંતિ સ્વરૂપ સચ્ચિદાનંદ આનંદનો સાગર છે. એવી જેને સમ્યગ્દર્શનની દ્રષ્ટિ થઇ નથી તે જીવોને બાહ્યના માન અપમાનમાં એનું ચિત્ત અસ્થિર થઇ જાય છે. સમજાય છે કાંઇ ? કાંઇ પણ એની મહત્તામાં ખંડન થાય, હીણપ થાય તો એને અંતરમાં રાગનો ભાવ અને દ્વેષનો ભાવ ઉત્પન્ન થાય છે. સાધુ હો બહારથી, અંતરનો આત્માનો સ્પર્શ, સમ્યગ્દર્શન થયું નથી. જે નિર્વિકલ્પ સ્વરૂપથી ચૈતન્ય છે, એનો અનુભવ અને એનું સમ્યગ્દર્શન થયું નથી એને ચિત્તમાં બાહ્યની અનુકૂળ પ્રતિકૂળતામાં રાગ-દ્વેષના વિકલ્પો થયા કરે છે, એટલે એ અસમાધિમાં જાય છે, એમ કહે છે. આહાહા !

જેટલો રાગ અને દ્વેષનો વિકલ્પ ઉઠે છે, એ બધું દુ:ખ અને અસમાધિ છે. સમજાણું કાંઇ ? ચાહે તો શુભરાગ હો કે અશુભ રાગ હો, પણ છે તો એ રાગ દુ:ખ અને

૨. જુઓ-આત્મધર્મ

અસમાધિ છે એ. આહાહા! એ રાગ વિનાનો મારો પ્રભુ, શુદ્ધ ચૈતન્ય આનંદનું ધામ છે. મારા નિધાનમાં તો જ્ઞાન અને આનંદ પડ્યું છે. એવું જેને સમ્યગ્દર્શન થાય છે, સમ્યક્ નામ સાચી શ્રદ્ધા, સાચું દર્શન. સાચી શ્રદ્ધા એટલે દેવ ગુરુ શાસ્ત્ર સાચા છે નવ તત્ત્વ સાચા એ શ્રદ્ધા છે એમ નહિં. આત્મા અણીન્દ્રિય આનંદ સહજ આનંદની મૂર્તિ છે એવો સ્વ સન્મુખ થઈને પરથી વિમુખ થઈને, આહાહા! રાગાદિ ને પુણ્યાદિના ભાવથી એટલે બાહ્ય નિમિત્તથી વિમુખ થઈ, ભગવાન આત્માના સન્મુખ થઈને, જેને શાંતિ ને સમ્યગ્દર્શન પ્રગટ્યું છે, સમ્યગ્દર્શનની સાથે સમાધિ શાંતિ પ્રગટે છે, એને સમ્યગ્દર્શન કહીએ. સમજાણું કાંઈ ? અનંત ગુણનો ભંડાર પ્રભુ, એની સન્મુખતાની ભાનમાં જે સમ્યગ્દર્શન થાય, એને જેટલા સંખ્યાએ અનંતગુણો છે, એ બધા ગુણનું વ્યક્ત અંશ પ્રગટ પર્યાયમાં થઈ જાય છે. આહાહા! સમજાણું કાંઈ ?

રાતે આવ્યું'તું ને રાતના ? રાતના કે સવારમાં ? સમકિત નહિં ? શ્રીમદ્ એમ કહ્યું છે. શ્રીમદ્ રાજચંદ્રે. 'સર્વગુણાંશ તે સમકિત'. આપણે રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ટોડરમલજીની એમાં એમ કહ્યું કે જ્ઞાનાદિ એક દેશ ગુણ સમ્યગ્દૃષ્ટિ ને બધાં પ્રગટ થાય છે. પ્રગટ બતાવવું છે ને ? તેમાં આ ? આ નથી, આ તો વ્રતીને. ચોથા ગુણસ્થાનવર્તી હજી સમ્યગ્દૃષ્ટિ ચોથું ગુણસ્થાન ગૃહસ્થાશ્રમમાં. આહાહા! ધર્મની પહેલી શરૂઆત એવા ચોથા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિ ગુણો એક દેશ પ્રગટ થયા છે. આ રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ટોડરમલની. આહાહા! ભગવાન આત્મા એક સંખ્યાએ અનંતગુણ છે એમાં સંખ્યાએ. જ્ઞાન, દર્શન, આનંદ, ચારિત્ર, જીવત્વ, કર્તૃત્વ, ભોકતૃત્વ વગેરે અનંત સંખ્યાએ ગુણ છે. આહાહા!

એવી અનંત સંખ્યાના ગુણનો ધણી પ્રભુ આત્મા, એનું જેને સમ્યગ્દર્શન થાય. આત્મદર્શન, એટલે કે જેવો છે તેવો જ્ઞાનમાં ભાસે. આહાહા! સમજાણું કાંઈ ? અને જેવો છે એવી એને સમ્યક્ સાચી શ્રદ્ધા થાય ત્યારે એને અનંતગુણનો એક અંશ વ્યક્ત પ્રગટ બધાને થઈ જાય. આહાહા! એને શાંતિનો અંશ આવે આનંદનો અંશ આવે સ્વચ્છતાનો આવે પ્રભુતાનો આવે કર્તાનો આવે કર્મનો આવે કર્તા કર્મ શક્તિ છે જીવમાં નિયમસારમાં. આહાહા! ઈ અનંતગુણોનું અસ્તિત્વ જે છે હૈયાતિ પ્રભુ આત્માની, એની અંતરમાં દૃષ્ટિ થતાં, પ્રથમવાર અંતરદૃષ્ટિ થતાં એને જેટલા ગુણો છે શક્તિ સત્વરૂપે એને એક અંશ પ્રગટ થઈ જાય. આહાહા!

આતો હજુ કાંઈ ખબર ન મળે અને અમે સમકિતી છીએ. અને અમે વ્રત લ્યો ને તપ લ્યો ને ચારિત્ર લ્યો. આહા! ખબર નથી. ભાઈ! તને ખબર નથી. સમજાણું

કાંઇ ? છે ? એક દેશ પ્રગટ થયા છે. પ્રગટ થયા છે. આહાહા ! તેને તેરમા ગુણસ્થાનવર્તી આત્માને, જ્ઞાનીને એને સર્વ દેશે પ્રગટ થયા છે. ભગવાન અરિહંતને અનંતગુણોની પર્યાય પ્રગટરૂપે પરિણમી ગઇ છે. ચોથે ગુણસ્થાને બીજ ઉગી, તેરમે પૂર્ણિમા પૂરણ થઇ. આહાહા ! સમજાણું કાંઇ ? આ બીજ ઉગે છે ને બીજ. ચંદ્રમામાં નહિં ? ચંદ્રમામાં બીજ ઉગે છે. ચંદ્રના પ્રકાશમાં બધાં અંશો બહાર પ્રગટ થાય છે. એક અંશ તો સદાય પ્રગટ હોય. એટલે બીજ વખતે ત્રણ અંશ પ્રગટ થાય. પૂર્ણિમા વખતે પૂરણ થયા સોળે અંશે કળા ચંદ્રમા ખીલે છે. એમ ભગવાન આત્મા એને પ્રથમવાર સમ્યગ્દર્શનરૂપી બીજ ઉગે, આહાહા ! ત્યારે એને અનંતાગુણોની એક અંશની વ્યક્તતા એને વેદનમાં આવે છે. આહાહા ! એને એ બીજ ઉગી એટલે પૂનમ થાય જ એમ. એમ જેને સમ્યગ્દર્શન થયું એને કેવળજ્ઞાન પૂરણજ્ઞાનની દશા વ્યક્ત થાય જ. આહાહા ! એવો જે આત્માના મોક્ષનો મારગ એ જેને અંતરમાં પ્રગટયો નથી જાણ્યો નથી અનુભવ્યો નથી એ જીવને બહારના માન અપમાનના સંકલ્પ વિકલ્પમાં મન ડહોળાઇ જાય છે, એમ કહે છે. આહાહા !

શેઠ ! ક્યા કહેતે હૈ ? (**શ્રોતા :** શરૂઆત કહાં સે કરના ?) શરૂઆત કહાં સે કરના ? એ તો કહેતે હૈ કે શરૂઆત યહાંસે કરના. આ પૈસા પાંચ-દસ લાખ આપીએ એટલે ધરમની શરૂઆત હો ગઇ, ધૂળમેંય નહિં એમ. અહીંયા તો આત્મા, આત્માના સમ્યક્ અનુભવ વિના વ્રત ને તપ કરે તો એ બધું લાંઘણ, રાગની મંદતા, ક્લેશ છે ઇ. અહીંયા તો શરૂઆત ભગવાન આત્મા-અસ્તિ જે જ્ઞાન સ્વભાવ છે એ સતનું સત્વ જે શક્તિઓ જે ગુણો જે સ્વભાવો એને અનંત છે એવા અનંત જ્ઞાનાદિકરૂપ એનું સત્વ જે આત્મા એનો સમ્યક્ થઇને અનુભવ થતાં પ્રસિદ્ધ થાય છે, એમાં એનું નામ સમ્યગ્દર્શન કહે છે. આ શરૂઆત આ છે. આહાહા ! શેઠ આવી વાત છે.

અત્યારે તો આ બધા ગોટા હાલે છે. બહારનું આ કરોને આનું આ કરો ને આનું આ કરો ને ધૂળ કરોને. આહાહા ! ભાઇ કોણ કરે ? પર પદાર્થ એના કાર્યની પર્યાય વિનાનો હોય છે ? કે જેથી તું અહંકાર કર. આહાહા ! તારા સિવાયના અનંત આત્માઓને અનંત રજકણો જડ. તેની પર્યાય થયા વિના રહે છે ? પર્યાય એટલે હાલત. વસ્તુ તો કાયમ છે. એની હાલત રૂપી કાર્ય, ઇ જીવ દ્રવ્ય પોતે કરે છે. એમાં આ કહે કે હું આને કરું છું, મૂંઢ છે. મિથ્યાશ્રદ્ધાનમાં પાપને પોષે છે. સમજાણું કાંઇ ? એને અંતરમાં રાગ થાય શુભઅશુભ ભાવ એનો હું કર્તા થાઉં, કરવા લાયક છે એમ થઇને, એ પણ મિથ્યાદ્રષ્ટિ જીવ છે. આહાહા ! એને ધરમની ખબર નથી, કેમકે વસ્તુ જે આત્મા છે એ તો અનંતગુણનો ચૈતન્ય પિંડ છે. એમાં કોઇ ગુણ વિકાર કરે એવો કોઇ ગુણ નથી.

એ અનંત અનંત સંખ્યાએ ગુણ, એનો કોઇ એવો ગુણ નથી કે વિકાર કરે. આહાહા! એથી વસ્તુની દૃષ્ટિમાં, વસ્તુમાં, વિકારનું કરવું એ દૃષ્ટિમાં વસ્તુમાં આવતું નથી. વિકાર થાય છે પણ એને સન્મુખ થઇને વિકાર કરે એ સમ્યગ્દૃષ્ટિને હોઇ શકે નહિં. આહાહા! મારગ વીતરાગનો સૂક્ષ્મ છે, લોકોએ બહારથી કલ્પના કરી છે કાંઇ. જીવદયા મંડળી કરી મહામંડળ સ્થાપી દઇએ. થતું હોય તો થાય. એમાં બધા ધરમ (માને છે). ભગવાન ભૂલ્યો છે ઇ. સમજાણું કાંઇ? આહાહા! મહામંડળ તો અંદર અનંતગુણનો પિંડ પડયો છે પ્રભુ, આહાહા! એને પર તરફની દિશામાં એની દશા છે. ભાઇ હજી આ તો વાત એવી છે પર તરફની દિશામાં જેની દશા છે એ બધી રાગ-દ્વેષને અજ્ઞાન છે. સમજાણું કાંઇ? એને સ્વ તરફની દિશાની દશા થાય છે.

પૂર્ણાનંદનો નાથ એની દિશા, એના તરફ વળતાં જે સમ્યગ્દર્શનની દશા થાય છે, એ સ્વ સન્મુખની દિશા વળતાં દશા થાય છે. આહાહા! ભારે સમજવું! એ સમ્યગ્દર્શનમાં સમાધિ અને શાંતિ આવે છે. કહે છે કે જેને આવી સમાધિ અને શાંતિનો અંશ પ્રગટયો એને બાહ્યમાં માન અપમાનથી આમ ચિત્ત અસ્થિર થતું નથી. આહાહા! બહુ વાતું આકરી અને ઓલા પ્રમુખ તરીકે લાવીને બેસાડે શેઠને. બે-ત્રણ હજાર માણસ ભેગા થયા હોય ને પાદ્યું બહાર બોલે એવું. સમ્યક્જ્ઞાન ને રાગને કરીને બેસાડે છે. ત્યારે અંદર ગલગલિયાં (થતા) હોય એને. પોપટભાઇ, આ બધી રમતું જગતની છે. એની છે હેં? એની છે? આહાહા! એ શેઠ! આટલા શેઠને ગમે ત્યાં બેસવું હમણાં બેસવું છે શેઠને ૭૪ ગજરથમાં હેં? એ શેઠ! શેઠ ને ગમે ત્યાં બેસવું ત્યાં બેસાડે. હમણાં બેસવું'તું કુંડલપુર ગજરથમાં. હેં? આહાહા! ને આંહી તો એમ કહેવું છે કે જેને આત્માની શાંતિ ને સમાધિ સમ્યગ્દર્શન નથી, એને બાહ્યના માન અપમાનના ચિત્તની વ્યગ્રતા થયા વિના રહેતી નથી. સમજાય છે કાંઇ?

ઇ કહે છે ને જુઓ ને, રાગાદિરૂપે તેને અપમાનાદિ, અપમાન એટલે કે ખંડન અવજ્ઞા અમે આજ્ઞા તમારી ન માનીએ તો અપમાન થાય છે. છે? ટીકામાં છે. મદ થઇ જાય એને. અમે મોટા છીએ. ઘરમાં મોટા કુટુંબમાં મોટા નાતમાં મોટા આ સમાજમાં મોટા, એ શેઠ! કેમ હશે? એવો એને મદ થાય છે. પેલું કહ્યું નહોતું? પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્ર દેવ મુનિ છે, દિગંબર સંત. પરમાત્મ પ્રકાશ બનાવ્યું છે ને? એમાં એક શ્લોક એવો મૂક્યો છે કે આ પંચમકાળમાં પૈસાવાળા માણસો પૂર્વના પુણ્યને લઇને કંઇ બે-પાંચ દસ લાખ, પચ્ચીસ લાખ પચાસ લાખ મળ્યા એને એ પૈસાથી એને વૈભવ થયો એને એમ અભિમાન થાય છે કે હું પૈસાવાળો છું. અમે કાંઇક ખર્ચીએ.

પૈસા અમે ખરચીએ, ધરમના કામમાં પૈસા હોય તો અમે દઈ શકીએ. ગરીબ ક્યાંથી દઈ શકે ? એને મદ ચડે છે, એમ કહ્યું છે. મદ થતાં મતિનો ભ્રમ થઈ જાય છે એને. મતિ ભ્રષ્ટ થતાં એ સ્વરૂપથી ભ્રષ્ટ વર્તતો, આહાહા ! ગતિમાં રખડવા જાય છે. આવી વાત છે. હેં ? (**શ્રોતા** : ...) એ પુણ્યેય ક્યાં છે ? આચાર્યે તો એટલું લીધું પરમાત્મ પ્રકાશ છે ત્યાં ને એમ કહેતા'તાં એ ખબર નથી. હેં ? યોગીન્દ્ર દેવ મુનિ થયા. દિગંબર મુનિ યોગીન્દ્ર દેવ. 'પુણ્ણેણ હોઈ વિહવો' પુણ્યને લઈને મળે વૈભવ પુરુષાર્થથી નહિં, ડાહ્યા ડહાપણ કરીને વ્યવસ્થા કરીને મોટા પૈસા મળે એમ નહિં, મોક્ષ અધિકાર, પાનું ૨૪૦ (બીજો અધ્યાય) ૬૦મી ગાથા છે ? પુણ્ય સે ઘર મેં ધન હોતા હૈ, બીજો ઔર ધનસે અભિમાન હોતા હૈ અમે કમાઈ શકીએ છીએ, અમારી પાસે પૈસા, ગરીબ માણસોને રળતાં આવડે છે કાંઈ ? એમ કરીને મદ કરે છે એને યોગીન્દ્રદેવ મુનિ કહે છે, દિગંબર સંત વનવાસી. વનવાસી હતાં, મુનિ તો અણગાર હતાં આ તો બધાં ગોટા ઉઠયા હતાં. આહાહા ! ધન સે અભિમાન ઔર માન સે બુદ્ધિ ભ્રમ હોતા હે. મતિ મોહ પાઠ છે,

**पुण्णेण होइ विहवो, विहवेण मदो, मएण मति मोहो,**
**मइ मोहेणय पावं ता पुण्णं अम्ह मा होउ ।। ६० ।।**

મદ એટલે મતિ. મદ સે મતિ આચાર્ય કહે છે કે બુદ્ધિ કે ભ્રમ હોને સે પાપ હોતા હે ઈસ લિયે ઐસા પુણ્ય હમારે ન હો, આચાર્ય કહે છે દિગંબર મુનિ. પરમાત્મપ્રકાશ છે. આહાહા ! કેટલી વાત કરી છે. દિગંબર સંતોએ તો જગતને ન્યાલ કરી દીધાં છે, કેમકે વીતરાગનો મારગ જે છે સનાતન એ એને જાહેર કરીને પ્રસિદ્ધ કર્યો છે. આહા ! એના એક એક વાક્યમાં સત્યના ભણકારા વાગે છે, પણ જેને ગરજને સમજવાની હોય એને સંભળાય. આહાહા ! છે ? એવું પુણ્ય સમાગમ અમારે ન જોઈએ. હદ કરે છે. પોપટભાઈ ! એ ગિરધરભાઈ ! ગિરધરભાઈ ને ન્યાં ગરીબ છે બધાં પૈસાવાળા નહિં, એ તો આવવાના ઈ આવવાના ને ન આવવાના એ ન આવવાના. મફતનો વિકલ્પ કરીને રાગમાં બેસવા જાય છે.

જે લક્ષ્મીના રજકણો જેની પાસે આવવાના હોય એ આવે જ છૂટકો. એ માગે કે ન માગે, અને જેને નથી આવવાના એ માગે તોય નહિં આવે. આહાહા ! આમ નથી કહેતા, ખાનારનું દાણે દાણે નામ લખ્યું છે, એટલે શું કહે છે સમજાય છે ? દાણા હોય ને દાણા, અનાજ ખાનારનું ત્યાં નામ હોય ? દાણા પર ક્યાં લીખા હે ? પણ જીસકે ખાનાર પાસ જે આનેવાલે હે એ હી આયેગા એની કલ્પનાસે આ જાયેગા એમ ત્રણ કાળમેં ન બને, ત્યાં શું કહે છે તમારે ? (**શ્રોતા** : દાને દાને પે લીખા હે ખાને વાલે કા નામ)

દાને દાને પે લીખા ખાને વાલે કા નામ. નામ એટલે ન્યાં ક્યાં નામ લખ્યું છે ? પંડિતજી ! ઇ મહોર છે તારામાં, અંદર ક્યાં મહોર પડી છે. જે રજકણો જેની પાસે આવવાના તે આયેગા હી. અને જેની પાસે રજકણ નથી આવવાના તે નહિં આવવાના તે નહિં જ આવે. કોઇ મહેનત કરીને મરી જાય, રાત દિ' તોય નહિં જ આવે. ઓહોહો !

આવું વીતરાગનું વચન છે કેમકે તે જડ પદાર્થ પર છે. તેને લાવવા શું ? તું તેનો સ્વામી છો ? આહાહા ! અમે પૈસાનો સદ્ઉપયોગ કર્યો. જડનો સદ્ઉપયોગ થતો હશે ? એ તો જડ છે. અજીવ છે. એ મિથ્યાઅભિમાન છે. આહાહા ! ભારે કામ બાપુ. આકરું છે. આ તો વીતરાગના મારગની દૃષ્ટિ અને સમ્યગ્દર્શન અને સમાધિ એ અલૌકિક વાતું છે. આહાહા ! એ વિના બધું ગમે તે કરો દાન ને દયા ને વ્રત ને તપ, એને આંહી કહે છે એના બાળ વ્રત ને બાળ તપ એ મૂર્ખાઇ ભરેલું વ્રત છે એના. સમયસાર હૈ ને ? ઉસમેં ઐસા લિખા હૈ. એ ગાંધી આવ્યા ત્યારે આ કહ્યું'તું તે'દિ, મોહનલાલ ગાંધી પ્રવચનમાં આવ્યા'તા ને ત્યાં રાજકોટ ? બધા આવે ૮૦માં એની હારે હતાં ને બીજા કોણ મહાદેવભાઇ ગાંધી. તે 'દિ આ કહ્યું'તું કે ભાઇ જે જે કાંઇ બીજાનું કરી શકે, દયા પાળી શકીએ એ માન્યતા મૂંઢ જીવની છે. સમયસારનું છે આ. 'મૂંઢો અણણાણી' હું પરને જીવાડી શકું, હું પરને સુખની સામગ્રી આપી શકું એવા માનવાવાળા તે મૂંઢ અને અજ્ઞાની છે. આહાહા ! ભારે વાતું ભાઇ આવી. જગતને પચવી કઠણ ભારે. હેં ? મૂંઢ છે.

એક ફેર નહોતા આવ્યા નટુભાઇ ? એ નટુભાઇ કહે આ મહારાજ મને મૂંઢ કહે છે. એટલે શું ? મેં તો કોઇને વ્યક્તિગત નહોતું કહ્યું. એ તો સિદ્ધાંત છે, આ એમ છે. એણે કહ્યું નટુ એ આ મહારાજ મને મૂંઢ કહેતા હતા, ભાઇ વ્યક્તિગત નહોતું કીધું. સિદ્ધાંત એમ કહે છે કે પરને જીવન હું આપી શકું છું. પરને જીવાડી શકું છું, પરને બચાવી શકું છું, પરને મારી શકું છું, પરને સુખી કરી શકું છું, પરને દુઃખી કરી શકું છું, એ બધો મિથ્યાત્વભાવ છે. આહાહા ! ભારે મારગ ભાઇ ! વીતરાગ સર્વજ્ઞના આ કહેણ છે. વસ્તુ એ અનંત પદાર્થ છે તો અનંત પદાર્થમાં એક પદાર્થ બીજા પદાર્થને કાંઇ કરે ત્રણ કાળમાં બને નહિં. સમજાણું કાંઇ ?

હું બીજાને બંધ કરાવું, અરે ! હું બીજાને મોક્ષ કરાવું, ભ્રાંતિ છે. આહાહા ! એના અજ્ઞાન વિના એ બંધ થશે નહિં અને એના જ્ઞાનથી, રાગથી વિવેક ભિન્ન પાડયા વિના એની મુક્તિ થશે નહિં. એ તો એને કારણે નહિં થાય. સમજાણું કાંઇ ? બીજાને મુક્તિ કરાવી દઉં, શ્લોક છે. 'બંધ મોક્ખ' ભાઇ ! પરપદાર્થ મને બંધન કરે છે એ અજ્ઞાની

રાગી માનીને કરે છે. પર કરાવી શકે બંધને ? અને જે જીવ મુક્તિને પામે એ તો રાગથી ભિન્ન પાડીને ભેદજ્ઞાન દ્વારા એ પામે છે. વીતરાગ ભાવથી એ મુક્તિ પામે એને તું મુક્તિ આપી દે ? મદ છે. સમજાણું કાંઇ ? ધર્મની સંપદા એટલે પુણ્યને લઇને ઘમંડ હોતા હૈ. અજ્ઞાન સે બુદ્ધિ ભ્રષ્ટ હોતી હૈ બુદ્ધિ ભ્રષ્ટ હો કર પાપ કમાતા હૈ. પાપસે ભવભવમેં અનંત દુઃખ પાતા હૈ. ઈસ લિયે મિથ્યાદૃષ્ટિઓ કા પુણ્ય પાપ કા હી કારણ હૈ. આહાહા !

અહીંયા તો કહે છે, હજી સાંભળ ભાઇ ! જેને આત્મા જ્ઞાતાદૃષ્ટા છે જાણનાર દેખનાર જ ક્રિયા કરનાર છે એ સિવાય એ આત્મા બીજી ચીજ કરે એ છે નહિં. આહાહા ! એવું જેને ભાન નથી એને માન અપમાનમાં ચિત્ત ને ખંડન ભ્રમ થયા વિના રહેતો નથી, રાગ અને દ્વેષ ઉત્પન્ન થાય છે. આહાહા ! છે ? અવજ્ઞા થાય મદ ચડે ઈર્ષ્યા થાય. આ માળા સાધારણ માણસો મારી હૈયાતિમાં કરવા માંગે છે, એ ઈર્ષ્યા છે. બાપુ તું કોની હારે કરે છે ઈર્ષ્યા. જગતની ચીજો સ્વતંત્ર એના કારણે ટકીને પરીણમી રહી છે. જગતની ચીજો એને કારણે નિત્યપણે ટકી અને બદલી રહી છે. એને તું શી રીતે કે ફેરફાર કરી શકે ? આહાહા ! ભારે આકરું કામ.

'એ હોંશીડા હોંશ મત કીજે' એ સજ્ઝાય આવે છે. આ અમે કર્યા, આ અમે કર્યા કામ. અરે ભાઇ રહેવા દે નાથ, એ મદને અભિમાનના બધા વાક્યો છે ભાઇ તને ખબર નથી. ભગવાન તો જ્ઞાન સ્વરૂપી પ્રભુ છે. 'જગત છે દૃશ્ય ને આત્મા દૃષ્ટા. જગત છે જ્ઞેય અને આત્મા જ્ઞાતા' એ સિવાય શું કરીશ તું બીજું ? આહા ! સમજાણું કાંઇ ? એવું જેને ભાન નથી એને આ ઈર્ષ્યા, માત્સર્ય વગેરે થાય છે. પરંતુ જેના મનમાં વિક્ષેપ થતો નથી. હું તો આનંદને જ્ઞાન સ્વરૂપ છું. મને એણે જોયો નથી, મારું અપમાન શી રીતે કરે ? મને માન શી રીતે આપે ? હું કોણ છું ? એની તો એને ખબર નથી, માટે મુનિને માન-અપમાનથી ચિત્તની ક્ષોભતા થતી નથી. આહાહા !

આ તો અંતરના નાથની વાતું છે ભાઇ. મોહ રાગદ્વેષ આદિ વિભાવમાં વર્તતો જીવ જ માન-અપમાનથી, જોયું ? ભગવાન જ્ઞાન સ્વરૂપી પ્રભુ, એની જેને ઓળખાણ નથી એ મોહ અને રાગદ્વેષના વિભાવમાં પરિણમતો, માન-અપમાનની કલ્પનાથી દુઃખી થાય છે. મને એણે ઓળખ્યો, મારા પદના પ્રમાણે એણે મને માન આપ્યું અને મારા પદના પ્રમાણમાં મને મોટો ન કરતાં ફલાણાને મોટો કર્યો, આવી કલ્પનાથી મરી જાય છે બિચારા. આહાહા ! ગજબ વાત છે ભગવાન. આંહી તો વીતરાગતાની દશા કેમ પ્રગટે અને અજ્ઞાન કેમ પ્રગટે એની વાતું છે. આહાહા ! સમજાણું કાંઇ ?

રાગ અને દ્વેષ આદિમાં પરિણમતો વર્તતો જોયું? જે આત્માના જ્ઞાન સ્વરૂપમાં વર્તે નહિં પણ રાગ દ્વેષને મોહમાં વર્તતો જીવ, વ્યર્થ માન અપમાનની કલ્પનાથી દુઃખી થાય છે. આહાહા! પરંતુ જેનું ચિત્ત રાગદ્વેષ મોહાદિ વિભાવથી રહિત થઇ હું તો રાગ અને દ્વેષથી તો મારી ચીજ ભિન્ન છે પ્રભુ. રાગ અને દ્વેષના વિકલ્પો તો આશ્રવ છે એ આત્મતત્ત્વ નહિં. આહાહા! પુણ્ય ને પાપના ભાવ, શુભ-અશુભભાવ રાગદ્વેષ આશ્રવ છે, એ આત્મતત્ત્વ નહિં. આત્મતત્ત્વ જ્ઞાયકતત્ત્વ છે. એમ જેને જ્ઞાનીને રાગદ્વેષથી ભિન્નનું ભાન છે. આહાહા!

પોતાના જ્ઞાન સ્વરૂપમાં સ્થિત થાય છે તેને માન-અપમાનની કલ્પનાઓ ઉત્પન્ન થતી નથી. કોણે મને મોટો માન્યો? કોણે મને હલ્કો માન્યો? આહાહા! એ અજ્ઞાનીને એમ થાય છે. હેં? આહાહા! ધરમી જીવને ચિત્ત રાગદ્વેષ મોહાદિ વિભાવથી રહિત થયું છે એટલે કે જેને એ પુણ્ય-પાપ ને મોહ રાગદ્વેષના ભાવથી ભિન્ન આત્માને જાણ્યો છે. આહાહા! સમજાણું કાંઇ? ૭૨ ગાથામાં આવ્યું છે એ સમયસારમાં? કે પુણ્યને પાપના ભાવ બધા અશુચિ છે. ચાહે તો દયાના દાનના ભક્તિના વ્રતના પૂજાના ભાવ એ અશુચિ મેલ છે. આહાહા!

ભગવાન આત્મા નિર્મળાનંદ છે એવું જેને ભાન છે, એ પોતે વિભાવથી રહિત જુદો આત્માને જાણે છે, તેથી પોતાના જ્ઞાન સ્વરૂપમાં સ્થિત થાય છે. આહાહા! ભારે કામ ભાઇ! આવું ગૃહસ્થાશ્રમમાં પણ અમારે શી રીતે કરવું? આખો દિ' બાયડી છોકરાને નભાવવા. હેં? બાયડી છોકરાં મોટા હોય, સારે ઘરે પરણાવવા, છોડીને હારે ઠેકાણે નાંખવી ને આ બધું કરવું, કોણ નાંખે બાપુ? તને ખબર નથી ભાઇ! પરદ્રવ્યને સારા ઠેકાણે નાંખવું શી રીતે? તારો અધિકાર છે? આહાહા! એવી જે કલ્પનામાં પડયો છેને? એને માન અપમાનના ઘા વાગે છે. પણ જેને આ કલ્પનાથી જુદો મારી ચીજ છે. 'હું તો જ્ઞાન સ્વરૂપી પ્રભુ છું, જગતની આંખ છું, જગતને દેખનારો છું, જગતને ફેરફાર કરનારો એ હું નહિં'. આહાહા! સમજાણું કાંઇ?

એને એ માન-અપમાનાદિ લાવવું એ જોઇતું નથી. તે માન અપમાનમાં સમભાવે રહે છે. થોડું લેશે હજી. મોહ રાગદ્વેષ આદિ વિભાવમાં વર્તતો જીવ માન અપમાનથી દુઃખી થાય છે. આવી ગયું છે ઇ. મોહાદિ રહિત થઇ પોતાનું જ્ઞાન માને છે. કલ્પના ઉત્પન્ન કરે છે. કારણકે જ્ઞાનાનંદમાં લીન થતાં, આહાહા! આત્મા એ જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે. જ્ઞાન એટલે આ શાસ્ત્રનું જાણવું એ નહિં. પ્રજ્ઞા બ્રહ્મ સ્વરૂપ છે એ તો. સર્વજ્ઞ સ્વરૂપ છે ઇ. 'જ્ઞ' સ્વભાવી પ્રભુ છે ઇ. એ જ્યારે પરના અનુકૂળ કે પ્રતિકૂળતામાં

રાગદ્વેષ નથી કરતો ત્યારે આત્મામાં લીન થાય છે.

ઓહો! હું તો આનંદ કંદરૂપ છું, મારો આનંદ તો મારી પાસે છે. મારા આનંદને બીજાની સહાયની જરૂર નથી. બીજા વખાણ કરે તો હું સુખી થાઉં, નિંદા કરે તો નારાજ થાઉં એ મારામાં નથી. આહાહા! આવો મારગ આકરો જગતને. કાંઇ સહેલું હશે કે નહિં બીજું? સહેલામાં સહેલુ હોય! રાખ, રાખને સેલી કહે છે ને રાખ? રાખ, ભસ્મ. આ તો મારગ આવો છે બાપુ. જ્ઞાનાનંદમાં લીન થતાં, આહાહા! કોણ બહુમાન કરે છે? કે કોણ અપમાન કરે છે? એવો વિકલ્પ જ ઉઠતો નથી. તે જ્ઞાતા દ્દષ્ટા પણે રહે છે. આહાહા! 'ભરતજી ઘરમાં વૈરાગી' નથી આવતું? હેં? ભરત ઘરમેં વૈરાગી. ૬ ખંડનું રાજ ૯૬ હજાર સ્ત્રી ઇન્દ્ર જેના મિત્રો હીરાના જેને સિંહાસન હું એ નહિં, એ નહિં. એ નહિં. આહાહા!

મારી ચીજ મારાથી જુદી હોય નહિં. જુદી હોય એ મારી નહિં. સમજાણું કાંઇ? ભરતજી નહોતો દાખલો આપ્યો, આવે છે ને આ ભરત, એ અંદર કછોટો પહેરીને નીકળ્યા બહાર જાવું ગામમાં એમાં કોઇ પણે હશે? એ કહે જુઓ તો આ ભરત આવા? કહે છે અમે વૈરાગી માણસ. એને તો આ રાગ છે ને કેટલી મજા કરે છે દેવ જોડે. તે ભરતે સાંભળ્યું. આતે હૈ ને? વો કથામેં આતે હૈ.ભરતજી કાળું લૂંગડુ પહેરી અને રાત્રે અંદર પટ્ટો પહેરી રૈયતને જોવા નીકળે. રૈયતને ય ખબર નહિં કે આ કોણ છે? આ એક સોની વાતું કરતો'તો કે ભરત કહે અમે ધરમી છીએ અને આવા બધા રાગ કરવા ને દેવને આવા બધા મોટા મહેલમાં રહેવાને.

એ સવારે બોલાવ્યા એને ભરતે સોનીને. આવો, આવો. હેં? આ સોનીને બોલાવ્યો એટલું સમજતા નથી. સોનીને બોલાવ્યો ન્યાં આ તો નાટક પાડે છે એમ આપણે અહીં નાટક પાડયુ'તું નહિં? નહિં? ધીરુભાઇ કોણે કર્યું'તું? નાટક એ હતું અહીંયા હેં? નાટક આવે છે. આંહી પાડયુ'તું આંહી. ભરતને આત્મજ્ઞાન હતું ને વૈરાગ, પરથી ઉદાસ હતા. આહાહા! છતાંય રાગમાં દેખાતા એથી અજ્ઞાનીને એમ થયું કે આ તો રાગને કરે અને માને કે અમે તો જ્ઞાની છીએ. ત્યારે એની પરીક્ષા કરવા હાટું મુનિમને કહ્યું. હે સોની મહાજન, એક કટોરો આપું તમને. તેલનો, તેલ ભરીને, કટોરો સમજે ને? ગ્લાસ અડધો આપે તો આમ આમ પણ છલોછલ કટોરો તેલ ભરીને આપું છું. ગામમાં શણગાર થાય છે, ગામમાં જોવા જોજો એ તેલથી ભરેલો આમ હતો, તેલ. જુઓ આમાંથી તેલ નીચે ટપકું પડયું તો પોલિસ પાછળ છે, (સિપાઇ) તલવારથી માથુ કાપી નાંખશે. આવે છે કે નહિં?

ગામમાં ફરે બધે આમ. ગામમાં શણગાર કરેલો, અયોધ્યામાં કેમ આવ્યા ? મહારાજ કંઇ જોયું ? કહે ભાઇ સહેબ મારી નજર નથી ગઇ. કટોરાને સરખો રાખવામાં રહ્યો. અરે ભાઇ અમારી નજરું આત્મામાં છે. અમારી નજર બીજે નથી ભાઇ ! તને ખબર નથી. અમારા સ્વમાંથી ન નીકળીએ એવું અમને અંદર દૃષ્ટિમાં પડ્યું છે. પણ બહારથી દેખાય છે કે આ બાયડીમાં છે ને આ રાણીમાં છે બાપું અમે ક્યાંય નથી. આ નાળિયેરમાં જેમ ગોળો છૂટો રહે એમ અમે બહારથી છૂટા છીએ. સમજાણું કાંઇ ? આનું નામ સમ્યગ્દૃષ્ટિનાં લક્ષણ.

એટલે જ્ઞાનીને શત્રુ-મિત્ર પ્રત્યે માન અપમાનનાં પ્રસંગે વિશેષ છે ને વિશેષ. ધરમીને, ધરમી આને કહ[redacted] જેને અંતરનાં સ્વભાવનું ભાન છે. આહાહા ! અરે ! હું જે છું એ તો જ્ઞાન અને આનંદ છું. અને જે આ વિકલ્પ આદિ ઉઠે છે એ હું નહિં. આહાહા ! એ ધરમીના આ લક્ષણ છે. ધરમીને માથે કંઇ આમ માથે આંબો ઉગે તો આ ધરમી છે. એમ છે કંઇ ? ને પાપીને માથે બાવળ ઉગે, બાવળ સમજતે હૈ ? હેં ? બબુલ, બબુલ ઐસા હૈ કુછ ? ભગવાન ! આ હું તો આત્મા છું, હું તો જ્ઞાન અને શાંતિથી ભરેલો ભંડાર છે. એવું જેને ભાન છે તેને બાહ્ય માન અપમાનમાં એ ડહોળાઇ જતા નથી. આહાહા ! માન અપમાનનાં પ્રસંગે શત્રુ મિત્ર પ્રત્યે જીવનને મરણના વિષયમાં, નીચે છે ને ? શ્લોક, શ્રીમદ્નો. શ્રીમદ્ રાજચંદ્ર

શત્રુ - મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા
માન અપમાને વર્તે તે જ સ્વભાવ જો.
જીવિત કે મરણે નહિં હીનાધિકતા.

આહાહા ! આ છે. શ્રીમદ્ કહે છે અપૂર્વ અવસરમાં, શ્રીમદ્ રાજચંદ્ર. નામ નહિં સુના હૈ ? છોટી ઉંમરમેં જાતિસ્મરણ હુઆ થા. સાત વરસકી ઉંમર, બહોત શક્તિ. ક્ષયોપશમ બહોત થા. આ દૃષ્ટિ નિર્મળ સમ્યક્. એ કહે છે ૩૨ વર્ષે.

જીવિત કે મરણે નહિં હીનાધિકતા
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો

ભવ હો કે મોક્ષ હો બધું વીતરાગતા વર્તે છે કહે છે. આહાહા ! ભવ હોય તો ભવને જાણે, મોક્ષ હોય તો મોક્ષને જાણે, એવું મારું સ્વરૂપ છે. સમજાણું કાંઇ ?

આહાહા ! એ એનો અર્થ કર્યો, પછી બીજો આત્મધર્મમાંથી લીધો. જ્ઞાન ભાવના છોડીને અજ્ઞાનથી જે જીવ, જ્ઞાન સ્વભાવ ભગવાન આત્મા, એની અંતરની લાઇન સન્મુખ છોડી દઇને અજ્ઞાનથી જીવ ઇ પર સંયોગમાં માન અપમાનની બુદ્ધિ કરે. સંયોગ એ અનુકૂળ કે પ્રતિકૂળ એમાં માન અપમાનની બુદ્ધિ કરે, એ અજ્ઞાની છે. આહાહા ! જેને જ્ઞાન સ્વભાવની ભાવના નથી, હું આનંદ અને જ્ઞાન સ્વભાવવાળો આત્મા છું એવું જેને ભાન છે. આહાહા ! એને તો માન અપમાનની બુદ્ધિ થતી નથી. પર સંયોગને લઇને થતી નથી એમ કહે છે. કોઇ અસ્થિરતા થોડી થઇ જાય છે એને એ ગણતો નથી. અજ્ઞાનીને તે સંયોગથી થઇ જાય છે. બાહ્ય દૃષ્ટિથી એકાંત માન અપમાનમાં પરિણમન થઇ જાય છે. આહાહા ! જ્ઞાન સ્વભાવની ભાવનામાં જ્ઞાનીને જ્ઞાનનું જ પરિણમન હોય છે. ઇ આ માન અપમાન પરિણામને જોતો નથી. આહાહા !

જરાક રાગદ્વેષની વૃત્તિ થાય ધરમી છે, વીતરાગતા ન હોય તો જરી અસ્થિરતા થોડી થાય ત્યાં તે વૃત્તિને તે જ્ઞાનથી ભિન્નરૂપ જાણે. આહાહા ! સમ્યગ્દૃષ્ટિ એને કહીએ, કે એ કદાચિત નબળાઇને લઇને થોડી રાગની અસ્થિરતા થાય છે, તે મારાથી ભિન્ન છે, એમ જ્ઞાની જાણે. મારામાં એકમેક થઇ એ વસ્તુ નહિં. હું મારા જ્ઞાન અને આનંદ સ્વભાવે અભિન્ન છું. પણ વૃત્તિ જે ઉઠી રાગની આદિ એનાથી તો હું ભિન્ન છું. આહાહા ! આવું સમ્યગ્દૃષ્ટિને ભાન અંદર વર્તતું હોય છે. આહાહા ! સમજાણું કાંઇ ? આવો મારગ ભારે ભાઇ ! આહાહા ! ભગવાનપણે બિરાજમાન છે અને એમ કહે, ડાહ્યા માણસને મળવા જાય તો તગડો થાય તે કામનો. ૫-૫૦હજાર મળે, પેલો કહે હું ૧૦હજાર મેળવું છું. એય હેં ? નહિં ? બાપુ એ બધી વાતું તારી ભ્રમણાની છે. આહાહા !

જે ચીજો બહારની આવી ગઇ એ તો એના પોતાના સ્વકાળે એના કારણે આવે જાય છે. આહાહા ! સમજાણું કાંઇ ? અમે આ શરીર આ ખરચ્યા ૨૫(પચ્ચીસ)લાખ આ મકાનના આ શેઠીયાઓએ ખરચ્યા બધું ભ્રમ છે ભ્રમ.આ વાતું એમ નથી ભાઇ. તે કાળે પરમાણુની પર્યાયનું પરિણમન થઇને તે થવાનું હતું તે થાય છે. મારાથી થાય છે એમ નથી, તને ખબર નથી. સમજાણું કાંઇ ? હું કર્તા અને તુમ હો કર્તી ? કવિઓ કહે કરે જો ઐસી ? જુઓ તો ખરા અમે કેટલું કામ કર્યું છે, શું કર્યું ? બાપુ ! આટલા કામ કર્યા ને આટલા કામ કર્યાને. આહાહા ! ભૂખ્યાને અનાજ આપ્યા, તરસ્યાને પાણી દીધા, ભોજન વસ્ત્રો આપ્યા, ઠામ ઠેકાણા નહોતા એમને ઠામ આપ્યા, ઠામ એટલે ? મકાન આપ્યું. શું આપ્યું બાપુ તે ? પોતાની ચીજ તો આપી શકે છે ?

આજ અજ્ઞાન. એમાં એને માન અપમાન થયા વિના રહે નહિં. આહાહા! બહુ મારગ ખાંડાની ધારનો છે આ તો. તલવારની ધાર ઉપર હાલવું, 'ધાર તલવારની સોહયલી, દોહયલી, ચૌદમાં જિનતણી ચરણસેવા'. ૧૪માં અનંતનાથ ભગવાનની સ્તુતિ છે. આનંદઘનજી કહે છે. ધાર તલવારની સોહયલી, દોહયલી ચરણસેવા આહાહા!

ધાર પર નાચતા દેખ બાજીગરા
એહના ધાર પર રહે ન દેવા

પણ આત્માની સેવા. આહાહા! એ સેવા હોં ધૂળમાંય. આનંદનો નાથ ભગવાન એની સેવામાં રહેવું એની નિકટમાં રહેવું અને રાગમાં ન જવું એ કોણ કરી શકે છે? એ ધરમી જીવ જ કરી શકે છે. આહાહા! સમજાણું કાંઇ? બાહ્ય દૃષ્ટિથી એકાંત માનઅપમાનમાં પરિણમન થયું છે. જ્ઞાન સ્વભાવને જાણવામાં જ્ઞાનીને જ્ઞાનનું જ પરિણમન છે, માન અપમાન પરિણમન થતું નથી. જરાક રાગદ્વેષની વૃત્તિ થાય એ વૃત્તિને જ્ઞાનથી ભિન્ન જાણે છે. એ તો જે કાળે રાગ થાય તે કાળે જ્ઞાની એને ભિન્ન જાણે. આવો મારગ છે ભાઇ! ચાહે તો શુભરાગ આવે ને ભક્તિ નો પૂજાનો દાનનો આવે, હોય પણ ધરમી તો એનાથી ભિન્ન છું એમ જાણે છે, એ રાગ ને હું બેય એક નથી. આહાહા! આવો મારગ. જ્ઞાનથી ભિન્ન રૂપ જ જાણે છે અને જ્ઞાન સ્વભાવની ભાવના વડે, ભગવાન જ્ઞાન સ્વરૂપ છે તેમાં એકાગ્રતા વડે, જ્ઞાની અધિકતા રૂપેજ પરિણમે છે. રાગથી ભિન્ન સ્વરૂપ છે એવું 'ણાણ સહાવં અધિયં મુણદિ આદં'. ગાથા છે ને? દયા દાન અને રાગના ભાવથી મારી ચીજ તો જ્ઞાન સ્વભાવે ભિન્ન છે. 'ણાણ સહાવં અધિયં મુણદિ આદં'.

જે કંઇ પુણ્ય ને પાપના વિકલ્પો ઉઠે છે એનાથી મારી ચીજ જ્ઞાન સ્વભાવથી અધિક નામ ભિન્ન છે. આહાહા! આમ ધરમી જાણે છે એને ધરમી કહેવામાં આવે છે. આહાહા! એ ૩૮ થઇ.

૩૯. એ અપમાનાદિને દૂર કરવાનો ઉપાય. માન અપમાનને દૂર કરવાનો ઉપાય. આ સમાધિશતક, શતક, પૂજ્યપાદસ્વામી મુનિ થયા છે ત્રીજા ચોથા સૈકામાં લગભગ. બહુ એ પણ ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન પાસે એ ગ્યા હતા. મુનિ પહેલા લખાણ છે આમાં. દેવો જેના ચરણ પૂજતા, આહાહા! એ કહે છે કે માન અપમાનને દૂર કરવાનો ઉપાય.

**अपमानादिनां चापगम उपायमाह -**

**यदा मोहात्प्रजायेते रागद्वेषौ तपस्विन: ।**

**तदैव भावयेत्स्वस्थमात्मानं शाम्यतः क्षणात् ।। ३९ ।।**

**યોગીજનને મોહથી રાગદ્વેષ જો થાય;**
**સ્વસ્થ નિજાત્મા ભાવવો, ક્ષણભરમાં શમી જાય. ।। ૩૯।।**

**टीका** : माहान्मोहनीयकर्मोदयात् । यदा प्रजायेते उत्पघेते । कौ ? रागद्वेषौ । कस्य ? तपस्विनः । तदैव रागद्वेषोदयकाल एव । आत्मानं स्वस्थं बाह्यविषयाद्व्यावृत्तस्वरुपस्थं भावयेत् । शाम्यत उपशमं गच्छतः । रागद्वेषौ । क्षणात् क्षणमात्रेण ।। ३९ ।।

અપમાનાદિને દૂર કરવાનો ઉપાયઃ-

**અન્વયાર્થ** : (यदा) જે સમયે (तपस्विनः) તપસ્વી અંતરાત્માને (मोहात्) મોહવશાત્ (रागद्वेषौ) રાગ અને દ્વેષ (प्रजायेते) ઉત્પન્ન થાય (तदा एव) તે જ સમયે તે તપસ્વીએ (स्वस्थं आत्मानं) શુદ્ધ સ્વરૂપની (भावयेत्) ભાવના કરવી. એમ કરવાથી રાગ-દ્વેષાદિ (क्षणात्) ક્ષણવારમાં (शाम्यतः) શાન્ત થઈ જાય છે.

**ટીકા** : મોહથી એટલે મોહનીય કર્મના ઉદય નિમિત્તે, જ્યારે પેદા થાય-ઉત્પન્ન થાય, કોણ (બે) ? રાગ અને દ્વેષ. કોને (ઉત્પન્ન થાય) ? તપસ્વીને, ત્યારે જ અર્થાત્ રાગ દ્વેષના ઉદયકાલે જ સ્વસ્થ આત્માની - અર્થાત્ બાહ્ય વિષયોથી વ્યાવૃત્ત થઈ (પાછો હઠી) સ્વરૂપમાં સ્થિત થયેલા આત્માની - ભાવના કરવી. તેમ કરવાથી રાગ-દ્વેષ ક્ષણમાં-ક્ષણમાત્રમાં-ઉપશમે છે એટલે શાંત થઈ જાય છે.

**ભાવાર્થ** : અસ્થિરતાના કારણે મોહવશ જ્યારે અંતરાત્માને રાગદ્વેષાદિ ઉત્પન્ન થાય ત્યારે ચિત્તને પર પદાર્થોથી હઠાવી સ્વસન્મુખ વાળી શુદ્ધાત્માને ભાવવો. તેમ કરવાથી ક્ષણવારમાં રાગ-દ્વેષાદિ શાન્ત થઈ જાય છે.

ભેદવિજ્ઞાન દ્વારા આત્મા અને શરીરાદિને ભિન્ન ભિન્ન જાણીને શુદ્ધાત્માની ભાવના કરવી તે જ રાગ-દ્વેષાદિ વિકારોને નાશ કરવાનો ઉપાય છે.

સમ્યગ્દષ્ટિ જીવને ભૂમિકાનુસાર રાગ-દ્વેષ થાય છે. પણ તેને તે વખતે અંતરમાં આત્માનું ભેદજ્ઞાન છે. તે [redacted]ને વિકારને પોતાના આત્મસ્વરૂપથી ભિન્ન માને છે. તે માટે તેને આદર નથી. અવશપણે-અસ્થિરતાને લીધે જે રાગ-દ્વેષ થાય છે તેને તે પોતાનું સ્વરૂપ માનતો નથી. તેને તો પોતાના સ્વરૂપ તરફ જ દષ્ટિ છે. તે અસ્થિરતાના રાગ-દ્વેષને ટાળવા માટે ચૈતન્યભાવની જ ભાવના ભાવે છે.

માટે આચાર્ય સમ્યગ્દષ્ટિઓને ઉદ્દેશી કહે છે કે-જ્યારે ચારિત્રની નબળાઈથી રાગ-દ્વેષાદિ વિકારી વૃત્તિઓનું ઉત્થાન થાય, ત્યારે આત્મસ્વરૂપની ભાવના કરવી. તેનાથી વૃત્તિઓ શાન્ત થઈ જશે. રાગ-દ્વેષાદિના શમન માટે શુદ્ધાત્માની ભાવના - એ જ એક રામબાણ ઉપાય છે. ૩૯

અહિં તો પોતાની વાત કરી છે ને મુનિએ ? એ આમાં લખ્યું છે બીજામાં નથી, આમાં લખ્યું છે

''યોગીજનોને મોહથી રાગદ્વેષ જો થાય,
સ્વસ્થ નિજાત્મા ભાવવો ક્ષણભરમાં શમી જાય''

એમાં નથી, નથી ને ? ઇ ભાઈએ લખ્યું છે છોટાભાઈએ. મોહથી એટલે મોહનીય કર્મના ઉદયના નિમિત્તે એમ, નિમિત્તે જ્યારે પેદા થાય ઉત્પન્ન થાય રાગ. કોણ ? બેય. રાગ અને દ્વેષ. મોહનું કર્મ નિમિત્ત હોં ! મોહના કરમથી થાય એમ નહિં. એ તો સવારે એ વાત આવી ગઈ છે. નિમિત્ત કીધું. ઉપાદાન પોતે કરે છે ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે. આ અર્થનાં ઊંધા મારે બેઠાં. જુઓ, મોહકર્મના લઈને રાગદ્વેષ થાય છે. અરે ! સાંભળને. રાગદ્વેષ તું કર ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા ! સમજાણું કાંઈ ? તત્ત્વની દૃષ્ટિ કરવી બહુ કઠણ. જીવને, કર્મને ઉદયભાવમાં એને રાખવો અને જીવ પોતે રાગદ્વેષ કરે એને પોતાના આશ્રવ તત્ત્વમાં જાણવો. આહાહા ! બહુ ઝીણું. અરે આવો મનુષ્ય દેહ ચાલ્યો જાય છે. સ્થિતિ પૂરી થવાને કાળે કેટલા તો ૫૦ ગ્યા, ૬૦ ગ્યા, આહાહા ! અને આ સત્‌ના શરણ જો મગજમાં ન આવ્યા, ભાઈ એ ક્યાં જાશે ? ક્યાં ઉપજશે ?

વંટોળિયાના તરણા ઉડીને, વંટોળિયા સમજતે હૈ ? બબુલા. એમાં તરણા હોય ને તિનકા ઉડકર ક્યાં જઈને પડશે ? ઐસે મિથ્યાદૃષ્ટિ જેને સમ્યક્‌નું ભાન નથી. એ મિથ્યાત્વના ઉંડાણમાં જઈને ક્યાં જનમશે ભાઈ ? આહાહા ! આવું શરણ ચૈતન્ય છે અંદરને, એને જાણવા જોવા અનુભવવા દરકાર નથી, અને જગતના પદાર્થોને જોવા જાણવા ને રાખવા. આહાહા ! ભાઈ ! તેમાં તું ક્યાં આવ્યો એમાં ? આહાહા ! કહે છે મોહનીયથી નિમિત્તે પેદા થાય ત્યારે, તપસ્વી એટલે મુનિને પણ ત્યારેજ રાગદ્વેષના ઉદયકાળે સ્વસ્થ આત્માની સ્વસ્થ, સ્વ પોતાનું જ્ઞાન ને આનંદ સ્વરૂપ એમાં સ્થ. એમાં ઠરીને અપમાનને ટાળે. આહાહા ! વિશેષ કહેશે....

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન – ૪૯

## શ્લોક – ૩૯

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૨૮.૦૧.૭૫**

**अपमानादिनां चापगम उपायमाह –**

**यदा मोहात्प्रजायेते रागद्वेषौ तपस्विनः ।**
**तदैव भावयेत्स्वस्थमात्मानं शाम्यतः क्षणात् ।। ३९ ।।**

યોગીજનને મોહથી રાગદ્વેષ જો થાય;
સ્વસ્થ નિજાત્મા ભાવવો, ક્ષણભરમાં શમી જાય ।। ૩૯ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

મોહથી એટલે મોહનીય કર્મના ઉદય નિમિત્તે જ્યારે પેદા થાય એટલે ઉત્પન્ન થાય રાગ અને દ્વેષ, આંહી વાત એમ લીધી છે ૩૯માં.

**ટીકા** : કે આત્મા પરનું તો કાંઈ કરી શક્તો નથી એટલે એ વાત તો કરવાની હોય નહિં. આહા ! અજ્ઞાનીયે પરનું કરી શક્તો નથી અને જ્ઞાનીયે પરનું કરી શક્તો નથી. આહાહા ! આ વાત પહેલી ત્યાં શરત આ છે કે એના નિર્ણયમાં એ પહેલું આવવું જોઈએ કે હું એક આત્મા છું, તો બીજા આત્માઓનું, બીજા શરીરનું કોઈ પણ ક્રિયાને હું કરી શક્તો નથી. સમજાણું કાંઈ ? સમજમેં આયા ? આ બધા કરો છો ને તમે બધા કામ બધાના એ ગીરધરભાઈ ! એ અમારે કાર્યકર્તા હતા. (**શ્રોતા** : સંસ્થાનું કામ તો કરવું પડે ને ?) ધૂળેય કરી શકે નહિં, કોઈનું કોણ કરે ? રામજીભાઈ કરતા હશે સંસ્થાનું ? (**શ્રોતા** : ............) પહેલો એ સિદ્ધાંતની યથાર્થતા કે એક આત્મા પરનું કાંઈ કરી શકે નહિં.

પરને જીવાડવું મારવું સુખી દુઃખી કરવું, સામગ્રી દેવી એવું કાંઈ ન કરી શકે અને પરપદાર્થના રજકણને અને બીજા આત્માની અવસ્થા એનાથી થાય એમાં આત્મા શું કરે ? (**શ્રોતા** : આત્મા તો કણ કણથી શક્તિવાન છે) શક્તિ છે, પોતાનો પુરુષાર્થ પોતામાં કરવા માટે છે, પોતામાં. એ આંહી બતાવે છે કે પરનું, જેને યથાર્થની વાત સમજવી હોય, જેને વાસ્તવિક વસ્તુનું સ્વરૂપ જેમ છે એમ જેને જાણવું હોય તો પહેલું તો આ એણે નિર્ણય કરવો કે હું આત્મા. મારા અસ્તિત્વમાં, મારી હૈયાતિમાં છું. એ બીજાની હૈયાતીમાં જાય તો પર કામ કરે, એ તો જાય નહિં કદી. આહાહા !

હસમુખભાઈ ! શું છે આ ? આ બધા લાદી બાદીનું કરે છે ને ? હેં ? આહાહા ! પહેલી તો આ શર્ત વીતરાગની. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પહેલી શર્તમાં આ કહે છે કે, જો તું અનંત આત્માઓ અને અનંત રજકણો છે, એમ જો માનતો હોય તો, અને એમ છે, તો એક તત્ત્વ બીજા તત્ત્વનું કાંઈ કરે મદદ કરે સહાય કરે એવું ત્રણ કાળમાં નથી. એક વાત, ત્યાં અટકી વાત. એટલે આ શરીરનું પણ કાંઈ કરે આત્મા, એ આત્માનાં હોવાપણામાં એ શરીરનું અસ્તિત્વ નથી. આનું અસ્તિત્વ તો ભિન્ન છે. ભિન્નતા અસ્તિત્વની અંદર ભિન્ન અસ્તિત્વ પેસ્યા વિના કાંઈ કરે એમ બને નહિં. પેસી શક્તો નથી. એક તત્ત્વ બીજા તત્ત્વની બાહ્યમાં રહે, પરંતુ અંદર પ્રવેશ કરી શક્તું નથી. આહાહા ! ઘણાં સિદ્ધાંતો કઠણ જગતમાં. હેં ? એટલે કે પહેલી તો શરત તો એ કે જેને સત્યાર્થ અને વસ્તુસ્થિતિ ભગવાન સર્વજ્ઞ કહે છે તેમ જેને જાણવી હોય તો પહેલી શર્તમાં તો એ કે પરનું આત્મા કાંઈ ન કરી શકે, હવે આવ્યું પોતામાં.

હવે પોતામાં પણ જેટલા રાગ અને દ્વેષના ભાવ થાય, વિકારી અવસ્થા થાય એને પણ જ્યાં સુધી એ રાગ દ્વેષનો હોવાપણાનો સ્વીકાર છે, અને ચૈતન્યના આનંદનો સ્વીકાર નથી ત્યાં સુધી એ રાગદ્વેષને કરે અને રાગદ્વેષને ભોગવે. શેઠ! કીધાને ? રાગ દ્વેષ કરે, એમ કહ્યુંને ? કે પરનું હોવાપણું પરમાં રહ્યું એટલે પરનું કરી શકે નહિં કાંઇ. આ એક વાત. હવે રહી આત્મામાં રાગ અને દ્વેષ અને પુણ્ય ને પાપના ભાવ, એ હૈયાતિ છે. છે પણ એટલી હૈયાતિ સ્વીકારનાર અને ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ આનંદનો નાથ છે એનો સ્વીકાર જેને નથી એ રાગ દ્વેષનો કર્તા થાય છે. આ તો વસ્તુ સ્થિતિ આવી છે ત્યાં. સમજાય છે કાંઇ ? બે હૈયાતિ પોતામાં, પરની હૈયાતિમાં એનો પ્રવેશ નથી એટલે એનું કાંઇ કરવું આને સુધારી દઉં, આને બગાડી દઉં કે આનું આ કરી દઉં એ તો કાંઇ ત્રણકાળમાં બનતું (નથી). આહાહા !

હવે રહી વાત એની દશામાં, પુણ્ય અને પાપનાં શુભ અશુભ ભાવ એ છે અને એક બાજુ જ્ઞાયક સ્વરૂપ ધ્રુવ ચિદાનંદ સ્વરૂપ સ્વરૂપ છે. બેની હૈયાતીમાં જેને વિકારની હૈયાતીનો જ સ્વીકાર છે, આહાહા ! અને આનંદકંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન એના હોવાપણાનો જેને સ્વીકાર નથી તે રાગદ્વેષનો કર્તા થાય અને રાગદ્વેષને ભોગવે, સંસારમાં જાય. આહાહા ! સમજાય છે ? આ તો ભાષા સાદી છે પણ આ કાંઇ કોઇ મોટું વ્યાકરણ ને સંસ્કૃત કાંઇ નથી. આહાહા ! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર એની વાણીમાં આ આવ્યું કે તું બીજાને, આપણે સવારમાં આવ્યું'તું ભાઇ પારસમલજી કે બીજાને જીવાડી ન શકે, મારી ન શકે. બંધ અધિકારમાં. આહાહા ! વસ્તુની સ્થિતિ છે.

વસ્તુ જે આત્મા. જેની હૈયાતીમાં બે અંશો એક ત્રિકાળી શુદ્ધ વસ્તુ છું અને બીજી વર્તમાન વિકારી અવસ્થાનું, મલિન અવસ્થાનું હોવાપણું. હવે એ બેની સત્તામાં એ બેય સત્તા પરનું તો કાંઇ કરી શકે નહિં. ભલે એને રાગદ્વેષ થાય, શુભભાવ દયાનો ભાવ આાદિ થાય પણ એ કંઇ ભાવ પરની દયા પાળી શકે એ તો અટકી ગ્યું, પરનું કરી શક્તો નથી. આહાહા ! પોપટભાઇ ! બધી આવી વાતું છે આ. આહા ! (શ્રોતા : અભિમાન કર્યા છે) અભિમાન ઉતરીને ખોટાં ડંફ માર્યા છે માળે. જ્યાં હોય ત્યાં હું કરું, હું કરું, નરસિંહ મહેતામાં આવે છે. નરસિંહ મહેતા થઇ ગયા છે ને અન્યમતિમાં ? 'હું કરું, હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે'. ગાડું જેમ કૂતરું હાંકે. આહાહા ! એમ દુનિયા પોતાની સત્તાની હૈયાતીને ભૂલીને પરની સત્તાવાળા તત્ત્વોને હું કરું એવો અજ્ઞાનભાવ છે. સમજાણું કાંઇ ? એટલે એ પરનું કરું, આમ કરી દઉ, બીજાને મદદ કરું એ કાંઇ છે નહિં. એ વસ્તુ આત્મા કરી શક્તો નથી. આહાહા ! ભારે આકરી વાત ભાઇ !

આ બધે દીકરા, દીકરાને ભણાવે ને પઢાવે ને કેળવણી આપે ને ? આપી શકે છે કે નહિં ? આ રામજીભાઇએ નથી આપ્યું ? સુમનભાઇને ? આંહી તો કહે છે પ્રભુ ! એકવાર સત્યને સાંભળ તો ખરો ? સત્ ને સત્ તરીકે શું છે એને સાંભળ ભાઇ ! તારા સત્માં એ પર ચીજ છે એ તારા સત્માં છે ? અને એના સત્માં તું જઇ શકે છો ? કે જેથી એ તારો દીકરો ને તારો બાપ તારો બાપ ને તારી બાયડી ? પારસમલજી. આહાહા ! આવી આકરી વાત છે. કહો શેઠ ! આ શેઠ તો બધા ઘણાનું કરે, બેસાડીને મોઢા આગળ બેસાડે ને ? ન્યાયથી (શ્રોતા : ................) સુનના તો પડે ને ? ન્યાય એટલે નિ ધાતુ. નિ માં ન્યાય, ન્યાય એટલે દોરી જવું. જેવું સત્યનું સ્વરૂપ છે તેને જ્ઞાનને દોરી જવું એનું નામ ન્યાય. સમજાય છે કાંઇ ? જેવું વસ્તુનું સ્વરૂપ, જે રીતે હયાતી હોવાપણે છે તેને તે રીતે જ્ઞાનને દોરી જવું અને લઇ જવું એનું નામ ન્યાય. આહાહા ! આ તો જરી ઉપરથી આવ્યું છે ને આમાં ? એ મુનિની વાત છે. આમાં સમકિતીની વાત છે.

સમ્યગ્દ્રષ્ટિને એટલે પહેલી આ વાત કરી કે ધરમીને પરનું કરવું એ તો ઊડી ગઇ વાત, છે નહિં હવે. હવે બે વાત, એના ત્રિકાળી સ્વરૂપ શુદ્ધ આનંદકંદ છે પ્રભુ અને એની વર્તમાન દશામાં પુણ્ય-પાપનો વિકાર છે, એ એની હૈયાતીમાં છે. પરવસ્તુ તે તેની હૈયાતીમાં નથી. આહાહા ! એ બેની હૈયાતીમાં જેને ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ આનંદનો નાથ પ્રભુ છું એવી મહાસત્તાનો જેને સ્વીકાર નથી, એ પુણ્યપાપની સત્તાનો સ્વીકાર કરીને, એને કરે અને ભોગવે એ અજ્ઞાનદશા છે. બાકી બધા પાણી ઉતરી જાય એવું છે, નહિં ? આ માંદા પડયા'તા ને ? આ માંદા ઇ પડયાતાને ? માંદા છેલ્લે ઇ. નહિં ? મોટા આ તો બીજા હસમુખભાઇ નહિં ? હસમુખભાઇ માંદા પડયા'તા નહિં. હસમુખભાઇ પડયા'તા ઓલા બીજા નંબરના આવ્યા છે ઇ. શું કહેવું છે આમાં ? આહાહા ! નંબરવાળા આ ઓલા. હવે આત્મા સર્વજ્ઞ પરમેશ્વર કહે છે ને એમ ન્યાયમાં બેસી શકે છે કે આ આત્માની સત્તા તો પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જેનું સત્તાપણું પ્રાપ્તપણું થાય છે.

દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે એની શક્તિઓ અને પર્યાય એટલે એની હાલત, દશા. એમાં સત્ની સમાપ્તિ ત્રણમાં છે. એનું હોવાપણું ત્રણમાં છે. ત્રણ સિવાય બીજાની પર્યાય અને બીજામાં હોવાપણું એનું છે નહિં. આહાહા ! સમજાણું કાંઇ ? આ તો ઝીણું થોડું આવ્યું છે ને એટલે થોડું જાડું કરીને થોડું લઇ જવું છે અંદર હવે. આહાહા ! ત્યારે હવે મારા હોવાપણામાં બે ભાગ. એક પૂરણ શુદ્ધ ચૈતન્ય આત્મ આનંદ, અને એક વર્તમાન ક્ષણિક દશામાં થતી વિકૃત અવસ્થા. બે હૈયાતી એટલે હવે રમતું એને બે હૈયાતીમાં

રહી, પરનું કરી શકે નહિં એટલે એ વાત તો. હવે બેની હૈયાતીમાં જેને પૂર્ણાનંદનો નાથ ધ્રુવસ્વરૂપ જ્ઞાયકભાવ એનું હોવાપણું જેને ભાસ્યું નથી, એને વિકારના ભાવમાં હોવાપણું એને ભાસે છે એ અજ્ઞાની છે. એને ચૈતન્ય સચ્ચિદાનંદ પ્રભુ, જ્ઞાનનો સાગર આનંદનો ભંડાર સ્વચ્છતાનો સમુદ્ર, આહાહા! એવો પ્રભુ શુદ્ધ વસ્તુ દ્રવ્ય વસ્તુ શુદ્ધ ચૈતન્યકંદ મહાપ્રભુની હૈયાતી જેને દૃષ્ટિમાં આવી નથી, એની હૈયાતીનો જેને સ્વીકાર નથી એને પુણ્ય ને પાપના દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ એની હૈયાતીમાં એ એને ભાસે છે. શાસ્ત્ર ભાષાએ કહીએ તો પર્યાયબુદ્ધિ છે, દ્રવ્યબુદ્ધિ નથી એમાં તો. સમજાણું કાંઇ ? આરે આવી વાતું ભારે ભાઇ ! મુંબઇમાં આવું કાંઇ મળે એવું નથી, મુંબઇમાં તો બહુ ઝીણું પડે મુંબઇમાં તો. આહા !

હવે બે હૈયાતીમાં જેને પુણ્ય ને પાપના વિકારી ભાવ એ જ અસ્તિત્વ ને એમાં હું છું ને એ હું છું એમ જેણે માન્યું છે એ વિકારના ભાવને કરે અને એ વિકારને ભોગવે છે. એ અજ્ઞાન ભાવ અને સંસારભાવ ને રખડતો ભાવ. આહાહા! હવે જેને એ પુણ્ય અજ્ઞાન ને પાપના વિકલ્પની ખંડ વૃત્તિઓ એટલો હું નહિં, એ હું નહિં, હું શુદ્ધ ચૈતન્યઘન જ્ઞાયક જ્ઞાતાદષ્ટા, જાણનાર દેખનારનો પિંડ પ્રભુ હું છું એવી જેને સ્વભાવની પૂર્ણતાની શુદ્ધતાની પ્રતીતિ થઇ, ભરોસો આવ્યો એ ભરોસાદાર આત્મા, વિકારની ક્ષણિક લાગણીઓ થાય, પણ એનો એ કર્તા ન થાય. સમજાય છે કાંઇ ? આ તો સાદી ભાષા છે. બાપા ! આ તો બહુ સરળ વીતરાગ પરમાત્માએ, દિગંબર સંતોએ તો બહુ સરળ કરી દીધી (વાત) આહાહા !

લોકોને આ વાત સાંભળવા મળતી નથી અને એમાં ને એમાં અજ્ઞાનમાં ઢંકાઇને, અરેરે ! અનંત કાળ એણે કાઢયો, પણ હું એક અંદર પરથી તો નિરાળો ભિન્ન છું પણ પુણ્ય પાપના વિકારની વિકલ્પની દશાથી પણ એ ક્ષણિક ઉપાધિ મલિનભાવ એનાથી હું ભિન્ન છું. હું તો નિર્મળાનંદ ચૈતન્યમૂર્તિ છું. આહાહા ! આવું જેને સમ્યગ્દર્શન - સમ્યક્ એટલે સાચી શ્રદ્ધા, સાચું દર્શન. આહાહા ! પુણ્ય - પાપ પર તો નહિં, પણ પુણ્ય - પાપમાં ક્ષણિક વૃત્તિ પરિણમે તે હું નહિં. આહાહા! એ પુણ્ય ને પાપના ભાવ થાય છે, એને જાણનારી જ્ઞાનની વર્તમાન દશા છે. આહાહા! આ રાગ દ્વેષ છે એમ જાણે છે જ્ઞાનની દશા. એ જ્ઞાનની દશાને રાગ દ્વેષ એની સત્તા ઉપર, એના હોવાપણા ઉપર દૃષ્ટિ છે એ તો અજ્ઞાની છે, કારણકે ભગવાન પૂર્ણાનંદનો નાથ તો સત્તાની શ્રદ્ધામાં રહ્યો નહિં. આહાહા !

આ તો વીતરાગ મારગ છે પારસમલજી ! આહાહા ! પારસમણિને સ્પર્શે

તો લોઢું સોનું થાય. એવો ભગવાન મારગ એવો છે બાપુ. આહાહા! અરેરે! રાંકની દશાની પામરદશામાં પ્રભુતાને એણે સ્પર્ષ્યો નહિં. સમજાણું કાંઇ ? પુણ્ય ને પાપના દયા દાન વ્રત ભક્તિના કામ-ક્રોધના ભાવ એ પામરતા, રાંકાઇ છે. એ રાંકાઇમાં રહ્યો, એને રાજા ચૈતન્યમૂર્તિ ઓળખાણમાં ન આવ્યો. આહાહા! આતમ રાજા ચૈતન્યપ્રભુ એની એને કિંમત ન આવી. એ રાગ-દ્વેષને કરે એ તો એનું કામ છે. એનું અજ્ઞાનનું. રાગદ્વેષ કરે અને એને ભોગવે, સંસારમાં રખડે. આહાહા! હવે જેને એ રાગ-દ્વેષની હૈયાતીનોય સ્વીકાર છૂટી જાય એ ભગવાન પૂર્ણાનંદનો નાથ છે, એક સમયની અવસ્થા જે રાગદ્વેષને જાણે છે આ જ્ઞાનની દશા, એટલોય હું નહિં.

એ જ્ઞાનની પર્યાયને તે કાળે ભલે પર તરફ વળેલી હોય, પછીની દશાને પૂર્ણાનંદ હું છું એટલી એક સમયની પર્યાય અવસ્થા જેટલો નહિં. હું આનંદને જ્ઞાન સચ્ચિદાનંદ સ્વરૂપ છું, સત્ નામ શાશ્વત જ્ઞાન ને આનંદના સ્વભાવથી ભરેલો પ્રભુ છું. આહાહા! એવું જેને શુદ્ધ નિર્જરામાં આવ્યું'તું ને આજ, નહિં ? શુદ્ધને જાણે તે શુદ્ધને પામે. 'શુદ્ધં લહિ અપ્પાણં' નિર્જરામાં આવ્યું'તું. એ શુદ્ધ ચૈતન્ય નિર્મળ છે પૂરણ સ્વરૂપ એને જે જાણે એને શુદ્ધાત્મા પ્રાપ્ત થાય, એને હું શુદ્ધ છું એવી પવિત્રતાની પર્યાયમાં પ્રાપ્ત થાય. આહાહા! એને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન ને એને ધરમ કહે છે.

બહુ વાતુ બાપુ! જગતથી નિરાળી વાતુ બહુ છે ભાઇ! જગત ક્યાંય ગુંચાઇ ગયું છે. સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું સત્ ક્યાંય રહી ગયું છે. આ તો સાદી ભાષા છે ને પારસમલજી ? એ કાલેય ત્યાં હતા હોં, ત્યાં આવ્યા'તા બપોરે કે વાત તો ભાઇ કે સરળ ભાષામાં છે એમ તો મારગ તો એ છે ભાઇ ! દુનિયાને મળતો નથી, દુનિયા ગુંચાઇને પડી છે ત્યાં. (**શ્રોતા** : ભાષા તો સાદી હૈ પણ કહા નહિં તો કઠણ) પણ સાદી ભાષામાં પકડાય એવું આ છે કે નહિં ? અમારે પારસમલજી કાલ કેતા'તા બહુ ખુશી થઇ, સવારનું વ્યાખ્યાન સાંભળીને. બપોરે આવ્યા'તા, કાલ બહુ સરસ વાત કરી. સરળ ભાષામાં એમ કહી છે વ્યવસ્થા નહિં ? આહાહા! આંહી તો ત્રણ વાત થઇ. એક તો પર સત્તાને પોતાની સત્તા બે, હવે પર સત્તામાં તો જીવનો કાંઇ અધિકાર નથી. હવે પોતાની સત્તામાં બે અંશ એક ક્ષણિક વિકલ્પ અવસ્થાનો અંશ અને એક ત્રિકાળી શુદ્ધતાનો અંશ.

નયનો વિષય છે ને આ ? આહાહા! નયનો વિષય તો અંશ છે ને ? અને નિશ્ચયનયનો વિષય ત્રિકાળ શુદ્ધ છે એ એનો વિષય છે અને વહેવારનયનો વિષય વર્તમાન રાગની મલિનતા ને અલ્પતા એ એનો વિષય છે. હવે એ વિષય તો અનંતવાર માન્યો

જાણ્યો કર્યો ભોગવ્યો. પણ એણે શ્રુત પરિચિત અનુભૂતા આવ્યું છે ને ૪થી ગાથામાં. ભગવાન ભગવાન તરીકે બોલાવે છે હોં આત્માને. ૪થી ગાથામાં કહ્યું'તું ને કાલ. આહાહા! ભગવાન આત્મા. આહાહા! શુભ ને અશુભ ભાવ દયા દાન ભક્તિ વ્રત પૂજા કામ ક્રોધના ભાવ ભગવાન એ તો મલિન છે, અશુચિ છે, દુઃખરૂપ છે, આકુળતા છે, વસ્તુ સ્વરૂપ આનંદ છે, નિત્યાનંદ છે, શાંત છે, સુખરૂપ છે. નવરંગભાઈ! આ તો હવે સાદી ભાષામાં સમજાય ને? આહાહા!

એ જેણે પોતાની હૈયાતીના બે ભાગ, વિકારના ભાવ અને ત્રિકાળ નિર્વિકારીનો ભાવ, એમાં જેણે વહેંચણી કરીને મહાસત્તાનો સ્વીકાર કર્યો છે, આહાહા! એને સમ્યગ્દૃષ્ટિ કહે છે. એને ત્રિલોકનાથ વીતરાગ આ વીરશાસનના વીરને ૨૫૦૦ વર્ષ થયાં ને? તે આ, આ એને સમજે તો નિર્વાણ મહોત્સવ સાચો કર્યો કહેવાય. આહાહા! છાપામાં બહુ આવે છે. ધર્મચક્ર કાઢયું ને માણસો ભેગાં થયા ને ૨૫હજાર ભેગા થયા ને ૨૫હજાર ભેગા થયા ને ફલાણું ને ઢીકણું. એ એક શુભભાવ છે એ જાતનો, પણ એને એમ માની બેસે કે અમે ધરમ કરીએ છીએ, એ નથી બાપુ. સમજાણું કાંઈ? આહાહા!

આ તો સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જેને જણાણા, એમના કહેલા આ બધા વચનો છે. આહાહા! સમજાણું કાંઈ? સંતો દિગંબર મુનિઓ આડતિયા થઈને કેવળીનો માલ વહેંચે છે. આહાહા! પ્રત્યક્ષ તો કેવળીએ જોયું છે ને? નીચે પ્રત્યક્ષ અસંખ્ય પ્રદેશીને અનંત ગુણ પ્રત્યક્ષ નથી થ્યાં. વેદનની અપેક્ષાએ પ્રત્યક્ષ થયું છે, આનંદની અપેક્ષાએ, આહાહા! પણ આમ અસંખ્ય પ્રદેશ, એક એક પ્રદેશમાં અનંતગુણ આમ પ્રત્યક્ષ નજરે કેવળીને પડે, છદ્મસ્થને ન પડે. પણ એને આનંદ સ્વરૂપ છું એવા ભાન દ્વારા આખો આત્મા આનંદ છે એવું ભાન થાય એ આ કેવળીના વચનોમાં આખું સ્વરૂપ આવ્યું એનો અનુવાદ કરીને જગતને જાહેર કરે છે. જેણે પ્રત્યક્ષ જોયું'તું. આહાહા! ભારે આકરું પણ ભાઈ! જગતની શૈલી ક્યાં? પરમાત્માનો મારગ ક્યાં? સમજાણું કાંઈ?

હવે કહે છે જેણે પુણ્ય ને પાપના કૃત્રિમ ક્ષણિક મલિન થતા અશુભભાવ એમાંથી જેણે દ્રષ્ટિ ઉઠાવી છે અને મહાપ્રભુ ધ્રુવ સત્તા જ્ઞાયકભાવ એવા હોવાપણામાં જેની દૃષ્ટિએ સ્વીકાર કર્યો છે. આહાહા! એને ધરમી કહીએ, એને જ્ઞાની કહીએ એ સુખને પંથે દોરાયેલો કહીએ. આહાહા! હવે ઈ કહે છે, ઈ આવ્યું જુઓ, મોહથી એટલે મોહનીય કર્મના ઉદયને લીધે જ્યારે પેદા થાય, ઉત્પન્ન થાય રાગ અને દ્વેષ આ ધરમીને

હજી, સમજાય છે કાંઇ ? વસ્તુનું સ્વરૂપ શુદ્ધ છે, ચૈતન્ય છે એવું ભાન થયા છતાં પર્યાયમાં નબળાઇને લઇને મોહકર્મના નિમિત્તના સંગે થયેલી દશા વિકારી થાય છે. આરે ! આવું ભારે વાત ! રાગદ્વેષ. કોને ? તપસ્વીને, જોયું ? મુનિને. આહાહા !

જેણે આત્મા પૂર્ણાનંદનો નાથ એ હું એમ સ્વીકારીને, જેને આનંદનું વેદન છે, વિકારની દશાને જેણે ઓળંગી નાંખી છે. આહાહા ! દૃષ્ટિએ, અને સ્થિરતા એ પણ જેણે ઓળંગી છે ને ? એ પહેલાં એને જે મુનિને પણ જે શુભરાગ અશુભ આવે છે, આહાહા ! આંહી તો શુભનું જ છે. મુનિને તો શુભભાવ આવે છે, અશુભ તો હોતો નથી. આહાહા ! એ તપસ્વી કહેવાય છે જેને ઇચ્છા નિરોધરૂપ દશા કેમકે વિકલ્પ અવસ્થા તે હું નહિં, ત્રિકાળી હું એવી જે પરની ઇચ્છાનો તો જેણે નિરોધ કર્યો છે. આહાહા !

'કયા કયા ઇચ્છત ખોવત સદા હૈ ઇચ્છા દુ:ખમૂલ' એ ઇચ્છા કરીને શું તારે કરવું છે ? પરના કામ તો કરી શક્તો નથી, હવે ઇચ્છા થઇ એ તો દુ:ખરૂપ થઇ. ભાન તો છે એ હું નહિં, પણ નબળાઇને લઇને ધર્માત્માને પણ. આહાહા ! રાગ થાય ત્યારે રાગદ્વેષના ઉદયકાળે જ સ્વસ્થ આત્માની બાહ્યવિષયથી વ્યાવૃત થઇ એટલે શું કહે છે ? કે રાગદ્વેષ થયો જરી વૃત્તિ છદ્મસ્થ છે, કેવળી પોતે નથી એટલે થાય અને પછીના સંગે એને જુદા પાડે એમ નથી. ભેદજ્ઞાન તો થયેલું છે કે રાગદ્વેષ હું નહિં, હું શુદ્ધ ચૈતન્ય જ્ઞાતાદૃષ્ટા. આહાહા ! સમજાણું કાંઇ ? એવું સમ્યગ્દર્શન જ્ઞાન ને શાંતિ તો છે. આહાહા ! એને ઓલા રાગ થાય તે કાળે જ એની ભિન્નતા ભાસે છે. સમજાણું કાંઇ ? ભિન્નતા કરી છે માટે તે કાળે ભિન્નતા ભાસે છે. ભારે વાતુ. હેં ? ત્યારે જ રાગદ્વેષના ઉદયકાળે જ. આહાહા !

આ પૂજ્યપાદ સ્વામી મુનિ છે ને ? સંત છે ને ? ભાવલિંગી મુનિ છે. નમો લોએ સવ્વ આયરિયાણં આચાર્યમાં આવેલા છે. આહાહા ! એ કહે છે કે અમને પણ કોઈવાર પૂરણ અમે વીતરાગ નથી એટલી રાગની વૃત્તિ ઉત્પન્ન થાય, એ જ કાળે અમે તેને ભિન્ન જાણીએ છીએ. લ્યો, આ વહેવાર જાણેલો પ્રયોજનવાન, આવે ક્યારેક ક્યારેક કોઈની વાત. આાહાહા ! જરી જ્ઞાનને કેળવવું પડે ભાઇ. આ કાંઇ એમને એમ બેસી જાય એ વાત નથી. અનંતકાળે કરી નથી એવી અપૂર્વ વાત છે ભાઇ ! આ અપૂર્વ, પૂર્વે સાધુપણું પાળ્યું મુનિપણું લીધું અનંતવાર દીક્ષા અનંતવાર આચાર્ય અનંતવાર સાધુ અનંતવાર શ્રાવક આહાહા ! પણ મિથ્યાદૃષ્ટિ છે.

ત્રિકાળી ચૈતન્ય ભગવાન આનંદનો નાથ એને સ્પર્શ્યા વિના બધી ક્રિયાઓ કરી. એ સંસાર ખાતે થઇ રખડવું. સમજાણું કાંઇ ? ત્યારે કહે છે કે મુનિને પણ આ થાય

ત્યારે ઉદયકાળે જ. આ એક જરી રાગ થાય છે, વીતરાગ નથી એટલે મુનિ છે. રાગ થાય છે તે કાળે જ એને ભિન્નતા ભાસે છે, રાગ થયો અને બીજે કાળે ભિન્નતા ભાસે એમ હોય નહિં. આહાહા! કેમ કે રાગની ક્રિયાથી પર સ્વરૂપ ભિન્ન છે. પોતાનું એટલે ઉત્કૃષ્ટ સ્વરૂપ પોતાનું. સમજાણું કાંઇ ? આહાહા! એવા ધ્યાનના રાગથી, એ વિકલ્પથી, ભેદજ્ઞાન તો થયું છે અને રાગ આવે ત્યારે પણ એનું ભેદજ્ઞાન જ વર્તે છે. આહાહા! અરે આવો મારગ સાંભળવા મળે નહિં, એ કે'દિ સમજે ને ક્યારે જાય મારગમાં ? આહાહા!

સવારના કહ્યું'તું આ આત્મા આવ્યો ક્યાંથી ? ત્યાં વચમાં બધાં આ શરીર આવ્યું બાયડી આવી છોકરાં આવ્યા ને દુકાન આવી પૈસા એ તો એ વટેમાર્ગુને વચમાં મેળાપ દેખાવાનો મળ્યો. આહાહા! વટેમાર્ગુ જાતો હોય એક ગામથી બીજે. ત્યાં બીજુ ગામ ભાળે, બાયડી, છોકરા, ભેંસુ, બળદ ભાળે. એમાં કાંઇ એના થઇ ગ્યા ? એમ ભગવાન અનાદિથી વટેમાર્ગુ ફરતો ફરતો આવે છે. એમાં આંઇ આવ્યો ત્યાં શરીર ને બાયડી ને છોકરા ને આ એની વ્યવસ્થા કરવા રોકાણો, જે એનામાં નથી. પોપટભાઇ! આહાહા! એણે બહુ કર્યું, ભાઇ! આહાહા! ઊંધું. બાપુ આબરુ સરખી રાખવી, દુકાન ચલાવવી સરખી પોતાની, અરે ભાઇ! આ શું છે આ ? પરપદાર્થ સંયોગ દેખાય છે ત્યાં એની સંયોગની દશાને તારે કરવી છે ? સમજાણું કાંઇ ?

હવે સંયોગી ભાવ થાય અંદરમાં. ભિન્ન પડેલા ભાવવાળાની વાત છે. સમજાણું કાંઇ ? આ તો વાદ વિવાદ કરેને ? કે હું આ છું, પહોંચી શકું એમ છું, આ વસ્તુ એવી છે, એમ કરીને. હેં ? આહાહા! ઉદયકાળે સ્વસ્થ આત્માને એટલે જ્ઞાનીને આત્માના અનુભવીને સમકિતીને, અરે મુનિને એવી રાગની વૃત્તિ થાય તે કાળે સ્વસ્થ પ્રભુ આત્મા, સ્વસ્થ સ્વમાં રહેલો ભગવાન આત્મા એને બાહ્ય વિષયોથી વ્યાવૃત્ત થઇ એને રાગના પરલક્ષથી જે ઉત્પન્ન થયો છે એનાથી સ્વસ્થ પ્રભુ, તેમાં પાછો વાળી, રાગથી પાછો વળી, આહાહા! સ્વરૂપમાં ઠરે, તો રાગ ટળી જાય છે. બીજી કોઇ ક્રિયા નથી. સમજાણું કાંઇ ? છે ?

બાહ્ય વિષયોથી વ્યાવૃત્ત થઇ સ્વરૂપમાં સ્થિત થયેલા આત્માની એટલે કે આત્મા પોતે રાગથી ભિન્ન છે એવું તો ભાન છે એમાં એ રાગ આવ્યો, જરી નબળાઇને લઇને. આહાહા! નબળાઇ તો એને કહીએ કે જેને વસ્તુની સબળાઇનો અનુભવ થયો છે. અજ્ઞાની કહે કે મને રાગની નબળાઇ. પણ કોની હારે તે મેળવી ? ભગવાન આનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન એની એવી સબળાઇના અનંત પુરુષાર્થનું જ્યાં અંતરમાં ભાન થયું છે એને રાગની નબળાઇ છે એમ કહેવામાં આવે છે. અજ્ઞાનીને તો રાગ તે હું, વસ્તુ તે

હું, નથી એને નબળાઇ, ઇતો નબળાઇને સબળાઇ બધી એમાં છે એને તો. સમજાય છે કાંઇ ? આહાહા !

અરે વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞ દેવ ત્રિલોકનાથ બિરાજે છે, મહાવિદેહમાં બિરાજે છે. સમજાણું કાંઇ ? સભામાં બિરાજે છે, ઇન્દ્રો સમક્ષ વાણી નીકળે છે. અરેરે ! વાણી નીકળે છે. ભગવાન પાસે ઇન્દ્રો જાય છે. એ પાસે આ કુંદકુંદાચાર્ય આ પણ ત્યાં ગયા હતાં. આહાહા ! પૂજ્યપાદ સ્વામી દિગંબર મુનિ સમકિતી અને ચારિત્રવંત અંતરદશાને પામેલા. એકલું નગ્નપણું ને પંચમહાવ્રતના પરિણામ, એ કાંઇ મુનિપણું નથી. આહા ! પંચમહાવ્રતના પરિણામનાય અત્યારે તો ઠેકાણાં નથી. પણ હોય તો એ પંચમહાવ્રતના પરિણામ તો આશ્રવ છે. એ મુનિપણું નથી, તે ધરમ નથી. આહાહા ! એ રાગની વૃત્તિથી જેણે આત્માને જુદો પાડયો છે, એવો જે આનંદનો નાથ જ્યાં જાગીને ઉઠયો છે. સમજાણું કાંઇ ?

એવા શાંતિ ને આનંદના ભાવને જેણે રાગની લાગણીથી ભિન્ન કરેલ છે એ સ્વસ્થ પોતામાં રહેલ છે. એ રાગમાં રહ્યો નથી. રાગ થાય ખરો, શું કહે છે જુઓ. સ્વસ્થ આત્માની, પોતામાં રહ્યો છે તેવા આત્માની. આ તો કાંઇ કથા નથી બાપુ, આ તો વીતરાગની વાર્તા છે. હેં ? આહાહા ! સ્વસ્થ આત્માની બાહ્ય વિષયોથી વ્યાવૃત્ત થઇ હઠાવી સ્વરૂપમાં સ્થિત થયેલા, અંદરમાં સ્થિર તો છે. રાગ આવ્યો એમાં પાછો વળીને સ્થિર એમાં થાય છે. આહાહા ! ભારે ભાઇ વાતું, ભાઇ આવી છે. બાપુ, પરમાત્મા ત્રણલોકના નાથનું તો આ કથન છે ભાઇ ! એનો આ મારગ વીરનો આ મારગ છે. હેં ?

અત્યારે તો ૨૫૦૦ ઉજવવામાં કંઇક ધમાલ કરશે લોકો, પણ એ વીરનો મારગ તો પ્રભુ આ છે. આહાહા ! જેનું વીર્ય સ્વરૂપને રચે તે વીરનો મારગ કહેવાય. રાગને રચે એ પણ વીરનો મારગ નહિં. આહાહા ! પરને તો શું રચે ઇ ? પરની ઓલા ધર્મચક્ર ને કાઢશો ને બધું એ તો ક્રિયા જડની એના કાળે થાય છે. એને આત્મા કરી ન શકે. આહા ! અહીં તો પહેલેથી કહીએ છીએ. એમ આ રાગ આવે એ રાગની રચના ઉપર જેની દૃષ્ટિ છે એ તો સ્વભાવને ભૂલી જાય છે. જે વીર્યનો પિંડ છે, પ્રભુ ! પુરુષાર્થનો પિંડ છે, જ્ઞાનનો પિંડ છે, આનંદનો સાગર છે, જેના ગુણની અપરિમિતતા, પરિમિત જ્યાં નથી એવા ગુણની અપરિમિતતાથી ભરેલો ભગવાન છે. આહાહા ! એમાં જેની દૃષ્ટિ નથી એને તો રાગ ઉપર દૃષ્ટિ છે અને રાગને રચે એ વીરનો મારગ નથી. આહાહા !

વીરનો નિર્વાણ મહોત્સવ એ ઉજવી શકે, પારસમલજી, આંહી તો ઇ વાત છે બાપુ. આહાહા ! કે જે પોતાના આત્મબળને સ્વભાવ તરફ વાળીને રાગથી ભિન્ન

પાડીને રાગને જીતે અને શુદ્ધ સ્વરૂપની નિર્મળ સમ્યગ્દર્શન જ્ઞાનની રચના કરે, એ વીર્યની રચના કરે, એને વીર કહીએ. એ વીરના કેડાયત કહીએ, વીરના અનુયાયી કહીએ. ભારે વાતું ભાઈ ! આહાહા ! કહે છે, એ આત્માની ભાવના કરવી એટલે શું કીધું ? કે પહેલેથી રાગથી ભિન્ન છે, એમાં તો રહેલો છે પણ ત્યાં જે રાગ આવ્યો છે, ત્યારે એ જે આત્મા સ્થિર છે (તે) શેમાં સ્થિર કરવો ? આહાહા ! એની ભાવના કરવી. શુદ્ધ સ્વરૂપમાં એકાગ્ર થવું એ ભાવના. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં જરી અસ્થિરતા થઈ'તી એને ભિન્ન રીતે તો તે કાળે જાણી. સમજાણું કાંઈ ? પણ પછી આમ વાળીને સ્થિર થવું. આહાહા ! એ રાગને ટાળવાનો એક ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે (નહિં). એ સમજાણું કાંઈ ? આવું તે શું કાઢ્યું ?

કેટલાક એમ કહે છે કે આવું નવું કાઢ્યું.પારસમલજી ! સોનગઢવાળાએ નવું કાઢ્યું એમ કહે છે ? આ પણ અરે ભગવાન નવું નથી બાપુ ! આ તો અનાદિનું છે. તે સાંભળ્યું નહોતું માટે તને નવું લાગે. એથી કાંઈ નવું છે ? આહાહા ! મિંદડીના બચ્ચાને ૭-૭ દિ' એ ફેરવી નાંખે છે ને મિંદડી ? પછી ૪૯ દિ' થાય ત્યારે આંખ્યું ખોલે જરી. ઓહો ! આ તો પ્રસિદ્ધ છે. આ તો ભાઈ તેં આંખ્યું નહોતી ઉઘાડી તે પહેલાય હતી ? પણ નહોતી ને એમ મારગ તો આ છે. તને ખબર નહોતી એટલે તને નવો લાગે છે. સમજાણું કાંઈ ? પોપટભાઈ ! આહાહા ! તેમ કરવાથી રાગદ્વેષ ક્ષણમાં - ક્ષણમાત્રમાં ઉપશમે છે. આહા ! શાંતરસ એવો આત્માનો એવો જે અનુભવ્યો છે, રાગથી ભિન્ન પાડીને સમ્યગ્દષ્ટિએ, એ એમાં ઠરે છે ત્યારે ઉપશમપણું પ્રગટ્યું શાંતરસ પ્રગટયો, રાગ આવ્યો એ તો અશાંત છે. આહાહા !

લ્યો, ચેતનજી ! આ મુનિ કહે છે કે રાગ આવ્યો એ અશાંત છે, હેં ? અજ્ઞાની ને એ દુઃખ ન હોય ? આહાહા ! ભાઈ તેં જાણ્યું નથી બાપુ. ભાઈ ! એ આનંદ સ્વરૂપ પ્રભુ છે એને રાગથી ભિન્ન જાણ્યા છતાં એની પૂરણ ભિન્નતા થઈ નથી અને રાગનો ભાગ બિલકુલ ગયો નથી ત્યાં સુધી જ્ઞાનીને રાગ આવે ખરો, પણ તેનું એને તે સમયે ભેદજ્ઞાન હોય અને તે રાગને તે દુઃખરૂપ લાગે એને. કેમકે આનંદનો નાથ એનાથી વિરૂદ્ધની વૃત્તિ છે, એ દુઃખ છે. પંચમહાવ્રતના પરિણામ પણ દુઃખ છે, એ વિકલ્પ જે વૃત્તિનું ઉત્થાન છે આહાહા ! એને દુઃખ હોય છે, જો દુઃખ ન હોય તો પૂરણ આનંદ હોવો જોઈએ. આ રાગ થયો છે એ શું છે ? પૂરણ આનંદ નથી થયો. આટલો તો રાગ અને દુઃખ છે. આહાહા !

એને આનંદમાં આવીને રાગનો નાશ થાય છે એણે રાગનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આહાહા ! એ આનંદના અનુભવમાં આવીને રાગનો નાશ કરે છે

એટલે થાય છે, એણે નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આહાહા! અરેરે! વાતે વાતે ફેર. ‘આનંદ કહે પરમાનંદા! વાતે વાતે ફેર. એક લાખે તો નહિં મળે ને એક ત્રાંબિયાના તેર’ એમ આવે છે ને? એમ ભગવાન ત્રણલોકના નાથ કહે છે કે મારે ને તારે પ્રભુ વાતે વાતે ફેર છે ભાઈ! આહાહા! સમજાણું કાંઈ? આ એ લાખેણી પળું મળવી મુશ્કેલ છે નાથ, પણ જેને હજી નિર્ણય ને શ્રદ્ધાનાય ઠેકાણા નથી. આ હજી શ્રદ્ધા કોને કહેવી એની ખબરું નથી. આહાહા!

ભાવાર્થ: અસ્થિરતાના કારણે, અસ્થિરતા કોને કહેવાય? જેને અસ્થિરતાથી ભિન્ન વસ્તુ ભાન થઈ છે એને. આહાહા! એક મુનિનું લીધું છે ને પોતે. પોતાની જાતને તે કહે છે. આહાહા! દિગંબર સંતો ભગવાનના કેડાયતો કેવળીને કેડે ચાલનારા, કહે છે કે ધર્માત્મા મુનિને પણ રાગ જરી થાય અસ્થિરતાના કારણે, મોહવશ જ્યારે અંતરાત્માને પરને વશ થઈ જાય છે એ રાગ વૃત્તિમાં ભાવાર્થ છે ને? મોહવશ જ્યારે અંતરાત્માને, અંતરાત્માની વાત છે આ. સમ્યગ્દષ્ટિની રાગ ને પુણ્યના ભાવ મારા છે એ માનનારો બહિરાત્મા મિથ્યા દૃષ્ટિ છે કેમકે સ્વરૂપમાં એ રાગના વિકલ્પો નથી.

આ પરવસ્તુ તો નથી. ઈ મારી માને ઈ તો સ્થૂળ મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા છે, બહિરાત્મા, પણ પુણ્ય ને પાપના, દયા, દાન, વ્રતના પરિણામ એ વસ્તુના સ્વભાવમાં નથી એ બર્હિવસ્તુને પોતાની માનવી એનું નામ બહિરાત્મા, એનું નામ મિથ્યાદૃષ્ટિ. આહાહા! એ જૈન નહિં. ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ? અંતરાત્માને એમ શબ્દ આવ્યો છે ને? એટલે કે રાગને દ્વેષના ભાવથી ભિન્ન પડયો પ્રભુ, પૂરણ સ્વરૂપનું જેને ભાન થયું તેને અંતરાત્મા કહીએ. અંતરાત્મા અંતરમાં જે ચીજ પૂરણ આનંદ ને શુદ્ધ છે એને પ્રાપ્ત કરી છે તેને અંતરાત્મા કહીએ અને પૂરણ આનંદના ભાવને જેણે પ્રાપ્ત કર્યો નથી એણે પુણ્ય-પાપના ભાવને પ્રાપ્ત કર્યો છે તેને બહિરાત્મા કહીએ, કેમ કે બહિર છે તેને પોતાનું માન્યું છે. હવે બાયડી છોકરા તો ક્યાંય રહી ગ્યા. આહાહા! માળો આવો મારગ હશે?

મારગ તો આવો જ છે, ભાઈ! સમજવામાં એને ન આવે એથી કાંઈ મારગ ફરી જાય? મારગ તો મારગ જ છે. આહાહા! જેઠાભાઈ? આવો મારગ છે. ત્યારે ચિત્તને પરપદાર્થથી હઠાવી અંતરાત્માને પણ આત્માના ભાનવાળા ભેદજ્ઞાનીને પણ, આહાહા! સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને ચારિત્રવંત જેને અંદર આનંદ પ્રગટયો છે, એને પણ જ્યારે મોહને વશ રાગાદિની દશા થાય, ઉત્પન્ન થાય, ત્યારે ચિત્તને પર પદાર્થથી હઠાવી,

સ્વસન્મુખવાળી, આહાહા ! જ્યાં પ્રભુને જોયો છે ત્યાં વાળે છે. આહાહા ! આ તો ભાઈ બીજી વાતું છે. સાચી નથી. ઓલાએ કહ્યું હતું ને, કવિએ એક ફેરે ? નહિં ?

૬૪ની વાત છે. ત્યાં ભરુચમાં. સ્થાનકવાસી હતા ને ? અહીંયા તો બધા આમાં હતા ને ઢુંઢિયા, આમાં એ તો દુકાનમાં સાધુ - બાધુ આવે તો અમે સંભાળ કરીએ. આસપાસ લેવા જઈએ. અને અમારે ૩૦ માણસ હતું ઘરનું. એને બધી સ્થિતિ દુકાનની એટલે લેવા ગ્યા'તા એકવાર ભરુચ. હું ને ફાવાભાઈ હતા. ફાવાભાઈ નહિં ? મનહરનો બાપ. એને સાધુને મળ્યા, ગ્યા'તા તો નાટક હતું, કહ્યું એ હાલો નાટક જોવા જઈએ, ડાહ્યાભાઈ ધોળકા, વાંકાનેરના ૬૪ની વાત છે, સંવત ૧૯૬૪. મીરાબાઈનું નાટક. માળા પણ વૈરાગી હોં. અત્યારના જેવા બધા ફિલ્મું ને આ ને આ ને આ. આહાહા !

એ અરે આપણી સજ્જનતાના લખ્ખણ આવા બહાર. એ વખતે તો એને માળા નાટક ભારે. મીરાબાઈ આવે, સાધુનો સંગ કરે. રાણો કહે રાણી ઘરમાં હાલ પટ્ટરાણી બનાવું રાણી. આહાહા ! મીરાબાઈ કહે છે 'પરણી મારા પીયુજીની સાથ બીજાના મીંઢોળ નહિં રે બાંધુ' આ મિંઢોળ નથી બાંધતા, આ પરણે ત્યારે શું કહેવાય ? એ કંકણ, કંકણ. આ એ વખતે આવા વૈરાગ, ધૂન ચડી જતી. ૬૪ની સાલની વાત છે, સંવત ૬૪. 'પરણી મારા પીયુજીની સાથ' ઈશ્વરનું નામ અને કહે 'બીજાનાં મિંઢોળ નહિં રે બાંધુ, નહિં રે બાંધુ રે રાણા નહિં રે બાંધુ. સાધુડાની સંગે હું તો ઘેલી થઈ' એમ બોલે. 'ઘેલી થઈ રે રાણા ઘેલી થઈ, મારા સાધુડાની સંગે હું તો ઘેલી થઈ'.

ધર્માત્મા કહે છે કે હું મારા સંતના સંગે ને આત્માના સંગે દુનિયાથી તો ઘેલો થઈ ગયો છું. દુનિયા માને, પારસમલજી ! આહાહા ! જુઓ તો ખરા એ શુદ્ધાત્માને ભાવવો. આહાહા ! એમ કરવાથી ક્ષણવારમાં રાગદ્વેષ આદિ શાંત થઈ જાય છે. ભેદ વિજ્ઞાનના દ્વારા આત્મા અને શરીરાદિને ભિન્ન ભિન્ન જાણીને, પહેલી શરૂઆત પાછી કરી છે. શરીર વાણી મન રાગાદિથી ભગવાન આત્માનો નિધાન ખાણ આનંદની ખાણ પ્રભુ. એ રાગના વિકલ્પથી અને શરીરથી ભિન્ન જાણી, એ ભિન્ન છે તેમ તેને જાણી. આહાહા ! સમજાણું કાંઈ ? શુદ્ધાત્માની ભાવના કરવી. આ એને ધરમને માટે કરવાનું આ છે બાપુ. આહાહા !

જીવદયા મંડળી કરીને એના અગ્રેસર થ્યા ને પૈસા ઉઘરાવવા ગ્યા ને ૫૦હજાર લાખ લાવ્યા ત્યાં. ઓહોહો ! એ જેઠાભાઈ ! છે ઈ જેઠા કહેવાણા. મોટા નહિં હેં ? જયેષ્ઠ, જયેષ્ઠ એટલે મોટા. આ જેઠ કહે છે ને આપણે બાપુ, એ મોટા નથી ભાઈ,

તને ખબર નથી. આહાહા! અતીન્દ્રિય આનંદનો નાથ અંદર સ્વીકારવામાં રહી જાય છે બાપુ. આહાહા! એની મહા હૈયાતી છે પૂરણ એના સન્મુખની સ્વીકારદશા રહી જાય છે ભાઈ આહાહા! તું શું કરે છે? રાગ કર્યો હોય અને માને કે અમે ધરમ કરીએ છીએ, મિથ્યાત્વને પોષે છે એ. આહાહા! સમ્યગ્દર્શનને ઉપર ઘા મારે છે ઈ. સુજાનમલજી! આ બહુ અપૂર્વ વાત એમ લ્યો. આહાહા!

આમાં પંડિતોને અત્યારે એમ કહે છે ને આ બધું એકાંત છે સોનગઢનું ને એમ કહે છે. બધું ખ્યાલ છે વાત. આહાહા! ભાઈ તને ખબર નથી બાપુ, પણ તું શું કહે છે? કોને કહે છે? તને ખબર નથી. એમ કે આ રાગની ક્રિયાને ધરમ માનતા નથી. અરે સાંભળને. બાપુ એ ધરમ નથી. પંચમહાવ્રતના પરિણામ બારવ્રતના ભાવ, એ વિકલ્પ ને આસ્ત્રવ, એ વૃત્તિનું ઉત્થાન થાય છે, એ સ્વભાવ નહિં. સમજાણું કાંઈ? આવે, હોય, પૂરણ વીતરાગ ન હોય એને થાય પણ જ્ઞાની એને દુઃખરૂપ જાણે છે, એને હેય જાણે છે, એને ઉપાદેય નથી જાણતો, આદરણીય નથી માનતો. આહાહા! ભારે આકરું કામ જગતને પડે હોં.

બાપુ આંહી તો ભવના અભાવની વાતું છે. જેમાં ભવનો અભાવ એ તો સ્વભાવમાં છે. રાગ ને મિથ્યાત્વ ને શરીરાદિ તો સ્વભાવમાં નથી. એટલે ભવનો તો અભાવ સ્વરૂપમાં છે. એને ચોંટી રહેવું તો ભવનો અભાવ થાશે. સમજાણું કાંઈ? દુનિયા રાજી થાય ન થાય, સમાજ સમતોલે રહે ન રહે, એની સંતોને દરકાર કરી નથી સંતોએ. સત્‌ને જેમ છે તેમ એમણે જાહેર કર્યું છે. સમજાણું કાંઈ? આહાહા! શુદ્ધાત્માની ભાવના કરવી, તે જ રાગદ્વેષાદિ વિકારોનો નાશ કરવાનો ઉપાય છે. આહાહા! સમ્યગ્દૃષ્ટિ જીવને જુઓ. અંતરાત્મા સમ્યગ્દૃષ્ટિ તપસ્વી બધું. સમ્યગ્દૃષ્ટિ જીવને ભૂમિકા અનુસાર રાગદ્વેષ થાય છે.

રાગદ્વેષ ન થાય તો વીતરાગ થઈ જાય, કેવળી થઈ જાય. આહાહા! પણ તેને તે વખતે અંતરમાં આત્માનું ભેદજ્ઞાન છે. પછી ભેદજ્ઞાન કરશે રાગ આવ્યો અને ભેદજ્ઞાન પછી એમ નહિં. રાગ (આવે) તે વખતે એકતાબુદ્ધિ હોય તો તે ભેદજ્ઞાન છે જ નહિં. આહાહા! તે વખતે અંતરમાં આત્માનું ભેદજ્ઞાન છે, એ બાહ્ય નિમિત્તોને વિકારને પોતાના આત્મા સ્વરૂપથી ભિન્ન માને છે. તે માટે તેને આદર નથી. અવશપણે અસ્થિરતાને લીધે રાગદ્વેષ થાય તેને તે પોતાનું સ્વરૂપ માનતો નથી. પોતાના સ્વરૂપ તરફ દૃષ્ટિ કરે છે. તે અસ્થિરતાના રાગને ટાળવા માટે ચૈતન્ય સ્વભાવની એકાગ્રતા કરે છે.

વિશેષ કહેશે ...............

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન – ૫૦

## શ્લોક – ૩૯ અને ૪૦

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૨૯.૦૧.૭૫**

**अपमानादिनां चापगम उपायमाह –**

**यदा मोहात्प्रजायेते रागद्वेषौ तपस्विनः ।**
**तदैव भावयेत्स्वस्थमात्मानं शाम्यतः क्षणात् ।। ३९ ।।**

યોગીજનને મોહથી રાગદ્વેષ જો થાય;
સ્વસ્થ નિજાત્મા ભાવવો, ક્ષણભરમાં શમી જાય ।। ૩૯ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

વિશેષની છેલ્લી લીટી છે ૩૯ આ વાત સમ્યગ્દષ્ટિ ને ઉદ્દેશીને કહે છે. સમાધિ છે ને એ? ધ્યેય છે. પ્રથમ જેણે શુદ્ધ ચૈતન્યનો અનુભવ રાગથી અને નિમિત્તથી ભિન્ન પડીને થયો હોય એની વાત છે આ. પહેલેથી શું કરવું? એ આ કરવું. જ્ઞાયકભાવ જે ત્રિકાળ શુદ્ધ છે તેનો આશ્રય લેવો. સંયોગી ચીજ રાગ અને પર્યાયનો સંયોગ સંબંધ છોડવો. સમજાણું કાંઇ? ત્યારે એને વસ્તુ શુદ્ધ ચૈતન્ય ઘન દૃષ્ટિમાં અનુભવમાં એ પ્રાપ્ત થાય. આ તો મૂળ વાતની વાત ન મળે અને ઉપરથી કરવા માંડયા બધા હવે. સમ્યક્ ચારિત્ર એ ધરમ છે આ તો મહા ધરમ છે બાપુ, ચારિત્ર. એ 'ચારિત્રં ખલ્લુ ધમ્મો' એમાં ઉપરથી આ રાખ્યું અમૃતચંદ્રાચાર્યે 'દંસણ મૂલો ધમ્મો' લીધું છે ને? તો આણે એ લીધું. મુદ્રાલેખ ચારિત્ર એ જ ધરમ છે. શ્રી કુંદકુંદસ્વામી વાત સાચી છે પણ એ ચારિત્ર ધરમીને હોય.

(**શ્રોતા** : શુદ્ધ ચારિત્ર કે રાગ ચારિત્ર)એ જેની ક્રિયા વ્રતનીએ (શ્રોતા : ................ એ તો રાગ છે) ત્યાં જ્યારે આવે ને. સમ્યગ્દર્શનરૂપ ધર્મ લીધોને, આત્મ-ધર્મમાં? 'દંસણ મૂલો ધમ્મો' તો આ કહે ચારિત્ર ખલ્લુ ધમ્મો ...... ....... અરે ભગવાન! ચારિત્ર તો બાપા ..... ............ ચારિત્ર તો મુખ્ય વસ્તુ છે પણ એ પ્રાપ્ત કોને થાય? (શ્રોતા: પડિમા લે એને) આરે પડિમા જેને પહેલો આત્મા. જેમાં ઠરવું છે એવું જે ચારિત્ર એ ચીજનો અનુભવને દૃષ્ટિમાં આવ્યા પછીની એ વાત છે. સમજાણું કાંઇ? પહેલાં એકડા ન મળે અને મીંડા મૂકવા માંડયા છે. એકડા પછી મીંડુ આવે તો એ નવને વધારે છે. હેં?

એમ ચૈતન્ય સત્તા શુદ્ધ સત્તાની પ્રતીતિ અનુભવમાં આવે ત્યારે પછી એમાં ઠરવાની ક્રિયા એવું ચારિત્ર પ્રગટે. આહાહા! અહીંયા આચાર્ય તો એ વિશેષ વાત કરે છે. આચાર્ય સમ્યગ્દષ્ટિઓને ઉદ્દેશી કહે છે એમ છે ને? આહાહા! આત્મામાં આનંદ ને શ્રદ્ધાનું ભાન થયું ત્યારે તે પ્રાપ્ત દૃષ્ટિમાં અને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય તરીકે જણાણો. ભગવાન ભાવ-ભાસન થયું. શુદ્ધ ચૈતન્યનું ભાવનું જ્ઞાનમાં ભાસન થયું. આહાહા! ભાવભાસન સમજતે હૈ ને? આ તો સાદી ભાષા હૈ. ભાવભાસન સમજતે હૈ કે નહિં?

ભાવભાસન. ભાવ નામ વસ્તુ જે ચૈતન્ય દ્રવ્ય હૈ ઉસકા જ્ઞાન ને ભાન હુઆ, ભાન ક્યા સમજે? એનું નામ ભાવભાસન કહેવામાં આવે છે. જે ચીજ છે એ એના જ્ઞાનમાં આવી કે આ ચીજ છે. સમજાણું કાંઇ? આહાહા! પહેલી જ વાતમાં એ પહેલી વાત છે. એવા જીવને ઉદ્દેશીને પૂજ્યપાદ સ્વામી સમાધિનો વધારે આશ્રય આત્મામાં લે તો સમાધિ વિશેષ પ્રગટ થાય. આહાહા! સમ્યગ્દર્શન એ ચૈતન્ય દ્રવ્યના શુદ્ધના આશ્રયે છે. એવા આશ્રય થયા પછી પણ ધર્મીજીવને રાગ-દ્વેષ તો હોય છે કહે છે, રાગ-દ્વેષ થઇ

જાય છે. કીધું ને ? જ્યારે ચારિત્રની નબળાઇથી ધરમીને પણ આત્માનું ભાન છે એને પણ ચારિત્રની નબળાઇ કીધીને ?

જેને એકલા રાગ ઉપર દૃષ્ટિ છે અને વસ્તુની દૃષ્ટિની ખબર નથી એને નબળાઇ ક્યાંથી આવી ? એને તો સર્વસ્વ એ જ છે. આહાહા ! અરે એનો મારગ વીતરાગ સ્વભાવનો મારગ અલૌકિક છે ભાઇ ! આ પહેલી એની કબૂલાતમાં હા તો પાડે કે વસ્તુ જે ચૈતન્ય સ્વરૂપ એકલો આનંદનો કંદ છે. ક્યાં ઓલા કામદાર ગ્યા કે છે ? ગ્યા લાગે છે. કામદાર નથી આવ્યા ? હેં ? પાલીતાણે ગ્યા ? ઠીક. મૂળજીભાઇની દીકરી ના દીકરા જેતપૂરવાળા. આવ્યા'તા જરી, ગ્યા ? ભાવનગર. એની બેન અમેરિકા રહે છે એ અમેરિકાથી આવી છે.

આ પહેલી વહેલી વાત સાંભળે, ન્યાં તો કાંઇ હોય નહિં. આ શું કહે છે ? હેં ? પકડાય નહિં કે આત્મા. વળી એનો ભાઇ તો એમ કહેતો'તો કામદાર કે ભાઇ અમને તો અંગ્રજીમાં આવું કાંઇ નથી. છે કે નહિં આ જે આત્મા ને આ ફલાણું ને ક્યાં હતું ? આહાહા ! વાત સાચી. અને નહોતુ કહ્યું તે'દિ શિવલાલભાઇનું. તમારા વઢવાણના નહિં ઓલા શિવલાલ પાનાચંદ ? એના ભાઇ છે ને અહિંયા ગઢને નાકે. કેવા ગામના હતા ને ? શું કહેવાય ભાઇ એ ? મોટી પદવી. આઇ.સી.એસ., આઇ.સી.એસ., આઇ.સી.એસમાં પાસ થયેલા, જ્યોર્જની હારે. પહેલો નંબર એનો હતો એવો બુદ્ધિવાળો હતો પણ હિંદુસ્તાનના માણસને પહેલો નંબર આપતા નથી. એટલે પહેલો નંબર એને આપ્યો ને બીજો આને આપ્યો.

શિવલાલ પાનાચંદ. હવે એમાં પાસ થ્યા ને આવ્યા અમારી પાસે. સિત્યોતેરની (૭૭) વાત છે. એમાં ગિરધરભાઇના પિતાશ્રી આવ્યા. મેં એટલું પૂછ્યું કે ભાઇ આ આત્મા છે, એનું કાંઇ ? કહે વાંચ્યું છે મેં પણ છે કે નહિં હજી મેં નિર્ણય નથી કર્યો. એ શિવલાલભાઇના ભાઇ છે વઢવાણ. ગઢ ને નાકે નહિં ? ધોળી પોળમાં આ બાજુમાં આહા ! મગનલાલ હરખચંદના મકાન પછી. મગન હરખચંદનું મકાન છે ને ? મગન હરખચંદ મગન હરખચંદ એના ઘર પછી આમ શેરી જાય છે ને બધાં જોયા છે ને ? આહાહા ! ઈ એમ કહેતા કે મેં વાંચ્યું છે ઘણું. બુદ્ધિ ઘણી હોં. આખા કપાટ ના કપાટ વાંચે. યાદ રાખે. ભાઇ પણ અજ્ઞાનમય. એ ધરમ કે પણ આત્મા છે કે નહિં ?

અરે પ્રભુ ! આ હવે તું છો કે નહિં ? તું છો કે નહિં ? એ છે કે નહિં એવી શંકા કોણ કરે છે ? હેં ? એ શંકા કરનાર, કરનાર તે પોતે છે પણ એની ખબરું ન મળે એ

જાતની. વાતાવરણ જ બીજું થઈ ગયું. આ કરવું ને આ કરવું ને આ કરવું ને સંસારમાં પદવી મોટી મેળવવી ધૂળની. આંહી આવે તો કાંઈ ભણતર બણતર કરવા પણ વસ્તુ શું છે ? આહાહા ! ચૈતન્ય પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ એવું એનું અસ્તિત્વ છે. એવા અસ્તિત્વની હૈયાતીનો સ્વીકાર દૃષ્ટિમાં આવ્યા વિના એ વસ્તુ છે એની એને ખાતરી ક્યાંથી થાય ? સમજાણું કાંઈ ? આહાહા !

પેલામાં કહ્યું છે ને ભાઈ, સસલાના શિંગ ન હોય, તો એની શ્રદ્ધા શું ? જે ચીજ નથી, એની શ્રદ્ધા શું ? આ તો ચીજ છે. એ વસ્તુ જ્ઞાયક સ્વરૂપ ચિદ્‌ઘન આત્મા. અનાદિ અનંત નિત્યાનંદ ધ્રુવ સ્વરૂપ ભગવાન આત્મા છે. આહાહા ! એની અંતરમાં સ્વ-સન્મુખ થઈને પરથી વિમુખ થઈને એને પ્રતીતમાં જ્ઞાનના જ્ઞેયમાં ભાસન થઈને પ્રતીત થાય ત્યારે પછી ચારિત્ર શું એની વ્યાખ્યા પછી હોય. આહાહા ! નવરંગભાઈ ! આ તો પહેલેથી કહે આ ચારિત્ર છે. પણ કોને કહેવું ચારિત્ર, કાંઈ ખબર છે તને ? આહાહા ! આ લૂગડાં ફેરવ્યા ને નગ્ન થઈ ગ્યા ને કંઈ ક્રિયા એવી કરી, તો થઈ ગ્યું ચારિત્ર ? આહાહા !

ચારિત્રમાં તો અનંત પુરુષાર્થ સમકિત કરતાં પણ અનંત પુરુષાર્થ છે. આહાહા ! જે વસ્તુ છે એનામાં અનંત ગુણ શક્તિઓ વસેલી છે, એ અનંત અનંત ગુણનો સાહ્યબો પ્રભુ છે આત્મા. આહાહા ! અરે ! એની ખબરું ન મળે. એના જ્ઞાનમાં ભાસ ન મળે, એની પ્રતીતિની ખબર ન મળે અને પ્રતીતિ કેમ થાય એની વિધિની ખબર ન મળે અને એને વ્રતને ચારિત્ર આવી જાય. ભાઈ, છેતરાઈ જશે હોં. લોકો એને માનશે. લોકો તો કહી દેશે કે, ઓહોહો ! શું ત્યાગ કર્યો ? શું વ્રત પાળે છે ? એથી કરીને કંઈ તત્ત્વનું સ્વરૂપ સામે આવી જશે ? આહાહા ! અને દુનિયા એને, રિપોર્ટ, શું કહેવાય એને હેં ? હેં ? સર્ટીફિકેટ આપે. દુનિયા સર્ટીફિકેટ આપે, એનો અર્થ શું ? આહાહા !

અંદર સ્વરૂપ એક સેકંડના અસંખ્ય ભાગમાં નિત્યાનંદ પ્રભુ છે. આહાહા ! ઈ છે એવો સ્વીકાર ક્યારે થાય ? ઈ છે એવા સ્વભાવ સન્મુખ થાય ત્યારે થાય. બીજી કોઈ ક્રિયાકાંડથી એની સન્મુખતા થાય કે આવા વ્રત પાળું પછી નિશ્ચય સમ્યગ્દર્શન, એમ કહે છે ને ? કેટલાક સાધુ શું આ બધું લખે લખનારને બેસે એવું, પણ એમ નથી. આહા ! એ પોતે પ્રભુ અનંતી શક્તિની પ્રભુતાનો પ્રભુ છે એ. ૨૭માં તો કહ્યુંને ? પ્રભુ પંચાસ્તિકાયમાં મૂળ ગાથા છે. આહાહા ! એ પોતે રાગ-દ્વેષ કરવાને પણ પ્રભુ છે અને રાગ-દ્વેષ ટાળીને સ્વરૂપને પ્રાપ્ત કરવામાં પણ એ પોતે પ્રભુ છે. અરેરે ! મૂળવાત એને કાને ન પડે એની જાતની સંભાળ કેમ થાય ? હેં ? આહાહા !

વર વિનાની જાન જોડી દીધી. એ જાન કહેવાય ? માણસના ટોળા કહેવાય. એમ ભગવાન જેમાં ભળ્યો નથી, દૃષ્ટિમાં આવ્યો નથી. આહાહા ! જેની પ્રતીતમાં પ્રભુ કેવડો છે, એ આવ્યો નથી. આહાહા ! એના બધાં ભક્તિ ને પૂજા ને શણગારને આ ને વ્રત ને તપ ને ક્રિયા. આહાહા ! એ બાળ વ્રત ને બાળતપ છે ભાઈ, એને આત્મા માટે હિતને માટેની વાત છે આહા ! એથી એને હીણો દેખાડવો એમ નથી. હેં ? એ તો સ્વરૂપ એવું છે ભાઈ ! આહાહા ! ઓહો ! ચારિત્ર તો મહા પૂજ્ય એ ઈન્દ્રોને પૂજ્ય છે. આહાહા ! પણ એ ચારિત્ર કોને હોય ભાઈ ? જેને જેમાં રમવું છે, ચરવું છે. ચારિત્ર એટલે ચરવું જેમાં ચરવું છે ઈ ચીજ શું છે ? ઢોર ચરવા જાય છે કે નહિં ? તો જ્યાં ઘાસ હોય ત્યાં ચરવા જાય કે પથરામાં ચરવા જાતા હશે ? હેં ?

એક જણો કહેતો'તો તે'દિ સણાવરામાં. નારણભાઈ ને બધાં આવ્યા'તા ને ? એમાં ઓલા ગામ આખાને જમાડવું હતું તે'દિ લઈને આવેલા પણ ગામમાં કાઠીને ત્યાં ઉતર્યા તો એમાં ઓલા કહે અમે નહિં જમીએ. તમે કાઠીને ન્યાં ઉતર્યા કાઠીને ને અમારે વિરોધ છે. સણાવરા છે ને ? એમનું મૂળ ગામ ત્યાં રાજકોટ પાસે, સણાવરા છે ? ત્યાં અમે ઉતર્યા'તા. ત્યાં અમે બેઠા'તા. ત્યાં એક માણસ આવ્યો ગામમાં પોતાની મોટપ બતાવવા, હતો સાધારણ. આમ ૭૦ની ઉંમર હશે પણ જાણે મોટો છે એમ બતાવવા. ઓલા શેઠીયાને બધાં નારણભાઈ ને આવ્યા'તા ને. નારણભાઈને બે ગામ. એક સણાવરા ને બીજુ જરી કે કયું ગામ ? હેં ? લાખણ ગામ હોં લાખણ આ નહિં હો. ગુલાબચંદભાઈનું નહિં ?

આ બીજુ લાખણ. એ બેય માટે રસોઈ લઈને આવ્યા. આખા ગામને જમાડવા તે દિ' માટે અમે પહેલા વહેલા ગામમાં ગ્યા. નારણભાઈ, બેચરભાઈ બધા આવ્યા'તા. ઓલા કહે ન જમીએ. કેમ ? અમારે કોળી હારે ન જામે. અમે જ્યાં ઉતાર્યા'તા ત્યાં કોળી, કોળી નહિં ? કોળી જાત છે. ઈ કહે મહારાજ એ ભગવાનનું ભૂંડુ થાશે. કેમ ? શું છે ? કે આ ગામમાં ઢોર માટે ખડ નથી ઢોર બચારા શું કરે કહે શેઠ ક્યા કહા ? ખડ નહિં, ઘાસ નહિં, ભગવાનનું ભૂંડુ થાશે. કે હોં. મારી પાસે બોલે બિચારા કે આ ઘાસ ન મળે ઢોર શું ખાય ? આ માણસને ખાવાને માટે તો મોટા ઢગલા પડયા છે. એ ભગવાન ! તારું ભલું થાશે હોં એમ બિચારા બોલે.

ઢોર બિચારા બહાર જાય, ઘાસ ન મળે તો શું કરે ? એમ આત્મામાં આનંદનો નાથ જાગ્યો નથી, એના અંકુરા ફૂટયા નથી તે વિના ચારિત્ર ક્યાંથી આવે એને ? શેમાં ઈ ચરે ? શેને અનુભવે ? શેને જમે ઈ ? રાગ ને જમે બાપુ ! આહાહા !

ભગવાનનું ભોજન તો અતીન્દ્રિય આનંદના અમૃતનું ભોજન છે આત્મામાં. આહાહા! ભારે જગતને. ઇ આવે છે ને? આપણે નહિં ભાઇ? 'નિત્યાનંદ ભોજી' કળશમાં આવે છે. આહાહા! જેમાં પ્રભુ આત્મામાં પ્રભુ તને ખબર નથી. અતીન્દ્રિય આનંદનો રસકંદ પડયો છે. આહાહા! અતીન્દ્રિય વસ્તુ ને અતીન્દ્રિય આનંદ સ્વરૂપ એ છે. એવી દૃષ્ટિમાં, જ્ઞાનમાં જ્ઞેય તરીકે ભાસ્યા વિના પ્રતીતિ સાચી કેમ થાય? અને એ પ્રતીતિ થયા વિના એને ચારિત્ર ચરવું ને જમવું એ ભોજન આનંદનું ભોજન કરવું એનું નામ ચારિત્ર છે. આહાહા! ભારે વાત ભાઇ!

શરીરથી તો બાયડી છોકરા છોડી દીધા, બે પાંચ દસ અપવાસ કર્યા, જંગલમાં રહ્યા એ ચારિત્ર નથી બાપુ, આહાહા! સમજાણું કાંઇ? એ આનંદ સ્વરૂપ ભગવાન એ વિકલ્પ જે પુણ્ય પાપના ભાવથી ભિન્ન પ્રભુ છે, એ આનંદનું ભાન થયું હવે આનંદનું ભોજન કરવું છે. આનંદમાં રમવું આનંદમાં જમવું અને આનંદમાં જામવું આહાહા! એ આનંદમાં જામવું, જામી જવું અને આનંદને જમવું એનું નામ ચારિત્ર છે. આહાહા! અરે ચારિત્રની વ્યાખ્યા ક્યાં ને ક્યાં કરી લોકોએ. એ અહીંયા આચાર્ય કહે છે કે સમાધિ જેને પ્રથમ ભગવાન આત્મા અકષાય શાંતરસની સમાધિ થઇ છે. સમાધિ એટલે કે પર્યાયમાં શાંતિ આવી છે. આહાહા! સમજાણું કાંઇ?

સમાધિ અધિકાર છે ને આ? અરે! આઠ વરસની બાલિકા હો શરીરથી, શરીર ક્યાં બાળક છે ને આઠ વરસનો છે? એ તો અનાદિ અનંત નિત્યાનંદ પ્રભુ છે. આહાહા! એનું સમ્યગ્દર્શનમાં ભાન થતાં બાલિકાને શરીર વાળી બાલિકાને અતીન્દ્રિય આનંદનો અંદર સ્વાદ આવે. આહાહા! એ સમ્યગ્દર્શનની સમાધિ કીધી એને. હેં? એવા જીવને પણ પૂરણ વીતરાગતા નથી એની દશામાં હજી, એને કહે છે કે રાગને દ્વેષના વિકલ્પો આવે, થાય કહે છે. ચારિત્રની નબળાઇથી રાગ-દ્વેષ આદિ વિકારી વૃત્તિઓનું ઉત્થાન થાય. વૃત્તિ ઉત્પન્ન થાય જરી અસ્થિરતાને કારણે, આહાહા! અરે એના મારગડા જુદા નાથ, જેણે વસ્તુને દૃષ્ટિએ કબજામાં લીધી છે. આહાહા! એના રાગની એકતાના તાળા તૂટી ગયા છે એના.

સમજાય છે કાંઇ? રાગને વિકલ્પ જે છે ચાહે તો અશુભ રાગ હો કે શુભ રાગ હો, એ બધું દુ:ખરૂપ છે. એ દુ:ખરૂપની રાગ દશા અને આનંદ સ્વભાવ ભગવાન આત્મા, બેની એકતા જે કરી છે એનું નામ મિથ્યાત્વ ને એનું નામ નિધાન ને તાળા માર્યા છે. આનંદને કેમ ખિલવવો એ વાત એની પાસે નથી. આહાહા! સમજાણું કાંઇ? આ

આવો ધરમ કઇ જાતનો આ તો? ભાઇ એમ કહે જૈન ધરમ આવો હશે? હેં? આપણે બધાં હેં? અરે ભગવાન! આ વસ્તુ છે ભાઇ! આહાહા!

વસ્તુનો સ્વભાવ છે 'વત્થુ સહાવો ધમ્મો'. વસ્તુ જેમ નિત્યને અનાદિ ધ્રુવ છે અનંત એમ એનો સ્વ ભાવ દ્રવ્ય સાથે જડેલો, આહાહા! જડાઇને સમ્યક્ થયેલો છે, એવા અનંત ગુણનો સ્વભાવ, એનો એ સ્વભાવનો ધરનાર પ્રભુ છે. એની જ્યાં સ્વભાવ તરફની એકતા થઇ એને રાગની એકતા તૂટી રહી ગયો રાગ ભિન્ન પણ હજી ભિન્ન છે. એકતા તૂટી પણ રાગની અસ્થિરતા હજી છે, એમ કહે છે. સમજાણું કાંઇ? આહાહા! એને એ રાગ ને દ્વેષની વૃત્તિઓ પુરુષાર્થની કમજોરી ને નબળાઇને લઇને થાય ત્યારે આત્મ સ્વરૂપની ભાવના કરવી. જે જોયો છે, જાણ્યો છે એની ભાવના કરવી એમ કહે છે. આહાહા! આરે માળો આવો ધરમ ભારે. આ માણસ ને એવું લાગે કે આજ આપણે એને કાંઇ વ્રત પાળે, ઉપવાસ કરે, દયા-દાન સાધન કરે તો હળવે હળવે થાય. અરે ભગવાન! રાગની ક્રિયા કરવાથી હળવે હળવે વીતરાગનો આનંદ આવે? (શ્રોતા : ન આવે) હેં?

આકરી વાત ભાઇ તને ખબર છે ને એથી કાંઇ સાચાને ઉડાડવા માંગે છે સત્ય. ભાઇ! એમ સત્ય ન ઉડે, સત્ય સત્ય રહેશે. આહાહા! એની હા પાડવામાં પરસેવા ઉતરે. વહેવારની રાગની ક્રિયાથી તે આત્મા પ્રાપ્ત થઇ શકે નહિં ત્રણ કાળમાં. એ પોતાના સ્વભાવની ધારાથી પોતાના સ્વભાવથી જાણી શકાય એવું એનું સ્વરૂપ છે. એવું ધ્યાનમાં સમાધિ તો સમ્યગ્દર્શનની થઇ, હવે કહે છે કે એ કાંઇ વીતરાગ થયો નથી હજી પર્યાયમાં. વીતરાગી સ્વરૂપ છે આત્માનું, એવું પ્રત્યક્ષ પ્રતીતમાં આવ્યું. એટલે અંશે વીતરાગતા પર્યાયમાં આવી પણ હજી વીતરાગતા પૂર્ણ જોઇએ તે નથી. આહાહા! એથી એને રાગ ને દ્વેષની વૃત્તિઓ ઉત્પન્ન થાય. આહાહા!

ભરતેશ વૈભવમાં આવે છે એક વાત.ભરતેશ વૈભવ નથી? ભરતનો અધિકાર. ક્ષાયિક સમકિતી સમ્યગ્દષ્ટિ જીવ છે. ઇન્દ્રાણી જેવી તો સ્ત્રીઓ છે. એક એક સ્ત્રીની હજાર દેવ તો જેની સેવા કરે એવી છન્નુહજાર સ્ત્રી. આહા! કહે છે કે ભાન છે છતાં રાગની વાસના ઊભી થાય છે અને વિષયની ચેષ્ટામાં જોડાઇ જાય છે છતાં એ વિષય લીધો પછી તરત એવું એમાં આવે છે ભરતેશ. સમજાણું કાંઇ? આહાહા! ઝેર પીધું થોડું, અમૃતને ભાનમાં હોવા છતાં જ્ઞાની ને પણ એવો વાસના રાગ આવ્યો એ ક્રિયા થઇ ગઇ જડની. આહા! તરત નીચે ઊતરીને ધ્યાનમાં જાય છે એવો લેખ છે એમાં. ભરતેશમાં છે

ને આપણે આ ગુજરાતી. પહેલા હિંદી હતું પછી ગુજરાતી થયું એનું. આહાહા!

એ એવા નીચે ઊતર્યા. આનંદની સમભાવમાં જાય છે. આહાહા! જે અનુભૂતિ આનંદની કરી હતી એ જ આનંદમાં પાછા વિષયની વાસના ગઇ, અને આમાં ઊતરવા અંદરમાં ઊતરવા મંડે. આહા! એ બીજી ક્ષણે હોં. એ અહીં કહે છે. હેં? આહા! ભરતેશમાં આવે છે. આખું વાંચ્યુ'તું પહેલાં ગુજરાતી તે'દિ તો હિંદી હતું નહિં? જ્યારે એ વૃત્તિનું ઉત્થાન ધરમી જીવને પણ, આહાહા! શુદ્ધ ચૈતન્યના આનંદના ભાનવાળો જીવ પણ સાધક છે ને એ? એટલે બાધક વૃત્તિઓ અંદર ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઇ? આહાહા! કે તરત આત્મસ્વરૂપની ભાવના કરવી. આહાહા!

જેવું ભગવાન સ્વરૂપે જાણ્યું'તું સ્વરૂપને એમાંથી જરી આ વાસના આવી કે તરત જ એના અંદરમાં જાવું કહે છે. ઓહો! તેનાથી વૃત્તિઓ શાંત થઇ જશે. આહા! આવો મારગ ભાઇ. અંદરના આનંદ સ્વરૂપમાં જતાં પ્રભુ આત્મા આનંદનો નાથ છે એમાં જતાં એ વૃત્તિઓ શાંત થઇ જશે. એ વૃત્તિઓ ટળી જશે. આહાહા! જુઓ આ એક મારગ, વૃત્તિને ટાળવાનો ઉપાય. આહાહા! અને રાગ-દ્વેષના શમન માટે, રાગ-દ્વેષનાં શમન માટે એ પુણ્યને પાપની વૃત્તિઓ આવે એને શમાવવા માટે એ જ એક રામબાણ ઉપાય છે. આહાહા! હેં? રામનું બાણ ન ફરે એમ આ ભાવ ન ફરે. આ એક જ ઉપાય છે.

આર્તધ્યાન ને રૌદ્રધ્યાનની વિશેષમાં થઇ જાય. સમજાય છે કાંઇ? કારણકે રૌદ્રધ્યાન તો હજી પાંચમાં ગુણસ્થાન સુધી છે અને આર્તધ્યાન છઠ્ઠા ગુણસ્થાન સુધી. પણ કહે છે કે એ વૃત્તિઓમાં એ રાગની વાસનાના ઝેર જે અનુભવ્યા'તા. આહાહા! એને પછીની પળે સ્વરૂપમાં સ્થિર થઇ જાય. એ વૃત્તિઓ તો ગઇ પણ નવી ન થાય એ માટે સ્વરૂપમાં લીન થાય ત્યારે એ રાગ શાંત થયો એમ કહેવામાં આવે છે. આહાહા! ભારે આવું વ્યાખ્યાન, આવો ઉપદેશ મળવો. આહાહા! માણસને હજુ તો બોલવું પસંદ પડે નહિં. આહાહા! જેને આત્માની ગરજ છે એને પસંદ પડે, એને આત્માને મૂકીને રાગાદિની ક્રિયાથી તો નિમિત્તથી, બહુ નિમિત્તનું બહુ નાંખ્યું આમાં. કર્મનું આમ થાય ને તેમ થાય. અંતર નિમિત્ત છે કર્મ, બાહ્ય નોકર્મ નિમિત્ત છે.

બાહ્ય ભલે નિમિત્ત હોય હવે સાંભળને ભાઇ. ઓલા વહેવારના હેં? કામ તો ઉપાદાનથી (થાય) બાપુ. આહા! ઉપાદાન ને નિમિત્તના ઝઘડા, વહેવાર નિશ્ચયના ઝઘડા અને ક્રમબદ્ધના. આ પાંચના ઝઘડા. આહાહા! એક નિમિત્તમાં પાંચના ઝઘડા સમાઇ જાય એવું છે, કેમકે જે દ્રવ્યની પર્યાય જે કાળે જે પ્રકારની થવાની તે થાય, એનો

ઉત્પન્ન કાળ છે. આહાહા ! એમ ન સમજે અને કહે ના એવું હોય તો આત્માનો અધિકાર રહેતો નથી. પણ સાંભળ તો ખરો. વસ્તુ ભગવાન આનંદનો નાથ હોવા છતાં એની પર્યાયમાં જ્ઞાનીને પણ જે સમયે જે રાગ થવાનો તે જ થાય. જ્ઞાનીને પણ તે સમયે જે રાગ જ્ઞાનની પર્યાયનો કાળ સમકિતનો કાળ અને રાગનો કાળ એક સમયમાં છે. આહાહા ! એને ટાળવો હોય ત્યારે કે આત્માના સ્વભાવમાં એ નથી. ત્યાં જા ને ઠર. આહાહા ! લ્યો આ કામ કેવું. એ કાંઇ વાતે વડા થાય એવું છે ?

એ પર તરફના વલણ વાળો જે પુરુષાર્થ રાગનો કર, એ જેમાં રાગ નથી તે જાણ્યો છે એને જીવને ત્યાં જઇને ઠર. રાગ શાંત થઇ જશે. આહાહા ! એ રાગનો અભાવ કરવાનો આ એક જ ઉપાય છે. સમજાણું કાંઇ ? આહાહા ! ત્યારે અમૃતચંદ્રઆચાર્ય તો કહે છે ને કે આ કલુષિત જે પરિણામ થાય છે એ ટીકા કરતાં એનો નાશ થઇ જાઓ. આહાહા ! ભાઇ એ વસ્તુ જે છે, મારું વલણ ને ઘોલન તો દ્રવ્ય ઉપર જાય છે. આહાહા ! એ ઘોલનમાં આશ્રયમાં પ્રભુ છે. એ આશ્રય વખતે જે સ્વભાવમાં ટીકાના વિકલ્પ કરતાં નહિં. આહા ! ભારે અર્થ પ્રભુ આકરા પડે જગતને, હેં ? એ ટીકા કરતાં જુઓ નિર્મળતા જાગે છે.

ભાઇ ટીકાના કાળમાં નિર્મળતા જાગે છે. અમે અમારા સ્વરૂપમાં ચૈતન્યના અંદરમાં આશ્રય લીધો છે. ત્યાં આ કહે જુઓ, આ એમ કહે છે. આ આવો ધરમ ભાઇ ! સાધારણ બિચારાં ગામડાના માણસો. બુદ્ધિ થોડી હોય, એને આ કહે કે આ શું કહે છે આ ? ભાઇ એ ભગવાનની ભગવતી વાર્તા છે. હેં ? આહાહા ! ભગવાન આત્માની ભગવતી કથા છે ઇ. ભાગવત કથા છે આ. હેં ? આવે છે ને ? નિયમસારમાં આવે છે ભાઇ. આ તો ભાગવત કથા છે. તારું ને મારું કંઇ .......... ...... હવે આવા અવસર ફરીને નહિં મળે ભાઇ. આવા ટાણા માંડ નિગોદમાંથી નીકળી અરે, આંહી સુધી માણસ થયો એને જિનવરની વાણી કાને પડી. આંહી સુધી આવ્યો હવે તને આગ્રહ છોડી દે ભાઇ. આહાહા !

લાખ પંડિતાઇ હોય, એ મૂકી દે પંડિતાઇની વાતું બાપા ! આહાહા ! વીતરાગ સ્વભાવ ઉપર જવું એ જ પંડિતની પંડિતાઇ છે. સમજાણું કાંઇ ? એ જ એક રામબાણ ઉપાય છે. આહાહા ! ૩૯

હવે રાગ-દ્વેષના વિષયને તથા વિપક્ષને દર્શાવતાં કહે છે. ૪૦ ગાથા.

**तत्र रागद्वेषयोर्विषयं विपक्षं च दर्शयन्नाह -**

**यत्र काये मुनेः प्रेम ततः प्रच्याव्य देहिनम् ।**
**बुद्धया तदुत्तमे काये योजयेत्प्रेम नश्यति ।। ४० ।।**

**તનમાં મુનિને પ્રેમ જો, ત્યાંથી કરી વિયુક્ત;**
**શ્રેષ્ઠ તને જીવ જોડવો, થશે પ્રેમથી મુક્ત ।। ૩૯ ।।**

**टीका** : यत्रात्मीये परकीये वा काये । शरीरेइन्द्रियविषयसङ्घाते । मुनेः प्रेम स्नेहः । ततः । कायात्प्रच्याव्य व्यावर्त्य । देहिनं आत्मानम् । कया? बुद्धया विवेकज्ञानेन । पश्चात्तदुत्तमे काये तस्मात् प्रागुक्तकायादुत्तमे चिदानन्दमये । काये आत्मस्वरूपे । योजयेत् । कया कृत्वा? बुद्धया अन्तर्दृष्टया । ततः किं भवति ? प्रेम नश्यति कायस्नेहो न भवति ।। ४० ।।

હવે રાગ-દ્વેષના વિષયને તથા વિપક્ષને દર્શાવતાં કહે છે :-

**અન્વયાર્થ : (यत्र काये)** જે શરીરમાં **(मुनेः)** મુનિને-અન્તરાત્માને **(प्रेम)** પ્રેમ હોય **(ततः)** તેનાથી એટલે શરીરાદિથી **(बुद्धया)** ભેદ-વિજ્ઞાનદ્વારા **(देहिनम्)** આત્માને **(प्रच्याव्य)** વ્યાવૃત્ત કરીને - પાછો હઠાવીને **(तदुत्तमे काये)** તેનાથી ઉત્તમ ચિદાનંદમય કાયમાં-આત્મસ્વરૂપમાં **(योजयेत्)** લગાવવો. એમ કરવાથી **(प्रेम नश्यति)** બાહ્ય શરીર અને ઇન્દ્રિય-વિષયો તરફનો પ્રેમ (રાગનો વિકલ્પ) નાશ પામે છે.

**ટીકા** : જ્યાં પોતાની વા પારકી કાયમાં એટલે શરીરમાં - અર્થાત્ ઇન્દ્રિય - વિષયના સમૂહમાં મુનિનો પ્રેમ - સ્નેહ હોય, ત્યાંથી એટલે શરીરથી દેહીને એટલે આત્માને વ્યાવૃત્ત કરીને - પાછો વાળીને, શા વડે? બુદ્ધિ વડે - વિવેકજ્ઞાન વડે, પછી ઉત્તમ કાયમાં - અર્થાત્ અગાઉ કહેલી કાય કરતાં ઉત્તમ કાયમાં - ચિદાનન્દમય કાયમાં એટલે આત્મ - સ્વરૂપમાં તેને (પ્રેમને) જોડવો. શા વડે કરીને? બુદ્ધિ વડે - અંતર્દષ્ટિવડે. પછી શું થાય છે? પ્રેમ નાશ પામે છે એટલે શરીર પ્રત્યેનો પ્રેમ રહેતો નથી.

**ભાવાર્થ** : અંતરાત્માને ચારિત્ર મોહવશ બાહ્ય શરીરાદિ તથા ઇન્દ્રિયોના વિષયોમાં રાગ થાય તો ભેદવિજ્ઞાનદ્વારા ઉપયોગને ત્યાંથી હઠાવી શુદ્ધાત્મસ્વરૂપમાં જોડવો. તેમ કરવાથી શરીરાદિ પ્રત્યેનો પ્રેમ નાશ પામે છે.

જેનો ઉપયોગ ચૈતન્યના આનંદમાં લાગે છે તેને જગતના બધાય પદાર્થો નીરસ લાગે છે, શરીરાદિ બાહ્ય પદાર્થો પ્રત્યેનો ઉત્સાહ ઊડી જાય છે અને તે તરફ તે ઉદાસીન રહે છે.

## વિશેષ

‘‘ચૈતન્યસ્વરૂપમાં ઉપયોગને જોડવો તે જ રાગ-દ્વેષને ટાળવાનો ઉપાય છે. આ સિવાય બાહ્ય પદાર્થો તરફ વલણ રાખીને રાગ-દ્વેષ ટાળવા માગે તો તે કદી ટળી શકે નહિં. પહેલાં તો દેહાદિથી ભિન્ન ને રાગાદિથી પણ પરમાર્થે ભિન્ન એવા ચિદાનંદસ્વરૂપનું ભાન કર્યું હોય તેને જ તેમાં ઉપયોગની લીનતા થાય, પરંતુ જે જીવ દેહાદિની ક્રિયાને પોતાની માનતો હોય કે રાગથી લાભ માનતો હોય, તેનો ઉપયોગ તે દેહથી ને રાગથી પાછો ખસીને ચૈતન્યમાં વળે જ ક્યાંથી ? જ્યાં લાભ માને ત્યાંથી પોતાના ઉપયોગને કેમ ખસેડે ? ન જ ખસેડે.

માટે ઉપયોગને પોતાના ચિદાનંદસ્વરૂપમાં એકાગ્ર કરવા ઇચ્છનારે પ્રથમ તો પોતાના સ્વરૂપને દેહાદિથી ને રાગાદિથી અત્યંત ભિન્ન જાણવું જોઇએ. જગતના કોઇ પણ બાહ્ય વિષયોમાં કે તે તરફના રાગમાં ક્યાંય સ્વપ્નેય મારું સુખ કે શાંતિ નથી, અનંતકાલ બહારના ભાવો કર્યા પણ મને કિંચિત્ સુખ ન મળ્યું. જગતમાં ક્યાંય મારું સુખ હોય તો મારા નિજ સ્વરૂપમાં જ છે, બીજે ક્યાંય નથી. માટે હવે હું બહારનો ઉપયોગ છોડીને મારા સ્વરૂપમાં જ ઉપયોગને જોડું છું. આવા દૃઢ નિર્ણયપૂર્વક, ધર્મી જીવ વારંવાર પોતાના ઉપયોગને અંતર સ્વરૂપમાં જોડે છે.

ચૈતન્ય સ્વભાવની મહત્તા અને બાહ્ય ઇન્દ્રિય-વિષયોની તુચ્છતા જાણીને પોતાના ઉપયોગને વારંવાર ચૈતન્ય-ભાવનામાં જોડવાથી પર પ્રત્યેનો પ્રેમ નાશ પામે છે ને વીતરાગી આનંદનો અનુભવ થાય છે...’’[૧] ૪૦.

---

## પ્રવચન – ૫૦

મીરાબાઇ એકવાર કહેતા’તા. આહાહા !

સંસારીને સગપણ કાચું પરણીને રંડાવું પાછું.
સંસારીને સગપણ કાચું પરણીને રંડાવું પાછું.

આહાહા ! એ હવે ફરીને શું કરવા સગપણ કરશે. આહાહા ! એ તો ઇશ્વરને માનનારા છે. આપણા મીરાબાઇ તો આમ આ બેઠાં છે. એ મીરાબાઇ આવા

૧. આત્મધર્મ.

હતાં. ચંપાબેન લાગે. 'જૈનના મીરાબાઇ' છે. આંહી કહે છે. આહાહા!

ટીકા: જ્યાં પોતાની વા પારકી કાયામાં એટલે શરીરમાં, ઇન્દ્રિય વિષયના સમૂહમાં આટલી વ્યાખ્યા કરી છે. આ શરીર કે પર શરીર એમાં અને ઇન્દ્રિય વિષયના સમૂહમાં પાંચે ઇન્દ્રિય તરફના વલણમાં, આહાહા! મુનિને પ્રેમ સ્નેહ હોય, જરી વૃત્તિ થઇ જાય છે. આહાહા! ત્યાંથી એટલે શરીરથી દેહીને એટલે આત્માને વ્યાવૃત્ત કરીને, આહાહા! શરીર લીધું અને પછી શરીરના ત્રણના અંશ અને પાંચે ઇન્દ્રિયના તરફના વલણમાં જરી પ્રેમ મને આવ્યો એમ કહે છે. આહાહા! ત્યાંથી શરીરમાંથી દેહીને આત્માને વ્યાવૃત્ત કરીને, આહાહા! પાછો વાળીને. શા વડે? બુદ્ધિ વડે. 'બુદ્ધયા' છે ને? ત્રીજાનું પહેલું પદ છે.

'બુદ્ધયા' જે જ્ઞાન વડે 'બુદ્ધયા' નો અર્થ જે જ્ઞાન વડે. એ રાગ-દ્વેષ થઇ વૃત્તિ જરી એને (વિવેકજ્ઞાન) વિવેક વડે એટલે તેનાથી ભિન્ન તો જાણ્યું છે તે કાળે પણ ભિન્ન જાણે છે, પણ વિશેષ હવે અંદર સ્થિર થવા માટે એટલે એનાથી જુદો પડી જાય છે. આહાહા! પાંચમાં આરાના સંતોએ આવી વાત કરે, પંચમ આરાના જીવો માટે. એ શેઠ! આ કાંઇ ચોથા આરાની વાત છે? ઇ તો કહે સાધુ છે. પાંચમાં આરાના સાધુ છે અને પાંચમાં આરાના જીવોને કહે છે. હેં? ચોથા આરાના જીવ ક્યાં છે અત્યારે. આહાહા! હેં? અનાદિના છે બધા. આહાહા! ભાઇ! તારો ભગવાન તેં ભાળ્યો છે. આહાહા !તો હવે જ્યારે રાગની વૃત્તિ થાય તો ભગવાનના ભજન કર, એમ કહે છે. આહાહા! આવી ભક્તિ કર. પણ ભાઇ ન્યાં જાય છે ને ન્યાં કે અમારી વૃત્તિ ત્યાં જાય છે ને?

એમ નહિં ભાઇ! ઇ તો વૃત્તિનો ઉત્થાન એ પણ છે. આહા! સમજાણું કાંઇ? બુદ્ધિ વડે 'બુદ્ધયા' એ વિવેક જ્ઞાન વડે એનો અર્થ પછી ઉત્તમ કાયમાં. આહાહા! 'તદુત્તમે કાયે' ભાષા દેખો. આહાહા! કહે છે કે આ બાજુ છોડી અને પાંચ ઇન્દ્રિયના વિષયનું વલણ એ પરકાયનો પ્રેમ છે જરી. એને સ્વકાયનો પ્રેમ, છે આત્મા પોતે. છે? હેં? 'તદુત્તમે કાયે' આહાહા! વિવેક વડે ઉત્તમ કાયે પ્રભુ આત્મા ઉત્તમ કાય છે એ. આહાહા! અતીન્દ્રિય જ્ઞાન ને આનંદથી ભરેલું એ શરીર છે, એનું જ્ઞાન શરીર છે, એનું આનંદ શરીર છે, એનું શાંત શરીર છે એ શરીર લે. આહાહા! આમ કાયામાં જાય છે એટલે શરીરનાં લક્ષે પાંચ ઇન્દ્રિયના વિષયમાં જતાં જરી વૃત્તિ ઉભી થાય છે. રાગાદિની ધરમીને પણ, આહાહા! આ ઉત્તમ કાયામાં જા ને હવે આ પોતાના. સમજાણું કાંઇ?

ભાષા તો જુઓ આચાર્યની. આહાહા! એ અનંતગુણનો પિંડ તારી

ઉત્તમકાયા એમાં જા. પોપટભાઇ! આહાહા! ભાષા ફેરવીને વાત કરી. આમ પાંચ ઇન્દ્રિય તરફ જતાં પર તરફની વૃત્તિ જરી ઉઠે છે તો એ કાયાના સમૂહ તરફ ન જતાં આ ઉત્તમ કાય પ્રભુ બિરાજે છે, ત્યાં જાને! આહાહા! સમજાણું કાંઇ? આવી વાત કાંઇ. ઓલું તો એ કહે કે રાજા હતો ને આમ કર્યું ને દીક્ષા લીધીને ફલાણું કર્યું ને (પછી કેવળજ્ઞાન લીધું) હેં? ઓલી રાવણની વાર્તા વાંચતો ત્યાં અમારે ૭૦માં શું કહેવાય? ભાવસાગર કહેવાય. અને વાંચે છે વાંચતો રાવણને. એ રામાયણમાં રામ રામમાં ને આમાં તો ઓલા કૃષ્ણ કંસ ને મારે. એ વખતે વાંચતા એ વાંચનારો એ વખતે મૂકે કે કાલ ઝટ માણસ આવે. હવે કંસને કાલ મારશે. અરે ભગવાન! શું કહે છે પ્રભુ.

લક્ષ્મણ જાગ્યા ઓલામાં હતાં ને? શક્તિમાં, શક્તિ રાવણની હતીને, લક્ષ્મણ અસાધ્ય થઇ ગ્યા'તા ને? તો તેમાંથી એક સ્ત્રી આવી . કેવી? વિશલ્યા. વિશલ્યા. એણે પૂર્વે બહુ તપ કરેલું તો એને એવી શક્તિ થઇ સ્ત્રીની ઇ રાજની એ દીકરી હતી અને એવી એની શક્તિ હતી કે એનું પાણી જેને નાહીને અડાડે એને અસાધ્ય મટી જાય. તો ઇ જ્યાં આવી અંદર એટલે પછી રામને કહે આ બાઇ પાણી છાંટે છે. ઓલી કહે, હેં? ભરતની ઉપર લખ્યો કાગળ. તમારા રાજમાં એક રાજની કુંવરી છે વિશલ્યા, એને આંહી મોકલો. લક્ષ્મણ તો અસાધ્યમાં હતા. રામને પણ અંદર એમ થઇ ગયું. એવી થઇ ગઇ કે આમ તો અંતર પ્રતીતિ હતી કે અમે રામ છીએ, આ બળદેવ છે અને આ વાસુદેવ છે. એ કોઇના માર્યા મરે નહિં, પણ અસ્થિરતામાં એમ થયું, જરી. કીધું'તું ને અમે, ત્યાં ગાતા'તા પાલેજમાં. ૬૪ની સાલમાં. 'આવ્યા'તા ત્યારે ત્રણ જણાને, જાશું એકાએક એ માતાજી ખબરું પૂછશે ત્યારે શું શું જવાબ દઇશું. બંધવ જાગને હો જી. લક્ષ્મણ એકવાર બોલનેજી' એકવાર બોલ તો ખરો કહે છે. એને ઊંડાણમાં તો હતું હોં કે આ મરી ન જાય પણ આ એનું અસાધ્ય કે, જો સવાર પહેલા અસાધ્ય ન ઉતરે તો બેય ઉપડી જશે, એવા ભણકારા આવે બહારથી.

બાઇ જ્યાં પેસે છે મંડપમાં, ત્યાં જેને ત્યાં ઘા વાગેલા, તે ઘાને રૂઝાવા મંડયા. એ પોપટભાઇ! ઇ એવો સંબંધ નિમિત્ત નિમિત્તનો અને એ રૂઝાવાનો કાળ એક. ભગવાનના જનમનો કાળ અને દુનિયામાં નારકીને જરી સુખનું થવું, ઇ કંઇ ભગવાનના જનમથી નથી એને. એકવાર તો ચૌદ બ્રહ્માંડમાં હલી જાય બધા વૈમાનો બધાં. આહા! શું છે? ત્રણ લોકના નાથ તીર્થંકરનો જન્મ-મહોત્સવ છે. દેવ સિંહાસનથી હેઠે ઉતરે. અહો! ક્યાં પ્રભુ અવતર્યા. એ નિમિત્ત નિમિત્ત સંબંધ છે. એનાથી થાય છે, એમ તો વહેવારનું

કથન છે. હેં? અને આવા કથનો ઘણાં વહેવારના. હેં? પણ આ કાઢીને પાણી જ્યાં છાંટયુ, ક્યાં ગયો રાવણ? કારણકે અંદરમાં તો ઈ હતું હેં? માર્યો રાવણને.

આવી વાતું મૂકે ને કે કાલ રાવણને મારશે લક્ષ્મણ વહેલા જાય એવી વાત સાંભળવા જાય. અરે ભગવાન! શું કામ છે? બાપુ! વિકથાઓ છે બધી. આહાહા! ભગવાન એ રાગને અને અજ્ઞાનને મારશે એ વાત બોલને, આહાહા! સમજાણું કાંઈ? એવી વાત હોય તો સાંભળવામાં ભલે આવે માણસો, એ ધરમ કથા છે. અરેરે! આહા! આંહી કહે છે કે આ પરકાયા ઉપર લક્ષ હતુંને? આહાહા! એ પર તરફના વલણનો, વૃત્તિઓનો ભાવ થાય છે. એ સમકિતીને થાય, મુનિને થાય કહે છે. આહાહા! તો એ ચિદાનંદમય ઉત્તમ કાયમાં એને લગાડને, વૃત્તિને. આહાહા! જ્ઞાન-વિજ્ઞાન આવે છે ને? પ્રભુ! તું તો જ્ઞાન શરીરી છો.

આ તો માટી જડ છે. ચૈતન્ય ને આ શરીર હોય બાહ્ય? ભાષા તો એવી વાપરી છે. 'તદ્ તે કાળે ઉત્તમે કાયે યોજ્યેત્ પ્રેમ'. આહાહા! તે કાળે ઉત્તમ કાયમાં પ્રેમને જોડી દે આહીં. આહા! જે આંહી પ્રેમ જે છે એને આંહી વાળી દે. આહાહા! દિગંબર સંતો એ કામ કરીને ચાલ્યા ગ્યા. આહા! અને દુનિયાને વાતો લાખ મૂકી ગ્યા એ. હેં? આહાહા! આ તો સમ્યગ્દર્શન પછીની વાત છે આ. આહાહા! પણ જેને હજી આંહી સમ્યગ્દર્શન જ નથી, એણે હજી શું કરવું? તો કહે, એણે પહેલું સ્વભાવ સન્મુખ થઈને દર્શન કરવું. સમજાણું કાંઈ? જે વસ્તુને સ્વીકારવી છે ભગવાને કહેલી, એ સ્વીકારવી છે તો તેની સન્મુખ થા, તો સ્વીકાર આવશે. આહાહા! એ સન્મુખની ક્રિયાની જ હજી ખબર ન મળે. હેં? આહાહા! એને આ રાગ થાય ને પછી આંહી વળવું એ ક્યાં એને બેસે એને? ઉત્તમકાય ભાળી જ નથી. આહાહા!

ભગવાન આનંદ શરીરી પ્રભુ, ચિદાનંદમય લખ્યું છે ને? જુઓ નીચે ઓલામાં. અર્થમાં લખ્યું છે ઉત્તમ ચિદાનંદમય કાય આત્મ-સ્વરૂપ અર્થમાં અન્વયાર્થમાં અને પછી પણ છે. અગાઉ કહેલી કાય કરતાં ઉત્તમકાયમાં એ ચિદાનંદમય કાયમાં. આહાહા! આ માંસને હાંડકાં ને લોહી ને વીર્ય પેશાબ ને વિષ્ટા એમાં આ પડી ગયો છે. એનાં પડખે જતી વૃત્તિને પણ મહાપ્રભુ અમૃતનો સાગર પડયો છે ને કહે છે અને તને ખબર છે. સમકિતી લીધો છે ને? આહા! એ ઉત્તમ કાય ચિદાનંદમય કાય. આહાહા! જ્ઞાનાનંદમય પ્રભુ, આહાહા! અતીન્દ્રિય ભગવાન આત્મા. આહાહા! ત્યાં જા ને હવે. તારી વૃત્તિઓ શાંત થઈ જશે, એ વૃત્તિઓ ઉત્પન્ન નહિં થાય. સમજાણું કાંઈ? જેણે ઘર

જોયું છે, એને કહે છે. હેં? આહાહા! જેને પણ ભગવાન કહે છે ને? અહીં અમારા તરફની ભક્તિનો વિકલ્પ ઊઠયો હોય તને એ પણ રાગ છે, કહે છે. સમજાણું કાંઇ? આવો મારગ છે ભાઇ.

આ તો એ શાસ્ત્રના ભણતર ભણી જાય ને વાતું કરે એ શરીરથી બ્રહ્મચર્ય પાળે એનેથી પ્રાપ્ત થાય એવી એ ચીજ નથી. આહાહા! ઉત્તમકાય, ભાષા તો જુઓ. હેં? આહાહા! ઉત્તમ કાયામાં પાંચે ઈન્દ્રિય તરફના ભણકારા બધાં એના ભાવ ઈન્દ્રિય ન્યાં મન જાય છે એ નથી એ તો જડ ઈન્દ્રિય. એકવાર કહ્યું'તું ને એ તો ............ ......... ની વાત છે. પાંચે ઈન્દ્રિયો તરફનું વલણ છોડી અને એમાં લક્ષ જતી ભાવ ઈન્દ્રિય એને એના લક્ષમાં આવતો પદાર્થ એવા આ જડમાં જતાં વલણને પાછો ખેંચ. આહાહા! શુદ્ધ ચૈતન્ય આનંદ સ્વરૂપ પ્રભુ છે ને! આહાહા! એ તો તને ખબર છે કહે છે, આહાહા! એને વર, એક એમાંજ પ્રેમને જોડવો. નિર્જરામાં આવે છે ને પ્રીતિવંત.

'આમાં સદા પ્રીતિવંત બન. આમાં સદા સંતુષ્ટ ને
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો ઉત્તમ થશે'.

નિર્જરા અધિકાર સમયસાર ગાથા ૨૦૬. સમજાણું કાંઇ? ..... ......... ઉત્તમ સુખ કીધું છે, નિર્જરા અધિકાર છે ને? સમજાણું કાંઇ? આ મોટી ઉંમરનાં ......... ......... શું છે? આ છોકરા છે. આ વેપાર ધંધા આહાહા! અહીં કહે છે ભગવાન, એ બહાર જતી વૃત્તિ છે ને, વૃત્તિ ઊઠે ને? દયા કરું પૂજા કરું આ કરું શરીરને શણગારવાની વૃત્તિ ઊઠે શરીરને ખોરાક દેવો ....... ........ હાય હાય. એ કહે છે દેહનો રાગ કાય શબ્દ છે ને? કાય એટલે સમૂહ આ ......... ધૂળનો સમૂહ છે.

ચિદાનંદકાયમાં એટલે આત્મ સ્વરૂપમાં તેને જોડવો. શા વડે? બુદ્ધિ વડે. એટલે અંતરદૃષ્ટિ વડે. અંદર ભગવાન બિરાજે છે ત્યાં દૃષ્ટિ વડે. આહાહા! આરે! પછી શું થાય છે? પ્રેમ નાશ પામે છે, એટલે શરીર પ્રત્યેનો પ્રેમ રહેતો નથી. આહાહા!

વિશેષ કહેશે ........

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

## પ્રવચન – ૫૧

**ઉપલબ્ધ નથી**

# પ્રવચન – પર

## શ્લોક – ૪૦ અને ૪૧

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૩૦.૦૧.૭૫**

**तत्र रागद्वेषयोर्विषयं विपक्षं च दर्शयन्नाह –**

**यत्र काये मुने: प्रेम तत: प्रच्याव्य देहिनम् ।**
**बुद्धया तदुत्तमे काये योजयेत्प्रेम नश्यति ।। ४० ।।**

તનમાં મુનિને પ્રેમ જો, ત્યાંથી કરી વિયુક્ત;
શ્રેષ્ઠ તને જીવ જોડવો, થશે પ્રેમથી મુક્ત ।।૪૦।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન: ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમ: ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

કહે છે કે, આત્મા જે વસ્તુ છે, પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ છે. આનંદ ચિદાનંદ સ્વરૂપ છે, એને વર્તમાન ઉપયોગથી એના ચિદાનંદમાં વાળવો, જે અનાદિથી પોતાનો ધ્યેય ઘનઆનંદ સ્વભાવ, એને ભૂલીને પર તરફના વલણના વિકલ્પો પુણ્ય-પાપનાં અનંતવાર કર્યા, પણ કયાંય સુખ મળ્યું નહિં. ક્યાં સુખ ન્યાં ક્યાં છે ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ એવા ભાવ એણે અનંત કર્યા. એ પરિણામ પોતે દુઃખરૂપ છે. આરે ! ઝીણી વાતું છે. પહેલા એમ કહ્યું, વહેવાર ચારિત્ર બંધનું કારણ છે. વળી બીજે ઠેકાણે કહ્યું, વહેવાર ચારિત્ર એ સાધક, આવે છે ખરું ને એટલે, પણ કઇ અપેક્ષાએ ? કહ્યું છે એ તો નિમિત્તપણું બતાવવા. આહા !

વહેવાર એટલે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ, તે તો રાગ છે. એ તો વૃત્તિ સ્વરૂપમાં નથી, એવી વૃત્તિ ઓલી ઉભી થાય છે, તે વૃત્તિ કાંઇ સ્વરૂપને પામવાનું સાધન નથી. એને છોડી ઉપયોગને જે જાણનાર દેખવાનો જે ભાવ છે, જાણવા દેખવાનો જે ભાવ છે એને ચિદાનંદમાં વાળવો. ચિદાનંદ સ્વરૂપમાં એકાગ્ર કરવા ઇચ્છનારે પ્રથમ તો પોતાના સ્વરૂપને દેહાદિથી, રાગાદિથી ભિન્ન જાણવું. જેને આત્મામાં આનંદનો સ્વાદ લેવો હોય, આહાહા ! એટલે કે આત્માની પ્રાપ્તિ કરવી હોય એને એ આત્મા, દેહ વાણી મનથી કર્મથી જુદો અને જે દયા દાન વ્રત કામ ક્રોધનાં ભાવ થાય, એનાથી અત્યંત ભિન્ન જાણવો જોઇએ. જગતનાં કોઇપણ બાહ્યવિષયોમાં કે તે તરફના રાગમાં ક્યાંય સ્વપ્નેય મારું સુખ કે શાંતિ નથી. આહાહા !

આ સેવાભાવી, સેવાભાવી કહે છે ને જગત હેં ? ભાઇ આવ્યા'તા એ સેવાભાવી હતા, પાર્શ્વમલ પણ આ સાંભળીને જરી, ઓય બાપા, એ તો કહે કે અમે તો એવું માનતા કે ધર્મ કરનારને તો કેટલાં કષ્ટ કરવાં પડે ને કેટલાં ઉપવાસ ને વ્રત ને, આ તો બહુ સરળ માર્ગ છે. સરળ એટલે અંદર છે, ભગવાન ! એને પ્રાપ્ત કરવો છે. આહાહા ! એ સેવાભાવી, એ સેવા બહુ કરે બધાની. હતો નરમ માણસ. અરે, કોની સેવા કરે ! પરની સેવા કરી શકે છે ? વિકલ્પ આવે, એ તો બંધના કારણ છે. આહા ! પાછા ઓલા કહે ને, શું કીધું ? (**શ્રોતા :** સેવા ધર્મ પરમ ધર્મો) પરમ ધર્મો (**શ્રોતા :** સેવા ધર્મ પરમ જ્ઞાનં યોગિનાં અપિ ગમ્યમ્) યોગિના અપિ ગમ્યમ્ આવા દાખલા ધર્મના. (**શ્રોતા :** આપશું અમારે) એ વાત સાચી. આત્મા આનંદ સેવા, આનંદની સેવા પરમધર્મ છે. આહા ! વસ્તુ છે ને ઇ ! આત્મા વસ્તુ છે, એમાં અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાન પૂરણ ભર્યું છે, એથી એને ચિદાનંદ સ્વરૂપ કહેવામાં આવે છે.

ચિદ્ એટલે જ્ઞાન અને આનંદ, બેય પૂર્ણસ્વરૂપ છે, એ જ એનું સ્વરૂપ છે, પણ એને ભૂલી પુણ્ય અને પાપનાં વિકલ્પોની વૃત્તિઓ અનંતવાર કરી છે, પણ ત્યાં કાંઇ સુખ નથી કે આત્મા નથી એમાં. આહાહા! અનંતકાળ બહારના ભાવો કર્યા પણ મને કિંચિત સુખ ન મળ્યું. ક્યાંથી મળે? કીધું ને કે 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો' મુનિવ્રત - ૨૮ મૂળગુણ ને પંચ મહાવ્રત ને, એ તો બધી વૃત્તિનું ઉત્થાન, આશ્રવ ભાવ છે. આહાહા! બંધ ભાવ છે. ભગવાન આત્મા તો અબંધ સ્વરૂપ છે. રાગના અને કર્મના સંબંધ વિનાની ચીજ છે ઇ, આહા! તો અબંધ સ્વરૂપને એવા બંધ ભાવથી પ્રાપ્ત થાય એવું એનું સ્વરૂપ છે નહિં. સમજાણું કાંઇ?

જગતમાં ક્યાંય મારું સુખ હોય તો તે મારા નિજ સ્વરૂપમાં જ છે. આનંદ જો'તો હોય સુખ જો'તું હોય ધર્મ જો'તો હોય, જીવનો ધર્મ તો ધર્મ એટલે જીવનો સ્વભાવ, એ તો અતીન્દ્રિય આનંદ છે. આહાહા! એ આનંદ જોતો હોય તો ત્યાં મળે એવું છે. બીજે ક્યાંય નથી. આહાહા! દેહ સ્ત્રી કુટુંબ પરિવાર આબરુ પૈસા કે પુણ્ય પાપનાં ભાવ, એમાં ક્યાંય સુખ નથી. બરાબર છે? તો આ તમને બધાને સુખી કહે છે ને પૈસાવાળાને? પાગલ હોય ને એ પાગલનાં વખાણ કરે કે આ સુખી છે પૈસેથી, સુખી હોય પૈસેથી? શેનો સુખી પણ? ત્યાં આપણે આવ્યા છે ને, વઢવાણના, મોહનભાઇના વેવાઇ. ને એ કહેતા કે અમારા વેવાઇ સુખી છે. હા એ અમારા વેવાઇ બહુ સુખી છે. કે સુખીની વ્યાખ્યા શું? પૈસે ટકે જડથી સુખી. આહાહા! જેટલો પરનો આશ્રય કરે, ત્યાં તો દુઃખની ગતિ ઉત્પન્ન થાય છે . આહાહા!

આહિં તો પરમાત્મા એમ કહે, સર્વજ્ઞ પરમેશ્વર વાણીમાં, કે અમારા તરફની ભક્તિનો ભાવ પણ તને દુઃખરૂપ છે. આહાહા! આવે, જ્યાં સુધી હજી પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી એમાં અશુભથી બચવા એવો ભાવ હો, પણ એ છે દુઃખરૂપ. આહાહા! એ આત્માના આનંદને સાધનરૂપ છે, એમ નથી. માટે હવે હું બહારનો ઉપયોગ છોડી, પર તરફના વલણવાળી વૃત્તિઓ ને ઉપયોગ એ તરફનો ચાહે એને છોડી મારા સ્વરૂપમાં જ ઉપયોગને જોડું છું. આ ક્રિયા છે આ, બાપા. આહાહા! આ અપૂર્વ મારગને એણે અનંતકાળમાં કોઇ દી' લીધો નથી. સમજાણું કાંઇ? આતમજ્ઞાન પામવાનો આ પંથ છે. આતમજ્ઞાન એટલે જેવું એનું સ્વરૂપ છે, તેનું જ્ઞાન, એ તો સ્વરૂપ તરફ વળવાથી પ્રાપ્ત થાય, પર તરફ વળવાથી થાય? આહાહા! (**શ્રોતા :** ન થાય) અરે! ઝીણી વાત ભારે જગતને.

મોટી આ તકરારો, પંડિતોને ને આ સાધુ થયા છે ને બધાને, કે આ

સોનગઢ વાળા એકાંત કરે છે. એય શેઠ! કાંઇ વાંધો નહિં બાપુ હોં! ભલે કહો. આહાહા! સમ્યક્એકાંત ચૈતન્યમાં આનંદ છે એમ વળ્યા વિના એને પર્યાયનું અને રાગનું યથાર્થ અનેકાંત જ્ઞાન યથાર્થ થાય જ નહિં. આહાહા! અહિંયા કહે છે કે હું બહારના ઉપયોગ, (ઉપયોગ એટલે બહાર તરફ જતી લાગણીઓ), એને છોડી મારા સ્વરૂપમાં ઉપયોગને જોડું છું. આહાહા! જ્યાં છું ત્યાં જાઉં છું એમ. આહાહા! આવા દૃઢ નિર્ણયપૂર્વક, ધર્મી જીવ વારંવાર પોતાના ઉપયોગને એટલે જ્ઞાનની દશાને અંતર સ્વરૂપમાં જોડે છે. આહાહા! આવો મારગ છે. સમજાણું કાંઇ ? ચૈતન્ય સ્વભાવની મહત્તા અને બાહ્ય ઇન્દ્રિય વિષયોની તુચ્છતા જાણીને, ભગવાન આત્માના સ્વભાવની મહત્તા, અતિશયતા, વિશેષતા જાણીને, બાહ્ય તરફ વળવાના ભાવની તુચ્છતા જાણીને, આહાહા! પોતાના ઉપયોગને વારંવાર ચૈતન્ય ભાવનામાં જોડવાથી, વર્તમાન દશાને અંતરદશાવાન ત્રિકાળી એની હારે જોડવાથી, આહાહા! પર પ્રત્યેનો પ્રેમ નાશ પામે છે.

પ્રભુ પૂર્ણાનંદના પ્રેમમાં પડતાં એને પર પ્રત્યેનો પ્રેમ નાશ પામે છે. આવી વાત છે આ. તે વીતરાગી આનંદ ને અનુભવ થાય છે એને વીતરાગી આનંદ હોય. દુનિયાના વિષયમાં સુખનો જે આનંદ એ તો ઝેર અને દુઃખ છે. પાંચ ઇન્દ્રિયનો વિષય બધું, વિષય શબ્દે આ સ્ત્રીનો વિષય એક એ તો એની પ્રધાનતા છે, પણ પાંચે ઇન્દ્રિયમાં સાંભળવું જોવું મનમાં ચિંતવવું કલ્પના એવી પાંચ ઇન્દ્રિય અને મનનો વિષય જેટલો બહાર જાય છે, એ બધું દુઃખરૂપ છે. આહાહા! ભારે વાત. અને અંતરમાં ચૈતન્ય સ્વરૂપ પૂર્ણાનંદનો નાથ સહજાનંદની મૂર્તિ પ્રભુ છે. એમાં વર્તમાન દશાને વાળતાં એને વીતરાગી આનંદ આવે છે. વીતરાગી અતીન્દ્રિય આનંદ આવવો, એનું નામ ધર્મ છે. આરે, આ તો એકાંત કહે છે એમ લોકો આય એક ધરમ છે.

વ્રત કરવા, અપવાસ કરવા, ભક્તિ કરવી, દયા દાન કરવા. મોટા ગજ હાથી ને ગજરથ. હતા તમે અહિંયા તે'દિ ઉદ્‌ઘાટનમાં ? પાંચ હાથી આવ્યા'તા અહિં. હેં ? આહીં નહોતા. બહુ મોટી ધમાલ શું હતી ત્યારે ? હેં ! (**શ્રોતા** : ઘણી ધમાલ હતી) એ તો બહારની ક્રિયા થવા ને કાળે થાય, એમાં આત્મા કરી શકે એ વાત નથી. આહાહા! હા એને શુભભાવ હોય કે આવું થાય તો ઠીક એટલું. પણ એ શુભભાવ પર તરફ વલણવાળો ભાવ દુઃખરૂપ છે. આહાહા! (**શ્રોતા** : એટલા બધા માણસમાં મોટા માણસને આમંત્રણ આપવું વ્યાજબી કહેવાયને ?) રામજીભાઇ મોટા આવડા મોટા સિંહ જેવા કંકોતરી લખી'તી. કેટલા ૨૬હજાર માણસ થયા'તા તે હજી તકરાર હતી. ઓલા અંદર શું કહેવાય ? પ્રજામાં

નહોતું કાંઇ, અમદાવાદ ને કલોલ, સુરત, કાંઇક તોફાન નહોતું ?

(શ્રોતા : નવ નિર્માણ, નવ નિર્માણ) હા એ. એટલે નહીંતર ૫૦-૬૦ હજાર માણસ થાત. કેટલી બસું પાછી ગઇ. ત્યાં તો અશાંતિ છે કાઠીયાવાડમાં, સૌરાષ્ટ્રમાં આ બચારા ન આવી શક્યા. ૨૬હજાર. ગામના ૪હજાર અને બહારના ૨૬હજાર. એ તો બહારની ચીજ, બાપુ ! એ બહારમાં થવાનું હોય એ થાય, એમાં જીવનો અધિકાર કાંઇ નથી. એના તરફના વલણનો ભાવ ભલે શુભ હો, છે તો શુભરાગ ને વિકાર. આહાહા ! અરે ! આ વાત ભારે કઠણ જગતને. સમજાણું કાંઇ ? આત્માના આનંદ સ્વરૂપમાં અંદર જોડવો ભાવને, ત્યારે એને વીતરાગી આનંદ થાય. કેમકે આનંદ સ્વરૂપ વીતરાગી સ્વરૂપમાં પડયું છે અંદર. હજી એવા ભાવો છે એ જચતું નથી કારણકે જેમ જેમ એ બીડી પીવે ન્યાં અંદર એને એમ થઇ જાય. ઓહોહો !

એક ઢેબરું સારું તળીને થાળીમાં પડે. પુડલો પડે સારો, લ્યોને ચણાના લોટનો, ત્યાં ખુશી ખુશી થઇ જાય. અરે ! આ શું ? પુડલો સમજતે હૈ ? પુડલા નહિં સમજતે હૈ ? ચણાના લોટના, ઘઉં, ઘઉંના લોટનાં ગળ્યા ને નહિં ? આમ પોચું શું કહેવાય ? પોચું એ તો જડ છે. (શ્રોતા : માલપુવા) માલપુવા જુદી ચીજ એમ તો ખબર હોય માલપુવા જુદી ચીજ. હેં ? ઘઉંના માલપુવા જુદી ચીજ. ત્યાં આપણે ગ્યા'તા ને અલીગઢ ને અલીગઢ નહિં ? ત્યાં શેઠીયા હતા. ત્યાં અલીગઢ ગ્યા'તા તે એક ભાઇ આવ્યો. કરોડપતિ છે ને આ સોભાલાલ, સૌભાગચંદજી, બે-ત્રણ કરોડ રૂપિયા છે ને તે આવ્યા હતા. એણે હજાર રૂપિયા આપ્યા'તા. એક'દિ રહ્યા'તા. સાંજે પાછા નીકળી ગયા. એણે હજાર આપ્યા ને ગામવાળા એ આપ્યા. શેઠીયા બધા. જેટલા મહેમાનો આવે એને પુડલા જમાડતા હતા. પુડલા શું હતું ? માલપુવા. ઘીમાં તળેલા માલપુવા. કોઇ પણ આવે દર્શન કરવા ગામડામાંથી, બધાને માલપુવા. તો લોકો કહે, ઓહોહો ! આહાહા ! પણ જે માલપુવા છે, એ માલપુવા તો આંહી છે ? આહાહા ! માલપુવો અંદર ચિદાનંદ આત્મા અંદર માલ ભર્યો છે. અરેરે ! અરે એને ખબરું ન મળે અને જ્યાં ત્યાં ફાંફા મારે સુખ માટે.

તે પ્રેમ નાશ પામતાં શું થાય છે તે કહે છે :-

**तस्मिन्नष्टे किं भवतीत्याह -**

**आत्मविभ्रमजं दु:खमात्मज्ञानात्प्रशाम्यति ।**
**नायतास्तत्र निर्वान्ति कृत्वापि परमं तप: ।। ४१ ।।**

**આત્મભ્રમોદ્‌ભવ દુઃખ તો આત્મજ્ઞાનથી જાય;**
**તત્ર યત્ન વિણ ઘોર તપ તપતાં પણ ન મુકાય ।। ૪૧ ।।**

**टीका** : आत्मविभ्रमजं आत्मनो विभ्रमोऽनात्मशरीरादावात्मेति ज्ञानं । तस्माज्जातं यत् दुःखं तत्प्रशाम्यति । कस्मात्? आत्मज्ञानात् शरीरादिभ्यो भेदेनात्मस्वरूपवेदनात् । ननु दुर्धरतपोऽनुष्ठानान्मुक्तिसिद्धेरतस्तद्दुःखोपशमो न भविष्यतीति वदन्तं प्रत्याह - नेत्यादि । तत्र आत्मस्वरूपे अयताः अयत्नपराः। न निर्वान्ति न निर्वाणं गच्छंति सुखिनो वा न भवन्ति । किं कृत्वापि तत्वाऽपि। किं तत् । परमं तपः दुर्द्धरानुष्ठानम् ।। ४१ ।।

તે પ્રેમ નાશ પામતાં શું થાય છે તે કહે છે :-

**અન્વયાર્થ : (आत्मविभ्रमजं)** આત્માના વિભ્રમથી ઉત્પન્ન થયેલું **(दुःख)** દુઃખ **(आत्मज्ञानात्)** આત્મજ્ઞાનથી **(प्रशाम्यति)** શાંત થાય છે **(तत्र)** તેમાં એટલે ભેદજ્ઞાન દ્વારા આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરવામાં **(अयताः)** જે પ્રયત્ન કરતા નથી તે **(परमं)** ઉત્કૃષ્ટ દુર્દ્ધર **(तपः)** તપ **(कृत्वा अपि)** કરવા છતાં **(न निर्वान्ति)** નિર્વાણને પ્રાપ્ત કરતા નથી.

**ટીકા** : આત્મવિભ્રમથી ઉત્પન્ન થયેલું - અર્થાત્ અનાત્મરૂપ શરીર વગેરેમાં આત્મબુદ્ધિ તે આત્મવિભ્રમ, તેનાથી ઉત્પન્ન થયેલું જે દુઃખ તે શાંત થાય છે. શાનાથી ? આત્મજ્ઞાનથી - એટલે શરીરાદિથી ભેદ કરીને આત્મસ્વરૂપનું વેદન કરવાથી.

દુર્દ્ધર તપના અનુષ્ઠાન (આચરણ) થી તો મુક્તિની સિદ્ધિ થવાથી તે દુઃખનો ઉપશમ થશે નહિ-એવી આશંકા કરનારને કહે છે - ન ઇત્યાદિ........ તેમાં એટલે આત્મસ્વરૂપને વિષે યત્ન નહિં કરનારા નિર્વાણ પામતા નથી અર્થાત્ સુખી થતા નથી. શું કરીને પણ ? તપીને પણ. શું તપીને ? પરમ તપ એટલે દુર્દ્ધર અનુષ્ઠાન. (અર્થાત્ દુર્દ્ધર તપ તપીને પણ તેઓ મોક્ષ પામતા નથી.)

**ભાવાર્થ** : આત્મભ્રાન્તિથી એટલે શરીરાદિમાં આત્મબુદ્ધિ કરવાથી જે દુઃખ ઉત્પન્ન થાય છે તે ભેદજ્ઞાનથી નાશ પામે છે. ભેદવિજ્ઞાન દ્વારા આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે જે પ્રયત્ન કરતા નથી, તે ઘોર તપ કરવા છતાં મોક્ષમાર્ગની કે નિર્વાણની પ્રાપ્તિ કરી શક્તા નથી.

## વિશેષ

શરીરાદિ અને રાગાદિમાં આત્મબુદ્ધિ કરવી તે વિભ્રમ છે-આત્મભ્રાન્તિ છે. તે દુઃખનું કારણ છે. શરીરાદિથી ભિન્ન આત્મસ્વરૂપનો અનુભવ કરવાથી-સ્વપરનું ભેદજ્ઞાન કરવાથી અર્થાત્ દેહાદિથી અને શુભભાવથી પણ ભિન્ન જ્ઞાન-દર્શન સ્વરૂપ જ

હું છું, બીજું કાંઇ મારું નથી એવા આત્મજ્ઞાનથી આ દુ:ખરૂપ ભ્રાન્તિ દૂર થાય છે. આવા ભેદવિજ્ઞાનના પ્રયત્ન વગર ઘોર તપ કરે તો પણ જીવ સાચો ધર્મ પામતો નથી.

મુક્તિ પ્રાપ્તિ માટે આત્મજ્ઞાનપૂર્વક કરેલું ઇચ્છાનિરોધરૂપ તપ જ કાર્યકારી છે. આત્મજ્ઞાનથી શૂન્ય તપ તે તપ નથી. તે તો સંસાર-પરિભ્રમણનું જ કારણ છે. તેનાથી આત્મા કદી પણ સ્વરૂપમાં સ્થિર થઇ શક્તો નથી અને કર્મ બંધનથી છૂટી શકતો નથી. તેની દુ:ખ-પરંપરા ચાલુ જ રહે છે.

પં. શ્રી ટોડરમલજીએ કહ્યું છે કે :-

જિનમતમાં એવી પરિપાટી છે કે પહેલાં સમ્યક્ત્વ હોય પછી વ્રત હોય. હવે સમ્યક્ત્વ તો સ્વપરનું શ્રદ્ધાન થતાં થાય છે તથા તે શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવાથી થાય છે માટે પ્રથમ દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધાન વડે સમ્યગ્દષ્ટિ થાય અને ત્યાર પછી ચરણાનુયોગ અનુસાર વ્રતાદિક ધારણ કરી વ્રતી થાય... [૧]

મિથ્યાદષ્ટિ જીવ આત્મજ્ઞાન વિના કરોડો જન્મ સુધી તપ કરીને જેટલાં કર્મોનો અભાવ કરે તેટલાં કર્મોનો નાશ, જ્ઞાની પોતાના મન-વચન-કાયાનો નિરોધ કરી ક્ષણવારમાં સહજ કરી દે છે. આત્મજ્ઞાન વિના પંચ મહાવ્રત પાળીને-મુનિ થઇને તે નવમી ગ્રૈવેયક સુધી દેવલોકમાં અનંત વાર ગયો પણ જરાય સુખ ન પામ્યો. [૨]

કોટિ જન્મ તપ તપૈં, જ્ઞાન વિન કર્મ ઝરૈં જે,
જ્ઞાની કે છિનમાંહિં, ત્રિગુપ્તિ તૈં સહજ ટરૈં તે;
મુનિવ્રત ધાર અનંતવાર ગ્રીવક ઉપજાયૌ,
પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ ... ૪/૪

અજ્ઞાની જીવની ક્રિયા સંસારને માટે સફળ છે ને મોક્ષને માટે નિષ્ફળ છે અને જ્ઞાનીની જે ધર્મક્રિયા છે તે સંસારને માટે નિષ્ફળ છે અને મોક્ષને માટે સફળ છે.[૩] ૪૧

---

આત્મવિભ્રમથી ઉત્પન્ન થયેલું અનાત્મરૂપ શરીર વગેરેમાં આત્મબુદ્ધિ. આહાહા! શરીરને આત્મા માન્યો, આ જડની સંભાળ સવારથી. હેં? આહાહા! ચા ને ખાખરા સવારમાં ખાય ઉઠીને, પછી રોટલા બપોરે, શેઠીયા પ્રમાણે ખાય, બધું બપોરે, ત્યાં વળી સાંજે ખીચડી કઢી ને ભજીયાં (**શ્રોતા** : એ ખીચડી કઢી તો જૂના વખતમાં) એ

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક-ગુ. આવૃત્તિ પૃ.૨૯૫.
૨. પં. શ્રી દૌલતરામજી કૃત છહઢાલા - ૪/૪
૩. જુઓ શ્રી પ્રવચનસાર-ગાથા ૧૧૬ની ટીકા.

ખીચડી કઢી એ તો જૂના વખતમાં વળી એમ કહે. ભજીયા ને આ એક જણો કહે રાતે સૂતા વખતે .......... ઘરના વડિલો. આહાહા ! આત્મવિભ્રમથી ઉત્પન્ન થયેલું અનાત્મરૂપ શરીર વાણી પૈસા આબરું કીર્તિ વગેરે. આત્મબુદ્ધિ તે આત્મવિભ્રમ, આહાહા ! શું કહેવાય તમારા મુંબઈમાં નથી કહેતા ? આમચી મુંબઇ એમ કાંઇ કહે છે. શું કહે છે ? (**શ્રોતા** : અમચી મુંબઇ) હાં. એ આમચી મુંબઈ. પેલા દક્ષિણી (**શ્રોતા** : મરાઠી લોકો) આમચી મુંબઇ, મારી નાંખ્યા, મુંબઇ ક્યાં તારા બાપની હતી ? બાપની નહોતી, એની હતી આહાહા ! મુંબઈના રજકણ અને આત્મા, આ તો પર વસ્તુ છે. મારી નાખ્યા દેશ સારુ. કેટલા મરી ગ્યા ને ? છ જુવાન છોકરાઓ, દેશની સેવા માટે. શું કહેવાય ? શહીદ થયા. અરેરે ! મરી ગ્યા. આત્મવિભ્રમ તને ભ્રમ પડયો ભગવાન !

પર વસ્તુને મેળવું, પર વસ્તુમાં હું અને એ તે હું અને એ મારામાં ને હું એનામાં. આહાહા ! હું શરીરમાં અને શરીર મારામાં, હું રાગમાં અને રાગ મારામાં. આહાહા ! આવો જે આત્મામાં ભ્રમ - વિભ્રમ, આહાહા ! તે દુઃખ છે, તેનાથી ઉત્પન્ન થયેલું જે દુઃખ તે શાંત થાય છે, તે શાંત થાય છે. કેનાથી હવે ? કે આત્મજ્ઞાનથી. આહાહા ! હું તો જ્ઞાન સ્વરૂપી પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ છું બીજી ચીજ કોઇ મારામાં છે નહિં. આહાહા ! માળો જ્યાં જન્મે, ત્યાં શરીરને એમ દેખે કે આ જનમ્યું તે હું ? એ શું થાય ? સંભાળ કરે તે પછી વળી સંયોગ આવે. એની માને દેખે તો રાજી રાજી થઇ જાય નાના વળી બીજા દેખે, ત્યાં તે બધી સંયોગી ચીજ તારામાં નથી, તું એમાં નથી. આહાહા ! એવી જે ભ્રમણા, એ આત્મજ્ઞાનથી એટલે શરીરાદિ રાગથી ભેદ કરીને, આત્મસ્વરૂપનું વેદન કરવાથી તે શાંત થાય છે. આહાહા !

દુર્ધર તપના આચરણથી તો મુક્તિની સિદ્ધિ થવાથી તે દુઃખનો ઉપશમ થશે નહિં. શું કહે છે ? થશે નહિં એવી આશંકા કરનારને કહે છે. ન ઇત્યાદિ તેમાં એટલે આત્મ સ્વરૂપને વિશે યત્ન નહિં કરનારા નિર્વાણને પામતા નથી. દુર્ધર તપ કરે પણ આત્માના સ્વભાવને પામે નહિં એને કોઇ દિ' શાંતિ મળતી નથી. ઉપવાસ કરીને મરી જાય, બાર બાર મહિનાના ઉપવાસ આહાહા ! દુર્ધર તપ. કરી શક્તો હોત તો પણ આખું જીર્ણ શરીર થઇ જાય. રસ ખાય નહિં, દૂધ પીએ નહિં, ઘી ખાય નહિં, એનું શરીર જીર્ણ. તો કહે છે કે એવા દુર્ધર તપથી પણ કાંઇ આત્મા પ્રાપ્ત થાય નહિં. આહાહા ! છે ? એમાંના આત્મસ્વરૂપને વિષે યત્ન નહિં કરનારા એ (તપસ્યામાં આવું કરે) હમણાં આવ્યું છે. બહુ વખાણ, ન્યાં જયપુરમાં. કોઇ બાઈએ એકસો પાંસઠ ઉપવાસ કર્યા, એકસો પાંસઠ, પાણી પીને કર્યા હશે.

શરીર બરીર હશે લઠ જેવું સરખું આ તો એવા વખાણ થયા. ઓહોહો! આણે તો રેકોર્ડ તોડી, એમ કહેને. શું કહે તમારે? રેકોર્ડ તોડી. આહાહા! હેં? ઉપવાસ કર્યા હશે, કાંઇ એમ. ધારોને આપણે. તો પણ શું? એ તો રાગની ક્રિયા છે. આહાહા! એ તો ઉપવાસ છે. ભગવાન આનંદકદની સમીપમાં ન જતાં, એવી ક્રિયાના સમીપમાં જાય છે તેને ઉપવાસ માઠોવાસ કહે છે. ઉપવાસ તો એને કહે છે ભગવાન, આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ (ઉપ ઉપસર્ગ છે) એના સમીપે વાસ, અંદર વસવો એનું નામ ઉપવાસ છે. આહાહા! ભારે વ્યાખ્યા ભાઇ! આ સત્યાગ્રહ કરે પણ જુઓને નથી કરતાં, લાંઘણું કરીને બિચારા મરી જાય છે. સમજાણું કાંઇ?

શું કરીને નિર્વાણ પામતા નથી? સુખી થતા નથી? એટલે એવા અપવાસ કરે વ્રત પાળે બ્રહ્મચર્ય પાળે ઉણોદરી રસનો ત્યાગ કરે કોળિયા બત્રીસમાંથી પાંચ ખાય ને સત્યાવીસ ન ખાય. બત્રીસ કોળિયાનો આહાર હોય છે ને? બાપુ એ કાંઇ આત્માની ક્રિયા નથી ભાઇ, એ તો વિકલ્પ છે, રાગ છે, આહાહા! એ તો શરીરનું શોષણ છે. ભગવાન આત્મા આનંદ સ્વરૂપને સ્પર્શ્યા વિના આ જે બધી ક્રિયાઓ એ બધી નિરર્થક છે. આહાહા! સમજાણું કાંઇ? આ લાખોપતિની વહુઓને હોય છે ને? આ વરસીતપ કરે એક દી' ખાય ને એક દી' ઉપવાસ વરસીતપ સ્થાનકવાસીમાં, દેરાવાસીમાં બહુ કરે, પછી એના ઉજમણા કરે, પાંચ હજાર, દસ હજાર, પચાસ હજાર, લાખ ખર્ચે. પછી થઇ જાય, તપસ્યા કરી'તી. બાપુ. એ તો અજ્ઞાન છે. આહાહા!

ભગવાન જ્ઞાતા દૃષ્ટાનો પિંડ પ્રભુ, એ તો જ્ઞાન બ્રહ્મ સ્વરૂપ છે. એ જ્ઞાનમાં સ્થિર થાય ત્યારે એને આત્માનો આનંદ આવે. આહાહા! આ તો બહારમાં વિકલ્પમાં ઘેરાઇ ગયો. આહાહા! વર્તમાન માણસને આકરું બહુ લાગે એવું છે આ. તેથી એમ કહે માળા સોનગઢમાં એકાંત છે, એકાંત. પણ હવે છોટા દિગંબર પણ આપણા પછી થયા છે. હળવે હળવે આપણામાં આવી જશે. ઇ તો બધા તરેલા છે. અરેરે! શું કરે બિચારા! એને ખબર નથી, મોટા પંડિતો હોય તો એમ બોલે, એ છોટા દિગંબર છે, પાછળથી આવેલા છે ને આપણે તો મૂળ દિગંબર છીએ. શેઠ! એવું એવું લખાણ આવે છે હોં! છાપામાં. કૈલાસચંદ્રજીએ લખ્યું'તું એમ કે પાછળથી થયા ને આ તો બધા જૂના દિગંબર છે, પણ દિગંબર હતા કે દિ'? આહાહા! પણ આવી કાંઇક ક્રિયા કરે ને, દિગંબર પ્રતિમાને માને, દિગંબર સાધુને માને, એ બધા દિગંબર કહેવાય. ધૂળેય દિગંબર નથી.

(શ્રોતા : નામ દિગંબર)

નામ દિગંબર. આહાહા ! અંતરની લાગણી વિકલ્પ ભગવાનની પૂજાનો, દાનનો, દયાનો ઉઠે, અરે ભગવાનના સ્મરણની વૃત્તિ ઉઠે એ પણ વૃત્તિ તો સંસાર ને વિકારનું કારણ છે. આહાહા ! આવો વહેવાર ને અંદર તુચ્છકાર થઈ જાય છે ને એટલે લોકો ને આકરું લાગે, પણ એવું છે, વસ્તુનું સ્વરૂપ એવું છે. એ અહીં કહે છે, જુઓને. તે દુઃખનો ઉપશમ થશે નહિં. આત્મા જ્ઞાનથી એટલે શરીરાદિથી ભેદ કરીને, આત્મસ્વરૂપનું વેદન કરવાથી કામ થાય છે, કહે છે કે એ વિકલ્પ જે ઉઠે છે રાગનો દયા દાન વ્રતાદિ તપનો એનાથી ભિન્ન કરીને આત્મામાં સમીપમાં જાય તો તેને આનંદ મળે. આહાહા ! ભારે વાતો આકરી. હેં ?

(**શ્રોતા :** એક જ ઉપાય છે)

આહા ! એક જ ઉપાય છે, જ્યાં ભગવાન બિરાજે છે પોતે આનંદ સ્વરૂપ, મહા ચૈતન્યદળ આનંદનું દળ છે ઇ. એમાં એકાગ્ર થવાથી, પરથી ભિન્ન પાડીને, ભિન્ન છે તેમ રાખીને, અંતરમાં લીન થાય તો એને આત્માના આનંદનું વેદન થાય. આહાહા ! શરતું બહુ, શરતું બહુ આકરી. આહાહા ! ચૈતન્ય સ્વભાવથી ભરેલો પ્રભુ, એની અંદરમાં જ્ઞાનની દશાને અંતરમાં વાળતાં, જે આનંદના સ્ફૂરણ થાય એને શાંત, રાગનું શાંતપણું થઈ જાય, પર પ્રત્યેનો જે રાગ છે તે નાશ થઈ જાય. આહાહા ! એ સિવાય કોઈ ઉપાય નથી બીજો. સમજાણું કાંઈ ? આ તો સમાધિતંત્ર છે ને ? આ પુસ્તકનું નામ શું ? સમાધિતંત્ર. એટલે આનંદ સ્વરૂપ ભગવાન આત્મા, એમાં એકાગ્ર થતાં જે સમાધિ નામ આનંદ આવે એનું નામ સમાધિતંત્ર કહેવામાં આવે છે, આહાહા ! ઓલા બાવા બાવા આમ ધૂણી ધખે એ નહિં હોં, એ તો હઠ યોગી છે. આહાહા !

દુર્ધરતપના આચરણથી તો મુક્તિની સિદ્ધિ થવાની, તે દુઃખનો ઉપશમ થશે નહિં, એવી આશંકા કરનાર, ન ઇત્યાદિ આત્મસ્વરૂપની વિષે યત્ન નહિં કરનારા, બહારના ક્રિયાકાંડમાં યત્ન કરનારા, એમ ભગવાન આનંદનો નાથ એમાં યત્ન નહિં કરનારા, એની રક્ષા નહિં કરનારા, આહાહા ! નિર્વાણ પામતા નથી, તે સુખી થતા નથી. આહાહા ! કહો જેઠાભાઈ ! શું છે આ ? આવું છે આ. જે ચૈતન્ય સ્વભાવ, નિત્યાનંદ નિત્ય પ્રભુ છે અને નિત્યમાં નિત્ય આનંદ ને નિત્ય જ્ઞાન ભરેલું છે. આહાહા ! સત્ ચિદાનંદ સત્ શાશ્વત, એ જ્ઞાન અને આનંદ છે, એનાં સન્મુખ થતાં, એમાં એકાગ્ર થતાં જે આનંદનું વેદન આવે એ સુખી છે, એ ધર્મી છે. આહાહા ! ભજનમાંય આવે છે ને ? એક સુખીયા જગતમાં સંત, 'એક સુખીયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા રે'. આહાહા ! એટલે સંત એટલે શું ? જેને ભગવાન આનંદનો નાથ અંદરમાં એકાગ્ર થઈને અનુભવમાં આવ્યો છે,

એ સુખીયા જગતમાં સંત, એ એક સુખી છે. આહાહા!

ભાઈએ લખ્યું છે ને એમાં? નહિં? ન્યાલભાઈનો ફોટો આવ્યો છે ને? મોઢા આગળ, પ્રસ્તાવનામાં. ન્યાલભાઈનું કે આટલી વસ્તી? શું કહેવાય? દિલ્હી, દિલ્હીને? (**શ્રોતા :** કલકત્તા) કલકત્તા, કલકત્તા, એ બધા દુઃખીમાં એક એ આત્મા સુખી હતો એમ લખ્યું છે, મોઢા આગળ. છે ને આવે છે ને? આહાહા! ન્યાલભાઈ! વાંચ્યું નહિં હોય પુસ્તક, 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'. બાપાને તો આપ્યું છે. આપ્યું છે કે નહિં? હેં? છે. આહાહા! એ છોકરે લખ્યું છે, અંદર આંહી. કરોડપતિઓંકી વિશાળ નગરી કલકત્તા, સાંઠ સિત્તેર લાખકી આબાદી, ઉસમેં આત્માર્થીકો ભાન હોતા થા માનો ઈસ અથાહ મનુષ્ય સમુદાયમેં મૈં એક અકેલા હી સુખી હું. એના છોકરાઓએ લખ્યું છે.

આ કલકત્તાવાળા છે ને? આ શશીભાઈ ને બધા, આ રમણીકભાઈ, હેં? સાધર્મીક આપ્યું છે ને આ પુસ્તક આવ્યુ છે, મોઢા આગળ લખ્યું છે, છેલ્લું પાનું છે. હોં! સાતમું પાનું. આહાહા! અપને અરે મુઝસે કુછ ભી આશા મત રખો (લડકા કો કહ દીયા સબકો, બાકી બહોત લાખોપતિ ધન) પંગુ સમજકર, મેરેકો પંગુ સમજકર દો સમય કા ભોજન શરીર ટીકાને કે લિયે દો. આહાહા! કરોડપતિઓંકી વિશાળ નગરી કલકત્તા, સાઠ સિત્તેર લાખકી આબાદી, ઉસમેં આત્માર્થીકો ભાન હોતા થા, માનો ઈસ અથાહ મનુષ્ય સમુદાયમેં મૈં એક અકેલા હી સુખી હું. અરે! નિશ્ચિત હી સુખી થે, આત્માનંદકા રસાસ્વાદ કરનેવાલા સ્વયંકો સુખી કયા, સ્વંયં સુખી મહસુસ કરતા હૈ, મહસુસ એટલે (**શ્રોતા :** અનુભવ) હેં? અનુભવ, મહસુસ. આહા! આહા!

છોકરાઓને કહ્યા આનંદસ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો રસિયો પ્રભુ, આહાહા! એનો આનંદ આવ્યો એ એક જીવ સુખી છે, બાકી બધા દુઃખી છે. આહાહા! મહાવ્રતના પાળનારા દયા દાનના કરનારા ને મહિના મહિનાના અપવાસ કરનારા, બધા વિકલ્પ છે રાગ છે ને દુઃખી છે, આહાહા! ભારે વાતું, ભાઈ! ગૃહસ્થાશ્રમમાં હતા, ગૃહસ્થાશ્રમમાં નહોતા. નવરંગભાઈ! આત્માના સ્થાનમાં હતા એ તો. આહાહા! પુણ્યાત્મા કો શરીર તો એક વ્યર્થકા બોજા થા, લગતા થા. આહાહા! કાલ કા માનો સદૈવ સ્વાગત થા. આહાહા! હ્રદયગતિ એકદમ બંધ થઈ, હેમરેજ થઈ ગયો, દેહ છૂટી ગયો છેલ્લે, પછી તો ઘણું કહ્યું છે ને? આહાહા! શરીરકો સંપૂર્ણ આદરભાવસે ચંદન ને કપુર કી ચિતા પર સુલાયા, છોકરાઓએ પછી તો શરીરને ચંદનના સુખડના લાકડે બાળ્યા. આ 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' છે. નિતિનભાઈને મળ્યું હશે આ શાસ્ત્ર છે ને? નથી. આહાહા!

પરમ તપ એટલે દુર્ધર અનુષ્ઠાન, દુર્ધર તપ તપીને પણ તેઓ આત્માના આનંદને પામતા નથી, આહાહા ! કારણ કે એ તો બહિર્મુખી લક્ષની ક્રિયાઓ છે. આહાહા ! અંતર્મુખદૃષ્ટિ કર્યા વિના એને આનંદ પ્રાપ્ત થતો નથી, આહાહા ! બહુ આકરું. દિશા, પર ઉપર જે દિશા છે એની દશા દુ:ખી છે, સ્વ તરફની દિશા તરફ ઢળેલી દશા તે સુખી છે. આહાહા ! ભારે વાત ભાઈ ! શું કીધું ઈ ? ભગવાન આત્મા પૂર્ણાનંદ ને પૂર્ણજ્ઞાન સ્વરૂપ છે, વસ્તુ છે ને ? વસ્તુ છે એમાં અપૂર્ણતા અને વિપરીતતા કેમ હોય ? એ તો એની દશામાં વિપરીતતા છે, સ્વરૂપ તો અવિપરીત અને પૂર્ણાનંદ અને અખંડાનંદ વિકાર વિનાનું એનું સ્વરૂપ તો ત્રિકાળ આનંદનો નાથ છે ઈ આત્મા. આહાહા ! અરે એના તરફ વળ્યા વિના એને સ્વનો આનંદ મળે નહિં અને એને આત્મજ્ઞાન થાય નહિં. આહાહા ! સમજાણું કાંઈ ?

આવું સોનગઢને પાદર, અહીં તો પાડા બેસતા'તા. અહીં ખેતર હતા હોં, જુવારને વાવતા. આહાહા ! કહે છે, તું એક વસ્તુ પદાર્થ તત્ત્વ છે કે નહિં ? જો એ તત્ત્વ છે તો તત્ત્વના સ્વભાવથી એ તત્ત્વ છે કે નહિં કે એ તત્ત્વ પર સ્વભાવથી છે ? એ વસ્તુ છે તો સ્વભાવવાન છે તો એનો સ્વભાવ છે કે નહિં ? જેમ કાયમ ચીજ છે એમ કાયમ એનો સ્વભાવ સ્વ ભાવ એવો છે કે નહિં ? આહાહા ! તો કાયમ ભાવ તો જ્ઞાન દર્શન આનંદ શાંતિ એવો એનો ત્રિકાળી સ્વભાવ પડયો છે અંદર. એની સામુ જોયા વિના, પર સામેની દૃષ્ટિમાં જે કાંઈ વિકલ્પો કરે એ બધી દુ:ખદશા છે. આહાહા ! કહો આ પૈસાવાળાને દુ:ખી કહે છે આ, હેં ? અરે પણ આ છ છ છોકરાં એનો બાપ છે એ આ બધું, કહે છે એ તો બહારમાં જેટલો વિકલ્પ જુટે એ દુ:ખ છે. એ શેઠ ? (**શ્રોતા** : યહાં ઐસા હૈ) યહાં નહિં, વસ્તુ ઐસી હૈ. આહા !

ન્યાં એને સાગરમાં સુખી કહે બધા, હમણાં આ બે ઠેકાણે જવાના છે, મોઢા આગળ, કુંડલપુર અને ભોપાલ બેયમાં નામ છે એમનું. ભોપાલમાં આવીશ ભઈ આવીશ. લાંબી કંકોતરી. મોટી, મોટી. ભોપાલ, ભોપાલ અમે જવાના છીએ ને ત્યાં. મોટી કંકોતરી. બધાના નામ છે, આમનું નામ છે, અમારે પંડિતજીનું નામ છે હિંમતલાલ જેઠાલાલ આવવાના છે, એમ લખ્યું છે હો, આમંત્રણ તો આપે, આવે ન આવે. આહાહા ! અરે ભગવાન ! તને આમંત્રણ આત્માનું છે, તો તું ત્યાં જા, તું મારી પાસેથી ખસીને પરમાં ફરે છો એ તું દુ:ખમાં જાય છો, ભાઈ ! તને દુ:ખની દશા છે. આહાહા ! પ્રથમ જ આત્માના સ્વભાવ સમીપ જા, તો પર તરફના વિકલ્પો ત્યાં સમાઈ જશે. આહાહા ! અરે

આવો મનુષ્ય દેહ મળ્યો, એમાં એને કરવાનું મનુષ્ય દેહમાં તો આ છે, બાકી તો બીજા દેહોમાં તો બધું ઘણું કર્યું, ઢોરના ભવ હાથીના ભવ સિંહના ભવ કૂતરાના ભવ. આહાહા! શિયાળ, કાગડા, કૂતરાના ભવ. એમાં રહ્યો ત્યાં તો જે કર્યું'તું એનું એ મનુષ્યભવમાં આવીને કરે તો એમાં નવીન શું થયું? એ તત્ત્વાર્થ, યોગસાર ઓલા ગોમ્મટસારમાં છે, મનુષ્ય કોને કહીએ? આહાહા! 'ન્યાય તે ઈતિ મનુષ્યઃ' જે સ્વરૂપને જાણે એને મનુષ્ય કહીએ. આહાહા! 'મનુષ્ય સ્વરૂપેણ મૃગા ચરંતિ' આવે છે ને? 'જેષિં ન વિદ્યા, તપો ન જ્ઞાનં'

**શ્રોતા :**

**येषां न विद्या न तपो न दानं**
**ज्ञानं न शीलं न गुणो न धर्मः।।**
**ते मर्त्यलोके भूविभार भूताः**
**मनुष्यरूपेणं मृगाश्चरन्तिः।।**

સ્વરૂપે મૃગા ચરંતો આવે છે ને? મનુષ્ય સ્વરૂપે મૃગા જેવા છે, આહાહા! અરે! જેણે જેના મનુષ્યભવમાં, આ મનુષ્યભવ તો જ્ઞાયકભાવને પામવાનો માટેનો કાળ છે. ક્યાંય બીજે આ સાધન નથી. અરે! ક્યાં કીડા, કાગડા, કૂતરા એવા અનંત ભવ કર્યા. અનાદિનું તત્ત્વ છે એ ક્યાં નવું છે કાંઈ? રહ્યો ક્યાં? આ પરિભ્રમણની ચાર ગતિમાં રહ્યો છે, દેવગતિમાં ગયો તોય દુઃખી છે ઈ. પરની આશા ને આકુળતામાં દુઃખી છે ઈ. નારકી ને નિગોદમાં તો પ્રત્યક્ષ દુઃખ છે, એ સંયોગનું દુઃખ નથી. સ્વભાવમાંથી ખસીને રાગમાં રમત કરે છે, એ એને દુઃખ છે. આવી વાતો. બાપા! ઝાઝા માણસ ને પંડિતો ને ભેગા થ્યા હોય ને ત્યાં ઉડાવી દે વાતો. એ કહે કે આતો લ્યો વહેવારકો માનતા નથી, નો'તું કહ્યું ત્યાં? કૈલાસચંદજી ને જગમોહનલાલજી, બેય એ કહ્યું'તું, બધી ખબર છે. આપણે શું? ભલે કહે, અહીંયા તમને ક્યાં છીએ? તે દિ' સભામાં વહેવાર જોઈએ, વહેવારનો લોપ થાય છે, અરે સાંભળ તો ખરો પહેલા, વહેવાર એટલે પર તરફની ક્રિયાનો રાગ, એ બધો લોપ કર્યા વિના સ્વરૂપ તરફ જઈ નહિં શકે, આહાહા! જેને જેના વિકલ્પનું મહાતમ રહ્યું એને નિર્વિકલ્પ ચૈતનનું મહાતમ નહિં આવે. સમજાણું કાંઈ?

વહેવાર ચારિત્ર દુઃખરૂપ છે ઘાતક છે બંધનું કારણ છે એવું બધું લખ્યું છે હોં શબ્દકોષમાં. પણ પાછો આ લખે, નીચલી દશાવાળાને એ વહેવાર ચારિત્ર સાધક છે. અરે! પણ સાધક એટલે શું? આહાહા! આવે છે ને? વહેવારસંગ્રહમાં બહુ આવે છે વહેવાર રત્નત્રય સાધક છે, નિશ્ચય સાધ્ય છે, જયસેનાચાર્યમાંય આવે છે. વહેવાર સમકિત

નિશ્ચય ને સાધ્ય કરે છે ઘણું બધું એવું, એ તો નિમિત્તનાં કથન છે. ભાઈ ! આહાહા ! અરે ભગવાન ! રાગનો વિકલ્પ એ આત્માને નિર્વિકલ્પ થવાનું કારણ થાય ? આહાહા ! (**શ્રોતા**: ન થાય, ન થાય) એ તો પોતાના સ્વભાવથી જણાય, એનો સ્વભાવ તો જાણવું અને દેખવું, જાણવા દેખવાના સ્વભાવથી જણાય, જે જાણનાર પરને જાણે છે એ જાણનાર સ્વને જાણે. આહાહા ! એનું નામ ધર્મ અને એનું નામ આનંદનું સ્થાન છે. પણ કાંઈ મકાન બાયડી છોકરા નહિં ને આનંદ ? એક જણો પૂછતો'તો કે સિદ્ધમાં આનંદ શું હશે ? ત્યાં તો બાયડી નહિં, છોકરા નહિં, વેપાર નહિં, પૈસા નહિં, ધન નહિં. આહાહા ! અરે ભગવાન ! આત્મા પરમાત્મા થાય તેને આનંદ, અતીન્દ્રિય આત્માનો આનંદ છે, અહીં એ શું છે ? અહીં એ પર તરફના વલણમાં વિકલ્પ કરે છે તે દુઃખ છે, એ દુઃખને ગુલાંટ ખાઈને અંદર જાય તો સુખ છે. આહાહા ! ભારે પણ આવું !

દુર્ધરતપીને પણ તેઓ મોક્ષ પામતા નથી. આહાહા ! ભાવાર્થમાં આવ્યું ને ? આત્મભ્રાન્તિથી એટલે શરીરાદિમાં આત્મબુદ્ધિ કરવાથી એટલે કે હું શરીરનું વાણીનું દેશનું કુટુંબનું કરું તો એનો અર્થ એ થયો કે એ સ્વરૂપ મારામાં છે, તેથી હું એનું કરું છું એવું થયું. આહાહા ! આ તો જગતમાંથી નમાલો થાય ત્યારે માલ મળે એવું છે. હેં ? આહાહા ! જે દુઃખ ઉત્પન્ન થાય તે ભેદજ્ઞાનથી નાશ પામે છે. આત્મા આનંદ સ્વરૂપ હોવા છતાં અનાદિથી એની દશામાં પરની મમતાનો ભાવ છે તેથી તે દુઃખી છે. સંયોગ અનુકૂળ કે પ્રતિકૂળ એ કોઈ સુખ દુઃખનું કારણ નથી. એની દશામાં સ્વભાવની સ્થિતિને છોડીને વિભાવમાં વિકારમાં રાગમાં વૃત્તિ ઉઠાવીને ત્યાં રહે છે એ જ દુઃખ છે. જ્યાં અતીન્દ્રિય આનંદનો અનાદર છે અને રાગનો આદર છે એ ય દુઃખી છે, આહાહા ! આરે આવું તે કેવું તત્ત્વ ? ભેદવિજ્ઞાન દ્વારા આત્મસ્વરૂપની પ્રપ્તિ માટે જે પ્રયત્ન કરતા નથી, આહાહા ! અંદર આનંદનો સ્વભાવને પ્રાપ્ત કરતા નથી, રાગને પરથી ભિન્ન જાણીને સ્વરૂપની જાગૃતિ કરતા નથી, તે ઘોર તપ કરવા છતાં મોક્ષમાર્ગની કે નિર્વાણની પ્રાપ્તિ કરી શક્તા નથી. છે શેઠ ? આહાહા !

## વિશેષ

શરીરાદિ અને રાગાદિમાં આત્મબુદ્ધિ કરવી તે વિભ્રમ છે. પોતે નિત્ય વસ્તુ છે, એ શરીરને કાયમ રાખવા મથે છે, એને નિત્ય કરવા મથે છે, આ નિત્ય છે એની ખબર નથી. આહાહા ! ટકતી ત્રિકાળી ચીજ ભગવાન શાશ્વત વસ્તુ છે. એને શાશ્વત ન કરતાં આ ચીજને હું કાયમ ટકાવું ટકાવું શરીરને, વાણીને, કુટુંબને આહાહા ! ગુલાંટ ખાઈ

ગઇ છે બુદ્ધિ. હેં? આબરૂ કાયમ સરખી રહે, દીકરા દીકરી સરખા થાય, પરણાવું, એ બધાને સરખા કરું, વ્યવસ્થિત. આહાહા! ત્યારે હું જન્મ્યો સફળ કહેવાઉં. આહા! અરે ભગવાન! સારી વાતું કર ભાઇ. આહા! એ તારામાં જે નથી, એની વ્યવસ્થામાં રોકાતાં તો દુઃખી છો તું. શરીરાદિ ભિન્ન સ્વરૂપનો અનુભવ કરવાથી, સ્વપરનું ભેદજ્ઞાન કરવાથી, શુભભાવથી પણ ભિન્ન જ્ઞાન-દર્શન સ્વરૂપ હું છું. આહા!

શરીર, વાણીથી તો જુદો છું. અંદર ચૈતન્ય ઝળહળ જ્યોતિ ચૈતન્ય સૂર્ય એ હું શરીર વાણી થી જડ છે અંધકાર છે આંધળા છે એનાથી હું જાગતી જ્યોત ભિન્ન છું પણ રાગ ને, દયા-દાન ને, ભક્તિના પરિણામ પણ રાગ અને અંધકાર છે ઇ, કારણકે રાગ નથી જાણતો પોતાને કે રાગ નથી જાણતો ભગવાનને, અંદર આત્માને. આહાહા! એ રાગથી હું ભિન્ન છું. શુભભાવથી પણ ભિન્ન. આહાહા! જ્ઞાનદર્શન સ્વરૂપ જ હું છું. જાણગ અને દેખનાર એવી જે શક્તિ, એ હું છું. રાગ છે એ અંધકાર છે દુઃખરૂપ છે અચેતન છે, કેમકે રાગમાં પોતાના ચૈતન્ય સ્વભાવનો અંશ આવતો નથી. ઓહોહો! દયા-દાન, સેવા-પરોપકાર, ભક્તિ-પૂજા, વ્રત-તપનો વિકલ્પ જે ઉઠે છે એ તો રાગ છે. રાગમાં ચૈતન્ય જ્યોત ક્યાં આવી છે એમાં? આહાહા! ચૈતન્યનો અંશ જો એમાં આવે તો તો એ જાણે, પણ આ તો અંશ વિના અંધારું છે. આહાહા! સમજાણું?

શુભભાવથી અને શરીરથી પણ (હું) ભિન્ન, જ્ઞાન-દર્શન સ્વરૂપ જ હું છું, બીજું કાંઇ મારું નથી, એવા આત્મજ્ઞાનથી આ દુઃખરૂપ ભ્રાન્તિ દૂર થાય છે. આહાહા! આવા ભેદવિજ્ઞાનના પ્રયત્ન વગર એટલે કે પરથી જુદું પાડવાના પ્રયત્ન વિના ઘોર તપ કરે તો પણ જીવ સાચો ધર્મ પામતો નથી. એ શુભભાવ થાય, વહેવાર ધર્મ એને પુણ્ય કહેવાય, એ ધરમ નથી. આહાહા! જીવ શાશ્વત અનુપમ છે.

વિશેષ બીજો પેરેગ્રાફ પછી...

॥ પ્રમાણ વચન ગુરુદેવ ॥

# પ્રવચન – ૫૩

## શ્લોક – ૪૧

સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૦૧.૦૨.૭૫

तस्मिन्नष्टे किं भवतीत्याह –

आत्माविभ्रमजं दु:खमात्मज्ञानात्प्रशाम्यति ।
नायतास्तत्र निर्वान्ति कृत्वापि परमं तप: ।। ४१ ।।

આત્માભ્રમોદ્ભવ[1] દુ:ખ તો આત્મજ્ઞાનથી જાય;
તત્ર યત્ન વિણ, ઘોર તપ તપતાં પણ ન મુકાય ।। ૪૧ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન: ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમ: ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમ: સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

---

૧. આત્મભ્રમોદ્ભવ – આત્માના ભ્રમથી ઉત્પન્ન

વિશેષનો બીજો ભાગ

આત્માને મુક્તિ એટલે પરમ આનંદની પ્રાપ્તિ. જેવો પરમ આનંદ સ્વભાવ છે એનો, એવો જ એની પર્યાયમાં પૂર્ણ આનંદની પ્રાપ્તિ એનું નામ મુક્તિ. એ મુક્તિને પ્રાપ્ત માટે આત્મજ્ઞાનપૂર્વક કરેલું ઇચ્છા નિરોધરૂપ તપ જ કાર્યકારી છે. આત્મા શુદ્ધ ચૈતનનો અનુભવ, આનંદના સ્વાદમાં આત્માનું જ્ઞાન થતાં, એ આત્મજ્ઞાનપૂર્વક કરેલું ઈચ્છા નિરોધ તપ જ કાર્યકારી છે. જેને આત્મજ્ઞાન, આનંદ શું છે એ ચીજની ખબર નથી એ અપવાસ આદિ કરે એ બધી દુઃખની આકુળતાની દશા છે. આહાહા! મુક્તિ પ્રાપ્તિ માટે અનંત આનંદની દશા પ્રાપ્ત માટે અથવા દુઃખની દશાના નાશને માટે, મુક્તિ છે ને આમાં? આત્મજ્ઞાન, જે આત્મા આનંદ સ્વરૂપ છે, એવું જ્ઞાતા દૃષ્ટાપણું વેદનમાં આવે એ આત્મજ્ઞાન. એ પૂર્વક ઇચ્છાનો નિરોધ, અતીન્દ્રિય આનંદમાં વસતાં એને ઇચ્છા ઉત્પન્ન ન થાય એવું તપ એને કાર્યકારી છે. ભારે આકરી વાત, જગતને એકાંત લાગે, બધાને આ. આહાહા! (**શ્રોતા** : વહેવાર તપ કાંઈ કામનો જ નહિં) વહેવાર તપ કામનો છે ઈ આકુળતા માટે.

આનંદ સ્વરૂપ ભગવાન આત્મા, એ એનું જ્ઞાન ને એનો આનંદ આવે નહિં ત્યાં સુધી એ તપ શું કરે? ઇચ્છા નિરોધ તપ છે, ત્યારે ઇચ્છા નિરોધ તપ ક્યારે થાય? આત્માના આનંદના ભાનમાં અતીન્દ્રિય આનંદમાં રહેવા માટે ઇચ્છા થાય, એને સાચો તપ કહે છે. લોકો તો એમ જ કહે છે વહેવારનો તો નાશ કરી નાંખ્યો. નિશ્ચય, નિશ્ચય પણ બાપુ! આહાહા! (**શ્રોતા** : વ્યવહારનો નાશ કરે તો નિશ્ચય થાય) સ્વ, સ્વસ્વરૂપ, આત્મસ્વરૂપ, સ્વ એટલે આત્મસ્વરૂપ એ તો જ્ઞાન અને આનંદનો કંદ છે. એવી દશા આત્માના જ્ઞાનની અંતરમાં એ શુદ્ધ આનંદ એનું દશામાં ભાન થયા વિના, ઇચ્છાનો નિરોધ કરી, તે કઇ રીતે કરી શકે? સમજાણું કાંઇ? આકરી વાત છે, ભાઇ! મુક્તિનો આત્મા પરમ આનંદની પ્રાપ્તિ કરે, એનો ઉપાય પરમ આનંદમાં રહેવું અને ઇચ્છાનું ન થવું એનું નામ તપસ્યા કહેવામાં આવે છે. સમજાણું કાંઇ?

આત્મજ્ઞાનથી શૂન્ય જેને આત્મા આનંદ અને જ્ઞાન ને શુદ્ધ ચૈતન્ય ધાતુ જેણે ચૈતન્યપણું, આનંદપણું ધારી રાખ્યું છે. આહાહા! એવા આત્માનું જ્ઞાન, એનું ભાન અને એના સ્વ સન્મુખની દશા પ્રગટયા વિના એ બધી તપસ્યાઓ, આઠ, આઠ અપવાસ ને મહિના મહિનાના ઉપવાસ, બધું દુઃખદાયક છે, આકુળતા છે, એમ કહે છે. આવો પણ સીધો મારગ એવો હશે? કાંઇક એનો રસ્તો બીજો ટુંકો હોય કે નહિં? (**શ્રોતા** : ટુંકામાં

ટુંકો છે) આ ટુંકો છે ભાઇ. આહા! અતીન્દ્રિય આનંદનો સ્વભાવ જેનો, અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન જેનું કાયમી સ્વરૂપ. આહાહા! એને દૃષ્ટિમાં અને વેદનમાં લીધા વિના, એને ઇચ્છાનો નિરોધ શી રીતે થાય?

આનંદમાં જાય ત્યારે ઇચ્છાની ઉત્પત્તિ ન થાય. હવે ઇ આનંદની તો ખબર નથી. કહો શેઠ! (**શ્રોતા** : બહારથી ન મિલે) શું કીધું? (**શ્રોતા** : બહારથી નહિં મિલેગા) બહારથી મિલે ને રાગ, દુઃખ. દુઃખ મિલે દુઃખ. આહાહા! આત્મજ્ઞાનથી શૂન્ય ભગવાન આત્મા એકલો જ્ઞાન અને આનંદ સ્વરૂપ એનું જ્ઞાન, શાસ્ત્રજ્ઞાન કે આદિ એની વાત અહીંયા નથી અત્યારે. આહાહા! જેના જ્ઞાનમાં, આત્મા જેને આવ્યો અંદર જ્ઞાનમાં, આહાહા! જ્ઞાનની પર્યાયમાં આત્મા બિરાજમાન આવ્યો. આહાહા! એવું જેને આત્મજ્ઞાન નથી, એ ગમે એટલી તપસ્યાઓ ઉપવાસ ઇન્દ્રિય દમન બ્રહ્મચર્ય પાળે એ બધી આકુળતા છે. કહો પાટનીજી! આવું સ્વરૂપ છે ભાઇ આવું. આહાહા!

કેટલાક કહેતા હતા કે આ કલકત્તાવાળા આવીને સાંભળી જાય આવી વાત કે ભડકે છે બધા. ચાહે કલકત્તા હોય કે મુંબઇ હોય, મારગ તો આ છે બાપુ! આહાહા! જે નિજ વસ્તુ છે. અતીન્દ્રિય જ્ઞાન અતીન્દ્રિય આનંદ અતીન્દ્રિય સ્વચ્છતા અતીન્દ્રિય પ્રભુતાના ભાવથી ભરેલો તત્ત્વ સ્વભાવ, આહાહા! એની સન્મુખમાં જે એનું જ્ઞાન થાય એવી સન્મુખતાના જ્ઞાન વિના લાખ શાસ્ત્રો ભણે, ક્રોડ ભણે. આહાહા! આવી વાત છે બાપુ! અને દુનિયાને સમજાવે એ બધી વિકલ્પની ક્રિયાઓ છે. સમજાણું કાંઇ? કેમ કે જે વસ્તુ છે એ તો પર્યાયમાં, ભાસનમાં તો આવી નથી. આહાહા! એ આત્મજ્ઞાનથી શૂન્ય તપ તે તપ નથી, તે તો સંસાર પરિભ્રમણનું જ કારણ છે. લ્યો શેઠ! આ બહાર, બહાર. આહાહા! એ તો બધી ક્રિયાઓ વિકલ્પવાળી છે. ઉપવાસ ને એ બધી આકુળતા છે ઇ તો.

આનંદ સ્વભાવ ભગવાન એની દૃષ્ટિ થઇ નથી, એની સત્તાનો સ્વીકાર જ્ઞાનમાં આવ્યો નથી, ત્યારે એમાં ઠરવું ક્યાંથી થાય એને? અને એ સ્વરૂપમાં ઠરવું અને ઇચ્છાનું ઉત્પન્ન ન થવું, એનું નામ ચારિત્ર અને તપ છે. આહાહા! ભારે જગતથી. જગતથી નિરાળી વસ્તુ ભાઇ! તે તો સંસાર પરિભ્રમણનું જ કારણ છે. આહાહા! ભલે એ રાગની મંદતા હો, પણ અભિપ્રાયની, મિથ્યાત્વની તો તીવ્રતા છે. હેં? એટલે? શુદ્ધ આનંદઘનને પ્રતીતમાં તો લીધો નથી, એથી એની પ્રતીતિ તે રાગમાં અને વિકારમાં વસે છે. એ જ અસ્તિત્વમાં હું છું, એ વર્તે છે. એ તો મિથ્યાત્વના પોષક સહિત શુભભાવની

આકુળતા છે. સમજાણું કાંઈ ? અરે ! આવા મનુષ્યપણે આ ચીજ જો ન સમજે ને બહારથી રોકાઈ જશે. અરે ! ટાણા એને કે દી' મળશે ? ભાઈ ! આહાહા !

કહે છે કે આત્મજ્ઞાન શૂન્ય સંસારનું કારણ છે. આહાહા ! એનાથી આત્મા કદીપણ સ્વરૂપમાં સ્થિર થઈ શક્તો નથી. જે ચીજ જ દૃષ્ટિમાં આવી નથી, એ ચીજનું જ જ્ઞાન થયું નથી. આહાહા ! એ વસ્તુ સ્વભાવ, એનું જ જ્ઞાનમાં મહાતમ આવીને એનો અનુભવ નથી. એ જીવ શું કરશે ? આહાહા ! અને કર્મ બંધનથી છૂટી શક્તો નથી, આહાહા ! તેથી દુઃખ પરંપરા ચાલુજ રહે છે. આહાહા ! આતમદર્શન આતમજ્ઞાન એટલે વસ્તુનું સ્વરૂપ છે, તેવું એનું મહાતમ દૃષ્ટિમાં આવ્યું નથી, તે ચીજને એ જાણતો નથી, એના બધા તપ આદિ તો પરિભ્રમણનું ને બંધનનું કારણ છે.

નવની સાલમાં આવી'તી ને આંહી ? સ્પેશ્યલ. તોલારામજી આવ્યા'તા ને ગજરાજજી. આપણે નવમાં મહોત્સવ થયા પહેલા ચૈત્ર મહિના પહેલા બે મહિના પહેલા તોલારામજી આવ્યા'તા. વછરાજજીથી મોટા, ગજરાજજી નાના. ગજરાજજી એ આવ્યા'તા, વછરાજજી હતા અને તોલારામ. ત્રણેય ભેગા થયા'તા એ સ્પેશ્યલ ભેગો એક જુવાન માણસ હતો, એ અહીંનું જરીક વાંચેલું, સાંભળેલું એટલે એણે કાંઈક રસ્તામાં વાત થઈ હશે કે તત્ત્વાર્થસૂત્રમાં 'તપસ્યાચ નિર્જરા' કીધી છે ને ? તોલારામ કહે, ભઈ પૂછજો મહારાજને, છોકરો આવીને, જુવાન માણસે, શેઠ ! પૂછો મહારાજને એ તપસ્યા, નિર્જરા એટલે શું ? નવની વાત છે. બાવી(૨૨) વરસ થયા, બાવી. કેટલા થ્યા ? બાવીસ વરસ. ભાઈ એ તપસ્યા, નિર્જરા તો અંતરના સ્વરૂપમાં આનંદમાં લીન થયેલો એને બાહ્ય પ્રકારના તપની વ્યાખ્યા કરીને એને નિમિત્તપણું જણાવ્યું છે. આહાહા !

એ ઉપવાસ કરે, ને ઉણોદરી કરે, ને રસ પરિત્યાગ કરે, ને એકાસણું કરે, ને જમીન ઉપર સૂવે ને, માટે એને તપ થાય, એમ નથી. આહાહા ! 'તપંતિ ઈતિ તપ' આપણે આવ્યું'તું ને ? હમણાં ક્યાંક, નહિં ? નિયમસારમાં આવ્યું'તું ને ? નિયમસાર નહિં ? જોયું નિયમસારમાં આવ્યું'તું. (**શ્રોતા** : તપંતિ ઈતિ તપ) હા ઈ. નિયમસારમાં આવ્યું'તું. (**શ્રોતા** : છપ્પનમે પાને) એ છપ્પનમેં પાને આવ્યું, અહીં પણ આવ્યું.(સમાધિતંત્ર) સ્વરૂપમાં ઠરવું અને ચૈતનનું નિર્વિકલ્પપણે પ્રતપવું. છે ? વચમાં. આહાહા ! છે ને છપ્પનમેં પાને, સ્વરૂપમાં ઠરવું, સ્વરૂપ શું ? સ્વરૂપ શું ? હું આનંદ અને જ્ઞાન જેનું સ્વરૂપ રૂપ છે એવા ભગવાનના ભાનમાં ઠરવું, આહાહા ! અને ચૈતનનું નિર્વિકલ્પપણે પ્રતપવું અને ભગવાન રાગ વિનાની દશાથી શોભવું, આત્માની શુદ્ધ પર્યાયમાં વીર્યનું ઉગ્ર પ્રતપન,

આત્માની નિર્મળ શુદ્ધ વીતરાગી પર્યાયમાં પુરૂષાર્થનું ઉગ્ર પ્રતપન એ તપ છે. નીચે છે ને? સહ નિશ્ચયનય સ્વરૂપ (બગડો) પરમ સ્વભાવરૂપ પરમ સ્વભાવ સ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે.

આ બધા નિશ્ચય, નિશ્ચય. નિશ્ચય એટલે લોકોને કાંઇ લાગે. બાપુ! નિશ્ચય એ સત્ છે હોં. વહેવારના ઉપચાર વચ્ચે વિકલ્પ હો, પૂરણ વીતરાગતા ન હો ત્યાં સુધી વિકલ્પ હોય પણ એ પુણ્યબંધનું કારણ છે. આહાહા! એટલે કે અબંધ સ્વભાવીને એ બંધનું કારણ છે. હેં? આહાહા! ભગવાન અબંધ સ્વરૂપ પડયું છે મોટું. નિષેધથી અબંધ કહીએ અને અસ્તિથી મુક્ત કહીએ, મુક્ત સ્વરૂપ છે પરમાનંદમૂર્તિ, એને કર્મ અને રાગની હારે સબંધ ક્યાં છે? આહાહા! વસ્તુ જે છે, આનંદઘન, ચિદ્‌ઘન, શાંતિનું ઘન, સ્વચ્છતાનું ઘન આહાહા! એમાં ઉદયભાવ, વિકલ્પ ક્યાં છે? સમજાણું કાંઇ? એવા વસ્તુના ભાનમાં ઠરવું, પ્રતપવું.

સોનાને ગેરુ લગાડતા સોનું જેમ ઓપે છે, શોભે છે, એમ ભગવાન આત્મા સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રવંત તો છે. ઉગ્ર પુરુષાર્થથી જ્યારે ઠરે છે, ત્યારે તેને તપસ્યા કહેવાય છે. કહો, સમજાણું કાંઇ? આ બાઇયું વરસીતપ નથી કરતી? રવજીભાઇ. વરસીતપ કર્યુ હતું કે નહિં? વરસીતપ. ઘરેથી કર્યા છે કોઇ'દી વરસીતપ? નથી. ખ્યાલમાં નથી આવતું. આ ઈજ કહું છું ઘેરથી કર્યા'તા? બાયડીયું જ કરે છે એ કામ, ધણી ક્યાં નવરા હોય દુકાનના ધંધા આડે. ઈ તો વળી બલુભાઇ જેવા કોક નીકળે, બલુભાઇએ કર્યુ'તું ને? આ બલુભાઇ નહિં? આ નારણભાઈના લાભુભાઈના સાળા, આ લાભુભાઇ નહિં, એના સાળા. કર્યો ને વરસીતપ કર્યો'તો. અત્યારે તો મોટુ દવાખાનું. દવાખાનું નહિં પણ દવાને બનાવવાનું નહિં? હેં? ફેક્ટરી મોટી પચાસલાખ રૂપિયાની જંગલમાં છે. ત્યાં ગયા'તા અમે. આ ભાઇ હતા. નારાયણભાઇ હતા, રામજીભાઇ હતા, જ્યાં આહાર કર્યો'તો.

મોટી દવાની ફેક્ટરી. આ ગોળીઓ આવે છે ને ઘણી જાતની, એ બધી થતી હતી, બનાવતા'તા. પાણીના મોટા, શું કહેવાય ઈ? કાચના બાટલા, મોટા બાટલા. ચોખ્ખા પણ અડવા નો દે કોઇને હોં. એની દવાઓ હોયને. એણે વરસીતપ કર્યો હતો. વરસીતપને પારણે અમે ત્યાં રાજકોટ હતા. (**શ્રોતા** : વરસીતપ એટલે આકુળતા?) જેણે આત્મા આનંદ છે એવું જાણ્યું નથી ભાળ્યું નથી, એ ઠરે ક્યાં? (રાગમાં) એક નીચે બેસતા પણ ધ્યાન રાખે છે કે ભાઇ, આ મારે બેસવું છે, આંહી તો કાંકરા છે? કાંટા છે? રૂચિ છે

તો ધ્યાન રાખે છે ને હેઠે એનું, એમાં જેમાં બેસવું છે એ ચીજ કોણ છે? જેમાં ઠરવું છે જેમાં જાવું છે જેમાં આત્માની રમતું માંડવી છે, ઇ કોણ છે ?પણ ઇ. શેઠ! આહાહા! એ ચીજના આનંદના ભાન વિના એની જે ક્રિયા છે એ બધી આકુળતાજન્ય છે. કો સમજાણું કાંઇ?

વરસીતપ તો આપણે ઘણો સ્થાનકવાસીમાં રિવાજ ઘણો, ઘણાને નહિં પ્રેમચંદભાઇ? (**શ્રોતા** : મોટા બા એ કર્યા'તા, બે યે કર્યા'તા) બે યે કર્યા'તા? કંકુબેને કર્યા'તા. (**શ્રોતા** : હા ને રંભાબાએ) તમારી બેને? એ તો રિવાજ છે, સંપ્રદાયમાં છે ને? વજુભાઇ. કર્યો'તો? ઘરે કર્યા'તા કે નહિં? વરસીતપ નથી કર્યો? કોક બાયડીયું તો કરે, ધર્મનો પ્રેમ હોય ને, વરસીતપ ને, આતમતપ નહિં ને? આહાહા! જે ચીજ જ દૃષ્ટિમાં અને એ ચીજની દોલત દેખી નથી. આહાહા! ભગવાન આત્માની ચીજમાં દોલત શું છે? પૂંજી શું છે? લક્ષ્મી શું છે? આહાહા! એમાં જ્ઞાન અને આનંદની લક્ષ્મી છે. એ લક્ષ્મીને ભાસ્યા, દૃષ્ટિમાં ભાસ્યા વિના, એનું જ્ઞાન વિના એમ, શેમાં એ ઉભો રહીને કરશે તપસ્યા? એ તો રાગ કરશે. આહાહા! અહીંયા આવ્યું દ્દમાં આવ્યું તેથી તેની દુ:ખ પરંપરા ચાલુ જ રહે છે. આહાહા! આનંદનો નાથ જ્યાં નજરે નથી આવ્યો.

અતીન્દ્રિય આનંદનું અસ્તિત્વ એ આત્મા. એમાં રાગનું અસ્તિત્વ ને એ કાંઇ આત્મા નહિં. હેં? આહાહા! એવો ભગવાન આત્મા, અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા, અરે એની કિંમત નથી એને. બહારમાં એ ગોતે છે સુખ, પણ જ્યાં સુખ છે ત્યાં એ માનતો નથી, અને નથી ત્યાં એ સુખ માને છે. હવે આ તે શું કરવું તે કહો. આહાહા! સુખનું ધામ પોતે છે. સચ્ચિદાનંદ અતીન્દ્રિય આનંદનો ધામ ભગવાન આત્મા છે. અરે કેમ બેસે? એક બીડી મળે સારી ને સિગારેટ ત્યાં ખુશી થઇ જાય. આહાહા! એક રૂપાળું ઘર રંગરોગાન કરીને હોય, દેખતા આંખ્યું ઠરે એને આ ભગવાન કેમ દેખાય? હેં? આહાહા!

એક પાંચ પચાસ હજાર પેદા થાય, દરેડો પડતો હોય દરરોજનો, એને દેખાવા મન જો રોકાય ભગવાન, એને આત્મામાં આનંદ છે એ કે'દિ જોવે ઇ? આહાહા! સમજાણું કાંઇ? કહે છે, એ આત્મા જે આનંદ સ્વરૂપ છે તેનું જ્ઞાન, આ આનંદ છે એનું જ્ઞાન, એ જ્ઞાન થયા વિના જેટલી તપસ્યાઓ અને વ્રત આદિ કરે, એ બધા વિકલ્પની આકુળતા અને દુ:ખની પરંપરા ચાલુ છે. એની દુ:ખની પરંપરા તૂટી નથી, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઇ? સુજાનમલજી! (**શ્રોતા** :અમારા લડકાની વહુ કરે છે અત્યારે) કરે છે? (**શ્રોતા** : અત્યારે ચાલુ છે) અત્યારે ચાલુ છે. (**શ્રોતા** : ભૂમિકા સાફ છે.)

ધૂળમાંય નથી ભૂમિકા. આહાહા!

જે ભૂમિકામાં બીજ રોપવું છે, એ ભૂમિ કેવી છે? સમ્યગ્ રૂપી બીજ, ચૈતનમૂર્તિ ભગવાન આનંદ સ્વરૂપ, એમાં એને સમ્યગ્દર્શનનું બીજ તો ત્યાં રોપાય છે. હવે એ ચીજ તો ખબર નથી. આહાહા! એ બધા વરસીતપ કરે છ છ મહિનાના અપવાસ કરે રસ છોડે શરીર કૃશ થઈ જાય, પણ એમાં આત્મા કૃશ નહિં થાય એમાં, એની પર્યાયમાં હીણપ નહિં થાય દુઃખની. આહા! પંડિત શ્રી ટોડરમલજીએ કહ્યું છે કે, મોક્ષમાર્ગનો આધાર આપે છે, જિનમતમાં એવી પરિપાટી છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરના મતમાં એવી પરિપાટી છે કે પહેલાં સમકિત હોય, પહેલાં આત્મદર્શન હોય. આહાહા!

શુદ્ધ ચૈતન આનંદધામ, અનાકુળ શાંતરસનું ધામ ભગવાન આત્મા, એનું પહેલું સમકિત હોય, સમ્યગ્ નામ જેવી ચીજ છે તેવી એના જ્ઞાનમાં આવીને પ્રતીતિ થઈ હોય. સમજાણું કાંઈ? આહાહા! હવે સમકિત પછી વ્રત હોય. સમ્યગ્દર્શન પછી વ્રત હોય એ પણ સ્થિરતા વિશેષ થાય ત્યારે એને વ્રતનો વિકલ્પ ઉઠે. આહાહા! સમજાણું કાંઈ? અવ્રત પરિત્યજીને આવશે આગળ, નહિં? અવ્રતને છોડીને વ્રતમાં આવવું, સ્થિરતા કરીને વ્રતને છોડવું, આમાં આવશે. આહાહા! અજાણ્યો મારગ અનાદિનો, એણે મારગને દીઠો નથી. એ ક્યાં હાલે? દેખ્યા વિના ક્યાં હાલે? આહાહા! આંધળા, આંખ્યું વિનાના, એ દોડે તો ક્યાં જાય? ખાડમાં પડશે ક્યાંક, આહાહા! એમ ભગવાન આત્માની આંખ્યુ જ્યાં ખુલી નથી, જ્યાં જાવું છે ઈ મારગનું ધામ કેવું છે એ? આહાહા! 'દીઠ મગ્ગે' એવો પાઠ છે ને? શાસ્ત્રનો. મારગ દીઠો નથી, એ દીઠેલા મારગે ક્યાં જાય, એ દીઠો નથી ત્યાં. આહાહા!

પહેલાં સમકિત હોય પછી વ્રત હોય. હવે સમકિત તો સ્વરૂપનું શ્રદ્ધાન થતાં થાય છે. એ કાંઈ વ્રત અને તપને કરે તો સમકિત થાય છે એમ એ તો ક્રિયા રાગની ક્રિયા છે. આહાહા! સમજાણું કાંઈ? ભાઈ આવો આવો ઉપદેશ કેવો કહે છે. જ્યાં ત્યાં એમ સાંભળે કે અપવાસ કરવો રસ પરિત્યાગ કરવો આસન લગાવવા આમ એક પગ ઉંચો કરી ઉભા રહેવુ. આંહી અમારે કરતા ને? લીલાધરજી કરતા. લીલાધરજી કરતા. તમારે ચોરાહમાં રહેતાં બધા. અહીં અમારે બારણામાં ઉભા રહે એક પગ ઉપર. પછી સમોશરણ દેખાય છે, એમ કહે. એ તો કલ્પના કરી હોય, ભાન ક્યાં હતું કાંઈ? સમોશરણની કલ્પના કરી હોય ને કે આવું ભગવાન આવું આમ. અરે! સમોશરણમાં બિરાજતો ભગવાન દીઠો છે તેં? સમોશરણમાં એ અનંતવાર ગયો ને અનંતવાર સાંભળ્યું, સમોશરણ અનંતવાર જોયું છે ઈ. આહાહા! પણ એમાં ભગવાન બિરાજમાન સર્વજ્ઞ પરમેશ્વર, એવો જ બિરાજમાન

દેહ દેવળમાં આત્મા છે. અરે કેમ લાગે મોટી એની મોટપ કેમ બેસે ? આહાહા !

શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવાથી થાય છે. એ ભાઈએ લખ્યું છે ને ટોડરમલજીએ. સ્વરૂપ આત્માનું જે છે એનું સમ્યગ્દર્શન, સાચું અંતર સમ્યક્ સત્ જેવું છે તેવુ દર્શન શ્રદ્ધા પછી વ્રત હોય, અને એ સમ્યગ્દર્શન પામવાને તો દ્રવ્યાનુયોગનો અભ્યાસ હોય. દ્રવ્યાનુયોગ એટલે જેમાં આત્મતત્ત્વનું વિશેષ લખાણ છે, એનો અભ્યાસ હોય. એનો અભ્યાસ કરવાથી થાય માટે પ્રથમ દ્રવ્યાનુયોગ અનુસાર દ્રવ્યને કહેનારા આત્મદ્રવ્યને કહેનારા અધ્યાત્મ શાસ્ત્રો, આહાહા ! એને અનુસાર શ્રદ્ધાન વડે સમ્યગ્દૃષ્ટિ થાય અને ત્યાર પછી ચરણાનુયોગ અનુસાર વ્રતાદિ ધારણ કરી વ્રતી થાય. લ્યો. આ તે કેવો અન્યાય કે સમ્યગ્નું ભાન ન મળે અને વ્રત અને તપ કરવા માંડયા. આહાહા !

જાવુંતું ઉગમણું છે હાલવા માંડયા આથમણું, હેં ? કારણ કે એ દિશા પર છે. રાગની ક્રિયાની દિશા તો પર ઉપર છે. આહા ! વ્રતી થાય લ્યો, પછી વ્રતી થાય. મિથ્યાદૃષ્ટિ જીવ, મિથ્યાદૃષ્ટિ જીવ એટલે જેને રાગની રૂચિ છે, પર્યાયના અંશની બુદ્ધિ છે, જેને પર નિમિત્ત ઉપરનો જેનો ભાવ રોકાયેલો છે, એ બધા મિથ્યાદૃષ્ટિ છે. ચાહે તો એ સાધુ થયો હોય, બાહ્યથી હજારો રાણીઓ છોડીને પણ અંદરમાં રાગનો વિકલ્પ ઉઠે છે, એના ઉપર જેની દૃષ્ટિ છે એ મિથ્યાદૃષ્ટિ છે, કેમ કે સાચી દૃષ્ટિવંત એવો આત્મા એની દૃષ્ટિ તો થઇ નથી. આહાહા ! એવા આત્મજ્ઞાન વિના કરોડો જન્મ સુધી તપ કરે, જેટલાં કર્મોનો અભાવ ત્યાં કરે તેટલા કર્મોનો નાશ, જ્ઞાની પોતાના મન વચન કાયાનો નિરોધ કરી ક્ષણ ભરમાં સહજ કરી દે છે. આહાહા ! સમજાણું ? નીચે છે ને ?

''કોટિ જન્મ તપ તપૈં, જ્ઞાન વિન કર્મ ઝરૈં જે, (ક્રોડ ભવ)
જ્ઞાની કે છિન્ માંહિ ત્રિગુપ્તિ તે સહજ ટરૈં તે.''

આનોય અર્થ ઉંધો કરે છે. એમ કહ્યું છે ને ? કોટિ જન્મ તપે એમાં જે જ્ઞાન વિન કર્મ ઝરે તો છે, એ તો વિપાક છે કર્મોનો, જે બધા આવે તે બધા ખરી જાય છે એનું શું ? ઇ ક્યાં એ ઝરે છે કર્મ. જ્ઞાની કે છિન્ માંહિ. કરોડ જન્મમાં તપ તપે અજ્ઞાની, એને જે પાપકર્મના રજકણો ટળે એ જ્ઞાની આત્માના આનંદમાં મશગુલ, આનંદની લહેરમાં, ભલે ગૃહસ્થાશ્રમમાં હો, પણ અતીન્દ્રિય આનંદમાં જે લીન ક્ષણમાત્રમાં રહે છે તેને કર્મ ટળે. આહાહા ! સહજ ટળે. આનંદનું સ્વરૂપ ભગવાન આત્માનું એ કર્મ ને રાગ વિનાનું છે. એના ભાનમાં રહેતાં સહેજે કર્મનો ઉદય ખરી જાય છે. સામું એની જોયું નથી, જોયું છે સામું ભગવાન સામે અંદર ? આહાહા ! અરે ! વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરો ગણધરોની

સભામાં ઉપદેશ કરતા હશે. એ કેવો બાપુ હેં? આહાહા!

જેની સભામાં સેંકડો સિંહ, સેંકડો વાઘ ને સેંકડો નાગ. આહાહા! કાળા નાગ જેને દેખતા ત્રાસ થાય, એવા સેંકડો નાગ ભગવાનના સમોશરણમાં સાંભળવા બેઠા હોય છે. આહાહા! આવી વાત કેમ બેસે? ભગવાન બિરાજે છે અત્યારે, મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર ભગવાન જીવતા સ્વામી, જીવંત સ્વામી કહ્યું છે ને? લખ્યું છે ત્યાં. ગ્યા'તા ને, કયું ગામ? બિયાના. બિયાનામાં. જીવંત સ્વામી લખ્યું છે નામ. ભગવાનની પ્રતિમાને પહેલાં એવું તો નહોતું કે આ છે ભગવાનની પ્રતિમા કે કોની? પણ અહીં સીમંધર ભગવાન સ્થાપ્યા એ વાત એને કાને ગઇ, બિયાનામાં. અમે જઇ આવ્યા છીએ ત્યાં. ભાઇ હારે હતા ને પ્રભુભાઇ, એણે સાડાત્રણ હજાર નહિં કાંઇક અભિષેક લીધો તો. એમાં એણે જોયું ત્યાં પ્રતિમા આમ આડી રાખેને હેઠે એટલે ઓલું નામ આ કોણ છે ભગવાનનું.

એ પ્રતિમા જરી આઘી કરીને જોયું. ત્યાં મૂળ પ્રતિમા ઉપર નામ જીવંત સ્વામી હતું, જીવંત સ્વામી. જીવતા સ્વામી કેમ કે મહાવીર ભગવાન આદિ ચોવીસ તીર્થંકર તો મોક્ષ પધાર્યા છે, એ કાંઇ જીવતા શરીર હવે નથી એને. આહાહા! અને ભગવાન પરમાત્મા, આહાહા! સર્વજ્ઞ દેવ સીમંધરપ્રભુ જીવતા બિરાજે છે, તેથી તેનામાં જીવંત સ્વામી લખેલું ત્યાં. તે દિ' કાંઇ આપ્યા'તા નહિં, પાંચ દસ હજાર રૂપિયા, એને કરવામાં બધું સંઘ આવ્યો છે તો. આહાહા! એમાં એની સભામાં ઈન્દ્રોની હાજરી, ગણધરોની હાજરી, વાઘ ને નાગની હાજરી, સિંહની હાજરી. આહાહા! લોકોને બેસવું કઠણ. હેં? આહાહા! એમાં ભગવાનનું આ ફરમાન હતું, એ વાત અહીંયા આચાર્ય પોતે કહી રહ્યા છે, એને આંહી ટોડરમલજી એમાંથી લઇને વાત કરે છે. આહાહા!

ભાઇ! તે તારા આત્માને જોયો નહિં, જાણ્યો નહિં, એના આનંદના સ્વાદ તે લીધા નહિં, હવે તું ક્યાં જઇશ? આહાહા! તારી ગતિ તો રાગ ને દ્વેષ ને વિકલ્પ ઉપર રહેશે. સમજાણું કાંઇ? પોપટભાઇ આવી વાતું છે આ. આહાહા! જ્ઞાની પોતાના, આહાહા! જેટલા કર્મોનો અભાવ કરે, જ્ઞાની પોતાના મન વચન ને કાયાનો નિરોધ કરી ક્ષણવારમાં સહજ કરી દે. આહાહા! મન ને વચન ને કાયાથી જુદુ જાણ્યું'તું એ મારગે ગયો અંદર. આહાહા! અંદર ઠરતાં, કરોડો જન્મમાં અજ્ઞાની જે કર્મને ન ખપાવે, ન જ ખપાવે એમાં ન જ ખપાવે એમ. આંહી તો એમ જે બિન કર્મ ઝરે છે ને હા પાડી છે ને જરી, એટલે તર્ક કરે છે. 'જ્ઞાની કે છિન્‌માંહી ત્રિગુપ્તિ તે સહજ ટરૈં' તે 'મુનિવ્રત ધાર

અનંત બેર ગ્રૈવેયક ઉપજાયો'. અરે! આત્માના ભાન વિના, અનુભવ વિના, સમ્યગ્દર્શન વિના, જૈનનો સાધુ દિગંબર, નગ્ન મુનિ વનવાસમાં અનંતવાર રહ્યો. આ વસ્ત્રવાળાની તો વાતું શું કરવી? એ તો દ્રવ્યલિંગીએ નથી. સમજાણું કાંઇ? આહાહા! કહે છે કે મુનિવ્રત ધાર અનંતબાર ગ્રૈવેયક ઉપજાયો.

માખી જેમ આંહીથી ઉડીને શું કહેવાય આ મોગ, મોગ નહિં આ પાથડો, આંહીથી ઉડીને પાથડે જાય, તે કાંઇ ઉંચી ગઇ કહેવાય? એમ જેને ક્રિયાકાંડ એવા દયા, દાન, વ્રત, તપ કર્યા એવા પુણ્યને લઇને નવમી ગ્રૈવેયક છે પાથડો મોટો. એનેય પાથડા કહે છે. નવ ગ્રૈવેયકને વૈમાનના પાથડા. ત્યાં ઉપજ્યો અનંતવાર જીવ ઉપજ્યો. સાધુ થઇ હજારો રાણી છોડી દુકાનો છોડી વેપાર ધંધા છોડી અને આત્માના ધંધામાં ગયા વિના રાગના ધંધે અનંતવાર કામ કર્યા એણે, કહે છે. આહાહા! (**શ્રોતા** : એનાથી કાંઇ તો લાભ મળેને) એનાથી લાભ મળે ઝેરનો. (**શ્રોતા** : બધાને લાગુ નથી પડતું, જેણે ન કર્યું હોય એને લાગુ પડે એમ) નો કર્યું હોય ને લાગુ પડે એટલે? બધાએ કર્યું છે અનંતવાર. એ તો અહીંયા ચાલે છે શું કીધું આ? અનંતવાર કર્યું પૂર્વે. અત્યારે અમે ક્યાં કર્યા છે? એમ કહે. વરસીતપ ને બધુ એમ કહે છે, અમે તો આ પૈસાની મમતા કરી છે અત્યાર સુધી આ. કેમ શેઠ?

આંહી તો કહે છે, પૂર્વે આ બધા જીવો, 'મુનિ વ્રત ધાર અનંતબેર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો'. એવા વ્રત પાળ્યા મહાવ્રત પાળ્યા વહેવાર સમિતિ ગુપ્તિ પાળી આહાહા! શરીરે જાવજીવનું બ્રહ્મચર્ય પાળ્યું, પણ બ્રહ્મ નામ આત્મા આનંદ એના બ્રહ્મચર્ય પાળ્યા નહિં એણે. આહાહા! સમજાણું કાંઇ? જોયું? છે? આત્મજ્ઞાન વિના, પંચ મહાવ્રત પાળીને, મુનિ થઇને, તે નવમી ગ્રૈવેયક સુધી દેવલોકમાં અનંતવાર ગયો. શેઠ તમારો આત્માય અનંતવાર ગયો એમ કહે છે. અહીં ભલે વરસીતપ ન કર્યા હોય પણ અનંત વાર..... આહાહા! પણ જરાય સુખ ન પાયો.

અરે! એ પંચમહાવ્રતના દયા, દાનના વિકલ્પો, એ બધો રાગ છે, આકુળતા દુ:ખ છે. ભગવાન આત્મા આનંદનો નાથ એમાં વિકલ્પનો અભાવ છે. આહાહા! અહો એણે જે કરવાનું એ કર્યું નહિં અને નહિં કરવાનું માંડયુ એણે. આહાહા! જરાય સુખ ન પામ્યો એમ કહે છે છે? જુઓ. નિજ આત્મજ્ઞાન વિના સુખ લેશ ન પાયો. આહાહા! આત્મ આનંદનું સમુદ્ર પ્રભુ છે. અતીન્દ્રિય આનંદનો સરોવર સાગર આત્મા છે. અરે કેમ બેસે એને? એક બીડીમાં તમાકુ જ્યારે ઓલી આવે જરીક, છીંકણી, છીંકણી. આમ

મગજ તર થઈ જાય છે. હેં? આહાહા! ક્યાં અટક્યો છે અજ્ઞાની? સવારની ચા પીવે સરખી ઉઠીને દોઢ પ્યાલો, દોઢ પાશેર. હવે સ્ફુર્તિ આવી કહે છે. (**શ્રોતા** : ચા પીવાથી સ્ફુર્તિ આવે છે) ધૂળેય સ્ફુર્તિ આવે. સાંભળવા આવ્યો હોય તો કે ભઈ ચા પીધા વિના આવ્યો છું, બરાબર ચેન પડતું નથી. ઠીક! દોઢ પાશેરનો પ્યાલો તને ચેન પાડે? અરે મુર્ખાઈના તે કાંઈ ગામ જુદા હશે? સમજાણું કાંઈ? આહાહા!

આંહી તો વાત આ છે, બાપુ! જેને ધરમ નથી થયો એ બધા અજ્ઞાનીઓ, આવા અજ્ઞાનમાં અટકીને તપસ્યાઓને વ્રત પણ પાળ્યા, એમાં કાંઈ આત્માની શાંતિ વળી નહિં. આહાહા! આ તો આવું. આ વાડામાં તો રહેવા દે નહિં હોં આવું કહે તો. આંહી તો વાડો ન મળે સંપ્રદાય ન મળે આ તો ગામડાનું પાદર છે. હેં? આહાહા! મારગ તો પ્રભુ આવો છે હોં? ભલે તને બીજી રીતે કોઈ માને અને મનાવે એ ભવ ચાલ્યો જશે, ભાઈ! આ ભવમાં કરવાનું જે છે ઈ રહી જશે. હેં? આહાહા! તો કીડીને કાગડાને મનુષ્યભવ મળ્યો નથી અને તને મળ્યો, એમાં ફેર શું પડયો? સમજાણું કાંઈ? આહાહા! શ્રીમદ્ કહયું ને?

રે આત્મ તારો આત્મ તારો (સોળ વર્ષે)
'રે આત્મ તારો, આત્મ તારો, શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ ધ્યો, આ વચનને હૃદયે લખો'.

સોળ વર્ષે કહે છે, સોળ વર્ષે. આહાહા! રે આત્મ તારો આત્મ તારો, શીઘ્ર એને ઓળખો. ભવ સીંધુના દરિયામાં ડુબકી મારતો આત્મા, એને હવે તારવાના ટાણા પ્રભુ આવ્યા તાર તું એમ કહે છે. આહાહા! શેઠ! શ્રીમદ્, સોળ વર્ષની ઉંમરે. બહુ પુણ્ય કેરા આવે છે ને? એમાં એ છેલ્લુ પદ છે.

'બહુ પુણ્ય કેરા પૂંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ભવચક્રનો આંટો નહિં એકે ટળ્યો'.

આહા! એ તો ભવના અભાવની જ વાત ઊભા થઈને કરે છે. હેં?

'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો'.

એ શુભ અને અશુભ રાગ, એ મારું કર્તવ્ય છે, એમાં ક્ષણે ક્ષણે પ્રભુ તારું મૃત્યુ થાય છે. આહાહા! ચૈતનની જીવનજ્યોતનો અનાદર થાય છે. ત્રિકાળી જીવનના

જીવનારો ચૈતનના આનંદે પ્રભુ એવા જીવના જીવનનો અનાદર થઇ અને શુભ અશુભ ભાવમાં ક્ષણે ક્ષણે ભયંકર મરણ થાય છે, કહે છે. આહાહા ! એ અપવાસના કરનારા પણ ક્ષણે ક્ષણે જીવનું મૃત્યુ કરે છે. એને એના વિકલ્પની ક્રિયામાં બહુમાન જતાં ભગવાન આનંદનો નાથ અંદર પડયો છે એનું એને બહુમાન નથી આવતું. આહાહા ! એ છે એને નકાર કરીને, આ રાગ છે એ હું છું, એ મૃત્યુ છે પ્રભુ તારું. આહાહા ! દેહના છૂટવા કાળે દેહ છૂટશે, એ તો દેહનું છૂટવું છે, પણ રાગની ક્રિયાના રસમાં પડયો પ્રભુ તારું મૃત્યુ થાય છે. આહાહા ! આવી વાત છે, ભાઇ ! હેં ? આહાહા !

ઓલું આવે છે ને ? શ્રીમદ્‌માં ક્યાંક આવે છે. ભાગ્યા મરણને જોઇને નથી આવતું ? શરૂઆતમાં ક્યાંક આવે છે. આપણને કાંઇ યાદ રહે બધુ ? હેં ? 'ભાગ્યા મરણને જોઇને હેં ? જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઇને'. આહાહા ! કાળો નાગ જ્યાં આમ દેખે ને કરડતો હોય તો, હાય હાય હવે હું નહિં જીવું. હમણાં છોકરાને કાળો નાગ કરડયો ને ? છ વર્ષનો છોકરો, કરડયો ને કરડયા ભેગુ ઝેર ચડી ગયું, નીલું. ટાંકણે દાક્તરેય નહિં, મોટરમાં નાંખીને લઇ જતા હતા, ત્યાં રસ્તામાં ખલાસ થઇ ગ્યો. હમણાં બીજા કોળીને કરડયો હતો તમારા, હેં ? પગીનો ભાઇ, મથુરનો ભાઇ, આવ્યા'તા અહીં બિચારા... અહીં મહારાજ, આંહી કરડયું'તું પણ રહી ગયો હું. સર્પ કરડયો તો અહીં અને કરડયો ભેગો વળી આહાર કર્યો, આહાર કર્યો વળી ઉલટી થઇ ગઇ અને અહીં લઇ ગયા દવાખાને. કાંઇ આપ્યા. આયુષ્ય હોય તો બચે, એમાં કાંઇ કોઇનો ઉપાય ઠરે ? આહાહા ! આવ્યા'તા બિચારા દર્શન કરવા, હું સાજો થઇને આવ્યો, મને સર્પ કરડયો. આ આંગળી એ બતાવી આંગળી.

અરે કાળા નાગ મિથ્યાત્વના કરડયા, એના ઝેરની ખબર નથી બાપુ. આહાહા ! શુદ્ધ આનંદનો નાથ જીવને આ જીવતર ચૈતનના ભાવ પ્રાણે આનંદને શ્રદ્ધા જ્ઞાનના ભાવપ્રાણે જીવનારો પ્રભુ, એવા જીવનને તે ઓળખ્યો નહિં અને એના વિના તે બધી તપસ્યાઓ આદિ કરી મુનિ થયો, એ બધા એકડા વિનાના મીંડા નીકળ્યા. આહાહા ! રણમાં પોક કોઇ તારી સાંભળે નહિં, ભાઇ ! એમ આત્માના જ્ઞાન વિનાની એ ક્રિયાઓ તારી કોઇ નહિં સાંભળે ભાઇ ! આહાહા ! સમજાણું કાંઇ ? કાંઇ સમજાણું એમ આવે છે ને ? હેં ? અરે બધું સમજે તો તો ન્યાલ થઇ જાય ને ? આહાહા ! કયા પડખે જવું ને ક્યાં પડખેથી ખસવુ, એની ખબર નથી એને. ચૈતનના પડખે થી ખસી જઇ અને પુણ્ય પાપના પરિણામની ક્રિયાના પડખે ચડી ગયો છે અનાદિથી. એ દુઃખની પરંપરામાં દુઃખ વેદી

રહ્યો છે. આહાહા ! એ પૈસાવાળા કરોડોપતિ, અબજોપતિ એ બચારા બધા દુઃખી છે. દુનિયા પાગલ, એને સુખી કહે. સમજાણું કાંઇ ? લ્યો પોપટભાઇ ! આ તમને બધાને સુખી કહે, કરોડપતિઓ આ બેઠા છે. આ શેઠીયા, કરોડપતિ રહ્યાને, આ રહ્યા ને આ રહ્યા. એ કોણ વઇ ગયું હમણાં. બીજા હતા ને ઘણાં. આહાહા ! ભાઇ તને સુખી કોણ કહે ? સુખ તો આત્માના આનંદમાં છે એની તો તને વાનકીનીય ખબર નથી. હેં ? આહાહા ! વાનકી મળે તો એને ખબર પડે કે આ તો આખો આત્મા આનંદ સ્વરૂપ છે. ઓહોહો ! સમજાણું કાંઇ ? એના ભાન વિના અનંતવાર મુનિ(પણું) લીધું પણ એનું ફળ સંસારમાં રખડવાનું આવ્યું. આહાહા ! અજ્ઞાની જીવની ક્રિયા સંસારને માટે સફળ છે. એ આપણે આવી ગયું છે. આત્માના જ્ઞાન અને અનુભવ વિના, સમકિત વિના, જે કાંઇ અજ્ઞાનીની ક્રિયા છે, આહાહા ! એ સંસારને માટે સફળ છે.

જે અબૂધા. મહાભાગા, સમ્યગ્દર્શન રહિત છે. આહાહા ! વીરા જે અબૂધા મહાભાગા, 'વીરા અસમંત દંશીણો' આ ગાથા છે. 'જે બુધ્ધા અબુધ્ધા મહાભાગા', જેને આત્માની ખબર નથી એવા અબુધ્ધ જીવો મહાભાગ્યવાન પુણ્યને કારણે હોય. લોકોમાં લાખોમાં પૂજાય પણ વીરા, મહિના મહિનાના અપવાસ કરે રસનો ત્યાગ કરે પણ 'અસમંત દંશીણાં'. સમ્યગ્ ચીજનું જેને દર્શન નથી, સમકિત નથી, જે 'અબુદ્ધા મહાભાગા વીરા અસમંત દંશીણો અશુદ્ધં તેસિં' સફળ હોય, એની બધી ક્રિયાનું ફળ સફળ છે એટલે કે જે ચાર ગતિમાં મળે એ જ ફળ એને મળશે. આહાહા ! કો સમજાણું કાંઇ ? સફળ કીધું ને ? સફળ છે બાપુ ફળે છે જે તને ભવ, એ ભવ ફળ્યા જ કરશે. આહાહા ! અને મોક્ષને માટે નિષ્ફળ છે. જ્ઞાનીની જે ધરમ ક્રિયા છે. આહાહા ! ધર્મી સમકિતીની આત્મજ્ઞાનની જે ક્રિયા છે, રાગના વિકલ્પ વિનાની, શુદ્ધ ચૈતનની, એકાગ્રતાની જે ક્રિયા છે એ સંસાર માટે નિષ્ફળ છે. હવે એને સંસારનું ફળ નહિં મળે, એને રખડવાનું ફળ નહિં મળે હવે. આહાહા ! અને મોક્ષને માટે (સફળ છે) સફળ છે. મોક્ષને માટે ધર્મીની ક્રિયા સફળ છે. સમ્યગ્દર્શન જ્ઞાન ને ચારિત્ર આત્માનું ધ્યાન અને લીનતા એ મોક્ષને માટે સફળ છે, એને અલ્પકાળમાં મુક્તિ થશે. આહાહા ! આવી વાત છે. છે એમાં પોપટભાઇ ! હેં ? આહાહા !

સારી કન્યાને સારા પૈસાવાળાનું નારિયેળ આવતું હોય તે નારિયેળ પહેલું માને. હેં ! છોકરો કાંઇ ઠીક હોય, ભણેલો ને ક્યાં ગયા કાંતિભાઇ ? આ રહ્યા, પણ એ તો લાખોપતિ હતા અને ભણેલ ને નોકરી, કન્યા આવતી પણ સાધારણ ઘરની આવતી એટલે એના બાપ કહે અમારા ઘર પ્રમાણે નથી, ન લીધી. બે વરસ પછી વળી બીજી કન્યા

સારા ઘરની આવી, તો ભાઈ કહે કે મારો હમણાં વિચાર નથી. એમ કરતાં આવી ગયા બ્રહ્મચારી. હેં! આ તો ભગવાનના ઘરના નોતરા આવ્યા છે. આ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કર પ્રભુ! તારું નોતરું આંહી છે. હેં? આહાહા! પંદરસોનો પગાર હતો આમ પ્લેનમાં માસિક પંદરસો. છોડી દીધું. બે વરસ નોકરી કરી. મહિનાના પંદરસો પગાર, પ્લેનમાં હતા, પ્લેનમાં હતા ત્યારે આવતા સંભાળ કરવા. ચડાવાને કરવા બધાને. મુંબઈથી જ્યારે બેસીએ, ત્યારે ઓલી ટોપી નાંખીને આવે. ઓલો ટોપલો આમ. એનો ટોપો હોય ને કાંઈ? અરેરે! એ શું ચીજ છે બાપુ! જ્યાં ત્રણ લોકનો નાથ આનંદનો સાગર પડયો છે, એની કિંમત કરતાં જગતની કિંમત બધી ઉડી જશે તને. આહાહા! સમજાણું કાંઈ? એ તપસ્યા કરનાર બહિરાત્મા અને અંતરાત્મા શું કરે તે કહે છે હવે. એ બહિરાત્મા અને અંતરાત્મા શું કરે?

એ બેતાલીસ ગાથામાં કહેશે....

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

**ચૈતન્યમૂર્તિ આત્મા પરમાનંદ સ્વરૂપ છે, તેના ધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે. આહાહા! આકરી વાત છે ભાઈ! અશુભ રાગ તો ઘોર સંસારનું મૂળ છે જ પણ અહીં કહે છે કે આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે એટલે કે શુભભાવો અનેક પ્રકારનાં છે તે પણ ઘોર સંસારનું મૂળ છે. આત્મધ્યાન તે મોક્ષનું મૂળ છે તો તેની સામે આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે. દયા, દાન, પૂજા, પઠન, પાઠન, વ્રત આદિ અનેક પ્રકારના શુભભાવો છે તે બધાય ઘોર સંસારનું મૂળ છે.**

**દ્રવ્ય દૃષ્ટિનાં જિનેશ્વર ૬૭.**

# પ્રવચન – ૫૪

## શ્લોક – ૪૨

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૦૨.૦૨.૭૫**

**तच्च कुर्वाणो बहिरात्मा अंतरात्मा च किं करोतीत्याह –**

**शुभं शरीरं दिव्यांश्च विषयानभिवांछति ।**
**उत्पन्नात्ममतिर्देहे तत्त्वज्ञानी ततश्च्युतिम्।। ४२ ।।**

દેહાતમધી અભિલષે[1] દિવ્ય વિષય, શુભ કાય;
તત્ત્વજ્ઞાની તે સર્વથી ઈચ્છે મુક્તિ સદાય ।।૪૨ ।।

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

---

૧. અભિલષે - ઈચ્છે

**टीका**: देहे उत्पन्नात्ममतिर्बहिरात्मा । अभिवांछति अभिलषति । किं तत्? शुभं शरीरं । दिव्यांश्च उत्तमान् स्वर्गसम्बंधिनो वा विषयान् । अन्तरात्मा किं करोतीत्याह-तत्त्वज्ञानी ततश्च्युतिम् । तत्त्वज्ञानी विवेकी अन्तरात्मा । ततः शरीरादेः । च्युतिं व्यावृत्तिं मुक्तिरुपां अभिवांछति ।। ४२ ।।

તે (તપશ્ચર્યા) કરનાર બહિરાત્મા અને અંતરાત્મા શું કરે છે તે કહે છે:

**અન્વયાર્થ** : (देहे उत्पन्नात्ममतिः) દેહમાં જેને આત્મબુદ્ધિ ઉત્પન્ન થઇ છે એવો બહિરાત્મા (તપદ્વારા) (शुभ शरीरं) સુંદર શરીર (दिव्यान् विषयान् च) અને સ્વર્ગના વિષય-ભોગોની (अभिवांछति) વાંછા કરે છે અને (तत्त्वज्ञानी) જ્ઞાની અંતરાત્મા (ततः) તેનાથી એટલે શરીરાદિ અને વિષય-ભોગોથી (च्युतिम्) છૂટવાની ભાવના કરે છે.

**ટીકા** : દેહમાં જેને આત્મબુદ્ધિ ઉત્પન્ન થઇ છે તે બહિરાત્મા વાંછા કરે છે - અભિલાષા કરે છે. કોની (વાંછા કરે છે) ? શુભ (સુંદર) શરીર અને દિવ્ય એટલે ઉત્તમ સ્વર્ગસંબંધી વિષયોની (દિવ્ય વિષય-ભોગોની) અભિલાષા કરે છે.

અંતરાત્મા શું કરે છે તે કહે છે-તત્ત્વજ્ઞાની તેનાથી ચ્યુતિ વાંછે છે-અર્થાત્ તત્ત્વજ્ઞાની એટલે વિવેકી અંતરાત્મા, તેનાથી એટલે શરીરાદિથી મુક્તિરૂપ (છૂટકારારૂપ) ચ્યુતિની એટલે વ્યાવૃત્તિની વાંછા કરે છે.

**ભાવાર્થ** : શરીરાદિમાં આત્મબુદ્ધિ કરનાર બહિરાત્મા તપાદિદ્વારા સુંદર શરીર અને સ્વર્ગીય વિષય-ભોગોની વાંછા કરે છે અને ભેદજ્ઞાની અંતરાત્મા તો બાહ્ય શરીર-વિષયાદિની વાંછાથી ચ્યુત થઇ, એટલે તેનાથી વ્યાવૃત્ત થઇ, આત્મસ્વરૂપમાં ઠરવા માંગે છે.

## વિશેષ

જે અજ્ઞાની ઇન્દ્રિયોના વિષયોની અને સ્વર્ગનાં સુખની ઇચ્છાથી વ્રત-તપાદિ આચરે છે, તે તો મિથ્યાદષ્ટિ જ છે, કારણકે તેના અભિપ્રાયમાં શુભ રાગના ફલસ્વરૂપ વિષયોની જ વાંછના છે. તેનાં વ્રત-તપાદિ ભોગ હેતુએ જ છે.

''તે ભોગના નિમિત્તરૂપ ધર્મને જ શ્રદ્ધે છે, તેની જ પ્રતીત કરે છે, તેની જ રુચિ કરે છે અને તેને જ સ્પર્શે છે, પરંતુ કર્મક્ષયના નિમિત્તરૂપ ધર્મને નહિં.

...તે કર્મથી છૂટવાના નિમિત્તરૂપ, જ્ઞાનમાત્ર, ભૂતાર્થ (સત્યાર્થ) ધર્મને નથી શ્રદ્ધતો, ભોગના નિમિત્તરૂપ, શુભકર્મમાત્ર, અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે; તેથી જ તે અભૂતાર્થ ધર્મમાં શ્રદ્ધાન, પ્રતીત, રુચિ અને સ્પર્શનથી ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગ-

માત્રને પામે છે, પરંતુ કદાપિ કર્મથી છૂટતો નથી...''[૨]

જ્ઞાની તો શુદ્ધાત્મસ્વરૂપની જ ભાવના કરે છે. તે વિષય-સુખોની સ્વપ્ને પણ ભાવના કરતો નથી. તેને વ્રત-તપાદિનો શુભરાગ ભૂમિકાનુસાર આવે, પણ તેને તેની વાંછના નથી, અભિપ્રાયમાં તેનો નિષેધ વર્તે છે. જેને રાગની ભાવના જ ન હોય તેને રાગના ફલરૂપ વિષયોની પણ ઇચ્છા કેમ હોય ? ન જ હોય.

''જેમ કોઇને ઘણો દંડ થતો હતો તે હવે થોડો દંડ આપવાનો ઉપાય રાખે છે તથા થોડો દંડ આપીને હર્ષ પણ માને છે, પરંતુ શ્રદ્ધાનમાં તો દંડ આપવો અનિષ્ટ માને છે; તેમ સમ્યગ્દષ્ટિને પાપરૂપ ઘણો કષાય થતો હતો, તે હવે પુણ્યરૂપ થોડો કષાય કરવાનો ઉપાય રાખે છે તથા થોડો કષાય થતાં હર્ષ પણ માને છે, પરંતુ શ્રદ્ધાનમાં તો કષાયને હેયજ માને છે. વળી જેમ કોઇ કમાણીનું કારણ જાણી વ્યાપારાદિકનો ઉપાય રાખે છે, ઉપાય બની આવતાં હર્ષ પણ માને છે, તેમ દ્રવ્યલિંગી મોક્ષનું કારણ જાણી પ્રશસ્ત રાગનો ઉપાય ।રાખે છે, ઉપાય બની આવતાં હર્ષ પણ માને છે. એ પ્રમાણે પ્રશસ્ત રાગના ઉપાયમાં વા તેના હર્ષમાં સમાનતા હોવા છતાં પણ સમ્યગ્દષ્ટિને તો દંડ સમાન તથા મિથ્યાદષ્ટિને વ્યાપાર સમાન શ્રદ્ધાન હોય છે. માટે એ બંનેના અભિપ્રાયમાં ભેદ થયો.''[૩] ૪૨

---

**ટીકા : मतिर्देहे तत्त्वज्ञानी तच्च्युतिम्** દેહમાં જેને આત્મબુદ્ધિ ઉત્પન્ન થઇ છે, તે હું. અરે અંદર ભાવ ઇન્દ્રિય જે છે ખંડ ખંડ, એ હું. એ પણ દેહાત્મ બુદ્ધિ છે. આ મહાવ્રતને પાળે છે ને ? કે એ છે તો ક્યાં છે એને અત્યારે મહાવ્રત ? મિથ્યાદ્રષ્ટિ છે ને મહાવ્રત નથી. એ મહાવ્રતે ક્યાં છે વહેવારના ઠેકાણા. પણ જેને મહાવ્રત હોય ચોખ્ખા, નવમી ગ્રૈવેયક ગયો એને મહાવ્રત બહુ ચોખ્ખા હોય છે પણ એ બધો ઇન્દ્રિયનો વિષય ને એ પોતાનું સ્વરૂપ માને છે. આહાહા ! એટલે કે ખંડ ખંડ ઇન્દ્રિયમાં જે રાગ થાય છે ને પરનું લક્ષ જાય છે, એ એને જ એ આત્મા માને છે. સમજાણું કાંઇ ?

વ્રતના વિકલ્પો જે છે, એ પણ ઇન્દ્રિયનો વિષય છે ઇ. એમ કે આ શરીરથી બ્રહ્મચર્ય પાળે, આ નાટક બાટક જોવા ન જાય, એટલો તો ઇન્દ્રિય નિગ્રહ કર્યો કહેવાયને ? અરે ભાઇ ! ઇન્દ્રિય નિગ્રહ તો એને કહીએ કે જેને અંદર ખંડ ખંડ જે ઇન્દ્રિય ભાવેન્દ્રિય એનો જે વિષય પર વસ્તુ અને એના લક્ષમાં જતાં એને રાગ થાય એ ત્રણેને

---

૨. તે ધર્મને શ્રદ્ધે, પ્રતીત, રુચિ અને સ્પર્શન કરે,
તે ભોગહેતુ ધર્મને, નહિ કર્મક્ષયના હેતુને..... (૨૭૫) (શ્રી સમયસાર ગુ. આવૃત્તિ - ગા. ૨૭૫ અને ટીકા)

૩. મોક્ષમાર્ગ પ્રકાશક - ગુ. આવૃત્તિ - પૃ. ૨૫૦-૨૫૧

ઇન્દ્રિયો કહેવામાં આવી છે. હેં? ૩૧ગાથા. ચૈતન્ય ભગવાન તો અણીન્દ્રિય સ્વરૂપ છે. ભાવઇન્દ્રિય જે એક એક વિષયને જાણવાની યોગ્યતાવાળો ક્ષયોપક્ષમ એ આત્મા નહિં, એ તો પર્યાયબુદ્ધિ છે એ. આહાહા! વસ્તુ બુદ્ધિ ન આવી એમા. બહુ તત્ત્વ એવું છે. અરે! અનંતકાળથી જીવ રખડે છે.

અહીં કહે છે, દેહમાં આત્મબુદ્ધિનો અર્થ જ આ છે. પાંચ ઇન્દ્રિયો અને એનો જે વિષય, બધાને ઇન્દ્રિય કહેવામાં આવે છે. આહાહા! આ સાંભળવાનો શબ્દ એ પણ ઇન્દ્રિયનો વિષય છે. એ ઇન્દ્રિયને વશ ન થતાં એ ખંડ ખંડ ઇન્દ્રિય, જડ ઇન્દ્રિય ને એના વિષયો એના તરફની બુદ્ધિ રૂચી છોડીને અણીન્દ્રિય એવો જે ભગવાન આત્માનો સ્વભાવ, એને જે દૃષ્ટિમાં લઇ અને એ ખંડ ઇન્દ્રિય ને વિષયો એનાથી તેને અધિક નામ જુદો જાણે, ત્યારે એણે દેહની ઇન્દ્રિયોને જીતી એમ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઇ? એમ કે આ બાયડી છોકરાં છોડે ઉના પાણી પીવે લોચ કરાવે ઉઘાડા પગે હાલે સ્ત્રીનું પુરુષ સેવન ન કરે ને પુરુષનું સ્ત્રી સેવન ન કરે, એમાં કાંઇ છે કે નહિં? એમાં કાંઇ નથી, બાપુ! આત્મા નથી એમાં. સમજાણું કાંઇ?

એ ઇન્દ્રિયો જડ એ શરીરના અવયવો, ભાવ ઇન્દ્રિય જે ખંડ, એ અખંડ જ્ઞાનનો અંશ જુદો અને એના વિષયો બાહ્ય શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ બધાને ઇન્દ્રિય કીધી છે, એટલે ખરેખર તો એ શરીરના અવયવો જેમ ઇન્દ્રિય છે, એમ બધા એ અવયવો શરીરના છે. આહાહા! ગજબ વાત છે, ભાઇ! શાંતિભાઇ! આવું. લોકોને એમ કે બહારના ત્યાગ કરે ઉઘાડા પગે હાલે ઉના પાણી પીવે અરે! એ તો મિથ્યાદૃષ્ટિ અનંત અભવીએ એવું અનંતવાર કર્યું છે, એવી તો અત્યારે ક્રિયાએ નથી. નગ્ન મુનિઓને પણ એવી ક્રિયા નથી તો આ લૂગડાં વાળાને તો હોય શેની? આહાહા! સમજાણું કાંઇ?

આંહી કહે છે કે, દેહમાં જેની આત્મબુદ્ધિ છે, આત્મા જ્ઞાયકસ્વરૂપ એકલો પૂર્ણ સ્વભાવનો ભંડાર! એના ઉપર દૃષ્ટિ પડતાં એને આત્મબુદ્ધિ થાય. એ વિના રાગમાં વિકલ્પમાં ખંડ ઇન્દ્રિયમાં ને એના વિષયોમાં બુદ્ધિ થાય એ બધી દેહબુદ્ધિ છે. આહાહા! તે બહિરાત્મા વાંછા કરે છે. આહાહા! ધર્મ ચીજ એવી છે અપૂર્વ લોકોને એને સાંભળવી સમજવી કઠણ પડી ગઇ, કારણકે એવી બીજી ઉપદેશની શૈલી ઘણી એમાં સાંભળવા જાય એમાં મળે બધું ઉંધુ. સ્વરૂપચંદભાઇ! સ્વરૂપનું ન મળે. આહાહા! જેને અણીન્દ્રિય એવો ભગવાન આત્મા, એની મહાસત્તાનો જ્યાં શ્રધ્ધામાં સ્વીકાર નથી એને આત્મામાં આત્મબુધ્ધિ નથી. એને એ શરીર ને અવયવો એનાં એમાં એની બુધ્ધિ છે કે આ હું છું.

એની બહિરાત્મા વાંછા કરે, જેને પોતાનું માને એને અનુકૂળ રહેવાની વાંછા કરે. આહાહા! અભિલાષા કરે કોની? શુભ શરીર જેમ જે પોતાનું માને એને સારું કેમ મળે એવી એને અભિલાષા હોય છે. આહાહા!

શરીર સુંદર દિવ્ય ઉત્તમ સ્વર્ગ સંબંધી વિષયોની અભિલાષા, કારણકે એને તો આત્માના આનંદની તો ખબર નથી અને અતીન્દ્રિય આનંદ એ આત્મા એવી તો બુધ્ધિ છે નહિં. આહાહા! આવી બુધ્ધિને લઈને, જેને પોતાનું નથી એને પોતાનું માન્યું. દિકરો પોતાનો માન્યો, તો ઈ કેમ રહે? કેમ સુંદર રહે કેમ સગવડતા રહે, એમ માને ને? જેને પોતાનું માને, એની સગવડતા રહે એમ માને. આહાહા! એ સ્ત્રી પોતાની માની તો એને અનુકૂળતા કેમ રહે, સુંદરતા, સગવડતા કેમ રહે એવી જ અજ્ઞાનીની અભિલાષા હોય છે. ભારે કામ, ભાઈ! ભગવાન આત્મા આનંદ સ્વરૂપ છે એને તો ભૂલી ગયો ચ્યુત થઈ ગયો. હેં? ભૂલ્યો. આહાહા! અને જે શરીર જે પર છે એની સુંદરતાને ઈચ્છે, એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા! વાણી પણ સરખી નીકળે, ને હોય તો ઠીક. આહાહા! એ પણ પરની અભિલાષા - મિથ્યાત્વ છે. આહાહા! એને ઉત્તમ સ્વર્ગ સંબંધી.

આંહી તો શરીર ઠીક મળે, રહે પણ ભવિષ્યમાં પણ જે મારી ચીજ છે, એ તો સારી જ રહે ને? આહાહા! સ્વર્ગનો હું દેવ થાઉં સારી સગવડતાવાળો. આહાહા! સર્પના જેમ ઝેર ચડયા ને અસાધ્ય થઈ જાય છે. હેં? અસાધ્ય થઈ જાય, એમ જેને પર પદાર્થની અભિલાષા, એ સ્વરૂપમાં અસાધ્ય છે, એને મિથ્યાત્વના ઝેર ચડયા છે. આહાહા! સમજાણું કાંઈ? ઉત્તમ સ્વર્ગ સંબંધી વિષયોની, વિષય બાહ્યના સગવડતાવાળું શરીર મળે. ઈન્દ્રિયો, ઈન્દ્રોને શું કહેવાય? એને ઈન્દ્રાણીઓ એને ઈચ્છે, એને આત્માની ભાવના નથી, આત્મા જાણ્યો નથી એટલે ઉંડે ઉંડે એની અભિલાષા, ભવિષ્યમાં ઉત્તમ શરીર એટલે સ્વર્ગાદિ મળે એવી જ ભાવના એની હોય. આહા! કેમકે એનાથી ભેદ જે કરવો જોઈએ, એ તો કર્યો નથી. આહાહા! બહુ વાત ઝીણી ને બહુ વાત, અનંતકાળમાં નહિં કરેલી એવી વાત છે. કહે છે, ઉત્તમ અભિલાષા કરે છે, મિથ્યાદૃષ્ટિ જે શરીર ઈન્દ્રિયો અને એના વિષયો એ મારામાં ને એની બધી અનુકૂળતા રહે એવી એની અભિલાષા હોય, એ તો બહિરાત્મા છે. બહારની અનુકૂળતા માગે છે એ તો બહિરાત્મા છે. આહાહા! અંતરાત્મા શું કરે છે? બે જ વાત છે.

**तच्च कुर्वाणो बहिरात्मा अंतरात्मा च किं करोतीत्याह -**

**शुभं शरीरं दिव्यांश्च विषयानभिवांछति ।**
**उत्पन्नात्ममतिर्देहे तत्त्वज्ञानी ततश्च्युतिम्।। ४२ ।।**

**દેહાતમધી અભિલષે[૪] દિવ્ય વિષય, શુભ કાય;**
**તત્ત્વજ્ઞાની તે સર્વથી ઇચ્છે મુક્તિ સદાય ।। ૪૨ ।।**

એટલું ટૂંકુ બહુ. ભગવાન આત્મા-અંતરાત્મા-એનું જે અંતરસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન છે, એનો જેને અનુભવ થયો એટલે કે એ છે એમ જેણે સ્વીકાર્યું જ્ઞાનમાં શ્રદ્ધામાં, એમાં રાગ ને આ છે નહિં. આહાહા! અંતરાત્મા શું કરે છે? તત્ત્વજ્ઞાની તેનાથી ચ્યુતિ વાંછે છે. આહાહા! શરીર ને શરીરની વાંછા, બધાથી ખસી જાઉં, એમ જ્ઞાનીની ભાવના હોય છે. આમ તો શાસ્ત્રના જાણપણા અનંતવાર કર્યા એણે, આહાહા! પણ અંતરવસ્તુ ભગવાન પૂર્ણ શાંતરસનો સ્વભાવથી ભરેલો પ્રભુ! એના સ્વીકાર વિના બધી ક્રિયાઓ, તપસ્યાઓ બધી નિરર્થક ગઇ. સ્વભાવ માટે નિરર્થક ગઇ. ભવ ફરવા માટે સાર્થક થઇ. સમજાણું કાંઇ?

તત્ત્વજ્ઞાની તેનાથી ચ્યુતિ વાંછે છે. વિવેકી અંતરાત્મા એટલે કે શરીર ને રાગ ને ઇન્દ્રિયોના વિષયો એનાથી ભિન્ન છે એવું જે તત્ત્વજ્ઞાન, એને એ તત્ત્વજ્ઞાન થયું. એ વસ્તુ પોતે છે એ રાગને ભાવ ઇન્દ્રિય ને એના વિષયો, એનાથી ભગવાન અંતરાત્મા તદ્દન જુદો છે, એવી જેને સમ્યગ્દષ્ટિ થઇ એને અંતરાત્મા કહે છે. આહાહા! જે પોતાનું હતું એને માન્યું, બહિરાત્મા જે પોતાના નથી એને માન્યું. આહાહા! તેનાથી એટલે તત્ત્વજ્ઞાની એટલે વિવેકી અંતરાત્મા, એટલે રાગ શરીર ને વિષયો એનાથી ભિન્ન મારી ચીજ છે. આહાહા!

વીતરાગની વાણી ને વીતરાગનું શરીર એનાથી પણ હું તો ભિન્ન છું. સમજાણું કાંઇ? આરે, આવો મોંઘો ધર્મ સોંઘો કરી નાંખ્યો છે માણસોએ લ્યો. સામાયિક કરી ને પોહા કરવા ને પડિક્કમણા કરવા. ભાઇ! તને ખબર નથી, પ્રભુ! પોતે કેવડો છે? ક્યાં છે? જેને આત્મા કહીએ એ ક્યાં છે? શેમાં છે? એના હોવાપણાના ભાન વિના બહારની આવી ક્રિયાઓ અનંતવાર કરી, એને અનુકૂળતા બહારની રાખવા એ માગે છે. આહાહા! ધર્મી. આહાહા! અંતરાત્મા વિવેકી અંતરાત્મા, એમ શબ્દ વાપર્યો છે, એ મહાવ્રતના પરિણામ ઇન્દ્રિય છે. સમજાય છે કાંઇ? એ આત્મા નથી, આહાહા!

શરીરાદિથી છૂટકારારૂપ ચ્યુતિની એટલે કે વ્યાવૃત્તિની વાંછા કરે છે. સમજાવે ત્યારે એમ સમજાવે બાકી તો સ્વભાવ તરફ, ચૈતન્યના આનંદના સ્વભાવનું જ્યાં ભાન થયું એને આનંદમાં રહેવાની ભાવના હોય, બહારથી તો ચ્યુત થવાની ભાવના

૪. અભિલષે - ઇચ્છે

હોય. આહાહા ! સમજાણું કાંઇ ? જરીક લક્ષ જાય ત્યાં બહાર આવે છે. આમાં ૯૨માં છે ને ? બહારને જોવા મથે છે, અંતર જોવાનું ત્યાં રહી જાય છે. આહાહા ! ભાષા બહારમાં છે ને ? અહિંથી સામેથી આવે એટલે લક્ષ જાય ત્યાં. એ મલુકચંદ ભાઇ ! આહાહા ! એને એમેય થયું હોય, આપણે તો આ સાંભળીએ છીએ એની એ વાત આવે છે, એટલે એને નવીનતા અંદરમાં ભાસતી નથી એટલે એને ઇ ની ઇ દશાની વાત એને લાગ્યા કરે છે. આહાહા ! સમજાણું કાંઇ ?

**ભાવાર્થ :** શરીર આદિ બાહ્ય પદાર્થ બધા, એમાં આત્મબુદ્ધિ એટલે એમાં હું છું, અને એનાથી મને લાભ થશે એવી આત્મબુદ્ધિ. આહાહા ! શરીર આદિ ઇન્દ્રિયો આદિ બાહ્ય પદાર્થ આદિ. આહાહા ! એમાં જેની આત્મબુદ્ધિ એટલે કે એનાથી મને લાભ થશે. આહાહા ! એવી જેને બાહ્યમાં આત્મબુદ્ધિ છે એવા બહિરાત્મા, તપાદિ દ્વારા સુંદર શરીર તપ આદિ કરીને ભોગને ઇચ્છે છે ઇન્દ્રિયો, સમયસારમાં આવ્યું છે ને ? 'અભવી ભોગને ઇચ્છે છે' એનો અર્થ કે આત્મા આનંદ છે એવી સત્તાનું ભાન તો આત્મજ્ઞાન નથી, તેથી એ ક્રિયાકાંડના શુભભાવમાં ભોગને ઇચ્છે છે એટલે આમ ઇચ્છે કે આનાથી ભોગ મળે તો તો પાપ પણ રાગના ભોગને ઇ ઇચ્છે છે. આહાહા ! રાગના અનુભવની જ એની ભાવના છે. સમજાણું કાંઇ ?

એ તપાદિ દ્વારા વિષય ભોગોની જ વાંછા કરે છે અને ભેદજ્ઞાની અંતરાત્મા તો બાહ્ય શરીર આદિ, વિષયાદિની વાંછાથી ચ્યુત થાય છે. આહાહા ! એટલે તેનાથી વ્યાવૃત્ત નિવૃત્ત થઇ, આત્મસ્વરૂપમાં ઠરવા માંગે છે. આહાહા ! જેનાથી ભેદ કર્યો છે ઇ પરને અનુકૂળતા વાછશે શી રીતે ? કારણકે એ ચીજ જ પર છે, એનાથી મને લાભ થશે એ બુદ્ધિ તો ગઇ છે. સમજાણું કાંઇ ? આહાહા ! તે ભોગના નિમિત્તરૂપ, ધર્મ જો આવ્યું. આ ગાથા મૂકી લ્યો. એની ગાથા મૂકી છે ૨૭૫ છે ને ?

''તે ધર્મને શ્રદ્ધે પ્રતીત રૂચિ અને સ્પર્શન કરે,
તે ભોગ હેતુ ધર્મને નહિં કર્મક્ષયના હેતુ ને'' ૨૭૫ - શ્રી સમયસાર

આહાહા ! ભોગને માટે જો ઇચ્છા કરે તે તો પાપ હોય, આ તો પુણ્યની વ્યાખ્યા કરી છે. પણ એ શુભ ભાવને જ અનુભવવા માગે છે ઇ, એના ફળમાં સુખને જ અનુભવવા માગે છે. આહાહા ! જેને ઇ શુભરાગનો પ્રેમ અનુભવમાં છે, તે ભોગના જ પ્રેમને ઇચ્છે છે, એમ કહેવા માગે છે. આહાહા ! એ રાગ વિનાનું જ્ઞાન સ્વરૂપ, એનો અનુભવ કરવા માગતો નથી કારણકે એ વસ્તુની હૈયાતીનો સ્વીકાર જ જ્યાં દૃષ્ટિમાં નથી તેથી એનો અનુભવ કરવા માગતો નથી. આહાહા ! એ ગયા તમારા, હેં ? પાલીતાણા

ગયા છે, જમનાદાસભાઇ ગયા. એ પ્રશ્ન હતો એમનો. હેં ? હા, પણ એમનો પ્રશ્ન હતો. એ રાત્રે પૂછયું કે આ બ્રહ્મચર્ય આદિ પાળે એ ઇન્દ્રિય નિગ્રહ તો થાય કે નહિં ? એમ એ પૂછતા હતા. એમ લાગેને ?

(**શ્રોતા** : બધે એવું જ ચાલે છે) એ જ ચાલે છે શું થાય, અરે ઇન્દ્રિય નિગ્રહ કોને કહેવો ? ભાઇ ! જેને જડ ઇન્દ્રિય ભાવ ઇન્દ્રિય અને રાગ અને એનો વિષય. આહાહા ! બધામાંથી જેને પ્રેમ ઉડી જાય. પરના વિષયથી મને લાભ ન થાય, એવી બુદ્ધિ થાય એણે ઇન્દ્રિય નિગ્રહ કરીને, આત્મામાં ગયો છે, એમ કહે છે ઇ. સમજાણું કાંઇ ? આહાહા ! વીતરાગ માર્ગ ખાંડાની ધાર જેવો સૂક્ષ્મ છે, સુખનો છે. ફક્ત આમ ફરતાં દુ:ખ છે, આમ જતાં સુખ છે, બસ એટલી વાત છે. બહારની કોઇ પણ ક્રિયા અને વિષય, દેખતાં કે જાણતાં મને લાભ થાય, આહાહા ! એણે ઇન્દ્રિય જીતી નથી. આહાહા ! સમજાણું કાંઇ ?

એક છોકરો મરે ને બીજો છોકરો આમ દુ:ખની તૈયારીમાં, રાડા-રાડ નાંખે જગત. હેં ? ઓલા શું હતું ? પ્લેગ. શું કહેવાય ? ૭૪માં પ્લેગ નહિં ફલુ. ઇન્ફલુએંઝામાં આમ ધડાધડ મરતાં. એક ગામથી બીજા નાના ગામ, પચાસ ઘર, બે મડદાં સ્મશાનમાં પડેલાં, ૭૪ની વાત છે. નાનું ગામ, પણ બે મરી ગયેલાં ત્યાં પડેલાં, આમ નીકળ્યાં રસ્તે જાવું'તું, સમઢીયાળા નાનું ગામ પણ બે મદડાં, ઠાઠડી આમ પડી'તી. આહાહા ! એક પછી એક. કોઇ વખતે તો સ્ત્રી ને ધણી બેય એક રાતમાં મરે. ચંદુભાઇ ! તમારે ઘરે થયું હતું, કાનજીભાઇ, વીરચંદભાઇની બા ને વીરચંદભાઇના બાપ, એક રાત્રે મર્યા હતા, એક રાત્રે. બેયની ઠાઠડી સવારે કાઢી, હારે, એક હારે. વીરચંદ કાનજી, થોડા કલાક પહેલાં બેમાંથી એક, સવારમાં બેયની ઠાઠડી હારે, રાડ નાંખેને જગતમાં !

પણ આ એમાં શું છે, બાપુ ? એ તો ભિન્ન ચીજ છે, ભિન્નમાં એ વિચિત્રતા થાય એમાં આત્માને શું ? આહાહા ! જેણે એનાથી ભિન્ન આત્માને જાણ્યો, એને ભિન્ન ચીજની ક્ષણિકતાના વિચિત્રતામાં એને આત્મબુદ્ધિ થતી નથી. આહાહા ! મને હાનિ થઇ છે, એમ માનતો નથી અને સગવડતાના ઢગલા હોય તો મને લાભ થાય, એમ એ માનતો નથી. આહાહા ! એણે આત્મજ્ઞાન પરથી ભિન્ન કર્યું એ એનું સાચું તત્ત્વ છે. સમજાણું કાંઇ ? જેનાથી એણે ભિન્ન કર્યું છે, રાગથી શરીરથી એના સંયોગો ચીજથી બધી, એનું ભિન્ન કર્યુ એટલે ભિન્ન ચીજમાં વિવિધતા થાય, એ જ્ઞાનીને એનાથી શોક ને અનુકૂળતાની વિવિધતામાં હરખ થતો નથી. આહાહા ! કહેશે થોડુંક.......

**વિશેષ**

જે અજ્ઞાની ઇન્દ્રિયોના વિષયોની અને સ્વર્ગના સુખની ઇચ્છાથી વ્રત-તપાદિ આચરે છે, લોકો કહે ઇચ્છા અમારે ક્યાં છે ? ભાઇ ! જેને આત્મા રાગ વિનાની ચીજ, એવું ભાન નથી, એના જેને પોતે કરે છે, એ મારું છે, એમ માનીને કરે છે. આહાહા ! વ્રત તપ આચરે એ તો મિથ્યાદષ્ટિ છે, તેના અભિપ્રાયમાં શુભ રાગના ફળસ્વરૂપ વિષયોની જ વાંછના છે. આહાહા ! આહાહા ! આમને આમ છેતરાણો છે અનાદિથી, ટાણાં આવ્યા ત્યારે ઓળખ્યો નહિં, ટાણાં આવ્યા ત્યારે કાંઇક ને ક્યાંક પરમાં, અનુકૂળતા ને પ્રતિકૂળતામાં ઠીક-અઠીક માન્યું. સમજાણું કાંઇ ? આહાહા ! તેની રૂચિ કરે છે, તેના વ્રત-તપાદિ ભોગ હેતુ એ જ છે, એ ગાથા ૨૭૫ની લીધી, રાગનો જ અનુભવ છે, માટે રાગના જ અનુભવ માટે એની બધી ક્રિયા છે, એમ કહે છે.

ભોગના હેતુ ન હોય એ સ્વર્ગને ઇચ્છે છે, એમ નહિં પણ એને રાગની ભાવનામાં પડયો છે, એ રાગના ફળ રૂપેની જ એની વાંછા છે, સ્વરૂપ દીઠું નથી એટલે તેની વાંછા તો એને છે નહિં. આહાહા ! આવો વીતરાગ માર્ગ લોકોએ કાંઇક કાંઇક ચીજમાં ભેળવી દીધો, ભેળસેળ કર્યું. હમણાં અરબસ્તાનમાં શું થયું હતું શેઠ ? (**શ્રોતા** : કોઇ સાધન બતાઇએ) ક્યા કહતે હૈ ! (**શ્રોતા** : કોઇ સાધન બતાવો) સાધન અંતરમાં નહિં પડા હૈ સાધન ? પરસે ભિન્ન કરના વો સાધન નહિં ? પરસે એક માનના વો સાધન હૈ ? આહાહા !

અરબસ્તાનમાં હમણાં છાપામાં આવ્યું હતું, એવું કોઇ તેલ હતું. તેલમાં ભેળસેળ કર્યો, વેપારીઓએ. હશે તો ભાઇ એ બધા અરબસ્તાનના ને ? શું કહેવાય એ ? (**શ્રોતા** : અરબસ્તાન) સીદી જેવા હશે, બધા વેપારી એવા એ જાતના હોય ને ? હેં ? (**શ્રોતા** : આરબ) આરબ. એમાં આખા ગામમાં ઇ, તેલ એવું આપતા હતા કે એને ખંજવાળ ખંજવાળ ખંજવાળ ને ફોડલા થઇ જાય. આ થયું શું ? સરકારે વિચાર કર્યો કે આ કોણ કરે છે ? શું છે આ ? તપાસો. વેપારીઓ કોણ તેલ ભેળસેળ કરે છે ? કઇ ચીજમાં ? એમાં ૧૨ જણા પકડાણા, તેલમાં બીજુ તેલ નાંખતા'તાં થોડું. બીજી જાતનાં નાંખતા'તા, બારે ને ફાંસી. છાપામાં આવ્યું હતું, બારેને ફાંસી ચડાવી. અરે તમને તમારા એક સ્વાર્થના લાભ ખાતર આખા ગામને નુકશાન થાય છે એની તમે દરકાર કરી નહિં. તમારી હૈયાતી ન હોય અહિંયા. આહાહા ! તેરમો એક હતો એ પકડાણો નહોતો. એ કહે પણ એ બાર જણાને લટકાવ્યા, અરે હું પણ એવો જ છું મેં પણ એવું જ કર્યું છે હવે હું હવે

આપઘાત કરું છું, એમ આવ્યું હતું છાપામાં. આહાહા!

એ તો એવા ભાવ કર્યા હતા ત્યારે આપઘાત કર્યો છે. હેં? આહાહા! એક થોડા પૈસાની સગવડતા ખાતર, બીજાને નુકશાન ને ક્યાં ઉતારું છું એની એને ખબર નથી એને નુકશાન ન થાય (કે) થાય એ એને કારણે, પણ આના ભાવમાં? એમ અત્યારે ધર્મના બહાને કાળા બજાર કર્યા છે. એ પંચમહાવ્રતના પરિણામ તો છે ક્યાં આતો એ? દયા-દાનના પરિણામ એ બધા ધર્મ છે એ કાળાબજારમાં માન્યું છે મિથ્યાત્વમાં એ માન્યું છે. ત્યાં તો વળી સરકારે પકડીને ફાંસીએ ચડાવ્યા. મિથ્યાત્વને સેવે છે એ ફાંસીએ જ ચડેલા છે. આહાહા!

આનંદના નાથને, રાગના ભરડામાં નાંખીને એણે ફાંસી ચડાવી છે. આહાહા! મિથ્યાત્વનો રાગ. હોં! એ અસ્થિરતાનો તો જ્ઞાનીને આવશે એ તો કહેશે. આહાહા! કોઇ પણ બાહ્ય પદાર્થ. આહા! ભારે વાત ભાઇ! અહીં તો ભગવાનને ભગવાનની વાણી પણ બાહ્ય પદાર્થ છે એનાથી લાભ માને એ આત્માને પરથી ભિન્ન માનતો નથી. એ નિશ્ચય છે એમ કરીને લોકો ઉડાવે છે માળા. પણ એ સત્ય છે, બાહ્યની કોઇ પણ બાહ્ય ચીજ, એની અનુકૂળતા હોય તો મને લાભ થાય, એનો અર્થ જ અનુકૂળતા એટલે કે પરચીજથી મને કાંઇ લાભ થાય. આહાહા! મારો ભગવાન આનંદનો નાથ પૂર્ણ પડયો છે, એમાં હું એકાગ્ર થાઉં તો મને લાભ થાય, એ દૃષ્ટિ સમ્યક્ એની રહી નહિં. આહાહા !ભારે વાતુ ભાઇ આવી. સમજાણું કાંઇ ? પરંતુ કર્મના ક્ષયના નિમિત્તરૂપ ધર્મને નહિં, આહાહા! કેમકે રાગનો ભાવ વ્રત-તપનો ભાવ એ રાગ છે.

એ રાગના અનુભવમાં પડેલો એની જ ભાવના એને હોય છે, જે એના વેદનમાં આવે એની એને ભાવના છે. આહાહા! તે કર્મથી છૂટવાના નિમિત્તરૂપ જ્ઞાનમાત્ર ભૂતાર્થ ધર્મ. આહાહા! દેખો, શુભભાવ ધર્મ માનવો એ અભૂતાર્થ ધર્મ જૂઠો ધર્મ અને ભૂતાર્થધર્મ, જુઓ અહિંયા તો ધર્મમાં ભૂતાર્થ નાંખ્યું પાછું. જેઓ ભૂતાર્થ પરમાત્મા પોતે ત્રિકાળ સત્યાર્થ પ્રભુ એને આશ્રયે સમ્યગ્દર્શન થાય એ સમ્યગ્દર્શનને ભૂતાર્થ ધર્મ કીધો અહીં. આહાહા! સમજાણું કાંઇ? છે? શુભકર્મ માત્ર અભૂતાર્થ ધર્મ ને જ શ્રધ્ધે છે. આહાહા! જ્ઞાતાદૃષ્ટા એવો સ્વભાવ, એનાથી વિરુદ્ધ એવા જે દયા દાન વ્રત ભક્તિના પરિણામ એને જ એ ધર્મ માને છે. એ અભૂતાર્થ છે, તેને ભૂતાર્થ તરીકે માને છે. આહાહા! ભારે વાતું ભાઇ! એ અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે. એ ધર્મ સાચો નથી, વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાનો શુભભાવ, એ ધર્મ સાચો નથી. આહાહા! ભારે આકરું ભાઇ! એને

અજ્ઞાની શ્રદ્ધે છે કે આ સાચો ધર્મ છે. તેથી જ તેને અભૂતાર્થ ધર્મમાં શ્રદ્ધાન પ્રતીતિ રૂચિ અને સ્પર્શનથી ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગ માત્રને પામે છે. આહાહા!

એવા ભાવથી સ્વર્ગમાં, સ્વર્ગના અગવડતાના સુખને એટલે કે દુઃખને એ પામે છે. સમજાણું કાંઇ? એ તો સવારમાં આવ્યું નહોતું? શુભરાગનું ફળ કર્મફળ દુઃખ છે. એ ઇન્દ્ર થયો સમકિતી તો ઇન્દ્ર થાય આમ સામાન્ય ઇન્દ્ર ન થાય પણ અહમેન્દ્ર થાય, પણ એને આત્મા અનાકૂળ આનંદની દ્દષ્ટિ નથી એથી અભૂતાર્થ નામ શુભ ભાવને ધર્મને માનતો હતો અભૂતાર્થને અને તેથી તે દુઃખને વેદનારો છે. વ્રત ને તપના ભાવ વિકલ્પ છે, એ તો શુભરાગ દુઃખરૂપ છે. આહાહા! આવી વાત ભારે કઠણ પડે જગતને. વળી કાંઇ શુભભાવ કરશે તો આગળ જશે. હેં? કાંઇ. ભાઇ! છેતરપીંડી થઇ જાય છે બાપુ! ઇ આંહી કહે છે કે, અભૂતાર્થ ધર્મને શ્રદ્ધે છે, એ રાગની ક્રિયા જે અંદર કષાયની મંદતા એને શ્રદ્ધે છે કેમકે એના વિનાની ચીજ ભિન્ન છે, એનું તો ભાન નથી. આહાહા!

આ બધા અત્યારના ઘણાં કેટલા પંડિતો, ત્યાગીઓ એવું બોલે કે આ બધું ઉડી જાય છે. બાપુ! વહેવારની આ ક્રિયા કરીએ ને એમાંથી કાંઇ લાભ નહિં? લાભ છે સંસારનો, રખડવાનો. એય! નિર્વિકલ્પ ચૈતન્ય મૂર્તિ પ્રભુ એનો તો આદર કર્યો નહિં, એને તો પડદો નાંખ્યો આડો રાગનો, અને પડદો નાંખીને રાગની ક્રિયા મને કલ્યાણ કરશે, મોટું મિથ્યાત્વનું સેવન છે. આહાહા! રૂચિ એની રૂચિ છે, વ્રત-તપનો શુભભાવ એની એને રૂચિ એની એને શ્રદ્ધા એની એને પ્રતીત અને એનું એને સ્પર્શવું, સ્પર્શવું એટલે વેદવું. એ ગ્રૈવેયક સુધીના શરીર સુંદર અને ભોગની સામગ્રીને પામશે, આહાહા! પરંતુ કદાપિ કર્મથી છૂટતો નથી. આ ભગવાનનાં વચન છે.

કુંદકુંદઆચાર્ય ભગવાન પાસે સાંભળવા ગયા હતા એ અહીંયા આવીને આ વાત કરે છે. એની કાંઇ કિંમત નહિં? આ બિચારા બ્રહ્મચર્ય પાળે શરીરથી, ઉના પાણી પીવે જાવજીવ બાળ બ્રહ્મચારી રહે, એનો કાંઇ લાભ નહીં એને? લાભ શુભરાગનો છે, ભાઇ! આહાહા! અરે શુભરાગનું ફળ દુઃખરૂપ છે. આહાહા! અરે! આવી વાત સાંભળી જાય નહિં માણસને. આ તો પરમ સત્ય પ્રભુનું છે, સમજાણું કાંઇ? ભોગ માત્રને પામે છે. જ્ઞાની તો, ધર્મી તો શુદ્ધાત્મ સ્વરૂપની ભાવના કરે છે. એને રાગ થાય છતાં ભાવના શુદ્ધાત્માની છે. આહા! એની ભાવના નથી. તે વિષય સુખોને સ્વપ્ને પણ ભાવના કરતો નથી. આહાહા! સ્વ વિષયમાં સુખ છે એવું જેણે અનુભવ્યું છે એવો સમકિતી એટલે ધર્મી, ભલે ગૃહસ્થાશ્રમમાં હો.

કો' હરિભાઈ! આ સંભળાય છે? આ કોક દિવસ આવો છો ક્યાં તમે અહીંયા આવો છો? અહીંયા મોહનભાઈને બધા રહેતાં અહીંયા મોરબી, મોરબી બૈરા ને તો પ્રેમ છે, સાંભળે છે. બાપુ મારગ તો આવા છે. ભાઈ! એણે નિર્ણય કરવો પડશે. હોં! અરેરે! ૮૪ના અવતારમાં ભવસિંધુમાં ગોથા ખાય છે જગતે એને પુણ્યની ક્રિયામાં લલચાવીને ભવસિંધુમાં ઊંડા ઉતાર્યા છે, હેં? સમજાણું કાંઈ? આહાહા! મોહનભાઈના ભાઈની વાત છે. (**શ્રોતા :** નાનાભાઈની) નાનાભાઈની, બે તો ગુજરી ગયા અહીંયા. મોહનભાઈના (**શ્રોતા :** એમાં આ નાનો, બે ભાઈઓ છે હોં) અત્યારે એમાં આ નાનો, બે ગુજરી ગયા ત્યાં મોરબીમાં જોયા'તા, પહેલાં આવ્યા ત્યારે હતા. અરેરે!

ભગવાન આત્મા એ રાગની ક્રિયાથી ભિન્ન છે, એવા ભાન વિનાના પ્રાણી રાગના વેદનને જ ઠીક માને છે, એથી એના ફળને સ્વર્ગના સુખને એ દુઃખ છે એને ઠીક માને છે. આહાહા! ઓલું સારું લાગે બહારનું, પણ ઈ કરતાં કરતાં કાંઈક થાશે ને? કાંઈ કરતાં નથી, ઈ કરતાં કાંઈ કરે છે. (**શ્રોતા :** ઈ બધું ઊંધુ કરે છે) અરે ભગવાન! શું કરે છે, ભાઈ! ભગવાન જ્ઞાન સ્વરૂપી આનંદમૂર્તિ પ્રભુને ભૂલીને, એ રાગની ક્રિયા કરે, એ ઉલટી ક્રિયા છે બધી. આહાહા! કાંઈક કરે છે ખરું, દુઃખને કરે છે. આહાહા! વાડામાં તો કાઢી મૂકે હોં, આવું કહે તો. બાપુ મારગ તો આ છે, ભાઈ! આહાહા! એની હા તો પાડ, હા તો પાડ. પ્રભુ આત્મા એ મહાવ્રત ને દયા, દાનને તપના ભાવ, આ વરસીતપના ભાવ, બાઈયું વરસીતપ બહુ કરે છે, અત્યારે નાની-નાની જુવાન કન્યાઓમાં બાળબ્રહ્મચારી થઈ દીક્ષા બહુ લે છે, એ દખ્યામાં પડે છે બધા. આહાહા! મિથ્યાત્વની દીક્ષા છે ઈ, એય પોપટભાઈ! શેઠીયાનાં ઘરેથી વરઘોડા કાઢે, હેં? વીસ વરસની કન્યા જુવાન હોય, એ લગન કરે નહિં અને દીક્ષા લ્યે ઉના પાણી એને થાતો હશે કે નહિં કાંઈ લાભ? એ શુભભાવ સંસારમાં દાખલ કરે, એ શુભભાવને ભલો કેમ કહેવાય? આહાહા!

જ્ઞાની તો શુદ્ધાત્મ સ્વરૂપની ભાવના કરે છે. સમ્યગ્દષ્ટિ ધર્મી એ તો આત્મા પરમાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય, એની એકાગ્રતાની એને ભાવના હોય છે. છે? વિષય સુખોની સ્વપનેપણ ભાવના કરતો નથી. તેને વ્રત-તપાદિનો શુભ રાગ ભૂમિકાનુસાર આવે ખરો, ધર્મીને આત્માની શાંતિના ભૂમિકામાં પણ પૂર્ણ વીતરાગતા ન હોય એને શુભભાવ આવે ખરો, આહાહા! પણ તેને તેની વાંછના નથી. આહાહા! એ રાગની વાંછા નથી, આ તો વીતરાગ ધર્મ છે. વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરનો માર્ગ છે, એમાં રાગથી લાભ થાય એ મારગ એનો નથી. એ તો અન્યનો માર્ગ છે એને જૈન માર્ગ

સ્વીકાર્યો એણે. સમજાણું કાંઇ ? અભિપ્રાયમાં તો તેનો નિષેધ વર્તે છે. સમ્યગ્દષ્ટિ ધર્માત્માને પંચમ ગુણસ્થાન છઠ્ઠે ગુણસ્થાનાદિ વ્રતનો વિકલ્પ શુભરાગ આવે ખરો, પૂજા ભક્તિનો જાત્રાનો એવો ભાવ આવે ખરો પણ અભિપ્રાયમાં એને હેય જાણે છે, શ્રદ્ધામાં એને આદર માનતો નથી. આહાહા ! જેઠાભાઇ !

વાંછા નથી, જેને રાગની ભાવના જ ન હોય તેને રાગના ફળરૂપ વિષયોની પણ ઈચ્છા કેમ હોય ? ન જ હોય. આહા ! જેમ કોઈને ઘણો દંડ થતો હોય. મોક્ષમારગનું નાખ્યું, મોક્ષમારગ પ્રકાશક ટોડરમલ એમનું આ નાખ્યું છે. જેમ કોઈને ઘણો દંડ થતો હોય એ થોડો દંડ આપવાનો ઉપાય રાખે, તથા થોડો દંડ આપીને હર્ષ પણ માને, પરંતુ શ્રદ્ધાનમાં તો દંડ આપવો અનિષ્ટ માને છે. તીવ્ર રાગને છોડવા મંદ રાગ હોય, પણ એને શ્રદ્ધામાં તો એને દુઃખરૂપ જાણે છે. આહાહા ! તેમ સમ્યગ્દષ્ટિ ને પાપરૂપ ઘણો કષાય થતો હતો તે હવે પુણ્યરૂપ થોડો કષાય કરવાનો ઉપાય રાખે, તથા થોડો કષાય થતાં હર્ષ પણ માને, પરંતુ શ્રદ્ધાનમાં તો કષાયને હેય જ માને. આહાહા ! ભગવાનની પૂજા આદિ ભાવ તો હોય છે, સમકિતીનેય હોય છે. જાત્રાનો ભાવ હોય છે પણ એ ભાવને તે અંદરમાં હેય માને છે, છોડવા યોગ્ય માને છે, એને આદર માનતો નથી. આવો કેવો ધર્મ ? ભાઇ ! શ્વેતાંબરમાં તો એમ કહે છે ને અમારે કહેતાને ? ભાઇ ! કેવા ? જયપુર ગુજરી ગયા નહિં ? મહાનંદ, મહાનંદ ગાતા એ ચેતનજીને ય ખબર છે.

અત્યારે પંચમકાળમાં તો આગમ ને મૂર્તિનો બે નો આધાર છે. એ ચેતનજી ! એમ કહેતાને ? આહાહા ! અરે ભાઇ ! આગમ પર વસ્તુ, મૂર્તિ પર વસ્તુ. એનો આધાર માને એ તો મિથ્યાત્વનો ભાવ છે. આહા ! (શ્રોતા : ભગવાનનો વિરહ છે એટલે શું કરે ?) હેં ? વિરહ છે માટે નહિં, એને ભાવ આવે ખરો શુભ, પણ એ શુભને હેય માને. આહાહા ! મારાથી સ્વરૂપમાં રહી શકાતું નથી તેથી આ ભાવ મારે આવે છે. પણ એને ઝેર જાણે. જ્ઞાની એને ઝેર જાણે, અજ્ઞાની એને અમૃત જાણે. આહાહા ! આવો ફેર છે. હેં ? આવું છે. કડવું વચન એને સત્‌ને કાપી નાંખે છે, એમ આ કડવી દવા છે. રાગ તે ઝેર છે દુઃખ છે જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ રાગ પણ ઝેર છે, અધર્મ છે. આહાહા ! હેં ? આવે, હોય ખરો, પણ છે એ દુઃખરૂપ.

આત્મા અમૃતનો સાગર અનાકુળ શાંતનો, એનાથી વિરુદ્ધ વૃત્તિ ઉઠી શુભરૂપ એ તો અમૃતથી વિરૂદ્ધ ઝેર છે. આહાહા ! સમજાણું કાંઇ ? કહ્યુ હતું ને એક ફેર. ઘણીવાર. ૮૫નાં પોહ મહિનામાં બોટાદમાં વ્યાખ્યાન ચાલતું હતું, કેટલા વર્ષ થયા ?

૪૬, ૮૫ નો પોહ મહિનો હતો ત્યાં તો સભા બહુ આવતી ને? કાનજીમુનિનું નામ પડે ને, માણસ મંકોડાની જેમ ઉભરાતા. તે દિ' હોં. આજ કાનજી સ્વામી વાંચવાના છે, ત્યાં તો માણસ માંય નહિં, બોટાદ ત્રણસો ઘર, અત્યારે તો કાંઈક વધી ગયા છે. અપાસરામાં માંય નહિં.

બહાર શેરી આખી ભરાય. બારી હોયને? ત્યાં વાંચવાનું હોય ને તો બારી ખુલ્લી રાખે. એમાં કહેવાણું કે ભાઈ, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય, એ ભાવ ધર્મ નહિં. ધર્મથી બંધ પડે નહિં, ને બંધ પડે તે ભાવ ધર્મ નહિં. એય, ત્યારે તો એમાં હતાં ને? ૪૬વર્ષ પહેલાંની વાત છે. રતીભાઈ! રાયચંદભાઈ ગાંધી, બધા શેઠીયાઓ ૫૦-૫૦હજારની જેની પેદાશ હતી, બધાં બેઠા હોય ત્યાં, કોઈને શંકા ન પડે કે મહારાજ કે' છે, પણ જોડે એક જગજીવન બેઠો તો, એ કહે વોસરે. વોસરે, વોસરે સમજતે હેં ન? આ ન જોઈએ બસ આ.

બે વાત કરી હતી. ભાઈ! જે ભાવે બંધ પડે ને તીર્થંકરનો, આહાહા! એ ભાવ ધર્મ નહિં, ''ધર્મથી બંધ પડે નહિં, ને જે ભાવે બંધ પડે તે ધર્મ નહિં'' અને પંચમહાવ્રતના પરિણામ તે આશ્રવ છે, ધર્મ નહિં. એમ કહ્યું હતું તે દિ'. ૪૬ વર્ષ પહેલાં સાધુ બેઠાં'તા ને (**શ્રોતા :** આજે પણ એમજ કહો છો) ઈ જ કહીએ છીએ. બીજા શેઠીયાઓ બધા આખી સભા ભરાય ખીચોખીચ. રાયચંદ ગાંધી જેવા મોટા ન્યાં બેઠા હોય. મારગ આ છે, એથી વિરૂદ્ધ માને તે વીતરાગને માનતો નથી. આહાહા! વીતરાગની આજ્ઞાને માનતો નથી. એ જગજીવનજી, તમે તો ઓળખો છો કે નહિં? રાજ, એ રાજ કહેતા હતા એને. રાજા, ધાંગધ્રાના રાજા હતા ને? એને રાજ કહેતા હતા.

કેમ એને કહીએ રસ્તામાં નીકળ્યા હોય ને એમાં જ્યારે દસ્ત થાય તો ત્યાં ઊભું રહેવું પડે એને. આ ધાંગધ્રાના રાજ હતા ને? ધાંગધ્રાના, એને ઈ વ્યાધી હતી. ધાંગધ્રા નીકળે સવારી, આમ ફરવા નીકળ્યાં હોય ગામમાં. દોઢ કલાક બે કલાક થાય પણ આમ વચમાં જો એને ઝાડાની ખણહ થઈ તો ત્યાં એને ઘોડાગાડીમાં. બધું બંધ કરીને ત્યાં કરવું પડે. એમ આ અમારા જગજીવનને ખણહ થાય ત્યારે રોકી ન શકે, એને રાજ કહેતાં. એ આ જાણે છે નહિં આ? ધાંગધ્રાના જુના રહ્યાને. આ તમને ખબર છે ને?

એ રાજ બેઠા'તા વ્યાખ્યાનમાં, ને આ વાત નીકળી. ઊભા થઈ ગયા. 'વોસરે વોસરે' આ ન જોઈએ અમારે. ઠીક બાપુ કીધું, પછી પૂરું થયા પછી કીધું. પણ તમે શું કીધું એ ખબર છે? લોકો જાણે છે. તમે શું કીધું કે તમારે ઓલા મુલચંદજીને સારું

લગાડવા અહીં કીધું કે મેં એનો અનાદર કર્યો'તો, પણ બેસી રહેવું તું ને ન બેસે તમને તો કીધું, વીર્યહીન હતાં નહોતું કાંઇ તમારે ન બેસે તો બેસી રહેવું'તું પણ ઊઠીને એકદમ આમ જાણે કાંઇ કર્યું. એ તો લોકોને ખબરેય નથી કે શું કીધુંતું, તમે એમ કીધું વોસરે વોસરે. આ ધર્મ, આ જાત નહિં. આહાહા ! વીર્યહીન હતા પછી બેસતા. ભાઇ ! શુભભાવ એને તો અહીંયા બંધનું કારણ કહે છે એ અભૂતાર્થ ધરમ છે. આહાહા ! સાચો ધરમ નથી. વોસરે વોસરે નહિં, ઇ ભાષા છે કાઠીયાવાડની. સાધુ પેશાબ પરઠવા જાય ને તો વોસરે વોસરે કરે, હવે અમારે આનો હક નથી. અરે પ્રભુ !

આંહી તો આચાર્ય કહે છે, એ શુભભાવ તો અભૂતાર્થ, અભૂતાર્થનો અર્થ અસત્યાર્થ થાય કે નહિં ? ઓલો કહે કે ન થાય એ શુભભાવ અસત્યાર્થ ધર્મ છે, જૂઠો ધર્મ છે. આહાહા ! આવે ખરો, પૂરણ ન હોય એને શુભભાવ પાપથી બચવા ધર્મીનેય આવે. છે તો અભૂતાર્થ છે, એને ભૂતાર્થ માને તો એની દૃષ્ટિ મિથ્યાત્વ છે.

વિશેષ કહેશે......

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

**જેને દુઃખનો નાશ કરવો છે તેણે પ્રથમ શું કરવું ? કે પર તરફના વિકલ્પો છોડી, રાગનો પ્રેમ તોડી, મતિને અંતરમાં જોડવી. વારંવાર બુદ્ધિપૂર્વક સ્વતરફ જોડાણ કરવું. પૂર્ણ જ્ઞાનાનંદ ભગવાન આત્મામાં ફરી ફરીને મતિ-શ્રુતને જોડવાં. તેથી ભ્રાંતિનો નાશ થશે, ભ્રાંતિગત અજ્ઞાનદશાનો નાશ થશે, મિથ્યાત્વનો નાશ થશે કે જે દુઃખનું મૂળ છે.**

**દ્રવ્ય દૃષ્ટિ જિનેશ્વર ૩૭**

## પ્રવચન – ૫૫

### શ્લોક – ૪૨ અને ૪૩

**સ્થળ : સુવર્ણપુરી** **તારીખ: ૦૩.૦૨.૭૫**

**तच्च कुर्वाणो बहिरात्मा अंतरात्मा च किं करोतीत्याह –**

**शुभं शरीरं दिव्यांश्च विषयानभिवांछति ।**
**उत्पन्नात्ममतिर्देहे तत्त्वज्ञानी ततश्च्युतिम्।। ४२ ।।**

દેહાતમધી અભિલષે[1] દિવ્ય વિષય, શુભ કાય;
તત્ત્વજ્ઞાની તે સર્વથી ઈચ્છે મુક્તિ સદાય ।। ૪૨ ।।

**तत्त्वज्ञानीतरयोर्बन्धकत्वाबन्धकत्वे दर्शयन्नाह –**

**परत्राहम्मतिः स्वस्माच्च्युतो बध्नात्यसंशयम् ।**
**स्वस्मिन्नहम्मतिच्युत्वा परस्मान्मुच्यते बुधः ।।४३।।**

પરમાં નિજમતિ નિયમથી સ્વચ્યુત[2] થઈ બંધાય
નિજમાં નિજમતિ જ્ઞાનીજન પરચ્યુત થઈ મુકાય ।। ૪૩ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।

---

૧. અભિલષે - ઈચ્છે; ૨. ચ્યુત - ભ્રષ્ટ

**મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।**
**મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।**
**નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।**
**ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।**
**ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....**

એનો ઉપલો પેરેગ્રાફ છે. જ્ઞાની થવું છે. ઉપલો પેરેગ્રોફ.

જ્ઞાની એટલે આત્મા - શુધ્ધ ચૈતન્ય સ્વરૂપ - આનંદ સ્વરૂપ એનું જેને ભાન થયું છે, અનુભવ થયો છે, અને આત્માની શાંતિ જેને પેદા થઈ છે, એને અહિંયા સમકિતી અથવા જ્ઞાની કહેવામાં આવે છે. એ જ્ઞાની શુધ્ધાત્મ સ્વરૂપની ભાવના કરે છે. ચૈતન્ય શુધ્ધ પૂરણ આનંદ અને પૂરણ જ્ઞાન સ્વભાવ, એવી દ્રષ્ટિ અને અનુભવ થયો તેથી એમાં રહેવાની એની એકાગ્રતા કરે છે. આ સમાધિ. ઓલા બાવા લગાડે સમાધિ ને એ બ્રાહ્મણ ને ઈ સમાધિ નહીં. એ તો બધી અસમાધિ છે. (**શ્રોતા :** જમીનમાં ખાડા ખોદીને બેસે) ખાડા ખોદીને બેસે. એ બધા અસમાધિ. આત્મા ઊંડો ઊંડો અંદર પર્યાયથી, અંદર તપાસતાં શુદ્ધ આનંદનો પત્તો લાગે, એને અહિંયા સમાધિ કહે છે. સમ્યગ્દર્શન કહે છે. સમ્યગ્દર્શન કહો કે સમાધિ કહો. આહાહા!

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે આત્મા છે, એને જોયો છે, જાણ્યો છે અને કહ્યો છે. એ આત્મા અંદરમાં પુણ્ય અને પાપના રાગ વિનાની ચીજ છે, અને સ્વભાવ થી ભરેલો અભિન્ન તત્ત્વ છે. આહાહા! એનું જેને અંતરભાન છે કે હું તો આત્મા જ્ઞાતાદષ્ટા ને આનંદ છું, એવી જેને દ્રષ્ટિ થઈ છે એ શુધ્ધાત્માના સ્વરૂપની જ ભાવના કરે છે. એ તો શુધ્ધ સ્વરૂપનું નિધાન જે નજરે પ્રતીતમાં, જ્ઞાનમાં આવ્યું છે એની એ ભાવના કરે છે. આવી વાત છે ભાઈ આ. તે વિષય સુખની સ્વપ્ને પણ ભાવના કરતો નથી. ધર્મી જીવ, વિષય છે ને. ૯૮ પાનું છે ને? ૯૮ પાનું. વિષય-સુખ જ ક્યાં છે વિષય? આહા! એ તો દુ:ખ છે. પાંચે ઈન્દ્રિયોના વલણમાં દુ:ખ છે. તેને વ્રત તપાદિનો શુભરાગ, ધર્મીને પણ વ્રત તપ ભક્તિ એવો શુભ રાગ આવે. આહા! સમજાણું કાંઈ?

બહુ ફેરફાર છે અત્યારે, ભાઈ વાતનો. વ્રત તપ એ બધો શુભરાગ છે.

ઉપવાસ કર્યો, પાંચ ઉપવાસ કરવાં ને દસ અપવાસ કરવાં, બાહ્યવ્રત કે પંચ મહાવ્રત કે એ બધો શુભરાગ છે. એ શુભ રાગ ભૂમિકા અનુસાર આવે. સમ્યગ્દર્શનમાં એની ભૂમિકા અનુસાર, શ્રાવક સાચા જે પાંચમાં ગુણસ્થાનવાળા હોય એ, જેને સર્વાર્થસિધ્ધનાં દેવને જે શાંતિ છે, એના કરતાં જેને પંચમગુણસ્થાન, શ્રાવક જેને સાચા કહીએ, વાડાનાં શ્રાવક એ કાંઈ શ્રાવક નથી. આહાહા! અંતર આનંદનો સ્વભાવ જે આત્માનો છે એ સર્વાર્થસિદ્ધના દેવ એકાવતારી છે, ક્ષાયિક સમકિતી છે કેટલાક. એને જે સુખ છે આત્માનું, એના કરતાં પાંચમાં ગુણસ્થાનવાળો શ્રાવક હોય એને અંતરના આનંદના સુખની લહેર વધારે હોય છે.

જેઠાભાઈ! આવી વાતું છે. આહાહા! (**શ્રોતા :** પછી વ્રત કે દી' પાળે?) પાળે ક્યાં? એ આવે એવો વિકલ્પ એને રાગ જાણે. આહાહા! વ્રત નિશ્ચય વ્રત તો એ છે કે શુધ્ધ આનંદ અને જ્ઞાન સ્વરૂપી પ્રભુ એની દ્રષ્ટિ ને અનુભવ થયો હવે એમાં વીંટાઈ જવું, આનંદમાં લપેટમાં વીંટાઈ જવું, એનું નામ સાચું વ્રત છે. પોપટભાઈ! કો' જેઠાભાઈ, ત્યાં તમારે નૈરોબીમાં છે આવું? સાચી વાત છે. એને પ્રેમ છે. નૈરોબીમાં છે મહાજન, આપણે નહોતા આમાં આવ્યાં'તા. મળ્યાં'તા નહીં? આમાં આવ્યા'તા. નહિં? ગઢડે આવ્યા'તા. કરોડપતિ છે. નરમ છે માણસ. ભાઈને એ તો પૈસાનો હિસાબ શું અત્યારે? શેઠ? કરોડને બે કરોડ. ધૂળ કરોડ. કાંઈ છે નહીં! આહાહા!

અનંત આનંદ અને અનંત જ્ઞાનની લક્ષ્મી જેનાં અંતર સ્વરૂપમાં પડી છે તે લક્ષ્મીનું જેણે નિધાન, મિથ્યાત્વનો નાશ કરીને સમ્યગ્દર્શનની કૂંચી વડે જેના નિધાનને ખોલી નાંખ્યા છે. આહાહા! સમજાણું કાંઈ? એને સમ્યગ્દ્રષ્ટિ કહીએ. એ તો ચોથા ગુણસ્થાનવાળો. એને જ્યારે આત્મામાં વધારે શાંતિ અને ઉગ્રતા, અંદરનો આશ્રય કરે ત્યારે વધારે શાંતિ ને સ્વાદ શાંતિનો આવે. શાંત રસ અકષાય સ્વભાવ. એને હવે વ્રતાદિનાં વિકલ્પ આવે, પણ એ શુભ રાગ છે. છે? એ વ્રત તપાદિનો શુભ રાગ ભૂમિકા અનુસાર આવે, પણ તેને તેની વાંછના નથી. આહાહા! એ રાગનો આદર નથી. આહાહા!

વીતરાગ મારગ બહુ અલૌકિક છે. જન્મ મરણ રહિતની સ્થિતિની વાત છે આ તો, એને ધરમ કહીએ. આહાહા! આત્મા અંદર અતીન્દ્રિય આનંદનો જેનો સ્વભાવ રૂપ છે. આહાહા! એનો અતીન્દ્રિય જ્ઞાન જેનો સ્વભાવ ભરેલો છે. આહાહા! કોઠીમાં જેમ દાણા પડયા હોય એમ નહિં. હેં? પણ જેમ સાકરમાં ગળપણ પડયું હોય, એમ આત્મામાં અતીન્દ્રિય આનંદ પડયો છે. આહાહા! એની જ્યારે સમ્યગ્દર્શન-ચોથું ગુણસ્થાન હજી તો શ્રાવક તો ક્યાંય રહ્યા બાપુ! અને મુનિ તો કઈ દશા, અત્યારે સાંભળવા

મળે નહીં બાપુ ! કહે છે કે, એ પાંચમા ગુણસ્થાન કે છઠ્ઠા ગુણસ્થાનમાં વ્રત તપ આદિનો શુભ રાગ ભૂમિકા અનુસાર આવે, પણ તેને તેની વાંછના નથી. સમજાણું કાંઈ ?

ક્યાં ગયા નવલભાઈ ? નથી આવ્યા ? ક્યાં ? ઠીક. આહા ! આવી વાત છે ભગવાન. એ ભૂલ્યો છે અનાદિનો. આત્માના અનુભવના સમ્યગ્દર્શન વિના જે કંઈ વ્રત અને તપનો ભાવ કરે, એ બધો રાગ દુ:ખરૂપ ભાવ છે. એને અજ્ઞાની ધર્મ માને છે. એનું નામ મિથ્યાનામ - જુઠ્ઠી દ્રષ્ટિ છે. આહાહા ! મિથ્યા દર્શન શલ્ય. ભગવાન આત્મા અનાકૂળ વીતરાગ સ્વરૂપે બિરાજમાન જિન સ્વરૂપે પ્રભુ આત્મા ! એની સન્મુખ થઈને જે શાંતિ અંતરમાં છે, જે આનંદ અંતરમાં છે, એમાં એકાગ્ર થતાં, આનંદ અને શાંતિની વેદન દશામાં અનુભવ આવે છે. આહાહા !

હવે એને પાંચમાં ગુણસ્થાનમાં પણ વેદન શાંતિનું વધી જાય અને મુનિને તો, ઓહોહો ! એ વાત તો શું કહેવી. બાપુ ! મુનિ તો પંચ પરમેષ્ઠિ માં ભળ્યા. 'નમો લોએ સવ્વસાહૂણં' જેની બાહ્ય નગ્ન દશા હોય, અંતરમાં જેને પંચ મહાવ્રત ને અઠ્ઠાવીસ મૂળગુણના વિકલ્પ હોય, પણ એ રાગ છે એમ જાણે. આહાહા ! એનાથી ભિન્ન સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદમાં કેલી કરતો એ આત્મા એમાં ઠરી શકે નહિં એટલે વિકલ્પ પંચ મહાવ્રતનાં, દયા, દાનના ભક્તિનાં આવે, પણ એનો એ આદર ન કરે ધર્મી. આહાહા ! એને હેય તરીકે જાણે. એ કહે છે, એની વાંછના નથી કરતો. અભિપ્રાયમાં તેનો નિષેધ વર્તે છે. આહાહા !

અરે ! એને ક્યાં ખબર છે વીતરાગ તત્ત્વ શું છે ? આહાહા ! ત્રણ લોકના નાથ વીતરાગ પરમેશ્વર, ઈન્દ્રોની હાજરીમાં ગણધરોની હાજરીમાં ભગવાનની વાણી નીકળે - ઓમ ધ્વનિ. ઓહો એવા અવસર પણ મળ્યા'તા અનંતવાર. શેઠ ! ભગવાનના સમોવસરણમાં અનંત વાર ગયો. આહાહા, પણ 'કેવળી આગળ રહી ગયો કોરો'. એ સજ્ઝાય છે. સજ્ઝાય માળા છે ને ચાર.આપણે અહિં છે, એ મેં તો દુકાન ઉપર મંગાવી'તી. ચોસઠ પાંસઠ છાસઠની વાત છે. સજ્ઝાયમાળા. એક એક માં અઢીસો-ત્રણસો સજ્ઝાય છે. દસ દસ લીટીની, પંદર લીટીની, કોઈ વીસની, એવી સજ્ઝાયો છે અઢીસો-ત્રણસોની એક એવી ચાર સજ્ઝાયમાળા છે. સજ્ઝાયમાળા ગ્રંથ શ્વેતાંબરમાં છે. હવે દુકાનમાં તો સ્થાનકવાસી હતાને પહેલા તો ? સ્વરૂપચંદભાઈ ! એટલે બધી મંગાવી'તી દુકાને. નાની ઉંમરમાં, ૧૮ - ૧૯ - ૨૦ વર્ષની. એમાં આવ્યું'તું આ.

બે વાત, ત્યાં આવતા વિચારમાં આવી ગઈ'તી પહેલી તે'દી. એક આ કે

'દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક પાયો, ફેર પિછો પટકયો'. એ આવ્યું પહેલું સજઝાયમાં. દ્રવ્યસંયમ એટલે આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન વિના, આ વ્રત ને તપની ક્રિયાઓ, માસ - મહિના - મહિનાના અપવાસ, બબ્બે મહિનાના સંથારા એવું અનંત વાર કર્યું. દ્રવ્યસંયમ સે ગ્રૈવેયક પાયો. નવમી ગ્રૈવેયક ગયો. ફેર પીછો પટકયો. દ્રષ્ટિ મિથ્યાત્વ હતી. એ તો રાગની મંદતાથી કોઈ પુણ્ય બાંધ્યું, પણ મિથ્યાત્વ સહિત. આહાહા! તો એવી ક્રિયા વડે ઉંચે ગયો, એવી ક્રિયા તો અત્યારે હોતી નથી. એ ન્યાંથી પડયો તે માણસમાં આવે. ન્યાંથી ઢોરમાં ને પછી નરક ને નિગોદમાં ચાલ્યો જાય. આહાહા! એ એક વાત. એક આ વાત એમાં આવી'તી તે'દી. કેવળી આગળ રહી ગયો કોરો, એવો શબ્દ છે. સ્વરૂપચંદભાઈ! કેવળી પાસે પણ ગ્યો અનંતવાર, પણ એણે શું કહ્યું એના અભિપ્રાયને અડવા ન દીધો માળે. એ સજઝાયમાળામાં આવે છે. આ તો પાસંઠ છાસઠ ની વાત છે, દીક્ષા લીધા પહેલાં.

સીત્તેરમાં દીક્ષા, એના પહેલાં પાંચ - છ વર્ષ. ઘરની દુકાન હતી ને પિતાજીની. દુકાને તે દિ' પાંસઠની સાલથી જાવજીવના ચૌવિહાર હતા. પાંસઠની સાલથી. આહાર - પાણીનો ત્યાગ ને સ્વાધ્યાય કરતાં, દુકાને બેસતાં. એમાં આ આવ્યું. કેવળી આગળ આ શું? સર્વજ્ઞ ભગવાનના સમોવસરણમાં અનંતવાર ગ્યો. આમાં આવે છે ને? ભાઈ! આપણે પરમાત્મ પ્રકાશમાં, ભવે ભવે પૂજીયો એમાં આવે છે ને આમાંય મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે. અરે, ભગવાનની વાણી સાંભળી, સમોવસરણમાં ગયો પણ રહી ગયો કોરો. શું વીતરાગ કહેવા માગે છે એવો અભિપ્રાય પકડયો નહીં એણે. આહા! એ ક્રિયાકાંડના રાગમાં રોકાઈ ગયો ને કાં ભગવાનની ભક્તિમાં રોકાઈ ગયો, એ પણ રાગ છે. સમજાણું કાંઈ? આહા! (**શ્રોતા** : અનાદિથી રાગમાં જ રોકાણો) રાગમાં રોકાણો. આહાહા!

વીતરાગ સ્વરૂપ - જિન સ્વરૂપે પ્રભુ બિરાજે છે અંદર. એનું વીતરાગ સ્વરૂપ જ આત્માનું છે. સ્વભાવ રૂપ, શક્તિ રૂપ, સત્વ રૂપ. આહાહા! એવા વીતરાગ ભગવાન આત્મા એને આ પુણ્ય અને પાપનાં રાગ સિવાયનો, જૂદો નિરાળો એણે જાણ્યો નહિં માન્યો નહિં અનુભવ્યો નહિં, આહાહા! ચાર ગતિમાં રખડયો છે. એ સર્વજ્ઞના સમોવસરણમાં ગયો, મોક્ષમાર્ગ પ્રકાશક તો એમેય કહે છે. ઓલામાં ન્યાંય એમ કહે છે, શેમાં? સમ્યગ્જ્ઞાન દીપિકા. મણીરતનના થાળ હીરાના થાળ મણી રતનના દીવા અને કલ્પવૃક્ષનાં ફૂલ. ભગવાનની પૂજા કરી. સાક્ષાત્ ત્રણલોકના નાથની. શેઠ! (**શ્રોતા** : કાળલબ્ધિ નહિં પાકી હોય) લે કાળલબ્ધિનું જ્ઞાન ક્યારે થાય? એ અમારો પહેલો સવાલ છે પહેલેથી. (**શ્રોતા** : આત્માને જાણે ત્યારે) હં.

એ સવાલ માટે દામોદર શેઠ હારે બહુ ચાલતો. ઈ શેઠ હતા ને? અમારે આગળ દસ લાખ રૂપિયા હતા તે'દિ હોં! સાઠ વરસ પહેલાં, હવે તો બધા પૈસાવાળા ઘણા થઈ ગયા કરોડપતિ. તે દિ ક્યાં હતા પૈસા? એક અહીં હતા અમદાવાદમાં, કસ્તુરભાઈને ત્યાં. એમને દસ લાખ ચાલીસ હજારની ઉપજ હતી. સાઠ સીત્તેર વર્ષ પહેલાં,એની હારે વાત થતી. એ કહે કાળે થાય કાળે થાય. પણ કાળે થાય એનું જ્ઞાન કોણ કરે? જે સમયે જ્ઞાન થાય આનંદ થાય કાળલબ્ધિની. એની ધારણા કરવી છે કે એનું જ્ઞાન કરવું છે? (**શ્રોતા :** એનું જ્ઞાન કરવું છે) હે? એ વાત છે ભાઈ. એનું જ્ઞાન કરે જ્યારે દ્રવ્યનું, વસ્તુ ચૈતન્યમૂર્તિ પ્રભુ આનંદનું ધામ વીતરાગ સ્વરૂપે બિરાજમાન પ્રભુ! સ્વભાવે વીતરાગ આત્મા છે. આહાહા! એમાં એકાગ્ર થતાં, એને કાળલબ્ધિનું જ્ઞાન થાય એટલે કે આ કાળે આ થયું એવું જ્ઞાન થાય. એ કાળે ભાવ થયો એનું જ્ઞાન થાય. એ કાળે સ્વભાવની સન્મુખમાં પુરૂષાર્થ કર્યો એ સ્વભાવ ને પુરૂષાર્થ નું પણ જ્ઞાન થાય અને નિમિત્ત નો કર્મનો એટલો અભાવ અને નિમિત હોય એનું જ્ઞાન એક સાથે પાંચેનું થાય. આ મારગ બીજો છે, ભાઈ! સમજાણું કાંઈ?

તેને અભિપ્રાયમાં તેનો નિષેધ વર્તે છે. સમ્યગ્દ્રષ્ટિ ધર્મી શ્રાવક કે મુનિ કે સમક્તિી, એને એવો રાગ આવે, પૂર્ણ વીતરાગ ન હોય એથી એને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો રાગ આવે, પણ એ રાગનો નિષેધ વર્તે છે. અરે! આ હું નહીં, મારી ચીજ નહીં. મારી ચીજમાં વીતરાગતા ભરી છે. આહાહા! અરે! કેમ બેસે? રાગની ભાવના જ ન હોય. આહાહા! એ શુભ રાગ છે. વ્રત ને તપ ને ભક્તિ પૂજાનો. એને ધરમીને એની ભાવના ન હોય, છતાં નબળાઈ ને લઈને આવ્યા વિના રહે નહિં. આહાહા! તેને રાગના ફળરૂપ વિષયોની પણ ઈચ્છા કેમ હોય? એ રાગ શુભ રાગ છે, વ્રત ને તપનો. એનું ફળ તો વિષય સ્વર્ગના સુખો કે આ ધૂળના શેઠિયા કહેવાય, એના સુખો એને દેખાય. શેઠ! ધૂળના શેઠ, ક્યા કહતે હૈ?

(**શ્રોતા :** લાકડી ફેરે તો પૈસા આવે ને?) લકડી તો આ રહી. પેલી હતી ઓલી કેવી? સુખડની પછી આ વળી ભાઈ દાક્તર લાવ્યા. ચંદુભાઈ! આ તો હાથમાં પરસેવો થાય અને આને શાસ્ત્રને અડાય નહિં માટે, પણ લોકો એમ કહે છે કે લાકડી ફરે ત્યાં પૈસા થઈ જાય. આ આત્માની લાકડીની વાત છે બાપા આહીં તો! હેં? આહા! ચૈતન્ય નાથ અંદર બિરાજે છે ને પરમાત્મ સ્વરૂપે 'અપ્પા પરમઅપ્પા' પણ કેમ બેસે? એ વસ્તુ સન્મુખ થયો નથી, પરથી વિમુખ થવું એને ગોઠતું નથી. સ્વસન્મુખથી વિમુખ ગોઠયું છે ને પરના સન્મુખના રાગની ક્રિયા એને ગોઠી છે. આહાહા! તેને રાગના ફળરૂપ

વિષયોની ઈચ્છા કેમ હોય ? ધરમીને રાગ આવે ખરો, પણ રાગ વિનાની વસ્તુ અનુભવી છે, એથી એને રાગનો આદર હોતો નથી. આહાહા !

બહુ કામ આકરાં ! અત્યારે તો સામાયિક કરો ને પોહા કરો દીક્ષા લઈ લો મુંડાવો ન્યાં તમારું કલ્યાણ. અરે ! ધૂળે ય નહીં થાય. મરી જશે હેરાન થઈને એમાં. આહાહા ! હજી તો સમ્યગ્દર્શન શું છે એની ખબરું ન મળે. આહાહા ! અને કેમ સમ્યગ્દર્શન થાય એની રીતની પણ ખબર ન મળે. આહાહા ! સમજાણું કાંઈ ? એને વ્રતને તપ ને દીક્ષા બધી એકડા વિનાનાં મીંડા છે, બાપુ ! આકરું તો લાગે એવું છે, સંપ્રદાયની શૈલીમાં. માર્ગ આવો વીતરાગનો છે ભાઈ !

જેમ કોઈને ઘણો દંડ થતો હતો તે હવે થોડો દંડ આપવાનો ઉપાય રાખે છે. પાંચ લાખ જતા હોય તો પાંચ હજાર દઈને પણ હરખ માને કે ભઇ કદી પાંચ લાખ જાતાં હોય એ કરતાં પાંચ હજાર, પતી ગયું પાંચ હજારે પતી ગયું - દંડ આપવાનો ઉપાય રાખે તથા થોડો દંડ આપીને હરખ પણ માને, પરંતુ શ્રધ્ધાનમાં તો દંડ આપવો અનિષ્ટ માને હેં ? શ્રધ્ધાનમાં તો દંડ. આહાહા ! આવું ન હોય તો આપણે દંડ આપીએ નહીં પણ હવે શું થયું, એટલે દંડ દેવો પડે થોડો. આહાહા ! તેમ સમ્યગ્દ્રષ્ટિને, સમ્યગ્દ્રષ્ટિ ચૈતન્ય સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ, એનો જેને અંતર અનુભવ થઈને પ્રતીત થઈ છે, જોઈને જાણીને પ્રતીત થઈ છે કે આ આત્મા છે, પૂરણ શુધ્ધ ચૈતન્ય. આહાહા ! બાકી તો આમ ધૂળનાં અબજોપતિ અનંતવાર થયો, રાજા થયો, રંક થયો, દેવ થયો. નવમી ગ્રૈવેયકે દેવ થયો. આહાહા ! અનંતવાર થયો, પણ આત્માના શુધ્ધ સ્વરૂપની એણે ઓળખાણ કરી નહીં કોઈ'દિ. સમજાણું કાંઈ ?

મારામાં સુખ છે. 'મૃગની ડૂંટીમાં કસ્તૂરી એ મૃગને એની કિંમત નથી'. આહાહા ! મૃગલાની નાભિમાં કસ્તૂરી. એને કસ્તૂરી ની કિંમત પાંદડા સૂકા જરી ખડખડે ત્યાં ત્રાસ પામે.એને ઈ કેમ ખબર પડે કે આ કસ્તૂરી મારી પાસે છે. આહાહા ! એમ અનાદિ અજ્ઞાની, જરીક એક અનુકૂળતા લાગે ત્યાં ખુશી થઈ જાય, પ્રતિકૂળતા થાય ત્યાં ખેદાઈ જાય. અરે, એને અંદર આનંદનો નાથ ભગવાન પોતે છે, એને કેમ બેસે એને ? સમજાણું કાંઈ ? ને એ આતમજ્ઞાન અને આતમદર્શન વિના બધું ફોગટ છે. રણમાં પોક મૂકે એવું છે. પોક કોઈ સાંભળે નહીં, એનું રૂદન બંધ થાય નહીં. એવી વાત છે. બાપુ ! સમજાણું કાંઈ ! અનિષ્ટ.

આ સમ્યગ્દ્રષ્ટિને પાપરૂપ ઘણો કપાય થતો હતો, તે હવે પૂણ્યરૂપ થોડો

કષાય કરવાનો ઉપાય રાખે અને થોડો કષાય થતાં હર્ષ પણ માને, પરંતુ શ્રધ્ધાનમાં તો કષાયને હેય જ માને. આહાહા! વળી જેમ કોઈ કમાણીનું કારણ જાણી વ્યાપારાદિનો ઉપાય રાખે, ઉપાય બની આવતાં હર્ષ પણ માને તેમ દ્રવ્યલિંગી જૈનનો સાધુ બહાર વેષ પહેર્યા. દ્રવ્યલિંગી જેને સમ્યગ્દર્શન ને આત્મજ્ઞાન નથી એ બધી ક્રિયા કરનારા પંચમહાવ્રત ને એ બધી દ્રવ્યલિંગી કહેવાય. આહાહા! દ્રવ્યલિંગી સાધુ મોક્ષનું કારણ જાણી પ્રશસ્ત રાગનો ઉપાય રાખે, એ શુભ રાગની ક્રિયા વ્રતને તપ, એ શુભ રાગની ક્રિયાનો ઉપાય રાખે મિથ્યાદ્રષ્ટિ. આહાહા! ઉપાય બની આવતાં હર્ષ પણ માને. એ પ્રમાણે પ્રશસ્ત રાગના ઉપાયમાં અને તેના હર્ષમાં સમાનતા હોવા છતાં સમ્યગ્દ્રષ્ટિને ને મિથ્યાદ્રષ્ટિને રાગની મંદતામાં તીવ્રતા નથી એટલો હર્ષ માને અને આ મંદતા છે એને હર્ષ માને.

સમ્યગ્દ્રષ્ટિને તો દંડ સમાન છે. ધર્મીને તે એ શુભ રાગ દંડ થયો, દંડ કર્યો. આહાહા! સમજાણું કાંઈ? અને મિથ્યાદ્રષ્ટિ ને વ્યાપાર સમાન શ્રધ્ધાન હોય છે. મિથ્યાદ્રષ્ટિ અજ્ઞાની એને એ ક્રિયા પંચમહાવ્રતની ને દયા દાન વ્રતની ક્રિયા વેપારમાં જેમ લાભ માને એમ એ લાભ માને એમાં. આહાહા! આવું શું સ્વરૂપ હશે? આવું બધું અજાણ્યું રહી ગયું હશે? આ બધા હજારો ત્યાગીઓ વાતું કરે છે. આ બધા કરે. એ પોપટભાઈ! તમારે રહી ગયું ને બધું આમ, હિંમતભાઈની હારે. એ હિંમતભાઈની હારે કરતા'તાં એ. આહાહા!

સમ્યગ્દ્રષ્ટિને દંડ સમાન. સમ્યગ્દ્રષ્ટિને શુભ રાગ આવે પણ એ દંડ સમાન એને જાણે અને મિથ્યાદ્રષ્ટિને વ્યાપાર સમાન શ્રધ્ધાન હોય છે. આપણે ધર્મનો વેપાર કરીએ છીએ. વ્રત પાળીએ અપવાસ કરીએ બધો ધર્મનો વેપાર માને છે. અને એ તો વૃત્તિનું ઉત્થાન છે, રાગ છે. આહાહા! સમજાણું કાંઈ? માટે બન્નેના અભિપ્રાયમાં ભેદ થયો. બેયના અભિપ્રાયમાં ભેદ પડયો. આચરણ તો મંદ કષાયનું સમકિતી પણ કરે, કે થાય, મિથ્યાદ્રષ્ટિ કરે ને થાય, છતાં અભિપ્રાયમાં ફેર. આહાહા! વીતરાગ એની આજ્ઞા એવી છે કે આત્માનો સ્વભાવ વીતરાગ, એનો આશ્રય લે તો વીતરાગતા પ્રગટે, એ વીતરાગ ધર્મ છે. જેટલો પરને આશ્રયે વ્રત તપનો રાગ થાય, એ ધર્મ નથી. આહાહા! તત્ત્વજ્ઞાની અંતરાત્મા છે?

૪૩. તત્ત્વજ્ઞાની એટલે અંતરાત્મા. એટલે રાગને પુણ્ય પાપની ક્રિયાના રાગથી ભિન્ન એવા ચૈતન્યનું ભાન તેને તત્વજ્ઞાની કહીએ. કેમકે તત્ત્વ શુદ્ધ છે એનું જેને જ્ઞાન છે અને અશુદ્ધ છે તેને અશુદ્ધનું જ્ઞાન છે એવા તત્ત્વજ્ઞાની અંતરાત્મા, ઈતર

બહિરાત્મામાં કર્મનું અબંધપણું અને કર્મનું બંધપણું દર્શાવી કહે છે. આહાહા!

**तत्त्वज्ञानीतरयोर्बन्धकत्वाबन्धकत्वे दर्शयन्नाह -**

**परत्राहम्मतिः स्वस्माच्च्युतो बध्नात्यसंशयम् ।**
**स्वस्मिन्नहम्मतिच्युत्वा परस्मान्मुच्यते बुधः ।।४३।।**

**પરમાં નિજમતિ નિયમથી સ્વચ્યુત[૩] થઈ બંધાય;**
**નિજમાં નિજમતિ જ્ઞાનીજન પરચ્યુત થઈ મુકાય ।। ૪૩ ।।**

**टीका** : परत्र शरीरादौ अहम्मतिरात्मबुद्धिर्बहिरात्मा । स्वस्मादात्मस्वरुपात् । च्युतो भ्रष्टः सन् । बध्नाति कर्मबन्धनबद्धं करोत्यात्मानं । असंशयं यथा भवति तथा नियमेन बध्नातीत्यर्थः । स्वस्मिन्नात्मस्वरुपे अहम्मतिः बुद्धोऽन्तरात्मा । परस्माच्छरीरादेः । च्युत्वा पृथग्भूत्वा । मुच्यते सकलकर्मबन्धरहितो भवति ।। ४३ ।।

તત્ત્વજ્ઞાની (અંતરાત્મા) અને ઇતર (બહિરાત્મા)માં (અનુક્રમે) કર્મનું અબંધપણું અને કર્મનું બંધપણું દર્શાવી કહે છે :-

**અન્વયાર્થ** : (परत्र अहम्मतिः) શરીરાદિ પર પદાર્થોમાં જેને આત્મબુદ્ધિ છે તે બહિરાત્મા (स्वस्मात्) પોતાના આત્મસ્વરૂપથી (च्युतः) ભ્રષ્ટ થઈ (असंशयम्) નિઃસંદેહ (बध्नाति) કર્મ બાંધે છે અને (स्वस्मिन् अहम्मतिः) જેને પોતાના આત્મસ્વરૂપમાં આત્મબુદ્ધિ છે તે (बुधः) અંતરાત્મા (परस्मात्) શરીરાદિ પરના સંબંધથી (च्युत्वा) ચ્યુત થઈ (मुच्यते) કર્મબંધનથી મુક્ત થાય છે.

**ટીકા** : પરમાં એટલે શરીરાદિમાં અહંબુદ્ધિ આત્મબુદ્ધિ કરનાર બહિરાત્મા, સ્વથી અર્થાત્ આત્મસ્વરૂપથી ચ્યુત (ભ્રષ્ટ) થઈને બાંધે છે - આત્માને કર્મબંધનથી બાંધે છે, નિઃસંશયપણે અર્થાત્ નિયમથી બાંધે છે-એવો અર્થ છે.

પોતાનામાં એટલે આત્મસ્વરૂપમાં અહંબુદ્ધિવાળો બુધ એટલે અંતરાત્મા, પરથી એટલે શરીરાદિથી ચ્યુત થઈને અર્થાત્ પૃથક્ થઈને મુક્ત થાય છે અર્થાત્ સર્વકર્મબંધનથી રહિત થાય છે.

**ભાવાર્થ** : બહિરાત્મા પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ ભૂલીને શરીરાદિ પર પદાર્થોમાં આત્મબુદ્ધિ કરે છે, તેથી તેને જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ થાય છે અને અંતરાત્મા શરીરાદિ પર પદાર્થો સાથેનો સંબંધ તોડી પોતાના ચિદાનંદસ્વરૂપ સાથે આત્મબુદ્ધિપૂર્વક સંબંધ જોડે છે, તેથી તે

૩. ચ્યુત - ભ્રષ્ટ

કર્મબંધનથી છૂટી જાય છે. [redacted]

અજ્ઞાનતાવશ જીવ શરીરાદિ પર પદાથોમાં અહંબુદ્ધિ, મમકાર બુદ્ધિ, કર્તા-ભોક્તાબુદ્ધિ આદિ કરી, રાગ-દ્વેષ કરે છે અને રાગ-દ્વેષના નિમિત્તે તેને કર્મનો બંધ થાય છે. બાહ્ય પદાર્થો બંધનું કારણ છે જ નહિં. તેમાં મિથ્યા-ભ્રાન્તિજનિત મમત્વભાવ એ જ સંસાર-બંધનું કારણ છે. અજ્ઞાનીને પોતાના ચૈતન્યસ્વરૂપની અસાવધાની છે, તેથી તેને પર પદાર્થોમાં આત્મ-ભ્રાન્તિ ચાલુ રહે છે અને તેના ફલરૂપે કર્મબંધ પણ થયા જ કરે છે.

જ્ઞાનીને રાગ-દ્વેષાદિ અને આત્મસ્વભાવનું ભેદ-વિજ્ઞાન છે, તેથી તેને ઉપયોગમાં રાગ સાથે એકતા નહિં હોવાથી તે અબંધ છે.

''બંધોના સ્વભાવને અને આત્માના સ્વભાવને જાણીને બંધો પ્રત્યે જે વિતક્ત થાય છે તે કર્મોથી મુકાય છે.''[૪]

જ્ઞાની પોતાના સ્વરૂપમાં સ્થિત છે એટલે સ્વસમય છે અને પર પદાર્થો પ્રત્યેના રાગાદિ ભાવોથી મુક્ત છે. તેથી તેને કર્મ-બંધ નથી. અજ્ઞાની આત્મસ્વરૂપથી ચ્યુત છે અર્થાત્ પર પદાર્થોમાં આત્મબુદ્ધિએ સ્થિત છે એટલે પર સમય છે અને રાગાદિ ભાવોથી યુક્ત છે, તેથી તે કર્મોથી બદ્ધ છે. ૪૩.

## પ્રવચન - ૫૫

**ટીકા** : પરમાં એટલે શરીર વાણી મન સ્ત્રી કુટુંબ પરિવાર પુણ્યને પાપ એમાં (આ આદિમાં એ શબ્દ છે), એમાં જેની અહંબુધ્ધિ છે, જેને આત્મબુધ્ધિ કરનાર બહિરાત્મા. આહાહા! એટલે પુણ્ય ને પાપ, શુભ અને અશુભ ભાવ એ આત્મામાં નથી, સ્વભાવમાં નથી એ બહિર છે એને પોતાના એ માને છે, એ બહિરાત્મા. એ સ્વથી, આત્મસ્વરૂપથી ચ્યુત (ભ્રષ્ટ) થઈને બાંધે છે. આહાહા! એ આત્મા, આનંદ ને જ્ઞાન સ્વરૂપ એને ન માનતાં, રાગની ક્રિયા તે મારી અને એનાથી મને કલ્યાણ થશે એવું માનનાર સ્વરૂપથી ચ્યુત છે અને કર્મને બાંધે છે, આત્માને કર્મબંધનથી બાંધે છે. આહાહા! રાગથી પુણ્ય

૪. બંધો તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો
જે બંધમાંહી વિરક્ત થાયે, કર્મમોક્ષ કરે અહો! (૨૯૩) (શ્રી સમયસાર ગુ. આવૃત્તિ-ગા. ૨૯૩)

બંધાય, પણ બંધાય ને? આહા! ભારે આકરો મારગ. રાગનો વિકલ્પ જે છે, આ કરું ને આ પાળું ને આ કરું, એ બધો રાગ છે. એ રાગવાળો આત્માના સ્વરૂપથી ભ્રષ્ટ છે, તેથી એ કર્મ બાંધે છે. આહાહા!

સમાધિતંત્ર છે ને? બહુ ટૂંકુ. સમાધિ ને અસમાધિ બેય વાત લીધી છે. (**શ્રોતા** : સમાધિ અને અસમાધિ) આ લીધી. આહાહા! આત્મબુધ્ધિ થી કરનાર બહિરાત્મા, સ્વથી ચ્યુત તેથી બહિરાત્મા, એ રાગને પોતાનું સ્વરૂપ માનનાર, શરીરની ક્રિયા એ હું કરી શકું છું હાલવું ચાલવું આ દયા પાળવી, એવું જે પરને પોતાનો માનનાર મિથ્યાદ્રષ્ટિ. આહાહા! કર્મબંધનથી બંધાય છે. નિ:સંશયપણે નિયમથી બાંધે છે. આહાહા! છે ને અંદર? નિ:સંદેહ. આહાહા!

પર માં નિજમતિ નિયમથી સ્વ ચ્યુત થઈ બંધાય,
નિજમાં નિજમતિ જ્ઞાની જન પરચ્યુત થઈ મૂકાય.

એનો શ્લોક છે આ. એમાં આવ્યું છે. જેને જ્ઞાતા દ્રષ્ટા જ આત્મા છે, એને રાગની ક્રિયા વિનાનો એ તત્ત્વ છે, કેમકે રાગ તે આશ્રવ તત્ત્વ છે, તે આત્મતત્ત્વ નથી. પણ જે આત્માના તત્ત્વમાં નથી એને પોતાનું માનીને બહિરાત્મા એટલે બાહ્યમાં છે તેને પોતાનો માનનાર, આહાહા! નિયમથી કર્મને બંધાય છે, નિ:સંશય. આહાહા!

પોતામાં એટલે આત્મસ્વરૂપમાં અહંબુદ્ધિવાળો બુદ્ધ એટલે અંતરાત્મા (સવળું લે છે હવે) પોતામાં એટલે આત્મસ્વરૂપ આત્મસ્વરૂપ, જ્ઞાન અને આનંદ એવું આત્મસ્વરૂપ એમાં અહંબુધ્ધિવાળો બુધ્ધ તે હું એવો જ્ઞાની એટલે અંતરાત્મા, પરથી એટલે શરીરાદિથી ચ્યુત થઈને, રાગથી પણ ચ્યુત થઈને એટલે કે રાગને શરીરથી પૃથક થઈને મુક્ત થાય છે. સર્વકર્મબંધનથી રહિત થાય છે, લ્યો. આહાહા!

**ભાવાર્થ** : બહિરાત્મા એટલે કે જે અંતરમાં વસ્તુમાં પુણ્યને પાપના, વ્રત તપનો વિકલ્પ છે નહિં અંદરમાં, એને એ વિકલ્પને પોતાનો માને છે રાગને, એ બહિર બાહર ચીજને પોતાની માને છે. આહાહા! એથી એને મિથ્યાદ્રષ્ટિ ચાહે તો એ વ્રત પાળતો હોય ને બ્રહ્મચર્ય પાળતો હોય દેહથી, એ તો શુભ રાગ છે. એ ઈન્દ્રિયનિગ્રહ નથી. હેં? એ તો ભાઈને, જમનાદાસભાઈને કીધું કેમકે આ લોકો પાળે છે ને ઈન્દ્રિયનિગ્રહ કરે છે ને? ઈન્દ્રિયનિગ્રહ કોને કહેવાય એની ખબર નથી એને. શુભ અશુભ રાગથી છૂટી અને અંતરમાં રમે તેને ઈન્દ્રિયનિગ્રહ કહેવામાં આવે છે. આહાહા! વીતરાગની વાણી કંઇ

અલૌકિક જગતથી છે, ભાઈ! સમજાણું કાંઈ?

ઈન્દ્રિય એટલે આ પાંચ ધર, ભાવેન્દ્રિય અંદર એક એક. ક્ષયોપક્ષમ એક એક વિષયને જાણનાર અને એ ઈન્દ્રિયને વિષય રૂપ સ્ત્રી કુટુંબ પરિવાર દેવ ગુરૂને શાસ્ત્ર અને વાણી એ બધા ઈન્દ્રિયો છે. આહાહા! એ ઈન્દ્રિયનો નિગ્રહ ક્યારે કહેવાય? કે એ પર વસ્તુ વાણી આદિ અને રાગાદિ શરીરાદિ એ બધી ચીજો મારામાં નથી એવો અણીન્દ્રિય દ્રષ્ટિ કરે એને ઈન્દ્રિયનિગ્રહ કર્યો કહેવાય. સમજાણું કાંઈ? વ્યાખ્યા બહુ ફેર ભાઈ!

**આનંદ કહે પરમાનંદા માણસે માણસે ફેર;**
**એક લાખે તો નહીં મળે ને એક તાંબિયાના તેર.**

એમ ભગવાન કહે છે કે મારે અને તારે, બાપા, વાતે વાતે ફેર છે. આહાહા! સમજાણું કાંઈ? અંતર સ્વ સન્મુખ જતાં એને વીતરાગતા પ્રગટે અને પર આશ્રય લક્ષ જતાં એને રાગ પ્રગટે. આહાહા! એ રાગને મારો માનીને જે કરે છે એ ઈન્દ્રિયનિગ્રહ નથી, ઈન્દ્રિયની સેવા કરે છે એ. આહાહા! અરે ભગવાનનું સ્મરણ કરે, પૂજા કરે, પ્રતિમા ભગવાનની અરે! સાક્ષાત ભગવાન બિરાજતા હોય, એની સેવા કરે એ ઈન્દ્રિયની સેવા છે. આહાહા! એય સુજાનમલજી? આહાહા! પર વસ્તુ અને પરના આશ્રયે થતો રાગ અને શરીર પાંચે ઈન્દ્રિયાદિ એના બધામાંથી એનું અસ્તિત્વ દ્રષ્ટિ છોડી દઈને અણીન્દ્રિય ભગવાન આત્માની દ્રષ્ટિને અનુભવ કરે એણે ઈન્દ્રિયનો નિગ્રહ કર્યો કહેવાય. ભારે વ્યાખ્યા ભાઈ આવી. સમજાણું કાંઈ?

(**શ્રોતા :** એનો અર્થ એવો કે આત્માને જાણ્યા વિના કોઈને ઈન્દ્રિયનિગ્રહ ન થઈ શકે) ઈન્દ્રિયનિગ્રહ શેનો? ધૂળમાં, એ બધી ઈન્દ્રિયો છે રાગને. રાગ, શરીર અને શરીરના આશ્રયે થતાં ..... વસ્તુ ત્રણે. ભગવાન ત્રણ લોકના નાથ એને ઈન્દ્રિય કહે છે. વિષય ઈન્દ્રિયનો છે તે વિષય ઈન્દ્રિય છે એમ કહે છે. ૩૧ મી ગાથામાં છે. આહાહા! આવે શુભ ભાવ સમ્યગ્દ્રષ્ટિને, પણ એને હેય જાણે. આહાહા! સમજાણું કાંઈ? અરે, એને આત્મા શું વસ્તુ છે? એનામાં શું ભર્યું છે? વસ્તુ છે તેમાં અનંતાગુણો વસેલા છે. આનંદ જ્ઞાન શાંતિ સ્વચ્છતા પ્રભુતા કર્તા કર્મ કરણ સંપ્રદાન આદિ અનંત શક્તિઓ, અનંતગુણો, અનંતભાવો એમાં વસેલા છે. આહાહા! એમાં વીતરાગતા વસી છે. એની દ્રષ્ટિ કરતો નથી અને આ રાગને પરની દ્રષ્ટિ કરે છે એ બધો ઈન્દ્રિયનો નિગ્રહ નથી કરતો, ઈન્દ્રિયની સેવા કરે છે. આહાહા!

ભારે વાત ભાઈ આવી. વળી એને પાછા આ મંદિર ને મોટા મોટા છવ્વી(૨૬) લાખના મંદિર લ્યો. એય જેઠાભાઈ! એ હોય છે એને કારણે, એ કોઈ કરે માટે આ થાય છે એમ નથી, ભાઈ! એમાં ભાવ હોય તો એ શુભભાવ હોય છે, પણ એ શુભભાવ એ પુણ્યબંધનું કારણ છે. પણ પૂરણ વીતરાગતા ન પ્રગટી હોય ત્યારે આત્મભાન હોવા છતાં એ ભાવ આવ્યા વિના રહેતો નથી. આહાહા! સમજાણું કાંઈ? અજ્ઞાનીને એ ભાવ લાભદાયક માને છે, જ્ઞાની એ ભાવને હેય અને નુકશાનકારક માને છે. આટલો ફેર છે. માન્યતામાં ફેર છે. આહાહા! દિશા ફેર છે. સમજાણું કાંઈ? આમાં આવ્યા હતા તમે નહીં? પછી પાછા ગઢડેય આવ્યાં'તા. પાછા આવ્યા, ઠીક. આહાહા!

અરે! એ સત્‌ ની ખબરું ક્યાં છે? બાપુ! આહાહા! સત્‌ ભગવાન પૂર્ણાનંદનો નાથ. આહાહા! એને આશ્રયે, સ્વમાં સ્વસ્વરૂપ છે તેને આશ્રયે વીતરાગતા અને ધરમ થાય. આત્મા સિવાય પર છે એને આશ્રયે વિકલ્પ ઉઠે એ બધો રાગ છે. આહાહા! કહો ગીરધરભાઈ! આવું છે!

ભાવાર્થ: બહિરાત્મા પોતાનું શુધ્ધાત્મસ્વરૂપ ભૂલીને હું એક જ્ઞાન અને દર્શન અને આનંદ છું, એ મારું સ્વરૂપ છે, એને ભૂલીને શરીરાદિ પર પદાર્થમાં આત્મબુધ્ધિ કરે છે. શરીર રાગ ઈન્દ્રિયો પર અનુકૂળ દેખીને એ મને લાભદાયક છે, એવી આત્મબુધ્ધિ કરે છે. આહાહા! શું વીતરાગ મારગ છે! આહાહા! વીતરાગ મારગ તો એમ કહે છે અને જે વાણી નીકળે છે દિવ્ય ધ્વનિ ભગવાનની, એને જે સાંભળે છે, એને એ પર તરફના વલણવાળો રાગ થાય છે. આહાહા! એમાં એમ કહેવા માગે છે કે અમારા તરફના વલણમાં રાગ છે, તારા સ્વભાવના વલણમાં વીતરાગતા છે. આહા! એ ભગવાને સંભળાવ્યું હતું, એ દ્રષ્ટિમાં લીધું નહિં. આહાહા! તેથી ભગવાન પાસે ગ્યો તોય કોરો રહી ગયો. હેં? આહાહા!

એક માણસ કહેતો'તો કે ભઈ તમે રાજાને મળ્યો છો ?કે હા. ક્યારે? કે મારો કેસ ચાલતો હતો. ચોરી કરી'તી આગળ ત્યારે. હું (ઓલામાં ઉભો રાખે ને? ઓલામાં) પાંજરામાં ત્યારે મેં રાજાનેમળ્યો હતો. કે ભઈ! રાજા ને મળ્યો કહેવાય? કેસ ચાલતો હોય કોરટમાં ને દરબાર આવ્યા હોય, ઉભા રાખે. પાંજરુ હોય ને પાંજરુ? એમાં ઉભા રાખે. અમારે ય બન્યું છે ને એ? ત્રેસઠની સાલ. કીધું ને. ત્રેસઠ માં કેસ ચાલ્યો હતો એ અફીણનો મોટો, પાલેજમાં. ખોટો કેસ તદ્દન. દુકાન પર ઈ ઓપિયમ કહેવાય ને ઓપિયમ. એ આવ્યો તો લેવા. શું કહેવાય એ? ગોઠ ગોઠ કહેવાય. જેવા આવ્યા અને

કીધું ભાઈ આઠ આના તારા.

અમારે શું વેપારી માણસને તમારી સાથે શું સંબંધ છે ? અમારે તો ઓપિયમ નથી લેતા. માસ્તર હોય, તો પોલીસો કેવા ? પોર્ટરો ઓલા સ્ટેશને, એની હારે ઘણો મેળ અમારે, ને સંબંધ કે તમે આઠ આના લો, ઓલો કે રૂપિયો લઉં. એમાં તકરાર થઈ મોટી. એક રૂપિયા નો ૭૦૦ નો ખર્ચ. સવા મહિનો કેસ ચાલ્યો. આહાહા ! આમ દંડે છે અનાદિથી. રાગનાં, અફીણનાં પોટલાં ભેગાં કરીને માને છે કે અમારે ધર્મ છે. હેં ? આહાહા ! એ અફીણનો ધંધો કરનાર છે, એને કંદોઈનાં ધંધાની એને ખબર નથી. કંદોઈની દુકાને કંઈ અફીણ મળે ? માવો તો એને ય કહેવાય.

(**શ્રોતા** : ઓલો અફીણનો માવો કહેવાય) અફીણનો ય માવો કહેવાય. આ અફીણ પીવે ને એ કાંઈક બોલે એવુ હોં. આવો આવો બાપા. એવી ભાષા છે કાંઈક એની. (**શ્રોતા** : રૂપાની રાખ) રૂપાની રાખ એ રૂપાની રાખ છે. મોંઘુ હોય ને બધુ સાંભળેલું ત્યાં અમે ભાઈ, ગોંડલ સ્ટેશન હોય ને લીબડા, લીબડા. ત્યાં ઉતર્યા હતા ને આ તો છોત્તેર, સત્તોતેર ની વાત છે. સત્તોતેરમાં લીબડામાં ત્યાં ઉતરતા ને, ત્યારે કાંઈ ગામ નો'તું ને કોઈ સ્થાનકવાસીમાં હતા. લીબડા ઉતર્યા હતા. ત્યાં ઓલો બાવો પૂછતો તો રૂપાની રાખ, બાપુ રૂપાની રાખ. પણ જો બીજો એમ કહે છે નહિં ચડયો, તો થઇ રહ્યું. પીધું હોય તોય ન ચડે. ચડયો, ચડયો, ચડયો એમ જો કહે તો અરે રે ગાંડા તે, સત્તોતેરની વાત છે, ગોંડલ ગયા હતા ત્યારે. આહાહા ! લુંટાણો બાપુ તું, કહે છે. આહાહા !

પર પદાર્થમાં પોતાનું માની તેને જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ થાય છે. અંતરાત્મા, અંતરાત્મા એનું જે અંતરસ્વરૂપ છે, શુધ્ધ આનંદ ને જ્ઞાન એને અનુભવનારો આત્મા, શરીરાદિ પર પદાર્થો સાથેનો સબંધ તોડી, મારેને એને કાંઈ સંબંધ નથી, પોતાના ચિદાનંદ સ્વરૂપ સાથે પોતે તો ચિદાનંદ જ્ઞાનાનંદ (ચિદ્ એટલે જ્ઞાન). જ્ઞાનાનંદ સ્વરૂપ સાથે આત્મબુધ્ધિપૂર્વક સંબંધ જોડે છે. આહાહા ! રાગ સાથે જોડયું છે, એણે રાગ સાથે તોડયું છે. રાગ સાથે જોડે છે, એ [redacted] છે. રાગ સાથે તોડે છે, એ આત્મા સાથે જોડે છે. આહાહા ! વીતરાગ, વીતરાગ, વીતરાગ. જોડે છે, તેથી તે કર્મબંધનથી છૂટી જાય છે.

અજ્ઞાનતા વશ જીવ શરીરની ક્રિયા, રાગની ક્રિયા, એ પરપદાર્થોમાં

અહંબુધ્ધિ, એ હું અને મમકાર એ મારા. આહાહા! શરીર સ્ત્રી કુટુંબ પરિવાર પૈસા રાગ પુણ્ય પાપ ભાવ એ બધા અહમ્, એ હું અને એ મારાં. આમ છે ને અહમ્ એટલે હું, મમકાર એટલે મારાં. (અસ્તિ, નાસ્તિ છે) આ હું એ મારા. આહાહા!

જુઓને, આ સ્ત્રીને અર્ધાંગના કહે છે ને? અર્ધુ અંગ સ્ત્રીને કહે ધૂળેય નથી, હવે સાંભળ ને માળા. આહાહા! પાગલનાં કાંઈ ગામ જુદા મળશે? આહા! અર્ધાંગના છે આ મારી. અર્ધુ અંગ હું અને અર્ધું અંગ ઈ. અરે, શું કહે છો પ્રભુ! તું આ? ક્યાં તું ભટકાણો આ? આહાહા! સમજાણું કાંઈ? આ અમારા અંગિત માણસો છે. કોઈ ખાનગી કામ કરવું હોય તો અંગિત માણસો સાથે વાતચીત કરીએ. એ અમારા અંગિત છે. ધૂળ, પર અંગિત ક્યાંથી આવ્યા તારા? આહાહા! એય પોપટભાઈ! (**શ્રોતા** : આવું ચાલે છે) આવું હાલે છે. આહાહા!

અજ્ઞાનતાવશ જીવ શરીરાદિ પર પદાર્થમાં અહંબુદ્ધિ, આ હું અને એ મારાં, જ્ઞાનીને આત્મા આનંદસ્વરૂપ તે હું અને સ્વભાવ તે મારો. એ રાગાદિ નહીં. આહાહા! આવી વાત છે બહુ. ભગવાનનો મારગ લોકોએ રાગમય કરી નાંખ્યો અને નામ આપ્યાં ભગવાનની આજ્ઞા ને ભગવાન પ્રમાણે અમે. સૂત્ર અનુસાર જે ભાવિક ક્રિયા કરે તેહનો શુધ્ધ ચારિત્ર પરખો. આ ક્રિયા પાળે વહોરવાની ને, ઓલી ને, આ ઉઘાડા પગે હાલે ને, આ અમારી ક્રિયા છે. ધૂળે ય નથી. સાંભળને એ તો બધી રાગની ક્રિયા છે. આહાહા! સૂત્ર અનુસાર ક્યાં એ ક્રિયા હતી? કર્તા ભોક્તા બુધ્ધિ આદિ કરી લ્યો. હેં? આ આત્માની ક્રિયા ધર્મની. ક્રિયા ત્રણ પ્રકારની. એક જડ આદિની આ પર, એક રાગાદિની વિભાવ અને એક રાગ વિનાના સ્વભાવની એકાગ્રતાની સ્વભાવ ક્રિયા. એ ક્રિયાનાં ત્રણ પ્રકાર પરમાત્મા વર્ણવે છે. આહાહા! સમજાણું કાંઈ?

કર્તા. છે ને? એ મારા, એના કામ મારે કરવા જોઈએ. આહાહા! (**શ્રોતા**: પણ છોકરાનાં કામ કરવા જોઈએ ને) હા, સુમનભાઈને ભણાવ્યા ને? જુઓને કેટલું ભણ્યું નથી? એને પાંત્રીસ હજાર ખર્ચ્યા. વકીલાતમાં પાપ કર્યા ને પાંત્રીસ હજાર ન્યાં ખર્ચ્યા. શેઠ! આ તો દાખલો. બધા એમ કરેછે ને? આહાહા! હેં? (**શ્રોતા** : લેખે લાગ્યા ને?) લેખે ક્યાં? આહાહા! એમ કે આઠ હજારનો પગાર થયો એને મહિનાનો. દસ હજારનો પગાર, એને લઈ ગ્યા'તા બેલ્જિયમ. સુમનભાઈને પછી આઠ હજારનો પગાર આપ્યો. મુંબઈ આવ્યો. કહે એ હું છેટે ન રહી શકું. મારા પિતાજીઅહીં રહે. ગુરૂ આંહી

અમારે જાવું પડે. દસ હજારનો પગાર હતો. બે હજાર ઘટાડી નાખ્યા. અહીંયા રહે છે હવે મુંબઈ. આઠ હજારનો પગાર માસિક. માસિક આઠ હજારનો પગાર. ૪૮ વર્ષની ઉંમર હશે. પચાસની અંદર. અહિંયા આવે છે ક્યારેક. એ લેખે લાગ્યો કહેવાય ? આઠ હજારનો પગાર છે એ. આહાહા ! અરેરે, લેખે તો બાપુ, જેના સ્વભાવનું ભાન થઈને, રાગથી ભિન્ન પડીને જેણે આત્માને સફળ કર્યો. આહાહા ! જેને શાંતિના ફળવાળો ખોરાક કર્યો એ સફળ છે. આહાહા !

આજે કાગળ આવ્યો છે નહીં પાછો મંડળનો ? કાંઈક આવ્યો છે સૂરતથી. અમે આવવાના હતા પણ આ ઉપાધિ આવી પડી છોકરાની. ભાણિયાની એક મરી ગ્યો ને બીજો માંદો પડયો. કાગળ હતો ને ? કેમ આપણને ? કેના ઉપર ? (**શ્રોતા :** રવિવારે આવવાના હતા) પરમ દિ' રવિવારે આવવાના હતા. એમા શું હવે ? આહાહા ! આ જોને ઉપાધિ. પૈસા થયા એની પાસે પચ્ચીસ ત્રીસ લાખ હમણાં બે ચાર વરસમાં હો. આપણે આમાં નહિં ? અહીંયા મંદિરમાં ઈન્દ્ર થયો હતો. એંસી હજાર. એંસી હજારમાં ઈન્દ્ર થ્યો'તો. ખર્ચે છે પૈસા તો, પણ ઈ શું ? પૈસા જડ એને હું ખર્ચું, એ પણ અભિમાન છે. એય ! ભઈ, અહીં તો એવી વાત છે. એ જડ છે એ તો. એ જડનો સદ્દુપયોગ કરું છું, મિથ્યાત્વભાવ છે. એ શેઠ ! આહાહા !

ચૈતન્ય આનંદનો નાથ સહજાત્મ સ્વરૂપ એનો અંદરમાં એકાગ્ર થઈને સદ્‌ઉપયોગ કરે એ ઉપયોગ કહેવાય. એવી ચીજને સદ્‌ઉપયોગમાં વાળી, આહાહા ! બાકી આ જુવાની, આહાહા ! ફાટફાટ જુવાની હોય ને એમાં સ્ત્રી કાંઈ પૈસા લઈને આવતી હોય, એ પણ જુવાન હોય, ત્યાં એમ થઈ જાય કે આપણે, ઓહોહો ! આપણે સુખમાં સુખી છીએ. દુઃખના ડુંગરે માથા ફોડયા ને સુખી છીએ. આનંદનો નાથ પરમાત્મા સુખનો સાગર, એ તો રહી ગયો. ભાઈ ? સમજાણું કાંઈ ? આહાહા !

કાયા વડે કરીને હું બ્રહ્મચર્ય પાળું છું, એ જ મિથ્યાત્વભાવ છે. કેમ કે કાયા તો જડ છે, આ તો એને મેં જવા ન દીધી, એનો અર્થ ધણી થયો એનો. આહાહા !

ભારે વીતરાગ મારગ ભાઈ ! સમજાણું કાંઈ ? અહિંયા કર્તા ભોક્તા બુધ્ધિ આદિ કરી રાગદ્વેષ કરે. મેં આ શરીરથી કામ લીધું. તે દી' ભાઈ બોલતા'તા ને આંહી ઢેબરભાઈ આવ્યા'તા ને અહીં ? એ ઢેબરભાઈ કહે આ શરીરનો સદ્‌ઉપયોગ કરીએ. શું ધૂળ થાય સદ્‌ઉપયોગ માટી છે, આ તો અજીવ છે. એ જીવ એનો ઉપયોગ કરી શકે ? આની જડની ? આ બધી દશાઓ થાય છે, એ તો જડથી થાય છે. આહાહા ! પણ

કાર્યકર્તાઓ એને સદ્‌ઉપયોગ માની લે. એય! આહાહા! અને એ પર પદાર્થ રાગ શરીરાદિ હું ને એ મારા અને કર્તા ભોક્તા બુધ્ધિ આદિ કરી. આહાહા!

રાગનો હું કર્તા પુણ્યનો હું કર્તા વ્રત તપના વિકલ્પનો હું કર્તા, એ બધો મિથ્યાત્વભાવ છે. આહા! શુધ્ધ ચૈતન્ય વસ્તુ, એ વિકારને શી રીતે કરે? એમાં ક્યાં વિકાર કરવાનો કોઇ શક્તિ કે ગુણ છે આહાહા! એ રાગનો કર્તા ને રાગનો ભોક્તા માન્યો, એણે સ્વભાવનો અનાદર કરીને મિથ્યાત્વ સેવ્યું છે. આહાહા! નિમિત્તે તેને કર્મનો બંધ થાય છે. બાહ્ય પદાર્થો બંધનું કારણ છે જ નહિં. તેમાં મિથ્યાભ્રાંતિ જનિત મમત્વ ભાવ એજ સંસાર બંધનું કારણ છે. અજ્ઞાનીને પોતાના ચૈતન્ય સ્વરૂપની અસાવધાની છે. તેથી તેને પર પદાર્થમાં ભ્રાંતિ ચાલુ રહે છે. તેના ફળરૂપે, કર્મબંધન પણ થયા જ કરે છે.

વિશેષ કહેશે.........

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

**પરમાર્થે ઘડાને તથા માટીને વ્યાપ્ય-વ્યાપકભાવનો સદ્‌ભાવ છે તેથી ઘડો તે કર્મ-કાર્ય છે અને માટી તેનું કારણ-કર્તા છે, પણ કુંભાર તેનું કારણ નથી. તેમ વિકારી પરિણામ તે પુદ્‌ગલના પરિણામ હોવાથી વિકારી પરિણામને ને પુદ્‌ગલને વ્યાપ્ય-વ્યાપકપણું છે, માટે રાગના પરિણામનો કર્તા પુદ્‌ગલ છે, જીવ રાગનો કર્તા નથી.**

**દ્રવ્ય દૃષ્ટિ જિનેશ્વર ૪૯.**

**પાંચ પદ શરણરૂપ છે એટલે કે પાંચ પદરૂપ પોતાનો આત્મા જ શરણરૂપ છે. કહ્યું છે ને! કે વર્તમાનમાં સિદ્ધદશા તો નથી, તો સિદ્ધનું ધ્યાન કેમ હોય? જૂઠ-મૂઠ છે, અરે! અંદરમાં શક્તિરૂપ સિદ્ધ સ્વભાવ તો વર્તમાનમાં મૌજુદ છે અને તેથી તેનું ધ્યાન કરતાં પ્રત્યક્ષ શાંતિનું વેદન આવે છે. આત્મા સ્વભાવે ત્રિકાળ સિદ્ધ સ્વરૂપ જ છે.**

**દૃષ્ટિનાં નિધાન ૮૦**

# પ્રવચન – ૫૬

## શ્લોક – ૪૩ અને ૪૪

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૦૪.૦૨.૭૫**

**तत्त्वज्ञानीतरयोर्बन्धकत्वाबन्धकत्वे दर्शयन्नाह -**

**परत्राहम्मतिः स्वस्माच्च्युतो बध्नात्यसंशयम् ।**
**स्वस्मिन्नहम्मतिच्युत्वा परस्मान्मुच्यते बुधः ।।४३।।**

પરમાં નિજમતિ નિયમથી સ્વચ્યુત[1] થઈ બંધાય;
નિજમાં નિજમતિ જ્ઞાનીજન પરચ્યુત થઈ મુકાય ।। ૪૩ ।।

**यत्राहम्मतिर्बहिरात्मनो जाता तत्तेन कथमध्यवसीयते ? यत्र चान्तरात्मनस्तत्तेन कथमित्याशंक्याह -**

**दृश्यमानमिदं मूढस्त्रिलिङ्गमवबुध्यते ।**
**इदमित्यवबुद्धस्तु निष्पन्नं शब्दवर्जितम् ।। ४४ ।।**

નિજ આત્મા ત્રણ લિંગમય માને જીવ વિમૂઢ;
સ્વાત્મા વચનાતીત ને સ્વસિદ્ધ માને બુધ ।। ૪૩ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।

---

૧. ચ્યુત - ભ્રષ્ટ

મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

ગાથા ૨૯૩. નીચે, શ્લોક છે.

બંધો તણો જાણી સ્વભાવ સ્વભાવ જાણી આત્મનો,
જે બંધમાંહી વિરક્ત થાય તે કર્મમોક્ષ કરે અહીં. ૨૯૩.

બંધોના સ્વભાવને અને આત્માના સ્વભાવને જાણીને, બંધનો સ્વભાવ એ રાગદ્વેષ છે, આત્માનો સ્વભાવ એ શુદ્ધ ચૈતન્ય છે. બેયના સ્વભાવને, બેયના સ્વભાવને શુભ અશુભ રાગ એ બંધનો સ્વભાવ છે અને જ્ઞાનાનંદ સ્વભાવ એ આત્માનો સ્વભાવ છે. બે ને જાણીને જે વિરક્ત થાય, બંધના ભાવથી જે છૂટો પડે તે કર્મોથી મુકાય છે. જ્ઞાની પોતાના સ્વરૂપમાં સ્થિત છે, એટલે સ્વસમય છે. સમયસાર. ૨૯૩. જ્ઞાની પોતાના સ્વરૂપમાં સ્થિત છે, એટલે આનંદ અને જ્ઞાન સ્વરૂપમાં સ્થિત છે. જેને અંતરના સ્વભાવના આનંદનું ભાન થયું, એને આત્માનું ભાન થયું. જેને સ્વભાવના આનંદનું ભાન થયું કે આત્મા તો આનંદ સ્વરૂપ જ છે, એવા આનંદમાં રહેતો, એને સ્વસમય કહેવામાં આવે છે. પર પદાર્થો પ્રત્યેના રાગાદિભાવોથી મુક્ત છે, તેથી તે આનંદથી વિપરીત એવા રાગદ્વેષના ભાવથી અને આકુળતાથી તે ભિન્ન છે. આરે આવી વાતું છે ઝીણી. સમજાણું કાંઈ ?

જ્ઞાની પોતાના સ્વરૂપમાં સ્થિત છે આનંદમાં. આહાહા ! ચૈતન્યનો સ્વભાવ અતીન્દ્રિય આનંદ છે અને રાગ અને દ્વેષનો સ્વભાવ વિષમ આકુળતા છે. બેને જાણીને કર્મોથી એટલે રાગથી તે વિમુક્ત થાય છે. એ મારો સ્વભાવ નથી. હું તો આનંદ અને જ્ઞાન સ્વભાવી પદાર્થ, જે અનુભવમાં આવે એ ચીજ હું છું. રાગાદિભાવ એ બંધના સ્વભાવ સ્વરૂપ હોવાથી, અબંધ પરિણામના જોરે એનાથી મુક્ત થાય છે. આવી ચીજ છે. આરે ! લોકોને આ વહેવાર નું એવું. ઓલું પુરુષાર્થસિદ્ધિઉપાયમાં એ ગાથા કેટલી, કેટલામી આવે છે ? બંધને મોક્ષનો ઉપાય. નથી આવતું ? રાગનો અંશ બંધનું કારણ,

સમકિત અબંધનું કારણ. એના પછી કે એના પહેલાં...

હા, એ પણ ગાથા પહેલા કે પછી ? એમ કહું છું (**શ્રોતા :** એના પછી) એના પછી, ત્યારે પછી ચોખવટ તો અહીં થઇ ગઇ. આહાહા ! જેટલા અંશે રાગ છે એટલે અંશે બંધ છે અને જેટલે અંશે આત્માના આનંદ અને જ્ઞાન સ્વભાવના અંશો અબંધ પરિણામપણે પરિણમ્યા છે, પ્રગટયાં છે એટલે અંશે અબંધ છે. હવે ઇ વાત થઇ ગઇ છતાંય અહીં પછી ક્યાંથી આવ્યું આહીં ? વહેવાર રત્નત્રય પણ મોક્ષનો ઉપાય છે બંધનો ઉપાય નહિં. હવે એવો અર્થ કર્યો. (**શ્રોતા :** સીધો બંધનો ઉપાય) એ ચેતનજી ! સીધો બંધનો ઉપાય એય ચેતનજી ! ઇ તો એ ગાથા થઇ ગઇ, એ પહેલી ગાથા તો આવી ગઇ છે આ. આ ભગવાને શું કહ્યું જીવે એમ જ કર્યું છે અનાદિથી. આહાહા ! પોતાનો આનંદ અને જ્ઞાન સ્વભાવ, એનાથી વિરૂદ્ધભાવ એ પણ મોક્ષનું કારણ. આહાહા !

કેટલી વિપરીતતા વસ્તુના સ્વભાવથી, ભગવાન શુદ્ધ ચૈતન્ય એનું જ્ઞાન ને એની શ્રદ્ધા ને એની રમણતા એ તો અબંધ સ્વરૂપના અબંધ પરિણામ છે એ તો મોક્ષનું કારણ છે, ને પરાશ્રય જેટલો રાગ થાય, એ બધો વહેવાર છે, બંધનું કારણ છે, શુભરાગ છે. લોકોને ઓલું રૂચે છે વહેવાર, વહેવારથી કાંઇ થાય ને શાસ્ત્રમાં આવે ખરુંને ? સાધક વહેવાર છે. એ તો ઉપચારથી કથન કર્યા છે. નિમિત્તનું જ્ઞાન કરાવવા સાધકને સાધનનું, વહેવાર ને સાધન કહ્યું, ભાઇ ! વસ્તુનું સ્વરૂપ તો આવું છે. દુનિયાને એકાંત લાગે, અનેકાંત આમ ન થાય, અનેકાંત વહેવારથી પણ થાય. લાભ તો અનેકાંત થાય એ તો અનેકાંત નથી ભાઇ. એની શ્રદ્ધામાં એ વાત પહેલી નક્કી તો કરે. આહાહા !

પર પદાર્થોના પ્રત્યે, જો વહેવાર આવ્યો ને ? પોતાના સ્વરૂપમાં સ્થિત એ સ્વસમય નિશ્ચય છે અને પરપદાર્થો પ્રત્યેના રાગાદિ ભાવોથી મુક્ત છે કારણકે એ બંધના કારણ છે. અરે ! એને ચૈતન્ય સ્વભાવ આખો ચૈતનઘન છે, તેની ખબર નથી અને આ બહારની વાતોમાં રોકાઇ ગયો છે ને એટલે એને હર વખતે એમાં કાંઇ રસ પડે છે. આહાહા ! તેથી તેને કર્મ બંધ નથી. ધર્મીને આ અપેક્ષાએ કર્મબંધન નથી, કે પોતાનો નિજ સ્વભાવ, આનંદનો અનુભવ છે એથી એને આનંદથી ઉલટો ભાવ, એનાથી તે મુક્ત છે, વિરક્ત છે, આહાહા ! એકતા નથી. આહાહા ! અજ્ઞાની આત્મસ્વરૂપથી ચ્યુત છે, વાત તો આવી છે. પોતે સ્વરૂપ એનું જ્ઞાન ને આનંદ. અનાકુળ જ્ઞાન ને અનાકુળ આનંદ. આહાહા ! એવો એનો સ્વભાવ છે. એવી સ્વભાવની જ્યાં દૃષ્ટિ થઇ એને આત્મસ્વરૂપથી ભિન્ન એવા રાગનું સ્વામીપણું રહેતું નથી, તેથી બંધ નથી. જેઠાભાઇ ! આવો મારગ ભારે ભાઇ !

આ પરદેશમાં તો ક્યાં મળે એવું છે ન્યાં? રૂપિયા મળે ન્યાં. એ તો પુણ્ય હોય તો મળે પાછું, એ કહે છે. આહાહા! ઘરમાં મૂડી પડી છે, એ મૂડીની કિંમત નથી અને નવા પર દ્રવ્ય આશ્રિત વિકલ્પો થાય, એની કિંમત કરવા જાય, ત્યાં સ્વભાવની કિંમત ઉડી જાય છે. સ્વરૂપચંદભાઈ! આવી વાતું છે. આહાહા! શેઠ! (શ્રોતા : એ તો આપને ચલાદિ ૩૦,૪૦ સાલસે) શાસ્ત્ર ક્યા કહેતે હૈ? હૈ કે નહિં તુમ્હારે પાસ? અજ્ઞાની ભગવાન આત્મા આનંદ અને જ્ઞાન, આહા! જ્ઞાતા દૃષ્ટાના સ્વભાવથી અજ્ઞાની એનું જ્ઞાન નથી એથી સ્વરૂપથી ચ્યુત, ભ્રષ્ટ છે. આહાહા! અર્થાત્ પરપદાર્થોમાં આત્મબુદ્ધિએ સ્થિત છે. સ્વસ્વભાવનું ભાન નથી એથી સ્વસ્વભાવના અજ્ઞાનને લઈને પરપદાર્થમાં એ આત્મબુદ્ધિથી સ્થિત છે. ક્યાંક પોતાપણું એને માનવું તો પડશેને? આહાહા!

ત્રણ લોકનો નાથ, ચૈતન્ય સ્વભાવથી ગરજી રહ્યો છે, સ્વભાવથી ભરેલો છે. આહાહા! એવા સ્વભાવનું જેને જ્ઞાન નથી, એ અજ્ઞાની સ્વભાવથી ચ્યુત છે અને પરપદાર્થના આશ્રયે થતાં રાગ (બુદ્ધિ) રાગમાં આત્મબુદ્ધિથી, આહાહા! સ્થિત છે એમાં, એટલે પર સમય છે. અને રાગાદિ ભાવોથી યુક્ત છે. માલ તો આ છે ભાઈ! લાખ કરોડ વાતું કરો, અનેક શાસ્ત્રની વાતું ઘણી નયની આવે, પણ એનું પ્રયોજન વીતરાગતા જો અંદર ન પ્રગટે તો એ કંઈ સ્વરૂપ છે જ નહિં એ. ગમે એટલા રાગ કરે, શુભ કરે, સ્વર્ગમાં જાય, એ આત્મામાં ન જઈ શકે. આહાહા! સમજાણું કાંઈ? પર પદાર્થ શરીર વાણી મન પુણ્ય ને પાપના ભાવ એમાં એ સ્વરૂપનાં ભાનથી જે અનાદિથી ચ્યુત છે, એથી રાગમાં એ સ્થિત છે. આહા! અને રાગાદિ ભાવોથી યુક્ત છે, એથી તે કર્મોથી બધ્ધ છે. બહુ ટૂંકું. ઘણું જ ટૂંકુ અને ઘણુંજ સત્ય.

લાખ શાસ્ત્ર ભણે કે કરોડ ભણે પણ એ આત્મા આનંદનો નાથ છે, જેમાં પુણ્ય અને પાપના વિકલ્પને અવકાશ નથી. આહાહા! એની કોઈ ગુણ શક્તિ વિકારને કરે, એવી એની કોઈ ગુણ શક્તિજ નથી. આહાહા! સમજાણું કાંઈ? એવા આત્મામાં જેને અંતરનાં મહાત્મ્ય આવ્યા છે, અંતરનાં ઘોલનમાં જેને આનંદનો ભાસ થયો છે, આહા! એ રાગથી વિમુક્ત છે, એ આનંદથી રાગ વિપરીત ઝેર છે. આહાહા! ચાહે તો તીર્થંકર ગોત્ર બાંધવાનો ભાવ હોય તો, એ તો સ્વરૂપના અમૃતથી તો વિરૂદ્ધ છે. તેથી તે વિરૂદ્ધભાવથી સ્વભાવના અનુભવનો જીવ મુક્ત છે. આહાહા! સમજાણું કાંઈ?

જ્યાં જે પદાર્થમાં બહિરાત્માને આત્મબુદ્ધિ થઈ તેને તે કેવા માને છે? અને અંતરાત્મા તેને કેવા માને છે? તેની આશંકા કરી કહે છે. ૪૪.

**यत्राहम्मतिर्बहिरात्मनो जाता तत्तेन कथमध्यवसीयते? यत्र चान्तरात्मनस्तत्तेन कथमित्याशंक्याह -**

**दृश्यमानमिदं मूढस्त्रिलिङ्गमवबुध्यते ।**
**इदमित्यवबुद्धस्तु निष्पन्नं शब्दवर्जितम् ।। ४४ ।।**

**નિજ આત્મા ત્રણ લિંગમય માને જીવ વિમૂઢ;**
**સ્વાત્મા વચનાતીત ને સ્વસિદ્ધ માને બુધ ।। ૪૪ ।।**

**टीका** : दृश्यमानं शरीरादिकं । किं विशिष्टं? त्रिलिङ्गं त्रीणि स्त्रीपुंनपुंसकलक्षणानि लिङ्गानि यस्य तत् दृश्यमानं त्रिलिङ्गं सत्। मूढो बहिरात्मा। इदमात्मतत्त्वं त्रिलिङ्गं मन्यते दृश्यमानादभेदाध्यवसायेन। यः पुनरवबुद्धोऽन्तरात्मा स इदमात्मतत्त्वमित्येवं मन्यते । न पुनस्त्रिलिङ्गतया । तस्याः शरीरधर्मतया आत्मस्वरुपत्वाभावात् । कथम्भूतमिदमात्मस्वरुपं । निष्पन्नमनादिसंसिद्धम् तथा शब्दवर्जितं विकल्पाभिधानाऽगोचरम् ।। ४४ ।।

જ્યાં (જે પદાર્થોમાં) બહિરાત્માને આત્મબુદ્ધિ થઈ તેને તે કેવા માને છે? અને અંતરાત્મા તેને (પદાર્થોને) કેવા માને છે? તેવી આશંકા કરી કહે છે :-

**અન્વયાર્થ** : (मूढः) અજ્ઞાની બહિરાત્મા,(दृश्यमानं) દેખવામાં આવતા (त्रिलिङ्गं) સ્ત્રી-પુરુષ-નપુંસકના ભેદથી ત્રિલિંગરૂપ શરીરને (इदं अवबुध्यते) આત્મ તત્ત્વ (અર્થાત્ મારાં) માને છે, જ્યારે (अवबुद्धः) અંતરાત્મા, (इदं) 'આ આત્મ તત્ત્વ છે તે ત્રિલિંગરૂપ નથી' (तु) પણ તે (निष्पन्नं) અનાદિ સંસિદ્ધ તથા (शब्दवर्जितं इति) નામાદિ વિકલ્પોથી રહિત છે, એમ સમજે છે.

**ટીકા** : દશ્યમાન (દેખવામાં આવતા) શરીરાદિકને-કેવા (શરીરાદિકને)? ત્રિલિંગરૂપ-અર્થાત્ સ્ત્રી-પુરુષ-નપુંસક એ ત્રણ લિંગ જેને છે તેવા ત્રિલિંગરૂપ દેખાતા શરીરાદિકને, મૂઢ એટલે બહિરાત્મા દશ્યમાન (શરીરાદિક) સાથે અભેદરૂપ (એકરૂપ)ની માન્યતાને લીધે આ આત્મ-તત્ત્વને ત્રિલિંગરૂપ માને છે;

પણ જે જ્ઞાની અંતરાત્મા છે, તે 'આ આત્મ-તત્ત્વ છે, તે ત્રિલિંગરૂપે નથી' એવું માને છે, કારણકે શરીરધર્મપણાના કારણે તેનો (ત્રિલિંગપણાનો) આત્મસ્વરૂપપણામાં અભાવ છે. આ આત્મસ્વરૂપ કેવું છે? તે નિષ્પન્ન અર્થાત્ અનાદિ સંસિદ્ધ છે તથા શબ્દવર્જિત એટલે નામાદિ વિકલ્પોથી અગોચર છે.

**ભાવાર્થ** : બહિરાત્માને શરીરાદિ સાથે એકતાબુદ્ધિ-અભેદબુદ્ધિ હોવાથી, સ્ત્રી-પુરુષ-

નપુંસક એ ત્રિલિંગરૂપ શરીર જે દૃષ્ટિગોચર છે તેને આત્મા માને છે, પરંતુ અંતરાત્મા માને છે કે, આત્મા તો અનાદિ સંસિદ્ધ તથા નામાદિ વિકલ્પોથી રહિત છે. સ્ત્રી - પુરુષાદિ ત્રિલિંગ એ શરીરનાં ધર્મ છે, અર્થાત્ પૌદ્‌ગલિક છે. તે આત્મસ્વરૂપમાં નથી.

અજ્ઞાની જીવને શરીરથી ભિન્ન આત્મ-તત્ત્વની પ્રતીતિ નથી; તે સ્ત્રી-પુરુષ-નપુંસકરૂપ ત્રિલિંગાત્મક દશ્યમાન શરીરને જ આત્મા માને છે.

સમ્યગ્દૃષ્ટિને વસ્તુ સ્વરૂપનું જ્ઞાન છે અને શરીરથી ભિન્ન ચૈતન્યરૂપ આત્મ-તત્ત્વની પ્રતીત છે, તેથી તે પોતાના આત્માને તદ્રૂપ જ અનુભવે છે, પણ તેને ત્રિલિંગરૂપ અનુભવતો નથી, તેને તો તે અનાદિ સિદ્ધ તથા નિર્વિકલ્પ સમજે છે.

એ રીતે જ્ઞાની અને અજ્ઞાનીની શરીર સબંધી માન્યતા એકબીજાથી વિપરીત છે. ૪૪

## પ્રવચન – ૫૬

**દશ્યમાન ટીકા** : દેખવામાં આવતા શરીરાદિકને કેવા ? ત્રિલિંગરૂપ હું સ્ત્રી છું, પુરુષ છું, નપુંસક છું. આહાહા ! એ જડના લિંગો અને જડનાં ચિન્હો, એ સ્ત્રીલિંગ રૂપ એ સ્ત્રી પુરુષ નપુંસક એ ત્રણલિંગ જેને છે એવા ત્રિલિંગ દેખાતા શરીરને મૂઢ બહિરાત્મા શરીરાદિ સાથે અભેદરૂપની માન્યતાને લીધે. શરીરનાં લિંગ જે સ્ત્રી પુરુષ અને નપુંસક એ તો શરીર ઇન્દ્રિય શરીરનાં ચિન્હો છે, છતાં એને ભગવાન આત્મા ભાસ્યો નહિં, જે લિંગ અને ચિન્હ વિનાનો છે. આહાહા ! એટલે એને એમ થયું કે આ સ્ત્રી તે હું છું. આ શરીરનું લિંગ છે ને સ્ત્રીનું ? તે હું છું. પુરુષનાં ચિન્હો છે, તે હું છું. આહાહા ! નપુંસકના શરીરના ચિન્હો છે, તે હું છું. એણે શરીરને આત્મા માન્યો, બરાબર છે ? આહાહા ! એના ચિન્હો મળ્યા સ્ત્રીના, એ તો જડની દશા છે, એને ચિન્હ મળ્યા પુરુષના, અજીવની દશા છે, એને નપુંસક હિજડાની અવસ્થાના ચિન્હો મળ્યા, એ તો માટીની અવસ્થા છે. આહાહા ! પણ એ ત્રણ લિંગથી રહિત ચૈતન્ય સ્વભાવમાં જો અહીં વિષયની વાસનામાં એને આ હું સ્ત્રી છું, આ પુરુષ છું, આહાહા ! જે સ્વરૂપમાં એ નથી. સમજાય છે કાંઇ ?

જે સ્વરૂપમાં એ ત્રણ ચિન્હો અને તેના તરફની થતી વાસના, એ સ્વરૂપમાં છે નહિં, પણ એ સર્વ શુદ્ધ ચૈતન્યને ન જાણતાં, ન માનતાં તે દૃષ્ટિમાં ન લેતાં એને આ ચિન્હોમાં હું છું એમ દૃષ્ટિ કરી. આહાહા ! મૂંઢ જડને પોતાનો માને છે ઓહોહો ! આચાર્યે

એવું નાંખ્યું કે ભાઇ શરીરને કેમ પોતાનું માને છે ? કે એમાં જે ચિન્હો છે ને ? સ્ત્રી પુરુષ ને નપુંસકના એને હું છું, એ મારા છે એમ માન્યા છે. આહાહા ! સમજાણું ? એને અસમાધિ ઉત્પન્ન થાય છે. એ સ્ત્રીનું લિંગ, એ દેહનાં જડનાં ચિન્હો છે, માટીના. આહાહા ! પુરુષનાં લિંગ એ માટીના ચિન્હો, જડનાં પુદ્‌ગલના છે. એને પોતાનું માન્યું અથવા એ હું છું એમ માન્યું, એણે શરીરની દશા તે જ હું છું. આહાહા ! ભલે પછી બહારથી તપને વ્રતને આદિ કરતો હોય, પણ આ એને મિથ્યાત્વનું શલ્ય પડયું છે અંદર આ, હેં ? એને ક્યાંય સૂઝ પડવા દેતું નથી. આહાહા !

શરીરાદિ સાથે, બહિરાત્મા દશ્યમાન સાથે, ઇ એને દેખાય છે તે આ અંદર આમ શરીરનાં ચિન્હથી, શરીરથી ભગવાન ભિન્ન છે, એ દેખાવામાં આવતો નથી. આહાહા ! એને આ દેખાવામાં આવતી ચિન્હવાળી અમે સ્ત્રી છીએ, અમે પુરુષ છીએ, અમે હિજડા પાવૈયા છીએ. અરે પ્રભુ ! ક્યાં ગયો તું ? ન્યાં ક્યાં છો તું ? આહાહા ! સમજાણું કાંઇ ? ઊંડે એને આ શલ્ય રહી જાય છે. સમજાણું કાંઇ ? આહાહા ! વ્રત પાળે મહાવ્રત પાળે બ્રહ્મચર્ય પાળે શરીરથી, પણ એની શ્રદ્ધામાં એ કે અમે તો સ્ત્રી છઇએ, અમે પુરુષ છઇએ, આ એને મિથ્યાત્વનું સેવન રહે છે. સમજાણું કાંઇ ? આહાહા ! આચાર્યે કેવી શૈલી લીધી છે, જુઓ. હેં ? એ શરીરને પોતાનું માને છે, એટલે કઇ રીતે કહે છે ? શરીરને પોતાનું માને છે કઇ રીતે ? કે આ એના લિંગોને પોતાનું માને છે એ રીતે. આહાહા ! સમજાણું કાંઇ ? બસ એને એ જ સૂઝે છે.

આ સ્ત્રીના અવયવોથી સ્ત્રી છે, આ પુરુષના અવયવો તે પુરુષ છે. કોઇ બીજાને દેખે તો એ એમ દેખે. હેં ? આ સ્ત્રીના ચિન્હો છે એ સ્ત્રી છે, પુરુષના ચિન્હવાળો એ પુરુષ છે. આહાહા ! આમ પોતાને અને પરને શરીરને કેમ માને છે ? શેઠ ! આહાહા ! એની ચીજ અંદર જે છે એ ત્રણ લિંગો જે દેહના, એ તો ૩૧ ગાથામાં કહ્યું છે નહિં પહેલું ? કે દ્રવ્ય ઇન્દ્રિયને આ રીતે જુદી પાડી, ભાવ ઇન્દ્રિયને આ રીતે પાડી, એના વિષયોને આ રીતે, બહુ વાતો. આહાહા ! આચાર્યોએ તો ઘણી વાત બહુ સીધી અને સરળ થાય એવી કરી નાંખી છે. ભાઇ ! તું શરીરના અવયવોમાં છો તો તારા અનંત ગુણના અવયવો સમાજ રહી ગયા છે, પ્રભુ ! આહાહા ! શું કહ્યું હતું, નહિં સવારમાં ? કાંઇ કહ્યું'તું ને ? સમાજ, અનંતગુણોનો સમાજ એમ કહ્યું નહોતું. આહાર વખતે. ક્યાંક આવ્યું'તું.

આ અનંત ગુણોનો સમાજરૂપી સ્વરૂપ એ સમાજ મારાં છે, એ ન માન્યું. એને આ ઇન્દ્રિય ના દેખાય. દેશ, પુરુષ, સ્ત્રી આદિ એ એ સમાજ તે હું અને એ સમાજમાં

હું અને એ સમાજ મારાં આહાહા! (શ્રોતા : સપરિવાર કાઢી) હોં! સપરિવાર કાઢી ઈ તે કહ્યું સવારમાં. સમકિત સાથે સગાઈ કીધી, આનંદઘનજીમાં આવે છે, સપરિવાર શું ગાઢી ઈ આવ્યું, સવારમાં કહ્યું'તું આ. આહાહા! આત્માનો પરિવાર તો જ્ઞાન દર્શન આનંદ આદિ અનંતગુણ પરિવાર છે. રાગ અને રાગના ફળ, શરીર અને એના ફળ, આ બહારના સાધન, એ કાંઈ તારો પરિવાર નથી. આ મારે આટલી બાયડીયું ને આટલા છોકરાં, આટલી દીકરીયું, ને આટલા જમાઈ ને, આટલા મકાન ને, આટલા પૈસા, એ તો બધો જડનો પરિવાર છે. કો શેઠ? આટલી મોટરું ને સમકિત સાથે સગાઈ કીધી, શુદ્ધ ચૈતન્ય મૂર્તિની હારે સગાઈ કરી. આહાહા! પણ સપરિવાર શું ગાઢી. પોતાની અનંત શક્તિઓ, જે સ્વભાવ એનો પરિવાર છે અંદર, એની હારે સમકિતની પર્યાયે સગપણ કર્યું. સ્વરૂપચંદભાઈ! આવી વાતું છે! આહાહા! અરેરે! અનંતકાળથી રખડે છે એ, એ પોતાની ભૂલથી રખડે છે. કોઈ એને કરમ રખડાવે છે, કે એને કાળ રખડાવે છે, એમ નથી. સમજાણું કાંઈ?

પોતાના સત્તામાં હોવાવાળા જે અનંતગુણો તે કેટલી સંખ્યાએ. ઓહોહો! આકાશના પ્રદેશ કરતાં પણ અનંતગુણની જેની સમાજ છે આત્માની. આહાહા! અનંતા અનંતા ગુણો એની સગાઈ છોડીને, એણે રાગની હારે સગાઈ કરી. આહાહા! રાગ સાથે એકત્વ બુદ્ધિ કરી અને નિજ સ્વભાવનો પરિવાર, એનો એણે તિરસ્કાર કર્યો. આ નહિં, આ પરિવાર મારો. આહાહા! ધર્મીએ નિજ સ્વભાવના પરિવારને જ પોતાનો પરિવાર જાણ્યો. સમજાણું કાંઈ? એની તો ખબરું ન મળે કે, આ તે કોણ? અનંત સમાજરૂપી એક આત્મા, આ તો થોડી સંખ્યા વાળા, કેમકે ગુણો છે એ તો દ્રવ્ય, એનાથી કાળ, એનાથી ક્ષેત્રના પ્રદેશ અનંતગુણા, એનાથી એનો ભાવ અનંતગુણો. ઓહોહો!

આવા અનંતા સમાજનાં સ્વભાવની જેને સગાઈ નામ પ્રીતિ રૂચિ દષ્ટિ અનુભવ થયો, એણે પરનાં પરિવારની રૂચિ છોડી દીધી. આમ છે. કારણકે પર પરિવાર તેની સંખ્યા સમાજગુણ ની સંખ્યા કરતાં, પર પરિવારની સંખ્યા તો અનંતમાં ભાગે છે. દ્રવ્યો. સમજાણું કાંઈ? આહાહા! એમ ત્રણ કાળ, એ પોતાના અનંતગુણો. ઓહોહો! જેની સંખ્યા અપાર, કેવળી જેની સંખ્યા પૂર્ણ જાણી શકે, પૂર્ણ. શ્રુતજ્ઞાનમાં એનો ભાસ થાય શ્રદ્ધામાં, પણ પ્રત્યક્ષ ન થઈ શકે. આહાહા! એવા અનંતગુણના સમાજને અને એ અનંત શક્તિનો એ નાથ પોતે છે. એનું સ્વામીપણું છોડી દઈને, આહાહા! એક ક્ષણ માત્ર રહેનારો રાગ અને એક ક્ષણ માત્ર પરના સાથે સબંધ થતો ક્ષણ પર્યાયનો સબંધ છે. એના

સબંધમાં જોડાતાં, આહાહા ! અનંતગુણના સમાજનો સબંધ એણે તોડી નાંખ્યો. ધર્મીએ. આહાહા ! એ બર્હિલક્ષને છોડી દઈને. આહાહા !

અંતરમુખ ચેતન સમાજની સાથે જેને પ્રીતિ થઈ એણે, આ પ્રીતિ તોડી નાંખી. આહા ! આ વસ્તુની ખબર ન મળે અને પછી થઈ ગયા સાધુ અને થઈ ગયા વ્રતધારી. એકડા વિનાનાં મીંડા છે બધા. સમજાણું કાંઈ ? આહાહા ! એ અનંત શક્તિનો સંપન્ન પ્રભુ એની સાથે સબંધ થતાં એ મોક્ષમાર્ગી થયો અને એનો સબંધ તોડીને એણે વ્રત ને નિયમ ને તપ કર્યા, પણ એ સંસારમાર્ગી રહ્યો. બરાબર છે ? ભલે એ બાર વ્રત પાળતો હોય બ્રહ્મચર્ય શરીરથી જાવ જીવ નો પાળતો હોય, પણ એ સંસારી રહ્યો મિથ્યાત્વી, કેમકે ભગવાન અનંતગુણ નો નાથ પ્રભુ એની સમાજનો સ્વીકાર એણે કર્યો નથી અને બહારનાં સમાજમાં એને પ્રીતિ થઈ. રાગથી માંડીને બધી ચીજો પ્રત્યે, એ મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા સંસારમાર્ગી છે, અને રાગથી ભિન્ન પડી, આહાહા !

અનંતા ગુણોનો સમાજનો પ્રેમ ને એકતા કરી એ ભલે સ્ત્રી હોય એને વિષય હોય, ૯૬હજાર સ્ત્રીઓનાં સંગમાં દેખાય. આહાહા ! પણ એ મોક્ષના માર્ગે છે. સમજાણું કાંઈ ? અને જેને જાવ જીવનો સ્ત્રીનો ત્યાગ છે છતાંય એ, મેં ત્યાગ આનો કર્યો, અને મેં રાગના ભાવને મેં ગ્રહણ કર્યો, એ રાગના ભાવને હું પાળું, એ મિથ્યાદૃષ્ટિ સંસારમાર્ગે છે. સમજાણું કાંઈ ? આવો મારગ છે. ભાઈ ! પણ જે જ્ઞાની અંતરાત્મા છે, તે આત્મતત્ત્વ છે, તે ત્રિલિંગ રૂપે નથી જોવો. ધર્મીજીવ ત્રિલિંગ તો જડના છે. એને દેખીને એમ થાય કે આ સ્ત્રી છે, આ હું પુરુષ છું, એવા જે વિષયની વાસનામાં જોડાય એની દૃષ્ટિ તો પર ઉપર છે. ધર્મી જીવને સમ્યગ્દૃષ્ટિને સમાજનો, આત્મસમાજનો પ્રેમ હોવાથી જોયું ? કે આ આત્મતત્ત્વ છે, એ ત્રિલિંગ રૂપ નથી. એ શરીરનાં ત્રણ ચિન્હો સ્ત્રી પુરુષનાં એ રૂપે હું નથી, એવું માને છે કારણકે શરીર ધરમપણાના કારણે, શરીર ધરમપણાના કારણે, તેઓ આત્મ સ્વરૂપમાં અભાવ છે. ત્રણે લિંગો તો શરીરનો ધરમ છે. આહાહા ! આ તો સમજાય એવું છે.

એકલું શરીર મારું, નહિં મારું નહિં. મારું નહિં એનો અર્થ શો ? એ ત્રણે ચિન્હો છે એનાં અસ્તિત્વમાં હું નથી, એથી એ અસ્તિત્વ મારું છે એમ નથી, તેથી તેના અસ્તિત્વને કારણે એનાં અસ્તિત્વના સબંધે જે વિષયની વાસના થાય ઇ તો આવું અસ્તિત્વ છે એ સ્ત્રીનું હું, માટે મને વાસના થાય છે અને પુરુષનું છું માટે પુરુષની વાસના થાય છે એમ માનનાર સ્વભાવને છોડી દીધો છે. અને જેણે એ માન્યતા છોડી દીધી છે, આહાહા !

એને પોતાનો સ્વભાવ ત્રિલિંગની ચેષ્ટાથી ભિન્ન જાણે છે, એથી એને ત્રિલિંગની વિષયની વાસના જે એકત્વબુદ્ધિના પ્રેમથી થતી, એ થતી નથી. આહાહા ! અરે આવી એના ઘરની વાતું એને ખબર ન મળે. આ કેટલું લખાણ આજે આવ્યું છે, વિદ્યાનંદનું. એવી મારી એની ભાષા ભાઈ લોકોને પસંદ પડે એવી હોં. બધો વહેવાર, એવો વહેવાર નાંખ્યો. એવો નાંખ્યો. ઓહોહો !

આપણને તો એટલું કહેતા એ નો આવડે. મોટા બે પાના ભરીને છે, વહેવારની શૈલી બધી આ. આમ જોઈએ ને વિશ્વ હારે પ્રેમ જોઈએ. આમ જોઈએ ને એની હારે પુણ્ય, એ બધું વહેવારનું કથન છે. શું થાય ? જગતને (**શ્રોતા :** જગતને એ પ્રિય લાગે) પ્રિય લાગે, એની ભાષા એવી છે. પ્રિય લાગે લોકોને, આવા મુનિઓ પ્રભાવના માટે બહુ લખે બે પાના ભરીને. વ્યાખ્યાનમાં. એકલો પર હારે સબંધ આમ રાખવો, તેમ કરવું, કોઈ હારે વિરોધ કરવો નહિં. એને એની શૈલીને એણે મલાવી છે, ઘણી વાતું. અરે ભાઈ ! જેને રાગ હારે સબંધ નથી, એને પર હારે સબંધ શેનો છે ? એવી ચીજના ભાન વિના એને પરની પ્રીતિ તૂટે નહિં. આમ વાત્સલ્ય કરો, પ્રેમ કરો બધા ઉપર, બધાને સરખા માનો, કોઈને વિરોધ ન માનો, સૌ સૌ ધરમમાં રહેલા જીવો એને એનામાં રહેવા દો એમ માનવ સંપ રહે.

આ અમારા શેઠીયાએ વખોડી કાઢી, પણ આ ઓલા ભણેલા મોટા વિદ્વાન સાધુ હોયને ? આહાહા ! આ તો ત્રણ લોકના નાથનો મારગ, પ્રભુ ! હેં ? આહાહા ! આહીં તો રાગ સાથે સબંધ રાખવો નથી, ત્યાં વળી પરની હારે ક્યાં રહ્યો ? આહાહા ! મારગડા જુદા પ્રભુ, ભાઈ તારા. આહાહા ! જે મારગમાં નહિં એ મારગને મલાવે ખોટો, લોકોને સારું લાગે. બહુ લખાણ એ બધું. આપણને તો એવું યાદે નો રહે, એવો વહેવારને મલાવ્યો છે. ઓહોહો ! બે પાના ભર્યા છે. જૈન ગેઝેટ આવ્યું છે ને એ ઈ જૈન ગેઝેટ વાંચજો. આહાહા ! ભગવાન આંહી તો સર્વજીવ છે સિદ્ધસમનો અર્થ કે તેને ને તારે કાંઈ સબંધ નથી. એ બધા સિદ્ધ સમાન આત્માઓ છે. એને શરીર અને રાગાદિ છે, એ એના નથી, એમ તું જો. જેમ તું રાગ અને શરીરના ચિન્હ વિનાનો છો, એમ એનેય જો. આહાહા !

એમ દ્રષ્ટિ થયા વિના એમ જોઈ શી રીતે શકે એને ? પોતાના શરીરનાં ચિન્હો અને ઇન્દ્રિયનાં ચિન્હો, આહાહા ! જેમાં એની હૈયાતીનો જ અનાદિથી સ્વીકાર છે, એની હૈયાતી વિનાની મારી હૈયાતી ભિન્ન છે. અણલેપ નિર્લેપ છે. આહાહા ! આનો જેને લેપ નથી, ઇન્દ્રિયનાં ચિન્હોનો. અરે ! ઇન્દ્રિયનાં ચિન્હોનો તો નહિં, પણ તેનાથી નિકટવર્તી

વૃત્તિઓ ઉઠે છે, આહાહા! એનાથી પણ હું તો નિર્લેપ તત્ત્વ છું. એવી નિર્લેપ તત્ત્વની દ્રષ્ટિ વિના બીજા પ્રત્યે સમભાવ 'યથા વેર મજ્ઝં ન કેણઇ'. ભાઇ એને મલાવ્યું છે. 'વેર મજ્ઝં ન કેણઇ' આવે છે ને ? 'ખામેમિ સવ્વે જીવા' એને મલાવ્યું છે ભારે. સજ્ઝાય આવે છે, પણ એનો અર્થ શું ? ઇ આ. ન્યાં ક્યાંય હશે પણ બહુ મલાવ્યું. આ આવ્યું. લોકોને સારું લાગે. ઘણું. બે પાના ભરીને. ઓહોહો!

પણ આંહી તો કહે છે પ્રભુ એ શરીરનાં ચિન્હોને પોતે માને છે કે આ હું છું એવી દ્રષ્ટિવંત તો તદ્દન મિથ્યાદ્રષ્ટિ છે. આહાહા! પછી સાધુ થયો હોય તોય મિથ્યાદ્રષ્ટિ છે. આહાહા! સમજાણું કાંઇ ? જેની મિથ્યા નામ જૂઠી દ્રષ્ટિ છે કેમકે એ એવો નથી. આહાહા! આહાહા! શરીરનાં લિંગો ત્રણ, તે આત્મા નથી. એ આત્મામાં નથી અને એવો આત્મા નથી, છતાં બાહ્યનો ત્યાગ કરીને એમ માન્યું કે મેં તો ત્યાગ કર્યો બહારનો. બહારનો ત્યાગ તો છે જ, એમાં આત્મામાં ગરી ગયા નથી બાહ્ય પદાર્થ, બાહ્ય પદાર્થના ગ્રહણ ત્યાગથી તો પ્રભુ રહિત છે. આહાહા! સમજાણું કાંઇ ? પણ સ્થૂળ દ્રષ્ટિએ એવું લાગે કે, આહાહા! આણે જો બાયડી છોડી, છોકરા છોડયા, કુટુંબ છોડયું. આહાહા! પણ શરીરનાં ચિન્હોથી હું છું, એવી માન્યતા જેની છે, એણે કાંઇ છોડયું નથી, એ બધાને પકડયું છે એણે. આહાહા! બરાબર છે ? આહાહા!

વીતરાગનો માર્ગ આ તો બાપુ જગતથી નિરાળો છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા એ તો કહે છે આંહી લઇને આવ્યા અહિં સમાધિમાં. આહાહા! જેને પુરુષલિંગ છું એથી મને પુરુષની વાસના થાય છે, હું સ્ત્રીલિંગે છું તેથી મને સ્ત્રીલિંગની વાસના (થાય), એ બધો મિથ્યાત્વભાવ છે. આહાહા! એવો આત્મા છે જ નહિં. ભાઇ! તને આત્માની ખબર નથી. અને અમે આ વાસનાને સ્ત્રી છીએ, પણ અમે પુરુષની ઇચ્છાનો નિરોધ કરીએ, અમે શી રીતે કરીએ ? કે અમે સ્ત્રી છીએ માટે પુરુષનો વિષય નહિં અમારે, પણ સ્ત્રી તું નથી અને જેને તું પુરુષનો વિષય લેવા માંગે છે એ પુરુષેય નથી. આહાહા! શેઠ! આહા! એવું ભિન્ન ભાસન વિના તારો જેટલો ત્યાગ છે, એ બધો મિથ્યાત્યાગ છે, કારણકે રાગ ને સ્ત્રીલિંગ ને પુરુષલિંગ તે હું છું. આહાહા! તેથી મેં બ્રહ્મચર્યને પાળ્યું હવે, આહાહા! એ બધી મિથ્યાભ્રાંતિ છે કહે છે.

હું એટલે જેને સ્ત્રી પુરુષનાં લિંગો જડનાં, એનો ને મારે અત્યંત અભાવ છે. એ પુરુષને સ્ત્રીમાંથી સમાધિમાં આમ કહેવા માંગે છે કે એ લિંગોમાં તે હું છું એ પછી અસમાધિમાં જ પડયો છે. ભલે ત્યાગી થઇને બેઠો હોય, બાલબ્રહ્મચારી હોય. એ સ્વરૂપચંદ

ભાઈ! આવી તો વસ્તુ છે ભગવાન! આહાહા! શું સંતોની કથની! શું સંતોની પરથી ભિન્ન પાડવાની રીત. (કળા) હેં? આહાહા! જ્યાં તું છો, જેવો તું છો, એમાં આ સ્ત્રીનાં લિંગોનો અત્યંત અભાવ છે. આહાહા! અત્યંત અભાવને તું મારા માને છે. આહાહા! હેં? (શ્રોતા: એ મોટી ભૂલ છે) એ ભૂલ છે, બસ. એને એ એનો આંતરો શું છે, એની મહિમાની ખબર પડતી નથી. આહાહા! જુઓને, પૂજ્યપાદ સ્વામી દિગંબર આચાર્ય. આહાહા!

મિથ્યાત્વ અને સમકિતના લક્ષણોને વર્ણવતા કઈ રીતે વર્ણવ્યું? આહાહા! (**શ્રોતા** : બહિરાત્મા) હેં? બહિરાત્મા છે. હું પુરુષ છું એથી પુરુષની એ વાસના અમારે આવે. આહાહા! હું સ્ત્રી છું એટલે સ્ત્રીની વાસના આવે. અરે ભગવાન! ક્યાં તું હતો સ્ત્રીને, પુરુષ? આહા! એથી વાસના આવે એવું એ ક્યાં હતું? આહા! સમજાણું કાંઈ? સમ્યગ્દ્રષ્ટિને એ ત્રણે લિંગથી નિરાળો આત્મા, એમ છે ને? જુઓને. જ્ઞાની અંતરાત્મા આ આત્મતત્ત્વ છે તે ત્રિલિંગ નથી એવું માને, કારણકે શરીર ધર્મપણાના કારણે તેઓ આત્મસ્વરૂપપણામાં અભાવ માને છે. આહા! મોટી માન્યતા એ ફેર છે. પરનાં લિંગ તે જ હું, દેહના ચિન્હ છે એવડો ને એ હું એ મિથ્યાદષ્ટિ, ચાહે તો સાધુ થયો હોય, હજારો રાણીને છોડી ત્યાગી થયો હોય, કરોડોની પેદાશ મૂકીને સાધુ થયો હોય, તો પણ એ મિથ્યાદષ્ટિ છે. આહાહા! સમજાણું કાંઈ?

આ આત્મસ્વરૂપ કેવું છે? તે નિષ્પન્ન અનાદિ સંસિધ્ધ છે તથા શબ્દ વર્જિત એટલે, આહાહા! કહે છે કે ત્રણના લિંગ તો રહિત છું, પણ આવો છું એવો વિકલ્પ ને શબ્દથી પણ રહિત છું. આહાહા! સમજાણું કાંઈ? ભાઈ એના મારગડા અલૌકિક છે, ને એના ફળ પણ અલૌકિક છે ને? પાછું એ મૂક્યું, જોયું? शब्दवर्जितम् એટલે હું સ્ત્રી છું એવો શબ્દ પણ જેનામાં નથી. આહાહા! હું પુરુષ છું એવો શબ્દ પણ જેનામાં નથી. આહાહા! એવો વીતરાગનો મારગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે આ રીતે વર્ણન કર્યું, સંતો એ રીતે જગતને જાહેર કરે છે. ભાઈ! તું આત્મા છો. એ આત્મામાં આ લિંગોના ચિન્હોના, એ જડના એંધાણો બધાં, એને જડનાં એંધાણે આત્માને ઓળખવો કે આ સ્ત્રીલિંગવાળો આત્મા, આ પુરુષલિંગવાળો આત્મા, આ હિજડાવાળો પાવૈયો આત્મા. આહાહા! અને એનાં શબ્દો કરવા, થવા, આહાહા! હું સ્ત્રી છું, હું પુરુષ છું, હું સ્ત્રી નથી એવો શબ્દ થવો, આહાહા! એવા શબ્દથી પ્રભુ રહિત છે. સમજાણું કાંઈ?

એ સ્વરૂપચંદભાઈ! ઓલું ન્યાં સુરતમાં ક્યાં સાંભળ્યું હતું? કોઈ દિ'

સાંભળ્યું તું ? સુરત ? સુરત રહે છે ? ક્યાં મુંબઇ ? (**શ્રોતા :** પાલડી) હેં ? ક્યાં ? (**શ્રોતા :** પાલડી) હેં ? પાલડી, પાલડી. (**શ્રોતા :** એ બધાં ભૂલી ગયા, મુંબઇ જ રહીએ છીએ) મુંબઇ રહે છે હવે તો. પાલડીમાં ગયા'તાં આપણે એક ફેરે નહિં ? બ્રાહ્મણનાં મકાનમાં ઉતર્યા'તા. પાલડી ગયા'તા, આપણે ઓલા બ્રાહ્મણની મેડી ઉપર ઉતર્યા'તા, બ્રાહ્મણની મેડી ઉપર ઉતર્યા'તા, ગયા હતા એક રાત રહ્યા'તા. ડોળીમાં પહેલ વહેલા આવ્યા ને જ્યારે ૧૩માં, મુંબઇ. ડોળીમાં પહેલ વહેલા ગ્યા'તા. જોયું છે. ત્યાં ત્યાં આહાર કર્યો'તો. આવ્યા'તા માણસો સાંભળવા. બ્રાહ્મણનું મકાન હતું ને મેડીબંધ. ઓલીકોર આહાર કર્યો'તો, ઓલીકોર મેડીનો દાદરો છે બહારનો.

૧૩ની સાલ, અઢાર વર્ષ થયા. પહેલા મુંબઇ આવ્યા તે'દિ, પણ અમારે તો કાળ જેવું દેખાય ને આમ. આહાહા ! અને ઓલા ધરમશાળામાં ક્યાંક ભોજન હતું, આપણા આ, હારે હતો ને આ મખ્ખનલાલ, એના ગામમાં. આહાહા ! એ બધી શરીરની ચેષ્ટાઓ, આહાહા ! અને શરીરના ધર્મની પ્રવૃત્તિઓ એ હું છું અને મારામાંથી થાય છે. આહાહા ! એણે શરીરને જ આત્મા માન્યો છે, કહે છે. એ દયા પાળે છે, એ શરીરના સદ્ઉપયોગથી પાળે છે. શરીરને જીવને આમ રાખું થોડું શરીર એથી જીવ મરતો નથી એમ મેં દયા પાળી, ઇ શરીરની ક્રિયાનો સ્વામી ધણી થાય છે, એ જડને માને છે પોતાનું. આહાહા ! સમજાણું કાંઇ ? આવો મારગ અનાદિ સંસિધ્ધ છે. અનાદિ ભગવાન સ્વયં સ્વરૂપ, શરીરનાં ચિન્હો તો કૃત્રિમ, ક્ષણિક જડની દશા. આહા ! એમ કહે છે. પોતે ભગવાન તો અનાદિ સિદ્ધ વસ્તુ છે. સ્વયં સિદ્ધ આનંદનો નાથ જ્ઞાન સ્વરૂપનો ભંડાર, એને તું આ રીતે માન ભાઇ, કેમ પોષાય તારા તત્ત્વને ? સમજાણું કાંઇ ?

**ભાવાર્થ :** બહિરાત્માને શરીરાદિ સાથે એકતાબુદ્ધિ, શરીરનાં લિંગો તે હું એવી એકતાબુદ્ધિ છે. અભેદ બુદ્ધિ હોવાથી, શરીરનાં લિંગોની સાથે અને ચેષ્ટા સાથે એકતા બુદ્ધિ હોવાથી સ્ત્રી પુરુષ નપુંસક એ ત્રિલિંગ શરીર દ્દષ્ટિગોચર છે. ત્રણલિંગ વાળું શરીર એને દ્દષ્ટિમાં આવે છે, ભગવાન તો દ્દષ્ટિમાં આવતો નથી. આહાહા ! તેને આત્મા માને છે પરંતુ અંતરાત્મા માને છે આત્મા તો અનાદિ સંસિદ્ધ, સમ્યક્ સિદ્ધ અનાદિથી વસ્તુ ચિદાનંદમૂર્તિ પ્રભુ છે. નામાદિ વિકલ્પથી રહિત છે, જોયું ? એનું નામથી વિકલ્પથી રહિત છે. નામથી તો રહિત છે પણ નામાદિના વિકલ્પથી પણ રહિત છે. આહાહા ! મારું આવું ભાષણ, હું એવું વ્યાખ્યાન કરી શકું, સભાને રંજન કરું, એ બધી જડની માન્યતા છે. આહાહા ! સમજાણું કાંઇ ?

ભાષાને ક્યાંક શરીરનાં અવયવ કીધા છે, ભાષાને. છે ભાષા જુદી પણ એને અવયવ કીધા છે, આવે છે મોક્ષમાર્ગ પ્રકાશકમાં, મોક્ષમાર્ગ પ્રકાશક ખબર છે? ભાષાને શરીરનો અવયવ કીધો છે. ભાઈ! મોક્ષમાર્ગ પ્રકાશકમાં અવયવ હોય ને? એમ ભાષાને અવયવ કીધો છે, જડનો છે ને અંશ એટલે એમ કહ્યું. મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે. આહાહા! એ શરીરનાં અવયવો જે ભાષા, પણ એ હું બોલું છું, ને એ મારી ભાષા છે અને એ ભાષાથી જગતને રંજન થાય છે, એ બધો મિથ્યાત્વભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? નહિં તો શરીર છે, એ ઔદારિક છે અને એ ભાષા વર્ગણા છે. એ વાંચ્યુ ત્યારે ખ્યાલ હતો, છતાંય એણે આમ નાંખ્યુ એણે. ભાષાને શરીરનાં અવયવો છે, શરીરનું એક અંગ છે એમ, જડનું એમ, નહીં તો ભાષા વર્ગણા છે એ જુદી છે, ઔદારિક વર્ગણા જુદી છે, છતાંય ત્યાં ઔદારિક પુદ્ગલની અપેક્ષા લઈને ત્યાં કહેલું છે, એ ખબર છે.

સ્ત્રી પુરુષાદિ ત્રિલિંગ એ શરીરનાં ધર્મ છે. એ શરીરનો ધર્મ નામ શરીરનો સ્વભાવ છે. એ શરીરનાં અસ્તિત્વમાં હૈયાતિમાં ત્રણ લિંગ છે, ભગવાન આત્માની હૈયાતિમાં એ છે નહિં. આહાહા! અર્થાત્ પૌદ્ગલિક છે, એટલે પુદ્ગલ છે આ તો અજીવ છે. એને એમ જ થઈ ગયું આંખો બહુ સારી હોય ને મોટી, તો કે હું મોટી આંખોવાળો છું. કાન મોટા કુંડલ જેવા હોય, તો કે આવા કાનવાળો હું છું. આહાહા! કંઠની ધ્વનિ, જો ઘૂઘરીની જેમ ઘૂઘર વાગે એમ કંઠ બોલતો હોય અંદરથી, તો એ કંઠવાળો હું છું. આહાહા! મધુર ધ્વનિવાળો હું છું. પત્રમાં બહુ આવે છે ફલાણો મધુર ધ્વનિવાળો છે, ફલાણો આવો. ફલાણો. ફલાણા મુનિ ગિરીશમુનિ આવા છે ધ્વનિવાળા એવું આવે બહુ, આ ગોંડલ સંઘાડામાં છે ને એક? કોક બહાર ગ્યા છે, અરે ભગવાન! કોણ ધ્વનિ બાપુ! એ ધ્વનિ જડ છે ને? એ શરીરનો જ એ ભાગ છે એક. આહાહા!

ભાષાની સ્થિતિમાં જુઓ એની રમતું ન્યાં જાય છે, નહિં? સાંભળવામાં ધ્યાન નથી એનું, બધી ચેષ્ટા બહુ ફેર છે, ઘણી એ આમાં જાય, સાંભળવામાં ધ્યાન નથી. ઘણી લાઈન ફેરફાર છે. એ બપોરે ચેષ્ટા પર હતું, ધ્યાન આમાં નથી રહેતું. સમજાણું કાંઈ? આહાહા! શરીરનાં ધરમ તે પુદ્ગલિક છે. આહા! તે આત્મ સ્વરૂપમાં નથી. આહાહા! કેટલાકને એમ થઈ ગયું ને કે આપણે તો સાંભળ્યું છે આ, એટલે હવે શું આ? બે વાર બેસીએ અમથા કાંઈક કાંઈક કાને પડે તો સાંભળીએ નહિંતર કાંઈ નહિં. અરે ભગવાન! બાપુ મોટો એમાં ફેર છે. આહા! અજ્ઞાની જીવને શરીરથી ભિન્ન આત્મ તત્ત્વની પ્રતીતિ નથી. ભગવાન આત્મા ચૈતન્ય રાગથી, શરીરની ચેષ્ટાથી અને શરીરની

ચેષ્ટાના લક્ષે જે વિકલ્પ ઉઠે એ હું નથી, એવી આત્મ પ્રતીતિની જેને ખબર નથી, આહાહા ! તે સ્ત્રી પુરુષ નપુંસક રૂપ ત્રિલિંગાત્મક દ્રશ્યમાન શરીરને જ આત્મા માને છે. તે સ્ત્રી, પુરુષ, નપુંસકરૂપ ત્રિલિંગ સ્વરૂપ દ્રશ્યમાન શરીરને જ આત્મા માને છે. આહાહા ! સમજાણું કાંઇ ?

સમ્યક્ બહુ સારું સ્પષ્ટ કર્યું છે, ભાઇએ. એને લગતી વાત. સમ્યગ્દષ્ટિ ને વસ્તુનું સ્વરૂપ જ્ઞાન છે, વસ્તુ સ્વરૂપનું જ્ઞાન છે અને શરીરથી ભિન્ન ચૈતનરૂપ આત્મતત્ત્વની પ્રતીતિ છે. આહાહા ! ચૈતનરૂપ આત્મતત્ત્વ એમ, બોલનારું ને શરીરની ચેષ્ટાવાળું ને એ નહિં. આહાહા ! એ તો ચૈતનરૂપ આત્મતત્ત્વ છે. જાણનાર દેખનાર સ્વરૂપે ભગવાન છે, એ કોઇ રાગરૂપે ને શરીરની ચેષ્ટારૂપે છે નહિં. આહાહા ! એટલું એને જુદું પાડવું પડે. હેં ? આ ત્યારે ઇ મળે. આહાહા ! તેથી તે પોતાના આત્માને તદ્દરૂપ જ અનુભવે છે. પોતાનું સ્વરૂપ જ્ઞાન ને આનંદ તેથી તે ચૈતન આત્મતત્ત્વની પ્રતીતિ કરીને તે રૂપે અનુભવે છે એમ.

પહેલું વસ્તુ શું જ્ઞાન છે, એમ લીધું. પછી ભિન્ન આત્મતત્ત્વની પ્રતીતિ, એમ લીધું. પછી તેથી પોતાના સ્વરૂપનો અનુભવ, એમ લીધું. ત્રણે લીધું. સમજાણું કાંઇ ? ભગવાન આત્મા રાગ ને શરીર ને ભાષાની ચેષ્ટાથી જુદો તો જાણ્યો. એવી ચૈતનરૂપ આત્મતત્ત્વની પ્રતીતિ કરી છે અને પોતાના આત્માને તે રૂપે અનુભવે છે, પણ તેને ત્રિલિંગરૂપ અનુભવ નથી. ચેષ્ટા એની વાસનાનો અનુભવ એને છે નહિં, તેને તો અનાદિ સિદ્ધ તથા નિર્વિકલ્પ સમજે છે. લ્યો, એ રીતે જ્ઞાની અજ્ઞાનીની શરીર સબંધી માન્યતા એકબીજાથી વિપરીત છે. ૪૫નું લેશે.

।। પ્રમાણ વચન ગુરુદેવ ।।

**વર્તમાન વર્તતી ચાલુ કાળની જ્ઞાન પર્યાય તે ત્રિકાળી જ્ઞાયકનો જ એક અંશ છે, તેને અંતરમાં વાળતાં ચૈતન્યહીરો જ્ઞાનમાં આવે છે. અવયવ દ્વારા અવયવી ખ્યાલમાં આવે છે. જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળીને જોવે તો તારો ચૈતન્યસૂર્ય તને ખ્યાલમાં આવશે. તેનો પ્રકાશ તને દેખાશે.**

**દષ્ટિનાં નિધાન ૮૧**

## પ્રવચન – ૫૭

### શ્લોક – ૪૫

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૦૫.૦૨.૭૫**

**ननु यद्यन्तरात्मैवात्मानं प्रतिपद्यते तदा कथं पुमानहं गौरोऽहमित्यादिरूपा तस्य कदाचिदभेदभ्रांति: स्यात् इति वदन्त प्रत्याह -**

**जानन्नप्यात्मनस्तत्त्वं विविक्तं भावयन्नपि ।**
**पूर्वविभ्रमसंस्काराद् भ्रान्ति भूयोपि गच्छति ।। ४५ ।।**

યદ્યપિ આમ જણાય ને ભિન્નપણે વેદાય,
પૂર્વભ્રાન્તિ-સંસ્કારથી પુનરપિ વિભ્રમ થાય ।। ૪૫ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

**ટીકા** : आत्मनस्तत्त्वं स्वरूपं जानन्नपि । तथा विविक्तं शरीरादिभ्योभिन्नं भावयन्नपि उभयत्राऽपिशब्दः परस्परसमुच्चयर । भूयोऽपि पुनरपि । भ्रान्तिं गच्छति । कस्मात्? पूर्वविभ्रमसंस्कारात् पूर्वविभ्रमो बहिरात्मावस्थाभावी शरीरादौ स्वात्मविपर्यासस्तेन जनितः संस्कारो वासना तस्मात् ।। ४५ ।।

જો અંતરાત્મા જ આત્માને અનુભવે છે, તો પછી 'હું પુરુષ, હું ગોરો' ઇત્યાદિ અભેદરૂપ ભ્રાન્તિ તેને કદાચિત્ કેમ થાય છે ? એવું બોલનાર પ્રતિ કહે છે :-

**અન્વયાર્થ** : અંતરાત્મા (आत्मनः तत्त्वं) પોતાના આત્માનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ (जानन् अपि) જાણતો હોવા છતાં, (विविक्तं भावयन् अपि) અને તેને શરૂીરાદિથી ભિન્ન ભાવવા છતાં (पूर्वविभ्रमसंस्कारात्) પૂર્વે એટલે બહિરાત્માવસ્થામાં ઉત્પન્ન થયેલા ભ્રાન્તિના સંસ્કારોને લીધે (भूयः अपि) ફરીથી તે (भ्रान्तिं गच्छति) ભ્રાન્તિ પામે છે.

**ટીકા** : આત્માનું તત્ત્વ એટલે સ્વરૂપ જાણવા છતાં તથા તેને વિવિક્ત એટલે શરીરાદિથી ભિન્ન ભાવતો હોવા છતાં (બંને ઠકાણે अपि શબ્દ પરસ્પર સમુચ્ચના અર્થમાં છે) ફરીથી પણ - પુનઃ અપિ તે (અંતરાત્મા) ભ્રાન્તિ પામે છે. શાથી (ભ્રાન્તિ પામે છે ?) પૂર્વવિભ્રમના સંસ્કારથી - અર્થાત્ પૂર્વવિભ્રમ એટલે બહિરાત્માવસ્થામાં શરીરાદિને વિષે પોતાનો આત્મા માનવારૂપ વિપર્યાસ (વિભ્રમ), તેનાથી થયેલો સંસ્કાર-વાસના, તેને લીધે (તે ફરીથી ભ્રાન્તિ પામે છે.)

**ભાવાર્થ** : અંતરાત્મા આત્મ-તત્ત્વને દેહથી ભિન્ન જાણે છે તથા તેની તેવી ભાવના પણ કરે છે, તેમ છતાં પૂર્વે એટલે બહિરાત્માવસ્થામાં શરીરાદિને આત્મા માનવારૂપ ભ્રાન્તિથી ઉત્પન્ન થયેલા સંસ્કારને લીધે, તેને સમ્યક્ શ્રદ્ધા રહેવા છતાં, ચારિત્રદોષરૂપ ભ્રાન્તિ થાય છે. તે ચારિત્રદોષ કેમ ટાળવો તે હવે પછીના શ્લોકમાં બતાવશે.

આત્મજ્ઞાની પોતાના આત્માનું યથાર્થ સ્વરૂપ જાણે છે અને તેને શરીરાદિ પર દ્રવ્યોથી ભિન્ન પણ અનુભવે છે, છતાં પૂર્વના લાંબા વખતના સંસ્કારોનો સર્વથા અભાવ નહિં થવાથી તેને કોઇ કોઇ વખતે બાહ્ય પદાર્થોમાં અસ્થિરતાના કારણે ભ્રમ થઇ જાય છે.

## વિશેષ

ધર્મીને અસ્થિરતાને લીધે રાગ-દ્વેષ થઇ જાય, પણ શ્રદ્ધા-જ્ઞાનમાં તેને તેનું સ્વામીપણું નથી, એકત્વબુદ્ધિ નથી. શ્રદ્ધા જ્ઞાનના બળથી અને ભેદ-જ્ઞાનની ભાવનાથી પૂર્વના સંસ્કારોને નષ્ટ કરવા તે સદા પ્રયત્નશીલ હોય છે. જો તે રાગ દ્વેષને શ્રદ્ધા જ્ઞાનમાં

ભલા માને તો તે ફરીથી બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ થઇ જાય.

અવિરત સમ્યગ્દ્રષ્ટિને અંદર જ્ઞાનચેતનાનું પરિણમન છે, છતાં અસ્થિરતાને લીધે રાગ-દ્વેષ થઇ જાય છે, તેથી તેને જ્ઞાનચેતના સાથે કદાચિત્ કર્મચેતના અને કર્મફલ-ચેતનાનો પણ સદ્ભાવ માનવામાં આવ્યો છે, પણ તે કર્મ-ચેતના અને કર્મફલ-ચેતનાનો જ્ઞાતા-દ્રષ્ટા રહે છે. વાસ્તવમાં તે બંને ચેતનાઓ જ્ઞાનચેતના જ છે.[૧]

અંતરાત્માને પૂર્વના સંસ્કારોને લીધે નીચેની ભૂમિકામાં જે ભ્રાન્તિ થાય છે તે મિથ્યાત્વજનિત નથી, પરંતુ અસ્થિરતાજનિત છે; તેથી તેને રાગ-દ્વેષ થવા છતાં તેના સમ્યક્ત્વમાં કાંઇ દોષ આવતો નથી. ૪૫

# પ્રવચન – ૫૭

૪૫ ગાથા. જો અંતરાત્મા જ આત્માને અનુભવે છે. અંતરાત્મા એટલે સમ્યક્દ્રષ્ટિ જીવ. જેને આત્મા અનુભવમાં આવ્યો છે કે આ આત્મા શુદ્ધ છે ચૈતન્ય છે આનંદ છે, એવો અંતરાત્મા અનુભવે છે, તો પછી હું પુરૂષ હું ગોરો વળી એને એમ કેમ થઈ જાય છે કોઈવાર ? કે હું પુરુષ છું, હું ધોળો છું (ગોરો, ગોરો) ઈત્યાદિ અભેદરૂપ ભ્રાંતિ તેને કદાચિત કેમ થાય છે ? એમ પ્રશ્ન કર્યો છે. એનો પોતે ને પોતે ઉત્તરને પ્રશ્ન કર્યો -

जानन् अपि आत्मनः तत्वं विविक्तं भावयत् अपि ।

બે અપિને કહે છે જાણણ પણ અને વિવિકતં ભાવયન પણ

पूर्व विभ्रमसंस्कारात् भ्रान्तिं भूयोपि गच्छति ।।

યદ્યપિ આત્મા જણાય ના જિનપણે વેદાય,
પૂર્વભ્રાંતિ સંસ્કારથી પુનરપિ વિભ્રમ થાય

એનો શ્લોક છે

**ટીકા** : આત્માનું તત્ત્વ એટલે સ્વરૂપ જાણવા છતાં, આત્મા આનંદ ને શુધ્ધ ચૈતન્ય છે, એવું અનુભવમાં આવવા છતાં, અપૂર્વદર્શન થયું હોય છતાં એમ કહે છે. નથી થયું એ તો માને છે. હું પુરૂષ છું, હું સ્ત્રી છું એ તો અજ્ઞાન સંસ્કાર છે, કેમ કે પુરૂષને સ્ત્રી તો જડની દશા છે. આ શરીરના અવયવો એ સ્ત્રીના લિંગો ને પુરુષના ચિન્હો એ તો બધા જડ ના

૧. જુઓ - શ્રી પંચાધ્યાયી - ઉત્તરાર્ધ ગુ. આવૃત્તિ - ગાથા ૨૦૫, ૨૭૬, ૪૧૯

આકારો અને જડના લક્ષણ છે, આહાહા! એનાથી આત્મા ભિન્ન છે. એ પુરુષ સ્વરૂપેય નથી ને સ્ત્રી સ્વરૂપેય નથી તેમ સ્ત્રી પુરુષ તરફના વલણવાળો જે વિકાર, એ વિકાર સ્વરૂપે પણ આત્મા નથી. આહાહા!

એવું આત્માનું પરથી ભિન્નપણું ભાસવા છતાં, એક વાત, તેને વિવિક્ત શરીરાદિથી ભિન્ન ભાવતો હોવા છતાં, જાણવા છતાં અને ભાવતો હોવા છતાં, એમ બે વાત લીધી છે. સમજાય છે કાંઈ? ચૈતન્ય સ્વભાવ આત્મ સ્વરૂપ ચૈતન્ય સ્વરૂપ એ તો જ્ઞાતા દ્રષ્ટા સ્વભાવ છે. એમ જાણવા છતાં, અસ્તિ અને શરીરને રાગથી ભિન્ન ભાવવા છતાં, આહાહા! શરીર અને રાગથી ભગવાન ચૈતન્ય શુધ્ધ સ્વરૂપ ભિન્ન ભાવવા છતાં, બંન્ને ઠેકાણે શબ્દ પરસ્પર સમુચ્ચયના અર્થમાં છે. એટલે આવું કરવા છતાં એમ. ફરીથી પણ પુનઃ અંતરાત્માને ભ્રાંતિ પામે છે. વળી ભ્રમણા થઈ જાય છે, એને ભૂલીને. આહાહા! જ્ઞાન સ્વરૂપ અને પરથી ભિન્ન આનંદ સ્વરૂપ એ અસ્તિ અને રાગને શરીરથી ભિન્ન એનાથી નાસ્તિ. આહાહા!

એવા આત્માના સ્વરૂપને જાણવા છતાં અને ભિન્ન ભાવવા છતાં, એની વાત લીધી. ફરીને એને એમ કેમ થઈ જાય છે? વળી કે હું પુરુષ છું ને ગોરો છું ને હું રૂપાળો છું ને મારી શરીરની આકૃતિ બીજા કરતાં સુંદર છે, એવું કેમ પાછું વળી વિભ્રમ થઈ જાય છે? આહાહા! ફરીથી ભ્રાંતિ પામે છે. ભ્રાંતિ પામે છે પૂર્વ વિભ્રમના સંસ્કારથી. પૂર્વનું અનંતકાળથી શરીર હું શરીરના વર્ણો અને આકારો તે હું એવી જે અનાદિથી ભાવના ભ્રાંતિની કરેલી, એ વળી ભ્રાંતિમાં આવી જાય, એ પણ ભૂલી જાય છે. એ ધીરૂભાઈ! બહુ વાતું ઝીણી, ભાઈ! ધર્મને સમજ્યો નથી, એને તો આ શરીરના ચિન્હો ને શરીરના લિંગો એવું એ જ અસ્તિત્વ હું છું એમ માને છે. આહાહા!

અજ્ઞાનપણાને લઈને સ્વરૂપની અંતરમાં ભિન્નતાના ભાન વિના અને ભિન્નતા પણ સ્વરૂપના આનંદસહિતવાળી દશા એ આત્માની છે. એવું ભાન જેને નથી, એ તો સ્ત્રી પુરૂષ ને લિંગ તે હું સ્ત્રી છું, હું સ્ત્રી છું ભાઈ! હું તો પુરૂષ છું, પુરૂષના વેશવાળો આકાર એ જ હું છું, એમ અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ ભ્રમમાં ભૂલીને અનાદિથી એમ માને છે. એ માન્યતા એને ચોર્યાશીના અવતાર મુકાણા છે. આહાહા! પણ કહે છે કે જેને આત્મા ચૈતન્ય સ્વરૂપ છે પરથી ભિન્ન છે એવી ભાવના ને જાણવાપણાનો ભાવ હોવા છતાં, કોઈપણ જ્ઞાની પણ એમાં ભ્રાંતિમાં આવી જાય છે, એમ જરી દેખાય છે. કહે છે કે, એ ભ્રાંતિ પૂર્વ વિભ્રમના સંસ્કાર પાછા થયા. આહાહા!

જે પહેલા સંસ્કાર હતા ને કે હું તો શરીર છું, હું તો પુરૂષ છું. પુરૂષ તો જડની ક્રિયા છે આ તો જડની દશા છે, અને એ જડના અવયવો એ ઉપર પોતાનું અસ્તિત્વ માનીને પોતાનું સ્વરૂપ જે રાગથી અને સ્વભાવથી અભિન્ન અને રાગથી ભિન્ન એની એને ખબર પડતી નથી. આહાહા! આ શરીર, એની ઈન્દ્રિયો, એના આકારો તેમાં એની અનાદિથી દ્રષ્ટિ હોવાથી, એ અજ્ઞાનપણે પોતાના સ્વરૂપને ભૂલી જાય છે, પણ ભાનવાળો કેમ ભૂલે છે? એમ કહે છે.

ભાન થયું છે કે હું એક આત્મા, જ્ઞાનસ્વરૂપી ચૈતન્યની જાત મારી છે. મારી જાતમાં રાગ અને અજીવની જાત છે નહીં. આહાહા! એવું સ્વરૂપનું ભાન અને પરથી ભાવના ભિન્નની ભાવના, એને ફરીને આમ કેમ થાય છે? ઠીક પૂર્વના સંસ્કાર ભાઈ કહ્યા હતા ને? આહાહા! એટલે એને પાછું એમ થઇ ગયું. એમ. અમે પુરૂષ છીએ, અમે વીર્યવાન છીએ, પણ એ સ્ત્રી કહે કે અમે સ્ત્રી છીએ હમણાં અમારું વીર્ય મંદ છે. એવી દશાના સંસ્કાર જે પૂર્વે હતા, એ પાછા સ્ફૂર્યા કહે છે. આહાહા!

**મુમુક્ષુ** : અભિપ્રાયમાંથી તો ભ્રાંતિ ગઈને!

**ગુરૂદેવ** : અભિપ્રાયમાંથી ગઈ છતાં પાછી આવી એમ કહે છે. આવી ફરીને (**શ્રોતા** : ભ્રાંતિ થાય એનાં તફાવત કાંઈ) ના ના એ ભ્રાંતિ થઈ તફાવત અત્યારે કાંઈ નહીં થઈ ત્યારે જેવી અનાદિની છે એવી, ભલે અંદર ફેર પડયો છે, પણ એને ક્યાં ભાન છે? ફેર છે. ભ્રાંતિ થઈ, એને એ પાછું થયું કે હું તો આ સ્ત્રીનાં વેશના લિંગવાળું આ તત્ત્વ અને આ પુરૂષના આકારનું તત્ત્વ એ હું છું એમ એને અનાદિના સંસ્કાર વળી સ્ફુરી જાય છે. આહાહા! સમજાણું કાંઈ? એ આ સાવચેતી માટે કહે છે. આવું ભ્રાંતિ ફરીને થાય, એ ન થાય માટે આ વાત લીધી છે. આહાહા! અમે પુરૂષ છીએ, અમે સ્ત્રી છીએ, ઓલા પાવૈયા, હીજડા, અમે નપુંસક છીએ, એવી જે ચેષ્ટામાં જે એને ભાન થઈ જાય છે, એને ભાનવાળાને આવી સ્ફુરણા થઈ જાય છે પાછી, કહે છે. ભાન ભૂલી જાય છે.

**મુમુક્ષુ** : મિથ્યાદ્રષ્ટિ પાછો થઈ જાય છે?

**ગુરૂદેવ** : હા

(**શ્રોતા** : ચારિત્રની નબળાઈ ને લઈને) નહીં, નહીં, મિથ્યાદ્રષ્ટિ થઈ જાય છે. ચારિત્રની નબળાઈમાં તો આસક્તિનો ભાવ આવે, પણ હું આ છું એવો ભાવ એમાં ન આવે. ચારિત્રનો દોષ તો સમક્તિીને ક્ષાયિક, સમકિતીને હોય. જેને આત્મા ચૈતન્યમૂર્તિ દ્રષ્ટિમાં

તરવરે છે, એને પણ સ્ત્રી સબંધી, પુરૂષ સબંધીનો રાગ આવે, પણ એ તો નબળાઈનો દોષ છે. એ જાણે છે કે આ તો દોષ છે. વિષયની વાસના આવે, પણ એમાં એને દુઃખ લાગે છે, દુઃખ લાગે છે. મીઠાશ ઉડી ગઈ છે. આહાહા! અજ્ઞાનીને વિષય વાસના ને શરીરની સુંદરતાના લક્ષે જે મીઠાશ આવે છે, એ મીઠાશ જ્ઞાનીને હોતી નથી. આહાહા! સમજાણું કાંઈ? બહુ આ તો અંતરના અભિપ્રાય ઉપરની વાતું છે, બાપુ! બહારમાં તો સાધુપણું જે હોય એવી ક્રિયા યે કરતો હોય એ, પણ અંતરના અભિપ્રાયમાં સંસ્કાર વળી સ્ફૂર્યા હોય, ભૂલી જાય ચૈતન. આહાહા!

આ શ્વેતાંબરમાં બીજી વાત લીધી છે, ભગવતીમાં. એમ કે પહેલાં એ અહિંસા ધર્મ માનતો હતો (ભગવતીમાં છે) એ બહારની વાતું લીધી છે. આ અંતરની લીધી છે. અહિંસા એ ધર્મ માનતો હતો, એ વળી પાછો હિંસામાં પરમાં પણ કાંઈ છે, એમ માને છે દ્રષ્ટિ ફરી જાય છે એવું છે એમાં ભગવતીમાં, શરૂઆતમાં. આ જુદી વસ્તુ. સમજાણું કાંઈ? પોતે આનંદ ને જ્ઞાન સ્વરૂપી છે. એ જ્ઞ સ્વભાવી વસ્તુ છે, સર્વજ્ઞ સ્વભાવી છે. પૂરણ જ્ઞાન સ્વભાવી વસ્તુ છે. સર્વજ્ઞ સ્વભાવી વસ્તુ ભગવાન આત્મા. એવું અંતરમાં ભાન થતાં, તેને રાગ ને પર ને અલ્પજ્ઞપણાથી મારી ચીજ ભિન્ન છે. આહાહા! આ ઝીણી વાત છે. ભાઈ! એ કાંઈ બહારથી મળે એવું નથી. સમજાણું કાંઈ? એ દેવ ગુરૂ શાસ્ત્રને માનતો હોય, છતાં એ અજ્ઞાન થયા છતાં, અજ્ઞાનમાં ભૂલી જાય છે, કે આ દેવ ગુરૂ શાસ્ત્ર માનું છું એ રાગ છે અને રાગના સંસ્કારથી મને લાભ થશે એમ માને છે અજ્ઞાની. ધીરૂભાઈ, મારગ બહુ ઝીણો છે. આહાહા!

**શ્રોતા** : વાતવાતમાં સાહેબ ભૂલી ગયો છે.

**ગુરૂદેવ** : ભૂલી ગયો, ઈ બતાવે છે કે ભૂલ માં (નહિં) બાપા તું! આહાહા! હજી તો ભૂલ્યો છે, એ ગયું નથી. એની તો વાત શું કરવી કહે છે. હેં? પણ ભૂલ ગઈ ને વળી પાછા સંસ્કાર ઉઠયા. બફમ થઈ ગયું. આહા! અમે પુરૂષ છીએ, અમે સ્ત્રી છીએ. એક રાજાને એની રાણી, રાજા કંઈ રાણીને કાંઈક ઠપકો આપતો હતો. નામ ન આપીએ ખબર છે. રાજા રાણીને ઠપકો આપતો હતો. રાણી કહે છે દરબાર અમે ઘરાણીની દીકરીયું છીએ, હોં! અમને છંછેડશો નહિ. બહારમાં એમ લાગે કે ઓહોહો! પતિ પત્નીને શું છે? અંદરમાં ગોટા આવા હોય. (એ શેઠ) અમે ધરાણીની દીકરીયું છીએ, એને એમ થઇ જાય, ક્ષત્રિયાણી છીએ, અમને એ રીતે તમે પજવશો ને દબાવશો? અમે નાગણીયું છીએ. શેઠ આહાહા! અરે ભગવાન! તું ક્યાં સ્ત્રી, ક્યાં શરીર, ક્યાં નાગણીયું? પણ એને અંદર પાવર આવી

જાય. રાજાય દબાઈ ગયો. અંદર શું કહેવું કોને આ? ઘરની સ્ત્રી આમ બોલે અંદરમાં, એને મારી નાંખવી કે આ કરવું શું હવે અમારે? બહારથી તો પછી સ્ત્રી જેવો પ્રેમ બતાડે, અંદરમાં પ્રેમ ઉડી ગયો અંદરથી. હાય! હાય! સમજાણું કાંઈ?

એમ ધર્મી જીવને, આહાહા! શરીરની ક્રિયાઓ અને શરીરના આકારો એ બધી ચીજથી જેનું અસ્તિત્વ ઉડી ગયું છે એમાંથી, એમાં હું નથી. હું જ્યાં છું ત્યાં, ઓલામાં લીધું છે ભાઈ! અલિંગગ્રહણમાં, દ્રવ્યભાવ વેદરહિત, દ્રવ્યભાવ વેદરહિત મારું સ્વરૂપ છે. અલિંગગ્રહણ (બાર, પંદર, સોળ) સોળમી છે. સોળમી. સોળમો બોલ છે. દ્રવ્યભાવ વેદરહિત મારું સ્વરૂપ છે. દ્રવ્યભાવ આ લિંગો, દ્રવ્યના આવા ચિન્હો અને અંદર વાસના, સ્ત્રી ને પુરૂષની, એ ભાવવેદ છે. આહા! અલિંગગ્રહણમાં વીસ બોલ લીધા છે. (પુસ્તક છપાઈ ગયું છે. બહાર. ભાઈએ છાપ્યું હતું. અમૃતલાલ, અમૃતલાલભાઈએ. અલિંગગ્રહણ, દેહ છુટી ગયોને? વાંકાનેરવાળા નહિં? આપણે મકાન છે ને? સ્વાધ્યાય મંદિરની પાછળ. એ એણે છપાવ્યું' તું આલિંગગ્રહણનું. ઘણો વખત થઈ ગયો. ૧૩ માં તો એ ગુજરી ગયા નહિં? ૧૩માં તો એ ગુજરી ગયા એ. ૧૮ વર્ષ થયા. એની પહેલાં છપાવ્યું'તું. એમાં આ બોલ છે)

ભગવાન આત્મા! એક તો એ આવ્યું'તું કે, મારું સ્વરૂપ અનુમાનથી જણાય એવું મારું સ્વરૂપ નથી. આહાહા! અને બીજાઓ અનુમાનથી મને જાણે એવો હું નથી. એમ હું અનુમાનથી જાણું એવો હું નથી. આહાહા! ઈંદ્રિયથી જણાય એવો હું નથી ને ઇન્દ્રિયથી જાણે તે હું નથી. શું કીધું સમજાણું? એક છે જડ અને ભાવ ઈન્દ્રિય એટલે એક એક શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શને જાણવાના જ્ઞાનની એક ઉઘાડ દશા. એક એક વિષયને જાણવાનો જ્ઞાનનો વિકાસ એ ભાવ ઇન્દ્રિય. આ જડ આકાર છે એ દ્રવ્ય ઇન્દ્રિય. એ દ્રવ્ય ઇન્દ્રિય અને ભાવ ઇન્દ્રિયયથી હું જાણું એવો હું નથી. દ્રવ્ય ઇન્દ્રિય અને ભાવ ઇન્દ્રિયથી જણાય એવો આત્મા નથી, તેમ દ્રવ્ય ઇન્દ્રિય અને ભાવ ઇન્દ્રિય થી જાણે એવો ય નથી. આહાહા! આ તો અલૌકિક વાતું છે.

ધીરૂભાઈ! આ મારગડા જુદા, બાપા! આહાહા! તારી આનંદની કળા ને જ્ઞાનકળા, કોઈ જુદી જાત છે. એને એમાં કોઈ દિ' એણે ધ્યાન આપ્યું નથી. આહાહા! મારો સ્વભાવ અનુમાનથી હું જાણું, એવો મારો સ્વભાવ જ નથી. આહાહા! ઇન્દ્રિયો અને ભાવ ઇન્દ્રિયોને જડથી જાણું એવો તો હું નથી, આહાહા! પણ અનુમાનથી જણાય એવો હું નથી અને અનુમાનથી જાણનારો હું એ ય નહીં. આહાહા! આ તો ચૈતન્ય

બાદશાહની મોટી વાતું છે. ભાઈ! એની એને ખબરું ન મળે. આહાહા! એ ઈન્દ્રિય પ્રત્યક્ષનો વિષય એ હું નથી. આ ઈન્દ્રિયો જડ અને ભાવ, એનાથી હું જણાઉં, એવી એ વસ્તુ જ નથી. પ્રત્યક્ષ જણાય એવો હું (નથી). આહાહા! અને દ્રવ્ય અને ભાવ, જે વેદો આ જડના, આકારો જડના ઈન્દ્રિયો આકારો શરીરના એ દ્રવ્યવેદપણે હું નથી. તેમ તેમાં વિષયની વાસના જે સ્ત્રી ને પુરૂષની અને પુરૂષ ને સ્ત્રીની થાય એ ભાવ વેદરહિત હું છું. એનું નામ અલિંગગ્રહણ. એવા લિંગો દ્વારા હું જણાઉં એવો હું નથી. આહાહા! હેં? આહાહા! ત્યારે, છું કેવો હું? મારા સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છું. આહાહા! સમજાણું? સમજાય છે કાંઈ? વીસ બોલ છે એમાં આ છઠ્ઠો બોલ છે. આહાહા! મારું સ્વરૂપ શુધ્ધ ચૈતન્યઘન આનંદનો નાથ એવી જે મારી સ્વભાવ દશા એનાથી જણાય, જાણું એવો હું અને તે પણ સ્વના આશ્રયે, પરના આશ્રય વિના જણાય એવો હું છું. આહાહા! સમજાય છે કાંઈ? આહાહા!

ભાઈ! આત્મજ્ઞાન કોઈ અલૌકિક ચીજ છે. એ કોઈ શાસ્ત્રના જ્ઞાને મળે એવું નથી. આહા! ત્યાં સુધી તો અંદર આવ્યું, કે જ્યાં કેવળ જ્ઞાનનો પર્યાય છે જીવને, એ પણ એ સદ્ભૂત વ્યવહારાત્મા છે, એ નિશ્ચય નહિં. આહાહા! કેવળ જ્ઞાનની એક સમયની પર્યાય જે ત્રણ કાળ, ત્રણ લોકને જાણે, આહાહા! એવી એક સમયની જે દશા એ પૂર્ણ આત્મા નહીં, એ તો વહેવાર આત્મા છે. આહાહા! ઉપચારિક આત્મા છે. એય! એ ભગવાન આત્મા તો એવી કેવળ જ્ઞાનની પર્યાયની અનંત પર્યાયોનો પિંડ પડયો છે એ તો. આહાહા! એવો જે ભગવાન આત્મા શુધ્ધપણે જ્યારે જણાણો, ત્યારે કહે છે કે જેને પરની અપેક્ષા ને આશ્રય છે નહીં - એવો જણાણો, એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવામાં આવે છે.

એ જાણીને પણ પાછો ભ્રમમાં, પડયો કહે છે. છે ને? પૂર્વ વિભ્રમના સંસ્કાર પૂર્વ એટલે બહિરાત્મા અવસ્થામાં. શરીર ને એના આકારો ને વેદને પોતાનું માન્યું હતું ને? એના સંસ્કારો વળી ફરીને સ્ફૂર્યા કહે છે. આહાહા! સમજાણું કાંઈ? પોતાનો આત્મા માનવારૂપ વિભ્રમ એનાથી થયેલો સંસ્કાર વાસના, એ વાસના ભૂતકાળની હતી એ પાછી આવી. એ વાસના ભૂતડી. આહાહા! ભૂતનાથ ત્રિકાળનાથને, ભૂલી ગ્યો ઈ. વાસના. વાસનાએ દેખાવ આપ્યો કે, હું તો શરીર ને ઈન્દ્રિયોના સંસ્કારવાળો છું. આહાહા! આવી વિભ્રમદશા અજ્ઞાનીને ભાન થયેલા જીવ પાછા ભ્રમમાં પડે ત્યારે, આ દશા થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા! તેને લીધે તે ભ્રાંતિ પામે છે.

**ભાવાર્થ :** અંતરાત્મા આત્મતત્ત્વને દેહથી ભિન્ન જાણે છે. દેહના દેહના જે આકારો છે

ઇન્દ્રિયોના, એ બધા જડના આકાર છે, એનાથી હું ભિન્ન છું, એમ જ્ઞાની જાણે છે. આહાહા ! પુરૂષનું લિંગ છે માટે મને વિકાર થાય છે, એમ એ માનતો નથી. આહાહા ! એ પુરૂષનું લિંગ જ હું નથી ને ? આહાહા ! એ તો જડ છે, એ તો પુદ્‌ગલના આકારની ચેષ્ટાઓ બધી છે, એનાથી તો હું ભિન્ન છું. આહાહા ! સમજાણું કાંઈ ? તથા તેની તેવી ભાવના પણ કરે છે. વળી અંતરમાં એકાગ્રતા, પરથી જુદું પાડીને ધર્માત્મા (અંતરાત્મા) પોતાને ભાવે છે. તેમ છતાં પૂર્વે એટલે બહિરાત્મા અવસ્થામાં શરીર આદિને આત્મા માનવારૂપ ભ્રાંતિથી ઉત્પન્ન થયેલા સંસ્કારને લીધે, આહા ! સમ્યગ્દર્શનનો પાવર ખસી ગયો ને મિથ્યા સંસ્કારની ગંધ આવી અંદરથી. સમજાણું કાંઈ ?

એ કોઈ કર્મને લઈને આવી એમ નહીં. પૂર્વે સંસ્કાર એવા કર્યા હતા, એને દબાવ્યા હતા પાછા સ્ફૂરી થઈ પોતાની. પોતાની જ કલ્પના પાછી સ્ફૂરી થઈ. અરેરે ! એને આત્મા શું ચીજ છે, હું કોણ છું ને ક્યાં છું એની એણે દરકાર જ કરી નથી અને દરકાર કરી નથી માટે એ સંસ્કાર, આત્માની દરકાર કરી હોય એનેય વળી એ સંસ્કાર ઉદ્‌ભવ આવી જાય છે. આહા ! સમજાણું કાંઈ ? તેને સમ્યગ્શ્રધ્ધા રહેવા છતાં, આંહિ તો એ કહે છે, ચારિત્ર દોષરૂપ ભ્રાંતિ થાય છે, એમ નથી અહિં. (શ્રોતા : બેઈ વાત કરશે) આંહી બેય છે. ચારિત્રદોષ ટાળવો તે વાત હવે પછીના શ્લોકમાં બતાવશે, પણ અહિં એ આ ભ્રાંતિમાં અહિં ચારિત્રદોષની વાત છે નહિં. સમજાણું કાંઈ ?

આત્મજ્ઞાની પોતાના આત્માનું યથાર્થ સ્વરૂપ જાણે છે, તેને શરીર આદિ પરદ્રવ્યોથી ભિન્ન પણ અનુભવે છે, છતાં પૂર્વના લાંબા વખતના સંસ્કારોનો સર્વથા અભાવ નહીં હોવાથી, એમ નથી, અભાવ તો કર્યો હતો, સમજાણું કાંઈ ? (શ્રોતા : પહેલા અભાવ તો કર્યો'તો) અભાવ કર્યો'તો ફરીને એ ભ્રાંતિ ઉત્પન્ન થઈ, વાત એમ છે. લખાણમાં ફેર થોડોક છે. એને ભ્રાંતિ થઈ છે, એમ નથી) સમ્યગ્દ્રષ્ટિને જે ચારિત્રનો દોષ થાય છે, એ ભ્રાંતિ નથી. (શ્રોતા : ફરીથી ભ્રાંતિ) હેં ? (શ્રોતા : મૂળમાં એમ લખ્યું છે કે ફરીથી ભ્રાંતિ થઇ.) એ ઇ પહેલેથી અહિં કહ્યું ને પાછું ? એ ચારિત્રરૂપી ભ્રાંતિ થાય છે એમ લખ્યુ ને ત્યાંય એ, એમ નથી પાઠ આંહી.

ચારિત્ર થાય એ અસ્થિરતાનો દોષ છે, એ ભ્રાંતિનો દોષ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! આનંદ સ્વરૂપ ભગવાન જેણે આનંદની લહેર લીધી છે અને જેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે, આહાહા ! એને રાગાદિ ચારિત્રદોષ થાય, પણ એને એમાં આનંદ આવતો નથી, એમ છે. આહાહા ! એ તો ચારિત્રનો દોષ છે. એ

જુદી વસ્તુ છે. અહીં તો આચાર્ય પોતે भूयोडपि पुनरपि, भान्तिृ गच्छति એમ છે. સંસ્કૃતમાં એમ છે. અને ટીકામાંય મૂળ પાઠમાં એમ છે, જુઓ. पूर्व विभ्रम संस्कारात भ्रांति भूयोडपि गच्छति જરીક ફેર પડી જાય છે. આહાહા! એ તો ઘણાં કાળના સંસ્કાર પડયા છે અંદર, એ એનો અભાવ એણે કર્યો નથી, એટલે કે ક્ષાયિક કર્યું નથી, એટલે સંસ્કાર છે અંદરમાં! એને ઉપશમ દ્વારા દબાવ્યા હતા. આહાહા! જેમ પાણીમાં મેલ છે, એને પાણીના મેલ કાઢીને પાણીનું નીતરેલું પાણી જુદું જાણ્યું હતું, પણ મેલ હજી બેઠો તો હેઠે. સમજાણું કાંઈ? એ મેલ પાછો આવ્યો, પોતાની ભૂલનો, હોં! આહાહા! એમ કરીને ચેતાવે છે, હોં! ભાઈ! સમ્યગ્જ્ઞાન થવા છતાં સાવધાન રહેજે. આહાહા! એ ચૈતન્યના સ્વભાવનું ભાન છે તેને સાવધાનપણે જાળવજે, વચમાં દખલ ન થઈ જાય. આહીં તો કહે છે કે કેવળ જ્ઞાનની પર્યાય આગળ સમકિતીની ક્ષયોપશમની પર્યાય તો અનંતમાં ભાગે.

હવે એનું પણ એને અભિમાન નથી કે, હું આવો છું. એમ છતાં કોઈ ક્ષયોપશમની દશામાં, વિશેષ દશા લાગી અને ભૂલ્યો. એને લાગે હું તો ઘણો જ્ઞાની થઈ ગયો. આહાહા! સમજાણું કાંઈ? એ ભ્રાંતિ છે. ઘણું જ્ઞાન ક્યાં? કેવળજ્ઞાન પણ જ્યાં ઘણું નથી. જેની શક્તિના સત્વમાં તો અનંતગણું સત્વ પડયું છે, આહા! એની આગળ કેવળ જ્ઞાનની પર્યાય પણ તુચ્છ અને હલકી છે. એને ઠેકાણે ભાન થયું હતું પણ પાછો ઓલો ક્ષયોપક્ષમની જ્ઞાનદશા કંઈક વધી ને એટલે એના ઉપર દ્રષ્ટિ ગઈ એની, કે હું કાંઈ જ્ઞાનમાં વધ્યો છું, એ અભિમાન થઈ ગયું. ભ્રાંતિ થઈ ગઈ પાછી. આહાહા! સમજાણું કાંઈ? અને જેને સમ્યક્ થયું નથી એને એ ક્ષયોપશમની દશાના જાણપણાની ધારણા, એમાં એને અધિકપણું લાગે, એ પણ ભ્રમ છે. આહાહા!

ભગવાન અનંત ગુણનો ધણી છે. એની પાછળ નવ પૂર્વનું જ્ઞાન એ પણ અલ્પ અને તુચ્છ છે. એવા જ્ઞાનના મદમાં જે આવી ગયો, આહાહા! પૂર્વના સંસ્કારથી પાછો પડયો. આહાહા! જેને ચૈતન્ય સ્વભાવ, અપરિમિત સ્વભાવ, સામાન્ય સ્વભાવ, પૂરણ સ્વભાવ, સર્વજ્ઞ સ્વભાવ, સમાન જાતિનો એકરૂપ સ્વભાવ એવું જે વસ્તુનું સત્વ છે, એવી જ્ઞાનદશા એને પરથી ભિન્ન પડીને થઈ અને તેના તરફના પરથી ભિન્ન પાડીને વલણમાં રોકાણો, એકાગ્રતામાં. વળી કાંઈક જ્ઞાનના ક્ષયોપશમની દશા વિશેષ લાગતાં એને એમ થયું કે હું તો વધી ગયો છું, એ પૂર્વની ભ્રાંતિ પાછી. આહાહા! એમ કહે છે.

આ સંસારના જાણપણામાં કાંઈ માલ નથી, હોં! એલ.એલ.બી. અને બી.એ. ના પૂછંડા વળગાડયા હોય ને? એ નવરંગભાઈ! શું કહેવાય? તમારું દાકતરનું,

એમ.એ. હેં? (શ્રોતા : એફ.આર.સી.એસ.) સર્જન. સર્જન? આહાહા! કાંઈ પદવી હોય છે શું પદવી? આહાહા! જ્યાં અંદર જ્ઞાનથી ભરેલો ભગવાન અપરિમિત સ્વભાવ, કેવળજ્ઞાન પણ જેની પાસે વહેવાર અને તુચ્છ છે, આહાહા! ભાઈ! વાતું અંતરથી બેસતાં એને પરનું અભિમાન ઉડી જાય છે. સમજાણું કાંઈ? એવા ભાન થયા છતાં વળી જોકે અભિમાન આવ્યું, આહાહા! પર્યાયબુધ્ધિ થઈ એમ કહે છે. પૂર્વે પર્યાયબુધ્ધિ હતી અને વળી પાછી આવી. આહાહા! ધર્મીને અસ્થિરતાને લીધે રાગ દ્વેષ થઈ જાય પણ શ્રધ્ધા જ્ઞાનમાં તેને તેનું સ્વામીપણું નથી, એકત્વબુધ્ધિ નથી. શ્રધ્ધા જ્ઞાનના બળથી અને ભેદજ્ઞાનની ભાવનાથી પૂર્વના સંસ્કારોને નષ્ટ કરવા તે સદા પ્રયત્નશીલ હોય છે. જો તે રાગ દ્વેષને શ્રધ્ધા જ્ઞાનમાં ભલા માને, તો તે ફરીને બહિરાત્મા (મિથ્યાદ્રષ્ટિ) થઈ જાય. સ્થૂળ વાત લીધી છે. મૂળ તો જ્ઞાન અને રાગથી ભિન્ન અધિક અનુભવ હતો, એમાંથી ખસી ગયો અને પોતાને કંઈક ક્ષયોપશમની દશા હોય અજ્ઞાનમાં, એનું એને બહુમાન લાગ્યું. ભ્રાંતિ થઈ પાછી.

મારી દશા મારું સ્વરૂપ તો અપરિમિત છે, જેના શક્તિના સત્ત્વનો માપ જ નથી. કેવળજ્ઞાન પણ જેની પાસે અનંતમાં ભાગે દશા છે. આહાહા! એવું જ્ઞાનનું સત્ત્વ, જ્ઞાનનો સ્વભાવ તે હું છું, એમ અનુભવતાં છતાં વળી પૂર્વના સંસ્કારને લઈને ભ્રાંતિ થઈ, કહે છે. આહાહા! બહિરાત્મા (મિથ્યાદ્રષ્ટિ) થઈ જાય છે. અવિરત સમ્યગ્દ્રષ્ટિ અંદર જ્ઞાન ચેતનાનું પરિણમન છે, છતાં અસ્થિરતાને લીધે રાગ દ્વેષ થઈ જાય છે. તેથી તેને જ્ઞાન ચેતના સાથે કદાચિત કર્મ ચેતના, કર્મ ચેતનાનો પણ સદ્‌ભાવ માનવામાં આવ્યો છે, એ જુદી વસ્તુ છે. એ અહીં ભ્રાંતિમાં નાખવાની નથી. શું કીધું ઈ? કે જ્ઞાન સ્વભાવી વસ્તુ, એમાં એકાગ્ર થઈને જ્ઞાન ચેતના પ્રગટ કરી છે એવા જીવને પણ રાગ અને રાગનું ફળ એની દશામાં આવે છે, એટલે કે કર્મ ચેતના અને કર્મ ફળ ચેતના પણ જ્ઞાનીને હોય છે, પણ એ તો અસ્થિરતાના કારણે છે, ભ્રાંતિ નથી. આહાહા!

આમ તો જ્ઞાનીને એકલી જ્ઞાન ચેતના ગણી છે, મુખ્યપણે. પંચાસ્તિકાયમાં તો કેવળ જ્ઞાનીને જ્ઞાન ચેતના ગણી છે, પૂરણની એપક્ષાએ. આમ આત્મા પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય અપરિમિત સ્વભાવથી ભરેલો ભગવાન. આહાહા! એનું અંતરમાં જ્યાં બહુમાન અને અધિકપણે પરથી જુદો ભાસ્યો, એને વર્તમાન જ્ઞાનની પર્યાયનું મહાત્મ્ય દેખાતું જ નથી એને. સમજાણું કાંઈ? પણ જો વળી પાછું વર્તમાન જ્ઞાનની પર્યાયનું માન આવી ગયું, ભ્રાંતિ થઈ ગઈ. આવો છે આ ધર્મ! ભારે આકરી વાતું. જ્ઞાનીને કદાચિત કર્મ

ચેતના કર્મ ફળ ચેતનાનું પણ સદભાવપણું આવ્યું છે, પણ તે કર્મ ચેતના - કર્મ, અને કર્મ ચેતનાનો જ્ઞાતાદ્રષ્ટા રહે. આહાહા! એમ છે કે સ્વભાવ ચૈતન્યનું ભાન હોવા છતાં, અને જ્ઞાન સ્વભાવમાં એકાગ્રતાની ચેતના પ્રગટેલી હોવા છતાં, એને રાગ અને રાગનું ફળનું પરિણમન છે. તો સ્વભાવની દ્રષ્ટિની અપેક્ષાએ, એ કર્મ ચેતના અને કર્મફળ ચેતનાનો તો જ્ઞાતા દ્રષ્ટા છે, પણ પર્યાયના લક્ષે જુઓ, તો રાગનું પરિણમન ને રાગનું દુઃખનું ફળ એ મારામાં છે, એમ એ જ્ઞાન જાણે છે. સમજાણું કાંઈ? શું કીધું ઇ? (**શ્રોતા :** બે ભેદ પાડયા) આહાહા! આ તો અલૌકિક પંથના રસ્તા છે.

જે રસ્તો જોયો નથી, એને તો બહુ આકરું લાગે એવું છે. આહાહા! આંહી તો કહે છે કે જોયો છે. મારો રસ્તો અંદરમાં જવાની રીતની એને ખબર પડી ગઈ છે. આહાહા! રાગથી અને શરીરની સંસ્કૃતિ દશા સંસ્કાર બધા, એનાથી ભિન્ન પડીને, અંતરના મારગને જોયો છે, એ જીવને જ્ઞાન ચેતના જ મુખ્યપણે હોય છે. પણ પર્યાયને જુઓ તો, પર્યાયમાં હજી રાગનું પરિણમન છે અને રાગનું ફળ, દુઃખરૂપનું પણ પરિણમન છે. આહાહા! (**શ્રોતા :** વેદન છે) વેદનેય છે. રાગ અને રાગનું ફળ આકુળતા, એ જ્ઞાનીને પણ હજી પર્યાયમાં છે. એટલે ધર્મીને પણ જ્ઞાન ચેતનાની સાથે રાગમાં જરી અટકયો છે અને ફળમાં અટકયો છે, એ પણ એને ચેતના છે. આહાહા! એ કાંઈ ભ્રાંતિ નથી. હેં? પણ એ રાગમાં ચેતાતા, આકુળતામાં આવતા, પોતાની ચીજને ભૂલી ગયો અને હું એકલો રાગનું વેદન અને દુઃખનું વેદન કરનારો છું, એ ભ્રાંતિ થઈ ગઈ. સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે ભાઈ! એ કરતાં દેરાસર કરે, પૂજા કરે, ભક્તિ કરે, ધીરુભાઈ! પાંચ પચાસ હજાર ખર્ચે, લાખ બે લાખ, તો સમજાયે ખરું આ, કયા ઘડિયા માંડયા? બાપુ! તારી સ્વરૂપના સામર્થ્યની શક્તિઓ અપાર છે. એણે એના સ્વભાવના સામર્થ્યનું માપ જ કોઈ દિ' કર્યું નથી. સમજાણું કાંઈ?

આંહી તો કહે છે કે માપમાં સ્વભાવને લીધો, પ્રમાણમાં. છતાં એની પર્યાયમાં વળી દ્રષ્ટિ જતાં સ્વભાવની ભ્રાંતિ થઈ ગઇ એને. આવો હું છું, આવો હું છું, ભૂલી ગયો. હું તો આ ક્ષયોપશમની દશા જે ઉઘડી છે, એ મારી છે અને એ એનાથી હું અધિક છું. આહાહા! કાં એ રાગના વિકલ્પ ને મારામાં થાય છે, માટે હું છું, એમ ભ્રાંતિ થઈ ગઈ. આહાહા! સમજાણું કાંઈ? એ શ્વેતાંબરમાં આવું આવે, અહિંસા ને હિંસાની વ્યાખ્યામાં. એમ કહે કે પડે ત્યારે શું થાય છે એને? એ અહિંસા ભૂલી જાય છે ને રાગમાં અહિંસા, હિંસામાં હિંસા લાભ છે હિંસામાં ધરમ, એમ માને છે. સ્થૂળ વાત છે ત્યાં. આ

તો અંતરની વાતું છે. શ્રધ્ધા બદલી ગઈ. એ ચૈતન્યના નાથનો ભરોસો હતો, અપરિમિત મર્યાદા વિનાનું સ્વરૂપ મારું છે, એવી જે શક્તિ બેહદ (અણહદ) એનું જે ભાન હતું, પણ પૂર્વે એ ભાન નહોતું અને એ સંસ્કાર હતા એ વળી સ્ફૂર્યા કહે છે. આહા! એનો અર્થ કે એ પોતે ભૂલ્યો એમ. સમજાણું કાંઈ?

આ તો સમાધિની વાત છે ને? આત્મા પરથી ભિન્ન પડી ને સમાધિને વેદતો હતો. શાંતિ! શાંતિ! શાંતિ! શાંતિ! ઉપશમ રસની સમાધિ. આ બાવા કહે એ નહિં, હોં અન્ય મતિ માને એ. આ તો વીતરાગના ઘરની સમાધિ. હેં? આહાહા! એ આત્મા આનંદ સ્વરૂપ, એવી દશા પ્રગટ થતાં શાંતિની સમાધિ દશા થાય છે, એને આંહી સમાધિ કહે છે, અને એ સમાધિથી ભૂલ્યો, વળી હું જ્ઞાનની દશામાં વિશેષ છું, રાગમાં વિશેષ છું એની અધિકતા ભાસી, એ અસમાધિમાં આવ્યો પાછો, એમ કહે છે. સમજાણું કાંઈ?

ઓલા એક હતા ને નંદલાલજી ભીંડ? આના મામા. શ્રીચંદ ક્યાં ગયા? (**શ્રોતા** : ગયા હમણાં જ ગયા) હમણાં જ ગ્યા? આ બધી તૈયારી કરવા. ઠીક. એ એનો મામો હતા. નંદલાલજી. આપણે અહીંયા આવ્યા હતા. એ નંદલાલજી એમ માનતા, સમયસારનો અભ્યાસી હતો. હેં? આહાહા! અને એ વાંચે ત્યારે ૩-૪ જણ ભેગા થાય આહીં આવ્યા ને આમ માણસ તે'દિ હજી તો ઘણા. હેં? ૯૮ ની સાલમાં. ૯૮ નહિં ૯૯ ની સાલમાં ૯૯નો પોષ મહીનો. એ તો બધું અંદર લખાણમાં છે. એ યાદ છે. ૯૯ના પોષ મહિનામાં અહીં હતા. બહુ ભણેલા. ઘણું. પછી એકવાર એની એવી થીયરી હશે કે એકવાર આત્મભાન થયું હોય, પછી પડે નહીં, એમ કહેતા એ? એક શ્લોક એવો છે ને એ પરથી. એ તો ભાન થયું હોય તે પડે, ને વળી નિગોદમાં હાલ્યો જાય. સમજાણું કાંઈ? આહાહા! એ ખેલ ચૂક્યો, જાતના સ્વભાવના બેહદનો. આહાહા!

મિથ્યાત્વમાં આવી જાય અને જેવી દશા પહેલી હતી, એવી ને એવી થઈ જાય. ભલે અંતરમાં ફેર હોય થોડો, પણ બહારમાં તો દશા એવી ને એવી એની દેખાય. આહાહા! મેં કીધુ એમ નહિં. ઘણો ટાઈમ, આઠ દિ' રહ્યા હતા. અને એ વખતે સમયસારનો અભ્યાસ એને હતો. ઓલ્યા હતા ને ક્ષુલ્લક. કોણ? (**શ્રોતા** : વિરચંદ ભટારક) વીરચંદ ભટ્ટારક ક્ષુલ્લક હતા. શું ગામ ઈ? (**શ્રોતા** : કારંજા) કારંજામાં વીરચંદ ભટ્ટારક ક્ષુલ્લક હતા.એ આ સમયસાર એણે વાંચેલુ ઘણું, પણ એની શ્રધ્ધા નહિં. શ્રધ્ધા વેદાંત ની થઇ ગયેલી, વેશ ક્ષુલ્લકનો રહેલો. ત્યાં ઉતર્યા'તા અને એ જ્યાં રહેતા ત્યાં અમે ઉતર્યા હતા. આ વસ્તુ બાપુ અલૌકિક વાતું. એને તો એમ થયું કે આ વેદાંતમાં બધુ છે. આ સમયસારમાં

કાંઈક છે, જૈનમાં એમ, એમ કાંઇ શ્રધ્ધા એને જૈનની ઉડી ગયેલી. એના આ શિષ્ય હતા. મેં એને પૂછયું પછી એકવાર આહીં કે, તમારા ગુરૂને કાંઈ વેદાંતની શ્રધ્ધા હતી કે નહીં ? તો કહે એ ક્યાંથી જાણ્યું ? કીધું કે સાંભળ્યું હતું એકવાર.

આ શેઠીયા છે ને ? સરદાર શહેરના દીપચંદ શેઠીયા ! એ બહુ પૂછતાં ને એમાં જોધપુર ગયા'તા, ન્યાં ગયેલા ને એમાં ઓલો ભણેલો ઘણું રહ્યો ને આ સાધારણ લાગે એટલે આમ શું તમે જાણો છો ? સમયસારની વાત ને એમ કરીને તરછોડયો શેઠીયાને, એટલે આય કહે કે ભલે ને તરછોડે, મહારાજ હું તો જાણવા આવ્યો છું. એમ કહીને પછી કહે આ બધું આત્મા એક લાગે છે હોં ! શેઠીયા કહેવા લાગ્યા. કહે હા. ઓ માર્યા. એકજ આત્મા લાગે છે બાકી બધું ભ્રમ છે. ઓઈ માર્યા. આ તો કહે મૂળમાં ભૂલવાળા. દીપચંદ શેઠીયા હતા, છે ને ? એ ત્યાં ગયેલા, અને એને પ્રશ્ન કાંઈ મૂક્યો સમયસારનો એમાં એને તરછોડયા ઓલાએ, (ક્ષુલ્લક) શું તમે જાણો છો સમયસારને ? જૈનમાં એક સમયસાર છે, બાકી શું છે ? એ (શેઠીયા) કહે, વાંધો નહીં, તારું પેટ લેવું છે મારે. એમ કહીને પૂછયું કે આ તો બધું થઈને એક આત્મા, બે ને ત્રણ ને ભેદને એ બધું કાલ્પનીક (ક્ષુલ્લકે કહ્યું) એમ છે. ઓલો કહે કે એમ છે. પણ આ તારું પેટ લે છે. આહાહા ! એ શ્રધ્ધા મિથ્યાત્વ હતી એની. એના એ શિષ્ય હતા. નંદલાલજી હતા. ૯૯ માં આવેલા એ.

એ કહે, એકવાર સમ્યક્ થયું એ પછી ફરીને મિથ્યા થાય નહિ. એ વાત, પણ વિરોધ છે આહીંનો. શેઠ ! અહીં તો ઘણાં ઘણાં માણસો ઘણાં આવે જાય ને પરિચય માટે. નહીં બાપુ, આહાહા ! અને મોક્ષમાર્ગ પ્રકાશકમાં લખ્યું છે, બધું કહ્યું છે. ગોમ્મટસારમાં સમ્યગ્દ્રષ્ટિ અગિયારમે ગુણસ્થાન ગયેલો હોય, એ પણ પડીને મિથ્યાત્વ થઈને નિગોદમાં ચાલ્યો જાય. બટાટા શક્કરકંદમાં અવતરે. આહાહા ! પાછી દશા એની, બહિરાત્મ દશા થઈ ગઈ. આહાહા ! સમજાણું કાંઈ ?

તીર્થંકરનું સમકિત અપ્રતિહત હોય, એ પડે નહીં કોઈ દિ' હેઠે. ચારિત્ર તો અહીં લીધું હોય, એ તો પડે ને સ્વર્ગમાં જાય. સમ્યગ્દર્શનની દશા તો એની અપ્રતિહત હોય છે. આહાહા ! આ વિભ્રમ થાય, એવું એને ન થાય. ચક્રવર્તીના રાજમાં રહ્યા હોય તીર્થંકર, ૯૬ હજાર સ્ત્રીના વિષયમાં રહ્યા હોય, છતાં એને ભ્રમ ન થાય કે આ તે મારું સ્વરૂપ આનંદમાં છે કે આમાં આનંદ છે, એ દુઃખ જ છે, એમ ભાસે. આહાહા ! અહીંયા કહે છે કે એ પરનાં આનંદનો ભાસ થઈ જાય વળી પાછો. સમજાણું કાંઈ ? આહાહા ! અરેરે ! આ શું ? પણ આવી વાતું. આ શું કરવું કાંઈ સૂજ પડતી નથી, એક જણો એમ

કહેતો હતો. ભાઈ! તારી જાતને સંભાળ, એ કરવાનું છે, ભાઈ! હેં? આહાહા! એવી ભ્રાંતિ બહિરાત્મા મિથ્યાદ્રષ્ટિ થઈ જાય.

અવિરત સમ્યગ્દ્રષ્ટિને અંદર જ્ઞાન ચેતનાનું પરિણમન છે. અસ્થિરતાને લઈને રાગ દ્વેષ થઈ જાય છે. તેથી તેને જ્ઞાન ચેતના સાથે કર્મ અને કર્મ ચેતનાનો સદભાવ માનવામાં આવ્યો છે. પણ કર્મ ચેતના અને કર્મફળ ચેતનાનો ક્રમ કર્મ છે? (કર્મ શબ્દ છે એમાં? હેં? આમાં છૂટી ગયો છે. એમાં છે? છૂટી ગયો છે. આમાંય છૂટી ગયો છે) હેં? ફેર છે. ત્રીજી લીટી. કર્મ ચેતના ને, બીજી લીટી નહીં. બીજી લીટીમાં કર્મ ચેતના છે, ત્રીજી લીટીમાં નથી. હેં? આમાં હશે? ઇ ભલે આપ્યું પણ આંહી આ ઇ તો આપ્યું તો હોય ને? છૂટી ગ્યું છે. ચેતનાનો જ્ઞાતા દ્રષ્ટા રહે છે. ધર્મી જીવને રાગ ને રાગના ફળનું વેદન હોય છે. છતાં ધર્મી જીવ તેનો જ્ઞાતા દ્રષ્ટા સ્વભાવની દ્રદ્ષ્ટિએ રહે છે અને જ્ઞાનની દ્રષ્ટિએ તેનું વેદન મારું છે, એમ એ જાણે છે. આહાહા! સમજાણું કાંઈ? હવે આવો ઉપદેશ અને આ ધર્મ. અંતરાત્માને પૂર્વના સંસ્કારોને લીધે નીચેની ભૂમિકામાં જે ભ્રાંતિ થાય છે, એ મિથ્યાત્વજનિત નથી, પરંતુ અસ્થિરતાજનિત છે. એ મિથ્યાજનિત છે, તેથી તેને રાગ દ્વેષ થવા છતાં તેના સમકિતમાં કાંઈ દોષ આવતો નથી, એમ નથી. આ ભ્રાંતિ છે.

હવે એ ભ્રાંતિ પામેલો આત્મા ભ્રાંતિને કેવી રીતે છોડે છે એ વિશેષ કહેશે....

।। પ્રમાણ વચન ગુરૂદેવ ।।

**જિંદગી અલ્પ છે અને જંજાળ અનંત છે, સંખ્યાત ધન છે, અને તૃષ્ણા અનંત છે, ત્યાં સ્વરૂપસ્મૃતિ સંભવે નહિં, પણ જ્યાં જંજાળ અલ્પ છે અને જિંદગી અપ્રમત્ત છે, તેમજ તૃષ્ણા અલ્પ છે અથવા નથી અને સર્વ સિદ્ધિ છે ત્યાં સ્વરૂપસ્મૃતિ પૂર્ણ થવી સંભવે છે. અમૂલ્ય એવું જ્ઞાન જીવન પ્રપંચે આવરેલું વહ્યું જાય છે. ઉદય બળવાન છે.**

**દષ્ટિનાં નિધાન ૪૫**

# પ્રવચન – ૫૮

## શ્લોક – ૪૬ અને ૪૭

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૦૬.૦૨.૭૫**

भूयो भ्रान्तिं गतोऽसौ कथं तां त्यजेदित्याह -

**अचेतनमिदं दृश्यमदृश्यं चेतनं ततः ।**
**क्व रुष्यामि क्व तुष्यामि मध्यस्थोऽहं भवाम्यतः ।।४६।।**

દૃશ્યમાન આ જડ બધાં, ચેતન છે નહિ દૃષ્ટ;
રોષ કરું ક્યાં ? તોષ ક્યાં ? ધરું ભાવ મધ્યસ્થ ।। ૪૬ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

**टीका** : इदं शरीरादिकं दृश्यमिन्द्रियैः प्रतीयमानं । अचेतनं जडं रोषतोषादिकं कृतं न जानातीत्यर्थः। यच्चेतनमात्मस्वरुपं तददृश्यमिन्द्रियग्राह्यं न भवति । ततः यतो रोषतोषविषयं दृश्यं शरीरादिकमचेतनं चेतनं स्वात्मस्वरुपमदृश्यत्वात्तद्विषयमेव न भवति ततः क्व रुष्यामि क्व तुष्याम्यहं । अतः यतो रोषतोषयोः कश्चिदपि विषयो न घटते अतः मध्यस्थ उदासीनोऽहं भवामि ।।४६।।

ફરીથી ભ્રાંતિ પામેલો તે (અંતરાત્મા) તે (ભ્રાંતિને) કેવી રીતે છોડે તે કહે છેઃ -

**અન્વયાર્થ** : (इदं दृश्यं) આ શરીરાદિ દશ્ય પદાર્થ (अचेतनं) ચેતનારહિત-જડ છે અને જે (चेतनं) ચૈતન્યસ્વરૂપ આત્મા છે તે (अदृश्यं) ઇન્દ્રિયો દ્વારા દેખાય તેવો નથી; (ततः) તેથી (क्व रुष्यामि) હું કોના ઉપર રોષ કરું ? અને (क्व तुष्यामि) કોના ઉપર રાજી થાઉં ? (अतः अहं मध्यस्थः भवामि) એટલા માટે હું મધ્યસ્થ થાઉં છું-એમ અંતરાત્મા વિચારે છે.

**ટીકા** : આ એટલે શરીરાદિક, જે દશ્ય એટલે ઇન્દ્રિયોદ્વારા દેખાવા યોગ્ય છે-પ્રતીતિમાં આવવા યોગ્ય છે, તે અચેતન-જડ છે; તે કરેલા રોષ-તોષાદિકને જાણતું નથી - એવો અર્થ છે. જે ચેતન-સ્વાત્મસ્વરૂપ છે, તે અદશ્ય છે એટલે ઇન્દ્રિયોદ્વારા ગ્રાહ્ય નથી; તેથી હું કોના ઉપર રોષ કરું ? અને કોના ઉપર તોષ કરું ? કારણકે દશ્ય શરીરાદિક અચેતન છે અને ચેતન-આત્મસ્વરૂપ અદશ્ય છે, માટે હું મધ્યસ્થ-ઉદાસીન થાઉં છું, કારણ કે રોષ-તોષનો વિષય કોઇપણ ઘટતો નથી.

**ભાવાર્થ** : પૂર્વના ચારિત્ર સંબંધી ભ્રાન્તિરૂપ સંસ્કારો જાગૃત થાય છે ત્યારે અંતરાત્મા સમાધાનરૂપે વિચારે છે કે, ''શરીરાદિક પદાર્થો જે દૃષ્ટિગોચર છે તે અચેતન છે-જડ છે; તેના ઉપર હું રાગ - દ્વેષ કરું તો તે વ્યર્થ છે. આત્મા જે ચેતન છે, રાગ - દ્વેષભાવને જાણી શકે છે, તે તો અદશ્ય છે - દૃષ્ટિગોચર નથી, તેથી તે પણ મારા રાગ - દ્વેષનો વિષય બની શક્તો નથી; માટે કોઇના ઉપર રાગ-દ્વેષ નહિ કરતાં, સર્વ બાહ્ય પદાર્થોથી ઉદાસીન થઇ મધ્યસ્થ (વીતરાગી) ભાવ ધારણ કરવો યોગ્ય છે, અર્થાત્ પર પ્રત્યે ઉદાસીનતા સેવી, તેના કેવળ જ્ઞાતા-દૃષ્ટા રહી, આત્મતત્ત્વને જ જ્ઞાનનો વિષય બનાવવો અને તેમાં જ સ્થિર થવું તે ઉચિત છે.''

જ્ઞાનીને અલ્પ રાગ - દ્વેષ થાય પણ ભેદ-જ્ઞાનના બળે તે ઉપર પ્રમાણે અંદર સમાધાન કરી પોતાના જ્ઞાનના વિષયને તુરત પલટી નાંખે છે અને જ્ઞાનાનંદસ્વરૂપને જ જ્ઞાનનો વિષય બનાવે છે. તેની વારંવાર ભાવના ભાવતાં રાગ - દ્વેષની વૃત્તિ સ્વયં ક્રમે ક્રમે ટળી જાય છે. ૪૬

# પ્રવચન – ૫૮

સમાધિતંત્ર. શ્લોક ૪૬. ફરીથી ભ્રાંતિ પામેલો તે અંતરાત્મા, તેને, ભ્રાંતિને કેવી રીતે છોડે? માથે છે લખ્યું. ભૂયો ભ્રાંતિગતોડસૌ.

આ શરીરાદિ જે દશ્યમાન ઈન્દ્રિય દ્વારા દેખાવા યોગ્ય છે, તે તો પ્રતીતિમાં આવવા અચેતન છે. આ શરીર આ બધા બીજાનાં, જે કાંઈ દેખાવામાં આવે એ તો જડ છે, તે કરેલા રોષતો ષાદિકને જાણતું નથી. શરીરાદિ જડ પદાર્થ, રોષતોષ ને જાણતું નથી. રોષ કરવો કે સંતોષ એ તો એને ખબર નથી, આહાહા! તો કોનાથી રોષ કરવો અને કોનાથી સંતોષ કરવો એટલે કે રાગ દ્વેષ કેમ કરવો એવો અર્થ છે.

જે ચેતન સ્વાત્મસ્વરૂપ છે, તે અવશ્ય અદશ્ય છે. ભગવાન આત્મા તો અદશ્ય નામ ઈન્દ્રિયથી ગ્રાહ્ય નથી. ઈન્દ્રિયથી ગ્રાહ્ય તો આ જડ આદિ દેખાય છે, એ બધા અચેતન છે, તેથી હું કોના પર રોષ કરું એટલે દ્વેષ, અને કોના ઉપર તોષ કરું? એટલે સંતોષ. કારણકે દ્રશ્ય શરીરાદિ અચેતન છે અને ચેતન આત્મસ્વરૂપ અદશ્ય છે માટે હું મધ્યસ્થ ઉદાસ થાઉં છું. પરપદાર્થના પ્રત્યે પ્રેમ કે અપ્રેમ હું કરતો નથી કેમ કે પરપદાર્થ કંઈ જાણતા નથી જડ આદિ, અને જાણનારો તે હું છું એ ઈન્દ્રિય દ્વારા દેખાતો નથી અને બીજાના આત્મા છે એ પણ ઈન્દ્રિય દ્વારા દેખાતા નથી, તો કોના ઉપર રાગ દ્વેષ કરું એમ કહે છે. આહાહા! હું તો જ્ઞાતા દ્રષ્ટા છું. જાણનાર, દેખનાર હું છું. એમાં હું સંતોષથી રહું, એમ ધર્માત્મા વિચારે છે. સમજાણું કાંઈ?

માળું આવું જગતથી ઉંધુ ભારે આ બધુ! જે કાંઈ કરવું પડે આખો દિ' એ તો કહે છે કાંઈ કરાય નહિં. એ તો ઈન્દ્રિયગ્રાહ્ય ચીજ છે, એ તો જડ છે અને જે જણાય નહિં એવો આત્મા ચૈતન છે. એ ઈન્દ્રિયથી દેખાતો નથી, પરનો અને મારો એમ. હું તો જાણનાર મારા સ્વભાવથી જાણું અને એ સ્વભાવ એના ઉપર પણ રાગ-દ્વેષ શું કરવો? અચેતન ઉપર પણ શું કરવો? મધ્યસ્થ શાંતિ. સમાધિ નામ આનંદમાં રહું એ મારું સ્વરૂપ છે, એમ કહે છે. ગમે તે પ્રસંગ હો, હું તો જાણનાર દેખનાર ને જાણનારો, માટે હું સંતોષથી રહું. આહાહા! હું કોઈને મદદ કરી શકું એવો નથી, તેમ પરને હું નુકશાન કરી શકું એવો હું નથી, એમ મને નુકશાન કરનાર પર ચીજ છે એ નથી. આહાહા! મને કોઈ સહાય કરી શકે પર દ્રવ્ય, એવી કોઈ ચીજ નથી. આહાહા! તો કોના ઉપર રાગ - દ્વેષ કરું? એટલે કે હું તો મધ્યસ્થ જ્ઞાતા - દ્રષ્ટા તરીકે રહું, એ મારું સ્વરૂપ છે.

કહો, પણ આ ધંધા કરવા કે આ કરવું, એને શું કરવું છે, અત્યારે ? એ તો કહે છે ને ધંધા જે તું કહે છે, એ તો જડ છે. એને તો કરી શક્તો નથી અને એ રોષ-તોષને જડ જાણતા નથી. તારા રાગ દ્વેષને એ કાંઇ જાણતા નથી. આહાહા ! અને જાણનારો ચૈતન્ય ભગવાન ઇન્દ્રિયથી ગ્રાહ્ય નથી, તો એને બીજાના આત્માને પણ ઇન્દ્રિયથી ગ્રાહ્ય નથી તો એના ઉપર રાગ દ્વેષ શું કરવાને થાય ? આહા ! છે શબ્દ ? 'મધ્યસ્થોઽહં'. મધ્યસ્થ એટલે કે જાણનાર દેખનાર હું છું, બાકી કોઇ ચીજ છે (નહિં). માટે હું ઉદાસીન થાઉં છું, કારણકે રોષ-તોષનો વિષય કોઇ પણ ઘટતો નથી. પર જડ છે એ રોષ-તોષનો વિષય નથી, ચૈતન્ય ઇન્દ્રિયગ્રાહ્ય નથી એ પણ રાગ - દ્વેષનો કાંઇ વિષય નથી. આહાહા ! એવી વાત લીધી છે.

પૂર્વના ચારિત્ર સબંધી ભ્રાંતિરૂપ સંસ્કારો જાગૃત થાય, એવું એણે લીધું છે. ત્યારે અંતરાત્મા સમાધાનરૂપે વિચારે છે કે શરીરાદિ પદાર્થો દ્રષ્ટિગોચર છે, તે અચેતન છે. પૈસો, સ્ત્રીનું શરીર, મકાન, આબરુ એ તો બધા જડનું જડ છે, ઇન્દ્રિયનો વિષય છે. તેના ઉપર હું રાગ-દ્વેષ કરું તો કહે જડ છે, કેમકે અચેતન ઉપર રાગ-દ્વેષ કરવા એનું શું કારણ ? એમ કરીને હું તો અચેતન દશાનો હું જાણનાર દેખનાર છું, મધ્યસ્થ છું એટલે કે હું વીતરાગ ભાવે રહેનારો છું, એમ કહે છે. સમજાણું કાંઇ ? આત્મા જે ચેતન છે એ રાગ - દ્વેષના ભાવને જાણી શકે છે, તે તો અદૃશ્ય છે દ્રષ્ટિગોચર નથી, તેથી તે પણ મારા રાગ - દ્વેષનો વિષય બની શક્તો નથી. આહાહા !

ભ્રમજાળ જગતની, એમાં ને એમાં જીંદગી જાય. કહે છે કે એ જડને જોઇને તું અનુકૂળ અને પ્રતિકૂળતાનો ભાવ કર, પણ એ જડને તો કાંઇ ખબર નથી. તો કહે કે તારા રાગ - દ્વેષના ભાવ મફત જાય છે, નુકશાન ખાતે જાય છે. હેં ? આહાહા ! પર પ્રત્યે ઉદાસીનતા સેવી, તેનો કેવળ જ્ઞાતા-દ્રષ્ટા રહી, વાત વાત એ છે. આત્મતત્ત્વને જ્ઞાનનો વિષય બનાવવો, ઇન્દ્રિયનો વિષય નથી એટલે જ્ઞાનનો વિષય બનાવવો એમ કહે છે. અંતરમાં જ્ઞાનનો વિષય આત્મા ચૈતન્ય એને બનાવવો એટલે કે જ્ઞાનની પર્યાયને જ્ઞાતા એનું જે ધ્યેય, એનો વિષય કરીને ધ્યાન કરવું. આહાહા ! આ તો મુનિ છે ને એટલે ઉત્કૃષ્ટ વાત કરે છે ને અને તેમાં સ્થિર થવું, તે ઉચિત છે. જ્ઞાનીને અલ્પ રાગ-દ્વેષ થાય પણ ભેદજ્ઞાનના બળે તે ઉપર પ્રમાણે અંદર સમાધાન કરી, પોતાના જ્ઞાનના વિષયને એટલે કે હું એક જ્ઞાનનો જ વિષય છું, વર્તમાન જ્ઞાનની દશાનો હું વિષય છું, રાગ-દ્વેષનો હું વિષય (નથી), એમ પર ઉપર રાગ - દ્વેષ કરવા એ વિષય નથી. આહાહા !

આ માર્ગ વીતરાગનો એવો છે, વીતરાગતા બતાવે છે. કોઇ પણ પ્રસંગમાં પર ચીજને જોતાં અનુકૂળ પ્રતિકૂળતાનો સવાલ જ ક્યાં છે ? એમ કહે છે. એ ચીજ તો જ્ઞેય તરીકે જાણવામાં આવે છે, અને હું જે છું એ તો ઇન્દ્રિયગ્રાહ્ય નથી. હું તો મારા જ્ઞાનનો વિષય (છું). આહાહા ! હું મને જાણું એ જ્ઞાનની દશાથી જાણું એટલે એના ઉપર રાગ-દ્વેષ કરવાનો અવસર રહેતો નથી, એમ કહે છે. અને પર જે ઇન્દ્રિયગ્રાહ્ય ચીજ છે એ તો જડ છે, એના ઉપર રાગ - દ્વેષ કરવાનું કારણ શું ? અને તું રાગ કર, પ્રીતિ કર પણ એ તો જાણતો નથી કે મારા ઉપર આ પ્રીતિ કરે છે. શરીરને ખબર છે ?

(**શ્રોતા** : છોકરાઓ તો જાણે છે ને કે આ પ્રીતિ કરે છે) છોકરાએય જાણતા નથી. છોકરાઓ તો એના શરીરની અનુકૂળતા દેખીને ઓલો બોલાવે આમ, આમ એ તો જડનો વિષય છે એનો, એમાં એ માને છે કે મારા ઉપર આને પ્રેમ છે. એ તો કલ્પના કરી છે. આહાહા ! કો પોપટભાઇ ! હવે આવું બધું ગૃહસ્થાશ્રમમાં કરવું ? (**શ્રોતા**: ..... ......) આહાહા ! મૂળ મુદ્દો તો એમ કહે છે કે હું જે આત્મા છું, એ તો મારી જ્ઞાન દશા વડે જ જણાઉં એવો હું છું. આહાહા ! અને બીજી ચીજ છે, એ તો ઇન્દ્રિયગ્રાહ્ય છે. એ મારા જ્ઞાનનો વિષય નથી એ ચીજ. સમજાણું કાંઇ ? તો પર પ્રત્યે રાગ - દ્વેષ કરવાની શું વસ્તુ ? આહાહા ! અને પોતે એ જ્ઞાનનો વિષય છે, ત્યાં તો રાગ - દ્વેષ છે જ નહિં, એટલે પોતામાં પણ રાગ-દ્વેષ કરવાનું રહેતું (નથી). આહાહા ! આ સમાધિનો અધિકાર છે.

પરને જાણતાં અનુકૂળ પ્રતિકૂળતાનો ભાવ કરવો એથી કરીને કાંઇ ચીજ તો જાણતી નથી કે આ મને મારા ઉપર આ પ્રેમ કરે છે, દ્વેષ કરે છે. તારો રાગ ને દ્વેષ તને દુ:ખદાયક તને થશે. આહાહા ! અને તારા ઉપર રાગ - દ્વેષ થતો નથી, કેમ કે તું રાગનો વિષય નથી, જ્ઞાન ની પર્યાયનો વિષય છે, એને જાણતાં વીતરાગતા થાય છે. મધ્યસ્થ થઇ જાય છે, રાગ - દ્વેષના બે ભાગલા ન પાડતાં. આહાહા ! આ એની ક્રિયા છે ધાર્મિક. પોતાના જ્ઞાનના વિષયને તુરત પલટી નાંખે છે. જોયું ? બહારનો વિષય બનાવીને તો રાગ - દ્વેષ થાય, અને તે પણ એ તો જડ છે સામે. આહાહા ! એ સ્ત્રી, એનું શરીર પુત્ર દીકરા લક્ષ્મી બધા તો જડ છે, શરીર એનો આત્મા ઇન્દ્રિયગ્રાહ્ય નથી, અને ગ્રાહ્ય જડ છે એ તો જડ છે, હવે કોના ઉપર તું પ્રેમ કરીશ ? એ પ્રેમને જાણતા તો નથી, ઠીક ન હોય તો દ્વેષ કર પણ દ્વેષ એ કાંઇ જાણતા નથી, તારો રાગ ને દ્વેષ તો અનર્થ ને માટે થશે, સમજાણું કાંઇ ?

અને જ્ઞાનાનંદ સ્વરૂપને જ જ્ઞાનનો વિષય બનાવે છે. આહાહા ! હું એક ચૈતન્ય નિર્વિકલ્પ આનંદકંદ બ્રહ્મ છું. એવી જ્ઞાનની દશામાં તેનો વિષય એટલે ધ્યેય

બનાવી અને તેમાં રહે છે, તો એ તો વીતરાગતા થઇ. આવી વાત કહે કાને પડતી નથી, ધર્મીને એવી વાત હોય, સમ્યગ્દ્રષ્ટિને એમ હોય. સમજાણું કાંઇ ? જ્ઞાનાનંદ સ્વરૂપને જ્ઞાનનો વિષય બનાવે છે. પોતાની જે જ્ઞાનદશા છે, તેને પોતાનું પૂર્ણ સ્વરૂપ છે, તેને ધ્યેય બનાવે છે, એટલે તેને વીતરાગતા પ્રગટ થાય છે. ભારે આવું ભાઇ આકરું કરવું શું એમાં સૂઝ પડતી નથી, કહો, શાંતિભાઇ ! ઝવેરાતમાં તો કેટલી આમ, આમ દીધું, આ લીધું કહો. એમાં બે લાખ પેદા થાયને ? શાંતિભાઇની છાપ મોટી છે ત્યાં, મુંબઇ હોં ? આ શાંતિનાથ છે પોતે. આહાહા !

રાગ અને દ્વેષ આશ્રવ અનર્થકારક છે, એ મારું સ્વરૂપ નથી. આહાહા ! કેટલાક તો કહે છે ને ભાઇ આપણે શુભ રાગ કરો, પરંપરાએ એનાથી લાભ થશે એનો અર્થ શું ? કહે છે પેલી બાર અનુપ્રેક્ષામાં તો ભાઇ આવે છે કે રાગ છે એ અનર્થનું મૂળ છે. કુંદકુંદાચાર્યની બાર છે ને અનુપ્રેક્ષા. હેં ? દ્વાદશાંગ અનુપ્રેક્ષા આશ્રવ છે એ અનર્થનું મૂળ છે, જ્ઞાનીનેય તે, એમ ત્યાં તો આવે છે. આહાહા ! (**શ્રોતા** : કોઇને કોઇ અપેક્ષાએ લાભદાયક નથી) જરીયે લાભ નહિં, પરંપરાએ નુકશાનકર્તા છે એમ ત્યાં તો લખ્યું છે, એવો પાઠ છે. રાગનો ભાવ દયા દાન ભક્તિ પૂજાનો વિકલ્પ પરંપરાએ ધર્મ થશે એમ નહિં, પરંપરાએ એ તો અનર્થનું મૂળ છે.

(**શ્રોતા** : એમાં તો એમ લખ્યું છે સંવર નિર્જરાના આશ્રયે ધર્મ થાય છે) જરીયે નથી, આહાહા ! પર્યાયના આશ્રયે ક્યાંથી ધર્મ થાય ? બહુ જગતને. કાંઇક વહેવાર કરતાં કરતાં થાય. (**શ્રોતા** : ક્યાંથી થાય ?) હેં ? આ પૈસાવાળાને પૈસાનું દાન દેવાથી થાય, શરીરના બળીયાને ઉપવાસથી થાય, મનના બળીયાને જાણપણાના, પરનું જાણપણું કરીને રહે એમાં થાય, એમ નહિં હોય ? આહાહા ! ભાઇ ! તું તો જ્ઞાનનો વિષય છો ને ન્યાં જાને ! તું જ્ઞાનમાં જણાય એવો તું છો, એમાં જાને. આહાહા ! તને ત્યાં શાંતિ થશે, જ્ઞાનના વિષયને પોતાનો બનાવતાં આનંદ થશે. આહાહા !

અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવશે. આહાહા ! પર તરફ જતાં ચાહે તો વ્રતને ભક્તિને પૂજાને જાય એમાં રાગ થાય, એ તો નુકશાનનું કારણ છે. જ્ઞાનનો વિષય બનાવે તેની વારંવાર ભાવના ભાવતાં એટલે કે પોતે જ્ઞાનમાં પોતાને ધ્યાનમાં લઇને ધ્યાન વિષય કુરુ એવો શબ્દ છે. અધ્યાત્મ તરંગિણી છે ને ? અધ્યાત્મ તરંગિણી. આવા શબ્દો પડયા છે અંદર, ઘણે ૨-૪ ઠેકાણે. ધ્યાન વિષય કુરુ, ધ્યાન વિષય કુરુ એટલેકે જ્ઞાનના વિષયને આત્મા બનાવ, ધ્યાનનો વિષય એને બનાવ, તારી એકાગ્રતા એમાં કર.

આહાહા! દુનિયાના માન મળે, મોટપ મળે, ખુશી ખુશી આમ થઈ જાય બધા રાજી, ને તાળીઓ પાડે એની પછી. આહાહા! અરે! એમાં તને શું? તારે શું? આહાહા! તેં તને વિષય બનાવીને આનંદ ન આવે અને પરનો વિષય બનાવીને તું રાગ દ્વેષ કર એ તો દુ:ખદાયક છે. આહાહા! સમજાણું કાંઈ? સમાધિશતક છે ને?

સ્વરૂપ આત્માનું પોતાના જ્ઞાનમાં લઈને તેને વારંવાર તેના તરફમાં એકાગ્રતા કરીને રાગ દ્વેષની વૃત્તિ સ્વયં ક્રમે ક્રમે ટળી જાય છે અને સ્વરૂપની શાંતિ વધતી જાય છે. આહાહા! આવું પણ ભારે આકરું કામ. હવે બહિરાત્મા અને અંતરાત્માના ત્યાગ ગ્રહણના વિષયને સ્પષ્ટ કરતાં કહે છે,

**इदानी मूढात्मनोऽन्तरात्मनश्च त्यागोपादानविषयं प्रदर्शयन्नाह –**

**त्यागादाने बहिर्मूढः करोत्यध्यात्ममात्मवित् ।**
**नान्तर्बहिरुपादानं न त्यागो निष्ठितात्मनः ।। ४७ ।।**

**મૂઢ બહિર્ ત્યાગે-ગ્રહે, જ્ઞાની અંતરમાંય;**
**નિષ્ઠિતાત્મને[1] ગ્રહણ કે ત્યાગ ન અંતર્બાહ્ય ।। ૪૭ ।।**

**टीका** : मूढो बहिरात्मा त्यागोपादाने करोति । क्व ? बहिर्बाह्ये हि वस्तुनि द्वेषोदयादभिलाषाभावान्मूढात्मा त्यागं करोति रागोदयात्तत्राभिलाषो - त्पेत्तेरुपादानमिति । आत्मवित् अंतरात्मा पुनरध्यात्मनि स्वात्मरुप एव त्यागोपादाने करोति । तत्र हि त्यागोरागद्वेषादेरन्तर्जल्पविकल्पादेर्वा । स्वीकारश्चिदानन्दादेः । यस्तु निष्ठितात्मा कृतकृत्यात्मा तस्य अंतर्बहिर्वा नोपादानं तथा न त्यागोऽन्तर्बहिर्वा ।। ४७ ।।

હવે બહિરાત્મા અને અંતરાત્માના ત્યાગગ્રહણના વિષયને સ્પષ્ટ કરતાં કહે છે :-

**અન્વયાર્થ** : (मूढः) મૂર્ખ બહિરાત્મા (बहिः) બાહ્ય પદાર્થોનો (त्यागादाने करोति) ત્યાગ અને ગ્રહણ કરે છે, (आत्मवित्) આત્માના સ્વરૂપને જાણનાર અંતરાત્મા (अध्यात्मं त्यागादाने करोति) અંતરંગ રાગ-દ્વેષનો ત્યાગ અને સમ્યક્રત્નત્રયરૂપ આત્મસ્વરૂપનું ગ્રહણ કરે છે, પરંતુ (निष्ठितात्मनः) શુદ્ધસ્વરૂપમાં સ્થિત આત્માને (अन्तः बहिः) અંતરંગ અને બહિરંગ કોઈપણ પદાર્થનો (न त्यागः) ન તો ત્યાગ હોય છે અને (न उपादानं) ન તો ગ્રહણ હોય છે.

**ટીકા** : મૂઢ બહિરાત્મા ત્યાગ ગ્રહણ કરે છે, શામાં (કરે છે)? બહારમાં એટલે બાહ્ય વસ્તુમાં; દ્વેષના ઉદયને લીધે અભિલાષાના અભાવના કારણે મૂઢાત્મા (બહિરાત્મા) તેનો (બાહ્ય વસ્તુનો) ત્યાગ કરે છે અને રાગનો ઉદય થતાં તેની અભિલાષાની ઉત્પત્તિના કારણે તેનું (બાહ્ય વસ્તુનું) ગ્રહણ કરે છે; પરંતુ આત્મવિદ્ એટલે અંતરાત્મા આત્મામાં જ

અર્થાત્ આત્મસ્વરૂપ વિશે જ ત્યાગ ગ્રહણ કરે છે. ત્યાં ત્યાગ તો રાગ-દ્વેષાદિનો કે અંતર્જલ્પરૂપ વિકલ્પાદિનો અને સ્વીકાર (ગ્રહણ) ચિદાનંદાદિનો હોય છે.

જે નિષ્ઠિતાત્મા અર્થાત્ કૃતકૃત્ય આત્મા છે તેને અંતરાત્મા કે બાહ્યમાં (કાંઇ) ગ્રહણ નથી તથા અંતરમાં કે બાહ્યમાં (કાંઇ) ત્યાગ નથી.

**ભાવાર્થ :** બહિરાત્મા, જે પદાર્થ ઇષ્ટ લાગે છે તેને ગ્રહણ કરવા ઇચ્છે છે અને જે પદાર્થ અનિષ્ટ લાગે છે તેનો ત્યાગ કરવા ઇચ્છે છે. વાસ્તવમાં[૨] કોઇ જ્ઞાની કે અજ્ઞાની બાહ્ય પદાર્થોના ગ્રહણ-ત્યાગ કરી શક્તો જ નથી, છતાં બહિરાત્મા તેના ગ્રહણ-ત્યાગ કરવાનું માને છે, એ તેની મૂઢતા છે.

અંતરાત્મા આત્મસ્વરૂપમાંજ ગ્રહણ-ત્યાગ કરે છે, અર્થાત્ તે બાહ્ય પદાર્થોથી ચિત્તવૃત્તિ હઠાવી સ્વસન્મુખ થઇ પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું ગ્રહણ કરે છે; તેમ કરતાં રાગ-દ્વેષાદિનો કે વિકલ્પાદિનો સ્વયં ત્યાગ થઇ જાય છે. રાગાદિની અનુત્પત્તિ તે જ ત્યાગ છે.

શુદ્ધ સ્વરૂપમાં સ્થિત આત્મા (નિષ્ઠિતાત્મા) કૃતકૃત્ય હોવાથી તેને બાહ્ય યા અંતરંગ કોઇ પણ વિષયમાં ગ્રહણ-ત્યાગની પ્રવૃત્તિ હોતી નથી. તે તો પોતાના ચિદાનંદસ્વરૂપમાં સદા સ્થિર રહે છે.

## વિશેષ

બહિરાત્માને અંદરના ચૈતન્ય-તત્ત્વનું જ્ઞાન નથી. તેને સ્વ-પરનું ભેદજ્ઞાન નથી; જે બાહ્ય પદાર્થો દેખે છે તેની સાથે એકતાબુદ્ધિ કરે છે. તેમાં ઇષ્ટ-અનિષ્ટની કલ્પના કરી રાગ-દ્વેષભાવથી તેનાં ગ્રહણ-ત્યાગ કરવા ઝંખે છે, પરંતુ બાહ્ય પદાર્થોનાં ગ્રહણ-ત્યાગ તેને આધીન નથી. તે પદાર્થો તો પોતાના કારણે આવે છે અને જાય છે. ઊંધી માન્યતાને લીધે તેનાં બાહ્ય ગ્રહણ-ત્યાગ રાગ-દ્વેષગર્ભિત છે. તેના અભિપ્રાયમાં આત્મસ્વભાવનો ત્યાગ અને વિભાવ તથા પરભાવોનું ગ્રહણ છે.

અંતરાત્માને અભિપ્રાયમાં-માન્યતામાં પર પદાર્થોનાં ગ્રહણ-ત્યાગ જ નથી. અસ્થિરતાને લીધે થોડી રાગ-દ્વેષની વૃત્તિ ઊઠે, પણ તેને તેની સાથે એકતા નથી-સ્વામીપણું નથી. આ વૃત્તિ પણ, આત્મસ્વરૂપનું ગ્રહણ થતાં-તેમાં સ્થિર થતાં, સ્વયં શમી જાય છે-નષ્ટ થાય છે. ૪૭

---

૧. નિષ્ઠાત્માને - શુદ્ધ સ્વરૂપમાં સ્થિત આત્માને

# પ્રવચન – ૫૮

મૂંઢ બહિરાત્મા ત્યાગ ગ્રહણ કરે છે. શેમાં? બહારમાં! બહાર વસ્તુમાં દ્વેષના ઉદય ને લીધે અભિલાષના અભાવના કારણે મૂંઢાત્મા તેનો ત્યાગ કરે છે. જુઓ, એ શું કહે છે?

(શ્રોતાઃ દ્વેષના કારણે કહે છે)

દ્વેષનું કારણ કહે છે. આ સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધો છોડ. એ દ્વેષ છે, કહે છે. છોડ ક્યાં છે? એ તો નથી તારામાં, છોડવું ક્યાંથી આવ્યું તારામાં. સમજાણું કાંઈ? આત્મામાં ત્યાગ - ઉપાદાન - શૂન્યત્વ શક્તિ એક છે. પરને ગ્રહવું અને પરને છોડવું, એનાથી તો રહિત આત્મા છે. આહાહા! આ અજ્ઞાનીને ભ્રાંતિ છે કે મેં આ બધું સ્ત્રી છોડી કુટુંબ છોડયું દુકાન છોડયા. શું છોડે? હતું ક્યાં તેને ગ્રહણ કર્યું તો છોડે, અજ્ઞાની બહારમાં ત્યાગ અને ગ્રહણમાં મૂંઢ થઈને રોકાય છે. આહાહા!

બાહ્ય વસ્તુમાં દ્વેષના ઉદયના લીધે એ દ્વેષ છે, કહે છે. આહા! બાયડી છોડું, કુટુંબ છોડું, ધંધો છોડું. કહે છે ને અત્યારના કેટલાક, આ ત્યાગીઓ કંચન અને કામીની.

(શ્રોતા : કંચન, કામીની ને કુટુંબ)

કુટુંબ એના ઉપર દ્વેષ કરવો. હેં?

(શ્રોતા : એના ઉપર એવી ખારાશ કરવી કે નફરત કરવી)

હેં? એનો અર્થ શું થયો? એ તો દ્વેષ કર્યો. આહાહા!પર ચીજ તો જ્ઞાનની પરજ્ઞેય તરીકે ચીજ છે, એમાં જ્ઞેય તરીકે ચીજને એ રીતે ન માનતાં, આ છોડી દઉં આ આને છોડી દઉં.

(શ્રોતા : નુકશાન કરે છે)

દ્વેષ છે કહે છે. ઝીણી વાત નાંખી છે. પરનું છોડવું. છે? બહારમાં એટલે બાહ્યવસ્તુમાં દ્વેષના ઉદયના લીધે. આહાહા!

**द्वेषोदयादभिलाषाभावान्मूढात्मा** અભિલાષાના અભાવના કારણે મૂંઢાત્મા (બહિરાત્મા) તેનો (બાહ્યવસ્તુનો) ત્યાગ કરે છે. અને રાગનો ઉદય તથા તેની અભિલાષાની

૨. જુઓ-શ્રી સમયસાર, ગુ.આવૃત્તિ ગાથા ૪૦૬ અને 'સમાધિતંત્ર' શ્લોક ૨૦નો 'વિશેષ' પૃ.૩૮

ઉત્પત્તિના કારણે તેને (બાહ્યવસ્તુનું) ગ્રહણ કરે છે. લઉં, આ લઉં, આ લઉં. આહાહા! પરને ગ્રહવાનો ભાવ એ રાગ, અને પર ને છોડવાનો ભાવ એ દ્વેષ. સ્વરૂપચંદભાઈ, આવી વાતુ સાંભળીય ન હોય કોઈ દિ'. આહાહા! કેમકે આત્મામાં પર વસ્તુના ત્યાગ ગ્રહણની શક્તિજ નથી, ત્યાગ ગ્રહણનો અભાવ આત્મામાં છે, આહાહા! એવો તો એનો સ્વભાવ છે. પરવસ્તુના ત્યાગ ગ્રહણથી શૂન્ય છે, એના છતાં હું પરને છોડું, સ્વભાવની દ્રષ્ટિના અનુભવમાં રાગ ઘટતો જાય તેમ પરવસ્તુનો સબંધ છૂટે, પણ સબંધ ન છોડતાં એ વસ્તુને છોડી દઉં, એ દ્વેષ છે કહે છે. શેઠ! ઝીણી વાત છે આ. આહાહા!

(**શ્રોતા** : ઈધર છોડને કો ભી મના કરતે હૈ)

કોને છોડે? છૂટેલી ચીજ પડી છે, એને છોડે કેવી? ધીરુભાઈ! રાગનો ઉદય થતા, તેની અભિલાષાની ઉત્પત્તિના કારણે, રાગને ગ્રહે છે, આને નહિં. આહાહા! આચાર્યે એટલી સૂક્ષ્મ વાત નાંખી છે. પરંતુ આત્મવિદ્ પણ ધર્માત્મા, સમ્યક્જ્ઞાની એટલે અંતરાત્મા આત્મામાં જ આત્મસ્વરૂપ વિષે જ ત્યાગ ગ્રહણ કરે છે, એટલે સ્વરૂપને ગ્રહવું ને રાગને છોડવું, બસ એટલું જ, પરની હારે કાંઈ સબંધ (નથી), એય વહેવાર છે. રાગને છોડું, એ વહેવાર છે. સ્વને ગ્રહતાં રાગ છૂટી જાય છે, એનું નામ છોડવું, એમ કહેવાય છે. ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવી એને પકડતાં રાગ થતો નથી, એને રાગ ગ્રહતો નથી, એમ કહેવામાં આવે છે, અથવા રાગને છોડે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

૩૫મી ગાથામાં તો એમ આવ્યું છે ને? કે રાગનો નાશકર્તા પણ આત્મા નથી, આવ્યું છે? સમયસાર ૩૫. રાગનો નાશકર્તા કહેવો એ નામમાત્ર છે. પરમાર્થે રાગના નાશનો કર્તા આત્મા નથી. આહાહા! ફક્ત ભગવાન આત્મા આનંદ સ્વરૂપને શુદ્ધ ચૈતન્યની દ્રષ્ટિ થતાં એનું વેદન થતાં એને રાગ ઉત્પન્ન થતો નથી, એને રાગનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આહાહા! ભારે મારગ ભાઈ ઝીણો. આ તો માણસને બસ આ વ્રત પાળો ભક્તિ કરો ને તપસ્યા કરો, એ તો ક્લેશ છે, કહે છે. રાગની ક્રિયા એ તો ક્લેશ છે. આહાહા! અહીંયા તો કહે છે, જેને રાગનો ઉદય થતાં અભિલાષની ઉત્પત્તિ થાય છે, કાંઈક લઉં, એમ એને બાહ્ય વસ્તુ ગ્રહણ કરે છે, પરંતુ અંતરાત્મા આત્મામાં જ ત્યાગ ગ્રહણ કરે છે. ત્યાગ તો રાગ દ્વેષાદિ નો કે અંતર્જલ્પરૂપ વિકલ્પાદિનો, લ્યો, એય વહેવાર છે. આહાહા!

ચૈતન્ય સ્વરૂપ વીતરાગ મૂર્તિ આત્મા એને દ્રષ્ટિમાં અને સ્થિરતા કરતાં રાગ દ્વેષની ઉત્પત્તિ થતી નથી, તેને ત્યાગે છે, એમ કહેવામાં આવે છે. અને સ્વરૂપની

શુદ્ધતાને, ધ્રુવને ગ્રહે છે, એકાગ્ર થાય માટે ગ્રહે છે, એમ કહેવામાં આવે છે. આહા! આવું બધું સમજે ક્યારે? ત્યાગ તો રાગ દ્વેષના કષાયનો કષાયનો ત્યાગ થાય છે અને અંતર્જલ્પ વિકલ્પાદિનો ત્યાગ થાય છે, ક્યારે કે સ્વીકાર ચિદાનંદીનો હોય છે ત્યારે. આહાહા! ચિદાનંદ સ્વરૂપ પોતે ચિદાનંદ, જ્ઞાનાનંદ એ હું, એમ સ્વરૂપને ગ્રહતાં રાગનો ત્યાગ અને દ્વેષનો ત્યાગ ઉત્પન્ન થતો નથી, માટે ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે. આરે આરે આવી વાતું. સમજાણું કાંઇ?

સમાધિશતકની શૈલી જરી ઝીણી છે. અજ્ઞાની બાહ્યનો ત્યાગ અને બાહ્યનું ગ્રહણ (કરે છે). કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનો ત્યાગ કરુ છું અને સુદેવ સુગુરુ અને સુશાસ્ત્રને ગ્રહણ કરુ છું એ મિથ્યાબુદ્ધિ થઇ ગઇ. સમજાણું કાંઇ? સુદેવ, સુગુરુ, સુશાસ્ત્ર એ પણ એક તો જ્ઞાનના જ્ઞેય છે, એ કાંઇ ગ્રહણ કરવા લાયક છે એવું છે નહિં. આહાહા! અને કુગુરુ, કુદેવ, કુશાસ્ત્ર તો જ્ઞાનના જ્ઞેય છે, એને છોડવા લાયક છે, એ તો દ્વેષ છે. જરા ઝીણી વાત છે આ હોં. આહાહા! સમાધિશતકની. આહાહા! એને તૈયારી ઘણી કરવી પડશે.

ભગવાન આનંદ સ્વરૂપ, ચિદાનંદના સ્વભાવને સન્મુખ થતા, ગ્રહતા એ સ્વરૂપમાં એકાગ્ર થાય છે તે ગ્રહે છે એમ કહેવાય છે, અને તે કાળે રાગ-દ્વેષ ઉત્પન્ન થતાં નથી તેથી તે છોડે છે એમ કહેવામા આવે છે. પરને ગ્રહે છે ને છોડે છે એ વસ્તુમાં નથી. પણ આવે છે ને કે રસ ત્યાગ કરવો. નથી આવતું? (શ્રોતા : ગ્રંથો મેં આતા હે) હેં? પણ એનો અર્થ શું? રસ આ છોડું, સ્ત્રી છોડવી, કુટુંબ છોડવું, આ છોડું એટલે એનો અર્થ શું? એ તો વિકલ્પમાં જ્યારે એને ગ્રહવાનો ભાવ હતો ત્યારે એને ગ્રહતો હતો એમ કહેવામાં આવે છે, પણ એ તો મિથ્યાત્વ ભાવ છે. આહાહા! સ્વપદાર્થને છોડીને પર પદાર્થને ગ્રહવાનો ભાવ એ તો મિથ્યાત્વ છે, અને સ્વ પદાર્થની એકાગ્રતા છોડીને પદાર્થને છોડું છું એ પણ મિથ્યાભાવ છે. આરે! આહાહા!

આ લોકો કહે છે ને, આ સાધુપણુ લેવા માટે મુંડાવો ને, સાધુ થાવ. સ્ત્રી, કુટુંબ પરિવાર ઉપર એવો દ્વેષ કરો, એવી ખારપ લાવો કે એની ભાવના ન થાય કોઇ દિ'. કે ખારપ લાવો, એ તો બિચારા જ્ઞેય છે તારા. એમાં તારે શું છે? આ સાધુ કરાવે છે બધાને જુઓને, આઠ આઠ વર્ષના, દશ દશ વર્ષના મુંડાવે. અમારે આ મનસુખ કહેતો હતો મનસુખ. એના ફઇના દીકરાનો દીકરો છે ને દસ વર્ષનો, હમણાં દીક્ષા લીધી ને ત્યાં અમદાવાદમાં. કાંઇ ભાન નથી કહે પણ એક શીખવી રાખ્યું એને ભાઇ! તું પણ દીક્ષા લે છે, તો તને કાંઇ ખબર છે? નહિં મારે તો દીક્ષા લેવી છે, બસ એકજ વાત કરે. ઓલે

ભરમાવ્યો હોય ને સાધુએ. એના ફઈના દીકરાનો દીકરો. મારે તો દીક્ષા લેવી છે દીક્ષા, બસ એકજ વાત કરે છે. શું ? બીજુ કાંઈ આવડે નહિં.

દસ વર્ષની ઉંમર. પણ ભાઈ તું હેરાન થઈશ, આ બધુ પાછળથી તુંબડા પાણીના ખેંચાવશેને ? સાધારણ માણસ કોઈ બુદ્ધિ વિનાનો હોય ને પાણી લઈ આવો ને આ ધોવો, શું કહેવાય ? કાંપ ? લૂગડાં, હેં ? એવા કરશે. આહા ! આહાહા ! બસ લીધી કે, દસ વર્ષની ઉંમરે, અમદાવાદમાં. એક છોકરો આવે છે ને આપણે મોરબીનો ત્યાં, એના મામાનો દીકરો, મામા છે ગોંડલના. બસ એને કહે, મનસુખ કહે અમે ગયા. એને સમજાવ્યો, ઘણો સમજાવ્યો. એક જ વાત કરે કે મારે તો દીક્ષા લેવી છે મારે તો દીક્ષા લેવી છે, પણ દીક્ષા એટલે શું ? એ સાધુ એ જ એ રીતે ભરમાવ્યા હોય છે. આહાહા ! સાધુ પોતેજ મિથ્યાદ્રષ્ટિ છે, સાધુ ક્યાં હતા એ ? આહાહા ! સમજાણું કાંઈ ?

રાગની ક્રિયાને ધર્મ માને, પરનો ત્યાગ ગ્રહણ કરવો એ આત્માનો અધિકાર છે એમ માને, પરનો ત્યાગ ને પરનો ગ્રહણ કરવો એ આત્માનો અધિકાર એમ માને એ બધા મિથ્યાદ્રષ્ટિ છે. આહાહા ! ચેતનજી ! આહાહા ! (**શ્રોતા** : તો સ્વચ્છંદી હો જાય) હેં, ક્યા કહેતે હો ? (**શ્રોતા** : સ્વચ્છંદી બની જવું કહે છે) સ્વચ્છંદ નો અર્થ શું ? સ્વચ્છંદનો અર્થ સ્વતંત્રતાના આત્મામાં આવવું, એનું નામ સ્વચ્છંદ છે. (**શ્રોતા** : સ્વચ્છંદને શાસ્ત્રમાં હેય ઉપાદેયનું જ્ઞાન) સ્વચ્છંદનો એવો અર્થ છે. હોં ! આત્મા આનંદમૂર્તિ પ્રભુ ! સચ્ચિદાનંદનાથ એમાં અંતર જાવું, એને અહીંયા સ્વચ્છંદ ને સ્વતંત્ર કહે છે. આહાહા ! એક ઠેકાણે એમ આવે છે, એમ કે આ સ્ત્રીઓનો ત્યાગ કરું. આ ત્યાગ કરું એ તો દ્વેષ છે. આપણે આવે છે હોં ક્યાંક સ્તવનમાં, એ તો જ્ઞેય છે, જ્ઞાનના જ્ઞેય છે. એને છોડવું એનો અર્થ શું ?

જ્ઞાનમાં જ્ઞેય એ તો જાણવા લાયક છે. હેં ? તો જાણવા લાયક છોડવું છે ? (**શ્રોતા** : એના ઉપરથી લક્ષ છોડવું) હેં ? પણ એ તો લક્ષ છોડવું, એ તો એના તરફથી લક્ષ છોડીને આંહી લક્ષ કરવુ. પણ આને છોડું, એ વસ્તુમાં ક્યાં છે પણ એ ? કારણકે જ્ઞાન તો પરવસ્તુને પર તરીકે, જ્ઞેય તરીકે જાણે. હવે જ્ઞેય તરીકે જાણે એટલો નિમિત્ત - નિમિત્ત સબંધ છે. એને ઠેકાણે આને છોડું, એવો સબંધ કહે, મિથ્યાભ્રમ છે. એ અહીં સિદ્ધ કરે છે. ચંદુભાઈ ! આહાહા ! હું એક આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રભુ અને જગતની ચીજ દ્રષ્ટાનો દ્રશ્ય, જ્ઞાતાનો જ્ઞેય. બસ આ સિવાય ઉપરાંત કરવા જાય, દ્રષ્ટિ વિપરીત થઈ જશે. સમજાણું કાંઈ ? આહાહા ! હો, સ્ત્રીને છોડો છોકરાને છોડો ધંધા છોડો છોડવું શું પણ એ તો જ્ઞાનનું જ્ઞેય છે, જ્ઞેય છે તો છોડવું છે ? એ તો જ્ઞેયમાં જ્ઞાન. જ્ઞેયનું તો જ્ઞાન થશે જ. સમજાણું

કાંઇ ? એ જ્ઞેયનું જ્ઞાન તો સ્વ પર પ્રકાશક પોતાનો સ્વભાવ છે, તેથી જ્ઞેયનું જ્ઞાન અને તારું જ્ઞાન તો થશે જ. આહાહા ! એઇ નાંખ્યુ છે હોં. ક્યાંક આવે છે એની અંદર. રાગ દ્વેષાદિનો અંતર્જલ્પ વિકલ્પનો સ્વીકાર ચિદાનંદ આદિનો હોય છે. આહાહા !

સમ્યગ્દ્રષ્ટિ જીવને અંતર્જલ્પ નામ વિકલ્પાદિ અને એના નિમિતો બાહ્ય, એ બાહ્યનો ત્યાગ નહિં, પણ અંતર્જલ્પનો ત્યાગ કહેવામાં આવે છે. પછી બાહ્યનો ત્યાગ તો અસદ્‌ભૂત વહેવારનયે કહેવામાં આવે છે. આહાહા ! અસદ્‌ભૂત જૂઠી વહેવાર નયથી કહેવામાં આવે છે, એમ કહે છે. એને ઠેકાણે હું છોડુંજ એને, દ્વેષ છે કહે છે, રાગ-દ્વેષની વ્યાખ્યા કેવી લીધી છે. આહાહા ! એને સત્યને સ્થાપન કરવું, સત્ય આવું છે, વસ્તુ આવી છે, એ પણ એક રાગનો ભાગ છે. એ તો આવે છે ૧૪૩, ૧૪૪માં નથી આવતું ? સમયસાર. એકલું જ્ઞાનસ્વરૂપ છે એને તો વાણી અને બધુ એ તો જ્ઞેય છે. એને ઠેકાણે, જ્ઞેયને ઠેકાણે એમ માનવું કે હું આ વાતને સ્થાપું, આ આમ છે, આમ છે, એ પણ રાગનો ભાગ છે. આહાહા ! સમજાણું કાંઇ ?

(**શ્રોતા** : જૈન ધર્મ સાચો છે એમ કહેવુ એ ઇ રાગ છે) જૈન ધર્મ સાચો છે એ વિકલ્પ છે ને એટલો (ઇ એ રાગ છે) રાગ છે. એ તો વૃત્તિનું ઉત્થાન છે અને બીજા ધર્મ ખોટા છે સ્થાપન, એ પણ એક દ્વેષનો અંશ છે, એવો હોય ખરો જ્ઞાનીને, પણ એમાં એકત્વબુદ્ધિ ન હોય. આહાહા ! ઝીણી વાત છે. હોં ! ત્યાં ૪૩મા લીધુંને ? ૧૪૩ નહિં, અર્થમાં લીધું છે. જ્ઞાનીને પરનો થાય ભાવ, રાગ આવે, પણ એ પોતે જ્ઞાતા દ્રષ્ટા જાળવીને એવો રાગ આવે, પણ આ તો એકલો રાગ. સારી વસ્તુને ગ્રહુ ખોટીને છોડી દઉં, પદ્મનંદીમાં તો એવું આવે છે, ધર્મી છે, એવો દેશ હોય એને છોડી દે, આવે છે ભાઇ ? દેશને છોડી દેવો એવું આવે છે. પદ્મનંદી પંચવિંશતિમાં. આપણે વ્યાખ્યાનમાં આવે છે. જે સ્થાનમાં સંગ ખોટો હોય, અને સારો સંગ નથી, એને છોડી દે એવું આવે છે એનું લક્ષ છોડવું એટલે છોડી દે એમ.

(**શ્રોતા** : એના પરથી લક્ષ છોડી દેવું) આહાહા ! છોડવું એમ આવે છે, દેશ છોડવું એવું આવે છે, હોં ત્યાં. હમણાં આવ્યુ'તું. એને ખ્યાલેય હતો. શબ્દકોષમાંય આવ્યુ છે. શબ્દકોષમાં નાંખ્યુ છે બહુ માળે, પણ એનો પક્ષ જરી વહેવાર પક્ષ છે. આહાહા ! એમ કે વહેવારથી આ છોડવું, આ ફલાણુ કરવું ને આ કરવુ બાહ્યના ત્યાગમાં પણ કાંઇક અંશ છે નિશ્ચયનો, (**શ્રોતા** : જરાય નહિં) ધૂળે નથી. યાદ છે, હોં ! સમ્મેદશિખરમાં, તેર(૧૩) ની સાલમાં. ખબર છે ? વહેવારનયમાં પણ કાંઇક અંશ છે નિશ્ચયનો, કહ્યું'તું,

જરીયે નથી. આહાહા ! પરાશ્રય વૃત્તિ ઉઠે, એ રાગમાં વળી અંશ નિશ્ચય કેવો ? આહાહા ! સૂક્ષ્મ વાત છે. (**શ્રોતા** : એ રાગમાં અશુભનો અભાવ થાય છે માટે) એ તો સ્વભાવ તરફ ઢળતાં, જરી વિકલ્પ આવે કે હું આમ ઢળું, પણ એ વિકલ્પનો આશ્રય છોડીને ઢળે ત્યારે એ યથાર્થ કહેવાય. સમજાણું કાંઇ ? ઝીણી વાતું બહુ પણ, ભાઇ !

વીતરાગ માર્ગ. આત્મામાં જવું અને બહારથી લક્ષ છોડવું. લક્ષ છોડવું. વસ્તુ છોડવી અને ગ્રહવી એવું વસ્તુમાં છે નહિં. પ્રવિણભાઇ ! બહુ ઝીણુ ભાઇ, આવું ! આવુ અહીં હાલે. શહેરમાં તો આ શું માંડી છે ? અને એક તો કોઇ ઝોલા ખાતા હોય કેટલાક તો. આહાહા ! શું કહે નાથ આહાહા ! કહે છે, અંતર્જલ્પને વિકલ્પાદિ અને રાગ દ્વેષ એનો ત્યાગ જ્ઞાનીને હોય છે. અંતર સ્વભાવમાં દ્રષ્ટિ કરતાં, અને સ્વભાવમાં સ્થિર થતાં એ પ્રકારના રાગનો ત્યાગ હોય છે, અને એ વખતે સ્વરૂપનો સ્વીકાર એ પ્રકારનો હોય છે, સ્વરૂપનો સ્વીકાર ચિદાનંદ આદિનો હોય છે, ચિદાનંદ ભગવાન આત્મા, આત્મા તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એ કોઇ દયા દાન ને વ્રતના વિકલ્પ ને રાગ એ સ્વરૂપ આત્મા નથી. સમજાણું કાંઇ ? (**શ્રોતા** : મહારાજ એમાં આદિ શબ્દ શું લે છે ?)

ચિદાનંદ આદિ હા શાંતિ (શુદ્ધ પરિણતિ લેવી) અંદર શાંતિ, શાંતિ. આનંદ અને શાંતિ સ્થિરતા છે ને ? (**શ્રોતા** : અનંતગુણ, હાજી) સ્વરૂપને ગ્રહતાં અનંતા ગુણ ને ગ્રહે છે અને તેથી અનંતા ગુણનો અંશ નિર્મળ થાય છે. આહાહા ! એક તો જાણે કર્મથી વિકાર થાય એના મોટા વાંધા, અને બહારનો ત્યાગ કરું દ્વેષથી એ મોટો વાંધો. આહાહા ! અહીં તો આચાર્ય ઇ કહેવા માંગે છે કે ભગવાન આત્મા તો જ્ઞાન સ્વરૂપ છે, એ જ્ઞાન સ્વરૂપમાં કયા જ્ઞેયને છોડે, અને કયા જ્ઞેયને ગ્રહે ? હેં ? આહાહા ! તો જે જ્ઞેય પર વસ્તુ છે એને હું ગ્રહુ ને છોડુ (કેમ હોય) એ ભાવ મિથ્યાત્વ છે. આહા ! સમજાણું કાંઇ ? એવી મારગની દશા છે ભાઇ. સમજાણું ?

જે નિષ્ઠિતઆત્મા કૃતકૃત્ય આત્મા છે તેને અંતરમાં કે બાહ્યમાં (કંઇ) ગ્રહણ નથી તથા અંતરમાં બાહ્યમાં કાંઇ ત્યાગે નથી. પૂર્ણ જ્ઞાન થઇ ગયું કેવળજ્ઞાન એને તો રાગનુ છોડવું કે સ્વરૂપને ગ્રહવું એ તો છે નહિં, સાધકજીવને માટે આ છે. અહીં તો હજી પરની દયા પાળવી, એવો જે ભાવ એ તો રાગ છે. એ રાગ પરની દયા પાળી શક્તો નથી છતાં હું પાળુ છું એવી માન્યતા તે મિથ્યા મિથ્યાત્વ માન્યતા છે. આહાહા ! સમજાણું કાંઇ ? ઓલે લખ્યું છે ને એમાં અહિંસા. નહોતું આવ્યું હમણાં છાપામાં, કે સત્ય બધામાં અહિંસા છે, સત્ય બોલુ એમાં અસત્યની હિંસાનો ત્યાગ છે, એટલી અહિંસા છે એમ,

ખોટી વાત છે. સત્યને બોલુ એવો જે વિકલ્પ છે, એ જ હિંસા છે. સમજાણું કાંઇ ? એ આવ્યું'તું છાપામાં નહિં, હમણાં ? એમ કે પંચમહાવ્રતના સ્વરૂપમાં અહિંસા છે. કઇ રીતે ? કે પરને મારવાનો ભાવ એટલો છોડયો, એટલો અહિંસા ભાવ આવ્યો, જૂઠી વાત છે. પરને મારવાનો ભાવ છોડવો, એ પણ એક વિકલ્પ છે.

પાંચમહાવ્રતના વિકલ્પ લીધા છે, નહિં ? બંધ અધિકારમાં. જેમ હિંસા જૂઠું ચોરી વિષય અને પરિગ્રહ અને પાંચભાવ પાપ છે એમ એ પંચમહાવ્રતના પરિણામ આ હિંસા છોડું છું, એ છોડું છું એ પણ વિકલ્પ ને રાગ છે.સમયસારમાં આવે છે. બંધ અધિકાર, પંડિતજી ! બંધ અધિકારમેં આતે હે ? કોને ખબર છે ? જેવા પંચ વ્રતના ભાવ હિંસા જૂઠું ચોરી વિષયભોગ વાસના પરિગ્રહ એ પાપભાવ છે એવા અહિંસા સત્ય દત્ત બ્રહ્મચર્ય ને અપરિગ્રહનો ભાવ એ પાંચ પુણ્યભાવ છે, બંધનું કારણ છે. આહાહા ! બંધ અધિકારમાં આવે છે, આવે છે. કાંતિભાઇ ! એ ચંદુભાઇ ક્યાં ? બંધ અધિકારમાં. આહાહા !

જેમ હિંસા કરી શક્તો નથી પરની, પણ હિંસા કરવાનો ભાવ એ બંધનું કારણ છે. એમ પરને ન મારવાનો ભાવ દયા, એ પણ બંધનું કારણ છે. અસત્ય બોલું એવો જે ભાવ, એ પણ બંધનું કારણ છે, એમ સત્ય બોલું, એવો જે ભાવ એ પણ બંધનું કારણ છે. રામજીભાઇ ! આ તો મારગ બાપા ! (**શ્રોતા** : પોતાને કરવાનુ શું ?) હેં ? (**શ્રોતા** : કરવાનું તો બતાવો, પોતાનું કરવાનું શું ?) આ કરવાનુ કીધું ને ? આ સ્વ તરફની દ્રષ્ટિ કરવી, પરતરફનું લક્ષ છોડીને સ્વની દ્રષ્ટિ કરવી, આ એના હાટુ તો માંડી છે બધી આ ! ઓલું કરે તો કંઇક કર્યું કહેવાય, એમ કે અહિંસા સત્ય દત્ત બ્રહ્મચર્ય અને અપરિગ્રહ ભગવાન તો ઇ પાંચેને પુણ્યના ભાવ, બંધના કારણ કહે છે. આહાહા !

અહિંસા પરમો ધર્મ એ નહિં. આહાહા ! અહિંસા પરમો ધર્મ તો, એને પરમાત્મા કહે કે હિંસા ને દયા બેયનો ભાવ ન થાય એને આત્માની અરાગી દશા ઉત્પન્ન થાય, એને અહિંસા પરમો ધર્મ કહે છે. (**શ્રોતા** : ....... ........) જેવા પાંચ અવ્રતના ભાવ હિંસા, જૂઠું, ચોરી, વિષય મૈથુન અને પરિગ્રહ, એ પાંચ ભાવ જેમ પાપ છે અને બંધનુ કારણ છે, એમ હિંસાનો ત્યાગ એવો જે વિકલ્પ, એ પણ બંધનું જ કારણ છે. એમ સત્ય બોલવાનો વિકલ્પ એ પણ બંધનું જ કારણ છે. એમ ચોરીના ત્યાગનો વિકલ્પ એ બંધનું કારણ છે. એમ અબ્રહ્મને છોડવાનો વિકલ્પ, બ્રહ્મચર્ય પાળવું એવો ભાવ, આહાહા ! એ વિકલ્પ છે. પાંચે બંધનું કારણ છે. અરે ! આવો વીતરાગ માર્ગ ક્યાંય ન મળે ભાઇ ! આહાહા ! (**શ્રોતા** : પુણ્ય આશ્રવમાં લીધુ છે) પુણ્ય આશ્રવમાં લીધુ છે પુણ્ય આશ્રવ જ

છે. એ પંચમહાવ્રતના પરિણામ કીધુ નહિં? પુણ્યાશ્રવ છે, એ ધર્મ નહિં. આહાહા! અજ્ઞાનીઓએ એને ધર્મ મનાવી જોડી દીધા બધાને. આહાહા!

આંહી કહે છે, ધર્મીને તો અંતરના વિકલ્પનો ત્યાગ થઇ જાય છે અને ચિદાનંદ સ્વરૂપનો અનુભવ થાય સ્વીકાર થઇ જાય છે. બસ! આ ગ્રહણત્યાગ છે. અજ્ઞાનીને બાહ્યનો આ ત્યાગ કરવો અને આને હું ગ્રહણ કરું છું. ખોટા કુદેવ કુગુરુને છોડું, સાચાદેવ ગુરુ શાસ્ત્રને ગ્રહુ. પ્રેમચંદભાઇ! ભારે આકરું. એય બેય પરના ગ્રહણત્યાગનો ભાવ બેય મિથ્યાત્વ છે. જે નિષ્ઠિત આત્મા કૃત કૃત્ય આત્મા થયો, જેને ભગવાન આત્માનું પૂર્ણ સ્વરૂપનો અનુભવ થઇ ગયો, એને તો કાંઇ વિકલ્પને છોડવો અને સ્વરૂપને ગ્રહવું, એને રહેતું (નથી). આહાહા! આત્માનો આશ્રય કરવો. શુદ્ધનયે આત્માનો આશ્રય કરવો અને રાગનો આશ્રય છોડવો, એ વાત તો સાધક જીવને હોય છે. રાગનો ત્યાગ હો ઇ, પૂર્ણ થઇ ગયા, એને કાંઇ છે નહિં. કૃત કૃત્ય કેવળ છે, એને કાંઇ છે નહિં. ગ્રહવુ નથી ને છૂટવુંય નથી અંદર રાગથી, હોં! પરથી તો અહીં વાત છે જ નહિં. અંતરમા કે બહારમા કાંઇ ત્યાગ નથી આહાહા!

**ભાવાર્થ** : બહિરાત્મા જે પદાર્થ ઇષ્ટ લાગે તેને ગ્રહણ કરવા ઇચ્છે છે. જોયું? જે કાંઇ ઠીક લાગે, પોતાને ધર્મ સાધનમાં જેની જરૂરિયાત લાગે, તેને ગ્રહણ કરવા ઇચ્છે છે. શરીરમાં નિરોગતા હોય તો ધર્મ કરવાને અનુકૂળ પડે, એ અજ્ઞાની એ રીતે માને છે. અને રોગની અવસ્થાને છોડવા માંગે છે. નિરોગ શરીર આદ્યમ્ ખલુ ધર્મ સાધનં. આવે છે કે નહિં? (**શ્રોતા** : શરીર માદ્યમ્ ખલુ ધર્મ સાધનં) પુરુષાર્થ સિદ્ધિમાં આતે હૈ! એ તો નિમિત્તનાં કથન છે. આહાહા! અને જે પદાર્થ અનિષ્ટ લાગે છે, તેનો ત્યાગ કરવા ઇચ્છે છે. આ અનિષ્ટ છે, સ્ત્રી અનિષ્ટ છે, કુટુંબ અનિષ્ટ છે, લક્ષ્મી અનિષ્ટ છે, એને ત્યાગ કરવા ઇચ્છે છે.

વાસ્તવમાં, કોઇ જ્ઞાની કે અજ્ઞાનીને બાહ્ય પદાર્થોના ગ્રહણ-ત્યાગ કરી શક્તો જ નથી. અજ્ઞાનીય (પણ) બહારનો ત્યાગ અને બહારનો ગ્રહણ કરી શક્તો નથી, માને છે. આહાહા! બહારનો ત્યાગ કરું, એવું જો માનવું છોડી દે તો સ્વચ્છંદી થઇ જશે, શેઠે કહ્યું ને? પણ સ્વચ્છંદીનો અર્થ શું? બાહ્ય ને છોડું એ સ્વચ્છંદી છે, જ્યારે બાહ્ય પદાર્થ છૂટા પડયા છે એને ગ્રહ્યાય નથી, તો છોડવુ એનામા રહેતું નથી. આહાહા! ધીરુભાઇ! ઝીણું બહુ! એક જણ કહેતા'તા કે આ બધા ઊંટને વાઘા છોડયામાં, શું કહેવાય એ? હેં.

(**શ્રોતા** : કુંડાળે પડયા, ઊંટને કુંડાળે પાડયા)

એક જણ કહેતો હતો આ ધીરુભાઇને બધા ઊંટને કુંડાળે વળ્યા છે કહે છે. બાત ભી ઐસી

હૈ, ક્યાં રખડતા હોય છે, હેં? એને આવી વાતમાં ઝુકાવ્યા, એ તો એની યોગ્યતાથી આવ્યા છે ને? આહા!

કોઈ જ્ઞાની કે અજ્ઞાનીને બાહ્ય પદાર્થોનો ગ્રહણ-ત્યાગ કરી શક્તો નથી. આહાહા! પાણીમાં પડી માખી, એને આમ ઉપાડવાની ક્રિયા એ આત્મા કરી શક્તો નથી. હેં? એક વાત આવે છે ને? પાણીમાં નહાવા જતો માણસ. નહાવા જતામાં એને વીંછી આવ્યો, વીંછી. એટલે એને દયા આવી.

(**શ્રોતા** : બ્રાહ્મણની વાત આવે છે)

વીંછીને આમ લીધો, મંડયો ડંખવા. ટપકો માર્યો, પડી ગયો, પણ વળી પાછી દયા આવી. અરેરે! આ પાણીમાં જાય છે. બીજો માણસ ઉભો હતો કે એલા પણ શું તું કરે છે આ. હેં? પણ કહે એ વીંછી એનું છોડતો નથી તો હું મારો ભાવ કેમ છોડું?

(**શ્રોતા** : કરુણાભાવ કેમ છોડું?)

કરુણાભાવ.

(**શ્રોતા** : કરુણાભાવ)

એને ઉપાડવા જાઉં છું તો મને કરડે છે, એમ હાથમાં રહી શકે નહિં, છૂટી જાય છે. વળી પાણીમા ડૂબકો મારીને હાથમાં કરું છું, વળી કરડે છે. હવે એના ભાવને એ ન છોડે તો મારો કરુણાનો ભાવ છે, એ કેમ છોડુ? અહીં કહે છે કે આત્મા પરનો ત્યાગ અને ગ્રહણ (કરી શક્તો નથી). કેમ કે પર તો જ્ઞેય છે, એમાં ત્યાગ ગ્રહણ કરી શક્તો (નથી). છતાં બહિરાત્મા તેના ગ્રહણ-ત્યાગ કરવાનું માને એ તેની મૂંઢતા છે. આ તો જ્ઞેય અને જ્ઞાયક સબંધ છે, એ ઉંપરાત ત્યાગ-ગ્રહણનો સબંધ માનવા જાય મિથ્યાત્વ મૂંઢતા છે, એમ કહે છે.

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન – ૫૯

## શ્લોક – ૪૭ અને ૪૮

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૦૭.૦૨.૭૫**

इदानी मूढात्मनोऽन्तरात्मनश्च त्यागोपादानविषयं प्रदर्शयन्नाह –

**त्यागादाने बहिर्मूढः करोत्यध्यात्ममात्मवित् ।**
**नान्तर्बहिरुपादानं न त्यागो निष्ठितात्मनः ।। ४७ ।।**

મૂઢ બહિર્ ત્યાગે-ગ્રહે, જ્ઞાની અંતરમાંય;
નિષ્ઠિતાત્મને[૧] ગ્રહણ કે ત્યાગ ન અંતર્બાહ્ય ।। ૪૭ ।।

अन्तस्त्यागोपादाने वा कुर्वाणोन्तरात्मा कथं कुर्यादित्याह -

**युञ्जीत मनसाऽऽत्मानं वावकायाभ्यां वियोजयेत् ।**
**मनसा व्यवहारं तु त्यजेद्वाक्काययोजितम् ।।४८।।**

જોડે મન સહ આત્મને, વચ-તનથી કરી મુક્ત,
વચ-તનકૃત વ્યવહારને છોડે મનથી સુજ્ઞ ।। ૪૮ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।

---

૧. નિષ્ઠાત્માને - શુદ્ધ સ્વરૂપમાં સ્થિત આત્માને

મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

**બીજો પેરેગ્રાફ (શ્લોક ૪૭) પાનું ૭૫.** કહે છે કે આ આત્મા જે શુદ્ધ ચૈતન્ય છે, એનું જ્યાં અંતર વેદન થયું છે ભાન, સમ્યગ્દર્શન, એ શુદ્ધ ચૈતન્ય વસ્તુ પવિત્ર પૂરણ છે. એના ભાનમાં અંતરાત્મા ને અંતરમાં શાંતિ ને શ્રદ્ધાનો અંશ ઉત્પન્ન થવો થાય છે, એને અંતરાત્મા કહીએ. એ અંતરાત્મા આત્મસ્વરૂપમાંજ ગ્રહણત્યાગ કરે છે, એને બાહ્ય પદાર્થનું ગ્રહણત્યાગ ખરો તો હોતો નથી. અજ્ઞાનીનેય બાહ્યનો ગ્રહણત્યાગ હોતો નથી પણ એ માને છે કે, આ બાહ્ય પદાર્થ અનિષ્ટ હોય એને છોડી દઉં અને ઇષ્ટ હોય એને ગ્રહણ કરું, એવું અજ્ઞાની માને છે. જ્ઞાનીને એ વાત રહેતી નથી, એને તો અંતરમાં સ્વરૂપને ગ્રહે છે અને રાગને છોડે છે. આવી વાત છે આ.

તે બાહ્ય પદાર્થોથી ચિત્તવૃત્તિ હઠાવી સ્વસન્મુખ થઈ પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનું ગ્રહણ કરે છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, પૂર્ણ આનંદ એને ધર્મી જીવ પકડે છે ગ્રહે છે, એમ કરતાં રાગ દ્વેષાદિ વિકલ્પનો સ્વયં ત્યાગ થઈ જાય છે, ખુલાસો કર્યો. ચૈતન્ય આનંદનું સ્વરૂપ છે એનું, એનું જેને ગ્રહણ છે, અતીન્દ્રિય આનંદનું ગ્રહણ છે, એને રાગની ઉત્પત્તિ થતી નથી એટલે રાગને છોડે છે, એમ વહેવારે કહેવામાં આવે છે. આહાહા! બાહ્યનો ગ્રહણ-ત્યાગ તો વસ્તુના સ્વરૂપમાં છે નહિં. કેમ બાહ્ય પર પદાર્થ એને લે શું ને દે શું? આ પૈસા આપે છે ને? આ પૈસા આપે છે ને દાનમા? હેં?(**શ્રોતા :** પુદ્ગલજ પરિણમે છે) કહે છે, (**શ્રોતા :** હાથમાં લઈને આપે છે) હેં? શું દે? હાથ જ એનો નથી, ત્યાં દે કોને? આહાહા! પૈસા એ જડ છે, એ લે કોની પાસેથી અને કોને દે? આહાહા! એવું એનું સ્વરૂપ જ એવું છે. અનાદિથી એણે જાતને જોયો નથી, એથી પર જાતને ગ્રહણ કરું અને છોડું એવો એને વિકલ્પ અને ભ્રમણા રહે છે. આહાહા!

'રાગાદિની અનુત્પત્તિ - તે જ ત્યાગ છે'. અહીં સાંભળેલું હતું ને એટલે પછી બહુ ફરક નથી. પર પદાર્થનો ત્યાગ અને ગ્રહણ એનાથી એનું સ્વરૂપ શૂન્ય છે.

આહાહા ! કુંડલપુર આવ્યું ને ? ક્યાં આવ્યું ઇ ? આ દમોહથી કુંડલપુર દૂર આવ્યું ? હેં ? (**શ્રોતા :** ૨૨ માઇલ) ઠીક. એમને ઠરાવ્યો છે ત્યાં અને અહીંયા ઠરાવ્યો છે કેટલેક ઠેકાણે જાશું બેય ઠેકાણે. આજે આવી છે મોટી કંકોત્રી. આહાહા ! કહે છે કે પ્રતિમાને પધરાવી શક્તો નથી આત્મા, એમ કહે છે, અરેરે ! (**શ્રોતા :** પ્રતિમાને પધરાવવા માટે તો આપ વિહાર કરો છો અહીંથી ભોપાલ સુધી) આહાહા ! પ્રતિમાને ઉપાડી શક્તો નથી અને મૂકતો નથી (મૂકી શક્તો નથી). આરે આવી વાત. કેમ કે એ તો પર પદાર્થ છે, એને વિકલ્પ હો, પણ એ વિકલ્પ અજ્ઞાનીને - એને હું મૂકું છું અને આને પધરાવું છું, ને આને છોડું છું, એવો વિકલ્પ થાય છે. આહાહા ! ભારે ભાઇ આકરી વાત, ભાઇ ! જ્ઞાનીને એવો એ વિકલ્પ હોય, આ છે એ મારો વાંક છે એના ઉપર લક્ષ જાય એટલું, પણ હું એને પધરાવી શકું છું, હું સ્થાપન કરી શકું છું તે ઠેકાણે. સ્વરૂપચંદભાઇ ! આવું ભારે આકરી વાત. આહાહા ! આવું પણ ?

પ્રતિમાના મંદિર કરાવવા (**શ્રોતા :** આપ તો ઓલો ચૂનો લઇને બધે ફરો છો) ઓલી ચૂનો નાંખે છે ને એક કોર. કોણ નાંખે ભાઇ ? એ તો એ કાળે જડનો પર્યાય તે પ્રકારે ત્યાં ક્રિયાવર્તી શક્તિને કારણે ત્યાં અંદર જાય છે. ભગવાનની નીચે ચૂનો, ચૂનો પધરાવે છે ને ? એવું સ્વરૂપ છે એનું. એકલું જ્ઞાન સ્વરૂપ છે, જ્ઞાન શું કરે ? બીજી ચીજને ઉપાડે ? બીજી ચીજને સ્થાપે ? આહાહા ! આવી વાતું ભાઇ ! એને વિકલ્પ આવે એટલું બસ, એની મર્યાદા વિકલ્પ આવે એટલી - પછી વિકલ્પ આવ્યો માટે એ ન્યાં પર પદાર્થને લે છે કે છોડે છે, આહાહા ! ભારે વાત ભાઇ !એટલે આ લોકોને એવું લાગે છે ને કે આ તો એકાંતનિશ્ચય એકાંત છે પણ નિશ્ચય એકાંત નથી, ઇ વિકલ્પ આવ્યો ઇ હજી વહેવાર અને એને સ્થાપું, માપુ એ તો વહેવારેય નથી, એ તો અજ્ઞાન છે. આહાહા ! કાંતિભાઇ ! શું છે આ માર્ગ ? એ કહે છે અહીં જુઓને !

**इदानी मूढात्मनोऽन्तरात्मनश्च त्यागोपादानविषयं प्रदर्शयन्नाह –**

**त्यागादाने बहिर्मूढः करोत्यध्यात्ममात्मवित् ।**
**नान्तर्बहिरुपादानं न त्यागो निष्ठितात्मनः ।। ४७ ।।**

**મૂઢ બહિર્ ત્યાગે-ગ્રહે, જ્ઞાની અંતરમાંય;**
**નિષ્ઠિતાત્મને[૨] ગ્રહણ કે ત્યાગ ન અંતર્બાહ્ય ।। ૪૭ ।।**

૨. નિષ્ઠિતાત્મને – શુદ્ધ સ્વરૂપમાં સ્થિત આત્માને.

એમાંથી તો એની વ્યાખ્યા ચાલે છે. આહાહા! સ્વપદાર્થ ને પરપદાર્થને કાંઇ લેવું મૂકવું એવો કોઇ સંબંધ નથી, કહે છે. ફક્ત થાય તો અંતર સ્વરૂપમાં લક્ષ જતાં તેને ગ્રહે છે એમ આવે - કહે, આવે છે ને? પ્રજ્ઞા વડે ગ્રહે છે, પ્રજ્ઞા વડે જૂદો કર્યો, પ્રજ્ઞા વડે ગ્રહાય છે, સર્વ વિશુદ્ધ. આહાહા! ભગવાન આત્મા, જ્ઞાનની પર્યાય દ્વારા એને રાગને ને પરને જૂદો કર્યો. જ્ઞાનની પર્યાય અંતર્મુખ વળતાં રાગને શરીરથી જુદો કર્યો ચૈતન્યને. હવે કહે છે કે એ જુદો કર્યો પણ પકડવો શી રીતે? આમ જૂદો કર્યો, ગ્રહવો શી રીતે? કે જે રીતે, આહાહા! જ્ઞાનની પર્યાય સ્વભાવની, જૂદો પરથી પાડયો, તે જ પર્યાયથી એને ગ્રહવો. એવો મારગ છે, ભાઇ! વીતરાગ. એ એનું ત્યાગગ્રહણ છે. આ તો સમાધિતંત્ર છે ને! એકદમ માખણની વાત છે.

જ્યાં સ્વરૂપ ચૈતન્ય સ્વરૂપની વસ્તુ, સ્વરૂપની હૈયાતીનો, જ્યાં સ્વનો આશ્રય લઇને સન્મુખ થયો ત્યારે એને ગ્રહ્યું અને રાગને તે કાળે ઉત્પન્ન થતો નથી, તેથી રાગને છોડયો એમ કહેવામાં આવે છે, આહા! આવી એની મર્યાદા છે. ઓલા તો એમ કહે કેટલાક ન્યાં, જે કોઇ પર દ્રવ્યનો કર્તા થઇ શક્તો નથી એ દિગંબર જૈન નથી, કહો હવે આવી વાત કીધી. શેઠ! ઈંદોરમાં એમ થયું'તું. (**શ્રોતા** : ભાષણ કર્યુ તુ) ભાષણ કર્યુ'તું, આરે! શું કરે છે આ? આહાહા! પરને કરી શકું એટલે શું? એટલે શું? એ પરપદાર્થની જે અવસ્થા એની, જે ક્ષેત્રે જે કાળે જે પ્રકારે થવાની છે એને આત્મા શું કરે? આહાહા! આ હાથ ઊંચો થયો, જુઓ, એ એનો પરમાણુનો તે સમયનો જન્મકાળ - ઉત્પત્તિનો એનો કાળ પર્યાયનો - એ આત્મા એને કેમ ઊંચો કરે? (**શ્રોતા** : એ ઊંચો તો કર્યો) એ કોણે કર્યો? એ કોણે કર્યો? એ થયો છે, એને કરે છે, એવી અજ્ઞાનીને ભ્રાંતિ થાય છે. આહાહા!

(**શ્રોતા** : કોણ માને?) નો માને તો એને ઘેર રખડે છે. શેઠ! અહીં વાત એવી થાય છે, તો સાંભળવા આવ્યા છો કે નહિં? (**શ્રોતા** : ઈ સાટુ તો સાંભળવા આવ્યા છીએ) ઈ સાટુ સાંભળવા આવ્યા છો. એક અમારે છે ને કેશવલાલ વઢવાણનો? ચંદુભાઇ ઓલા કેશવલાલ નહિં? દશાશ્રીમાળી, ઓલીકોર છે ગામમાં. આવે પછી એણે કહ્યું કે એલા નિમિત્તથી થાતું નથી તો તમે ત્યાં સાંભળવા શું કરવા જાઓ છો? એને પૂછયું, ત્યારે કહે એ નિમિત્તથી થતું નથી, એને દૃઢ કરવા માટે નો અમારો ભાવ છે ત્યાં. હેં? ઓલા કેશવલાલ નથી? વેપાર છે કાંઇ (**શ્રોતા** : દાણાનો, અનાજનો) દાણાનો, અનાજનો? હેં? ઓલા બીજો કેશવલાલ ઈ બીજા નહિં વીશાશ્રીમાળી - ઈ બીજા જરીયામાં દુકાન છે, ઓલા દરવાજા પાસે, ઈ બીજા. આ તો જરા બોલકો છે જરી. આને રસ છે આ વાતનો

એટલે બધાને વાત સારી કરે, ત્યારે કહે નિમિત્તથી થતું નથી. નિમિત્તથી થતું નથી તો પછી જાઓ છો શું કામ સોનગઢ? (એમ બીજા લોકો તેમને પૂછતા ત્યારે તે જવાબ આપતા) એ નિમિત્તથી થતું નથી એની વારંવાર યાદગીરી ને સ્મરણ માટે ત્યાં જઈએ છીએ એને દૃઢ કરવા એમ કહેતા'તા. આહાહા! જૈન મારગ આવો છે, બાપુ! આ તો.

શુદ્ધ સ્વરૂપમાં સ્થિત આત્મા, શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય અંતર સ્વીકારની દ્રષ્ટિ થતાં તેમાં નિષ્ઠિત આત્મા કૃત કૃત્ય હોવાથી, આહાહા! એ તો કરેલું કામ જે છે, એ કર્યું એણે. હેં? આહાહા! તેને બાહ્ય અંતરંગ કાંઈ પણ વિષયમાં ગ્રહણ ત્યાગની પ્રવૃત્તિ હોતી નથી. આહાહા! તે તો પોતાના ચિદાનંદ સ્વરૂપમાં સદા સ્થિર રહે છે. આહાહા! મારગ આવો છે. એણે કોઈ દિ' અભ્યાસ કર્યો નથી અને એ વાત સાંભળવાને મળતી નથી, તેથી બિચારા ઘૂંચાઈ ગયા છે. આહાહા! કહે છે કે કોઈ ધર્માત્મા કે અજ્ઞાની,એ બળખાને ચોંટયો છે ને એ હેં કરીને જુદો પાડી શકે (**શ્રોતા** : એ વાતમાં કાંઈ માલ નથી) ને પછી બહાર ફેંકી દે. (**શ્રોતા** : ભાવનગરના દરબાર નહોતા કરી શકતા) હા ભાવનગર, ભાવનગરના દરબાર હતાને, મરવા પડયા જ્યારે છેલ્લે, મોટો ....... તાલુકો. એ પછી. બૈરા પહેલાથી મરી ગયા, ઘરાણી, ને છોકરાઓ નાના બધા કૃષ્ણકુમાર ને બધા નાના હતા.

છેવટે મરવા પડયા ત્યારે, દાક્તરોને કહે કે આંહી અણાઈ બળખો નડે છે. આહીં બળખો નડે છે, એટલો જરી કાઢો. દાક્તર સમજતા હતા કે કાઢીશ તો બીજો આવશે ત્યાં. દરબાર હતા ભાવનગરના. અરેરે! છોકરાઓ મા વિનાના થઈ ગયા, આ બાપ વિનાના થયો રાજા મોટો. આહાહા! આ બળખું આંહીથી આહીંથી કાઢો તો નીકળી જાય એવું છે. દાક્તરે એકાદ વાર તો કાઢયો, ત્યાં કાઢયા ભેગો બીજો ન્યાં આવ્યો કારણકે સ્થિતિ ત્યાં ફરી થવાની છે. (**શ્રોતા** : બળખો એટલે) અહીંયા બળખા, કફ. છૂટી ગયો દેહ અરે અટક્યો ન્યાં હશે, કારણ કે કફને પકડાવાની સ્થિતિ ત્યાં હતી અને શ્વાસ બંધ થવાનો જ એનો કાળ હતો. એને એ કરી શકે (એહેં) કરીને? દાક્તર તો કરી શકે કે નહિં? નવરંગભાઈ?

(**શ્રોતા** : એક તો કાઢયો) હેં? એક કાઢયો! એ તો નીકળવાનો હતો એ કહે છે. એ તો નીકળવાનો હતો તે નીકળ્યો. પછી પાછો ઈ નો ઈ, બોલ્યા કે આંહી અટકે છે ફરીને. થઈ રહ્યું. આહાહા! અમલદાર, અધિકારીઓ ઊભા ઊભા ટગટગ જોતા. છોકરાઓ નાની ઉંમરના આ બધા હતા ત્યારે ગાદીએ નહોતા બેઠા, નાની ઉંમરના કૃષ્ણકુમાર, અત્યારે કૃષ્ણકુમારનો દીકરો છે અત્યારે. આહાહા! મહારાજા પોઢી ગયા

એમ કહે, મરી ગયા એમ ન કહે. આહાહા! વાત તો એ પોઢી ગયા હેઠે. પાપી હતા ને બહુ, હિંસા બહુ કરતા, નરકમાં ગ્યા, એને બીજું કોઇ એને સ્થાન હોય નહિં. અરેરે!

જગતને કેમ બેસે આ વાત! બહુ પાપ કરતા, શિકાર કરતા સિંહ દીપડાને હારે લઇ જઇ ને હરણ મારતા. અમારી ઉંમર નાની - દસ વરસની - ત્યાં જોયેલું - ઉમરાળામાં. દરબાર આવે છે, લારે દીપડા લાવે અને એ દીપડાને છૂટા મૂકી માંસ આપે આમ. દીપડો આમ આવે - વળી ખાય - વળી લઇ જાય એવું કરતાં. અમે જોયું'તું ત્યાં ઉમરાળામાં. ઉતારો છે ને? એની આનીકોરની બાજુમાં રાખે આ. માણસને ન હાલવા દે એટલો વખત, કારણકે ઓલો છૂટો દીપડો હોયને છૂટો, એમ કરીને ઓલા માસ્તરને આમ રાખે. આવે, ખાવા આવે. આપે અને વળી પાછો ઓલીકોર લઇ જાય. આહાહા!

એક વખત તો એવું બનેલું કે, દીપડો અંદર ગરી (ઘૂસી) ગયો એના ઓરડામાં. પકડવા ગયા ત્યાં. એમા એક વાણિયો મળ્યો વળી. તે વાણિયાએ હાથ નાંખીને, કાઢવા સાટુ, દરબારને અનુકૂળ કરવા સાટુ, હિંમતથી કર્યું, હાથ ફાડી નાંખ્યો એનો એ દીપડે. વાણિયો. આ વાણિયાય જૈનમાં ને રાજાને અનુકૂળ થવા, એમ કે, તમારે દીપડો જોઇએ છે? તેને કાઢી દઉં. હાથ ઝાલી એના મોંઢા આગળ પગ. આહાહા! એ ક્રિયા તો જડની, જે કાળે થવાની એને આત્મા રોકી શકે નહિં, એ કરી શકે નહિં. આહાહા! તત્ત્વની સ્થિતિની મર્યાદા આવી છે, એથી વિપરીત માને તો વિપરીત અભિનિવેષરૂપી મિથ્યાત્વ લાગે છે. આહાહા! એવી વાત છે. ધર્મી જીવ પરના ગ્રહણત્યાગથી તો નિવૃત્યો છે, પણ પોતાના ગ્રહણ અને ત્યાગ એનાથી નિવૃત્તિને જ્યારે સ્વરૂપમાં રમે છે, કહે છે, આહાહા! ત્યારે તે કૃત કૃત્ય અંદર સ્થિર છે. આહાહા!

આવો ધરમ ભાઇ ભારે! પેલા કહે કે જીવદયા પાળો તો ધર્મ થાય. આંહી કહે કે જીવદયા પાળવાનો તારો ભાવ એ મિથ્યાત્વ છે, કેમકે પરની પર્યાય ને તું કરી શક્તો નથી. આહાહા! આવું ભારે. (**શ્રોતા** : બધે જુદા જુદા વિચાર કરીને સમાધાન કરે છે) જુદા જુદા વિચાર પણ ખોટા, એનો શું અર્થ? (**શ્રોતા** : જીવો અને જીવવા દો, જ્ઞાનીને અજ્ઞાની જીવાડે) એ છે જ નહિં એમ રામજીભાઇ તો કહે છે. ઇ, ઇ તો અંગ્રેજીનો શબ્દ છે, આપણને ક્યાં ખબર છે ઇ. (**શ્રોતા** : જીવાડે પણ કોને?) કોને જીવાડે? અહીં તો ત્રણલોકના નાથનું એ વચન છે કે તારો સ્વભાવ જીવતર શક્તિ એ ગુણ છે. જીવવું એ જ્ઞાન ને આનંદથી જીવવું એ તારો એક ગુણ છે. આહાહા! ૪૭ શક્તિમાં પહેલી શક્તિ છે ને? જીવતર શક્તિ ચૈતન્યભાવ પ્રાણે જીવે છે ઇ. આહાહા!

એને જીવવામાં એ જીવતર શક્તિ કારણ છે. સમજાણું કાંઇ? એનાથી જીવ અને બીજા એ રીતે જીવે છે, જીવવા દે એનું કાંઇ છે નહિં. સમજાણું કાંઇ? ભારે મારગ બાપા! જીવ જે છે એમાં એક જીવત્વ નામનો ગુણ છે. જીવ એ ગુણી વસ્તુ છે. એમાં જીવત્વનામની એક શક્તિ, ગુણ, સ્વભાવ એ સતનું સત્વ છે, એનાથી તે જીવી રહ્યો છે. આહાહા! એને બીજો એ રીતે જીવાડે, એવું સ્વરૂપ છે નહિં. આહાહા! આ દસ પ્રાણથી જીવવું એ એનું સ્વરૂપ નથી. આહાહા! મનને ઇન્દ્રિયથી જેનું જીવવું નથી, લ્યો અલિંગગ્રહણમાં, અલિંગ્રહણના વીસ બોલ છે. એમાં એક બોલ છે આવો. ભગવાન આત્મા, મનને ઇન્દ્રિયથી જેનું જીવન નથી, આહાહા! શું કીધું સમજાણું?

આ મન અને ઇન્દ્રિય એટલે પછી પાંચ ઇન્દ્રિય અને મન છઠ્ઠું આવી ગયું ને બહાર દશ પ્રાણ. એ ભાવપ્રાણે એ રીતે જીવે એ પણ એનું સ્વરૂપ નથી. અશુદ્ધભાવ પ્રાણ એટલે પાંચ ઇન્દ્રિય અને મનની યોગ્યતા જે ઉઘાડની છે, એનાથી જીવે - એ પણ એનું સ્વરૂપ જીવન નથી. આહાહા! આ પ્રાણદશને એનાથી જીવે એ તો એના સ્વરૂપમાં છે જ નહિં. આહાહા! જીવે એને જીવવા દયો. બાપુ! કોની સાટુ આ રાડુ પાડે? મોટા વરઘોડા નીકળે, આ શેઠીયા હારે હોય, જીવો જીવવા દો, મહાવીરનો સંદેશ છે. હેં? ભગવાને તો એમ કહ્યું નથી, કારણકે દશ પ્રાણે જે જીવે એ તો જીવી રહ્યો છે, જડને કારણે. એમ ઇ જીવે એનાથી જીવન અને જીવવા દો એમ ભગવાન કહે એને, એમ વસ્તુ છે નહિં.

બહુ વાતુ ફેર. ભગવાન આત્મા, અનંત જ્ઞાન અનંત આનંદ અનંત સત્તા અને દર્શન એવા સ્વભાવ ભાવરૂપી એના ભાવપ્રાણ છે, એનાથી તે જીવે છે. આહાહા! એ એનુ જીવતર છે. એને ઇન્દ્રિય અને મનથી જીવન, એ એના સ્વરૂપમાં નથી.આહાહા! ધીરુભાઇ! આ તો બધી, બહારમાં તો ક્યાંય મળે એવું નથી, ઓલી તમારી શીખામણ ને ભણાવે છે ને? ફલાણાને ઢીંકણાને, ગપ બધા મારતા હશે. શીખવે છે ને કયાંક? એ કો'ક કહેતું'તું. એ તો ઉપરી છે, કહે એ કાંઇ ભણાવે નહિં, પણ ઓલા માણસ ઉભા'તા ને? એમા કોઈ કહેતુ'તું. એવા ધીરુભાઇ છે શું સમજો છો આ? આહાહા!

અહીં તો પ્રભુ ત્રણલોકના નાથ સર્વજ્ઞ દેવ એની વાણીમાં એમ આવ્યું, પ્રભુ તું તો અલિંગ છો ને? આહાહા! એટલે મન ને ઇન્દ્રિયોથી જીવવું એ તો તારા સ્વરૂપમાં નથીને? એમ કહે છે. આહાહા! સમજાણું કાંઇ? અલિંગ ગ્રહણમાં આવ્યું છે, આપણે બધી વ્યાખ્યા આવી ગઇ છે. વીસ બોલ છે. અલિંગગ્રહણ એક શબ્દ એના વીસ અર્થ છે. આહાહા! એ સંતોની વાણી છે. એ વીતરાગના રામબાણ કથનો છે. આહા!

ભાઇ ! તું તો ચૈતન્યભાવ પ્રાણ આનંદને જ્ઞાન ને દ્રષ્ટા વડે કરીને આનંદને જ્ઞાનને દ્રષ્ટાની હૈયાતી વડે કરીને તું રહેલો છો તેમ રહે, એને જીવતર કહેવામાં આવે છે. ભારે વ્યાખ્યા ભાઇ આકરી ! સમજાણું કાંઇ ? અલિંગગ્રહણ છે ઇ. એ તેરમો બોલ છે, વીસ બોલ છે ને ? તેરમો બોલ. આહાહા !

મન, ભાવમન અને દ્રવ્યમન, ભાવઇન્દ્રિય અને દ્રવ્યઇન્દ્રિય એ જેનામાં જીવનમાં નથી, આહાહા ! એવું તો ભગવાન આત્માનું સ્વરૂપ છે. અહીં દ્રવ્યમન રજકણો, ભાવમન એમાં ક્ષયોપશમની યોગ્યતા, દ્રવ્ય ઇન્દ્રિયો આ જડ, ભાવ ઇન્દ્રિયો એક એક વિષયને જાણવાની યોગ્યતાનો ક્ષયોપશમ ભાવ, કહે છે કે એનાથી એનું જીવન જ નથી, આહાહા ! એ માની રહ્યો છે અજ્ઞાની, કે હું જીવું છું આ રીતે, એ તો ભ્રમ છે એને. આહાહા ! બ્રહ્માંડ, ભગવાન આત્મા આનંદ ને જ્ઞાન દર્શનનાં હોવાપણે ટકી રહ્યો છે. એ ટકી રહ્યો તે તેનું જીવન છે, આહાહા ! પોપટભાઇ ! આવી વાતુ ક્યાંય છે નહિં હોં ! બહુ આકરી પડે, મારગ તો આવો છે ભાઇ. આહાહા ! એ રીતે તું જીવ ને ? બીજાને જીવવા દે, એ પ્રશ્ન ક્યાં છે અહીં ? હેં ?

(**શ્રોતા** : બીજા ઉપર તારો અધિકાર જ ક્યાં છે ?) અધિકાર ક્યાં છે ને પર દ્રવ્યની પર્યાય કેમ થવી, ન થવી તારા કામનું કાંઇ કામ નથી. આહાહા ! આવે છે ને ? કે હું બીજાને મોક્ષ કરાવું, એ અજ્ઞાન છે, કહે છે. મોક્ષ કરાવું બીજાને. બંધ અધિકારમાં આવે છે. આહાહા ! અને બીજાને ભૂલમાં નાંખીને બંધ કરાવું. સમજાણું ? બેય ખોટી વાત છે. એક હતો વાણિયો એને હતો વેર એક બીજા વાણિયા હારે. પછી એનું મકાન ચણાતું હતુ વાણિયાનું. એટલે બીજો વાણિયો એક દેરાસરની ઇંટ લઇને એનામાં મૂકી આવ્યો. એટલે આનું નુકશાન થાશે. હવે એને તો ખબર નથી બિચારાને, આ કઇ ઇંટ વાપરુ છું, એ વાત કરતો'તો. વેરી વિરોધી માણસ હતો. ઘરના મકાન થતા'તા, એક વાણિયાના, ઇંટના. એમાં આનું નુકશાન કેમ થાય આને હવે ? કે ઓલુ દેરાસર થાતુ હતું એની ઇંટ લાવી એક મૂકી દયો આહીં દેવ દ્રવ્ય થયું ને ઇ, પણ હવે એને તો ખબર નથી, હેં ?

એને શું થયું ? આવા ને આવા ભ્રમણાઓ જગતની. એ ઇંટથી એનું નુકશાન થાય કારણકે દેવ દ્રવ્ય હતું પણ એને તો ખબર નથીને ? નુકશાન ક્યાંથી થાય ? નુકશાન તો પોતે, પર દ્રવ્યને ગ્રહીને પોતામાં નાંખ્યુ હોય, ભેળવ્યું હોય એવો ભાવ, હોં ? ગ્રહી શકે એવા પ્રશ્ન નથી આંહી. ઓહો ! વીતરાગ મારગ. જન્મ મરણના ઉદ્ધારકનો પંથ અલૌકિક છે. (**શ્રોતા** : અલૌકિક) લૌકિક માંથી નીકળવું તો લોકોત્તર મારગ હોયને.

આહાહા ! કહે છે કે જીવ તું તો ચિદાનંદ સ્વરૂપમાં સદા સ્થિર રહે એ તારું જીવવું છે. આહાહા ! સમજાણું કાંઇ ? વિકલ્પ આવે છતાં એ વિકલ્પથી એનું જીવન નથી. આહાહા ! કારણકે વિકલ્પનો અભાવ થાય છે, તોય સ્વરૂપનું જીવન તો ટકી રહે છે. આહાહા !

## વિશેષ

બહિરાત્માને, બહિરાત્મા એટલે જે પુણ્ય અને પાપના ભાવ, અને શરીરાદિ પરપદાર્થ બાહ્ય એ આત્માના સ્વભાવમાં નથી. ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એવો જે સ્વભાવ એમાં એ વિભાવ નથી પુણ્ય પાપ અને અન્ય દ્રવ્ય નથી, છતાં એ વિભાવને અન્ય દ્રવ્ય મારા છે એ બર્હિચીજ છે ને મારી માને એનું નામ બહિરાત્મા, એનું નામ અજ્ઞાની. આહાહા ! સમજાણું કાંઇ ? બહિરાત્માને અંદરના ચૈતન્ય તત્ત્વનું જ્ઞાન નથી, આહાહા ! એને તો બાહ્ય ચીજો જે એનામાં નથી સ્વરૂપમાં, એના અસ્તિત્વ ઉપર એની નજર છે, પણ અંતર ચૈતન્ય તત્ત્વ રાગ અને શરીર, જે બાહ્યચીજ છે એનાથી જુદી ચીજ છે એવી તો અજ્ઞાની ને ખબર નથી. આહાહા ! એને સ્વપરનુ ભેદજ્ઞાન નથી. આહાહા !

અજ્ઞાની પરને પોતાનું માને છે, રાગ ને પુણ્યના પાપના ભાવને અને એના ફળ તરીકે મળેલી અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રી, એ પોતાની છે, એમ માને છે. આહાહા ! એને સ્વ - હું જ્ઞાનાનંદ ચૈતન્ય સ્વરૂપ, પર-રાગ અને અજીવ તત્ત્વ એટલે આશ્રવ ને અજીવ તત્ત્વ એ ભિન્ન છે. જ્ઞાયક તત્ત્વથી, ચૈતન્ય તત્ત્વથી, રાગ અને અજીવ આશ્રવ અને અજીવ બે ભિન્ન છે, એને ઇ સ્વ પરને ભિન્ન જાણતો નથી. આહાહા ! જે બાહ્ય પદાર્થો દેખે છે, તેની સાથે એકતા બુદ્ધિ કરે છે કેમકે અંદર ચૈતન્ય તત્ત્વ છે એની તો એને ખબર નથી, આહાહા ! એટલે જ્યાં બાહ્ય દેખે છે એને એમાંથી મને મજા પડે છે અને મને સુખ થાય છે, એમ અજ્ઞાની પરમાં માને છે. આહાહા ! જે બાહ્ય પદાર્થ દેખે, એમાં એકતા બુદ્ધિ કરે. આહાહા ! શરીર આ ઇન્દ્રિયો એ એના લક્ષમાં આવે છે. લક્ષમાં ઓલું ચૈતન્ય સ્વરૂપ તો લક્ષમાં લીધું નથી. પોતાના જીવનનું જીવતર એવું તત્ત્વ, કાયમ ટકતું જે ધ્રુવ તત્ત્વ, એને તો લક્ષમાં આશ્રયમાં લીધું નથી, એથી બાહ્ય દેખે તેને પોતાનું માનીને તેમાં અટકેલો છે. આહાહા ! સમજાણું કાંઇ ?

સાધુ થાય તો પણ એ શરીર અને ઇન્દ્રિયથી કામ લે. હું લઇ શકું છું, એ બાહ્ય દેખે છે તેની એકતા બુદ્ધિ છે એને તો. સમજાણું કાંઇ ? કેમકે જ્ઞાનની પર્યાય અંતરતત્ત્વ તરફ તો ગઇ નથી, એટલે અંતરતત્ત્વ જે ચૈતન્ય સ્વ છે, એની એને ખબર નથી. બહિર જે એમાં નથી, એના ઉપર એની નજરું છે. આહાહા ! ભાવઇન્દ્રિય ખંડખંડ એ મારો અવયવ

છે. આહાહા ! અને આ જડ છે ઇન્દ્રિયો ભલે, પણ એનાથી હું જાણવાનું કામ કરી શકું છું, એમ માનનાર દેખે તેમાં તેની એકતાબુદ્ધિ છે. ચંદુભાઇ ! આવું છે, બહુ બધું. તેમાં ઈષ્ટ અનિષ્ટની કલ્પના કરી, નથી દેખાયેલા તત્ત્વને જોતો નથી અને જોવે છે તે તો બધા બાહ્ય તત્ત્વ છે. આહાહા ! એથી બાહ્ય તત્ત્વમાં આ ઠીક છે, શરીર ઠીક રહે છે નિરોગતા છે અને રોગ થતાં તે અનિષ્ટ છે, એમ એ સ્ત્રી કુટુંબનો પરિવાર વહાલો એને લાગે. આ ઈષ્ટ છે એટલે મને પ્રિય છે. દુશ્મનો આદિ અનિષ્ટ છે માટે અપ્રિય છે. એવી અજ્ઞાની કલ્પના કરે છે. આહાહા ! આવું. રાગ-દ્વેષભાવથી તેના ગ્રહણત્યાગ કરવા ઝંખે છે. શું કહે છે ઇ ? પોતે ચૈતન્ય સ્વરૂપે, જ્ઞાન સ્વરૂપી જ્ઞ સ્વરૂપીજ આત્મા, એવા જ્ઞાન સ્વરૂપીના હૈયાતીનું તો જીવનની એને ખબર નથી, એથી જે જ્ઞાનની પર્યાય બહાર તરફ જે ઢળે છે અને જે એને દેખે છે, એમાંજ એને ઈષ્ટ અને અનિષ્ટપણુ માનીને કલ્પનાની ઝંખના કર્યા કરે છે. આહાહા ! બાહ્ય પદાર્થોના ગ્રહણ-ત્યાગ કરવા ઝંખે છે. આહાહા !

સર્પ કરડયો હોય ને જ્યારે સર્પ, આમ દેખે કાળો નાગ, આહાહા ! કરે કે નહિં ? કરતો નથી હોં ! એ થાય છે ડંખ. કાળો નાગ ચોંટયો હોય અહીં હવે એ જતુ કરે નહિં, એ પાછું એ નાગની ટેવ એવી હોય છે, જેને કરડે ને એટલે કોથળી હોય આમ, એ આમ નાંખે ત્યારે એને ઝેર પડે, એની દાઢમાં ઝેર હોય છે કોથળી એટલે એ પાછું કરડીને આમ કરે ત્યારે એ ઝેર નાંખે ઓલામાં અને ઇ કરડતી વખતે ઓલામાં આમ નાંખે, પગે કરડે છે કેટલાકને. પગ આમ ઝાટકે. આહાહા ! ઓલાને છોડવા માગે. અનિષ્ટ લાગીને છોડવા માંગે છે અને ચંદન ચોપડનારાને ઈષ્ટ લાગીને એને સારું કરે છે. ભારે વાતું ભાઇ આવી. એથી એ ગ્રહણ-ત્યાગ કરવા ઝંખે છે, પરંતુ બાહ્ય પદાર્થોના ગ્રહણ-ત્યાગ તેને આધીન નથી. આહાહા !

બાહ્ય પદાર્થનું લેવું અને છોડવું, ઝાટકીને છોડી દેવું અને અનુકૂળતાથી હાથથી એને ગ્રહણ કરવું, એ આત્માનો અધિકાર નથી. આહાહા ! આવો પાંગળો હશે ? (**શ્રોતા :** પોતાનું કરે કે પરનું કરે ?) પરને માટે પાંગળો ને પોતા માટે શુરવીર. આહાહા ! પોતાના કામ જ્ઞાતા દ્રષ્ટાના કરવામાં વીર એ છે. પરના કામ કરવા માટે ભગવાન અનાદિનો પાંગળો છે. આરે ! એની સ્થિતિમાં શું કરી શકે છે કે શું નથી કરી શક્તો, એની પણ જેને ખબરું નથી અને ધર્મ થઇ જાય એને. આહાહા ! તે પદાર્થો તો પોતાના કારણે આવે છે અને જાય છે, શું કીધું ? સમજાણું ? આહાર પાણી સ્ત્રી કુટુંબ એને કારણે એ આવે છે અને એની મુદ્દત થતા ઇ પોતે છૂટીને એને કારણે જાય છે. એ આત્મા એને ગ્રહી શકે

રાખી શકે છોડી શકે એમ છે નહિં. જેઠાભાઇ ! ભારે આવું ભાઇ !

ઊંધી માન્યતાને લીધે તેનો બાહ્ય ગ્રહણત્યાગ રાગદ્વેષ સાથે ગર્ભિત છે. આહાહા ! માણસ કહે છે ને ખાવા કાળે કે ભાઇ ! પેટમાં દાંત નથી માટે ચાવીને ખાવું, એમ કહે છે ને ભાઇ, એ જેઠાભાઇ ! હા એ ઇન્દ્રિયમાં આવે છે ને, અંદર પેટમાં દાંત નથી માટે આમ ચાવીને ખાવુ. આ ગરાણી નવરી હોય ને ગરાસણી નવરીયું તલ ખાય, થોડા થોડા લે જરીક, નવરી કાંઇ કામ ન હોય એને કાંઇ કામ ન હોય આમ ગરાસણી બાઇ. એવા એવા ઓગાળે ઓગાળે તલને એટલે સરખું લોહી થાય સારું. આહાહા ! ને અહીંયા કહ્યું ને કે બરોબર ઓગાળીને ખાજે, અંદર દાંત નથી, ચાવીને ખાજે હેં ? અંદર દાંત નથી. આરે... આરે... આ શું બધું હશે ધીરુભાઇ ? જરા અંદર રાબ જેવું કરીને પાતળું કરીને ખાજે. અરે ભગવાન ! કોને કરે પાતળું ને કોણ કરે ને મુકાવે ! આહાહા ! એ દાંતની ચાવવાની ક્રિયા એ જડની છે, એ આત્મા કરી શકે કે છોડી શકે એમ છે નહિં. આહાહા !

એને પરદ્રવ્યથી ભિન્ન પાડવો એને મહાઅનંતકાળમાં અભ્યાસ નહિં ને ? સાધુ થઇને પણ એણે શરીરની ક્રિયા એ મારી છે, હું જેમ એને હલવું તેમ હાલે છે. આહા ! ઓલા કહે કેમકે શરીરની ઇન્દ્રિયો જે છે, પણ જ્ઞાન છે તો અહીં લઇ જવું હોય તો, જુઓ ઇ ત્યાં લઇ જાય ઇન્દ્રિયને એમ આવે છે. એક ઠેકાણે. એમ કે, જ્ઞાન છે ને તો એને આમ લઇ જવુ હોય તો એને લઇ જાય ને તો જ્ઞાન સહિત શરીર છે ને તો ઇન્દ્રિયો પણ એને જે માર્ગે જ્યાં જવા માંગે ત્યાં એ પોતે ઇન્દ્રિયને લઇ જાય, ઇન્દ્રિયો ત્યાં જાય છે. આહાહા ! એમજ ખોટી વાત છે. સમજાણું કાંઇ ? એમ કહીને ઇન્દ્રિયોને સચેત ઠરાવીને, તેમાં પણ કામ કરવાની જે એના લક્ષમાં છે, તે કામ કરવા ઢળી જાય છે ઇન્દ્રિય એમ. નહિં ? ઓલો રોટલી કાપે રોટલીના ટૂકડા કરે વળી દાળમાં પલાળે પછી ઓલુ લે, શું કહેવાય ? ચૂરણ શું કહેવાય ઇ ? હેં ? (**શ્રોતા** : ચટણી) ચટણી, ચટણી. પછી ભેગું કરીને ખાય. આ શું છે ? કહે છે એ લઇ શક્તો નથી, ચાવી શક્તો નથી અને ગળે ઉતારી શક્તો નથી.

ભાઇ, પરદ્રવ્યને-સ્વદ્રવ્યને તું એકતા માની રહ્યો છે, એ મોટી ભૂલ છે. ચાહે તો સાધુ થયો તોય પણ આ એની ભૂલ ગઇ નથી. એ સાધુ દ્રવ્યલિંગી હોં, બાહ્ય. આહાહા ! કહે છે કે ઉંધી માન્યતાને લીધે તેને બાહ્ય ગ્રહણત્યાગમાં રાગદ્વેષ ગર્ભિત ગ્રહણત્યાગ છે. આહાહા ! ખાતા પણ જો કાંઇ ચૂરમાનું કટકું હોય, ચૂરમું. એમાં કોઇ કટકી આવી ગઇ પત્થરની, શું કહેવાય ? ચિરોડી, ચિરોડી હોય છે ને સાકર જેવી ? ચિરોડી પત્થરની ચિરોડી. હોં ! ઝીણી બહુ, આ થાંભલા કર્યાને એ ચિરોડીના છે, પ્રવચન

મંડપમાં આ અહીં થાંભલા. પોરબંદરવાળાએ. હવે એનો એક કણ આવી ગયો હોય ચૂરમામાં ક્યાંક, તો પાધરો એ બે દાંત નીચે નડે, ખટકે. ખટકે એટલે જીભે એને તારવીને આમ બહાર કાઢી નાંખે. કહે છે કે ઈ કરી શક્તો નથી. હેં ?

(**શ્રોતા** : વાતે વાતે ફેર) વાતે વાતે ફેર. ભાઈ ! તને ભિન્નતાની ખબર નથી. જડ ને ચૈતન્ય બંને પ્રગટ સ્વભાવ ભિન્ન. આહાહા ! એ પર દ્રવ્યને હું ગ્રહું ને એના કામને હું અનુકૂળ થાઉં તો એના કામ અનુકૂળ થાય. મારું લક્ષ શરીરને ત્યાં લઈ જવાનું હોય તો ઈન્દ્રિયો ત્યાં જાય એ ભ્રમ છે, કહે છે. સમજાણું કાંઈ ? આહાહા ! આવું સ્વરૂપ વીતરાગનું. જે ભેદ જ્ઞાન સ્વરૂપ છે, આ તો કહે છે. એ એકતા તરીકે માનીને ચારગતિમાં રખડી રહ્યો છે બહાર. તેના અભિપ્રાયમાં આત્મ સ્વભાવનો ત્યાગ અને વિભાવ તથા પરભાવનું ગ્રહણ છે. તેના અભિપ્રાયમાં મિથ્યા અભિપ્રાયમાં આત્મ સ્વભાવનો ત્યાગ છે. જ્ઞાતા દ્રષ્ટાનો તેને અજ્ઞાનીને ત્યાગ છે, વિભાવને પરભાવનું ગ્રહણ છે. આહાહા ! શું કીધું ? સમજાણું ?

ઊંધી માન્યતાને લીધે તેનો બાહ્ય ગ્રહણત્યાગ રાગદ્વેષ ગર્ભિત છે અને તેથી તેના અભિપ્રાયમાં આત્મ સ્વભાવનો ત્યાગ છે. આહાહા ! હેં ? હું જ્ઞાતા દ્રષ્ટા છું. કાંઈ પણ પરને ગ્રહું ને લઉં, એવું છે જ નહિં. આહાહા ! આ ભેદ અજ્ઞાનીની માન્યતામાં-અભિપ્રાયમાં આત્મ સ્વભાવનો તો ત્યાગ છે. હું જાણનાર દેખનાર છું એમ તો એ માનતો નથી, કાંઈ કરું છું એમ માનીને સ્વભાવનો ત્યાગ કરે છે. વિભાવને પરભાવનું ગ્રહણ, માન્યતામાં હોં ! આહાહા ! ઠીક લખ્યું છે. સ્પષ્ટ જરી. હેં ? આહા ! અંતરાત્માને અભિપ્રાયમાં એટલે શ્રદ્ધા, માન્યતામાં એટલે માનતા, એમ પરપદાર્થનો ગ્રહણત્યાગજ નથી. આહાહા ! પરવસ્તુને છોડવું કે ગ્રહવું એ જ્ઞાનીના સત્ય અભિપ્રાયમાં એ છે જ નહિં. આહાહા !

અસ્થિરતાને લીધે થોડી રાગ દ્વેષની વૃત્તિ ઉઠે. ધર્મીને પણ આત્મજ્ઞાનીને પણ જરી અસ્થિરતાને કારણે રાગદ્વેષની વૃત્તિઓ થાય પણ તેને તેની સાથે એકતા નથી. આહાહા ! સ્વામીપણું નથી. ધર્મીને નબળાઈને લઈને રાગદ્વેષ થાય, પણ તેનું તેને ધણીપણું નથી, તેમ તેની સાથે એકતાબુદ્ધિ નથી. આહાહા ! આ વૃત્તિ પણ આત્મસ્વરૂપનું ગ્રહણ થતાં, આવી જે વિકલ્પવૃત્તિ છે ઈ પણ, આત્મ સ્વરૂપમાં એકાગ્ર થતાં તેમાં સ્થિર થતાં સ્વયં શમી જાય છે. આહાહા ! બહુ સાદી ભાષામાં સ્વાધ્યાય કરવો જોઈએ હંમેશા. શેઠ ! કલાક બે કલાક ચોપડા તપાસવા કરતા આ તપાસવુ જોઈએ.

(**શ્રોતા** : ચોપડી નથી આ) તમે શેઠીયાઓ છો ને ? નથી મળતી ? (**શ્રોતા**:

રાતો રાત છપાવી નાંખે એમ છે) શેઠ તો ટાંકણે બરાબર બોલે છે. હોં! મળતી નથી કહે. એકે ઘરે નહિં હોય ને? પણ એકે ઘરે નથી ન્યાં આ સમાધિશતક, આવ્યું નહિં હોય નહિં? થોડીક પંદરસો છપાણી'તી, હળવે હળવે હવે ઘણા માણસો થઈ ગયા. પંદરસો છપાણી'તી, ખલાસ થઈ ગઈ. આહાહા! કહે છે કે, આત્મા જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ જેનો જાણવા દેખવાનો સ્વભાવ છે એવું જેને અનુભવમાં આવ્યું, એને અસ્થિરતાને કારણે જરી રાગ દ્વેષ થાય છતાં તેની એકતા બુદ્ધિ નથી, કેમકે જાણવા દેખવાના સ્વભાવની જાત નથી, એથી તેને રાગ દ્વેષની સાથે એકતા નથી, અને તેનું ધણીપણું નથી. આહાહા! એથી સ્વયં શમી જાય છે, નષ્ટ થઈ જાય છે. આહાહા! અંતરમાં ત્યાગગ્રહણ કરનાર અંતરાત્મા કેવી રીતે કરે તે કહે છે (ગાથા) ૪૮.

**अन्तस्त्यागोपादाने वा कुर्वाणोन्तरात्मा कथं कुर्यादित्याह -**

**युञ्जीत मनसाऽऽत्मानं वावक्कायाभ्यां वियोजयेत् ।**
**मनसा व्यवहारं तु त्यजेद्वावक्काययोजितम् ।।४८।।**

**જોડે મન સહ આત્મને, વચ-તનથી કરી મુક્ત,**
**વચ-તનકૃત વ્યવહારને છોડે મનથી સુજ્ઞ. ૪૮**

**टीका** : आत्मानं युञ्जीत सम्बद्धं कुर्यात्। केन सह? मनसा मानसज्ञानेन चित्तमात्मेत्यभेदेनाध्यवसेदित्यर्थः। वावकायाभ्यां तु पुनर्वियोजयेत् पृथक्कुर्यात् वाक्काययोरात्माभेदाध्यवसायं न कुर्यादित्यर्थः। एतच्च कुर्वाणो व्यवहारं तु प्रतिपाद्यप्रतिपादकभावलक्षणं प्रवृत्तिनिवृत्तिरुपं वा। वाक्काययोजितं वाक्कायाभ्यां योजितं सम्पादितं। केन सह? मनसा सह मनस्यारोपितं व्यवहारं मनसा त्यजेत् चित्तेन न चिन्तयेत् ।।४८।।

અંતરમાં ત્યાગ-ગ્રહણ કરનાર અંતરાત્મા કેવી રીતે કરે તે કહે છે :-

**અન્વયાર્થ** : અંતરાત્મા (आत्मानं) આત્માને (मनसा) ભાવમનસાથે (युञ्जीत) યોજે(જોડે) અને (वावक्कायाभ्याम्) વચન અને કાયાથી (वियोजयेत) અલગ કરે (तु) અને (वाक्कययोजितम्) વાણી અને કાયાથી યોજાયેલા (व्यवहार) વ્યવહારને (मनसा) ભાવમનથી (त्यजेत) તજે અર્થાત્ તેમાં મન લગાવે નહિં.

**ટીકા** : (તે અંતરાત્મા) આત્માને યોજે એટલે સબંધ કરે, કોની સાથે? મન સાથે એટલે માનસજ્ઞાન (ભાવમન) સાથે, 'મન તે આત્મા છે' એવો અભેદરૂપ અધ્યવસાય (માન્યતા) કરે, એવો અર્થ છે - અને વાણી તથા કાયથી તેને (આત્માને) વિયુક્ત કરે-પૃથક્ કરે, અર્થાત્ વાણી અને કાયામાં આત્માનો અભેદરૂપ અધ્યવસાય કરે નહિં, એવો અર્થ છે;

અને તેમ કરનાર, વાક્-કાયયોજિત અર્થાત્ વાણી-કાયદ્વારા યોજિત અર્થાત્ સમ્પાદિત 'પ્રતિપાદ્ય' પ્રતિપાદક-ભાવરૂપ (શિષ્ય-ગુરુ સંબંધરૂપ) પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ વ્યવહારને, કોની સાથે (યોજિત)? મન સાથે અર્થાત્ મનમાં આરોપિત વ્યવહારને, મનથી તજે અર્થાત્ મનમાં ચિંતવે નહિં.

**ભાવાર્થ :** અંતરાત્મા ભાવમનને વાણી અને દેહની ક્રિયા તરફથી (પ્રવૃત્તિથી) વિયુક્ત કરીને - અલગ કરીને આત્મસ્વરૂપમાં લગાડે અર્થાત્ તેની સાથે અભેદ કરે - તલ્લીન કરે અને વાણી તથા કાય દ્વારા યોજિત પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ વ્યવહારને મનમાંથી તજે અર્થાત્ તેનો વિચાર છોડી દે.

## વિશેષ

વાણી - કાયની પ્રવૃત્તિ તે જડની ક્રિયા છે, આત્મા તે કરી શક્તો નથી. અંતરાત્માને ભેદ-જ્ઞાન છે, તેથી તે પોતાના ઉપયોગને વાણી-કાયની ક્રિયા તરફથી હઠાવી પોતાના આત્મસ્વરૂપમાં રોકે છે.

જ્યાં સુધી જીવ વચન-કાયની ક્રિયા સાથે એકતાબુદ્ધિ કરે - તેને આત્માની ક્રિયા સમજે, ત્યાં સુધી તેનો ઉપયોગ ત્યાંથી છૂટી સ્વસન્મુખ વળે નહિ અને આત્મસ્વરૂપમાં સ્થિર થાય નહિં.

ઉપયોગદ્વારા સ્વનું ગ્રહણ કરવામાં જ સમસ્ત પર દ્રવ્યોનો અને પરભાવોનો સ્વયં ત્યાગ થઈ જાય છે.

નીચલી ભૂમિકામાં જ્ઞાનીનો ઉપયોગ કદાચિત્ અસ્થિરતાને લીધે વાણી કાયની ક્રિયા દ્વારા પર સાથેના વ્યવહારમાં જોડાય છે, પણ તેમાં તેને કર્તુત્વબુદ્ધિનો અભાવ છે - અભિપ્રાયમાં તેનો નિષેધ છે. જેમ રોગીને કડવી દવા પ્રત્યે અરુચિ હોય છે, તેમ તેને તે પ્રત્યે ઉદાસીનતા હોય છે; તેથી જ્ઞાનીનો ઉપયોગ શરીરાદિની ક્રિયામાં જોડાયેલો દેખાય, છતાં તે નહિં જોડાયેલા સમાન છે.

શરીર-વાણીની ક્રિયા વિષે એકતા બુદ્ધિનો-આત્મબુદ્ધિનો ત્યાગ અને શુદ્ધાત્મસ્વરૂપનું ગ્રહણ તે અંતરાત્માનાં અંતરંગ ત્યાગ ગ્રહણ છે.

અહીં વ્યવહારના ત્યાગનો આચાર્યે નિર્દેશ કર્યો છે. તે એમ સૂચવે છે કે આત્મકાર્ય માટે વ્યવહાર આશ્રય કરવા યોગ્ય નથી. ૪૮

**ટીકા :** ઓલી કોર. એમાં નથી. છે ? ચોપડીમાં. (અંતરાત્મા) આત્માને યોજે એટલે સંબંધ કરે, કોની સાથે ? મન અને માનસજ્ઞાન (ભાવમન) સાથે, મન તે આત્મા છે - એવો અભેદરૂપ અધ્યવસાય કરે, અંતરાત્મા હોં પોતાના સ્વભાવની એકતા એમ કરે. વાણી કાયથી તેને (આત્માને) વિયુક્ત કરે - પૃથક્ કરે. આહાહા ! કહે છે કે જ્ઞાનભાવને - અહીં એને મન કીધું છે. જ્ઞાન ભાવને પોતાથી પોતામાં જોડે અને વચન અને કાયાને પોતાથી તોડે એટલે જુદો કરે, વિયુક્ત કરે. આહાહા ! સમજાણું કાંઇ ? વાણી અને કાયામાં આત્માનો અભેદરૂપ અધ્યવસાય કરે નહિં. છે ? છે ને, ઉસમેં. અહીંયા કહે છે કે અંતરાત્મા ધર્મીજીવ પોતાની જ્ઞાનપર્યાયને મનને (એમ લીધું છે ત્યાં) આત્મા સાથે જોડે છે અને વાણી અને કાયાને પૃથક્ રાખે છે. વાણી અને કાયાની ક્રિયાને આત્મા સાથે એકત્વ કરતો નથી. આહાહા ! બોલે, ભાષણ આપે, વાતું કરે વેપાર આદિની તો કહે છે કે વાણીને કાયાને ધર્માત્મા ભિન્ન રાખે છે. આહાહા ! એને એકપણું કરતો નથી. જ્ઞાનની પર્યાયને આત્મા સાથે જોડે, એક કરે છે અને દેહ અને વાણીની ક્રિયાને એનાથી જુદી પાડે છે. આહાહા ! સમજાણું કાંઇ ? ભાવમન એટલે એ લીધું જ્ઞાન.

મન આ જડ અને ભાવમન સંકલ્પ વિકલ્પ એ અહીં ન લેવું. મનન કરતી જે જ્ઞાનની પર્યાય, એને આત્મા સાથે જોડે છે અને વાણીને દેહની ક્રિયા એનાથી વિયુક્ત નામ પૃથ્થક થાય છે. આહાહા ! અને તેમ કરનાર વાક્કાય યોજિત વાણીકાય દ્વારા સંપાદિત પ્રતિપાદ્ય પ્રતિપાદક ભાવરૂપ (શિષ્ય ગુરુ સંબંધરૂપ) પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ વહેવારને કોની સાથે યોજે ? મન સાથે, મનમાં આરોપિત વહેવારને મનથી તજે, મનમાં ચિંતવે નહિં. એની વિશેષ વ્યાખ્યા આવશે.

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

**કેવળીને જાણીને કેવળીપણું તારું નક્કી કર એમ ભગવાને ઉપદેશ કર્યો છે. સ્વભાવ સન્મુખ જા, દ્રવ્યની અભિમુખ જા, આ એક જ ભગવાનનો ઉપદેશ છે. ચારે અનુયોગમાં એક જ વાત છે.**

**દૃષ્ટિનાં નિધાન ૩૯૯**

## પ્રવચન – ૬૦

### શ્લોક – ૪૮

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૦૮.૦૨.૭૫**

**अन्तस्त्यागोपादाने वा कुर्वाणोन्तरात्मा कथं कुर्यादित्याह -**

**युञ्जीत मनसाऽऽत्मानं वाक्कायाभ्यां वियोजयेत् ।**
**मनसा व्यवहारं तु त्यजेद्वाक्काययोजितम् ।।४८।।**

જોડે મન સહ આત્મને, વચ-તનથી કરી મુક્ત,
વચ-તનકૃત વ્યવહારને છોડે મનથી સુજ્ઞ ।। ૪૮ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

તેનો આશ્રય કરતાં, તેની સન્મુખ થતાં, શરીર વાણી કર્મ ને પુણ્ય પાપના ભાવ એનાથી ભિન્ન પડી જાય છે, ત્યારે એની ધર્મની પહેલી દશા અંતરાત્મદશા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ ? અંતરાત્મા ઈ છે ને પ્રભુ ! અંતર આત્મા. જે કંઈ જેને પહેલેથી શરીર કર્મ ને રાગથી જે ચૈતન્ય ભિન્ન છે એટલે કે શરીર છે એ અજીવ છે એનાથી આત્મ સ્વભાવ જૂદો છે. અને પુણ્ય ને પાપના ભાવ, વહેવાર ભાવ વ્રત, તપ, ભક્તિ, પૂજા, કામ, ક્રોધનાં ભાવ એ આશ્રવ તત્ત્વ છે, મલિન દશા છે. એનાથી નિર્મળ ચૈતન્ય સ્વભાવ જૂદો છે. એવી જેને અંતરદ્રષ્ટિ થાય તેને અંતરના આનંદની પહેલી દશાવાળો કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

એ ભાવ, એ ભાવ, અંતર વિકલ્પાદિ ને અને વાણી અને દેહની ક્રિયા તરફથી વિયુક્ત કરીને. છે ને ? એ અસ્થિરતા. દેહ જે આ જડ છે અજીવ છે એનાથી અને મનથી પુણ્ય પાપના ભાવથી અને વાણીથી, વિયુક્ત નામ છૂટું પાડીને. આહાહા ! ભારે આકરું કામ ભાઈ. એનાથી વિયુક્ત નામ જોડાણ છે તે જોડાણ છોડી દઈને એમ કહે છે. વીતરાગ મારગ ધરમ ભાઈ ! સૂક્ષ્મ છે. અત્યારે એ ધર્મ ચાલી શકે નહીં. આ વાત એવી લાગે કે આ શું ? તો પછી આ બધો વહેવાર ધર્મ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, આદિ શું હશે ? એ હોય છે પણ એ રાગ છે. આવ્યા વિના રહે નહીં છતાં એ રાગ છે. એ રાગથી ચૈતન્ય સ્વભાવ જેને આત્મા કહીએ, એ સ્વરૂપે તો ભગવાન અંદર રાગની ક્રિયાથી તો જૂદો છે. એવો જેણે જૂદો પાડીને રાગ અને પરથી ભેદજ્ઞાન કરીને આત્માનો અનુભવ કર્યો છે કે આત્મા તો શુધ્ધ ને જ્ઞાયક ચૈતન છે. આહાહા. એને અહિંયા ધરમની પહેલી દશાવાળો અંતરાત્મા, જઘન્ય અંતરાત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? ભારે વાત. આહાહા !

તેથી લોકોને નથી આ ગમતું, વ્રત ને તપ ને ભક્તિને, આ બધું ધર્મ નહીં ? એ તો શુભ ભાવ છે, ભાઈ ! પુણ્યભાવ છે. પણ પુણ્ય ભાવ ધરમ ભાવ નહીં. સર્વજ્ઞ વીતરાગ જેને ધરમ કહે છે એ તો એ પુણ્યભાવના ભાવથી પણ ચૈતન્ય ભાવ, એવો સ્વભાવ જૂદો અંતર કરીને જાણે, અનુભવે, માને, એને સમકિતી અને અંતરાત્મા કહેવામાં આવે છે. આહાહા ! સમજાણું કાંઈ ? રાગ વાણી ને દેહની ક્રિયા પરથી પ્રવૃત્તિથી વિયુક્ત કરીને એટલે અલગ કરીને આત્મસ્વરૂપમાં લગાડે, પોતાનો જે સ્વભાવ, શુધ્ધ જ્ઞાન ને આનંદ, એમાં જેની પરિણતી લગાડે. આહા ! તેને પાછો અભેદ કરે.

જે વર્તમાન જ્ઞાનની દશા, પર તરફ જે રાગ ને શરીર તરફ વળેલી હતી એને અંતરમાં વાળીને એ દશા એને આત્મા સાથે એક કરે, અભેદ કરે, તલ્લીન કરે અને

વાણીને કાયા દ્વારા યોજીત પ્રવૃત્તિ નિવૃત્તિરૂપ વહેવારને મનમાંથી તજે. આહાહા ! અશુભની પ્રવૃત્તિ અને અશુભથી નિવૃત્તિ, એવો જે શુભભાવ એનાથી પણ વિયુક્ત કરીને. છે ને ? પ્રવૃત્તિ નિવૃત્તિરૂપ વહેવાર, એમ કીધું. કેમ ? શાંતિભાઇ નથી આવ્યા ? (**શ્રોતા** : મોડા છે આવે છે) મોડા છે. કહો સમજાણું કાંઈ ? આહાહા ! કાયાથી, મનથી ને રાગથી જૂદો છે એવું જેણે હજી સાંભળ્યુંય ન હોય. સમજાણું કાંઈ ?

આંહી તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકર દેવ ધર્મનું સ્વરૂપ આવું હોય, એમ વર્ણવે છે. એ મનમાં પ્રવૃત્તિ ને નિવૃત્તિ. આહા. અશુભ ભાવની પ્રવૃત્તિ ને એમાંથી અશુભથી નિવૃત્તિ એ પણ એક શુભ ભાવ છે. એનાથી પણ મનમાંથી તજે. આહા ! એના તરફનું લક્ષ છોડી અને એના તરફના વિચાર છોડી દે, ત્યારે સ્વરૂપમાં એકાગ્ર થાય, ત્યારે એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે, ત્યારે એને ધરમ થયો એમ કહેવાય. આહા ! કહો શાંતિભાઈ, (**શ્રોતા** : આ સાચો ધરમ) આ સાચો ધરમ છે ભાઈ. આહાહા. વીતરાગ પરમેશ્વર તીર્થંકર દેવનું કહેલું તત્ત્વ તો આ છે. લોકોને આકરું પડે છે બહુ. અભ્યાસ નહીં અને ઈ પૃથક છે, એ વાણી સાંભળવા ય મળે નહીં ને ? હેં ? એથી સાંભળવા મળે નહીં એટલે પછી પૃથક શું વળી આ ? ભાઈ ! પૃથક પ્રભુ પોતે છે. સમજાણું કાંઈ ?

આઠ વર્ષની બાળિકા હોય, પણ જ્યારે એ સમ્યગ્દર્શન પામે છે. નરકનો નારકી જ્યારે સમ્યગ્દર્શન પામે છે, ત્યારે એ મનના શુભ અશુભ જે વિકલ્પો છે એનાથી પણ જૂદો પાડે છે આત્માને. આ તો ધીરાનાં કામ છે, ભાઈ ! ધમાધમ બાહરમાં કરે ને હેં ? વાજીંત્ર - વાજાં વગાડે ને ઢોલ વગાડે ને પાંચ પચાસ હજાર ખરચે ને ધરમ થઈ જાય એવો મારગ નથી, પ્રભુ ! સમજાણું કાંઈ ? એનું વિશેષ વાણી કાયની પ્રવૃત્તિ તે જડની ક્રિયા છે. આ વાણી જે બોલાય છે. આ ભાષા એ તો જડ છે. એ આત્મા નથી, અને આત્માની નથી. અને આ કાયા અજીવ છે આ તો, એની ક્રિયા જે આમ થાય એ બધી જડની ક્રિયા છે. સ્વાહા પૂજામાં થાય છે ને ? ચોખા મૂકે ત્યાં એ તો બધી જડની ક્રિયા છે. સ્વાહા એ તો વાણીની ક્રિયા જડની છે. આહાહા ! એ ક્રિયા આત્મા તે કરી શકતો જ નથી. આહાહા ! અંતરાત્માને ભેદજ્ઞાન છે. સમ્યગ્દ્રષ્ટિ જીવ તત્ત્વદ્રષ્ટિ જીવ સત્ જેવું ચૈતન્ય સ્વરૂપ સત્ છે એમાં પુણ્ય પાપના ભાવો તે અસત્ છે. એમાં નથી. આહાહા !

તો શરીર અને વાણીની ક્રિયા તો ક્યાંય રહી ગઈ બાહર. એ જેણે અંતરાત્માને ભેદજ્ઞાન છે. રાગને, વાણીને દેહથી જૂદો છું એવું ભાન છે, તેથી તે પોતાના ઉપયોગને, તેથી તે પોતાના જાણવા દેખવાના ભાવને, વાણી કાયાની ક્રિયા તરફથી

હટાવી પોતાના આત્મસ્વરૂપમાં રોકે છે. આહાહા! આ તો માખણની વાતું છે છેલ્લી. હેં? (**શ્રોતા** : વાણીને આમાં વિકલ્પ ક્યાં થયા?) મનના વિકલ્પ છે ને એમ કહેવું છે અને આમાં વિકલ્પ ક્યાં છે? (**શ્રોતા** : વિકલ્પ થાય છે ને ) એ બધું બધું જડ. (**શ્રોતા** : વાણીથી થાય છે પણ મનથી જૂદો કરવો છે ને?) મન કીધું ને પણ, પહેલો જ કીધું ને વાત થઈ ગઈને. પહેલી તો ઈ વાત કરી. અંતરાત્મા ભાવમન અને વાણી દેહની ક્રિયા તે પ્રવૃત્તિ કહી કે નહીં? ભાવાર્થમાં આવ્યું'તું પહેલે. વિશેષ સ્પષ્ટીકરણ કર્યું હતું. પહેલી લીટીમાં સ્પષ્ટ કર્યું હતું. આહાહા!

જેમાં નથી તેનાથી તે પાછો વળે છે. એ મનના વિકલ્પમાં પુણ્ય પાપમાં આત્મા નથી. આહાહા! ત્યાં વાણી જડમાં આત્મા નથી. તેમ આ દેહની આ હાલવા ચાલવાની ક્રિયા એ કાંઈ આત્મા નથી. એનાથી હટાવી પોતાના આત્મસ્વરૂપમાં રોકે છે. આહાહા! આત્માના સ્વરૂપ એટલે ચૈતન સ્વરૂપ, જ્ઞાન દર્શન આનંદ એવું એનું સ્વરૂપ. એમાં વર્તમાન દશાને ત્યાં રોકે છે. એને અંતરમાં ધર્મ ધ્યાન થાય છે. કહો, સમજાણું કાંઈ? આહા!

જ્યાં સુધી જીવ વચન કાયની ક્રિયા સાથે એકતાબુધ્ધિ કરે. વિશેષનો બીજો બોલ. જ્યાં સુધી આત્મા, વચનને કાયાની ક્રિયાથી એટલે કે આ વચનની ક્રિયા હું છું તે બોલાય છે. હું છું તો આ કાયા હાલે છે. હું છું તો કાયાને જ્યાં લઈ જવી હોય તે લક્ષે કાયા જાય છે. આહાહા! એવી એકતાબુધ્ધિ છે તેને આત્માની ક્રિયા સમજે. એ આત્માની ક્રિયા એટલે એ આત્મા કરે છે, એમ સમજે ત્યાં સુધી તેનો ઉપયોગ ત્યાંથી છુટી સ્વસન્મુખ વળે નહીં. આહાહા! એકલું માખણ છે આ તો. આહાહા! અને આત્મસ્વરૂપમાં સ્થિર થાય નહીં. પર તરફની એકતા બુધ્ધિમાં, પરથી છૂટો પડવાની ક્રિયા એ કરી નહીં શકે. દેહ વાણી અને રાગ મન વચન ને તન. તન બહાર રહી ગયું. મન વચન અને તન એનાથી ભગવાનનું જ્ઞાન જૂદું. આહાહા!

ભગવાન એટલે તું, હોં? એને જ્યાં સુધી પરમાં એકત્વબુધ્ધિ છે એટલે કે એ દેહને વાણીની ક્રિયા હું કરી શકું છું. મનમાં ઉઠતા વિકલ્પો મને લાભદાયી છે એ જ્યાં સુધી બુધ્ધિ ત્યાં સુધી અંતરમાં વળી નહીં શકે. હેં? ઉપયોગ દ્વારા સ્વનું ગ્રહણ કરવામાં જ સમસ્ત પરદ્રવ્યોનો અને પર ભાવોનો સ્વયં ત્યાગ થઈ જાય છે. આ એક વિધિ છે, એમ પહેલાં જાણે તો ખરો! આહાહા! લોકોને એવી રીતે વાળ્યા છે કે આ જાત્રા કરો, ભક્તિ કરો, સિધ્ધચક્ર કરો, કરમ દહનની પૂજા કરો, ફલાણું કરો, તમારું કલ્યાણ થશે, એને આ

એવું આકરું લાગે હોં!

કહે છે કે બધી ક્રિયામાં તારો રાગ જોડાય છે. સ્વરૂપચંદ ભાઈ! આહાહા! ભાઈ! તારી જાતના સ્વરૂપની શું ચીજ છે? એ રાગ છે, એ તારા સ્વરૂપની જાતનો નથી. એ કજાત છે. આરે! ભાઈ! એ ચૈતન સ્વરૂપ જે ભગવાન આત્મા, એના સ્વરૂપનું એ રૂપ જ નથી રાગ. લો સ્વરૂપચંદ ભાઈ! આવ્યું તમારું સ્વરૂપ. એમાં એ દયા દાનના, ભક્તિ પૂજાનો વિકલ્પ, એ એની જાતનો નથી. એ તો વિકારી જાતનો છે. આહાહા! એને જ્યાં સુધી લાભદાયક માને, ત્યાં સુધી એની એકતાબુધ્ધિ તૂટે નહિં. કહો શેઠ! આ છે. જે રસ્તે જાતાં મળે વસ્તુ તે રસ્તો સહેલો કહો કે મોંઘો કહો, રસ્તો તો આ છે.

તમારું આવ્યું છે નામ. ત્રીજું આજ ક્યાં? ઓલો ભરાય છે કે નહિં? ક્યાંક ભરાય છે ને? હેં? આવ્યું'તું કાલ. ભોપાલ માં આવ્યું છે. કુંડલપુર માં આવ્યું છે ને આમાં ત્રણે માં નામ એનું આવ્યું છે. આહાહા! ભોપાળનું વિરોધનું આવ્યું છે મોટું આજ. પછી કીધું વંચાવીશ રામજીભાઈને ભક્તિ પછી. શું થાય? (આ વસ્તુ ઈ છે) સામા પક્ષ હોય ને? બીજો પક્ષ હોય ને? ઘણું પણ લખાણ આકરું. પણ ભાઈ! વિચાર એમ કેમ? એવું? ભગવાન કુંદકુંદ આચાર્ય ને એમની સાથે એમને મૂક્યા. કંકોતરીમાં. એ જૈન ધર્મ દિગંબર ધર્મનો ઘાત છે. બીજું ઘણું લખ્યું છે. એમાં તો બેનનું ય લખ્યું છે ને? કે બેન ત્યાં જઇને માર્ગદર્શન કરે, એનો ય વિરોધ થયો. કે સ્ત્રીઓ માર્ગદર્શન કરે? એમ કહેતાં'તા. અરેરે! સત્ ધર્મ સાંભળવો મુશ્કેલ થઈ પડયો છે બધાંને. હેં?

એમ કે નિગ્રંથ મુનિ હોય, એની છત્રછાયાએ પંચકલ્યાણક થાય એ કાર્ય ત્યાગી નહીં ને ગૃહસ્થ વિદ્વાન તરીકે એને તમે છત્રછાયા એની એમ લખ્યું છે એમાં તો પછી વંચાવીશ રામજીને. સૌના આપણા વિચાર જાણવામાં શું વાંધો? આહાહા! (શ્રોતા: આખા તો પંચકલ્યાણ અમે જોયા છે ત્યારથી કહું છું બેન શ્રી બેનને એમ) શું કરે પણ એમાં? વિશ્વાસ ન આવે. એને વિશ્વાસ ન આવે. બેન કોણ છે એની એને ખબર નથી. (**શ્રોતા** : આપ જ જાણો છો) આહાહા! એની ટીકા કરી છે. માર્ગદર્શન આપે, એમ લખ્યું છે ને? (**શ્રોતા** : પ્રતિષ્ઠાચાર્ય હોય) પ્રતિષ્ઠાચાર્ય હોય, બેન ન હોય. બાપુ! ભાઈ! એણે લખ્યું છે. એ બેન ક્યાં કહેવા ગયા હતા ત્યાં? એણે લખ્યું પ્રમોદમાં પડીને, વિરોધ વિરોધ. જગત વિચિત્ર છે.

આહિં કહે છે, આહાહા! જ્યાં સુધી જ્ઞાનના પરિણામમાં પર રાગ ને દેહને વાણીથી લાભ થાય એવી બુધ્ધિ રહે, ત્યાં સુધી ત્યાંથી ખસીને સ્વમાં નહીં આવી

શકે. સમજાય છે કાંઈ? હેં? આવો ધરમ. આવો ધરમ બાપા. આહાહા! વસ્તુ છે. એક કોર આત્મા, એક બાજુ રાગ, એક બાજુ મન અને વાણી અને આ દેહ. આ ચાર છે. હવે એમાં ત્રણ અસ્તિત્વમાંથી મને લાભ થાય, એમ જ્યાં સુધી બુધ્ધિ રહે તો ત્યાંથી નહીં ખસે. એ કહ્યું છે ને? જુઓને. એકત્વબુધ્ધિ કીધી ને? મન વચનની ક્રિયા સાથે એકત્વબુધ્ધિ કરે. આહાહા! તેને આત્માની ક્રિયા સમજે, ત્યાં સુધી ઉપયોગ ત્યાંથી છુટી સ્વસન્મુખ વળે નહીં. આહાહા! અરે, વહેવારનો શુભ રાગ એનાથી પણ મને લાભ થાય એવી જ્યાં સુધી બુધ્ધિ રહે, હેં? જેનાથી લાભ થાય, તેનાથી કેમ ખસે? અને આત્મસ્વરૂપમાં સ્થિર થાય નહીં ત્યાં સુધી. આહાહા!

ઉપયોગ દ્વારા સ્વનું ગ્રહણ કરવામાં, સમસ્ત પર દ્રવ્યો અને પર ભાવોનો સ્વયં ત્યાગ થઈ જાય છે. એટલે શું કહ્યું પાછું? હળવું કરી નાખ્યું કે આત્માના જાણવાના ઉપયોગ દ્વારા, સ્વમાં ગ્રહણ અને પરનો ત્યાગ, એ ગ્રહણત્યાગ થઈ જાય છે. જ્ઞાનનો વેપાર અંતરમાં જાય છે, ત્યારે એનું ગ્રહણ થાય સ્વરૂપનું, તે જ કાળે રાગાદિનો ત્યાગ દ્રષ્ટિમાંથી એકતાથી થઈ જાય છે. આહા! સ્વયં ત્યાગ થઈ જાય છે. જ્ઞાનના સ્વભાવના સ્વભાવનું પરિણામ જે છે, જ્ઞાન સ્વભાવ એ વસ્તુ ત્રિકાળ, એ જ્ઞાનના વર્તમાન પરિણામ જે છે એ ઉપયોગ, એ પરિણામ અંતરમાં વળે છે, ત્યારે અંતરનો સ્વીકાર થઈને ગ્રહણ કરે છે. તે કાળે રાગાદિનું ગ્રહણ કરતો નથી, તેથી તેનો સ્વયં ત્યાગ થઈ જાય છે. આહાહા. નવરંગભાઈ! આવી વસ્તુ. આહાહા!

નીચલી ભૂમિકામાં, જ્ઞાનીનો ઉપયોગ ધરમી જીવનો અંતરાત્માનો પણ ઉપયોગ જાણવાના પરિણામનો ભાવ વેપાર કદાચિત અસ્થિરતાને લીધે, વાણી કાયાની ક્રિયા દ્વારા પર સાથેના વહેવારમાં જોડાય છે. રાગ, કાયા દેહની ક્રિયા, વાણીની થતી હોય, તે કાળે વિકલ્પ થાય છે પણ તેમાં તેને કતૃત્વ બુધ્ધિનો અભાવ છે, એટલે વાણી દેહની ક્રિયા થાય એમાં રાગ જોડાય છતાં એ ક્રિયા કરી શકું છું પરની એવો કર્તાનો એમાં અભાવ છે. આહાહા! દેહ અને વાણીમાં, પર લક્ષે રાગનો ભાવ થાય અને એ રાગ ત્યાં દેહ વાણીમાં આમ જોડાય એમ દેખાય છતાં એ વાણીને દેહની ક્રિયા એ રાગ, એમ જાણતો નથી કે હું આ કરું આને. તેમ રાગને જાણનારી જે ક્રિયા છે, આહાહા! એ ક્રિયા એમ જાણતી નથી કે આ રાગ એ મારું કર્તવ્ય છે અને દેહ વાણીથી હું કરું છું. આહાહા! ભારે મારગ ભાઈ! આ તો ધમાધમ. ધરમને નામે લાગી ધમાધમ. ધામ ધમે ધરમ. જ્ઞાન મારગ રહી ગ્યો દૂર. આહાહા! સમજાણું કાંઈ?

નીચલી ભૂમિકામાં ચોથે ગુણસ્થાને પાંચમે ગુણસ્થાન આદિ છઠ્ઠે ઉપયોગ અસ્થિરતા થઈ જાય રાગાદિ અને તેથી વાણી કહે એની ક્રિયા સાથે આમ લક્ષ જાય પણ તેમાં તેને કતૃત્વબુધ્ધિનો અભાવ છે. અભિપ્રાયમાં તેનો નિષેધ છે. અભિપ્રાય દેહની ને વાણીની ક્રિયા કરું છું, એવો નથી. આહાહા ! અરે રાગની ક્રિયા કરું, એ અભિપ્રાય નથી. આહાહા ! ભારે મારગ ભાઈ આવો. જેમ રોગીને કડવી દવા પ્રત્યે (દાખલો આપે છે) અરૂચિ હોય છે. સમજાણું ? આ કમળો થાય છે ને કમળો ? આંખમાં પીળિયો. એના ઉપર એવી એક દવા આવે છે દેશી, ગંધ એવી મારે એવી વિષ્ટા જેવી મારે. કમળો પીળિયો થાય ને પીળિયો ? પીળાશ એને દેખાય. તો એની એક દવા એવી આવે છે કે ઈ દવા લેવી પડે એને, પણ એ તો વિષ્ટા ગંધાય એવી કોઈ ગંધ એની. આહાહા.

કહે છે કે એ દવા રોગીને કડવી દવા પ્રત્યે એટલે આવી દવા પ્રત્યે, અરૂચિ હોય તેથી કંઈ પ્રેમ નથી એને હેં ? (૮૭) સત્યાસીમાં એ દવા આવેલી છે એટલે એ જાણેલી છે. (૮૭) સત્યાસીમાં પોરબંદર ચોમાસું હતું ને ? ત્યારે કમળો થઈ ગયો હતો. દેશી દવા હતી દેશી. વૈદ્ય દેશી હતો ત્યાં. સમજાણું કાંઈ ? એણે આ આપી'તી દવા. પણ એ ગંધ એવી મારે એની. આહાહા ! કહે છે કે રોગીને કડવી દવા પ્રત્યે અરૂચિ હોય છે, તેમ તેને તે પ્રત્યે ઉદાસીનતા હોય છે. ધરમી એને કહીએ, આહાહા ! કે જે દેહને વાણીની ક્રિયા પ્રત્યે ઉદાસ છે. એ મારી ક્રિયા નહીં. આહાહા ! અને અંદર રાગની ક્રિયા દયા દાન વ્રતનો વિકલ્પ આવે, એ પણ મારી ક્રિયા નહીં. એ તો રાગની ક્રિયા છે. આહાહા ! એનાથી મારી વસ્તુ છે ઈ ભિન્ન છે, એવું ધરમીને સમ્યગ્દ્રષ્ટિને, રાગથી અને દેહની વાણીની ક્રિયાથી ભેદજ્ઞાન વર્તતું હોય તો તેને ધર્મી કહીએ. આહાહા ! હા.. હા.. સમજાણું કાંઇ ? છે ? તેના પ્રત્યે ઉદાસીનતા હોય છે.

રોગી દવા લે છે, તે પ્રેમથી ઘૂંટડા પીતો હશે ? એમ ધરમીને આત્મા દ્રષ્ટિમાં આવ્યો છે. સમ્યગ્દ્રષ્ટિને ચોથે ગુણસ્થાને, આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ એના વેદનમાં, અનુભવમાં આવ્યો છે. આહાહા ! તે આનંદના વેદન આગળ અસ્થિરતાને લઈને રાગાદિ થાય અને દેહ વાણીની ક્રિયામાં લક્ષ જાય, પણ એને પ્રેમ નથી એના ઉપર. આહાહા ! એ શુભ રાગનો પણ પ્રેમ ઉડી ગયો છે ધરમીને. સમજાણું કાંઈ ? આહા ! ધરમ બાપુ ઝીણી ચીજ છે બહુ. લોકોએ કંઈક ને કંઈક કલ્પી માનીને બેઠા છે, ભવ હારી જશે. આહાહા ! સમજાણું કાંઈ ? શું કીધું ? જેમ રોગીને દવા લેતાં પ્રેમ નથી, આહાહા ! એમ ધરમીને આત્માના આનંદના ભાનવાળો હોવાથી, એને જરી રાગ આવે શુભ અશુભ ભાવ અને વાણી દેહની ક્રિયા ઉપર એનું લક્ષ જાય, છતાં એના ઉપર એને પ્રેમ નથી. આહાહા !

તેમ એ રાગભાવ, જે દયા દાન શુભ ભાવ આવે, એમાં સમકિતીનું સુખ બુધ્ધિ ભાવ નથી. એમાં સુખ છે એનાથી સુખ થશે, એમ માનતો નથી. આહાહા! હા.. હા.. એ દયા દાન વ્રત ભક્તિનો ભાવ પણ દુઃખરૂપ છે, આકુળતા છે, શાંતિને ઘાત કરે છે. આહાહા! અરે, આવો મારગ છે પ્રભુનો. દુનિયાને મળે નહીં. દુનિયા કરે એમ જાણીને જીંદગી ચાલી જાય છે. આહાહા! સમજાણું કાંઈ? તેથી જ્ઞાનીનો ઉપયોગ શરીરાદિની ક્રિયામાં જોડાયેલો દેખાય છતાં તે નહીં જોડાયેલા સમાન છે. આહાહા! વેશ્યાનો પ્રેમ પૈસા દેનાર ઉપર, ગરીબ હોય તો હોય, એમ દેખાય પણ એ પ્રેમ કેવો? હેં? આહાહા! ગરીબ માણસ આવ્યો કોઈ પાંચ, પચ્ચીસ, પચાસ લઈને, ત્યાં વેશ્યા વિષય કરે, પણ પ્રેમ છે એને? (**શ્રોતા :** જી નહીં) શાસ્ત્રમાં ય લખ્યું છે. વેશ્યાનો જેમ પ્રેમ એવો ધરમીને પ્રેમ રાગ પ્રત્યે. આહાહા! સમજાય છે કાંઈ? આહાહા!

મનના પુણ્ય પાપના ભાવ, વાણી અને દેહ ત્રણેય જડ ને ભિન્ન છે. એવું ભિન્નપણાના ભાનથી એને જરી રાગાદિ થાય અને જોડાણ છે એમ દેખાય, છતાં જોડાણ અંદરમાં નથી. આ તો શાંતિના મારગ છે, ભાઈ! અનંતકાળે અપૂર્વ વાત એણે સાંભળી નથી. અપૂર્વપણું એણે કોઈ દી' કર્યું નથી. જે કંઈ કર્યું તે પૂર્વે કર્યું એ જ આજ કરી રહ્યો છે, અને માને કે અમે કાંઈક ધરમ કરીએ છીએ. આહાહા! અરે, એના આરા કે દી' આવે? સમજાણું કાંઈ?

શરીર વાણીની ક્રિયા વિષે એકતાબુધ્ધિનો, આત્મબુધ્ધિનો ત્યાગ. આહાહા! સમ્યગ્દ્રષ્ટિને ચોથે ગુણસ્થાને શ્રાવક પાંચમે તો કંઈ જુદી દશા એની તો હોય, એની તો અંદર શાંતિ વધી ગઈ હોય અંદરમાં, આનંદની લહેર વધી ગઈ હોય. આહાહા! ત્યારે એને બારવ્રતના વિકલ્પ આવે, છતાં તેને એ દુઃખરૂપ લાગે છે. સમજાણું કાંઈ? આહાહા! એ વ્રતની ક્રિયા એને ઝેર જેવી દેખાય છે, ધરમીને. અજ્ઞાનીને પ્રેમથી અમૃત જેવી દેખાય છે. આહાહા! અમૃત અનુષ્ઠાન આવે છે ને તમારે? શ્વેતાબંરમાં આવે છે. ધૂળેય નથી અમૃત અનુષ્ઠાન. આહાહા!

સનાતન વીતરાગ મારગ, દિગંબર દર્શન એ સનાતન વીતરાગ જૈન દર્શન છે. એમાં આ વાત છે, એવી વાત બીજે ક્યાંય નથી. એનામાંય ભૂલેલા બીજે ભટકી ગયા છે. આહાહા. હેં? પરમાત્માનો તો આ અવાજ છે. મુનિ, આ પૂજ્યયાદસ્વામી, પૂજ્યપાદસ્વામી મુનિ દિગંબર વનવાસી અને આ વનશાસ્ત્ર છે આ. વનમાં બન્યું માટે વનશાસ્ત્ર છે. આહાહા! એમાં આ છે કે જેને શરીર આ વાણીની ક્રિયા, આમ ખાઉં છું,

આમ પીઉં છું, ને આમ છોડું છું, એ ક્રિયા વિષે જેને હજી એકતાબુધ્ધિ છે, આહાહા! આતમબુધ્ધિનો ત્યાગ છે, આહાહા! એકતાબુધ્ધિનો, આતમબુધ્ધિનો ત્યાગ છે અને શુધ્ધાત્મસ્વરૂપનું ગ્રહણ. આહાહા! એકતાબુધ્ધિનો જેને ત્યાગ છે, એમ કહે છે. આહાહા! એટલે આતમબુધ્ધિ એ રાગથી મને લાભ થાય, દેહની ક્રિયા એવી થાય માટે મને લાભ થાય, એવી બુધ્ધિનો જેને ત્યાગ છે સમકિતીને. આહાહા! અને શુધ્ધાત્મસ્વરૂપનું ગ્રહણ. આહાહા!

આ ત્યાગગ્રહણ સમકિતને હોય છે, એમ કહે છે. પરનો ત્યાગ કરું ને ગ્રહણ કરું એ તો મિથ્યાદ્રષ્ટિની ભાવના છે. કેમ કે પર વસ્તુનો ત્યાગ કરી શકતો નથી. કેમકે પર વસ્તુનો તો ત્યાગ આત્મામાં છે જ. અભાવ તો છે. હવે એને કહે કે આ છોડું, આ લઉં, એ પર દ્રવ્યની ક્રિયા છોડું ને લઉં એવી માન્યતા તે તો મિથ્યાત્વ છે. પર દ્રવ્યનો સ્વામી થયો એ તો. અરે, ભારે આકરી વાતો. લોકોને લાગે, હોં? હેં? લાગે. પચવું કઠણ પડે. બીજો કોઈ હળવો મારગ હશે કે નહીં? શેઠ પૂછે છે ને? (**શ્રોતા :** હળવા માં હળવો આ) હળવો ય કહો તો ઈ ને જે છે તે કહો તો આ છે. (**શ્રોતા :** અહીં રહકે હો શકતા હૈ?) અહીં રહકે હો શક્તા હૈ. જ્યાં આત્મા રહ્યો છે ત્યાં રાગથી ભિન્ન રહ્યો, ત્યાં થઈ શકે છે. આહાહા! આકરું કામ છે. અત્યારે તો ઉપદેશ જ ફરી ગયો આખો. હેં? વીતરાગના ધરમને નામે અજૈન નો ધરમ કલ્પાય છે. હેં? અરે પ્રભુ! શું થાય? ભાઈ! સમ્યગ્દ્રષ્ટિની કિંમત નથી અને બાહ્યત્યાગ કર્યો એની કિંમત છે જગતને.

(**શ્રોતા :** વો દિખતા હૈ ન?) દેખતા હૈ, ક્યા દેખતા હૈ? એમ કે બાહ્ય ત્યાગ કર્યો. બાયડી છોડી લૂગડા છોડયા દુકાન છોડી પણ અંદરમાં રાગ સંસાર છે એને તો છોડયો નથી. આહાહા! રાગ સંસાર છે. સ્ત્રી કુટુંબ શરીર એ સંસાર નથી. ભગવાન તો 'સંસરણં ઈતિ સંસાર', એમ કહે છે. ચિદાનંદ ભગવાનમાંથી ખસી અને રાગના વિકલ્પમાં આવે એ સંસાર છે. આહાહા! એ સંસાર તો છોડયો નથી. આહાહા! (**શ્રોતા :** છોડવા જેવું એણે માન્યું છે) છોડવા જેવું એણે માન્યું ય નથી. આહાહા. (**શ્રોતા :** એ લાભમાં ખતવે છે) એ લાભમાં ખતવે છે કે બાયડી છોકરા છોડયા પછી દુકાન છોડી ધંધો છોડયો એકલા બેઠા છીએ. જુઓ. શું છોડયું? ધૂળ? આહાહા!

પર તરફનો રાગ જે છે પુણ્યનો, એ આશ્રવ છે. ભગવાનની ભક્તિ, ભગવાનની પૂજા, ભગવાનનું સ્મરણ એ બધો આશ્રવભાવ રાગ છે. આહાહા! એનાથી લાભ માને ત્યાં તો, રાગને છોડયો તો નથી, સંસારને છોડયો તો નથી. આહાહા! કામ બહુ. આ તો સમાધિશતક છે ને? સાર છે ને આતો? ને આહિં વંચાય, પણ ગામડામાં

બીજે કાંઈ સમજ કેમ પડે. આહાહા! શું થાય? મારગ તો આવો છે. ભાઈ! એને જ્ઞાન ઉપર લક્ષમાં એ વાત લેવી પડશે. આહાહા! સમજાણું કાંઈ?

શરીર વાણી ક્રિયા વિષે એકતાબુધ્ધિનો એટલે કે એ મને લાભદાયક છે, મારા છે એવી બુધ્ધિનો જેને ત્યાગ છે અને શુધ્ધાત્મસ્વરૂપનું ગ્રહણ છે. આહાહા! તે અંતરાત્મા અંતરંગ ત્યાગગ્રહણ કરે છે. આ ગાથાનો સાર એ છે. હેં? આહાહા! છે ને? પાઠ એ છે.

**अन्तस्त्यागोपादाने वा कुर्वाणोन्तरात्मा कथं कुर्यादित्याह -**

**युञ्जीत मनसाऽऽत्मानं वाक्कायाभ्यां वियोजयेत् ।**
**मनसा व्यवहारं तु त्यजेद्वाक्काययोजितम् ।।४८।।**

આહાહા! એનો જે જ્ઞાનનો ઉપયોગ જે છે, એ જે રાગ અને દ્વેષના જોડાણમાં જાય છે, એને પોતાના ઉપયોગ તરફ વાળ્યો, તો અંતરનું ગ્રહણ થયું, શાંતિને આનંદનું ગ્રહણ થયું અને રાગનો ત્યાગ થયો. એ અંતરાત્માનો ત્યાગ અને ગ્રહણ આ છે. આહાહા! મિથ્યાદ્રષ્ટિને બાહ્યનો ત્યાગ થાય ત્યારે એને અભિમાન થાય કે મેં ત્યાગ કર્યો, અમે આમ કરીએ છીએ. આહાહા! શુધ્ધ આહાર પાણી અમે ખાઈએ છીએ. (**શ્રોતા** : ખાઈ કોણ શકે છે?) આ મિથ્યાદ્રષ્ટિના અભિપ્રાય બધા. આહાહા! સમજાણું કાંઈ? એને જૈન ધરમની ખબર નથી. જૈન ધરમ શું છે? આહાહા! આ તો ત્રણ લોકના નાથ પરમાત્મા જેના દુનિયામાં ક્યાંય એની જોટે કોઈ મારગ નથી. આહાહા!

પૂજ્યપાદસ્વામી કુંદકુંદઆચાર્ય પછી થયા. એ ભગવાન પાસે ગયા હતા. જઈને લઈને આ આવ્યા. હતા તો સમકિતી જ્ઞાની ભાવલિંગી. એ ત્યાં ગ્યા'તા પ્રભુ પાસે. સિમંધર ભગવાન બિરાજે છે. ત્યાં ગયા, કેટલા દિ' ની ખબર નથી. જેમ કુંદકુંદ આચાર્ય આઠ દિ' રહ્યા. આ ગ્યા'તા. (**શ્રોતા** : પૂજ્યપાદજી ય ગયેલા) હા. એણે પહેલાં લખ્યું. (**શ્રોતા** : ઈ એ ગ્યા'તા) વિદેહમાં ગયા'તા. (પહેલે હૈ, આઠમે પાને. એ પેલો, બીજો, ત્રીજો ને પાંચમો) વિદેહ ક્ષેત્રથી જિનેન્દ્ર ભગવાનના દર્શનથી તેમનું ગાત્ર પવિત્ર થઈ ગયું હતું. ઉપર બગડો, બગડો. બગડો છે ને બગડો? આઠમું પાનું. પ્રસ્તાવનાનું આઠમું પાનું. ત્યાં એ વાંચો. (**શ્રોતા** : વિદેહ ક્ષેત્રથી જિનેન્દ્ર ભગવાનના દર્શનથી) તેમનું ગાત્ર પવિત્ર થઈ ગયું હતું. ગાત્ર એટલે શરીર. ભગવાન પાસે ગ્યા'તા. સમજાણું કાંઈ? એ પૂજ્યપાદસ્વામી કહે છે. આહાહા! કે ભગવાનનો તો સંદેશ આ છે.

અહીં વહેવારના ત્યાગનો આચાર્યે નિર્દેશ કર્યો છે. તે એમ સૂચવે છે કે આત્મકાર્ય માટે વહેવાર આશ્રય કરવા યોગ્ય નથી. આહાહા! જેટલો દયા દાન વ્રતનાં શુભરાગ આવે, એ પણ આત્મકાર્ય માટે આદરણીય નથી. આહાહા! આકરી વાતો લાગે. હજી જેને સમ્યગ્દર્શનનનાં ઠેકાણાં ન મળે, વહેવાર શ્રધ્ધાનાં ઠેકાણાં ન મળે અને નિશ્ચયનાં તો ક્યાં છે? આહાહા! સમજાણું કાંઈ? અહીં વહેવારના ત્યાગનો આચાર્યે નિર્દેશ કર્યો છે એટલે વહેવારનો ત્યાગ એમ બતાવ્યું, એમ કહે છે. શું કીધું સમજાણું? આહાહા! આ ગાથામાં વહેવારનો ત્યાગ કહ્યો છે એટલે કે એમ સૂચવે છે કે આત્મકાર્ય માટે વહેવાર આશ્રય કરવા યોગ્ય નથી. દેવ ગુરૂ શાસ્ત્રની શ્રધ્ધાનો રાગ પંચ મહાવ્રતનો રાગ શાસ્ત્ર ભણવાનો રાગ, આહાહા! એ પણ આત્માર્થ કાર્યને માટે એ વહેવાર છોડવા જેવો છે. સમજાણું કાંઈ?

ત્યારે હવે પ્રશ્ન થાય છે કે આ દીકરા, સ્ત્રી આદિ સાથેમાં, વાણી કાયાના વહેવારમાં તો સુખની ઉત્પત્તિની પ્રતીતિ થાય છે. એમ હોય હસમુખ ભાઈ હારે બેઠા હોય, વાત કરતા હોય (**શ્રોતા** : બધો રાગ) પણ એમાં (**શ્રોતા** : ઘણી મજા આવે) હાં, થોડી મજા આવતી દેખાય છે ને? (**શ્રોતા** : એ વીતરાગતાની મજા નથી) આહાહા! એમાં શરીર નિરોગ હોય બેયનાં, ઘણીનાં અને કુટુંબનાં બધાનાં, અને એ સાંજનો નિવૃત્તિનો કાળ હોય અને એ બાગમાં. આહાહા! ફૂલ ઝાડમાં બેઠો હોય ખુરશીઓ નાંખીને અને એ વખતે એ પક્વાન અને પતરવેલીયા ઉડતા હોય ખાવામાં. હેં? કહે છે કે મજા જેવું લાગે છે લોકોને. અજ્ઞાની ને એમાં પ્રીતિ જેવું લાગે છે, સુખની ઉત્પત્તિની પ્રતીતિ થાય છે, તો તેનો ત્યાગ કેવી રીતે થાય? જેમાં સુખ જેવું દેખાય એને છોડવું કેમ? એમ કહે છે.

કહો શાંતિભાઈ! નહીં? હવે બધા ત્રણે છોકરાઓ પંકજને બેઠા હોય અને વાતું કરે ઝવેરાતની. બાપા આમ છે ને બાપુજી આમ છે. ભાઈ આમ છે. એ ભાઈ કહે છે. આહાહા! એના ત્રીજા નંબરનો વચલાનો છોકરો છે રસ છે એને. પંકજ આવે છે ને? છોકરાને રસ છે. વચલો છોકરો છે એમનો પંકજ શાંતિભાઈના. ઝવેરાતનો ધંધો છે ને? મોટો ધંધો છે. લોકો કરોડપતિ કહે છે. લોકો કહે એમાં વાંધો નહીં. પણ પાંચ પચીસ લાખના, દસ દસ લાખના (**શ્રોતા** : એમાં શું વાંધો) લોકો માને એમ. પણ ઉદાર માણસ ખરાને. પૈસા ખર્ચે એટલે. પણ છોકરો બહુ ઓલો છે હોં. આહાહા! છે જુવાન હજી પણ રસવાળો. મહારાજ આમ કરીને બોલે હો. આહાહા! હવે રાગે દુ:ખદાયક છે, હો આપે તો એમ કહ્યું મહારાજ. હારે આવે ને ઓલાની મોટરમાં.

અરે! આજે જ કાગળ આવ્યો તો ઓલાનો. પ્રકાશનો. આ પ્રકાશ બેસતો'તો ને? (શ્રોતા : કલકત્તા) ઓહોહો! એટલો પ્રમોદ ને એટલો છોકરો હરખ બતાવે છે. વાંચતાં આંસુ આવી જાય એવું, એટલો વિરહ બતાવે છે અને પ્રમોદ બતાવે છે. છોકરો નહોતો આંહી? જયકોર બેનનો ને? દીકરાનો દીકરો. પ્રકાશ. તાવ બહુ રહ્યો પછી ન આવી શક્યો. રૂપાળો હતો. આજ કાગળ એનો આવ્યો છે, બહુ ખુશી બતાવે. ઓહોહો! અરે, આ આત્માના આનંદમાં ઉતરવાની વાતું મહારાજ અમે ક્યાંય સાંભળી નથી. આહાહા! શરીરની શાંતિ નથી પણ આત્મામાં શાંતિ. એમાં જાય એના ફળ આ એવી વાતું અમે સાંભળી ક્યાંય નહોતી. છે? ભગવાન છે ઈ તો. તેર વરસનો છે કાંઈક.

(શ્રોતા : પંદર સોળ વરસનો) અરે, આ શરીરનું ક્યાં છે આમાં. આત્માને ઉંમર ક્યાં છે? હેં? આઠ વરસનો રાજકુમાર કેવળ જ્ઞાનને પામે. આહાહા! માતા, અમારા આનંદને અમે અનુભવ્યો છે અનુભૂતિ. આવે છે ને ભાઈ આ? ચરણાનુયોગમાં. આઠ વર્ષનો બાળક હોય એણે અનુભવ કર્યો હોય સમકિતનો, ચોથું ગુણસ્થાન પ્રગટ કર્યું. અમારી અનુભૂતિ આનંદ, અમે રાગ વિનાની ચીજના આનંદના અનુભવી, માતા! આ અમે અનુભૂતિ માટે વનવાસ જાઈએ મા. આહાહા! અમારી અનુભૂતિરૂપી રાણી. આહાહા! માતા! અમને ક્યાંય રૂચી જામતી નથી. ક્યાંય લક્ષ ઠરતું નથી. જ્યાં ઠરે ત્યાં હવે અમે જવા માંગીએ છીએ. આહાહા! આઠ વર્ષનો રાજકુમાર, જેને નીલમણીના નીચે પથરા હોય શું કહેવાય લાદી. એ તમારી લાદી પથરાની. નીલમણીની લાદીના બંગલામાં રહેતા હોય છોકરાઓ, રાજકુમાર. આહાહા! એ બહાર નીકળી, માતા અમને રજા દે. ભાઈ બા! આહાહા!

અમારી આનંદની અનુભતિને અમે વિશેષ મેળવવા, અમે વનવાસમાં જાઈએ છીએ. આહાહા! એને આનંદનો પ્રેમ લાગ્યો જેને, સમ્યગ્દ્રષ્ટિને અતીન્દ્રિય આનંદનો પ્રેમ છે, એને દેહ, વાણી, મન અને રાગનો પ્રેમ છે નહીં. આહાહા! આહાહા! માતા રોવે છે. દીકરા, તું એકલો! સવારે ઉઠીને સાધનામાંથી તે આવાં લૂગડાં કપડાં, આવા રહેવાના મકાન, હવા ન આવે એ બારીઓ બંધ કરીને સુવાડીએ તને ભાઈ! એકલો જંગલમાં શી રીતે રહીશ, બાપા! માતા! અમારો આનંદ ને શોધવા અમે આનંદમાં રહીશું. આહાહા! અમારી ચિંતા ન કર. માતા રોવું હોય તો એકવાર રોઈ લે, ફરીને જનેતા નહીં કરીએ અમે. અમે અવતાર નહિં ધારીએ હવે. આહાહા! 'અજેવ ધમ્મં પડિવજ્જયામો જહી પવન્ના ન પુનર્ભવામો'

એ ગાથા આવતી જ્યારે બોટાદમાં, ભાઈ! હજારો માણસો બિચારા શાંત ઠરી જાય. ૧૪ મી ગાથા. ૧૪ મા અધ્યાયની ટીકાની. માતા પિતા પાસે રજા માંગે છોકરાઓ. 'અજેવ ધમ્મં પડિવજ્જયામો' જનેતા! અમે આર્જવ ધર્મને અંગીકાર કરશું. 'જહી પવન્ના ન પુનર્ભવામો'. માતા! જે ધર્મને અંગીકાર કરવાથી ફરીને ભવ ધારણ નહિં કરીએ. સ્વરૂપચંદભાઈ! એવું શ્વેતાબંરમાં ઉત્તરાધ્યનમાં વૈરાગનું તો આવે છે ને? ૧૪ મો અધ્યાય (છ જીવની કાય) બ્રાહ્મણના છોકરા છે બેય. દીક્ષા લેવા માંગે છે. ગોઠવ્યું છે. એ બધું પણ આ કહે. અમે આજ જ આનંદને અંગીકાર કરવા તૈયાર થયેલા છીએ. ચારિત્ર એટલે કોઈ ક્રિયા નહીં પણ અંતરનો આનંદનો અનુભવ કરવા અમે જાઈએ છીએ. આહાહા!

પંચમહાવ્રતના વિકલ્પ અને નગ્નપણું એ કાંઈ ચારિત્ર નથી. આહાહા! ચારિત્ર તો અંતરના આનંદને જે જાણ્યો છે, એ આનંદના જમણ કરવા માટે અમે નીકળ્યા છીએ. હવે એ આનંદના ભોજન કરવા માતા અમે નીકળ્યા છીએ. મા, ના ન પાડશો. બા! બા! છેવટે બા કહે, દીકરા! જા તારે રસ્તે, અમને આ રસ્તો હજો. અમને પણ આ રસ્તો હજો. આહાહા! કરવાનું તો આ છે. એ તું કરવા જા બાપા. અમારે પણ આ રસ્તો હોજો. જા. એમ કહે છે. આહાહા! આહિં કહે છે, પુત્ર - સ્ત્રી સાથે વાણીના વહેવારમાં સુખની જેવું દેખાય છે ને? એનો ત્યાગ કઈ રીતે? એનો ઉત્તર આપશે.

**।।પ્રમાણ વચન ગુરુદેવ ।।**

પરમાર્થે ઘડાને તથા માટીને વ્યાપ્ય-વ્યાપકભાવનો સદ્‌ભાવ છે તેથી ઘડો તે કર્મ-કાર્ય છે અને માટી તેનું કારણ-કર્તા છે, પણ કુંભાર તેનું કારણ નથી. તેમ વિકારી પરિણામ તે પુદ્‌ગલના પરિણામ હોવાથી વિકારી પરિણામને ને પુદ્‌ગલને વ્યાપ્ય-વ્યાપકપણું છે, માટે રાગના પરિણામનો કર્તા પુદ્‌ગલ છે, જીવ રાગનો કર્તા નથી.

**દ્રવ્ય દષ્ટિ જિનેશ્વર ૪૯**

# પ્રવચન – ૬૧

## શ્લોક – ૪૯

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૦૯.૦૨.૭૫**

**ननु पुत्रकलत्रादिना सह वाक्कायव्यवहारे तु सुखोत्पत्तिः प्रतीयते कथं तत्त्यागो युक्त इत्याह -**

**जगद्देहात्मद्रष्टिनां विश्वास्यं रम्यमेव च।**
**स्वात्मन्येवात्मद्यष्टिनां क्व विश्वासः क्व वा रतिः।। ४९।।**

દેહાતમધી જગતમાં કરે રતિ વિશ્વાસ;
નિજમાં આતમદ્રષ્ટિને ક્યમ રતિ ? ક્યમ વિશ્વાસ ? ।। ૪૯ ।।

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

**टीका** : देहात्मद्यष्टिनां बहिरात्मनां जगत् पुत्रकलत्रादिप्राणिगणो विश्वास्यमवञ्चकं। रम्यमेव च रमणीयमेव प्रतिभाति । स्वात्मन्येव स्वस्वरुपे एवात्मद्यष्टिनां अंतरात्मनां क्व विश्वास: क्व वा रतिः ? न क्वापि पुत्रकलत्रादौ तेषां विश्वासो रतिर्वा प्रतिभातीत्यर्थः ।। ४९ ।।

પુત્ર-સ્ત્રી આદિ સાથેના વાણી-કાયના વ્યવહારમાં તો સુખની ઉત્પત્તિની પ્રતીતિ થાય છે, તો તેનો (વ્યવહારનો) ત્યાગ કેવી રીતે યોગ્ય છે ? તે કહે છે :-

**અન્વયાર્થ : (देहात्मद्रष्टिनां)** દેહમાં આત્મબુદ્ધિ રાખનાર મિથ્યાદૃષ્ટિ બહિરાત્માઓને **(जगत्)** સ્ત્રી-પુત્ર-મિત્રાદિના સમૂહરૂપ જગત્ **(विश्वास्यं)** વિશ્વાસ કરવા યોગ્ય **(च)** અને **(रम्यं एव)** રમણીય જ ભાસે છે. પરંતુ **(स्वात्मनि एवात्मद्रष्टिनां)** પોતાના આત્મામાં જ આત્મદૃષ્ટિ રાખનાર સમ્યગ્દૃષ્ટિ અંતરાત્માને **(क्व विश्वासः)** સ્ત્રી-પુત્રાદિરૂપ જગત્‌માં કેમ વિશ્વાસ હોઈ શકે ? **(वा)** અથવા **(क्व रतिः)** કેમ રતિ હોઈ શકે ? કદી પણ નહિં.

**ટીકા :** દેહમાં આત્મદૃષ્ટિવાળા બહિરાત્માઓને પુત્ર-ભાર્યાદિ પ્રાણીસમૂહરૂપ જગત્ વિશ્વાસ કરવા યોગ્ય અર્થાત્ અવંચક (નહિં ઠગનારું) તથા રમ્ય જ એટલે રમણીય જ પ્રતિભાસે છે.

સ્વાત્મામાં જ એટલે સ્વસ્વરૂપમાં જ આત્મદૃષ્ટિવાળા અંતરાત્માઓને વિશ્વાસ ક્યાં કે રતિ ક્યાં ? તેમને પુત્ર-સ્ત્રી આદિમાં ક્યાંય પણ વિશ્વાસ કે રતિ પ્રતિભાસતી નથી - એવો અર્થ છે.

**ભાવાર્થ :** જેને દેહમાં આત્મબુદ્ધિ છે તેને સ્ત્રી-પુત્ર-મિત્રાદિરૂપ જગત્ જ વિશ્વાસયોગ્ય અને રમ્ય-સુખદાયક લાગે છે અને તેથી તે તેમની સાથે વાણી-કાયનો વ્યવહાર કરવાનો વિકલ્પ કરે છે.

જ્ઞાનીને સ્ત્રી-પુત્રાદિ બાહ્ય પદાર્થોમાં આત્મબુદ્ધિ નથી, તેમાં તેને વાસ્તવિક સુખ ભાસતું નથી અને તે વિશ્વાસયોગ્ય તથા રમણીય લાગતા નથી, તેથી તેને તેમની સાથે વચન વ્યવહાર અને શરીર વ્યવહારનો, અભિપ્રાયમાં, ત્યાગ વર્તે છે. આત્મા જ તેને વિશ્વાસ કરવા યોગ્ય અને રમ્ય જણાય છે અને તેમાં જ વાસ્તવિક સુખ ભાસે છે. તેથી તે જગતના પદાર્થોમાં સુખ હોવાનો વિશ્વાસ કેમ કરે ? ન જ કરે.

## વિશેષ

અજ્ઞાની બાહ્ય પદાર્થોના સંયોગમાં સુખ માની તેનો વિશ્વાસ કરે છે, પણ તે સંયોગો પલટતાં યા તેનો વિયોગ થતાં તેના કલ્પેલા સુખનો અંત આવે છે. એ રીતે બાહ્ય સંયોગોના વિશ્વાસે તે છેતરાય-ઠગાય છે. વાસ્તવમાં અનુકૂળ કે પ્રતિકૂળ લાગતા

સંયોગોમાં ક્યાંય સુખ નથી, છતાં તેમાં સુખ માની ઠગાઈ જાય છે.

જ્ઞાનીને પોતાનો આત્મા જ ઈષ્ટ છે-વહાલો છે. તેને જગત-જગતના પદાર્થો વહાલા-સુખરૂપ લાગતા નથી. સમકિતી ચક્રવર્તીને છ ખંડનું રાજ્ય અને હજારો રાણીઓ વગેરેનો સંયોગ હોય છે, પણ તેમાં તેને સુખ માટે સ્વપ્નેય વિશ્વાસ નથી. તેને તો પોતાના ચૈતન્યાત્માનો જ વિશ્વાસ છે અને તેમાં જ સુખ ભાસે છે. તેને 'જગત ઈષ્ટ નહિં આત્મથી.'૪૯.

---

સમાધિતંત્ર ૪૯શ્લોક, શિષ્યનો પ્રશ્ન છે અથવા એ પ્રશ્ન ઉઠાવ્યો છે કે આ પુત્ર, સ્ત્રી આદિ સાથેના વાણી કાયના વહેવારમાં તો સુખની ઉત્પત્તિની પ્રતીતિ થાય છે, તો તેનો ત્યાગ કેવી રીતે યોગ્ય છે? એવો પ્રશ્ન છે, એનો ઉત્તર -

**ननु पुत्रकलत्रादिना सह वाक्कायव्यवहारे तु सुखोत्पत्तिः प्रतीयते कथं तत्त्यागो युक्त इत्याह -**

**जगद्देहात्मद्रष्टिनां विश्वास्यं रम्यमेव च।**
**स्वात्मन्येवात्मद्रष्टिनां क्व विश्वासः क्व वा रतिः।। ४९।।**

**દેહાતમધી જગતમાં કરે રતિ વિશ્વાસ;**
**નિજમાં આતમદ્રષ્ટિને ક્યમ રતિ? ક્યમ વિશ્વાસ? ।।૪૯ ।।**

બહુ મર્મની વાત કરી છે.

**ટીકા :** ૪૯ની. દેહમાં આત્મદષ્ટિવાળા, આ શરીર તે જ હું એવી દષ્ટિ જેની થઈ છે, રહી છે, એવા બહિરાત્માઓને પુત્ર સ્ત્રી આદિ પ્રાણી સમૂહરૂપ જગત વિશ્વાસ કરવા યોગ્ય નહિં ઠગનારું, અને રમ્ય રમણીય ભાસે છે. અજ્ઞાનીને દેહાત્મમાં બુદ્ધિ છે જેને, એ બહિરાત્મા એટલે બાહ્યચીજમાં પ્રેમ કરનારો છે, એમ કહે છે. એ પુત્ર સ્ત્રી કુટુંબની સાથે વિશ્વાસ કરે છે કે આ મને અનુકૂળ છે, આ મને સુખના કારણ છે, એમ વિશ્વાસ કરે છે. મર્મની વાત છે જરી. દીકરા, દીકરીયું, જમાઈ, નોકર.. એ સ્ત્રી આદિથી કાયાનો વેપાર અને વાણીનો વેપાર કરે ને એને મીઠાશ વર્તે છે, એમ કહે છે. આહાહા! કેમ કે એણે આત્મામાં આનંદ છે એ જોયો નથી, જાણ્યો નથી. આહા! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે એવો ભાસ થયો નથી અનુભવ નથી, એથી એ દેહને જ આત્મા માનનારા એવા દેહો જે સ્ત્રી કુટુંબ પરિવારને દેખી એની સાથે પ્રેમાળથી વાત કરે છે, વિશ્વાસ રાખીને વાત કરે છે. આ મને બધા

સગવડતાના કારણ છે. મારા સમાધાનને માટે આ બધા કારણો છે, એમ પ્રીતિ કરીને, આહાહા! પોપટભાઇ! (**શ્રોતા** : એમ જ ચાલી રહ્યું છે બધું) એમ જ ચાલી રહ્યું છે ને? એની તો વાત હાલે છે. એ સ્ત્રી કુટુંબ પરિવાર એની સાથે પ્રેમથી જોવે કેમ કે એ દેહને જ આત્મા માને છે અને એમાં સુખના, સગવડતાના નિમિત્તો એને એમાં પ્રેમથી એનો અભિપ્રાય ત્યાં વિશ્વાસ વર્તે છે એનો. સમજાણું કાંઇ? આહાહા! આચાર્યે વાત પણ એવી કરી છે મર્મની. હેં? શાંતિભાઇ!

(**શ્રોતા** : એવું જ છે બધું) વાત તો એવી કહે છે. વાત એમ છે એમ એણે નક્કી તો જાણવું તો જોઇને? આહાહા! સમજાણું કાંઇ? ભગવાન આત્મા સુખનું સ્થાન ને આનંદને માટે વિશ્વાસ કરવા લાયક તો ભગવાન આત્મા છે. પ્રિયકર અને આનંદનું ધામ અને વિશ્વાસ કરવા લાયક કે આ જ સુખ સ્વરૂપ આત્મા છે, એવો જેને વિશ્વાસ નથી એને આ શરીર અને શરીરની અનુકૂળતાવાળા જે સ્ત્રી કુટુંબ પરિવાર દિકરા એના ઉપર પ્રેમાળથી વાત કરે છે એ. એ મને સુખના સાધન છે એવો એને અંદર વિશ્વાસ વર્તે છે, અજ્ઞાનીને. આહાહા! (**શ્રોતા** : ઊંડા કૂવામાં ઉતરતો જાય છે) હેં? ઊંડો ઉતરતો જાય. આહાહા!

આ આચાર્યોએ પણ કંઇ કામ કર્યું છે ને? મિથ્યાત્વના ભાવને કઇ રીતે જગતને ખ્યાલ આવે એવું સ્પષ્ટીકરણ કર્યું છે. એને આત્મા આનંદને શાંત સ્વરૂપ છે એવો અંતરમાં વિશ્વાસ તો નથી અનાદિથી, એથી એને શરીર ઉપર જ જેની બુદ્ધિ છે, એથી શરીરના અનુકૂળ સગવડતાવાળા વિષય માટે આબરૂ માટે ખાવાપીવા માટે ભાષાની અનુકૂળતા બોલીને એને રાજી કરવા માટે. એ બધા સાધનો છે આ બધા. આહાહા! શેઠ! આ સમકિતી અને મિથ્યાદૃષ્ટિની વાત થાય છે. પછી સમકિતીને એ આવશે કે હજી ગૃહસ્થાશ્રમમાં પણ. હેં? (**શ્રોતા** : આ તો મુનિને માટે છે ને?) પણ એ જ કહું છું ને? આ મિથ્યાદૃષ્ટિ આમ છે અને સમ્યગ્દૃષ્ટિ બીજી રીતે છે. એમ સ્પષ્ટ કરે છે. ગૃહસ્થાશ્રમમાં રહેલો પણ સમકિતી જેને આત્મામાં આનંદ છે એવો વિશ્વાસ આવ્યો છે, એને પરપદાર્થ પ્રત્યેના પ્રેમથી મને સુખ થાય છે, એ બુદ્ધિ ઉડી ગઇ છે. આહાહા! સમજાય છે કાંઇ?

આ તો સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ બેની જ વાત છે. આહાહા! ત્રણલોકનો નાથ આત્મા, સચ્ચિદાનંદ સ્વરૂપ એકલો શાશ્વત સુખનો સ્વરૂપ જ પ્રભુ છે, એવા વસ્તુનો જેને વિશ્વાસ નથી આવ્યો, આહાહા! અને જેને દેહ અને દેહની અનુકૂળતાવાળી ચીજમાં જેને વિશ્વાસ છે એમ કહે છે, એ મારા બધા વિષયોના અને સુખના કારણો, સાધનો છે બધા. આહા! એથી એની સાથે વાત કરતાં પણ પ્રેમાળથી સુખબુદ્ધિથી એનો વિશ્વાસ

કરીને વાત કરે છે, કહે છે. આહાહા ! પોપટભાઇ ! ઘા માર્યો છે ઊંડો. હેં ? (શ્રોતા : વાત કરવી કેમ ?) કરે જ નહિં ? પણ આ તો કહે તો એને પ્રેમથી અને મીઠાશથી કરે, એ એમ કહે છે. કરે કોણ ભાષા ? આહાહા !

આચાર્યે પોતાનું પડખું ફેરવી નાંખ્યુ છે, એથી પડખું જેણે ફેરવ્યું નથી એની કેવી દશા છે, એનું વર્ણન કરે છે. આહાહા ! બહુ સરસ વાત છે. દેહમાં આત્મદૃષ્ટિવાળા બહિરાત્માઓને પુત્ર, સ્ત્રી, કુટુંબ, પ્રાણી, સમૂહ જગત વિશ્વાસ કરવા યોગ્ય છે, એ ઠગનારા છે, એમ એ માનતો નથી. આહાહા ! સમજાય છે ? એ ઠગનારા છે, એ વંચક છે. એકવાર કહ્યું હતું ને ભાઇ, તમારા નરભેરામ વકીલ નહિં ? નરભેરામભાઇ વકીલ, વકીલ હતા ને ? ૮૭માં વિંછિયાથી અમે આવ્યા ન્યાં, રાજકોટ. આવ્યા પછી કહે કે મહારાજ તમે વાત કરો છો કે આત્મા આવો ને આત્મા આવો (શ્રોતા : એ વકીલ નહોતા. એમના ભાઇ ભગવાનજીભાઇ વકીલ હતા) આ વકીલ નહોતા ? નરભેરામભાઇ લ્યો, એમના દીકરા તો હતા. આ બિચારા હતા ભોળાભટ્ટ જેવા, કાંઇ ન મળે. એવું કહ્યું એણે, પૂછ્યું. પહેલો પ્રશ્ન પૂછ્યો.

૮૭ની વાત છે. કે મહારાજ તમે કહો છો કે આત્મા આવો ને આત્મા આવો અને એનો વિશ્વાસ થઇ શકે એવું લાગતું નથી. તમે કહો છો કે વિશ્વાસ થઇ શકે છે પણ એ વાત બેસતી નથી અમને. વિશ્વાસ શી રીતે થાય ? આત્મા આમ છે ને તેમ છે, એવા વિશ્વાસવાળો માણસ તો હોઇ શકે નહિં. મેં કીધું, એમ કહ્યું નરભેરામભાઇ ! તમે આ સ્ત્રી પરણ્યા જ્યારે ત્યારે સ્ત્રીની તમને કાંઇ ખબર નહોતી. હવે આ બધા હારે લઇ જાય, પહેલા તો ક્યાં કંઇ આમ નહોતું. સગપણ એમનો બાપ કરી આવે, હવે તો ઓલું પંદર દિ' મહિનો સાથે ફેરવે, એવું બધું કરે. હવે તો આ બધા લખણ ફરી ગયા છે ને ? પણ પહેલાં તો ખબરે ન હોય, મા-બાપ કરી આવે પછી પરણે ત્યારેજ તેને મેળાપ થાય. એ સિવાય એને કાંઇ ઓળખાણેય નહોય. કોણ કીધું, નરભેરામભાઇ ! એ કન્યાની તમને કાંઇ ખબર હતી કે આ ઠગ છે કે આ શું છે ? એ પરણીને, અજાણ્યું કાંઇ ન મળે જાણેલું. પણ તમને વિશ્વાસ તમને આવતો હતો કે નહિં ? કે આ મને સુખનું કારણ છે, એમ વિશ્વાસ આવતો હતો કે નહિં ? કહે આ. આહાહા !

અજાણી બાઇ કન્યા ૧૬વરસની, ૧૮ વરસની, અજાણી કાંઇ કોઇ દિ' વાતચીતનોય પ્રસંગ બન્યો ન હોય, એને તમે પહેલે દિ' તમને વિશ્વાસ હતો કે નહિં આનો કે આ મને સુખનું કારણ છે. તમે જાણ્યું નથી ને જોયું નથી ને એ સુખનું કારણ

બન્યું ? સ્વરૂપચંદભાઇ ! બાપુ ! વિશ્વાસ થઇ શકે છે. એ અજાણી ચીજ છે એનો વિશ્વાસ થયો કે આ મને સુખરૂપ નીવડશે અને મને સુખ આપશે, તો આ તો જાણગ ચીજ આનંદનો નાથ પ્રભુ છે જાણગ ચીજ પ્રસિદ્ધ છે, એનો જેને વિશ્વાસ આવ્યો એ વિશ્વાસ ન ફરે. આહાહા ! એ વિશ્વાસ એવો હોય કે અફર વિશ્વાસ હોય. આવા અજાણ્યાનો તમને વિશ્વાસ આવે છે ? હેં ? આહા ! તો જાણીતો એવો ભગવાન આત્મા, જેને જ્ઞાનમાં જાણવામાં આવે એનો વિશ્વાસ ન થાય, એમ બને નહિં. આહાહા ! સમજાણું કાંઇ ? શું કીધું પોપટભાઇ ! આ ૮૭ની વાત છે. વિંછિયેથી ભાઇ આવ્યા હતા જ્યારે. નારણભાઇ વયા ગયાને, મગજ અસ્થિર થઇ ગયું'તું. આવ્યા નહિં પછી. ભાઇ હતા ત્યારે લાલુભાઇ હતા, બેને હતા. મંગળાબેન. પાછળથી આવ્યા હતા, પણ વાત આ થઇ હતી.

વિશ્વાસ આવો આત્મા છે ને ? ત્રિકાળી છે ને ? શુદ્ધ છે ને ? આનંદ છે ને ? આ શું પણ તમે વિશ્વાસ કરો છો ? આવા વિશ્વાસુ માણસ તો વિશ્વાસ હોઇ શકે જ નહિં. એ સ્વરૂપચંદભાઇ ! અરે ભાઇ ! પરણીને પહેલે દિવસની રાત, અજાણી બાઈ, વાતચીત કરી નથી મોઢું કદાચ કોઇ વખતે જોઇ લીધું હોય. પહેલાં તો એવું કાંઇ નહોતું ને કાંઇ બધું, પણ હવે આ બધું સમજવા જેવું થ્યું છે. એવી બાઈનો તમને વિશ્વાસ, કે આ બાઈ મને છેતરશે નહિં. માળો. આહા ! મને સુખના કારણમાં આ નિમિત્ત થશે. નિમિત્ત એની તો ખબરેય ક્યાંથી હોય. એ સુખનું આ કારણ છે. વગર જોએલો, વગર એનો અનુભવ કરેલો, એનો તમને વિશ્વાસ, અને આ પ્રભુ ચૈતનમૂર્તિ આનંદનો નાથ એને જોઇને, જાણીને એને વિશ્વાસ ન આવે, એ વાત નાસ્તિકો કહે છે. એ શેઠ ! આહા !

છોકરો ક્યાંથી આવ્યો હોય, દુશ્મન હોય ઓલા ત્રીજા ભવનો. અને માતાનાં પેટમાં આવે, ત્યાં એની માને સપના પણ એવા આવતા હોય ડહોળા ડહોળા, કે આને આમ ખાઉં. આ શ્રેણિક રાજા લ્યોને. આ શ્રેણિક રાજાને, જ્યારે કોણિક જે દિકરો હતો, એ પેટમાં આવ્યો એટલે એને કોણિકની વિચાર એની માને શ્રેણિક છે એમના પિતા એમનું કાળજું ખાઉં. આહાહા ! શાસ્ત્રમાં પાઠ છે એ બધો. આવો જે ડોહળો આવ્યો ઓલા છોકરાને વિચારથી, એ છોકરો જનમ્યો, એની માએ નાંખી દીધો ઉકરડે. કે જેના પેટમાં રહ્યો આ એના બાપના કાળજાનો ભાવ અને એવું કરેલું ખરું દંભ પછી. અભય કુમાર હતો. એક દીકરો બીજો આ શ્રેણીક રાજા નો પુત્ર બ્રાહ્મણીનો અભયકુમાર.

આ નથી તો અમારે લખતા કે અભયકુમાર ની બુધ્ધિ હોજો, આહા ! કિરણભાઇ નામામાં લખે છે નહિં ? બાહુબલીની બુદ્ધિ હજો, બુદ્ધિ નહિ (બળ હોજો) બળ

હોજો, લડવું હશે ક્યાંક એને, અને શાલિભદ્રની ઋદ્ધિ હોજો, શાલિભદ્રની ઋદ્ધિ ૯૯ પેટી ઉતરતી. (**શ્રોતા :** કુબેરનો ભંડાર હોજો) હેં? કુબેર નો ભંડાર હોજો. હેં? આવા કીધું એ અભયકુમાર બહુ હોશિયાર હતો. બહુ હોશિયાર. ઘણો. એકવાર એની મા, આ ઓરમાન મા થાય ને, એને ઉદાસમાં હતી. એને શ્રેણિકરાજા અભયકુમારે કહ્યું કેમ મા? ઓરમાન માતા, પણ એ લોકો તો બહુ પ્રેમવાળાને? માતાજી તમે ઉદાસ કેમ છો આજ? તમારા મોઢામાં કયાંય ઉત્સાહ દેખાતો નથી. આહાહા!

બેટા, મને ડહોળો આવ્યો છે કે શ્રેણિકરાજાનું કાળજુ ખાઉં. હવે એ વાત હું કોને કહું? કહે છે. આહા! એ અભયકુમારની બુદ્ધિ હોજો એમ કહે છે ને? એથી એણે બુદ્ધિ ફેરવી, ફોરવી. મા તું કરી શકીશ બહાર હોં, તમે નિશ્ચિંત રહો પછી બેસાડયા, સુવાડયા ક્યાંક આઘે એને. શું કીધું બાઇ ચેલણા, ચેલણા. સુવાડયા ને શ્રેણિક રાજાને રાખ્યા આઘે, ઊંચે અને એના છાતી ઉપર બશેર, પાંચશેર માંસ લાવીને ચોડયું. અભયકુમાર બુદ્ધિવાળો છે ને? તેથી લખોને તમે વાણિયા અભયકુમારની બુદ્ધિ હોજો. એટલે શ્રેણિકરાજાને સુવાડયા ને આંહી માંસ રાખીને બે ચાર, અને એને દેખાડયું ને છરી વડે કાપવા માંડયા. થોડું કપાય ઓલું ઉપરનું માંસ, એ જાણે કે એનું કાળજું કપાય છે એટલે એ દીધું ને ખાધું એટલે એનો ડહોળો શાંત થઇ ગયો. એવી બુદ્ધિ ફોરવી'તી એણે અભયકુમારે. અને આ શું છે આમ રાખ્યું'તું તો એની નજર ન પડે ને લાગે કે આ કાળજું કપાય છે. પોતે આમ આમ કરે છરીને કાપવા માંડે. આહાહા! શું કીધું? (**શ્રોતા :** સમ્યગ્દૃષ્ટિ જીવને માંસ ખવરાવવાનો ભાવ આવે?) એ છે, ખ્યાલ છે એ, અત્યારે એ વાત નથી. અત્યારે એ કૃત્રિમ કર્યું'તું બધું એવું, ખ્યાલ છે ને. કહેતા વખતે ખ્યાલ છે, પણ કૃત્રિમ કર્યું હતું એવું આવે છે. સમજાણું કાંઇ? એ ડહોળો મટી ગયો.

સવા નવ મહિને જન્મ થયો. અરેરે! પેટમાં હતો ને આ છોકરો, રાજાના કાળજા ખાવા! મોટો થઇને શું કરશે? નાંખી દીધો, જન્મીને તરત ઉકરડે. ઉકરડે સમજતે હૈ ને? ઢેર, કુડા કા ઢેર અને એમાં નાંખ્યા ભેગો કૂકડો આવ્યો, કૂકડો. કૂકડો, એક આ કૂકડા નહિં, મુરગા. એ એવડો છોકરો એક દિવસનું બાળક ને રાજકુમાર નાનો અને નાંખ્યા ભેગું આમ ટાંચ મારી આંહી અને પરુ નીકળે પરુ ને રાડે રાડ પાડે એ છોકરો. અને રાણી પાસે આવ્યા શ્રેણિકરાજા, કે કેમ ક્યાં ગયો પુત્ર? હેં? મેં તો આવી રીતે નાંખી દીધો છે. અરે તારું પહેલું પેટ ને આ શું તે કર્યું? કે આ સાહેબ આમ થયું હતું ને? એમ ન થાય, એમ ન થાય એમ કહીને શ્રેણિકરાજાએ એકદમ જઇ કયાં ઉકરડે નાંખ્યો છે?

ઉકરડે ગયા ત્યાં છોકરો રાડ પાડતો, રોતો'તો. એક દિ' નો હજુ તો, ઓલાએ ઉપાડી લીધો, લઈને ચુસીને પરુ કાઢીને શાંત કર્યો છોકરાને, લાવ્યા, સાચવજે બરાબર હવે રાણીને કીધુ. એ જ્યારે કોણિક એના બાપને જ્યારે રાજ કરવા માટે કેદમાં નાંખ્યા અને હોંશિયાર હશે બહુ, કેદમાં નાંખ્યા અને કેદમાં નાંખીને એ આવ્યો એની મા પાસે. માતાજી કેમ છે આજ તમને ? મા હું આજ રાજ પામ્યો, રાજમાં આંહી બેઠો છું. અરેરે ! દિકરા તે આ શું કર્યું તે ભાઈ ? તારા બાપને આ તારા ઉપર જન્મ વખતે જે પ્રેમ હતો એ પરુ લઈ ચુસીને કાઢીને આ તારો બાપ એને તું આ કરે છે ? તે કેદમાં નાંખીને ? શ્રેણિકરાજા તો સમકિતી હતા.

શ્રેણિકરાજા તો ક્ષાયિક સમકિતી. ક્ષાયિક સમકિતી તીર્થંકર ગોત્ર બાંધતા હતા ક્ષણે ક્ષણે. એના છોકરાએ કેદમાં નાંખ્યો. (**શ્રોતા :** છોકરા બાપને કેદમાં નાંખતા હશે ?) બધાય કેદમાં જ નાંખે છે. હેરાન કરે છે હેરાન. અમારા માટે આમ કરવું પડશે, અમારા માટે આમ કરવું પડશે. ઝાઝા પૈસા ખરચવા માંડે તો બાપુજી એટલા બધા પૈસા ન ખરચાય, અમે છીએ પાછળ. લાખ બે લાખ નોંધાવે તો નહિં, પણ કદાચ એણે નોંધાવ્યા હોય, પચાસલાખની મુડી હોય તો પાંચ-દસ લાખ નોંધાવે ક્યાંક, એવે ઠેકાણે. પાપ કર્યા. છોકરા પાસે જાય. શું કર્યું બાપુજી આ ? અમે છીએ કે નહિં પાછળ, ચાર છોકરા છીએ, છોકરાના છોકરા સોળ જણા છીએ, એમ ન અપાય. હું પણ કહી આવ્યો છું ને ? કહી આવ્યો છું નહિં, ના પાડી દો. દસલાખ નહિં અપાય, પાંચ પચ્ચીસ હજાર જોઈએ તો અપાય.

એવું કરે એ કેદમાં નાંખ્યા એને ને, હાય હાય હવે શું કરવું કે ઓલા પાસે ? ઝાઝા માણસમાં કીધું હોય અને ઓલા બાપને છોકરા ના પાડે અંદરથી. એ બીજી રીતે પણ એવા ઠગ બધા થાય છે અંદર. બધા ઠગ જ છે હોં ઈ. (ધૂતારાની ટોળી) ધૂતારાની ટોળી. એ આજીવિકા માટે ધૂતારાની ટોળી બધી ભેગી થઈ છે. એ અહીં કહે છે કે અજ્ઞાનીને એ ધૂતારાની ટોળી પ્રત્યે પ્રેમ વર્તે છે. એની હારે વાતચીતના ભાવમાં પણ અભિપ્રાયમાં આ સુખરૂપ છે એવી રીતે એ વાત કરી રહ્યો છે, કહે છે. આહાહા ! આચાર્યે ક્યાં નાંખ્યું જુઓને. સમજાણું કાંઈ ? એ અવંચક (નહિં ઠગનારું) એમ માને છે. આહાહા ! નહોતું કહ્યું એક રાજનું, રાજની રાણી હતી.

રાજા મોટો, કરોડનો તાલુકો ત્યારે ઉપજ. રાણીને ખબર પડી કે કંઈક ફેર પડયો રાજા સાથે અને રાણીનું કાંઈક બોલવા લાગ્યા રાજા. જુઓ, મહારાજા જુઓ

આપણે બે જણા છીએ. ખાનગી કહું છું કે અમે ગરાસણી છીએ. ગરાસની દીકરીઉં છીએ, નાગણીયું છીએ, અમને શું કહેવાય ? છંછેડશો નહિં. એ સ્વરૂપચંદભાઇ ! અમને છંછેડશો નહિં કે વાણિયા વેવલા નથી અમે આંહી. વાણિયું વેવલીયું જેવી કાચી અહીં નથી અમે ? ગરાસણીયું છીએ ગરાસની દીકરીયું છીએ અમે. અને જો અમને કાંઇ કહેવા માંગશો તો વિચારવું પડશે તમારે. હાય ! હાય ! બહારમાં બહુમાન દેખાય, રાજા મહારાજા જાણે અંદરમાં બાયડી આવી. એય ? જગત આવું છે. આહા !

વીસ વરસની છોડી થઇ હોય ને સગપણ સરખું ન ગોઠતું હોય એનો ધણી હળવે જઇને કહે અંદર કંઇ અક્કલ નથી તમને, આ બાવીસ વરસની મોટી જોધા જેવડી થઇ, એનો એક એક દિ' આકરો જાય છે. તમને અક્કલ નથી કાંઇ ? હેં ? (સાચી વાત) હા. આહાહા ! ભાઇ હવે ગોતશું ભાઇ, એમ કરીને હળવે હળવે કહેવું પડે. આહાહા ! કહે છે કે જગત ઠગ્યું છે એને, જગતના પ્રાણી એનો વિશ્વાસ અજ્ઞાની કરી ઠગાયો છે, ઠગાયો છે એ. આહા ! ભાષા પ્રેમથી વાતો કરે જાણે આમ આમને આમ. આહાહા ! એ કહે છે. જુઓ, એની હારે અવંચક રમ્ય એટલે રમણીય જ પ્રતિભાસે છે, આહાહા ! હજી વિસ્તાર કરશે પછી હોં. સ્વાત્મામાં જ એટલે સ્વસ્વરૂપમાં આત્મદ્રષ્ટિવાળા પણ જેને ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ છે. આહાહા !

મારા સુખનું સ્થાન આનંદનું ધામ તો હું છું. આહાહા ! એવી જેને સમ્યગ્દષ્ટિ પ્રગટી છે આહાહા ! મારા ક્ષણે ક્ષણે પરિણમનમાં આનંદનો પ્રવાહ વહે, પોતે હું છું. આહાહા ! મારી શાંતિ અને મારા આનંદને માટે મારા સુખને માટે મારી સ્વચ્છતા સ્વચ્છતા નિર્મળતા જળવાય, એવું સાધન તો હું આત્મા છું. એવી જેને સમ્યગ્દષ્ટિ થઇ છે, આહાહા ! એવું જેને અંતરાત્માપણું, અંતરાત્મપણું પ્રગટ્યું છે, બહિરાત્મપણું બહિમાં સુખબુદ્ધિ જેને ઉડી ગઇ છે, આહાહા ! સમજાણું કાંઇ ? સમ્યગ્દષ્ટિ જીવ એને કહીએ, આહાહા ! જેણે સ્વઆત્મામાં સ્વસ્વરૂપમાં સ્વઆત્મા. સ્વસ્વરૂપ આનંદનું સ્વરૂપ છે જ્ઞાનનું સ્વરૂપ છે, શાંતિનું સ્વરૂપ છે, પ્રભુતાની એની એક શક્તિઓનો એ સાગર છે, આહાહા ! એવી જેને સમ્યગ્દષ્ટિ, સાચી દ્રદિષ્ટ સત્‌ને સત તરીકે સ્વીકારીને. આહાહા !

મારામાં સુખ અને આનંદ અને શાંતિ એવું સત્ સ્વરૂપ જ હું છું, એવો જેને અંતરદ્રષ્ટિમાં સમ્યગ્દષ્ટિને જ્યાં સ્વીકાર થયો છે, એ આત્મદ્રષ્ટિવાળા અંતર આત્માઓને વિશ્વાસ ક્યાં ને રતિ ક્યાં ? આહાહા ! એને ક્યાંય બહારમાં વિશ્વાસ અને રતિ ઉપજતી નથી. એ સ્ત્રી, કુટુંબ, પરિવારમાં ક્યાંય વિશ્વાસ નથી. કોણ છે ? અરે

દુનિયા ક્યાં અટકી પડી છે ? ધર્મીજીવ સુખબુદ્ધિ જેની આત્મામાં થઇ છે, કેમકે એમાં સુખ છે. આહાહા ! જેને આત્મામાં અતીન્દ્રિય આનંદ છે, એવી જેને બુદ્ધિ થઇ છે, એ સત્‌બુદ્ધિવાળો અંતરાત્મા અંતર છે તેવો આત્મા, એની પ્રતીતમાં આવ્યો છે. આહાહા ! સમજાણું કાંઇ ? કહે છે, એને વિશ્વાસ, પુત્ર, સ્ત્રી આદિમાં ક્યાંય પણ વિશ્વાસ, આહાહા ! વિશ્વાસનું સ્થાન તો પ્રભુ પોતે છે, એમ ભાસ્યું છે. હેં ? જુઓને પ્રભુ, ભાષા કેવી કરી આચાર્યોએ. આહાહા !

દિગંબર આચાર્યોએ કરુણા કરીને, જગતને એની ભૂલની ભ્રમણાઓ કેવી છે, એને એ બતાવે છે. આહાહા ! ભાઇ ! તું ભગવાનને ભૂલી ગયો છો. તારો મહિમાવંત પ્રભુ અંદર બિરાજે છે. અતીન્દ્રિય આનંદનું ધામ, એને મૂકીને તું ક્યાં વઇ ગયો બીજે ? ભાઇ ! આહાહા ! શેનો તને ત્યાં વિશ્વાસ આવ્યો ? જ્ઞાનીને કોઇ રતિને વિશ્વાસ આવતો નથી. આહાહા ! ધર્મીજીવને પોતાના આત્માના સિવાય પરમાં વિશ્વાસ આવતો નથી અને પરમાં રતિપણું માનતો નથી. બે વાત લીધી. ઓહોહો ! છે ? તેમને પુત્ર સ્ત્રી આદિમાં ક્યાંય પણ વિશ્વાસ કે રતિ ? બે બોલ હોં. આહાહા ! અમને આ સ્ત્રી ચક્રવર્તીની રાણી હોય, એક હજાર દેવ સેવા કરે જેની, એના ઉપર પણ એને વિશ્વાસ નથી. ન્યાં સુખ ક્યાં છે ? આહાહા ! અને એના ઉપર એને રતિનો પ્રેમ નથી. આહાહા ! જુઓ આ ધર્મદ્રષ્ટિ. આંહી તો કાંઇ ભાન ન મળે ને અમે ધર્મી છીએ. અરે ભાઇ ! ધર્મીની દ્રષ્ટિ અને ધર્મીના મુખ કાંઇ જુદી જાતના હોય છે. આહા !

જેને ચૈતન્યમૂર્તિ ભગવાન, અતીન્દ્રિય આનંદનો સાગર જ્યાં પડયો છે, એવો જેને વિશ્વાસ આવ્યો છે, આહાહા ! એ ભલે ગૃહસ્થાશ્રમમાં છ ખંડના રાજ્યમાં દેખાય, પણ એને ક્યાંય પરપદાર્થમાં આ ઠીક છે, એવો વિશ્વાસ ઉડી ગયો છે. આ ઠીક છે, એવો વિશ્વાસ ઊડી ગયો છે. આહાહા ! સમજાણું કાંઇ ? શરીર પણ ઠીક છે, એ વિશ્વાસ ઉડી ગયો છે. માટીનો પિંડલો, જડ માટી, ધૂળ, માંસ ને હાડકાં, ક્યારે ક્ષણમાં દગો દેશે, આહાહા ! હેં ? આ જુઓને. હમણાં ન થયું ? બિચારા નટુભાઇ. આવ્યા હતા ને જામનગર નહિં ? એમના બનેવી, પાંચ સાત મિનીટમાં દેહ છૂટી ગયો.

સવારમાં ઉઠયા આઠ વાગે, બેઠા હતા અમથા, દુ:ખે છે એમ કીધું. ત્યાં તો દાક્તર આવ્યા પહેલાં તો છૂટી ગયો દેહ. હમણાં ૯૧ વર્ષની ઉંમરે. ઘણાં વર્ષથી તો નહોતા બોલાવતા જુદા રહેતા હતા. બીજા રસ્તે ચડી ગયેલ હતા તે. પણ બે ચાર વર્ષથી ભેગા રહે, ત્યાં આમ થયું. આહાહા ! વાત છે. (**શ્રોતા** : એવું છે જગતમાં) આહાહા !

આવ્યા હતા ભાઇ, નહિં ? ચુનીભાઇના દીકરાને ઇ ચુનીભાઇની દિકરી, આપણે અમૃતલાલ આંહી નહોતા ? છાપખાને. એમના ભાઇ ચુનીભાઇ, મોટા હતા. એની દીકરી. વાત જરી આમ મૂકે, એમ કીધું ત્યાં તો પાંચ-સાત મિનીટમાં. લ્યો, આ વિશ્વાસનું સ્થાન એને. હેં ? આહાહા ! હેં ? ઐસા હૈ.

અમારા આ છોકરાઓ જુઓને, ભાઇના. ભાણેજ બેઉ મરી ગયા, ત્રણ ત્રણ મહિનામાં. આહાહા ! બિચારો મનહર. સુરતમાં, મનહર છે. ફાવાભાઇનો દીકરો. હવે એક ભાણેજ મરી ગયો દીવાળીના દિવસે, ૪૨ વર્ષની ઉંમર. એ લોકો છે ઠીક, આજીવિકા છે બધા આગળ, આની પાસે ઝાઝા પૈસા. એનો મામો આ મનહર. ત્રીસ લાખ, એથી વધારે હશે. પચ્ચીસ તો મારી પાસે કબૂલ્યા હતા. એ રામજીભાઇએ કબૂલાવ્યા'તા. પચ્ચીસ ત્રીસ લાખ રૂપિયા. ત્રણ મહિનામાં બે ભાણેજ મરી ગયા. એક ૪૨ અને એક ૩૮. ઓની ઉંમર ૩૮. અરેરે ! ક્યાંનો ક્યાં, કેન્સર હશે, કોક કહે કેન્સર થયું હતું. લીવરનું કેન્સર, કોક કહે ગુદાનું કેન્સર. અરર ! આ જગતના જડ પદાર્થ, કોનો વિશ્વાસ કે ક્યારે આ છૂટશે ? અને ક્યારે રહેશે ? ક્યાં સુધી ? ધર્મીનો શરીર અને શરીરના સંબંધીઓનો વિશ્વાસ ઉડી ગયો છે. સમજાણું કાંઇ ?

એ વહાલામાં વહાલી જેને અર્ધાંગના કહે, એના ઉપર પણ ધર્મીની વિશ્વાસદષ્ટિ ઉઠી ગઇ છે. આહાહા ! જુઓ, એક આ ચીજ. કરવત ફેરવી નાંખી છે. પડખું ફરી ગયું છે. અજ્ઞાનીનું પડખું આત્માના આનંદના વિશ્વાસમાંથી છૂટી અને પરના શરીર ઉપરના પ્રેમ અને શરીરની સગવડતાના નિમિત્તો, એ સ્ત્રી, કુટુંબ, પરિવાર, દિકરા, બાયડી બધા એ શરીરના રમાડનારા બધા, એનો પ્રેમ અજ્ઞાનીને થંભી ગયો છે, ત્યાં પ્રેમ. આહાહા ! જ્ઞાનીનો પ્રેમ ત્યાંથી ઉડી ગયો છે. આહાહા ! છ ખંડના રાજમાં દેખાય સમકિતી, ૯૬હજાર સ્ત્રીના વૃંદમાં દેખાય, ક્યાંય સુખ બુદ્ધિ નથી. બધેથી સુખબુદ્ધિ ઉડી ગઇ છે આહા ! તો કહે કે સુખબુદ્ધિ ઉડી ગઇ હોય તો શું થ્યું ? છોડીને બાવો ન થાય ? એ શેઠ !

(**શ્રોતા** : એ પર પદાર્થને કોણ છોડે ?) કોણ છોડે બાપુ ? એ બાવો છે, હું આ નહિં, આ નહિં. મને એનાથી સુખ નહિં, એ મારા નહિં, હું એમાં નહિં, મારી કોઇ પણ પ્રીતિની ચીજ એ નહિં. (**શ્રોતા** : માનતામાં સુખ નથી) માનતામાં સુખ નથી. વાત એ. આહાહા ! બહુ બાપુ આ તો. અહીં તો ધર્મની વાત છે. હેં ? આહાહા ! આ કંઇ બહારના ખાવાપીવાના મઝા પડે અને ઠીક પડે ને આવો જે વિશ્વાસ મારી નાંખે છે એને. એના ચૈતન્યના જીવનના જોખમે જગતમાં સુખ માનીને મરી ગયો છે એ. આહાહા ! મારો

આનંદ અને મારું સુખ, એ હું પોતે સુખરૂપ અને આનંદરૂપ છું, ત્યાં એ આનંદના ઝરણાં ઝરે એવો જેને આત્માનો વિશ્વાસ આવ્યો છે, આહાહા! એને જગતની કોઇ ચીજ પ્રત્યે પ્રેમ આવતો નથી, કહે છે. આહાહા! ક્યાંય એનો વિશ્વાસ હોતો નથી અને ક્યાંય એને રતિ મળતી નથી. આહા! ભારે સુખ ભાસતુ, રતિ ભાસતી નથી. ભારે વાત ભાઇ આ. સમાધિશતકની, સમાધિતંત્ર છે આ.

**ભાવાર્થ** : જેને દેહમાં આત્મબુદ્ધિ છે, તેને સ્ત્રી, પુત્ર, મિત્ર આદિ જગત જ વિશ્વાસરૂપ, એ પોતા સિવાયના પર પદાર્થ જ એને વિશ્વાસ યોગ્ય થાય છે. સમજાણું કાંઇ? આહા! એ સ્થાન એ ક્ષેત્ર એ ભાવ એ વસ્તુનો વિશ્વાસ વિશ્વાસ જાણે આમાં કાંઇક ઠરશું. અજ્ઞાનીને બધો વિશ્વાસ ત્યાં થઇ ગયો છે. આહાહા! જગત આખું જેને વિશ્વાસ ને યોગ્ય થઇ ગયું છે, એક વિશ્વાસને યોગ્ય આત્મા રહ્યો નથી એને, આમ કહે છે. આહા! પુણ્યના ભાવમાં એને વિશ્વાસ, કે આ ટકશે બધું કે આપણે જીવશું ત્યાં સુધી આ બધું ટકશે, આબાદી રહેશે, જુઓને એનો વિશ્વાસ. આહાહા! હેં?

આ બિહારમાં જ્યારે ધરતીકંપ થયોને? બિહારમાં. એક ગૃહસ્થ કરોડપતિ. ઘોડાગાડીમાં બેસીને ફરવા ગયો. આઠેક હજારની ઘડિયાળ તે દિ' હશે એની પાસે. ફરવા જઇને જ્યાં આવે છે ત્યાં કુટુંબ ને કરોડનું આખું મકાન હેઠે. બાવો. આહાહા! બાપા શેના વિશ્વાસ. ભાઇ! મજબૂત મકાન કરાવ્યા છે, એનો એને વિશ્વાસ. શું કહેવાય? સિમેંટથી, સિમેંટ, સિમેંટ, હેં? એના પાયામાં સિમેંટ, ઉપર સિમેંટ, વિશ્વાસ. વિશ્વાસ. એ ધરતીકંપનો એક આંચકો આવે, (**શ્રોતા** : ધરતીકંપ ચાલે છે ને) ચાલે છે ને અત્યારે. ક્યાંક આવ્યું હતું ને. હેં? (**શ્રોતા** : હિમાલયમાં) થાય, થાય એવું થવાને કાળે થાય. એ વસ્તુ અનિત્ય છે, એમાં એને ટકાવવા માંગે એ તો ભ્રમણા, એની ભ્રમણા છે.

જે વસ્તુ અનિત્ય છે, ભગવાન નિત્યાનંદનો નાથ, એવું નિત્યપણું ભાસ્યું નહિં એટલે જગતને નિત્ય કરવા માંગે છે. એને કાયમ રાખવા અને કાયમ સ્થિતિમાં એને રહેવા માંગે છે. આહાહા! ઓહોહો! કહે છે, તેની વાણીકાયનો વ્યાપાર કરવાનો વિકલ્પ કરે છે. જોયું? જગત જ વિશ્વાસ રમ્ય લાગે છે, તેથી તે તેમની સાથે વાણી અને કાયનો વહેવાર. આહાહા! દેહની અનુકૂળતાની ચેષ્ટા પણ વિશ્વાસ જગત હારે કરે છે એ, અને એની જગતની ચેષ્ટાઓ એને વહાલી લાગે છે. ભારે વાત ભાઇ! વાણીના વેપારમાં પણ એને પરમાં મીઠાશ મીઠાશ મીઠાશ લાગે છે અને એની સ્ત્રી ને દીકરાની વાણી પણ એને મીઠી લાગે છે, આમાં કહે છે. ભારે વાતું ભાઇ!

આવું તો બાવો થાય તો થાય, એમ કોઈ કહેતું હતું. (**શ્રોતા** : બાવો જ છે ને ? એકલો છે. કે દિ' બેકલો હતો.) ભાઈ ! આપણે નથી ? અમૃતલાલ (**શ્રોતા** : અમૃતલાલ, ઝરીયામાં) હેં ? ઝરીયામાં છે ને ? એ તો કહે, તમે કહો બાવો, પણ બાવો જ છે. ક્યાં હતું તારામાં કાંઈ ? સાંભળને ? (**શ્રોતા** : એવું ક્યાં પણ એને કાંઈ થાય છે) રજકણ અને જગતની ચીજોનો તારી ચીજમાં ત્રણે કાળે અભાવ, ત્રણથી તો બાવો જ છે પરથી, માન્યું છે કે હું આનો છું, (**શ્રોતા** : પરથી તો છું જ નહિં) એ તો તારી ભ્રમણા છે. શાંતિભાઈ ! (**શ્રોતા** : વૈરાગ્ય આવી જાય એવું છે) પણ આમ ત્રણ છોકરા ને ભર્યા હાથનું કામ હાલે, પૈસા પેદા થાય, પચાસહજાર, લાખ, બે લાખ, અને પંકજ જેવો છોકરો હોય તો ? (**શ્રોતા**: વિશ્વાસ કરવા યોગ્ય કે નહિં ?) આહાહા !

ભાઈ ! આચાર્યે એવી શૈલી લીધી છે કે વિશ્વાસ જેને કરવો જોઈએ આત્માનો, એ વિશ્વાસ પ્રતીતિ ઉપરની વાત લીધી છે. હેં ? આહાહા ! પ્રભુ આનંદને જ્ઞાનનો સ્વભાવથી ભરેલો પ્રભુ ! જેમાંથી જ્ઞાન અને આનંદના ઝરણાં ઝરે, એનો વિશ્વાસ ન કરતાં પ્રભુ જે નાશવાન ચીજો, સંયોગે આવી અને વિયોગે દગો દેશે તને, ક્ષણમાં દગો દેશે. આહાહા ! એનો તને વિશ્વાસ અને એમાં તને રતિ અને એ સ્ત્રી અને દિકરા દિકરીઓ હારે વાણીના વેપારમાં તને મીઠાશ લાગે છે, રતિ ઉપજે છે, કાયાના વેપારે તને રતિ દેખાય છે. આહાહા ! આચાર્યે અંતરનાં ઘાની વાતું કરી છે. હેં ? આહા ! આ કહેને અમે ધર્મી છીએ, બાપા ! ધર્મી તો બહુ જુદી ચીજ છે. સમજાણું કાંઈ ?

જ્ઞાનીને, છે ઓલા ? વાણી કાયનો વેપાર કરવાનો વિકલ્પ કરે છે. હોં ? આ સ્ત્રી હશે બીજાની સ્ત્રીઓ પણ મારી સ્ત્રી તો જુદી છે. આહાહા ! ગાંડાના ગામ જુદા હોય છે કાંઈ ? એ શાંતિભાઈ ! આ તો બધું સંસારનું પોગળ દેખાય છે. (**શ્રોતા** : સંસારનું સ્વરૂપ દેખાડયું છે) આહાહા ! એ સ્ત્રીને પુત્રને એની હારે એમાં દીકરાની વહુ વળી હુશિયાર ક્યાંકથી આફ્રિકાની ભણીને આવી હોય, એની સાથે ઉઘાડે મોઢે અત્યારે તો વાતો કરે સસરો અને વહુ ને અત્યારે તો, આહાહા ! પ્રેમાળથી વાત કરતાં હોય. જાણે આમ એય ! ભલે બીજો રાગ નહિં, પણ આ મારા દીકરાની વહુ આ, આવી હુશિયાર દીકરો તો ભાગ્યશાળી છે. આવો વિશ્વાસ અજ્ઞાનીને પરનો આવે, આહાહા ! અને એમાં એને રતિ ઉપજે. આહા !

આ બધા પરને પોતાના માનવાના આ લખણ છે, કહે છે. આહાહા ! ભારે ભાઈ ! આચાર્યોને સંસારનું પોગળ ઉઘાડવું છે બધું. (**શ્રોતા** : પોગળ ઉઘાડવા જેવું

જ છે) જ્ઞાની ધર્મી જીવને આહાહા ! સ્ત્રી પુત્ર આદિ બાહ્ય પદાર્થોમાં આત્મબુદ્ધિ નથી, એ હું નથી, એ મારામાં નથી, એ મને સુખના કારણો નથી. આહાહા ! ઓહોહો ! વહાલામાં વહાલી સ્ત્રી, સુંદર સ્ત્રી, રૂપાળી સ્ત્રી, કોમળ શરીર. કહે છે કે એ મને વહાલપ કરવા જેવી મારી ચીજ નથી. ધર્મીને એનામાં સુખ બુદ્ધિ ઉડી ગઇ છે. આહાહા ! સત્ય છે તેવું સત્યનું જ્ઞાન થતાં, અસત્યનો ભાવ જે હતો આ મારા ને પ્રેમ એ ઉડી ગયો છે, કહે છે. આહાહા ! તેમાં તેને વાસ્તવિક સુખ ભાસતું નથી. આહાહા ! અને તે વિશ્વાસ યોગ્ય અને રમણીય લાગતાં નથી. બે વાત લીધી છે ને ? **क्व** વિશ્વાસ, **क्व** વા રતિ ? બે વાત છે. આહાહા !

ધર્મીને આત્માના આનંદ સિવાય કોઇ ચીજમાં તેને વિશ્વાસ અને રતિપણું ઉડી ગયું છે. સમજાણું કાંઇ ? આહાહા ! આ તો છોકરા સારા, રખાઉ થાય અને બાપુજી, બાપુજી કરીને આવે તો ઓલો થઇ ગયો, હું પહોળો ને શેરી સાંકડી થઇ જાય. આહાહા ! વહુ પરણીને આવે અને સાસુને પગે લાગે હેઠે. આમ સો વરસની થાજો અને શું કંઇ કહે છે, કાંઇ ખરું કહે છે ? (સાત દિકરાની) સો દીકરાની મા થાજો ને એમ કહે છે. વાતું એવી કરે છે, આપણે ક્યાં ? આહાહા ! એટલે ત્યાં સુધી તું દુ:ખી થાજે, ઘડપણ કરજે અને મરી જજે પછી. આહાહા ! ઓલી રાજી રાજી વહુ એ થાય અને પગ આમ દાબે ને હેઠે. આહાહા !

આ જગતની દુ:ખની જંજાળ ! આહાહા ! શું કહેવાય ઓલું ? આ ઠગ ઠગ કરે છે ને ? શું કહેવાય આ ? હેં ? (**શ્રોતા** : ઇન્દ્રજાળ) ઇન્દ્રજાળ, ઇન્દ્રજાળ, ઇન્દ્રજાળ નહિં પણ આ નથી બતાવતા ? આ ઓલો કાંતિભાઇ (**શ્રોતા** : માયાજાળ) માયાજાળ. કાંતિ નથી બતાવતો ? કાંતિ હેં ? (**શ્રોતા** : કે.લાલ, કે.લાલ) કે.લાલ, કે.લાલ છે ને ભાઇ ? આવ્યો હતો, મારી પાસે આવ્યો હતો, અહીં આવ્યો હતો, ન્યાંય રાજકોટ આવ્યો હતો, પાંચ પાંચ હજાર રૂપિયા એક રાતના લે. હશે ત્યાં ઘણા દિ' ત્યાં આવ્યો હતો. કહે કે મહારાજ, અમે તો આ બધું ઠગ છીએ. કહે કે આ શું કીધું એણે.

(**શ્રોતા** : ધતિંગ, ધતિંગ) હા ધતિંગ, ધતિંગ છે. આ બધું ધતિંગ છે. એવું બતાવે માળા પણ હોં. આમ બાઇને કાપી નાંખે. લાકડામાં દેખાય એવું. ત્યાં બોલાવે આવ. ત્યાં લોકો તો. આહાહા ! બધી માયાજાળ. વચનની અને હાથની ચતુરાઇ. એ પોતે બિચારો કહે કે ઠગ છીએ અમે, ધૂતારા છીએ, ધૂતારા. આહાહા ! મેં કીધું અરે મરી જશો હવે આમને આમ કરીને. બે લાખ, પાંચ-દસ લાખ થયા હશે પછી બબે લાખ પેદા કરે છે. મરી જશો કીધું આમાં. આત્મસિદ્ધિ આપી'તી પછી. નરમ માણસ. આ વાંચો, વાંચો. કાંઇક સમજો બાપા ! આ મરી જાય, લાખ રૂપિયા પેદા થશે. પાંચ પાંચ હજાર એ ફેરી તો

કેટલા કાંઇ લીધા હતા.

ચાર પાંચ લાખ ત્રણ કલાકમાં, પાંચ લાખ લીધા. એવું કંઇક બતાવે છે ને ? શું કહેવાય ? (**શ્રોતા :** ટેલીવીઝન) ટેલીવીઝન આખા જાપાનને બધાને બતાવ્યું હતું. ત્રણ કલાકમાં હોં ! પાંચ લાખ કે એમ કંઇક લીધા હતા. ધૂળે નથી ઇન્દ્રજાળ તારા છે બધા. પૂર્વના પુણ્યને લઇને આ બધા દેખાય. પૂરું થઇ જશે જે દિ' પુણ્ય જાશે તે દિ'. આહાહા ! ધૂળમાંય નથી કાંઇ.આહાહા ! જાદુગર, જાદુગર. એ જાદુગરી કરે છે. એમ આ બધી જાદુગીરી છે સંસારની. આહા ! જ્ઞાની ને વિશ્વાસ યોગ્ય અને રમણીય લાગતા નથી તેથી તેને તેમની સાથે વચન વહેવાર. જગત અને એની સ્ત્રી ને કુટુંબની સાથે વચનનો વહેવાર બોલે છતાં તેમાં એવો પ્રેમ નથી કહે છે. આહાહા !

દુશ્મનોની સાથે જેમ વાત કરતો હોય એમ એને લાગે છે. આહાહા ! (**શ્રોતા :** એમાં વાંધો પડે છે) હેં ? (**શ્રોતા :** એમાં વાંધો પડે છે ?) વાંધાજ છે સદાય, આહાહા ! વાંધાવાળું ઘર આખું છે આ સંસાર. આહાહા ! બાપુ તું ક્યાં હતો, ઓલું નહોતું ? આ જૈન સિદ્ધાંત પ્રવેશિકાના કરનારા (**શ્રોતા :** ગોપાળદાસ બરૈયા) ગોપાળદાસ બરૈયા, પંડિત માણસ. જૈન સિદ્ધાંત પ્રવેશિકા બનાવી છે તે. બાયડી એવી કભાર્યા. એ આ વાતું કરવા બેઠા હશે પંડિતને બધા ભેગા થઇને એમાં આવી, પહેલા તો કીધું કે શું આ કરી બેઠા છો, નહિં કાંઇ લાવવું ને નહિં કાંઇ કરવું. આમ ખૂબ બોલી બોલીને અંદર જઇને એઠવાડનું હતું ને ? એઠવાડનું શું કહેવાય એ ? તમારા નામેય ભૂલી જવાય, હાંડલું હાંડલું એઠવાડનું ભર્યું'તું તે પંડિત ઉપર નાંખ્યું, પંડિત કહે ભાઇ જુઓ ગાજે એ વરસે, હમણાં ગાજી ગઇ હતી ને તે વરસી. હેં ?

બિચારા પંડિત નરમ માણસ હતા અને જાણે કે સંસાર તો એવો છે, એને જૈન સિદ્ધાંત પ્રવેશિકા બનાવી છે ને ? આહા ! બીજા પંડિતો બેઠા હતા કે આ શું ? એ સંસાર, એ જગતમાં ગાજી હતી ને હમણાં એ, ગાજ્યા પછી વરસે. એઠવાડ નાંખ્યા માથે, હવે આપણને ધોઇ નાંખશે. આહાહા ! આ સંસાર. બધો એવોજ છે હોં. ખાનગીમાં એને લાગતું હોય કે અમારે ઘેરે સારી છે, એ બધી નાગણીયું છે. એ શાંતિભાઇ ! આવો સંસાર ? આહાહા ! વિશ્વાસ અને રમણીય લાંછન તેમની સાથે વચન વહેવાર અને શરીર વહેવારનો અભિપ્રાયમાં ત્યાગ વર્તે છે. આહા ! અભિપ્રાયમાં શરીર અને વાણી પણ મારી નહિં અને હું એની સાથે વાત જ કરતો નથી, હું તો જાણનાર છું. એમ શરીરની ક્રિયા થતા વખતે પણ મને તેમાં સુખ નથી અને હું એમાં જાતો નથી. હું તો એ ક્રિયા થાય તેનો જાણનાર

દેખનાર છું. આહાહા ! ભારે વાતું ભાઈ ! આવો ધર્મ ? ભાઈ ! સત્ દૃષ્ટિ અને અસત્ દૃષ્ટિમાં ઉગમણો આથમણો ફેર છે. સમજાણું કાંઈ ? એથી એમ નહિં કે લ્યો આ અમે ધર્મ કરીએ માટે સમકિતી છીએ. બાપુ ! એ વાતું ઊંડિયું છે. સમજાણું કાંઈ ? આહાહા !

તેમની સાથે અભિપ્રાયમાં ત્યાગ વર્તે છે, અભિપ્રાયમાં ત્યાગ વર્તે છે, શેઠ ! એ મારા નથી, મને તેમાં સુખ બુદ્ધિ નથી, મને તેમાં સુખબુદ્ધિએ તેનો પ્રેમ નથી. આહાહા ! આવા ધર્મીની દૃષ્ટિ સત્ ઉપર હોય છે તેથી પરના જગતનો એને વિશ્વાસ ઉડી ગયો છે, આખા જગત ઉપરથી તેને રતિ ઉડી ગઈ છે. આહા ! સમજાણું કાંઈ ? આત્મા જ તેને વિશ્વાસ કરવા યોગ્ય, એક ધર્મી જીવને તો આત્મા જ વિશ્વાસ કરવા યોગ્ય છે, રાગનોય વિશ્વાસ કરવા યોગ્ય નથી. આહાહા ! એ કર્મના નિમિત્તના સંગે ક્યારે શું રાગ થાય ? કયો થાય ? વિશ્વાસ નથી એને, વિશ્વાસ ભગવાન આત્માનો છે. ભારે આવી વાતું ! એ દિગંબર સંતોએ જગતની જંજાળને ઉકેલીને ખુલ્લા મૂકી દીધી છે. આવો જગતનો બધો જંજાળ છે ભાઈ. અને તેમાં વાસ્તવિક સુખ ભાસે છે અજ્ઞાનીને, તેથી તે જગતના પદાર્થ સુખ હોવાનો વિશ્વાસ કેમ કરે ? શું કહે છે ? કે આત્મામાં જ સુખ ભાસે છે એમ કહે છે ધર્મીને તેથી તે જગતના પદાર્થમાં સુખ હોવાનો વિશ્વાસ કેમ કરે ? ન જ કરે.

અજ્ઞાની બાહ્ય પદાર્થોના સંયોગમાં સુખ માની તેનો વિશ્વાસ કરે છે, જરી સ્પષ્ટ કરે છે. અજ્ઞાની બાહ્ય પદાર્થોના સંબંધમાં સુખ માની વિશ્વાસ કરે છે, પણ તે સંયોગોને પલટતાં તથા તેનો વિયોગ થતાં કલ્પેલા સુખનો અંત આવી જાય છે. આહા ! હાય ધણી મરી જાય ને જ્યારે નાની ઉંમરમાં તો એ બાઈઓ રોવે, ઉંડે કુવે ઉતારી તમે દોરડા કાપ્યા, શું કંઈ તમારી ભાષા (વરતવા ગ્યા) વરતવા ગ્યા આ બધું સાંભળેલું હો. અમારે મોટાભાઈ હતા ને એ નાની ઉંમરમાં ગુજરી ગએલા, ૪૮. ૫૭ની સાલમાં. નવ વરસના લગ્ન. બૈરી ને છોકરો એક જ છે એક વરસનો, આ મરવા વખતે. મારી ઉંમર તો તે વખતે અગિયાર વરસની. એ ઓલી બાઈ રોતી હતી, મોટાભાઈની વહુ. અરે ઉંડે ઉતારી ને વર્ત્યું કાપી, બધી કલ્પના બધી ભ્રમણાઓ. આહાહા ! કહે છે કે અજ્ઞાનીઓને બહારમાં વિશ્વાસ છે, જ્ઞાનીને બહારમાં વિશ્વાસ છે નહિં.

વિશેષ કહેશે.......

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન – ૬૨

## શ્લોક – ૪૯ અને ૫૦

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૧૦.૦૨.૭૫**

ननु पुत्रकलत्रादिना सह वाक्कायव्यवहारे तु सुखोत्पत्तिः प्रतीयते कथं तत्त्यागो युक्त इत्याह -

**जगद्देहात्मद्रष्टिनां विश्वास्यं रम्यमेव च।**
**स्वात्मन्येवात्मद्दष्टिनां क्व विश्वासः क्व वा रतिः।। ४९।।**

દેહાતમધી જગતમાં કરે રતિ વિશ્વાસ;
નિજમાં આતમદ્રષ્ટિને ક્યમ રતિ? ક્યમ વિશ્વાસ? ।। ૪૯ ।।

नन्वेवमाहारादावप्यन्तरात्मनः कथं प्रवृत्तिः स्यादित्याह -

**आत्मज्ञानात्परं कार्यं न बुद्धौ धारयेच्चिरम् ।**
**कुर्यादर्थवशात्किंचिद्वाक्कायाभ्यामतत्परः।।५०।।**

આત્મજ્ઞાન વણ કાર્ય કંઈ મનમાં ચિર નહિ હોય;
કારણવશ કંઈ પણ કરે ત્યાં બુધ[1] તત્પર નો'ય ।। ૫૦ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।

૧. બુધ-જ્ઞાની

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।**
**મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।**
**નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।**
**ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।**
**ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....**

સમાધિતંત્ર છે શ્લોક ૪૯ એમાં

## વિશેષ

અજ્ઞાની, આત્મા આનંદ સ્વરૂપ છે, અતીન્દ્રિય જ્ઞાન અને આનંદની મૂર્તિ આત્મા છે. એવો જેને અનુભવ નથી, એ અજ્ઞાની આત્મા બાહ્ય પદાર્થોના સંયોગમાં સુખ માને, કેમકે આત્મા જે શાંત અને અનાકુળ આનંદ સ્વરૂપ છે, એનું સમ્યગ્દર્શનમાં ભાન થવું જોઈએ, એ એને થયું નથી. સમજાય છે કાંઈ ? સમ્યગ્દર્શનમાં આત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન સ્વરૂપ છે એવું જ્ઞાનીને ધર્મીને અતીન્દ્રિય આનંદ મારામાં છે એવું એને વેદન થયું છે. એથી એને આત્મા સિવાય કોઈ પુણ્ય અને પાપના ભાવ કે બાહ્ય આખું જગત, એમાં ક્યાંય એને સુખ ભાસતું નથી. આહાહા ! આવી વાત છે.

અજ્ઞાનીને આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પૂર્ણાનંદ સ્વરૂપ છે, એવો અનુભવ નથી. એથી અજ્ઞાની બાહ્ય પદાર્થમાં સંયોગનું સુખ માને, એટલે કે બાહ્ય પદાર્થને ઠીક માને. આહાહા ! શરીર વાણી મન પુણ્ય પાપના ભાવ એ બધાને અજ્ઞાની ઠીક માને. ઠીક માને એનો અર્થ કે એમાં સુખ માને, એમાં ઠીક માને છે એનો અર્થ કે એમાં સુખ માને છે. ઝીણી વાત ભાઈ ! સમજાણું કાંઈ ? એ સુખ તેનો વિશ્વાસ કરે છે. અજ્ઞાનીને અનાદિથી એ દયા દાન વ્રત ભક્તિના ભાવ કે હિંસા જૂઠું ચોરી વિષયનાં ભાવ બેય વિકારી ભાવ છે, એમાં અજ્ઞાનીને ઠીકપણું લાગે છે, એટલે કે એમાં એની સુખબુદ્ધિ છે. આહાહા ! સમજાણું કાંઈ ?

એ બાહ્યમાં જ એનો વિશ્વાસ છે. અંતરની ચીજની ખબર નથી. સમ્યગ્દર્શન વિના અંતરની ચીજનો અનુભવ હોઈ શકે નહિં. આહાહા ! અને એ સમ્યગ્દર્શન વિના આત્માનો વિશ્વાસ આનંદ છે, એવું એને પ્રતીતમાં ન આવે. એથી એ આત્મા સિવાય બીજી ચીજો, બાહ્ય ચીજો શરીર વાણી મન કે બાહ્યની અનુકૂળ સગવડતા, એમાં એ સુખ

માને. સુખ માને એટલે એ ઠીક છે એ મારું હિત છે એ મને આત્માના સુખ માટે સગવડતા બધી છે, એમ અજ્ઞાની બાહ્ય પદાર્થને માની રહ્યો છે. આહાહા ! સમજાણું કાંઈ ? મુનિવ્રત ધાર્યા અનંતવાર

મુનિવ્રતધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો ।
પણ આતમજ્ઞાન બિન સુખ લેશ ન પાયો ।।

કેમકે મુનિવ્રતના પરિણામ જે પંચમહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણ એ બધો રાગ હતો, એ તો આશ્રવ હતો, દુ:ખ હતું. આહાહા ! એમાં એણે ઠીક અને હિત માન્યું, એથી એને આત્મજ્ઞાન, જે પુણ્ય પાપના રાગ રહિત સ્વરૂપ ચિદાનંદ પ્રભુ ! એનો એણે સ્પર્શ અને વેદન ન કર્યું. એ વિના એ સુખી ન થયો. એ પંચમહાવ્રતના પરિણામ પાળતો પણ એ દુ:ખી છે, કેમકે એ રાગ છે આશ્રવ છે ને દુ:ખ છે આહા !

આ વાત જગતને. (રૂચે નહિં) કહો પોપટભાઈ ! આ પૈસામાં ને બાયડીમાં ને છોકરામાં જેમ સુખ માને છે, એમ અજ્ઞાની પુણ્ય અને પાપના ભાવમાં સુખ માને છે, કેમકે ભગવાન આત્મા આનંદનું સ્વરૂપ છે એનું તો સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ પ્રભુ આત્માનું છે, એનું એને સમ્યગ્દર્શન તો નથી, આહાહા ! એનું એને અંદર વેદન આનંદનું તો નથી, એથી એ પરમાં આનંદ માન્યા વિના રહે જ નહિં. આહાહા ! સમજાય છે કાંઈ ? એ પરમાં સુખ માની તેનો વિશ્વાસ કરે છે, પણ તે સંયોગો પલટતા વિયોગ થતાં તેનો કલ્પેલા સુખનો અંત આવે છે. આહાહા !

શરીર ઠીક હોય, નિરોગ હોય, તો હું ઠીક મને લાગે, ધરમમાં મદદ કરે. (**શ્રોતા** : એ શું મદદ કરે ? પર પદાર્થ શું મદદ કરે ?) હેં ? આહાહા ! એવી મિથ્યાદષ્ટિની અનાદિની માન્યતા છે. સમજાણું કાંઈ ? શરીર નિરોગી રહે તો આત્મસાધન કરી શકાય, એમ અજ્ઞાનીની માન્યતા શરીર ઉપર છે. આહાહા ! એનો એને વિશ્વાસ છે. એ સંયોગ ફરતાં, એનો વિયોગ થતાં, એણે કલ્પેલા સુખનો અંત આવે. અરેરે ! આમાં તો કાંઈ મળે નહિં. આહાહા ! શરીર તો રોગમાં ઘેરાય ક્ષય થાય જીર્ણતા શરીરમાં આવે, કલ્પેલું આમાં મને ઠીક હતું એ તો ઉડી ગયું વાત એની. આહા ! એ રીતે બાહ્ય સંયોગોનાં વિશ્વાસે અજ્ઞાની અનાદિથી છેતરાય છે ઠગાય છે. આહાહા ! સમજાણું કાંઈ ?

વાસ્તવમાં અનુકૂળ કે પ્રતિકૂળ લાગતા સંયોગોમાં ક્યાંય સુખ નથી. એ સુખના સાધનેય નથી, આહાહા ! છતાં તેમાં સુખ માની ઠગાઈ જાય છે. ધર્મીને, સમ્યગ્દષ્ટિને ચોથે ગુણસ્થાનસે જ્ઞાનીને પોતાનો આત્મા ઈષ્ટ વહાલો છે. આહાહા ! ધર્મી એને કહીએ,

સમકિતી એને કહીએ, આહાહા ! જેને પોતાનો આત્મા જ એ ઈષ્ટ ને વહાલો છે. (શ્રોતા: એક જ) એક જ. વિકારના પરિણામ પણ સમકિતીને તો અનિષ્ટ લાગે છે. શુભ ભાવ, શુભ ઉપયોગ એ પણ સમકિતીને તો અનિષ્ટ લાગે છે, કેમકે રાગ છે, ને એમાં આશ્રવ છે, ને એ દુ:ખ છે. આહાહા ! સમજાણું કાંઈ ? ધર્મીને આત્મા જ એક વહાલો ઈષ્ટ છે. આહાહા ! કેમકે એ અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ પ્રભુ છે. એના સિવાયના પુણ્ય અને પાપનાં ભાવ એ બધા અનિષ્ટ અને દુ:ખરૂપ લાગે છે સમકિતીને. સમજાણું કાંઈ ?

આવો મારગ છે. દુનિયા કલ્પે બાહ્યમાં, એ મારગ નથી. આહાહા ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની આજ્ઞામાં તો એમ આવ્યું. આહાહા ! જેને ભગવાન આત્મા પ્રિય આનંદનાં સ્વરૂપથી પ્રિય લાગ્યો છે, આહાહા ! એને એક આત્માનાં આનંદ પ્રત્યે જ સમકિતીને વહાલપ વર્તે છે. આહાહા ! એને પુણ્ય અને પાપમાં પણ વહાલપ નથી. હો, પણ એનો એને પ્રેમ અને એકત્વબુદ્ધિ નથી. આહાહા ! સમજાણું કાંઈ ? શરીર અનુકૂળ હો વાણી અનુકૂળ હો એ તો જડ છે માટી છે, એ અજીવ તત્ત્વ છે. એમાં ધર્મીને કેમ ક્યાંય ઠીક બુદ્ધિ હોય ? આહાહા ! સમજાણું કાંઈ ?

વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરનો કહેલો સંત માર્ગ એ જુદી જાત છે, કહે છે. આહાહા ! કહે છે તેને જગત, જગતનાં પદાર્થો સુખરૂપ લાગતા નથી. આહાહા ! સમ્યગ્દૃષ્ટિ જીવને, ચોથે ગુણસ્થાને, એને રાગનો પુણ્યનો ભાવ પણ સુખરૂપ લાગતો નથી. આહાહા ! સમજાણું કાંઈ ? પુણ્યના ફળ તરીકે જે સંયોગો આ પૈસા ધૂળ રાગ દેહપણું આદિ મળે, એમાં તો સમ્યગ્દૃષ્ટિને સુખ બુદ્ધિ હોતી જ નથી. શેઠ ! આ બંગલા મોટા ૬-૬ લાખના. ધૂળમાંય ક્યાંય ઠીક નથી. આહાહા ! એ તો બધા પૂર્વના શુભભાવ કોઈ કરેલા, એના પુણ્ય બંધન થયાં, એ પુણ્ય બંધનનાં ફળમાં એ સંયોગો આવ્યા. એ પૂર્વનો શુભભાવ એ દુ:ખરૂપ છે, આહાહા ! એના બંધ તરીકે પ્રકૃતિ પડી, એ અજીવ છે, એના ફળ તરીકે સંયોગો એ પર છે. આહાહા ! (શ્રોતા : પર જબ તક આત્મા જાણ્યો નથી તબ તક તો સુખ હે) આ સુખ માને અજ્ઞાની.

અનાદિથી મૂંઢ જીવ સાધુ થયો જૈનનો દિગંબર નગ્ન મુનિ વનવાસી અઠ્ઠાવીસ મૂળગુણ પાળનારો, તોય પણ એણે એ રાગની ક્રિયા સેવી. મહાવ્રતની ક્રિયા ઈ હિતકર છે, એમ માની છે એણે. આહાહા ! કેમકે રાગ વિનાનો ભગવાન અંદર વિકલ્પ વિનાની ચીજ એનું એને જ્ઞાન નથી. આહાહા ! આ ગાથા સમાધિશતક છે. પૂજ્યપાદસ્વામી, કે જેને આંઈ તો એ સિદ્ધાંત સિદ્ધ કરે છે કે સમાધિનો અધિકાર છે ને આ ? તો સમાધિની

વ્યાખ્યા (શ્રોતા : સમ્યગ્દર્શન) સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શનમાં સમાધિ થાય. આહાહા ! આધિ, વ્યાધિ ને ઉપાધિ ત્રણ રહિત તે સમાધિ. આહાહા ! ઉપાધિ આ સંયોગો, વ્યાધિ શરીરનો રોગ, આધિ સંકલ્પ ને વિકલ્પ, શુભ ને અશુભ રાગ. એ આધિ, વ્યાધિ, ઉપાધિ ત્રણથી રહિત આત્માનું સમ્યગ્દર્શન તે સમાધિ. આહાહા ! શેઠ ! આકરી વાતું બાપુ ! અંતરની વાતું એને, કોઈ દિ' એને સ્પર્શયો નથી અને એની દરકાર કરી નથી.

બહારમાં માનીને એમ ને એમ જિંદગીયું કાઢી. આહાહા ! અનંત અવતાર એવા તો થયા. કહે છે કે જગતનાં પદાર્થમાં ધર્મી ને વહાલપ અને સુખરૂપ લાગતાં નથી. આહાહા ! સમકિતી ચક્રવર્તી હોય, ભરત આદિ ૬(છ) ખંડનો ધણી, ૯૬હજાર સ્ત્રી એ ૬ ખંડનું રાજ ને હજારો રાણીઓ સંયોગ હોય, સુખ માટે સ્વપનેય વિશ્વાસ નથી એમાં. આહાહા ! એ ૯૬હજાર સ્ત્રી, ૯૬ કરોડ ગામ, ૯૬ કરોડ પાયદળ, ઈન્દ્રો જેના મિત્રો પણ પરમાં ક્યાંય સુખ ભાસતું નથી. આહાહા ! સમ્યગ્દષ્ટિની સ્વભાવ સુખની દૃષ્ટિ થતાં પરમાંથી સુખ બુદ્ધિ એની ઉડી જાય છે. આહાહા ! સમજાણું કાંઈ ?

એને સુખ માટે સ્વપનેય વિશ્વાસ નથી. એક સ્ત્રીને હજાર દેવ તો સેવા કરે એવી સ્ત્રી રતન એક ચક્રવર્તીને હોય, બીજી ૯૬હજાર. ક્યાંય એને આત્માના આનંદનો અનુભવ છે ને ? આહાહા ! સમ્યગ્દષ્ટિને આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ લીધો છે ને ? આહાહા ! એથી સમ્યગ્દષ્ટિને ક્યાંય પોતાની જાત સિવાય ક્યાંય ઠીક પણું-સુખપણું ભાસતું નથી. એને સમ્યગ્દષ્ટિ કહીએ. આહાહા ! આમ દેવગુરુ શાસ્ત્રને માને, નવતત્ત્વને માને માટે સમકિત એ ખોટી વાત છે, એ સમકિત છે જ નહિં. આહાહા ! સમજાણું કાંઈ ? ૬(છ) ખંડનાં રાજમાં, આહાહા ! મસાણમાં જેમ મડદું એકલું પડયું હોય ને બળતું હોય, આહાહા ! એમ સમ્યગ્દષ્ટિને ચોથા ગુણસ્થાનમાં ૬(છ) ખંડના રાજમાં બેઠો દેખાય પણ જેમ મસાણમાં મડદું જૂદી ચીજ છે, એમ ભગવાન આત્મા રાગ અને પરથી તો મરી ગયેલો હોય છે. આહાહા ! સમજાણું કાંઈ ?

જ્ઞાનાનંદ પ્રભુ ચિદાનંદ સ્વરૂપ એના ભાનની ભૂમિકામાં સમકિતીને પરમાં ક્યાંય સુખ દેખાતું નથી. કહો, આ સ્થિતિ છે. (શ્રોતા : હાજી એમજ છે) અને ક્યાંય પણ પુણ્ય ને પાપના ભાવ એમાં ઠીકપણું લાગે, તેમાં સુખબુદ્ધિ થઈ એ એ મિથ્યાત્વભાવ છે. આહાહા ! સમજાણું કાંઈ ? તેને તો પોતાના ચૈતન્ય આત્માનો જ વિશ્વાસ છે. ક્રોડ અનુકૂળ હોય, દેવ,ગુરુ, શાસ્ત્રની અનુકૂળતા હોય, તો પણ એ તો પર પદાર્થ છે અને એની માન્યતા કરવી એ પણ એક રાગ છે એ તો. આહાહા ! એ રાગમાં પણ દુ:ખ છે, એમ કહે

છે મુનિ સમકિતી. આહા ! આવે, હોય, પણ માને દુ:ખ. આહાહા ! સ્વ ચૈતન્યના પદાર્થના આશ્રય સિવાય ક્યાંય એને સુખ ભાસે નહિં. આહા ! ભલે એ સમકિતી ચોથે ગુણસ્થાને હો. સમજાય છે કાંઇ ? આહાહા !

તેત્રીસ સાગરનું આયુષ્ય સર્વાર્થ સિદ્ધના દેવને, એકાવતારી એક ભવતારી છે. અરે ! સુધર્મનો ઇન્દ્ર અત્યારે છે, એ એક ભવતારી છે. સુધર્મ ઇન્દ્ર અને એની રાણી બેય એક ભવતારી છે, એક ભવે મોક્ષ જનારા છે, છતાં કરોડો અપ્સરાઓ, અસંખ્ય દેવ, બત્રીસ લાખ વૈમાન પણ ક્યાંય અંદરમાં સુખ બુદ્ધિ ભાસતી નથી. મારો આનંદનો નાથ પ્રભુ, મારો સચ્ચિદાનંદ પ્રભુ, એમાં આનંદ છે. એ સ્વરૂપમાં આનંદ સિવાય ક્યાંય મને આનંદ ભાસતો નથી. એમ સમકિતી એવા ૬(છ) ખંડનાં રાજ્યમાં પડયો હોય, તો પણ તેને પરમાં શાંતિ દેખાતી નથી. આહાહા ! જગત ઇષ્ટ નહિં આત્માથી. છે ને શબ્દ ? એ મૂક્યું છે ને ? શ્રીમદ્ નું વાક્ય છે ને એ ?

જગત ઇષ્ટ નહિં આત્માથી, પ્રવચનસારમાં આવે છે. પ્રવચનસાર. કુંદકુંદઆચાર્ય. કે પોતાનો સ્વભાવ જે આનંદ છે તે જ એને ઇષ્ટ લાગે છે. આહાહા ! અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ જ્ઞાનીને અનિષ્ટ લાગે છે. કેમકે રાગ છે, આશ્રવ છે, આકુળતા છે, બંધનું કારણ છે. આહાહા ! આકરી વાતું ભારી ભગવાનની ! વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ, આ વસ્તુનું સ્વરૂપ છે, એમ પરમાત્મા ગણધરોને ઇન્દ્રોની વચ્ચે આ કહેતા હતા. આહાહા ! ભગવાન મહાવિદેહમાં બિરાજે છે, સીમંધર પરમાત્મા કેવળજ્ઞાની ત્રિલોકનાથ પરમેશ્વર છે, અરિહંત પદે છે. આ પૂજ્યપાદસ્વામી ત્યાં ગયા હતા દર્શન માટે, કુંદકુંદઆચાર્ય જેમ ગયા હતા, આઠ દિ' રહ્યા'તા ભગવાન પાસે એ સાંભળીને આવીને આ શાસ્ત્રો રચ્યા. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર આદિ.

આ પૂજ્યપાદસ્વામી ભગવાનનાં દર્શન માટે ગયા હતા. આહાહા ! સાક્ષાત્ જીવંત સ્વામી બિરાજે છે. જીવતા કેવળી, સિદ્ધ થઇ ગયા એ તો અશરીરી થયા. ચોવીસ તીર્થંકરો તો કાંઇ વિદ્યમાન અત્યારે તો છે નહિં, એ તો અત્યારે સિદ્ધ થઇ ગયા. એમની પાસે જઇને, આ આવીને વાત કરે છે લ્યો. ભાઇ ! વસ્તુનું સ્વરૂપ તો આવું છે. આહાહા ! જે પ્રાણી આત્માના આનંદના પડખે રસ્તે ચડયો નથી, એને રાગનું પડખું એને છૂટયું નથી. આહાહા ! પુણ્ય અને પાપના વિકલ્પો, એનું એ પડખું એ દિશા એની છૂટી નથી અને જેની દિશા પુણ્ય અને પાપના વિકલ્પથી દિશા છૂટીને દશા સ્વભાવ તરફ ઢળી છે, આહાહા ! એને આત્માના આનંદનું વેદન છે. આહાહા ! સમજાય છે કાંઇ ? ચોથે ગુણસ્થાને.

આરે ! બાપુ આવો મારગ છે ભાઇ ! એના આનંદની આગળ ચૌદ બ્રહ્માંડમાં કોઇ વિકલ્પને, કોઇ દેહ, કે કોઇ પદવી એને ઠીક લાગતી નથી, અને અજ્ઞાનીને આત્માના આનંદનું ભાન નથી, આહાહા ! એટલે જ્યાં ત્યાં મોટી પદવી આપે કાંઇક થાય ત્યાં રાજી થાય છે. શેઠ ! પ્રમુખની પદવી આપે, પહેલી ખુરશી મૂકે. આહાહા ! અરેરે ! એમાં શું થયું ભાઇ ? આનંદનોનાથ તો તને હાથ આવ્યો નથી અને આ બહારની પદવીઓમાં સુખ માને છે. આહાહા ! પુણ્યના ફળ તો વિષ્ટાના ઢગલા છે. પુણ્ય એટલે શુભ ભાવ, એને તો ભગવાને ઝેર કહ્યું છે. સમયસારમાં. મોક્ષ અધિકારે વિષકુંભ. શુભભાવ, દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા આદિ ભાવ, એને ભગવાને વિષકુંભ કહ્યા છે રાગ છે ઇ. ઝેરનો ઘડો છે એ. આહાહા ! ભગવાન આત્મા તો અમૃતનો કુંભ છે. અમૃતના કુંભના સ્વાદીયાને એ ઝેરનો સ્વાદ એને સારો લાગતો નથી કહે છે. સમજાણું કાંઇ ? આહા !

જેને દૂધપાકનો સ્વાદ આવ્યો, એને લાલ જુવારના ફોતરાના રોટલા સારા ન લાગે. એને જુવાર હોતી હે ન જુવાર ? લાલ જુવાર હોતી હૈ એક લાલ, ઇ બહુ હલકી હોતી હે, ઉસકા છોતરા હોતા હે ના છીલકા એ તો બહુ હલકા હોતા હૈ. આહાહા ! ઉસકી રોટી બનાવે, ક્યાં દૂધપાકકા સ્વાદ અને ક્યાં આ ચીજ. આહાહા ! સમ્યગ્દષ્ટિને અપના સ્વભાવકા આનંદકા સ્વાદ આયા હૈ. આહાહા ! ભલે અવ્રતી હો, ચારિત્ર હજી ન હો, સ્વરૂપાચરણ ચારિત્ર હોં. ચોથે ગુણસ્થાને સ્વરૂપમાં સ્થિરતાનો અંશ, અનંતાનુબંધી અને મિથ્યાત્વકા નાશ હુઆ તો સ્વરૂપનો અનુભવની સ્થિરતા અંશે હોતી હૈ. આહાહા ! તો કહેતે હૈ જગત ઈષ્ટ નહિં આત્માથી. સમકિતીને જગત આખું ઈષ્ટ લાગતું નથી. આહાહા ! એવી રીતે હોય તો આહારાદિમાં પણ અંતર આત્માની પ્રવૃતિ કેમ થાય ? હવે પ્રશ્ન કરે છે. આવું તમે જ્યારે કહો તો પછી સમકિતી આહાર કરે, વિહાર કરે, હાલે, બોલે એનું શું સમજવું ? એમ પ્રશ્ન કરે છે. ૫૦ ગાથા.

**नन्वेवमाहारादावप्यन्तरात्मनः कथं प्रवृत्तिः स्यादित्याह -**

**आत्मज्ञानात्परं कार्यं न बुद्धौ धारयेच्चिरम् ।**
**कुर्यादर्थवशात्किंचिद्वाक्कायाभ्यामतत्परः ।।५० ।।**

**આત્મજ્ઞાન વણ કાર્ય કંઇ મનમાં ચિર નહિ હોય;**
**કારણવશ કંઇ પણ કરે ત્યાં બુધ[૨] તત્પર નો'ય ।। ૫૦ ।।**

૨. બુધ-જ્ઞાની

**टीका**: चिरं बहुतरं कालं बुद्धौ न धारयेत् । किं तत्? कार्य । कथम्भूतम्? परमन्यत् । कस्मात्? आत्मज्ञानात्। आत्मज्ञानलक्षणमेव कार्यं बुद्धौ चिरं धारयेदित्यर्थः । परमपिकिञ्चिद् भोजनव्याख्यानादिकं वावकायाभ्यां कुर्यात् । कस्मात्? अर्थवशात् स्वपरोपकारलक्षणप्रयोजनवशात् । किं विशिष्टः? अतत्परस्तदनासक्तः ।।५०।।

એવી રીતે હોય તો આહારાદિમાં પણ અન્તરાત્માની પ્રવૃત્તિ કેમ થાય ? તે કહે છેઃ-

**અન્વયાર્થ** : અન્તરાત્મા (आत्मज्ञानात् परं) આત્મજ્ઞાનથી ભિન્ન (कार्यं) કોઇ કાર્યને (चिरं) લાંબા સમય સુધી (बुद्धौ) પોતાની બુદ્ધિમાં (न धारयेत्) ધારણ કરે નહિ. જો (अर्थवशात्) પ્રયોજનવશાત્ (वाक्कायाभ्याम्) વચન-કાયાથી (किंचित् कुर्यात्) કંઇપણ કરવાનો વિકલ્પ કરે તો તે (अतत्परः) અનાસક્ત થઇ કરે.

**ટીકા** : ચિર કાળ સુધી એટલે બહુ લાંબા કાળ સુધી બુદ્ધિમાં ધારણ ન કરે. શું તે ? કાર્ય. કેવું (કાર્ય) ? પર એટલે અન્ય. કોનાથી (અન્ય) ? આત્મજ્ઞાનથી (અન્ય). આત્મજ્ઞાનરૂપ કાર્યને જ બુદ્ધિમાં લાંબા વખત સુધી ધારી રાખે એવો અર્થ છે, પરંતુ બીજું કિંચિત્ અર્થાત્ ભોજન-વ્યાખ્યાનાદિકરૂપ કાર્યને વચન-કાયદ્વારા કરે. શાથી ? પ્રયોજનવશ અર્થાત્ સ્વ-પરના ઉપકારરૂપ પ્રયોજનવશ (કરે). કેવા થઇને (તે કરે) ? અતત્પર થઇને અર્થાત્ તેમાં અનાસક્ત થઇને કરે.

**ભાવાર્થ** : જ્ઞાની પોતાના ભાવમનને (ઉપયોગને) આત્મ-જ્ઞાનના કાર્યમાં જ રોકે છે; આત્મજ્ઞાનથી કોઇ અન્ય વ્યવહારિક કાર્યમાં લાંબા વખત સુધી રોકતો નથી. કદાચ પ્રયોજનવશાત્ અર્થાત્ સ્વ-પરના ઉપકારાર્થે અસ્થિરતાને લીધે વચન-કાયદ્વારા આહાર-ઉપદેશાદિ કાર્ય કરવાનો વિકલ્પ આવે, તો તેમાં તેને અતન્મયભાવ વર્તે છે.

## વિશેષ

ધર્મીને આત્મસંવેદન એ જ મુખ્ય કાર્ય છે. તેમાં જ તે પોતાના ઉપયોગને લગાવે છે. કદાચ લાંબો સમય સ્વરૂપમાં સ્થિર ન રહી શકે અને પ્રયોજનવશાત્ આહાર-ઉપદેશાદિનો વિકલ્પ આવે, તો તે કાર્ય અનાસક્તિ ભાવે (અતન્મય ભાવે) થાય છે. તે કરવાને તેને મનમાં ઉત્સાહ નથી-ભાવના નથી. કાર્યને અંગે શરીર-વાણીની જે ક્રિયા થાય છે તેમાં તેને એકતા-બુદ્ધિ કે કર્તા બુદ્ધિ તો નથી જ, પણ તે ક્રિયા કરવાના વિકલ્પને પણ તે ભલો માનતો નથી. વિકલ્પને તોડી સ્વરૂપમાં સ્થિર થઇ હું શુદ્ધાત્માને ક્યારે અનુભવું, એવી તેને નિરંતર ભાવના હોય છે, આ ભાવનાના બળથી તેનો ઉપયોગ

બહારની ક્રિયામાં લાંબો વખત ટકતો નથી, ત્યાંથી હઠી તુરત સ્વ તરફ વળે છે.

જ્ઞાનીને નીચલી ભૂમિકામાં અસ્થિરતાને લીધે રાગ હોય છે અને વચન-કાયની ક્રિયા પ્રત્યે લક્ષ જાય છે, પણ પોતાના જ્ઞાન-સ્વભાવને ભૂલે તેવી તેનામાં આસક્તિ હોતી નથી.

જ્ઞાનીને બાહ્ય વચન-કાયની પ્રવૃત્તિ હોવા છતાં, તેને અંતરંગમાં દઢ માન્યતા છે કેઃ-

''હું દેહ-મન-વાણી નથી, હું તેમનો કર્તા નથી, તેમનો કરાવનાર નથી કે અનુમોદનાર નથી.... હું કર્તા વિના પણ તેઓ ખરેખર કરાય છે; માટે તેમના કર્તાપણાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું.''[૩]

સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને જ્ઞાનચેતનાનું નિરંતર પરિણમન હોય છે, તેથી તે ખાવા-પીવામાં, પાંચ ઇન્દ્રિયોના વિષયો ભોગવવામાં, વ્યાપારમાં લડાઇ વગેરે સંસારના કાર્યોમાં, બાહ્યદષ્ટિએ રોકાયેલા લાગે, છતાં બધી બાહ્ય પ્રવૃત્તિમાં તે જલ-કમલવત્ ન્યાયે રહે છે. ૫૦

---

## પ્રવચન – ૬૨

આ પચાસમી ગાથા

ચિર કાળ સુધી એટલે બહુ લાંબા કાળ સુધી બુદ્ધિમાં ધારણ ન કરે સમકિતી. આહાહા! અંતરાત્મા, બહિરાત્મા. એ પુણ્ય અને પાપના ભાવમાં સુખબુદ્ધિ તે બહિરાત્મા. બહિર એટલે જે સ્વભાવમાં નથી એવા ભાવને પોતાનો માને તેને બહિરાત્મા કહેવામાં આવે છે. આહાહા! અને જે અંતરમાં છે, હૈ, અતીન્દ્રિય આનંદ ને જ્ઞાન એવા સ્વભાવને જે જાણે ને વેદે છે એને અંતરાત્મા કહેવામાં આવે છે. આહા! સમજાણું કાંઇ? એ અંતરાત્મા ચિર કાળ સુધી, બહુ લાંબા કાળ સુધી બુદ્ધિમાં ધારણ ન કરે. શું? કાર્ય, કેવું કાર્ય? પર, અન્ય. કોનાથી અન્ય? આત્મજ્ઞાનથી. આહાહા!

આત્માનું જ્ઞાન, આનંદનું જ્ઞાન એ આત્માનું કાર્ય. આહાહા! આત્માનું જ્ઞાન, સ્વસન્મુખ થઇને થયેલુ આત્માનું જ્ઞાન. શાસ્ત્રજ્ઞાન આદિ એની વાત નહિં અહીંયા, શાસ્ત્રજ્ઞાન એ આત્મજ્ઞાન નહિં. આહાહા! ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ પ્રભુ, એનું

૩. જુઓ-શ્રી પ્રવચનસાર-ગુ. આવૃત્તિ-ગાથા ૧૬૦ અને ટીકા.

જેને અંતરજ્ઞાન છે, સ્વસન્મુખ થઈને જેણે આત્માને અનુભવ્યો છે, એવા આત્મજ્ઞાનીને, આહાહા! પર આત્મજ્ઞાનથી, આત્મજ્ઞાનરૂપ કાર્યથી એ કાર્યને જ બુદ્ધિમાં લાંબા વખત સુધી ધારી રાખે. આહાહા! જાણવું દેખવું એ મારું કાર્ય, એ શુભ અશુભ ભાવ આવે તો પણ જાણવું દેખવું એ કાર્ય, કે આત્મજ્ઞાનીનું કાર્ય આ. આહાહા! એ આત્મજ્ઞાનનું કાર્ય બુદ્ધિમાં લાંબા વખત સુધી રાખે, પરંતુ બીજું કિંચિત્, આહાહા! ભોજન વ્યાખ્યાન એ રૂપ કાર્ય દેખો ભાષા. આહારનો વિકલ્પ આવે વ્યાખ્યાન કરવાનો વિકલ્પ આવે, એ પણ રાગ છે. આહાહા! સમજાય છે કાંઈ ?

વાણીનો ઉપદેશ કથાય એમાં વિકલ્પ છે, આહાહા! રાગ છે. સાંભળવા કાળે પણ જે સાંભળવાનું લક્ષ જાય છે, એ પણ રાગ છે. ભગવાન વીતરાગ માર્ગ જુદો છે પ્રભુ! આહા! કહે છે કે આત્મજ્ઞાની સમ્યગ્દૃષ્ટિ આત્મજ્ઞાનનાં કાર્ય સિવાય લાંબો કાળ બીજી ચીજને લક્ષમાં રાખતો નથી. આહાહા! સમજાણું કાંઈ ? છે ? આત્મજ્ઞાનરૂપ કાર્યને જ બુદ્ધિમાં, કાર્યને જ એમ છે, બુદ્ધિમાં લાંબા વખત સુધી રાખે છે. જાણવું દેખવું આનંદ એ મારું કાર્ય છે, સમકિતીનું બીજુ કાર્ય નથી. આહાહા! જુઓ, સંતોની વાણી તો જુઓ. દિગંબર મુનિઓ, કેવળજ્ઞાનીના કેડાયતો, કેવળજ્ઞાનીનો માર્ગ જગતને જાહેર કરે છે. આહાહા!

કહે છે, સમ્યગ્દૃષ્ટિ અંતરાત્મા જેને આત્માનું જ્ઞાન થયું છે કે હું આનંદને, શાંતને, સ્વચ્છને પ્રભુત્વ સ્વભાવથી ભરેલો છું. આહા! મારામાં રાગદ્વેષ તો નથી, પર વસ્તુ તો નથી, પણ પુણ્ય ને પાપ જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ મારા સ્વરૂપમાં નથી. આહાહા! કેમ કે જે ભાવે બંધ પડે તીર્થંકરનો, એ ભાવ રાગનો આશ્રવ છે. આહાહા! એ કહે છે કે સમકિતી જીવ એવો વિકલ્પ આવે, પણ લાંબો કાળ રાખે નહિં હૃદયમાં. આહાહા! લાંબો કાળ તો આત્મા એનું શુદ્ધ સ્વરૂપનું, શુદ્ધ પરિણમનનું કાર્ય. આહાહા! માર્ગ ભારે ઝીણો, ભાઈ!

તેથી લોકોને કાંઈકનું કાંઈ મળ્યું હોય ને, એનાથી આ સાંભળે એટલે એને એમ લાગે આ તો નિશ્ચયનો માર્ગ આ તો. નિશ્ચયનો એટલે સાચો. વહેવારનો એટલે ઉપચારિત, ખોટો. આહાહા! સમજાણું કાંઈ ? 'વ્યવહારો અભૂયત્થો' (સમયસાર) ૧૧મી ગાથામાં કહ્યું, વહેવાર તો અસત્યાર્થ કથન કરે છે, સત્યની વાત ત્યાં હોતી નથી. આહાહા! ભગવાન આત્મા ભોજન, વ્યાખ્યાન, આહાહા! બીજાની સાથે વચનનાં વ્યાપારમાં આવતાં, એ વચનને કાય કાય દ્વારા દેખાય પણ મનમાં એનો આદર હોતો નથી. આહાહા! માર્ગ બહુ! અનંતકાળને નહિં કરેલો, એવો મારગ તો અપૂર્વ જ હોય ને ? અને એના ફળ તરીકે

અનંત શાંતિ આનંદ સાદિ અનંત આનંદ પ્રાપ્ત થાય એનો ઉપાય પણ અલૌકિક જ હોયને ? આહાહા ! કહે છે ધર્મી જીવ આહાહા ! પાઠ છે ને ?

**आत्मज्ञानात्परं कार्यं न बुद्धो धारयेच्चिरम्**

સમકિતી આત્મજ્ઞાની જીવ પોતાના આત્મજ્ઞાનનાં કાર્ય સિવાય અન્ય કાર્યને ઘણો કાળ ચિત્તમાં રાખતો નથી. આહાહા ! કાયરના તો કાળજા કંપી ઉઠે એવું છે, આ પૂજ્યપાદસ્વામી કહે છે. ભગવાન કુંદકુંદઆચાર્ય થયા એના પછી બસ્સે બસ્સે ત્રણસે વર્ષ પછી થયા. ભગવાન કુંદકુંદઆચાર્ય સંવત ઓગણપચાસ, આ ત્રીજી ચોથી સાલમાં થયા, પણ આભના થોભ પોતે સંતો તે તો પણ. ઓહોહો ! મુનિ એટલે શું ? જેને પોણી સેકંડની તો નિદ્રા હોય એ સિવાય નિંદ્રા વધારે ન હોય. આહાહા ! દશા તો જુઓ ઇ બાપુ ! મુનિ કોને કહેવાય ? ભાઇ ! પોણી સેકંડની અંદર નિંદ્રા, છઠ્ઠું(૬) ગુણસ્થાન હોય, ત્યારે જરીક નિંદ્રા આવી જાય રાતે.

પાછલે પહોરે નથી આવતું ? છઢાળામાં (**શ્રોતા** : ભૂમાહિ પિછલી રયનિમેં કછુ) શયન એકાશન કરન એક કરવટમાં રહે આમ. આહાહા ! છઢાળામાં આવે છે. પિછલી રયણીએ. આહાહા ! જેને ભાવ અંતર આનંદ પ્રગટયો છે, આનંદ તો ચોથે પ્રગટે છે પણ આને તો ચારિત્રનો આનંદ પ્રગટયો છે. આહાહા ! આહાહા ! પ્રચૂર સ્વસંવેદન એમ શબ્દ છે. પાંચમી ગાથામાં. કુંદકુંદઆચાર્ય કહે છે. અમને તો પ્રચૂર સ્વસંવેદન પ્રગટયો છે આનંદ. આહાહા ! પાંચમી ગાથા. (સમયસાર) સંસ્કૃત ટીકા છે. આનંદ અમને પ્રચૂર, ચોથે ગુણસ્થાને પ્રચૂર આનંદ ન હોય આનંદ હોય પણ પ્રચૂર ઘણો ન હોય, અને મુનિને તો પ્રચૂર આનંદ જેને ઢગલો આનંદનો. આહાહા ! જેને ત્રણ કષાયનો અભાવ થઇને આનંદની ધારા વહે છે, આહાહા ! એને નિંદર રાત્રીમાં પોણી સેકંડની અંદર આવે, એક સેકંડની નિંદ્રા આવી જાય તો મુનિપણું ન રહી શકે. આવી તો વસ્તુ છે બાપુ. આહાહા !

આ તો સમ્યગ્દષ્ટિથી માંડી ને વાત કરી છે. (**શ્રોતા** : આ તો ચોથે કાળ કે મુનિ અવસ્થા કી બાત હૈ) ચોથે કાલ કે પાંચમે કાલ મારગ તો એક હી હે, દૂસરા મારગ હૈ નહિં. શીરા હોતા હૈ ચોથે કાળમેં દૂસરા ? શીરા, શીરા ક્યા કહેતે હૈ ? (**શ્રોતા** : હલવા હલવા) અને પંચમ કાળમેં હલવા દૂસરા હોતા હે ? આટા, (શક્કર) ગોળ ને ઘી તીનકા હોતા હૈ, ચોથે આરે ભી વો હોતા હૈ ને પાંચમે આરે ભી વો હોતા હૈ. કે પાંચમે આરે મેં ઘી ને ઠેકાણે પેશાબ(પાણી) નાંખતા હોગા ? હલવા મેં ? શક્કરની જગ્યાએ ગોળ તો નંખાય. ક્યા કહેતે હૈ ? (**શ્રોતા** : શક્કર વગર ગોળ તો નંખાય) ઇ શક્કરને ગોળ તો એકહી ચીજ

હુઇ. અરે ! ઘી ને ઠેકાણે તેલ નાંખે. ગરીબ માણસ હોતા હૈ ને ગરીબ, તેલકા શીરા કરતે હૈ, હલવા. આંહી કોળી હોય ને અમારે આંહી ગામમાં તેલના તેલના હલવા કરે પણ કાંઇ તેલને ઠેકાણે પાણી નાંખે ? આહાહા !

આંહી તો પરમાત્માની વાત સંતો જગતને જાહેર કરે છે. મારગ આ છે પ્રભુ તું માન કે ન માન એથી મારગ બીજો થઇ નહિં જાય. ત્રણલોકના નાથ તીર્થંકર દેવ. આહાહા ! સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયમાં ત્રણકાળનું જ્ઞાન વર્તે પ્રભુ ! એને ઇચ્છા વિનાની વાણી નીકળે, એને ઇચ્છા હોતી નથી. ઇચ્છા વિના વાણી, કારણકે વીતરાગ સ્વરૂપ બારમે ગુણસ્થાને વીતરાગ થાય પછી તો કેવળજ્ઞાન થાય. આ ઇચ્છા તો નાશ થઇ ગઇ છે. એ સર્વજ્ઞ થયા પછી ઓમનો (ૐ)ધ્વનિ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે. આહાહા ! ભગવાનના શ્રીમુખે સારા દેહમાંથી ૐકારનો અવાજ આવે. આહાહા ! પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં. ઇન્દ્રો સાંભળવા જાય છે. સિંહ અને નાગ અને વાઘ સાંભળવા જાય છે. આહાહા ! એ વાણીમાંથી જે સાર હતો એ આંહી આચાર્યોએ શાસ્ત્રમાં રચ્યો છે. દિગંબર સંતોએ. આહાહા ! એ વીતરાગનાં વાણીના સાર હતા, એ શાસ્ત્રમાં રચ્યા છે. આહાહા ! સમજાય છે કાંઇ ? કરૂણાનો વિકલ્પ આવ્યો છે. છે વિકલ્પ બંધનું કારણ, પણ આવે છે ત્યારે આ શાસ્ત્રો રચાઇ ગયા છે. એ શાસ્ત્રમાં ભગવાનની વાણી આમ કહે છે, એમ કહે છે. આહાહા !

કહે છે, કે જેને આત્મજ્ઞાન નામ ધર્મદશા સમ્યગ્દર્શન પ્રગટ થયું છે એવા આત્મજ્ઞાની, એને ભલે શાસ્ત્રજ્ઞાન થોડું હોય, એને બીજાને સમજાવતાં આવડે કે ન આવડે, એની સાથે કાંઇ સંબંધ નથી. આહાહા ! ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ બિરાજે છે, એના જેને દૃષ્ટિ થઇ ગઇ છે, એના જેને સાક્ષાત્કાર, સ્વને આશ્રયે રાગનું મનનું લક્ષ છોડી દઇને, આહાહા ! એવું જેને સમ્યગ્દર્શન સમકિતની અપેક્ષાએ સમ્યગ્દર્શન કહીએ, જ્ઞાનની અપેક્ષાએ આતમજ્ઞાન કહીએ. આહાહા ! સમજાણું કાંઇ ? લોકોને સમ્યગ્દર્શનની કિંમત નથી. બાહ્યત્યાગની કિંમત, જે અનંતવાર કર્યો ને અનંતવાર મૂક્યો. જે આત્મામાં બાહ્ય ત્યાગ ગ્રહણનો સ્વભાવજ નથી. આત્મા બાહ્ય ત્યાગ ગ્રહણ શૂન્ય છે, એવો આત્મામાં ગુણ છે. અનાદિનો એક એવો ગુણ છે કે બાહ્ય-ત્યાગ-ગ્રહણ રહિત જ એ આત્મા છે. પર જડને શું ગ્રહે ને જડને શું છોડે ? આહાહા ! ઇ પરનો ત્યાગ થાય ત્યારે લોકોને એમ થાય કે, આહાહા ! આણે કાંઇક કામ કર્યું, પણ મિથ્યાત્વનો ત્યાગ કઇ રીતે થાય એની ખબરું ન મળે. સમજાય છે કાંઇ ? કેમકે બંધના કારણમાં તો મિથ્યાત્વ,

અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. એમાં પહેલું તો મિથ્યાત્વ બંધનું કારણ છે. હવે એનો બંધનો ત્યાગ નથી ત્યાં એને અવ્રતનો ત્યાગ ક્યાંથી થઇ ગયો એને ? આહાહા !

આંહી એ કહે છે આચાર્ય મહારાજ દિગંબર સંત વનવાસી હતા બધા, જરી ઝીણી વાતો ખરી. ભાઇ ! મુનિઓ તો વનમાં રહેતા. સમજાણું કાંઇ ? વનવાસી હતા. એ તો પછી આ બધો ફેરફાર થઇ ગયો. લૂગડા રાખીને સાધુ માન્યા ને એ વસ્તુ બધી વિપરીત છે. વીતરાગ માર્ગની એ વસ્તુ નથી. અરેરે ! શું થાય ? સત્ય મળે નહિં જગતને, તો મળ્યા વિના સત્‌ને રસ્તે જાય ક્યાંથી ? આહાહા ! કહે છે સમકિતી જીવ, આહાહા ! ભોજન વ્યાખ્યાન લખવું આદિ કોઇ કાર્ય થાય ને ? એવા કાર્યને વચનકાય દ્વારા કરે, કરે એટલે વચનકાય દ્વારા થાય, એમ. આહાહા ! બસ ! વચનકાય ને કરે એ આત્મા એ કરી શકે નહિં બિલકુલ. વાણી જડ છે કાયા જડ માટી અજીવ તત્ત્વ છે. એ અજીવ તત્ત્વને આત્મા કાંઇ કરી શકે આત્મા, સ્વતત્ત્વના પરતત્ત્વનું એકપણું માને તો કરે એમ માને. આહાહા ! છે ?

ભોજન વ્યાખ્યાન આદિ કાર્ય હોય તો વચનકાય દ્વારા કરે એટલે, વચનકાય દ્વારા વિકલ્પ આવ્યો, તો વચનકાય દ્વારા એ થઇ ગયાં કાર્ય. શાથી ? પ્રયોજનવશ સ્વપરનાં ઉપકારરૂપ પ્રયોજનવશ. વિકલ્પ આવ્યો છે જરીક. આહાહા ! કેવા થઇને કરે ? અતત્પર થઇને. એ વાણી ને દેહમાં અનાસક્ત થઇને કરે. આહાહા ! વાણીને દેહ તો જડની દશા છે. વાણીને દેહ તો અજીવની અવસ્થા છે, મૂર્ત દશા જડની માટીની છે. આહાહા ! એમાં સમકિતી, એમાં આ હું કરું છું, એમ એને હોતું નથી. આહાહા ! ગાથા, આ શ્લોક બહું ઉંચો છે. ભાઇ બહુ બોલતા ભાઇ ! પોપટભાઇ વઢવાણવાળા આ, આ ગાથા પોપટભાઇ આ બહુ બોલતા ગ્રેજ્યુએટ, પોપટભાઇ નહિં ? ગુજરી ગયા. આ બહુ બોલતા (શ્લોક) **आत्माज्ञानात्परं कार्यं न बुद्धो धारयेच्चिरम्** છે ખબર હિંમતભાઇ ? પોપટભાઇ એમ બોલતા બહુ. એક પોપટભાઇ હતા, ગ્રેજ્યુએટ, વઢવાણના. ભાઇ એના શેઠે ન જોયા હોય. ઘણા વર્ષ પહેલા અહીં આવતા. આહાહા !

કહે છે કે વચન ને કાયા એ તો અજીવ છે. એનું કાર્ય સમકિતી કરતો નથી. આહાહા ! એ વાણીને કાયાની ક્રિયા થાય તેમાં તે જ્ઞાતાદૃષ્ટા રહે છે. છે ? સ્વપરના ઉપકાર પ્રયોજનવશ વિકલ્પ આવે, એમ કહે છે. કેવા થઇને ? સ્વનો ઉપકાર એટલે કોઇ સાંભળવાનો ભાવ આવે, દેવ પાસે ગુરુ પાસે સમકિતીને પણ. સમજાણું કાંઇ ? છતાં એ વાણી અને સાંભળવામાં વાણીમાં તત્પર નથી થતો કહે છે. (**શ્રોતા** : કરના વાજ હોતા

હૈ) હૈં ? (**શ્રોતા :** કરના વાજ હોતા હૈ) કરતા હૈ નહિં. 'કરે કર્મ સો હી કરતારા, જો જાને સો જાનનહારા' એ વાણી અને કાયા હું કરું છું કામ, એ કરે કર્મ સો હી કરતારા એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા ! જો જાણે સો જાનનહારા. જ્ઞાની જાણે કે આ થાય છે, મારું કાર્ય નહિં એ. આહાહા ! અજીવને અજીવ તરીકે જાણતાં જીવની, અજીવની કોઇ ક્રિયાને મારી એ માનતો નથી. આહાહા ! કેવા થઇને કરે ? અતત્પર અનાસક્ત થઇને. આહાહા !

**ભાવાર્થ :** ધર્મી પોતાના ભાવમનને ઉપયોગને આત્મજ્ઞાનના કાર્યમાં જ રોકે છે. આહાહા ! છે ? ધર્મી એટલે જ્ઞાની સમકિતી જીવ પોતાના ઉપયોગને જાણવા દેખવાનો ઉપયોગી ભાવમાં, અહીં સંકલ્પ વિકલ્પ લેવો નથી. જાણવા દેખવાનો જે ઉપયોગ આત્મા જ્ઞાતાદૃષ્ટા છે એવો જે જ્ઞાતાદૃષ્ટાનો પર્યાયનો ઉપયોગ એ આત્મજ્ઞાનના કાર્યમાં જ રોકે છે. આહાહા ! પછી આ કે દિ' કરવું ત્યારે પછી આ, બીડીવાળાનું ને ? આ લાદીનું ને ? (**શ્રોતા :** કોણ કરે ? જીવ કરી શકે છે ?) ભાઇ ! ક્યાં કરી શકે ભાઇ ! એક આંગળી આમ ફરે એ આત્મા કરી શકે નહિં ભાઇ. આ તો જડ છે એ જડનો ઉત્પન્ન કાળ જ્યારે આમ થવાનો હોય ત્યારે ઉત્પન્ન કાળને કારણે, કાળે થાય છે, આત્માને કારણે નહિં. એમ ભાષા નામ વર્ગણા જે ભાષાની છે ત્યાં એ ભાષા પણે પરિણમવાનો એનો ઉત્પન્ન કાળ છે.

તે ભાષાપણે પરિણમે છે. આત્મા એને પરિણમાવતો નથી. આહાહા ! ઓહોહો ! આવો મારગ, મારગ તો એવો છે. ભાઇ ! અપૂર્વ પૂર્વે અનંતકાળમાં નહિં કરેલો એવો માર્ગ કેવો હોય ? આહાહા ! અરે એને સાંભળવાયે મળે નહિં કે આ દેહના કાર્ય ને વાણીના કાર્ય પ્રભુ તારા નહિં. આહાહા ! મોટા મંદિર બનાવવા ને આ મોટા શું કહેવાય આ ? પરમાગમ બન્યું મોટું જો ૨૬ લાખનું આ, કે આત્મા કરતો હશે એને. આહાહા ! ભાઇ, એ તો પુદ્‌ગલની પર્યાય. એ કાળે એ રીતે ઉત્પન્ન થઇને પરિણમવાને કાળે પરિણમે છે, આત્મા એને કરી શકે નહિં. (**શ્રોતા :** એની પાસે પુદ્‌ગલ છે ?) હા ! પુદ્‌ગલ આ શરીર છે, વાણી છે એ એને કારણે, એ એને કારણે પુદ્‌ગલ હાલે છે. એની પાસે પુદ્‌ગલ છે કે આ બનાવે, એમ કહે છે. આહાહા ! પોપટભાઇ ! આવું છે ભારે કામ ભાઇ !

આ તો એકાંત નિશ્ચય થઇ જાય છે, કહે છે. અરે ! ભગવાન તને ખબર નથી. બાપુ ! એ નિશ્ચય એ જ સત્ય છે. વહેવારે બોલાય એ તો એક જ્ઞાન કરવા બોલાય છે. આહાહા ! ધર્મી પોતાના આત્મજ્ઞાનના કાર્યમાં જ ઉપયોગ ને રોકે છે. આત્મજ્ઞાનથી કોઇ અન્ય વહેવારિક કાર્યમાં લાંબા વખતસુધી રોકતો નથી. આવે વિકલ્પ, કહે છે. રાગ શુભઅશુભ આદિ લાંબો કાળ એમાં રાચતો નથી. આહાહા ! હેં ? (**શ્રોતા :** થોડો કાળ તો

રોકાય છે ને) એ રાગ છે ત્યાં સુધી અંદર લક્ષ છે, છતાં રાગનું જ્ઞાન છે સાથે. રાગ થાય છે તેમાં સાથે જ્ઞાન હોય છે. ભેદજ્ઞાન હોય છે, ભેદજ્ઞાન કરવું પડતું નથી. એવી વાત છે. અંદર રાગ આવે છે, એમાં રોકાતો નથી એટલે કે રોકાય છે જ્ઞાનમાં, એમ કહે છે. એને જાણવું છે જાણનાર એ મારી દશા છે, રાગ એ મારું કાર્ય નહિં. આહાહા!

કદાચ પ્રયોજનવશાત્ સ્વપરના ઉપકાર અર્થે અસ્થિરતાને લીધે, જોયું? અસ્થિરતા થાય સમકિતીનેય તે, એને લીધે વચનકાય દ્વારા આહાર ઉપદેશ આદિ કાર્ય કરવાનો વિકલ્પ આવે, વૃત્તિ ઉઠે પણ એથી કાર્ય કરે આહારના અને ઉપદેશના, (એમ નથી) અરેરે! આવી વાતું ભારે આકરી. ભાઇ! આહાહા! વિકલ્પ હોય એને તે પણ વિકલ્પનો એ જાણનારો રહે છે. હેં? (**શ્રોતા** : બહુ ખુલાસો આવ્યો) બહુત ખુલાસો આવ્યો પાઠ હી ઐસા હૈ **आत्माज्ञानात्परं कार्यं न बुद्धो धारयेच्चिरम्** જ્ઞાની બીજા કાર્યનાં વિકલ્પને ઘણો કાળ રાખતો નથી, કરી શક્તો નથી એ તો પ્રશ્ન જ નથી. આહાહા! પરને તો કરી શક્તો નથી. આહાહા!

એક અક્ષર લખવું એ ક્રિયા આત્મા કરી શક્તો નથી. આરે! (**શ્રોતા** : આટલા બધા ચોપડા છાપ્યાને?) કોણે છાપ્યા? રામજીભાઇ એ કર્યા હશે? હિંમતભાઈએ કર્યા, એ હિંમતભાઇ એ હિંમતભાઈએ કર્યા હશે? (**શ્રોતા** : છાપખાનાવાળા છાપે) એ બધી વાતું છે. વહેવારના કથનો છે એ બધા. એ તો જે રજકણનો જે સ્કંધ છે અનંત રજકણનો સ્કંધ પિંડ, એની પણ જે સમયે જે પર્યાય સ્વકાળે થવાની તે તેનાથી થાય છે. આહાહા! દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી વસ્તુ છે ને પરદ્રવ્ય ક્ષેત્ર કાળથી નથી. સપ્તભંગી છે. દરેક પદાર્થ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ. કાળ એટલે પર્યાય, પોતાના કાળથી છે અને પરના કાળથી નથી. આહાહા! આ તો સપ્તભંગી છે, પહેલી. જૈનદર્શનનું મૂળ તત્ત્વ એ તો છે. આહાહા! (**શ્રોતા** : પર ઐસા રહસ્ય સમજાયા કિસને?) હેં? ( ઐસા સમજાયા કીસને) એ તો સમજવાનો કાળ આવે એટલે એ બધું આવે જ એમ. આહાહા! કાય દ્વારા આહાર, ઉપદેશ, કાર્ય કરવાનો વિકલ્પ આવે તો તેમાં તેને અતન્મયભાવ વર્તે છે. જોયું? ઓલો રાગ આવે, એમાં એ તન્મય એકપણું નથી. રાગ હારે એકપણું હોય તો તો મિથ્યાદૃષ્ટિ થઇ જાય. આહાહા! કેમકે રાગ છે, એ આશ્રવ તત્ત્વ છે, ભગવાન આત્મા જ્ઞાયક તત્ત્વ છે. બે ને એક માને તો તો અંતરાત્મા રહ્યો નહિં, એ તો બહિરમાં વયો ગયો. આહાહા! અતન્મય વર્તે છે, લ્યો.

## વિશેષ

ધર્મીને આત્મસંવેદન એ જ મુખ્ય કાર્ય છે. જોયું ? હેં ? ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ એ તો જ્ઞાનસ્વરૂપજ છે. 'જ્ઞ' સ્વરૂપે ભગવાન બિરાજે છે આત્મા, એનું કાર્ય તો જ્ઞાનનું કાર્ય છે જાણવું. બસ ! આહા ! સ્વસંવેદન. છે ને ? સ્વ નામ પોતાનું. સં નામ પ્રત્યક્ષ રાગ ને મનના અવલંબન વિના પોતે પોતાને વેદે એ સંવેદન કાર્ય આત્માનું છે. આરે ! આરે ભારે આકરું. કાલે તો અહીં જેતપુર જવાના છીએ. હવે આજનું તો છેલ્લું છે ને ? આ શ્લોક સારો હતો બહુ, પચાસમો. આહાહા ! ધર્મીને સમ્યગ્દષ્ટિને આત્મસંવેદન એ જ મુખ્ય કાર્ય છે. ગૌણ પણે એવા વિકલ્પો આવે તેમાં અતન્મય થઈને રહે છે. આહાહા ! આવી વસ્તુ છે. જગતને બેસે ન બેસે તેથી વસ્તુ કાંઈ ફરી જાય નહિં.

વસ્તુ તો છે ત્યાં છે. ત્યારે કહે કે આવો મારગ ઘણા લાખોને કરોડોને ન સમજાય. ન સમજાય એટલે ? સમજાય એને સમજાય, ન સમજાય એને એ તો અનાદિથી છે. આહાહા ! તેમાં તે પોતાના ઉપયોગને લગાવે છે, સમ્યગ્દષ્ટિ તો આત્મસંવેદનના કાર્યમાં પોતાના ઉપયોગને લગાવે છે. આહાહા ! કદાચ લાંબો સમય સ્વરૂપમાં સ્થિર ન રહી શકે અને પ્રયોજનવશાત્ આહાર ઉપદેશ આદિનો વિકલ્પ આવે, તો તે કાર્ય અનાસક્તિ ભાવે કરે. આ અનાસક્તિ જુદી હોં ! ઓલા આ ગાંધીજીને જે કહે છે કે અનાસક્તિએ કામ કરવા એ જૂઠ્ઠી વાત છે, ને આ બીજી વાત છે. એ તો કહે છે કે અનાસક્તિ એ કાર્ય કરવા. આંઇ કાર્ય કરવાની વાત નથી.

(**શ્રોતા** : એ તો નબળાઈનો આવે) ગીતાનો અનાસક્તિ યોગ કહે છે ને ? ઈ તો અનાસક્તિ એ કામ કરવા એમ કહે છે. અહીં તો કામ કરવા નહિં પણ કામ કરવા કાળે જે વિકલ્પ ઉઠયો એમાં તન્મય ન થવું એનું નામ અનાસક્તિ. આહાહા ! ભાઈ આ તો મારગ જુદો છે જગતની સાથે કાંઈ. સમજાણું કાંઈ ? (**શ્રોતા** : યોગસાધનામાં ભગવાને આપણામાં એમ લખ્યું છે કે પ્રયોજનવશ બધા કાર્યો કરવા એમ) એ કરવાનો અર્થ શું ? કીધું સાંભળોને ઈ કરવા એમ નહિં. કરે છે ત્યારે એને રાગ આવે છે એમાં તન્મય ન થવું એમ એનો અર્થ કર્યો. કરે શું ? ધૂળ કરે ? લ્યો એટલું આવ્યું લ્યો.

વિશેષ કહેશે.........

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન – ૬૩

## શ્લોક – ૫૦

સ્થળ : સુવર્ણપુરી તારીખ : ૧૭.૦૨.૭૫

नन्वेवमाहारादावप्यन्तरात्मनः कथं प्रवृत्तिः स्यादित्याह –

आत्मज्ञानात्परं कार्यं न बुद्धौ धारयेच्चिरम् ।
कुर्यादर्थवशात्किंचिद्वाक्कायाभ्यामतत्परः ।।५०।।

આત્મજ્ઞાન વણ કાર્ય કંઈ મનમાં ચિર નહિ હોય;
કારણવશ કંઈ પણ કરે ત્યાં બુધ[૧] તત્પર નો'ય ।। ૫૦ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

૧. બુધ-જ્ઞાની

સમાધિતંત્ર. એનું વિશેષ. કહ્યું, જ્યારથી સ્વભાવની દૃષ્ટિની મુખ્યતા ખસતી નથી તેથી ધર્મીને આત્મસંવેદન એજ મુખ્ય કાર્ય છે. આહાહા! આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છે એવી દૃષ્ટિ થઈ છે એવો થયો છે એને અહીંયા સમ્યગ્દૃષ્ટિ ને ધર્મી કહેવામાં આવે છે. આહાહા! એ આત્મદદિષ્ટિ વિના જે કાંઈ શુભ અશુભ ભાવ કરે એ એને બંધ ખાતે એકાંત બંધ છે. એથી કહે છે કે ધર્મીને, અબંધ સ્વભાવી આત્મા, શરીર કર્મથી તો સંબંધ નથી, સંબંધ કહો કે બંધ કહો રાગ સાથે સંબંધ નથી. આહાહા! સંબંધ બંધ નથી એની સાથે. વસ્તુ છે એ રાગના સંબંધ બંધથી ભિન્ન છે. આહા! એથી ધર્મીને આત્મસંવેદન એજ મુખ્ય કાર્ય છે. આહા! આત્માનું વેદન કરવું, જ્ઞાનનું એટલે કે નિજ સ્વભાવનું, એ જ ધર્મીનું કે જ્ઞાનીનું એક જ શબ્દ છે. જ્ઞાની એટલે કંઈ બહુ જાણેલો હોય તો જ્ઞાની એમ કાંઈ નથી. ધર્મીને આત્મ સંવેદન એજ મુખ્ય કાર્ય છે. આહાહા!

અજ્ઞાનીનું મુખ્ય કાર્ય વિકારનું કરવું ને વિકારનું ભોગવવું એ છે. પરનું કરવું ને ભોગવવું એ તો છે નહિં. આહાહા! તેમાં જ તે પોતાના ઉપયોગને લગાવે છે. અજ્ઞાની પોતાના જ્ઞાનના વેપારને રાગ ને વિકલ્પમાં જોડે છે, એટલું એનું કાર્ય કાર્ય, એથી આગળ આવીને કાંઈ શરીરનું કે પરનું કરે એવું તો છે (નહિં). એમાં બહુ કાલ ઓલી નીકળીને ઓલી ધર્મચક્ર ઓલો બાબુભાઈ છે ને? નાનો બાબુ. નથી ફતેહપુરમાં? ત્રણ બાબુ છે. બાબુ નાથાલાલ, હેં? હા એ મહાવીરનો સંદેશ. માણસ, માણસ ઉમટેલું તે જૂનાગઢમાં થયેલું એ પહેલું હશે દિગંબરમાંથી તે એટલું માણસ અઢીહજાર માણસ તો આપણું ને બીજું ગામનું લાખેક માથે. મહાવીરનો સંદેશ. આત્મા કોઈનું પોતા સિવાય કરી શક્તો નથી. થોડું તો હાલે સાંભળે તો ખરા લોકો, હેં? માણસોના ટોળા તે પાછળ ને આગળ ને ચારેકોર.

આત્મા બધા સરખા છે. કોઈ નાના મોટા નથી. એ તો આપણે ભાઈ એ કહેતાં, નહિં? જશુ, એનો પાંચ વરસનો છોકરો. જશુ ખેડાનો. એ તો હજી ભણ્યો નથી પણ આ ખેડાનો બોલતો'તો, કહેતો'તો, આત્મા બધા સરખા છે, નાના મોટા કોઈ નથી. એમ કાલ બોલતો'તો. આત્મા ભગવાન થઈ શકે છે એમ. આહાહા! આંહી કહે છે. આહાહા! એમ બોલતો'તો કાંઈક. ભલે માણસ અન્યમતિ હોય પણ બધામાં આત્મા શબ્દ એક જ છે. કાને તો પડે કે, વાત આ શું છે? આહાહા! ત્રણે લોકનો નાથ ચૈતન્ય સ્વરૂપ.ખરેખર તો એ વસ્તુ વીતરાગ સ્વરૂપ છે. આત્મા, જિનસ્વરૂપ કહો કે વીતરાગ સ્વરૂપ કહો, અને એનો આશ્રય લે તો જ વીતરાગ પર્યાય દૃષ્ટિ પ્રગટે. એ વીતરાગ દૃષ્ટિ

વીતરાગ સ્વભાવને અવલંબે પ્રગટે.

કોઇ પરને અવલંબે નિમિત્તને, રાગને, પર્યાયને અવલંબે એ પ્રગટે નહિં કારણકે પર્યાયમાં વીતરાગતા નથી, રાગમાં વીતરાગતા નથી, નિમિત્તમાં વીતરાગતા નથી. વીતરાગતા તો પૂર્ણ સ્વરૂપ દ્રવ્ય. આહાહા! એ તેમાં જ પોતાના ઉપયોગને જોડે છે, કેમકે વીતરાગ મૂર્તિ સ્વરૂપ ચૈતન્ય અનાદિ સનાતન સત્ય છે એ. એનો ઉપયોગ ત્યાં લાગ્યો છે. ભલે કાય વચનથી કાંઇક કામ થાય, કહે છે કામ થાય, આમાં અર્થમાં તો એમ લખ્યું છે ને ત્યાં વચન, કાય દ્વારા કરે. ભાષા તો એમ છે ને? કાર્યાત્ અર્થવશાત્ એમ છે. જુઓને, પ્રયોજનવશાત્ કાર્ય કરે. કરે શું? પણ હોય છે એનો અર્થ એવો છે. વચનની કાયાની ક્રિયા હોય છે, રાગ હોય એના પ્રમાણમાં દેહની, વાણીની ક્રિયા હોય છે પણ તે લાંબો કાળ એના ઉપર લક્ષ રહેતું નથી. આહાહા! ધર્મીનું આ લક્ષણ છે.

આ ધર્મચક્ર નીકળ્યું તો લોકોમાં જરી છાપ પડી ગઇ. કાલ જૂનાગઢમાં એક લાખ રૂપિયાની મોટર. એક મોટરમાં લાખ રૂપિયા થયા છે એના. આખી વેંચાતી લઇ પછી શણગારી બધી. કાંચના અક્ષરો અને એક ચક્ર અને એ બાબુભાઇ, નાના બાબુભાઇ. એ ન્યાં એમાંથી બોલે. આખા ગામમાં માણસો તે માણસો ક્યાંય માંય નહિં. આગળ, પાછળ, દુકાન, મકાન. દરેક આત્મા ભગવાન થઇ શકે છે, એમ બોલે. એય! આવી તો વાત આવે તો પચ્ચીસો(૨૫૦૦) વર્ષે. આહાહા! અને માણસના ટોળા તે કેટલા? એ ધર્મચક્રમાં હું બેઠો'તો. ત્યાં અમે ગ્યા'તા ને ત્યાં મંદિર દર્શન કરવા ગયા તે ત્યાં એ આવ્યું. ત્યાંથી એને શરૂ કરવું'તું ને બાબુભાઇ કહે આમાં ને માણસોના ટોળા પગે લાગવા અને ઓલો બોલે માથેથી. દરેક આત્મા સ્વતંત્ર છે. કોઇ કોઇને આધીન છે નહિં. હાલ્યું તો છે હવે બહાર. એ તો કાલ સવાચારથી પાંચ તો, આખું ગામ ઉભરાણું'તું. પોણો કલાક ચાલ્યું'તું. અમારે તો પાંચ વાગે આહાર કરવો'તોને? ત્યાં પાંચેજ પૂરું થઇ ગયું એને. જ્યાં પાંચ થ્યા ત્યાં એનું પૂરું થ્યું, ન્યાં પૂરું થઇ ગયું. પછી મંદિરથી લીધું ને મંદિર આવીને ઉભું. ત્યાં આ વાત હતી. હવે તો ચારેકોર નીકળે છે ને? વ્યાખ્યાનમાં કાલ બે હજાર અઢી હજાર માણસ. એટલું માણસ, માણસ. ૬ઠ્ઠી ગાથા હતી.

બાપુ! મારગ તો આ છે, ભાઇ. આવું મનુષ્યપણું મળ્યું ને જો દ્રવ્યદૃષ્ટિ ન થઇ કેમકે પર્યાય ઉપર તો લક્ષ અનાદિનું છે અને પર્યાય ને જ એણે રૂચિમાં લઇને એટલો ને એ હું છું, એમ માન્યું છે, તે કાંઇ નવી ચીજ નથી. એક પર્યાયના અંશ ઉપરથી રૂચિ છોડીને જ્ઞાયકભાવ, જે દ્રવ્યસ્વભાવ. ત્યાં તો ૬ઠ્ઠીમાં એ આવ્યું'તું ને? દ્રવ્યસ્વભાવ

શુભાશુભ ભાવપણે પરિણમતો નથી. એ ધર્મીની દૃષ્ટિ છે. શું કીધું ઇ ? શુભ, અશુભ ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધનો ભાવ એ ભાવે, વસ્તુ જે જ્ઞાયકભાવ, એ દ્રવ્યસ્વભાવ એ ભાવે પરિણમતો નથી એટલે કૌંસમાં લખ્યું છે ને એ જયચંદ પંડિતે લખ્યું છે, એટલે કે શુભાશુભ ભાવે જ્ઞાયકભાવ થતો નથી, પરિણમતો નથી એટલે જડરૂપ થતો નથી. છે ને કૌંસ આંહી. એ પાછા ભાઇ હતા ને ? ધન્નાલાલજી હતા. કહે આ તો તમે કહો છો કે આમાં કીધું શું છે, એ તો સ્પષ્ટ કરવા માટે. કોણે લખ્યું છે કીધું આ. એનો અર્થજ એ છે કે શુભ ને અશુભ ભાવ, એ અચેતન છે. એ બાબુભાઇ ! આવી વાતો છે. આહાહા !

શુભ અશુભભાવમાં જ્ઞાનસ્વરૂપનો અંશ એમાં આવ્યો નથી. તેથી એ શુભ ને અશુભભાવ હોય, પણ છે એ અચેતન. એ ચેતન તે અચેતનરૂપે ચેતન તે જડરૂપે, જ્ઞાયક તે જડરૂપે થતો નથી. આહાહા ! વજુભાઇ ! આહાહા ! તો આ શરીરરૂપે ને બાયડીરૂપે ને આ મારા ને આ મારા ને ક્યાં ગયો આ ? આહાહા ! વસ્તુ સ્વરૂપ જ્ઞાયક ચૈતન્ય રસ. ''જિન સોહી હૈ આત્મા, અન્ય સોહી હૈ કર્મ.'' જિન એટલે વીતરાગ સ્વરૂપ તે આત્મા અને રાગાદિ તે બધું કર્મ એટલે અચેતન જડ. આહાહા! આવું સ્વરૂપ તો વીતરાગ માર્ગમાં હોય. હેં ? (**શ્રોતા** : બીજે ક્યાં હોય ?) બીજે ક્યાં હોય ભાઇ ? આહાહા ! એ વસ્તુ છે એની જ્યાં દૃષ્ટિ થઇ એનો અર્થ દ્રવ્ય દ્રષ્ટિ થઇ, એનો અર્થ સ્વભાવદ્રષ્ટિ થઇ એનો અર્થ કે જ્ઞાયકભાવ છે તે રૂપે પરિણમ્યો. શુભાશુભ ભાવપણે દ્રવ્ય પરિણમ્યું નથી, એથી દૃષ્ટિવંત પણ શુભાશુભ પણે પરિણમતો નથી. આહાહા ! આવો મારગ ભારે ભાઇ !

વસ્તુ તો એવી છે. (**શ્રોતા** : છે એમજ છે) હેં ? માને ગમે તે રીતે એ. એથી અહીં કહે છે, ધર્મીને આત્મ સંવેદન એ જ મુખ્ય કાર્ય છે. જ્ઞાયકભાવ જે પુણ્યપાપ ભાવને ઉત્પન્ન કરનાર શુભઅશુભ ભાવ, એ છે ને ત્યાં ? પુણ્યપાપ ને ઉત્પન્ન કરનાર શુભઅશુભ ભાવ એ રૂપે વસ્તુ સ્વરૂપ થઇ નથી. મોહનભાઇ ! આહાહા ! આ તે કંઇ. તો હવે આ શરીર ને વાણી રૂપે થાય ને ! આહાહા ! એ જે શુભઅશુભ ભાવ અચેતન છે, એ રૂપે ચૈતન જ્ઞાયકભાવ એ અચેતન પણે કેમ થાય ? આહાહા ! એવી જ્યાં વસ્તુની દૃષ્ટિ થઇ છે. કાંતિભાઇ ! કાલે આવ્યું'તું ને ? નીચે આંહી પૈસા બોલ્યા'તા બધા, ૫-૬ હજાર રૂપિયા સોનગઢવાળા તરફથી થયા'તા ન્યાં. બે મૂર્તિ આને લીધી. એક પંદર હજારની લીધી ને એક સાડાસાત હજારની લીધી.

આપણા હરિભાઇએ સાડા આઠસોનું લીધું, એક ધર્મધ્વજ. પહેલું એ

અને એની બેનનો બે હજારનો અભિષેક. એમ કરતાં થઇ ગ્યા'તા ૫-૬ હજાર, એ વાત હોય છે વિકલ્પ, વિકલ્પ ને કાળે એ વિકલ્પ હોય. ક્રિયા થાય તો એને કારણે થાય, પરને કારણે(નહિં) પણ વિકલ્પરૂપ પરિણમન થઇ જવું, આહાહા! એ વસ્તુનું સ્વરૂપ નથી. હેં? આહાહા! ભગવાન આત્મા શુભાશુભભાવ જે, જેનાથી પુણ્યપાપનું સ્વરૂપ બંધાય, એ શુભઅશુભ ભાવથી સ્વભાવમાં એકતા ન થાય. આહાહા! કહે છે કે એવું જે દૃષ્ટિનું સ્વરૂપ જેને દ્રવ્ય સ્વભાવ દૃષ્ટિમાં આવ્યો, એ ધર્મીને સ્વસંવેદન મુખ્ય કાર્ય છે. આહા! મુખ્ય, આમ તો કાર્ય જ એકજ છે પણ એકકોર વચન, કાયાથી ક્રિયા થાય છે ને? એથી આંહી મુખ્ય શબ્દ વાપર્યો છે. નહિં તો કાર્ય જ આ છે. શુભાશુભભાવ ને એની ક્રિયા જડની, એનું કાર્ય એનું છે જ નહિં. આહાહા! સમજાણું કાંઇ?

તે ધર્મી જેની દૃષ્ટિ દ્રવ્ય એટલે કે વાસ્તવિક વીતરાગ સ્વરૂપ બિરાજમાન એવું જે તત્ત્વ સ્વ એની જેને દૃષ્ટિ અંતર થઇ છે, અનુભવ થયો છે, એના વેદનમાં તો એકલું જ્ઞાન ને આનંદનું વેદન હોય છે. આહાહા! ત્યાં મુખ્ય વેદન તરીકે કેમ ગણાય? ત્યાં મુખ્ય કાર્ય ઠીક, પણ મુખ્ય વેદન ત્યાં ઠીક છે. વજુભાઇ! સમજાણું આંહી? મુખ્ય કાર્ય નહિં? કાર્ય તો એક જ છે, પણ એનું મુખ્ય વેદન આ છે. સમજાણું કાંઇ? અને તેમાં તે પોતાના ઉપયોગને લગાવે છે. કેમકે જ્ઞાયક સ્વરૂપ, ચૈતન્ય સ્વરૂપ દૃષ્ટિમાં આવ્યું છે, એના ઉપર જેની જવાબદારી છે અથવા એ જ હું છું, એમ જ્યાં અનુભવમાં આવ્યું છે, એને એના તરફ જ વલણ ઉપયોગનું મુખ્યપણે રહે છે. ઉપયોગનું મુખ્યપણે રહે છે એ વાંધો નહિં, કાર્ય તરીકે જરી એ ફેર છે. સમજાણું કાંઇ? આહાહા! કદાચ લાંબો સમય સ્વરૂપમાં સ્થિર ન રહી શકે. ધર્મી જીવને દ્રવ્યદૃષ્ટિ, વસ્તુ દ્રષ્ટિ, સ્વભાવ દૃષ્ટિ અને સ્વભાવનું પરિણમન વેદન થયું છતાં સ્વરૂપમાં રહી શકે નહિં લાંબોકાળ તો, પ્રયોજનવશાત્ આહાર, ઉપદેશ આદિનો વિકલ્પ આવે મુખ્યપણું મુનિનું લીધું છે ને? સમાધિ. આહારનો ને ઉપદેશ આદિનો વિકલ્પ આવે છે. આહાહા! ઉપદેશનો વિકલ્પ છે એ તો રાગ છે.

ઉપદેશ આદિ વાંચન કરવું, લખવું કાંઇક શાસ્ત્ર આદિ, એવો વિકલ્પ ઉઠે તો તે કાર્ય અનાસક્તિ ભાવે, અતન્મય ભાવે થાય છે, એટલે રાગને સ્વભાવની એકતા કર્યા વિના, રાગ અને સ્વભાવની એકતા કર્યા વિના એ કાર્ય થાય છે. આહાહા! સમજાણું કાંઇ? અનાસક્તિ ભાવે, ઓલા અનાસક્તિ આ ગાંધીજી કહે છે એ નહિં, હોં! ગાંધીજી કહે છે એ તો કરવું પણ આસક્તિ ન કરવી. આંહી તો કહે છે કે કરી શકાય જ નહિં. કરે શું? એવી વાત છે. છે ઓલું ગીતાનું એવું વાક્ય છે. ખરુંને? આ તો માર્ગ જુદો

બાપુ વીતરાગનો. કરી શકાતું જ નથી, દેહાદિ પરની ક્રિયા. રાગનું કાર્ય પણ નિશ્ચયથી તો છે જ નહિં પણ સ્વરૂપમાં દૃષ્ટિ હોવા છતાં સ્થિરતામાં, રમણતામાં લાંબો કાળ રહી શકે નહિં એથી એને આવા વિકલ્પો આવે.

શુભઅશુભ ભાવના વિકલ્પો એ તો અહીં તો અશુભની લીધી જ નથી. આહાર આદિ ઉપદેશ. મુનિની પ્રધાનતાથી વાત કરી છે ને? આહાર આદિનો વિકલ્પ આવે, ઉપદેશનો વિકલ્પ આવે, લખવાનો કે કોઈ શાસ્ત્ર રચવાનો કોઈ વિકલ્પ આવે, મુનિ ને તો એ છે ને? મુનિને કાંઈ અશુભભાવ છે નહિં. આહાહા! ચોથે, પાંચમે અશુભભાવ આવે, હોય, છતાં તેને કર્તવ્ય તરીકે સ્વીકારીને તેમાં સુખબુદ્ધિ હોતી નથી. આહાહા! એવો મારગ. તે કારણે અનાસક્તિ એટલે અતન્મય એનો અર્થ આ બરાબર છે. અતન્મય એટલે રાગની સાથે એક થઈને તે રાગનું કાર્ય થતું નથી. ભિન્ન રહીને રાગનું કાર્ય થાય છે. આહાહા! આવો મારગ છે. તે કરવાને તેને મનમાં ઉત્સાહ નથી, એની ભાવના નથી.

ઉત્સાહનો અર્થ આ કરવા જેવું છે, એવી એને ભાવના નથી. આહાહા! રાગની ભાવના હોય તો તે દ્રષ્ટિ મિથ્યા થઈ ગઈ. હેં? આહાહા! સ્વરૂપની દ્રષ્ટિ ને સ્વરૂપની ભાવના હોવા છતાં આવો રાગભાવ આવે, થાય પણ મનમાં એની ભાવના આ થાઓ અને ઠીક થાય છે, એવી ભાવના જ્ઞાનીને હોતી નથી. આહાહા! આવો મારગ જગતને પચવો. હેં? એથી એને લાગે ને આ બધું સોનગઢમાં તો એકલું નિશ્ચયનું જ હાલે છે, વહેવારનો તો લોપ કરી નાંખે છે. હેં. નહિં? બધા એ કહે છે. શ્રીમદ્‌ના ભક્તો એમ કહે, સંપ્રદાયવાળા એમ કહે. કહે બાપુ શું થાય? સત્ય જ આવું છે. ત્યાં વહેવારના વિકલ્પ જે ઉઠે ભક્તિનો એ કર્તવ્ય તરીકે છે, એમ જ્ઞાની સ્વીકારતો નથી. આહાહા!

અતન્મયપણે તે રાગ આવે છે. અતન્મય, અતન્મય એટલે તે મય થયા વિના. સ્વરૂપની જ્ઞાન દૃષ્ટિરૂપે થઈને અને રાગરૂપે થયા વિના રાગ આવે છે. આહાહા! એનું કાર્ય ને અંગે ભાવના એની નથી એની કે આ શુભભાવ હો, અશુભભાવ હો. આહાહા! કાર્ય ને અંગે શરીર વાણીની જે ક્રિયા થાય છે એ શરીર ને વાણીની ક્રિયા તો થાય. જે કાળે એ, આપણે આવી ગયું'તું ને? એકસો સાત(૧૦૭) ગાથા, નહિં? જન્મક્ષણ દેહનું જે પર્યાયનું ઉત્પત્તિ ક્ષણ છે, એ ક્ષણે એ ઉત્પન્ન થશે જ. જે શરીરની અવસ્થા, પર્યાય આ હાલત એનો ઉત્પત્તિક્ષણનો કાળ છે એ થશે જ. એને કરે તો થાય, ને ન કરે તો થાય એવું કાંઈ છે નહિં, થશે જ. આહા! શરીર અને વાણીની જે ક્રિયા થાય છે, તેમાં તેને એકતાબુદ્ધિ કે કર્તાબુદ્ધિ તો નથી. જોયું? અતન્મય નથી એટલે રાગ સાથે સ્વભાવની

એકતા તો નથી.

રાગ થવા છતાં ધર્મીને સમ્યગ્દષ્ટિને રાગ સાથે એકતાબુદ્ધિ નથી. ભિન્નતા બુદ્ધિએ રાગ વર્તે છે. આહાહા! હવે આખો દિ' આ શરીર ને વાણીની બધી ક્રિયાઓ કરે ને કહે છે કે અમે કરીએ ત્યારે થાય છે કે નહિં આ. ભાઈ શું કરો છો? તને ખબર નથી, તને વિકલ્પ રાગ કર ને એમાં તન્મય થા, એ સિવાય શરીરની ક્રિયા એને કાળે થવામાં તું, એનો અધિકાર તારો બિલકુલ નથી. આહાહા! તે ક્રિયા ને એકતા બુદ્ધિ કે કર્તાબુદ્ધિ તો નથી. બે વાત લીધી. એકતાબુદ્ધિ નથી. રાગ આવે ઉપદેશ આદિનો, આહાર આદિનો એમાં સ્વભાવ વસ્તુ અને રાગની એકતા બુદ્ધિ નથી ધર્મીને તેમ કર્તાબુદ્ધિ નથી. એકતા બુદ્ધિ નથી એટલે કર્તાબુદ્ધિ નથી. આહાહા! આવો ઉપદેશ હવે માણસને શું કરવું? ઓલું ઈચ્છામિ પડિક્કમિયું ઈરિયાવહિયાએ વિરાહણાએ એ કરતા'તા લ્યો. તસ્સ મિચ્છામિદુક્કડં જીવીયાઓ વવરોઈયા તસ્સ મિચ્છામિ દુક્કડં. નહિં.? ને ઓલા તસ્સ ઉત્તરીમાં તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામી, કહો સહેલું સટ્ટ, કાંઈ છે એમાં સમજવું? (**શ્રોતા :** કાંઈ સમજવાનું જ નહિં, ઘડિયા બોલવાના) હેં? ઘડિયા બોલવાના. આહાહા!

જીંદગીને વેડફી નાખી, અજ્ઞાનમાં. આંહી તો કહે છે પ્રભુ, જેને ધર્મ થાય એને ધર્મીની દૃષ્ટિ થાય. જેને ધર્મ થાય એને ધર્મીની દૃષ્ટિ, વસ્તુની દૃષ્ટિ થાય. આહાહા! ત્યારે તેને ધર્મ થાય. એ ક્રિયા દયા દાન ને વ્રત ને ભક્તિને ઈચ્છામિ પડિક્કમણું, નમોત્થુણં ને અરિહંતાણં ભગવંતાણં આઈગરાણં. એમ કહ્યું છે કે નહિં? એ રવીચંદ ભાઈ, નમોત્થુણં નથી કર્યું, સામાયિક તો કરી હશે કે નહિં? ઘડિયા તરીકે. સાત પાઠ આવે છે કે નહિં? પહેલો નમો અરિહંતાણં, બીજો તિક્ખુતો, ત્રીજો ઈચ્છામિ પડિક્કમિયું, ચોથો તસ્સ ઉત્તરીકરણેણં, પાંચમો લોગસ્સ, છઠ્ઠો કરેમિભંતે, સાતમો નમોત્થુણં. આ તો દસ વરસની ઉંમરથી કર્યું'તું અમે તો, જૈનશાળામાં ભણતાને? ભણતા, સોમચંદ માસ્તર ભણાવતા હતા અમારે આંધળા હતા, સોમચંદ ભગત હતા ને? કુંવરજીભાઈના કાકાના દીકરા. આંધળા જનમથી નાની ઉંમરથી શીખવે એ બધું. પરીક્ષા લેતા. આંહી કહે છે એ જ્ઞાનીને શરીર ને વાણીની ક્રિયા થાય ખરી, કેમકે શરીર અને વાણી જે જડ છે, એનો એનો ઉત્પત્તિકાળની ક્રિયા હોય, તે કાળે તે થાય. પણ ધર્મીને તેમાં એકત્વબુદ્ધિ નથી તેથી તેને આ કરવા જેવું છે, એવી બુદ્ધિ નથી. આહાહા! ભારે, શરતું ભારે. હેં?

ઓલું તો આઠ વર્ષની છોડી હોય ને પાંચ સામાયિક કરે, એક પથેણે પાંચ સામાયિક. જાઓ પછી એક એક રૂપિયો આપો સૌને, લ્યો એટલે એને અનુમોદન થયું.

ઓલાને ધર્મ થયો આને અનુમોદનનો ધર્મ થયો. ધૂળે ધર્મ નથી. આ ધર્મ ક્યાં હતો ત્યાં? એ તો રાગની ક્રિયા શુભની હોય તો. અશુભમાં ભાવમાં આવ્યો હોય તો અશુભમાં રહે તો મિથ્યાત્વ છે. આંહી મિથ્યાત્વ છે. શુભમાં રહેવું એ ક્રિયા મારી છે એમ માને છે એ. આહાહા! કહે છે કે તેને તે એકતા બુદ્ધિથી કરતો નથી પણ તે ક્રિયા કરવાના વિકલ્પને પણ તે ભલો માનતો નથી. એટલે શું કહ્યું? કે વાણીને દેહની ક્રિયા તો થાય તે કાળે એ આત્મા કરતો નથી. અજ્ઞાની એ કરતો નથી વાણી ને જડને, પણ આને વિકલ્પ આવ્યો છે તે કાળે એ ક્રિયા ક્રિયાને કાળે થાય, એને એકતાબુદ્ધિ નથી, કર્તાબુદ્ધિ નથી અને વિકલ્પ જે આવ્યો છે એને ભલો માનતો નથી. ઓહોહો! ભારે શરતું. ભાઇ!

ધર્મ બહુ સહેલો હતો ને મોંઘો કરી નાંખ્યો એમ માણસ કેટલાક કહે છે. હેં? નહિં જયંતિભાઇ? ગામડામાં ક્યાં હતું આવું તમારે ત્યાં? સામાયિક કરવું ને પોહા કરવા ને પડિક્કમણા કરવા, અપવાસ કરવા આઠમ ને પૂનમના. આહાહા! એ વિકલ્પ આવે વૃત્તિ શુભ ઉપદેશની ને આહારની. આહાહા! એની હારે એકમેક તો નથી, કર્તાબુદ્ધિ નથી તેથી તેને ભલો માનતો નથી. આહાહા! આટલી જવાબદારી છે. એવું વસ્તુનું સ્વરૂપ જ છે. આહાહા! સમજાણું કાંઇ? વિકલ્પને તોડી સ્વરૂપમાં સ્થિર થઇ, એ જે આહાર, ઉપદેશ આદિનો વિકલ્પ આવ્યો એને પણ રહિત થઇ, ભાષા ઉપદેશમાં તો એમ જ આવે ને? તોડીને એને એટલે કે આત્મામાં એકાગ્ર થઇને એમ એને ઉત્પન્ન થવું નહિં, એને તોડવું એમ કહેવામાં આવે છે. સ્વરૂપમાં વિકલ્પને તોડી, સ્વરૂપમાં સ્થિર થઇ હું શુદ્ધાત્માને ક્યારે અનુભવું, એમ ધર્મીની વારંવાર રૂચિ ત્યાં સ્વભાવ તરફ કામ કરે છે. આહાહા! આવું બધું સંસારમાં રહીને કેમ થાય? પણ સંસાર એટલે શું? ઉદયભાવ, રાગ. હેં? રાગમાં રહીને એ ન થાય પણ રાગથી ભિન્ન પડીને રાગની ક્રિયા હોય એ બની શકે. આહાહા!

ભરત ચક્રવર્તી, છ(૬) ખંડનું રાજ હતું, છન્નુ(૯૬) હજાર તો સ્ત્રી હતી, છન્નુ(૯૬) કરોડ તો પાયદળ હતું. પણ એ હતું એ તો એના અસ્તિત્વથી હતું, એની સત્તાથી હતું. મારી સત્તાને લઇને એ હતું? એમ એ સત્તાનો હું ધણી, માલિક છું, એમ ભરત નહોતા માનતા. હેં? છન્નુ(૯૬) કરોડ પાયદળમાં રહેવું, છન્નુ(૯૬) હજાર સ્ત્રીમાં રહેવું કે એને હું નહોતો માનતો. ત્યારે તો શું કરવા ભેગા રહેતા હતા? અરે! સાંભળને ભાઇ, તને સંયોગમાં છે એમ દેખાય છે, પણ જ્ઞાની સંયોગમાં નથી. આહાહા! તેમ તે વિકલ્પને કરવા માંગતો નથી, પણ થઇ જાય છે. એને રહિત થવું, રહિત થવું એવી

ભિન્નપણાની ભાવના કાયમ હોય છે. વિકલ્પથી ભિન્ન પડવું, ભિન્ન તો છે, ભિન્નનું ભાન તો છે પણ એનાથી રહિત થઈને ઠરું ક્યારે અંદર ? એવી સમકિતીની ધર્મીની ભાવના હોય છે. આહાહા ! અને પછી આ બીજાઓને લાગે હોં ! માણસ કહે, આ તો બધું માળા. હેં ?

આ માનસ્તંભની ન્યાં જોવો તો કેટલી ? આઠ તો મૂર્તિ સ્થાપી, ચાર ઉપર ઊભી, ઊભી પ્રતિમા હોં ! હેઠે બેઠી. આઠ ને પાંચ બીજી, નહિં ? પાંચ હેઠે. હેં ? પાંચ ધાતુની, ધાતુની હેઠે, એમ કે પરનું કેવા ? પ્રદ્યુમન ને નંદી ને એવા બધાની હેઠે સ્થાપી. પૈસા બહુ ખર્ચ્યા એણે, બિયાનામાં. એ ધમાલ, ધમાલ પણ નેમીનાથ ભગવાનની મોટી પ્રતિમા આવડી, હેઠે સ્થાપી એક. પૈસા ઘણા, બાયડી ભાયડો બે છે. છે નહિં બીજું કોઈ. મકાન બકાન વેંચી નાંખીને પૈસા કર્યા ભેગા, એ શુભભાવ છે એટલું. જો આ મારાથી આ થાય છે આ. એ તો મિથ્યાભાવ છે. આહાહા ! શુદ્ધાત્માને ક્યારે અનુભવું ? કેમકે આત્મરસ જેણે ચાખ્યો છે, ધર્મીને આત્મરસ ચાખ્યો છે. આહાહા ! તમારા નો'તા કહેતા પૂનમચંદ ? બાપાને પૈસાનો રસ ક્યાં હતો ? પૈસા ક્યાં હતા એની પાસે ? એ તો પચ્ચીસ ત્રીસ હજાર, એટલા તો હતા, પાંત્રીસ હજાર કહેતા'તા.

છોટાભાઈના બાપ નારણભાઈ પાસે પાંત્રીસ હજાર. તે દિ' તો પાંત્રીસ હજાર એટલા હતા. આ તો કરોડપતિ. પાંચ કરોડ. એક ફેરી અમદાવાદ વાત નીકળી કે બાપાએ ક્યાં પૈસાનો રસ જોયો છે. એણે પૈસાનો રસ જોયો છે, અમદાવાદમાં. આહાહા ! એમ ધર્મીએ આત્માનો રસ જોયો છે. અજ્ઞાનીએ રસ ક્યાં જોયો છે ? આહાહા ! એ રસના પ્રેમીલા ધર્મી આત્મરસના પ્રેમી, રસિક. આહાહા ! કોઈ કૃષ્ણ લ્યો રે કૃષ્ણ. નહોતું આવતું ઓલું. ગોપીઓનું આવે છે ને ? ગોપીઓ નીકળે દહીં વેંચવાને દહીંમાં મટકું ને કોઈ કૃષ્ણ, ઓલો હ્રદયમાં કૃષ્ણનો પ્રેમ છે ને ? એટલે એ અહીં લીધું છે, છે તો દહીં વેંચવા નીકળ્યા. ગોપીઓમાં આવે છે, કોઈ કૃષ્ણ લ્યો રે કૃષ્ણ. જેનો જેને રસ એનો એને વાણી નીકળે છે કહે છે. એમ આંહી કહે છે કે એ આત્માનો આનંદ રસ લ્યો પ્રભુ. એ આનંદના રસથી ભરેલો ભગવાન છે. આહાહા !

જેમાં છલોછલ અતીન્દ્રિય આનંદથી ભરેલો પદાર્થ છે. એની નજરમાં તને રસ આવે અને એ નજરું એ રસમાં જ કાયમ રહ્યા કરે, એવી ભાવના ધર્મીને હોય છે. આહાહા ! આ બધા ક્રિયાકાંડીઓને તો એવું લાગે. હેં ? અમારા હીરાજી મહારાજ બિચારા ઘણા સંપ્રદાય કરતાં, એની ક્રિયા વહોરવાની એને માટે આહાર કરીને લે નહિં, પ્રાણ જાય

તો પણ. હીરાજી મહારાજ હતા, ૭૪માં અને શાંત કષાય મંદ બ્રહ્મચારી પણ દૃષ્ટિમાં કાંઈ ખબર ન મળે. જીંદગીમાં સાંભળેલું નહિં કે પરની દયા પાળી શકાતી નથી. એ શબ્દ સાંભળેલો નહિં. આહાહા! અઠ્ઠાવન વર્ષ, છેતાલીસ વર્ષની દીક્ષા. બાર વર્ષની ઉંમરે દીક્ષા લીધેલી. ખીમચંદભાઈએ જોયા હશે, નહિં? હેં? હા જોયા હશે, નાગનીશ ને રાણપર રહે ને? બાર વર્ષની ઉંમરે. બિચારા બ્રહ્મચારી હોં. બાળબ્રહ્મચારી પણ એને કાને આ શબ્દ નહિં પડેલા, કે આ પરજીવની દયા આત્મા ન પાળી શકે. પરની દયા પાળવું એનું નામ જ ધર્મ છે એમ કહેતા. આહાહા!

વીતરાગ તો કહે છે કે પરની દયાની, જીવનનું આત્મા કરી શકે જ નહિં. પરની પર્યાયની દયા શી રીતે પાળે? આહાહા! અઠ્ઠાવન વર્ષે કાળ કરી ગયા. યાદ નથી કાંઈ, ચુમ્મોતેર થયા નહિં હોય એ તમને તો યાદ હશે ને? નથી? એ કાંપનું ઓલું છે ને? કાંપનું નાળું નથી ન્યાં? નીચે બાળ્યા'તા. ચૈત્રવદ, ૭૪ના ચૈત્રવદ આઠમે ગુજરી ગયા, ૭૪ના ચૈત્રવદ નોમે ત્યાં બાળ્યા'તા. એ પુલની હેઠે. અમે આવ્યા'તા પછી. પાંચ, સાડાચાર-પાંચ ગાઉ છેટે હતા. (**શ્રોતા :** બહુ મોટી સ્મશાન યાત્રા નીકળી તી હોં) બહુ મોટી. આ રાયચંદ ગાંધી જેવા પાંચ પાંચ લાખના આસામી તે દિ', ને પચાસ પચાસ હજારની ઉપજું. લૂગડાં આમ ખુલ્લા ને ઓલું લઈ સુખડના શું કહેવાય? સુખડ, સુખડ, સુખડના લાકડા. એ સામે આવ્યા'તા અમારે. આહાહા! અને જ્યાં અપાસરામાં ગર્યા. ચૈત્રવદ નોમની વાત છે. ચુમ્મોતેરના ચૈત્રવદ નોમ. કેટલા વર્ષ થયા? સત્તાવન. અને જ્યાં ગર્યા અંદર એમાં પાલખી ઉપાડી. તૈયાર રાખી'તી અંદર અને ઉપાડી ને તો રોવે માણસો. છોકરો વીસ વર્ષનો મરી ગયો હોય એમ રોતા માણસો. હવે મારો હીરો જાય છે. અરે એટલો પ્રેમ માણસને, વસ્તુની કાંઈ ખબર ન મળે, ધર્મ દૃષ્ટિની કાંઈ ખબર નહિં, પણ સંપ્રદાયના માણસોની ક્રિયા છે એના કરતા એની બીજી ઉંચી હતી.

(**શ્રોતા :** એ આપના ગુરુ હતા ને?) ગુરુ આત્માના બીજા હતા. આહાહા! અહીં તો એવુ કહેવું છે ને કે એવા જીવને પણ આવી વાત સાંભળવા મળી નહિં, જેના મરણ વખતે જ્યાં ઉપાડી ઓલી પાલખી, કાંપમાં દરવાજા બહાર અપાસરા બહાર નહિં. ઓહોહો! આર્યા રોવે, સાધુ રોવે, ગૃહસ્થો રોવે, બાઈયું રોવે, રોવે, રોવે. હેં? એટલો પ્રેમ, હીરાજી મહારાજ સંપ્રદાયના ગુરુ હતા અમારા, એટલો પ્રેમ. અરેરે! પણ આ આત્મા પરનું કરી શકે નહિં, એ શબ્દ કાનેય પડેલો નહિં. આહાહા! આત્મા એ તો 'અહિંસા સમયમ્ ચેવ એતાવતમ્' બહુ શાંતિથી બોલે. ભાઈ! ભગવાન એમ કહે છે કે,

હજારો સ્ત્રીના ટોળાં બેઠાં હોય નજર ક્યાંય નહિં. આમ નજર રાખે આમ. ભગવાન આમ કહે છે પ્રભુ, એમ બોલે. 'અહિંસા સમયમ્ ચેવ' પર જીવની દયા પાળવી એ આખા સિદ્ધાંતનો સાર છે. 'એતાવતમ્ વીયાણીયં' એટલું જાણ્યું એણે બધું જાણ્યું એમ કહેતાં. કો' વજુભાઈ! ને અહીં તો અત્યારે આઠ આઠ વર્ષના છોકરાઓ ને સાંભળવા મળે આવી વાત. આહાહા!

(શ્રોતા : ભાગ્ય અમારા) જૂનાગઢમાં આઠ આઠ વર્ષના છોકરા માળા કૂદીને જાતાં લ્યો ઉપર. બધે ફર્યા. ઉપર જાય, પાછા સહસાવનમાં, પાછા આવ્યા, પાછા બીજે દિવસે પાંચમી ટૂંકે, વળી આવ્યા ને પાછા હેઠે ઉતર્યા, આઠ આઠ વરસના છોકરા. વાત તો આ હતી અમારી ન્યાંય તે ઉપદેશમાં તો. બાપુ મારગ તો આ છે. ભાઈ! દુનિયા રાજી થાય ન થાય એની હારે તત્ત્વને કાંઈ સંબંધ નથી. આહાહા! જગતને રૂડું દેખાડવા અનંતવાર કર્યું. આવે છે શ્રીમદ્‌માં આવે છે. જગતને રૂડું દેખાડવા એવા દયાના સત્‌ના બ્રહ્મચર્યના ભાવ કર્યા એ તો શુભભાવ છે. એ કાંઈ ધરમ નથી. એથી રૂડું થયું નથી. છે એમાં? ચીમનભાઈ! જગતને રૂડું દેખાડવા અનંતવાર કર્યું પણ એથી જીવનું રૂડું થયું નથી. આહાહા!

ભગવાન આત્માનું રૂડું તો ત્યારે થાય કે એ દયા દાનને વ્રતના વિકલ્પ છે એને ભલો ન જાણે અને એનાથી ભિન્ન સ્વરૂપના આનંદના રસને ભલો જાણે. આહાહા! ત્યારે એને સમકિત સન્મુખ થાય અને સમ્યગ્દર્શન ત્યારે થાય એને. આહાહા! ચારિત્ર તો કાંઈક બીજી વાત છે આખી. એ તો ચારિત્ર તો હિંદુસ્તાનમાં ક્યાંય છે જ નહિં અત્યારે. ચારિત્ર કોને કહેવું એ, ચારિત્ર કોને કહેવું એની ખબરું નથી. આહાહા! સમજાણું કાંઈ? હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી, ત્યાં ચારિત્ર ક્યાંથી આવ્યા? આ દીક્ષા લઈને મુંડાવે છે ને? મિથ્યાત્વની દીક્ષા છે બધી. આહાહા! આકરી વાતું બાપા. જગતને, હેં? આંહી એમ કહે છે કે ધર્મી જેને કહેવાય એને તો આત્માના અતીન્દ્રિય આનંદનો રસ જેણે ચાખ્યો છે, એ આનંદનો રસિકલો થયો છે. આહાહા! એને જગતના પુણ્ય ને પાપના ભાવનો અંતરમાંથી રસ જેને ઉડી ગયો છે. આહાહા! મોહનભાઈ! ભારે વાતું ભાઈ આવી. આહાહા!

એ, ક્યારે હું શુદ્ધાત્માને અનુભવું? એવી તેને નિરંતર ભાવના હોય છે. જોયું? આહાહા! આ ભાવનાના બળથી તેનો ઉપયોગ બહારની ક્રિયામાં લાંબો વખત ટકતો નથી. બહારનું લક્ષ લાંબો વખત ટકતું નથી એમ કહે છે. ક્રિયા કરતો નથી પણ ઉપયોગ જે બહારમાં આમ જાય છે, તે લાંબો કાળ એમાં ટકતો નથી. આહાહા! આવું

વીતરાગ સ્વરૂપ. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે આવું કહ્યું ને આવું સ્વરૂપ છે. સીમંધર ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજમાન છે. એ ભગવાન આ કહી રહ્યા છે, આ રીતે ત્યાં. આહાહા ! એ સંતો ત્યાં જઈને આ લાવ્યા ને જગતને કહ્યું ને બતાવ્યું બાપુ, મારગ તો આ છે. તમે માનો કે અમે દયા પાળીએ ને આ વ્રત પાળીએ ને ઉપવાસ કરીએ માટે ધર્મ થાય, એ ત્રણ કાળમાં ધર્મ થાતો નથી એને. એ ક્રિયામાં જે રાગ છે શુભ, જો રાગ શુભ હોય તો, એ પણ પુણ્ય છે. એને પણ ભલું માનવું એ મિથ્યાત્વ છે. આહાહા !

કહે છે, બહારની ક્રિયામાં લાંબો વખત ટકતો નથી. ત્યાંથી હઠી તુરત જ સ્વ તરફ વળે છે. આહાહા ! જેને આત્માના આનંદની મોજ જેણે માણી છે. આહા ! સમકિતી એટલે ઇ ભલે ગૃહસ્થાશ્રમમાં, રાગમાં દેખાય પણ, એના આનંદના રસને એકવાર જોયો છે, અનુભવ્યો છે, એને વારંવાર તેના તરફ અનુભવવાનું વલણ રહ્યા કરે છે. આહાહા ! એનું નામ સમાધિ. સમકિત દર્શન એ સમાધિ છે. ઓલા બાવા સમાધિ કરે એ નહિં, હોં ! ઓલા બાવા કરે ને આમ ? આ તો વીતરાગ સર્વજ્ઞ દેવ પરમેશ્વરે કહેલો આત્મા એને જેણે આશ્રય લીધો, એને સમાધિ થાય છે. આહા ! એટલે કે એને શાંતિ થાય છે. 'ચિત્ત સમાધિ હુવે દસ બોલે' એવું આવે છે શ્વેતાંબરમાં, દશાંગ સૂત્રમાં. ઈઠયોતેરમાં એ શરૂ કર્યુ'તું બોટાદમાં. 'ચિત્ત સમાધિ હુવે દસ બોલે', એમાં સમ્યગ્દર્શનની પહેલી સમાધિ કહી છે. દસ બોલ છે, દશાંગસૂત્ર છે એમાં છે, પણ એના અર્થ કરનારા ન મળે. કરનાર પોતે સાચો નહોતો. આહાહા ! એણે તો ધારણાની વાતો જગતને કરેલી. એ કાંઇ ભગવાનની વાણી નથી. આહાહા !

આ તો ભગવાન ત્રિલોકનાથ વીતરાગના પેટની વાણી છે, આ તો અંદરની. આહાહા ! ક્રિયામાં લાંબો વખત ટકતો નથી. ત્યાંથી હઠી તુરતજ સ્વ તરફ વળે છે. જ્ઞાનીને નીચલી ભૂમિકામાં અસ્થિરતાને લીધે રાગ હોય છે. ધર્મીને ચોથે ગુણસ્થાને, પાંચમે કે છઠ્ઠે, આત્માનું વેદન સંવેદન હોવા છતાં, એને રાગ આવે છે, રાગ હોય છે અને વચન, કાયાની ક્રિયા પ્રત્યે લક્ષ જાય છે, લક્ષ જાય છે એટલું હોં. લખ્યું છે, સારું લખ્યું છે આ, વચન ને કાયાની ક્રિયા કરે છે એમ નહિં પણ લક્ષ જાય છે. અસ્થિરતાનો ઉપયોગ છે એટલે ત્યાં લક્ષ જાય છે, પણ પોતાના જ્ઞાન સ્વભાવને ભૂલે એવી તેનામાં આસક્તિ હોતી નથી. પરમાં લક્ષ જવા છતાં હું જ્ઞાન ને આનંદ છું, એ ભૂલીને લક્ષ જતું નથી. આહાહા ! સમજાણું કાંઇ ?

પોતાનો જ્ઞાન સ્વભાવ જ્ઞાતા દૃષ્ટા એ આત્મા છે. એ રાગ ને દેહની ક્રિયા

એ આત્મા નથી. દેહની ક્રિયા અને વાણીની ક્રિયા એ તો જડ અજીવ, રૂપી અજીવ અને પુણ્ય ને પાપનો વિકલ્પ ઉઠે તે અરૂપી અજીવ. આહાહા ! એ બેય અજીવથી ભિન્ન ચૈતન છે. આહાહા ! એનું જ્ઞાનીને જ્ઞાન કાયમ રહે છે. આહાહા ! પોતાના જ્ઞાન સ્વભાવને ભૂલે એવી તેનામાં આસક્તિ હોતી નથી. બહાર જ્ઞાનીને બાહ્ય વચન કાયની પ્રવૃત્તિ હોવા છતાં, શરીર ને વાણીની જડની અજીવની ક્રિયા બોલવું, હાલવું એવી ક્રિયા હોવા છતાં, ધર્મીને તેને અંતરંગમાં દઢ માન્યતા છે. આહાહા ! એને અંતરંગમાં આત્માના જ્ઞાનનો અંગ જે અવસ્થા પર્યાય, એમાં દઢ માન્યતા છે કે, એ આપી છે. પ્રવચનસારની ગાથા ૧૬૦.

હું દેહ, મન, વાણી નથી. આહાહા ! આ બાયડી, છોકરા ને પૈસા ને બંગલા ને ક્યાં નાંખવા. ધૂળમાંય નથી. એ તો એના છે જડના. આહાહા ! ધર્મી એમ માને છે કે હું દેહ નથી. હું મન નથી. હું વાણી નથી. પ્રવચનસારની ગાથા છે ૧૬૦. હું તેમનો કર્તા નથી. દેહ, મન ને વાણીનો રચનારો હું નથી. આહાહા ! તેમનો કરાવનાર નથી. એ થાતા ને હું કરાવું તેય નથી. આહાહા ! કે અનુમોદનાર નથી. આહાહા ! શરીર, વાણી અને મન આ જડ છે. એનો કર્તા નથી, એનો કરાવનાર નથી ને થાય તો ઠીક થાય છે, એમ અનુમોદનારો નથી. આહાહા ! આવી વીતરાગની વાણી. હેં ? અરેરે ! જગતને સત્ સાંભળવા મળે નહિં. એ સત્ કે દિ' પામે ને કે દિ' સમજે ? આહાહા ! અને એક તો વીસ બાવીસ કલાક એને સંસારના હોય. આખો દિ' ખાવાપીવાનું હોય. ઉંઘમાં જાય, થોડું રળવામાં જાય, થોડું ભોગમાં જાય, કલાક બે કલાક બચે ત્યાં સાંભળવા જાય ત્યાં વાણી મળે જડની બધી.

આ કરો ને આ કરો, ને આ કરો. આહાહા ! અરેરે ! શ્રીમદ્ કહે છે ને કે કાંઈક થોડો વખત મળે, બાકી તો એને આમાં જાય બધો વખત સંસારમાં. રળવામાં ને આમાં ને ભોગમાં ને વિષયમાં, ઉંઘમાં ને પ્રમાદમાં ને કથા વિકથાઓમાં જાય. થોડો વખત મળે ને સાંભળવા જાય એમાં કુગુરુ લૂંટી લે એને. શ્રીમદ્માં આવે છે. એક કલાક સાંભળવા જાય એ કુગુરુ લૂંટી લે એટલે તમે આ કરો, આ કરો આમ દયા પાળો, ભક્તિ કરો, પૂજા કરો, વ્રત કરો, ઉપવાસ કરો, તમારે ધર્મ, એ બચારાને કુગુરુઓ એનો કલાક આવો લૂંટી નાંખે છે. હવે એને ક્યાં જાવું ? શાંતિભાઈ આવે છે ? શ્રીમદ્માં આવે છે. આહાહા ! હું કર્તા વિના પણ તેઓ ખરેખર કરાય છે. હું એને રચું તો થાય વાણીને, મનને, દેહ, એવું નથી. દેહ, વાણી અને મન એની મેળાએ તે રચના થઈ રહી જડની. આહાહા !

આ કેમ બેસે ? માણસ કહે મડદું, મડદું કેમ બોલતું નથી ? આત્મા નીકળ્યા

પછી શરીર કેમ હાલતું નથી? માટે આત્મા હોય એ બોલે, ને આત્મા હોય એ હલાવે શરીરને. સાંભળ રે સાંભળ ભાઈ, તારા કુતર્ક ત્યાં કામ ન આવે. આહાહા! આંહી તો કહે છે કે દેહ, વાણી ને મન જડ. એની અવસ્થાનો જે સમય છે તે ટાણે એ જડની અવસ્થા થાય. એનો હું કર્તા. મારા કર્તા વિના એ કરાય છે. જોયું? હેં? આ હલાવું, આમ આ આંગળી હાલે, એ મારા કર્તા વિના એ થાય છે, કહે છે. આહાહા! એ જડ તત્ત્વ છે ને જગતના અજીવ. એ અજીવતત્ત્વની ક્રિયા હું કરું તો અજીવને જીવ માન્યો એણે, મિથ્યાત્વ સેવ્યું, અનંતુ પાપ. મહાપાપ. આહાહા!

પેલા પડિક્કમણા બોલે, જીવને અજીવ માને તો મિથ્યાત્વ. આવે છે ને? અજીવને જીવ માને તો મિથ્યાત્વ. કુસાધુ ને સાધુ માને તો મિથ્યાત્વ. સાધુ ને કુસાધુ માને તો મિથ્યાત્વ. ધર્મ ને અધર્મ માને તો મિથ્યાત્વ. ઘડિયા હાંકે. એકે અર્થની ખબર નહિં. તુંબડીમાં કાંકરા. આ કાંકરો છે કે આ બી છે, સુકું છે. ખડખડ થાય છે કાંઈક. એ બી સુકાય ત્યારે ખડખડ થાય. ત્યાં કાંકરું, ન્યાં ક્યાં ગરી ગયો'તો અંદર? કાંઈ ખબર ન મળે બિચારાને કે. આહાહા! અહીં વીતરાગ કહે છે કે એ વાણી, મનનો હું કર્તા વિના તે કરાય છે. મારી હાજરી છે એમાં માટે શરીર ને વાણીની દશા થાય છે, એમ નથી. ભારે કામ ભાઈ આવું. (**શ્રોતા** : પરતંત્રતા ચલી ગઈ) પરતંત્રતા ચલી ગઈ એમ કે હું કર્તા વિના કરાય છે. મારી અંદર ઉપસ્થિતિ છે આત્માની, માટે શરીર આમ હાલે છે.

આ વાણી આમ બોલાય છે, કહે હા? ભગવાન ત્રણ લોકના નાથ, સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર એમ કહે છે કે તારા કર્તા વિના એ કરાય છે કારણકે એ પણ જડતત્ત્વ છે. એની પર્યાય તેનાથી થાય છે. તારા કર્તા વિના એ કરાય છે. તું કર્તા થાય તો ત્યાં થાય, ઈચ્છા કરે તો હાથ ઉંચો થાય, એમ નથી. કો' રવિચંદભાઈ! આવું ક્યાં ન્યાં છે ત્યાં કાંઈ સાંભળવા? આહાહા! મોહનભાઈ સાંભળતા'તા આંહી બેઠા, બિચારા હવે એય ગયા. આહાહા! અરે! મનુષ્યપણું મળ્યું, ઉગરવાના આરાના કાળ. ભગવાનની વાણી સાંભળવા મળી. પણ એને સત્ સાંભળવા ન મળે, શું કરે? એ શું કરે? એ ક્યાં જાય? જીંદગી વ્યર્થ જાય છે. આહાહા! મારા કર્તા વિના. માટે તેમના કર્તાપણાનો પક્ષપાત છોડી હું અત્યંત મધ્યસ્થ છું. આહા! ધર્મીની આવી દૃષ્ટિ હોય છે કે શરીર વાણી ને મનની ક્રિયા મારા કર્તા વિના થાય છે, એને કારણે થાય ત્યાં હું મધ્યસ્થ છું. હું આંહી છું માટે આ બધું થાય છે, એમ છે નહિં.

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન – ૬૪

## શ્લોક – ૫૦ અને ૫૧

**સ્થળ : સુવર્ણપુરી    તારીખ : ૧૭.૦૬.૭૫**

**नन्वेवमाहारादावप्यन्तरात्मनः कथं प्रवृत्तिः स्यादित्याह –**

**आत्मज्ञानात्परं कार्यं न बुद्धौ धारयेच्चिरम् ।**
**कुर्यादर्थवशात्किंचिद्वाक्कायाभ्यामतत्परः ।।५०।।**

આત્મજ્ઞાન વણ કાર્ય કંઈ મનમાં ચિર નહિ હોય;
કારણવશ કંઈ પણ કરે ત્યાં બુદ્ધ તત્પર નહોય ।। ૫૦ ।।

મંગલાચરણ

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।
મંગલં ભગવાન્ વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

સમાધિશતક. ૫૦ ગાથા. ૫૦ ગાથામાં પ્રશ્ન છે. એવી રીતે હોય તો વૈરાગીને પણ અંતરાત્માની પ્રવૃત્તિ કેમ થાય ? એટલે શું ? કે અંતરાત્માને પોતા સિવાય બીજે વિશ્વાસ ને રતિ હોતી નથી. એ ૪૯માં કહેવાણું. અજ્ઞાનીને જગત ઇષ્ટ અને રતિ અને આત્મા સિવાય બીજા પદાર્થનો એને વિશ્વાસ હોય છે અજ્ઞાનીને, અને જ્ઞાનીને આત્મા સિવાય બીજા પદાર્થનો વિશ્વાસ અને રતિ હોતો નથી. ત્યારે પ્રશ્ન ઉઠયો કે જ્યારે બીજા પદાર્થ ઉપર વિશ્વાસ ને રતિ જ્ઞાનીને નથી તો આ આહાર લે, વ્યાખ્યાન કરે એ એનું શું સમજવું ? એ પ્રશ્ન છે. સમજાણું કાંઇ ? છે ? આહારાદિમાં પણ અંતરાત્માની પ્રવૃત્તિ કેમ થાય છે ? આ આહાર પર પદાર્થ છે. વ્યાખ્યાન એ પર પદાર્થ છે. જ્યારે પર-પદાર્થનો જ્ઞાનીને વિશ્વાસ ને રતિ નથી તો એ પરપદાર્થમાં આહારાદિને વ્યાખ્યાનમાં પ્રવર્તે કેમ ? સમજાણું કાંઇ ? એનો આ પ્રશ્ન છે. એનો આ ઉત્તર છે. આ ગાથા ભાઇ બહુ બોલતા. પોપટભાઇ. વઢવાણ, પોપટલાલ.

**नन्वेवमाहारादावप्यन्तरात्मन: कथं प्रवृत्ति: स्यादित्याह -**

**आत्मज्ञानात्परं कार्यं न बुद्धौ धारयेच्चिरम् ।**
**कुर्यादर्थवशात्किंचिद्वाक्कायाभ्यामतत्पर: ।।५०।।**

**આત્મજ્ઞાન વણ કાર્ય કંઇ મનમાં ચિર નહિ હોય;**
**કારણવશ કંઇ પણ કરે ત્યાં બુદ્ધ તત્પર નહોય ।। ૫૦ ।।**

**એ હિન્દીનું નાંખ્યું છે આંહી ગુજરાતી ટીકા :** ચિરકાળ સુધી એટલે બહુ લાંબા કાળ સુધી બુદ્ધિમાં ધારણ ન કરે, શું ? તે કાર્ય કેવું કાર્ય ? પર એટલે અન્ય. કોનાથી (અન્ય) ? આત્મજ્ઞાનથી (અન્ય). આત્મજ્ઞાનરૂપ કાર્યને જ બુદ્ધિમાં લાંબા વખત સુધી ધારી રાખે, એવો અર્થ છે. આનંદસ્વરૂપ ભગવાન આત્મા એનું જે જ્ઞાન થયું એ આત્મજ્ઞાનને લાંબો કાળ ધારી રાખે, પરંતુ બીજું કિંચિત્ ભોજન વ્યાખ્યાન આદિ, આ તો સમાધિનો અધિકાર છે ને ? ભોજન કરવો એ વિકલ્પ, વ્યાખ્યાનનો વિકલ્પ એવા કારણે વચન કાયા દ્વારા કરે, એટલે કે વચનને કાય દ્વારા હોય એમ કરવાનો વિકલ્પ. આહાહા ! વ્યાખ્યાન ભોજન આદિ.

શાસ્ત્ર લખવા, કહેવા એ બધો વિકલ્પ છે, પણ એ વિકલ્પ ઘણો કાળ ન રાખે એમ કહે છે. કાય વચનકાય દ્વારા કરે એટલે વચનને કાયા દ્વારા થાય, એને જાણે, એનો કર્તા થાય નહિં. આહાહા ! શાથી ? કે પ્રયોજનવશ. કેમ થાય ? કે સ્વપરના ઉપકારરૂપ પ્રયોજનવશ એવા ભાવ થાય. વિકલ્પ, વચન ને કાયની તો ક્રિયા એને સ્વતંત્ર જડની

ક્રિયા છે. એનો કાંઇ આત્મા કર્તા નથી. અજ્ઞાનીએ કર્તા નથી ને જ્ઞાનીએ કર્તા નથી. અજ્ઞાની માને કે હું છું તો આ થાય છે. જ્ઞાની તો એ છે તો એની ક્રિયા જડની થાય છે, વાણીની ક્રિયા એ આત્માની નહિં. આહાહા !

સ્વપરના ઉપકાર રૂપ પ્રયોજનવશ એ વિકલ્પ આવે પોતાના હિતને માટે પણ કંઇ કહેવું આદિ સાંભળવું, એવો વિકલ્પ આવે અને બીજાના હિતને માટે પણ ઉપદેશના વિકલ્પ આવે. કેવા થઇને તે કરે ? અતત્પર થઇને. પાઠ એ છે ને ? અતત્પર, અતત્પરનો અર્થ અનાસક્ત કર્યો છે સંસ્કૃતમાં, એથી નીચે કર્યું છે. અતત્પર એટલે તેમાં અનાસક્ત થઇને. અનાસક્તની જે આ વ્યાખ્યા લોકો કરે એમ નહિં. આ કરવું અને અનાસક્તે કરવું એમ નહિં. કરવું એ જ અનાસક્તપણું નથી. આહા ! કહે છે ને આ ગીતાના વાક્યોને આ. અનાસક્ત ભાવે કરવું, પણ પરનું કરવું, એ અનાસક્ત નહિં, એ મિથ્યાત્વભાવ છે. (**શ્રોતા** : કરી શક્તું નથી) કરી શક્તું નથી એને અનાસક્ત કે દિ'. સમજાય છે ? એમ કહે જુઓ એમ આ તમારે અનાસક્તપણે કરવું એમાં આવ્યું.

ગીતામાં એમ કહ્યું છે, લોકો એમ કહે છે, ગાંધીજી એમ કહેતા અનાસક્તિએ કરવું, અનાસક્તિએ કરવું એટલે શું ? વાણીને દેહની ક્રિયા તો કરી શક્તો જ નથી અને કરી શકે છે, એમ માને છે એ અનાસક્તિ નથી, મિથ્યાત્વભાવ છે. અનાસક્તિનો અર્થ આંહી કેટલો કે અસ્થિરતા થાય છે, તેમાં એકત્વબુદ્ધિ કરતો નથી, એનું નામ અનાસક્તિ છે. સમજાણું કાંઇ ? અનાસક્તિ આવે છે ને ? સંસ્કૃતમાં અર્થ કર્યો છે, અતત્પર. પાઠમાં છે ને ? **वाक्कायाभ्यां अतत्पर** એટલે કે તેના તત્પર નામ કર્તા બુદ્ધિ જેને નથી, એમ એનું સ્વામીપણું નથી. વિકલ્પ આવે એનું સ્વામીપણું નથી. અને દેહાદિની ક્રિયા અને વાણીની ક્રિયા જડની એને કારણે જડને સમયે જડની ક્રિયા થાય. એમાં તો અનાસક્તિ એવો શબ્દ ત્યાં કાંઇ જરૂરી નથી, એ તો એને કારણે થાય. અનાસક્તિનો અર્થ આંહી રાગમાં અતત્પર રહે. અનાસક્તિ એટલે એમાં એકપણાની બુદ્ધિ ન કરે. બસ એટલું. ભારે વાત ભાઇ ! આ ગાથા બહુ ઊંચી. છે બહુ સરસ.

**ભાવાર્થ** : જ્ઞાની પોતાના ભાવમનને (ઉપયોગને) આત્મજ્ઞાનના કાર્યમાં જ રોકે **आत्मज्ञानात्परं कार्यं न बुद्धौ धारयेच्चिरम** એમ શબ્દ છે ને ? આવે, વિકલ્પ આવે. અશુભ પણ વિકલ્પ આવે, પણ તે કાર્યમાં રોકે નહિં. આત્મજ્ઞાનથી કોઇ અન્ય વહેવારિક કાર્યમાં લાંબા વખત સુધી રોકતો નથી, એમ આવે. થયો, સ્વામી પણે રહિત, સહિત છૂટી ગયું. સ્વામીપણાનો અર્થ ઇ છે કે એ કાર્ય મારું છે અને હું કર્તા, એનું નામ સ્વામીપણું, પણ એ કાર્ય મારું નથી પણ

હું એનો જાણનાર છું, એનું નામ અનાસક્તિપણે કહેવામાં આવે છે. (**શ્રોતા** : એકવાર આપ કહેતા'તા એ વાત કરાય) કયા ? કરાય એટલે વહેવાર આવે છે, એમ વહેવારના વિકલ્પો આવે. વહેવારનયથી એમે કહેવાય કે પંચમહાવ્રત પાળવા પણ એ તો કથનની શૈલી છે.

પંચમહાવ્રત પાળવા, રક્ષા કરવી, અતિચાર લાગવા દેવો નહિં. અતિચાર લાગે તો એનું પ્રાયશ્ચિત લેવું, એવું આવે. વહેવારના શબ્દની શૈલી છે ઇ, બાકી કરવું, એ રાગનું કરવું ને પાળવું એ વસ્તુમાં છે નહિં. ઝીણી વાત છે બહુ. આહા ! શ્રાવકના ને સાધુના સમ્યગ્દ્રષ્ટિને આચરણના વિકલ્પો આવે, બાર વ્રતના, પંચમહાવ્રતના. સમ્યગ્જ્ઞાન થયા પછી પણ, છતાં એ એને સ્વામીપણે ન કરે. સમજાણું ? (**શ્રોતા** : કરવું અને પાછું થાવું) કરે નહિં. કરે શું ? થાય. કરવું ને થાય, એ બેમાં મોટો ફેર છે. નહોતું કહ્યું ? ૭૩ ગાથામાં એમ કહ્યું, ૭૩ કે નહિં ? તમારે આજ હાલીને, હેં ? બધાય હતા ને કેવા ? તમારે મોટા ભોગીભાઇ. ભોગીભાઇ તો સામા આવ્યા'તા અને વ્યાખ્યાનમાં તો બેય આવ્યા'તા, બાપ દિકરો બેય. બકુભાઇને બેય. આ ગાથા ૭૩ ત્યાં વાંચી'તી.

(**શ્રોતા** : ભોગીભાઇને પ્રેમ ઘણો) હેં ? ભોગીભાઇને પ્રેમ ઘણો. બકુભાઇને ઘરે પગલા કરાવ્યા'તા, એમ કે બકુભાઇને પ્રેમ થાય એટલે કહ્યું 'તું ભોગીભાઇએ. કોઇ દિ' કર્યા નહોતા, આ ફેરે રસ્તામાં આવતું'તું. કોને કરે ? આહાહા ! અહિંયા તો સમ્યગ્જ્ઞાન થયું ત્યારથી રાગનું કર્તાપણું, કર્તાને કર્મપણું કર્યું અને રાગ આવે ખરો તો એ કરવા લાયક છે ને ? કર્તા છે એવી બુદ્ધિ નથી, છતાં કર્તા થાય. કર્તા એટલે પરિણમવું. રાગનું પરિણમન છે એટલે કર્તા થાય, પણ કરવા લાયક છે એવી કર્તા બુદ્ધિ ઉડી ગઇ છે. આહા ! શું છે ? સમજાણું કાંઇ ? સ્વપરના ઉપકારાર્થે, દેખો ભાષા, કદાચ પ્રયોજનવશાત્ સ્વપરના ઉપકારાર્થે.

એ ઉપકાર્થ એવો વિકલ્પ આવે, ઉપકાર કરવું એમ કાંઇ નથી, અસ્થિરતાને લીધે. અસ્થિરતા છે ને અંદર હજી ? સમ્યક્ થયું, જ્ઞાન થયું અરે ચરિત્ર હોય લ્યોને તો પણ હજી અસ્થિરતા છે ને ? વ્યાખ્યાન સાંભળવાની, વ્યાખ્યાન કરવાની એ બધી અસ્થિરતા છે. આહા ! વચન કાય દ્વારા આહાર ઉપદેશાદિ કાર્ય કરવાનો વિકલ્પ આવે, જોયું ને ભાષા ? વચન ને કાય દ્વારા આહાર ઉપદેશાદિ કાર્ય કરવાનો વિકલ્પ આવે તો તેમાં તેને અતન્મય ભાવ વર્તે છે. એકપણું એમાં વર્તતું નથી, એમ. આહાહા ! રાગ આવે, હોય, પણ એ તન્મયપણે એટલે કે એકાકાર થઇને એ કાર્ય મારું, એમ હોતું નથી. આહા !

નવ્વાણું(૯૯)માં આવ્યું ને ? સમયસાર. નહિં ? પરનો કર્તા થાય તો પરને હારે તન્મયપણાનો પ્રસંગ આવે. નવ્વાણું(૯૯)માં છે એટલે પરનો કર્તા તો નથી,

પણ પરના નિમિત્તથી થાય, નિમિત્ત થવું, એવું દ્રવ્યમાં નથી. દ્રવ્ય જે છે આત્મા એ પરનું કર્તાપણું તો એમાં નથી. જો પરનો કર્તા થાય તો ત્યાં પરની હારે એકમેક થઇ જાય. બે દ્રવ્ય એક થઇ જાય, એવું તો કોઇ દિ' બનતું નથી. એક વાત. ત્યારે કે' એનું કાર્ય તે કાળે થાય પરનું, એ કાળે આત્મા એને નિમિત્ત થાય, એમેય નથી. એટલે આત્મા દ્રવ્ય વસ્તુ જો નિમિત્ત થાય તો જ્યાં જ્યાં કાર્ય થાય ત્યાં ત્યાં એને રહેવું પડે. આત્મા તો નિત્ય છે. કાર્યકાળ તો તેને કાળે જ થાય એનો કાંઇ આત્મા કર્તા નહિં. એક વાત.

પણ તે કાર્ય જડને બીજા કોઇ સમય કાર્યનો કાળ તે કાળે તેનું કાર્ય થાય. એમાં દ્રવ્ય ને આત્માને નિમિત્ત કહેવું, નિમિત્ત કહેવું હોં, હજી. (**શ્રોતા** : તો તો ત્રણે કાળે રહેવું પડે) તો ત્રણે કાળે પરમાં નિમિત્ત જ્યાં જ્યાં એવા કાર્ય થાય ત્યાં ત્યાં એને ઉપસ્થિત રહેવું પડે. તો કારખાનાનાં કાર્ય થાય ત્યાં પણ તેને નિમિત્તપણે ઊભા રહેવું પડે. એવી વસ્તુ હોય તો સદાય વિકારનો કર્તા જ થાય આત્મા, છૂટી શકે નહિં. આહાહા!

ફક્ત પરદ્રવ્યના કાર્ય કાળે અજ્ઞાની જોગ ને રાગનો કર્તા થાય છે તેથી તે જોગ ને રાગ તેના પર દ્રવ્યના કાર્યકાળ તો તે જ છે. તેમાં આને નિમિત્ત કહેવામાં આવે છે. યોગ અને કષાય. સો(૧૦૦)માં આવે છે ને? આહાહા! દ્રવ્ય તો નથી પણ દ્રવ્ય દૃષ્ટિવંતે એનું નિમિત્ત નથી. આહાહા! ઉપાદાન તો નથી પરનો કર્તા, પણ દ્રવ્ય વસ્તુ જે છે જ્ઞાયક, એ પરને નિમિત્ત છે એમેય નથી. તો ખરેખર તો દ્રવ્ય નિમિત્ત છે એમ નથી, તો સમ્યગ્દષ્ટિ પણ દ્રવ્યદૃષ્ટિવંત છે, માટે પરના કાર્યકાળમાં એ પણ નિમિત્ત નથી. યોગ ને કષાય એના છે નહિં એટલે પછી નિમિત્ત નથી.

યોગ ને કષાયનો જે કર્તા થાય એવો અજ્ઞાનીનો જોગ અને કષાય તેના કાર્યકાળ વખતે, કાર્યકાળ તો તે છે. આ આવ્યું માટે થ્યું એમેય નહિં. તે થયું એટલે તો થયું જ છે. હવે એને નિમિત્ત કોને કહેવું? કે વસ્તુ જે છે ત્રિકાળી જ્ઞાયકભાવ એને નિમિત્ત ન કહી શકાય. એટલે કે સમ્યગ્દષ્ટિ પણ એને નિમિત્ત ન કહી શકાય. જ્યારે વસ્તુ પોતે નિમિત્ત નહિં તો એની દૃષ્ટિવંત જે છે એ પણ તેના કાર્યકાળે નિમિત્તે નહિં. ચેતનજી! ક્યારે? કે તેના કાર્યકાળ તો તે જ છે ત્યાં, પણ એને નિમિત્ત કોને કહેવાય? કે જે કંપન અને રાગનો કર્તા થાય છે, એવો જે અજ્ઞાની, કેમ કે પોતાનું સ્વરૂપ માને છે રાગમાં, એવો જે અજ્ઞાની, એ કાર્યકાળમાં એને નિમિત્ત ઓલા જોગ ને રાગ કહેવાય, આત્મ દ્રવ્ય નહિં. કહો સમજાય છે કાંઇ? એ કાંતિભાઇ! શું આ સમજાય છે કે નહિં?

એ આંહી કહે છે કે વચનને કાય દ્વારા તો ક્રિયા દીઠ કાળ કાર્ય છે, એનો

થાય ત્યાં, પણ તે કાળે જે વિકલ્પ ઉઠયો, એ વિકલ્પને કરવાનું તેમાં પણ અતન્મય છે એટલે કે વિકલ્પનો સ્વામી નથી, તેમ વિકલ્પને તન્મયપણે કર્તાને કાર્ય એમ નથી. આહાહા ! આવી વાતું. ધર્મીને આત્મસંવેદન એ જ મુખ્ય કાર્ય છે. સમ્યગ્દષ્ટિને તો આત્માનું જે જ્ઞાનાનંદ કાર્ય, તે જ કાર્ય મુખ્ય છે. નિમિત્ત કાર્ય ગૌણ છે એમેય નહિં. કાર્ય થાય છે, વિકલ્પનું કાર્ય થાય છે, એ કાર્યનો કર્તા નથી. આ મુખ્ય કાર્ય છે ને બીજા કાર્ય ગૌણ છે, કાર્ય પણે ગૌણ છે, એમ નહિં. એ કાર્ય થાય છે રાગ આદિનું, તેનો તે કર્તા નથી. આહાહા ! ભારે વાતું, ભાઇ ! અત્યારે તો આમ બીજાને કરી દઉં. સુધારો કરવો માણસ મોટી સભા ભરી અને એને ઉપદેશ દેવો, જેથી એ લોકો સમજે, સુધરે.

કોણ સુધરે ? કહે છે, હું બીજાને મોક્ષ કરાવી દઉં. કહે છે કે એના વીતરાગ ભાવ સિવાય એનો મોક્ષ ન થાય. એમાં તું શી રીતે કરાવી દે એને ? એનો વીતરાગ ભાવ થાય એને તો જ એ મોક્ષ થાય એનો. હવે વીતરાગ ભાવ તો ઈ કરે ત્યારે થાય. તું એનો મોક્ષ કરાવી દે. (**શ્રોતા :** પણ ભગવાન !) ભગવાને કાંઈ ન કરી શકે, ઈચ્છા વિના વાણી નીકળે. કર્તા એ નથી ને કાંઈ નથી. એ તો કેવળજ્ઞાની છે. આંહી તો સમ્યગ્દ્રષ્ટિપણું તે વિકલ્પના કાળે, સામે કાર્યકાળ તો જડનો હો, એને કારણે કાર્યકાળ તો એને કારણે છે, એમાં વિકલ્પનો જે કર્તા થાય તે કાર્યકાળમાં નિમિત્ત કહેવાય એને. આહાહા ! અને ધર્મીને તો એ કાર્ય જે થાય છે, એના જ્ઞાનમાં નિમિત્ત થાય છે.

એના કાર્યના નિમિત્તમાં તો જ્ઞાની છે નહિં, પણ જ્ઞાનીના જ્ઞાનમાં જ્ઞાન થયું છે પોતાથી. સ્વ પર પ્રકાશક જ્ઞાન વિકલ્પનું અને પોતાનું, એવું સ્વ પર પ્રકાશક જ્ઞાન થયું છે પોતાથી. એમાં વિકલ્પને ઓલું કાળ છે જ્ઞાનને નિમિત્ત થાય, પોતે એને નિમિત્ત ન થાય પણ જ્ઞાનને નિમિત્ત થાય. આવી વાત છે. ૧૦૦મી ગાથામાં આવી ગયું છે બધું. ધર્મીને આત્મસંવેદન એ જ મુખ્ય કાર્ય છે. આત્માના આનંદનું કાર્ય થવું એ જ મુખ્ય છે. જ્ઞાતાદ્રષ્ટાના જ્ઞાન દર્શનના પર્યાય રૂપે થવું, તે એનું કાર્ય છે. રાગરૂપે થવું કે પરનું થવું એ તો છે નહિં. તેમાં જ પોતાના ઉપયોગને લગાડે છે. ઉપયોગ એટલે જ્ઞાનનો વેપાર તો ખરેખર પોતા તરફ જ વલણ છે. કદાચ લાંબો સમય સ્વરૂપમાં સ્થિર ન રહી શકે, ઉપયોગપણે અંદરમાં રહી ન શકે અને પ્રયોજનવશાત્ આહાર - ઉપદેશાદિનો ઉપદેશ આદિ લખવું, સાંભળવું વિગેરે, એનો વિકલ્પ આવે.

આરે ! ભારે ઝીણું, તો તે કાર્ય અનાસક્તિ ભાવે એટલે કે અતન્મય ભાવે એટલે કે સ્વામીપણે ન કરે. સમજાણું કાંઈ ? આવો મારગ છે, ભાઈ ! તે કરવાને તેને

મનમાં ઉત્સાહ નથી. આહાહા ! રાગનું રચવું એને તો નપુંસકતા કીધી છે. એટલી નબળાઇ છે તો આવે છે, પણ તેનું સ્વામીપણું નથી એટલે કે તેનું કર્તાકર્મપણું નથી. આહાહા ! ઉપદેશનો વિકલ્પ આવે એનું ય કર્તાકાર્યપણું નથી. આહાહા ! ત્રણે સદાય આત્મા જ્ઞાતાપણે પરિણમી રહ્યો છે. આહાહા ! ઝીણી વાત છે, ભાઇ ! વીતરાગ મારગ પરથી ભિન્નને પોતાના સ્વભાવથી અભિન્ન, એવી વીતરાગની દ્રષ્ટિ થતાં, એ જ જૈન શાસન છે, એમાં શુભભાવ આવે તો કહે છે કે એ તન્મયપણે ન કરે એટલે મારા પણે ન કરે, પણ થાય તેને જ્ઞાતા તરીકે જાણે. આહાહા ! આવું છે. તે રાગને કરવાનો ઉત્સાહ નથી, ભાવના નથી કે રાગ વારંવાર હજો. સમજાણું કાંઇ ?

શુભરાગને કરવાનો ઉત્સાહ નથી. આહાહા ! તેમ એ કરવા જેવું છે, એવી ભાવના ય નથી. કરવું શું ? કરવું શું કરું ? કોઇ કહેતુ'તું કે નહિં ? ત્યાં ઈંદોર. નિસરણી. કે અશુભમાંથી શુભમાં આવે ને શુભમાંથી એ ક્રમ છે ધર્મનો. એમ કે ત્યાં કહ્યું હતું ને કોણે ? (**શ્રોતા :** મોક્ષમાર્ગ પ્રકાશકમાં લખ્યું છે) ના એ તો ત્યાં બીજી વાત છે. એમ કે અશુભથી શુભ થાય તો શુભ થી શુદ્ધ થાય, એમ નથી. અશુભથી શુભ થયું નથી અને શુભથી શુદ્ધ થયું નથી, પણ છેલ્લે શુભ હોય એની રૂચી છોડીને શુદ્ધતાનો અનુભવ કરે. એ આ તો બીજે ક્યાં પ્રશ્ન હાલ્યો'તો. કોક દેરાવાસી નહિં ? દેરાવાસી પ્રશ્ન. શ્વેતાંબર. (**શ્રોતા :** મુંબઈમાં રાત્રી ચર્ચામાં મોટાણીના મકાનના શેઠ) હા કો'ક હતું, પ્રશ્ન કર્યો'તો ને ? આમ હોય ને આમ હોય. નિસરણી છે, એમ કહે. અશુભથી છૂટે ને શુભ થાય, એમ અશુભ પછી શુભથી શુદ્ધ થાય.

વચ્ચે શુભ આગળ વધવા માટે શુભ આવે (**શ્રોતા :** એ પણ પહેલો શુભ હેય હોવો જોઇએને ?) શુભને ભલો માને એમાં ક્યાંથી આવે ? અહીંયા તો ક્યાં એની આગળ ગૃહસ્થ પૈસાવાળા કરોડપતિ. ત્યાં પ્રશ્ન થયો. ન્યાં શાંતીલાલ માસ્તર લખે છે, ઈંદોરથી ગૃહસ્થ એ પણ પૈસાવાળો ઘણો. ઈ એ કરે આખો દિ' ક્રિયા કરે. બસ આ પડિક્કમણુ, આ સામાયિક ને આ ચઉવિહાર ને આ ફલાણુ, એમાં મશગુલ. ઝવેરાતનો ધંધો છે મોટો. પોતે બહુ નહિં. છોકરાઓ. ઈ કહે આ કરે તો તેનું કલ્યાણનો મારગ છે. કહો, એ શુભભાવ કરવો ને આતમનું કરવું, એ જ કલ્યાણનો મારગ છે. શુદ્ધમાં કાંઇ એકદમ જવાતું હશે ? આંહી તો કહે છે, શુદ્ધને શુભના રાગની કોઇ અપેક્ષા જ નથી. આહાહા ! શુદ્ધતાના પરિણમનને સ્વકાળે પરિણમન થાય તેમાં શુભરાગ હતો માટે થાય છે આ, એવું અપેક્ષિત છે નહિં. નિરપેક્ષ પોતાનું પરિણમન સ્વતંત્ર છે, ત્યારે કહે ભાવ

આવેને ? હો. પણ સ્વામીપણે કે તન્મય પણે તે કરતો નથી. આહાહા ! આવી વાત હવે બેસે નહિં પછી. એ આ તમારું એકાંત છે. એકાંત છે, એમ કહે છે.

વહેવારથી પણ થાય તો અનેકાંત કહેવાય. આંહી તો કહે કે નિશ્ચયથી થાય ને વહેવારથી થાય (નહીં) એનું નામ અનેકાંત છે. આહા ! એવી વાત છે. તો બે વિરોધ ન રહ્યા. બેનો વિરોધ કીધો નહિં. બે નય વિરોધ ધ્વંસિની નિશ્ચયને વહેવાર બે વિરોધ છે. બે ના કાર્ય ભિન્ન છે. બે ના ફળ ભિન્ન છે, બે ના આશ્રય ભિન્ન છે. નિશ્ચયનો આશ્રય સ્વ છે અને વહેવારનો આશ્રય પર છે. અરે ! અન્ય આશ્રય ઉત્પાદ છે ને ઓલા ? અધ્યવસાય. જોયું ? અન્ય આશ્રય એટલે વિપરીત આશ્રય. એમ નિશ્ચય છે, એ એનો સ્વઆશ્રય છે અને એનાથી અન્ય આશ્રય એટલે એનાથી વિપરીત આશ્રય પરનો આશ્રય, એમ ત્યાં શબ્દ છે. અન્ય આશ્રય પર આશ્રય. આહાહા ! આહાર-ઉપદેશાદિ વિકલ્પ આવે તો તે કાર્ય અનાસક્તિ ભાવે થાય. તે કરવાને તેમાં ભાવના અને ઉત્સાહ નથી.

કાર્યને અંગે શરીર વાણીની જે ક્રિયા થાય, કાર્યને કારણે શરીર-વાણીની ક્રિયા થાય તેમાં તેને એકતા બુદ્ધિ કે કર્તા બુદ્ધિ તો નથી જ, એ તો સ્વતંત્ર એની પર્યાય, તે કાળે થાય છે. એનો કાર્યકાળ છે. જઘન્ય, આ હાલવું, બોલવું, એના કાળે થાય છે, પણ તે ક્રિયા કરવાના વિકલ્પને પણ તે ભલો માનતો નથી. વાણી દેહની ક્રિયા તો એની પોતાની માનતો નથી, અને એનો કર્તા છે નહિં, પણ વિકલ્પ જે ઉઠે, એને પણ ભલો જાણતો નથી. આહાહા ! હવે આવું સ્વરૂપ વાસ્તવિક. ઉપદેશ દેવો એમાં જીવોને લાભ થાય, આપણને પણ લાભ થાય, એમ નથી. આવે વિકલ્પ તેને સ્વામીપણે ન રહે. આહાહા ! એમાં ઉત્સાહ ન હોય. આ રહેજો ભાવના વિકલ્પની એમ ભાવના ન હોય, પણ તે ક્રિયા કરવાના વિકલ્પને ભલો નથી જાણતો.

વિકલ્પને તોડી સ્વરૂપમાં સ્થિર થવું. વિકલ્પનો નાશ થઈ, સ્વરૂપમાં સ્થિર થઈ, શુદ્ધાત્માને ક્યારે અનુભવું ? ભાવના તો શુદ્ધાત્માની છે અંદર. આહાહા ! સમાધિશતક છે ને ? સમાધિશાંતિ કેમ આવે એને ? વિકલ્પ ઉઠે, એ તો અશાંતિ છે. આવે, પણ એ અશાંતિ છે અને એ અશાંતિનો સ્વામી જીવ નથી. જીવ જેને જ્ઞાનમાં જણાણો, આત્મા જેને જ્ઞાનમાં જણાણો એ આત્મા રાગનો સ્વામી નથી. રાગનું એને કર્તવ્ય નથી, ભલો જાણતો નથી એને. આહાહા ! ઉપદેશનો વિકલ્પ આવ્યો, ભલો વારંવાર આવજો, એમ ભાવના હોય છે ? મારગ પ્રભુનો સૂક્ષ્મ બહુ, ભાઈ ! ચૈતન્ય સ્વભાવ જ્ઞાતાદૃષ્ટાને આનંદ.

આ છોકરાઓએ આમાં લખ્યું છે તલકશીભાઇ, તમારા છોકરાએ. દિલીપ, દિલીપ. એણે એમાં ગાયન બનાવ્યું છે ને એમાં? જ્ઞાનથી સર્વને જાણવું. દેખ દર્શનથી દેખાય, ભેદ પાડયા વિના અભેદથી દેખવું, પણ અમારું પ્રયોજન આનંદ છે, એમ ગાયન આવ્યું છે. ચોપડી આવી ને કાલ. અમારું જ્ઞાન જાણવાનું કામ કરે. દેખવું દર્શન દેખવાનું કામ કરે. અમારું પ્રયોજન તો આનંદ છે, એમ લખ્યું છે. ભાઇ! એ જરી પૂછતા'તા તલકશીભાઇ કે આમાં કાંઇ ફેર નહિં? કીધું, એમાં કાંઇ વાંધો નથી. પ્રયોજન તો આનંદનું છે ને? એ કોટામાં આવ્યા'તા, તલકશીભાઇ. એ બોલતા આહાર વખતે એક જ લાઇન બોલતા. કોટામાં તો ઘણું ચાલતું, સવારથી સાંજ માળા, સવારથી પાંચ વાગ્યાથી ઉઠે તે, રાતના નવ સાડાનવ વાગ્યા સુધી. પણ આ એમ કહે સાધુના આચાર અને શ્રાવકના આચાર ત્યાં વહેવાર હોં! વહેવાર. પંચમહાવ્રત સમિતિ ગુપ્તિ વહેવાર.

શ્રાવકના બાર વ્રત. પણ એ વિકલ્પ છે. આહાહા! ન્યાં ધર્મ નથી, ષટ્ધર્મ કીધો ને, છ આવશ્યક નહિં? દેવપૂજા, ગુરુસેવા, દાન સંયમ આવે ને છ બોલ, એ તો એને વિકલ્પ આવે છે, એણે જણાવ્યું છે. બાકી એ વિકલ્પનો કર્તા છે ને વિકલ્પ એનું કાર્ય છે, એવું છે નહિં. એ કાર્ય જાણે ને મારું કર્તવ્ય જાણે તો તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! બહુ બાપુ ફેર છે મારગ તો. તમારે ત્યાં આવી છે ને ચોપડી? છોકરાઓએ બનાવી ચોપડી, આવી છે? નથી. લ્યો. ન્યાં તો છે નહિં. તમારે ત્યાં પડી હોય તો, ન્યાં તો ભાઇ બધું ઘણું આવ્યું છે. એક જણો બોલે પછી ૨૦૦-૩૦૦ આપી પણ હારે અહીં ક્યાં રાખવી, પાછી આપી દીધી. આંહી કહે છે, ભાઇ વસ્તુ તો એવી છે. વિકલ્પ આવે, હોય અને કાર્યકાળે જડમાં ચારિત્રવાનના આવવાના જે એના કાર્યકાળે જડના કાર્ય હોય. એનો તો આત્મા કર્તા પણ નથી અને રાગનો કર્તા પણ જ્યાં નથી ત્યાં પછી ક્યાં? છતાં પરિણમનની અપેક્ષાએ જ્ઞાન જાણે કે આ મારું કર્તવ્ય છે. કર્તવ્ય એટલે મારું પરિણમન છે, એટલું. આહાહા!

(**શ્રોતા** : તો આ યોગ્ય છે એમ ન જાણે?) એ નહિં. કર્તવ્ય એટલે મારું પરિણમન છે એ મારું કર્તવ્ય કરવા લાયક છે, એમ નહિં. બહુ ફેર. આ વહેવારના આચરણને ધર્મ ન માને તો દિગંબર ધર્મનો નાશ થઇ જાશે. દિગંબર ધર્મનો નાશ કરવા ઉભા થયા છે. એ ઇ. (**શ્રોતા** : ..) એની એકજ જાત થવી. આ તો વસ્તુની સ્થિતિ આવી છે. તે ક્રિયા કરવાના વિકલ્પને પણ તે ભલો માનતો નથી. આહાહા! સાધુ ને શ્રાવકના જે વહેવાર આચરણના જે વિકલ્પ છે, કહો, એને ભલો માનતો નથી. આ બધા વિદ્યાનંદજીને એ ઠરાવવું છે. એ આચરણ છે, એનાથી ધર્મ ટકે. વિકલ્પને તોડી સ્વરૂપમાં સ્થિર થવું એ

ભાવના એ હોય છે. રાગની ભાવના હોતી નથી કે આ ભાવ રહેજો. શુદ્ધાત્માને ક્યારે અનુભવું ? એવી તેને નિરંતર ભાવના હોય છે. શુદ્ધ સ્વભાવમાં એકાગ્ર થવાની જ ભાવના હોય છે. આ ભાવનાના બળથી તેનો ઉપયોગ બહારની ક્રિયામાં લાંબો વખત ટકતો નથી. આવે, રાગ આવે છે, શુભ હોય, અશુભ હોય, પણ લાંબો કાળ એમાં ટકે નહિં. ત્યાંથી હઠી તુરત સ્વ તરફ વળે છે.

મુનિને તો છઠ્ઠે(૬) ગુણસ્થાને વિકલ્પ આવે, પણ તરત જ સાતમું આવે છે. આહાહા ! જુઓને એ શાસ્ત્રનો વહેવારનો પંચમહાવ્રતનો સમિતિગુપ્તિનો ભગવાનનો વિનયનો, એ વિકલ્પ આવે, પણ એ વિકલ્પને જગપંથ કીધો છે. એ જગપંથ સંસાર શબ્દ છે. આહાહા ! સમયસાર નાટક જગપંથ. એ આ બાજુ ઢળ્યો છે, સંસાર તરફ ઢળ્યો છે. આહાહા ! જેના વહેવાર આચરણ શુભરાગ સંસાર તરફ ઢળ્યો છે, એમ કીધું છે. સમયસાર નાટક પોતે, એમ કહે, લ્યો. બનારસીદાસ ! છે અહીં સમયસાર નાટક ? જગપંથ આ તો કળશ છે. નથી લાગતું નહિં ? નથી. નિર્વિકલ્પ જ્ઞાતા દૃષ્ટાના સ્વભાવનો (**શ્રોતા :** રાગ હોય એ જગપંથ જ હોયને) જગપંથ જ છે. આહાહા ! કેવળીને પણ સંસારસ્થ કહ્યા. સંસારસ્થ કહ્યા છે, ચૌદ(૧૪)માં ગુણસ્થાન સુધી સંસારસ્થ. આહાહા ! એટલી પણ ચારઘાતીનો ભાવની એટલે એટલો સંસારસ્થ છે, તો આંહી શુભરાગ છે એ તો સંસાર છે જ. આહાહા !

એ શુભરાગને ભલો કેમ જાણીએ ? કે જે સંસારમાં દાખલ કરે ? કહીએ તો એ જ શબ્દ આવ્યો ન્યાં. શુભભાવ તો સંસારમાં દાખલ કરે. આહાહા ! હજી શ્રદ્ધાના ઠેકાણા ન મળે અને આચરણમાં આ કરવું ને એ કરવું મારે, ધર્મનો લાભ થશે. હતો કે દિ' ? (**શ્રોતા :** ધર્મનો નાશ થાય છે) આહાહા ! જ્ઞાનીને નીચલી ભૂમિકામાં અસ્થિરતાને લીધે રાગ હોય છે. ખુલાસો બહુ સારો કર્યો છે. ધર્મીને નીચલી દશામાં અસ્થિરતાને લીધે રાગ હોય છે અને વચન કાયની ક્રિયા પ્રત્યે લક્ષ જાય છે. લક્ષ જાય છે હોં ! વિકલ્પથી, પણ પોતાના જ્ઞાન-સ્વભાવને ભૂલે, એવી તેનામાં આસક્તિ હોતી નથી. જ્ઞાતા દૃષ્ટાના ભાવને ભૂલે એવી આસક્તિ જ્ઞાનીને હોતી નથી. આહાહા !

જ્ઞાનીને બાહ્ય વચન-કાયની પ્રવૃત્તિ હોવા છતાં તેને અંતરંગમાં દઢ માન્યતા છે. આધાર આપે છે શ્રી પ્રવચનસાર - ગુજરાતી આવૃત્તિ ગાથા ૧૬૦ અને ટીકા.

હું દેહ નહિં, વાણી ન, મન નહિં, તેમનું કારણ નહિં,
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહિં. ૧૬૦

હું દેહ-મન-વાણી નથી આહાહા ! છે ને ? હું દેહ નહીં, મન નહીં, વાણી

નહીં, હું તેમનો કર્તા નહીં. વાણી ને દેહનો હું કર્તા નહીં. આહા! તેમનો કરાવનાર નહીં. થાય એનાથી અને હું કરાવું એમેય નહીં, આહા! કે અનુમોદનાર નહીં. આ ઠીક થાય છે કે આ ઠીક છે, એ અનુમોદનાની તો એને કારણે થાય એને હું અનુમોદું? હું કર્તા વિના પણ, એટલે મારા કર્તા વિના પણ તેઓ ખરેખર કરાય છે. વાણી ને દેહની ક્રિયા આત્માના કર્તા સિવાય પણ એને કારણે થઈ રહી છે. આહાહા! માટે તેમના કર્તાપણાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું. આહાહા! જાણનાર દેખનાર એવો જીવનો આત્માનો સ્વભાવ, એવા જાણવા દેખવાના પરિણામ થાય તે મારું કાર્ય ને કર્તા, પણ વચમાં આવો જે રાગ આવે, એ મારું કાર્ય ને હું કર્તા, કરાવનાર અને અનુમોદનાર, એમ નથી. મારા કર્તા સિવાય એને કારણે એ બધા થઈ રહ્યા છે. આહાહા! તેમના કર્તાપણાનો પક્ષપાત છોડી હું આ અત્યંત મધ્યસ્થ છું. આ ગાથા છે હોં! પ્રવચનસારની ૧૬૦.

દરેક દ્રવ્યનો તે તે પર્યાયનો ઉત્પન્નનો કાળ થયો, તે થાય છે. એમાં આત્મા એને કરે શી રીતે? આત્માને પોતાના જ્ઞાનને દર્શનની પર્યાયનો સ્વકાળ છે ઉત્પન્ન, તે જાણવા દેખવાની પર્યાયનો જન્મક્ષણ ઉત્પન્ન કરે? આહાહા! શશીભાઈ! આવું ઝીણું છે. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને જ્ઞાન ચેતનાનું નિરંતર પરિણમન હોય છે. ભાઈએ ખુલાસો કર્યો આ. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થને જ્ઞાનચેતના એટલે સ્વરૂપમાં એકાગ્રતા. જ્ઞાનનું ચેતવું જ્ઞાનમાં એકાગ્રતા એ સદાય હોય છે. આહાહા! તેથી તે ખાવા પીવામાં, પાંચ ઇન્દ્રિયના વિષયો ભોગવામાં, વ્યાપારમાં, લડાઈ વગેરે સંસારના કાર્યોમાં, બાહ્યદૃષ્ટિએ રોકાયેલો લાગે. બાહ્યદૃષ્ટિએ રોકાયેલો લાગે, છતાં બધી બાહ્ય પ્રવૃત્તિમાંથી જલ-કમળવત્ ન્યાયે રહે છે. આહાહા!

બહુ સારું સ્પષ્ટીકરણ કર્યું. ખાવાપીવામાં, પાંચ ઇન્દ્રિયના વિષયો ભોગવવામાં, તે વખતે ઓલું વિકલ્પ આવે છે, વ્યાપારમાં, લડાઈના કાર્યોમાં બાહ્યદૃષ્ટિએ રોકાયેલો લાગે, છતાં બધી બાહ્ય પ્રવૃત્તિમાં તે જલ-કમલવત્ ન્યાયે રહે છે. આહાહા! જ્ઞાતાદૃષ્ટાના કાર્ય સિવાય એનું બીજું કાર્ય છે નહિં. આહાહા! આ એક તો વાત પકડાવી કઠણ અને પરિણમાવવી કઠણ. (**શ્રોતા :** અનંત જીવો એ પરિણમાવેલ છે) ત્યાં આવું કહેશે કે શરૂઆતવાળાને મુશ્કેલ જેવું લાગે, એમ કહેશે. યોગનું સાધન એકાંત. મુક્તિ દુર્લભ છે ને એટલે અંતરમાં જવાને એને દુ:ખ લાગે. દુ:ખ લાગેનો અર્થ મુશ્કેલી લાગે ને બહારમાં જરી સહેલાઈ લાગે એટલે સુખ લાગે. એમ ભાષા તો એમ છે.

બહારમાં સુખ લાગે ઈ શરૂઆત અને અંદરમાં અંતરમાં જુએ ઈ દુ:ખ

લાગે. ધર્મીજીવને અંતરના ધ્યાનની વખતે પણ અંતરમાં જવું એ મુશ્કેલ જેવું લાગે એટલે દુઃખ લાગે, એમ એનો અર્થ કર્યો, અને બહારમાં રહેવું એ સહેલું લાગે, એથી એને સુખ જેવું લાગે, એમ કહ્યું. એ ૫૧માં કહેશે. અંતરાત્મા આત્મજ્ઞાનને જ બુદ્ધિમાં ધારણ કરે, શરીરાદિકને નહિં. એમ કેમ બને ? તે કહે છે. હવે ૫૧(ગાથા). અનાસક્ત શબ્દ વાપર્યો છે ને ? ઓલામાં આવ્યો છે ને છેલ્લો. अतत्परस्तदनासक्तः સંસ્કૃતમાં. એટલે અનાસક્ત એટલે અંતરાત્મા એમ. આત્મજ્ઞાનને જ બુદ્ધિમાં ધારણ કરે, શરીરાદિકને નહિં. એમ કેમ બને ? તે કહે છે. ૫૧(ગાથા).

**कृतः पुनरात्मज्ञानमेव बुद्धौ धारयेन्नशरीरादिकमित्याह -**

**यत्पश्यामिन्द्रियैस्तन्मे नास्ति यन्नियतेन्द्रियः**
**अन्तः पश्यामि सानन्दं तदस्तु ज्योतिरुतमम् ।। ५१ ।।**

**ઇન્દ્રિયદશ્ય તે મુજ નહિં, ઇન્દ્રિય કરી નિરૂધ્ય**
**અંતર જોતા સૌખ્યમય, શ્રેષ્ઠ જ્યોતિ મુજરૂપ ।। ૫૧ ।।**

**टीका** : यच्छरीरादिकमिन्द्रियैः पश्यामि तन्मे नास्ति मदीयं रुपं तन्न भवति तर्हि किं तव रुपम्? तदस्तु ज्योतिरुत्तमं ज्योतिर्ज्ञानमुत्तममतीन्द्रियम्। तथा सानन्दं परमप्रसत्तिसमुद्भूतसुखसमन्वितम्। एवं विधिं ज्योतिरन्तः पश्यामि स्वसंवेदनेनानुभवामि यत्तन्मे स्वरुपमस्तु भवतु । किं विशिष्टः पश्यामि ? नियतेन्द्रियो नियन्त्रितेन्द्रियः ।।५१।।

અનાસક્ત (અંતરાત્મા) આત્મજ્ઞાનને જ બુદ્ધિમાં ધારણ કરે, શરીરાદિકને નહીં, એમ કેમ બને ? તે કહે છે :-

**અન્વયાર્થ** : (यत्) જે એટલે શરીરાદિ બાહ્ય પદાર્થ (इन्द्रियैः) ઇન્દ્રિયોદ્વારા (पश्यामि) હું દેખું છું (तत्) તે (मे न अस्ति) મારા નથી-મારું સ્વરૂપ નથી, પણ (नियतेन्द्रियः) ભાવ ઇન્દ્રિયોને બાહ્ય વિષયોથી રોકી (यत्) જે (उत्तमं) ઉત્કૃષ્ટ અતીન્દ્રિય (सानन्दं ज्योति) આનંદમય જ્ઞાન-જ્યોતિને (अन्तः) અંતરંગમાં (पश्यामि) હું દેખું છું-તેનો અનુભવ કરું છું, (तत् मे) તે મારું વાસ્તવિક સ્વરૂપ (अस्तु) હો !

**ટીકા** : જે એટલે શરીરાદિને હું ઇન્દ્રિયોથી જોઉં છું, તે મારું નથી અર્થાત્ તે મારું સ્વરૂપ નથી. તો તારું રૂપ શું ? તે ઉત્તમજ્યોતિ હો-જ્યોતિ એટલે જ્ઞાન અને ઉત્તમ એટલે અતીન્દ્રિય તથા આનંદમય એટલે પરમ પ્રસન્નતા (પ્રશાંતિ) થી ઉત્પન્ન થયેલા સુખથી યુક્ત (છે) એવા પ્રકારની જે જ્યોતિને (જ્ઞાન-પ્રકાશને) અંતરંગમાં હું જોઉં છું-સ્વસંવેદનથી હું અનુભવું

છું, તે મારું સ્વરૂપ અસ્તુ-હો. હું કેવો થઈને જોઉં છું? ઇન્દ્રિયોને સંયમિત કરીને (બાહ્ય વિષયોથી ઇન્દ્રિયોને રોકીને અને પોતે સ્વાધીન થઈને) અર્થાત્ ઇન્દ્રિયોને કાબૂમાં રાખીને (હું જોઉં છું).

**ભાવાર્થ :** અંતરાત્મા વિચારે છે કે ઇન્દ્રિયોદ્વારા જે શરીરાદિ બાહ્ય પદાર્થો દેખાય છે તે હું નથી. તે મારું સ્વરૂપ નથી. મારું સ્વરૂપ તો પરમ ઉત્તમ અતીન્દ્રિય આનંદમય જ્ઞાન-જ્યોતિ છે. જ્યારે હું ભાવ-ઇન્દ્રિયોને નિયન્ત્રિત કરીને અર્થાત્ બાહ્ય વિષયોથી હઠાવીને અંતર્મુખ થાઉં છું, ત્યારે હું જ્ઞાનસ્વરૂપ આત્માને જોઈ શકું છું-સ્વસંવેદનથી અનુભવી શકું છું.

## વિશેષ

જે ઇન્દ્રિયોદ્વારા દેખાય છે તે આત્માનું સ્વરૂપ નથી. તે તો જડનું-પુદ્‌ગલનું સ્વરૂપ છે. તે આત્મા નથી, અનાત્મા છે. આત્મા-અનાત્માના ભેદ-વિજ્ઞાનદ્વારા જ્ઞાની, શરીરાદિક પર પદાર્થો પ્રત્યે ઉપેક્ષા કરી, ઉપયોગને ત્યાંથી હઠાવી સ્વસન્મુખ કરે છે અને આત્મસ્વરૂપમાં સ્થિર થતાં તે અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે.

જ્ઞાનીને આત્મસ્વરૂપનું ભાન હોવાથી તે આત્મ-વિષયમાં જ રમવાની ભાવના કરે છે; બાહ્ય વિષયોમાં વિચરવાનું પસંદ કરતો નથી.

માટે અંતરાત્માને શરીરાદિ બાહ્ય પદાર્થોમાં અનાસક્તિ હોય છે. તે જ્ઞાનસ્વરૂપ આત્માનો જ અનુભવ કરે છે. ૫૧.

---

# પ્રવચન – ૬૪

આહાહા! પરમાર્થ માર્ગ આ છે. જે ટીકા ૫૧ની. એટલે શરીરાદિકને હું ઇન્દ્રિયોથી જોઉં છું. કહેવા એમ માંગે છે કે જે આ જોવાય છે ઇન્દ્રિયથી, તે ચીજ હું નહિં. ઇન્દ્રિયથી જે જોવામાં આવે છે, તે હું નહિં. આહાહા! ઇન્દ્રિયથી દેવ, ગુરુ ને શાસ્ત્ર જોવામાં આવે. ઇન્દ્રિયથી વાણી અને ભગવાન, ભગવાનનું શરીર તે ઇન્દ્રિયથી જાણવામાં આવે. ઈ ઇન્દ્રિયથી જણાય, એ હું નહિં. આહાહા! શરીરાદિકને હું ઇન્દ્રિયથી જોઉં છું. આ શરીરને દેખે છે, તે ઇન્દ્રિયથી જુએ છે ને? એ કાંઈ અણીન્દ્રિયથી જુએ છે એમ નથી. એક ભાઈ ઘણા વરસ પહેલા કહે એમ કે આ બધું દેખાય છે તે પુદ્‌ગલની પર્યાય છે. હેં? આહાહા! ઘણાં વરસની વાત છે. નાગનીશમાં. નાગદીશ મહંત. નાગનીશ, નાગનીશ. એય! ક્યાં

ગ્યા નાગનીશ ? છે ને ઓલીકોર પાવાપુરી. ત્યાં ઘણાં વરસ પહેલાં ૭૮ની સાલમાં. કીધું, આ જે બધું દેખાય છે એ તો વિભાવિક પર્યાય દેખાય છે ઇન્દ્રિયની. એના ગુણદ્રવ્ય નહિં.

આંહી કહે છે કે જે ઇન્દ્રિયથી દેખાય છે, તે હું નહિં. આહાહા ! શરીરથી ઇન્દ્રિયથી દેખાય છે. શરીર ઇન્દ્રિયથી જણાય છે, તે અણીન્દ્રિયથી નહિં. કળશ ટીકામાં તો એમ કહ્યું છે કે પાણી ઉનું છે એ એનું જ્ઞાન સ્વરૂપગ્રાહી જ્ઞાનીને હોય છે એટલે સ્વનું જ્ઞાન જેને હોય, એને આ પાણી ઉનું છે, એનો સ્વભાવ ઠંડો છે, એવું પરનું જ્ઞાન સ્વરૂપગ્રાહીને હોય છે. એકલું પરપ્રકાશક જ્ઞાન એ જ્ઞાન નહિં. આહાહા ! જેને સ્વભાવનું જ્ઞાન થયું છે, સ્વનું, એને પરનું યથાર્થ જ્ઞાન હોય છે. એકલા પોતાનું જ્ઞાન નથી અને આ પરનું આને જ્ઞાન કહેવાય એમ છે નહિં, એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઇ ? આવે છે ને ? સ્વરૂપગ્રાહી જ્ઞાન. બે ઠેકાણે. એનો અર્થ ઇ કે પરનું જ્ઞાન ખરેખર તો પર પ્રકાશનું જ્ઞાન. સ્વનું જ્ઞાન થાય એને પર પ્રકાશનું જ્ઞાન યથાર્થ થાય. બાકી તો ઇન્દ્રિયથી જે જણાય, એ બધું પર છે. હવે પરનું જ્ઞાન થાય, જ્ઞાન એ પણ સ્વને જેનું જ્ઞાન થયું, એને પરનું જ્ઞાન યથાર્થ થાય. આહાહા ! સમજાણું ?

ખરેખર તો એ પરનું જ્ઞાન નથી, જ્ઞાન પોતાનું છે. સ્વને પરને જાણવાનો જ્ઞાનભાવ પોતાનો છે, પણ એમાં પર જણાઇ ગયું એવી એ અપેક્ષાએ પરને જાણે છે, એમ કહેવામાં આવે છે. આહા ! સમજાણું કાંઇ ? આ તો કોઇ કહે વાતો જરી, ઊંચા નંબરની વાત છે. એમ કહેતા'તા. નહિં ? કોટામાં. પંડિત. મોઢા આગળ બેસતા નહિં ? જાણીએ છીએ અમે. મહારાજ ઊંચા પ્રકારની વાત જાણીએ છીએ અમે. પંડિત નહિં ઓલા ? નામ ભૂલી ગયા. પંડિતો ઘણા ભેગા થયા'તા, એ સ્પષ્ટીકરણ કરાવવા માટે. હેં ? એ પંડિત હતા. ઓલા મોઢા આગળ નહોતા બેસતા ? હેં ? ક્યાંના ? ઇંદોર. હા ઇ. હા ઇ. ઈ કોઇ વખત કહે મહારાજ, આ તો ઉંચા પ્રકારની વાત છે. કોટાના કીધું. ઉંચાની એટલે યથાર્થની છે.

આ તો યથાર્થ તત્ત્વની વાત છે. એને ઉંચુ કહો કે પહેલું કહો, જે કહો ઇ. આ તો આ છે. લોકોને પોતાના સ્વભાવનું સામર્થ્ય કેટલું છે એની એને ખબર નથી. ઇ પરને જાણવાનું સામર્થ્ય પોતાથી પોતામાં છે. ઇ અસ્તિત્વ પર છે માટે અહીં જાણે છે, એમેય નહિં. આહાહા ! લોકાલોક છે તો, કેવળજ્ઞાની એને જાણે છે કેવળજ્ઞાનમાં. એનું અસ્તિત્વ છે તો એ જાણે છે, એમેય નહિં. એ જ્ઞાનનો પર્યાય જ એવો છે કે પોતાને અને પરને પોતાથી સ્વતઃ જાણે પરિણમે એવો એનો સ્વભાવ છે. એનું અસ્તિત્વ છે માટે અહીં જ્ઞાનમાં

તે સંબંધીનું અસ્તિત્વ જાણવામાં આવ્યું, એમ નથી. પંડિતજી ! જરી ઝીણી છે આ.

એ જ્ઞાનનો સ્વભાવ સર્વજ્ઞ એટલે આત્મજ્ઞ, એમ કહ્યું છે ને ? શક્તિમાં. સુડતાલીસ(૪૭) શક્તિ. એ સર્વજ્ઞ એટલે પરનું એમ નહિં. ફક્ત સર્વનું પોતાનું એવું પર્યાયમાં જાણવાનું સામર્થ્ય છે, એ સર્વજ્ઞપણાને આત્મજ્ઞ કહ્યું છે, એ આત્મજ્ઞ દશા છે. આહાહા ! ભારે વાતું, ભાઈ ! શરીરાદિને હું ઈન્દ્રિયોથી જોઉં છું, તે મારું નથી. તે મારું સ્વરૂપ નથી, તો તારું રૂપ શું છે ? ઉત્તમ જ્યોતિ હોં. જ્યોતિ એટલે જ્ઞાન અને ઉત્તમ એટલે અતીન્દ્રિય એમ. જ્યોતિ એટલે જ્ઞાન અને ઉત્તમ એટલે અતીન્દ્રિય, તથા આનંદમય એટલે પરમ પ્રસન્નતાથી ઉત્પન્ન થયેલા સુખથી યુક્ત. આહાહા ! મારું જ્ઞાન તો સુખથી ઉત્પન્ન થયેલું, આનંદ ઈચ્છાથી ઉત્પન્ન થયેલું, એ મારું જ્ઞાન છે. ફરીને, જ્યોતિ એટલે (શ્રોતા : જ્ઞાન) છે ને ? જ્યોતિ છે ને છેલ્લો શબ્દ ? ૫૧ નો છેલ્લો

**ज्योतिरुतमम्. अन्त्: पश्यामि सानन्द तदस्तु ज्योतिरुतमम्.**

જ્યોતિની વ્યાખ્યા કરી. જ્યોતિ એટલે જ્ઞાન અને ઉત્તમ એટલે અતીન્દ્રિય તથા આનંદમય એટલે પરમ પ્રસન્નતા. પરમ પ્રસન્નતા આનંદમય અતીન્દ્રિય. અતીન્દ્રિય જ્ઞાન અને ઉત્તમ એટલે અતીન્દ્રિય આનંદ સાથે, પરમ પ્રસન્નતાથી ઉત્પન્ન થયેલા સુખથી યુક્ત. આહાહા ! મારું જે જ્ઞાન એ પરમ આનંદની સાથે ઉત્પન્ન થયેલું છે એને જ્ઞાન કહીએ. ભારે વાત લીધી. છે ? જ્યોતિ એટલે જ્ઞાન, ઉત્તમ એટલે અતીન્દ્રિય. એટલો એ તો શબ્દ થયો **ज्योतिरुतमम्** પણ **पश्यामि सानन्द तदस्तु** એ ત્રીજું પદ છે. પરમ પ્રશાંતિથી ઉત્પન્ન. આહાહા ! જે જ્ઞાનમાં પરમ પ્રસન્નતા નામ આનંદ એનાથી ઉત્પન્ન થયેલું, જે સુખથી સહિત જ્ઞાન છે. આહાહા ! મારી જ્યોતિ, ઉત્પન્ન થઈ જે જ્ઞાનની જ્યોતિ, એ જ્ઞાન અતીન્દ્રિય છે. જ્યોતિ એટલે જ્ઞાન છે. ઉત્તમ એટલે અતીન્દ્રિય છે અને અતીન્દ્રિય સાથે પ્રસન્નતા, સુખની પ્રસન્નતાથી ઉત્પન્ન થયેલું છે. આનંદની ધારા એની હારે હોય છે. આહાહા ! કહો, એને જ્ઞાન કહેવામાં આવે છે. આહા ! એવા પ્રકારની જે જ્યોતિ અંતરમાં હું જોઉં છું, આને અંતરંગમાં હું જોઉં છું.

આંહી વિશેષ વ્યાખ્યા આવશે.

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

# પ્રવચન – ૬૫

## શ્લોક – ૫૧ અને ૫૨

**સ્થળ : સુવર્ણપુરી  તારીખ : ૧૮.૦૬.૭૫**

कृत: पुनरात्मज्ञानमेव बुद्धौ धारयेन्नशरीरादिकमित्याह -

**यत्पश्यामीन्द्रियैस्तन्मे नास्ति यन्नियतेन्द्रिय: ।**
**अन्त: पश्यामि सानन्दं तदस्तु ज्योतिरुत्तमम् ।।५१।।**

ઇન્દ્રિદશ્ય તે મુજ નહિં, ઇન્દ્રિય કરી નિરુદ્ધ,
અંતર જોતાં સૌખ્યમય શ્રેષ્ઠ જ્યોતિ મુજ રૂપ ।। ૫૧ ।।

ननु सानन्दं ज्योतिर्यद्यात्मनोरुपं स्यात्तदेन्द्रियनिरोधं कृत्वा तदनुभवत: कथं दु:खं स्यादित्याह -

**सुखमारब्धयोगस्य बहिर्दु:खमथात्मनि ।**
**बहिरेवासुखं सौख्यमध्यात्मं भावितात्मन: ।।५२।।**

પ્રારંભે સુખ બાહ્યમાં, દુઃખ ભાસે નિજમાંય;
ભાવિતાત્મને[1] દુઃખ બહિર્, સુખ નિજઆતમમાંય ।। ૫૨ ।।

**મંગલાચરણ**

ણમો લોએ સવ્વ અરિહંતાણં;
ણમો લોએ સવ્વ સિદ્ધાણં;
ણમો લોએ સવ્વ આયરિયાણં;
ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં;
ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં;
ૐકાર બિન્દુસંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ।।

૧. ભાવિતાત્મને – આત્મસ્વરૂપને યથાર્થપણે જાણનારને

મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી ।
મંગલં કુન્દકુન્દાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્ ।।
નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાય ભાવાય સર્વ ભાવાંતરચ્છિદે ।।
ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર....

**ટીકા** : ભગવાનને વાણી (આદિ બહાર)થી જોવામાં આવે તો પણ એ તો બાહ્ય સ્વરૂપ છે. અર્થાત્ તે મારું સ્વરૂપ નથી. તો મારું સ્વરૂપ શું છે ? તે ઉત્તમજ્યોતિ, એટલે જ્યોતિ એટલે જ્ઞાન, ઉત્તમ એટલે અતીન્દ્રિય, ઈન્દ્રિયથી જણાય એ નહિં. હું તો અતીન્દ્રિય સ્વરૂપ જણાય એવી ચીજ છું. અતીન્દ્રિય તથા આનંદમય. જ્ઞાનજ્યોતિ, અતીન્દ્રિય અને આનંદમય. આહા ! એનાથી ઉત્પન્ન, પ્રસન્નતા ઉત્પન્ન થયેલું સુખથી સહિત છું. આહા ! અણીન્દ્રિય એવો આત્મા એટલે જ્ઞાનજ્યોતિ, ઉત્તમ એટલે અણીન્દ્રિય. આ ઈન્દ્રિયથી જણાય એ ચીજ તો પર છે અને અણીન્દ્રિયથી જણાય એવો જે ઉત્તમ આત્મા. આહા ! બહારથી જોવું એને તો જોવું બહારથી એ ચીજ મારી નથી અને એને જોતાં તો રાગ અને દુઃખ થાય.

એક ઠેકાણે કહ્યું છે ને ? ભાઈ ! બાહ્યચીજોને જોવા માટે આંધળો થઈ જા, એમ આવે છે. અંદર જોવા માટે હજાર નેત્ર ખોલ. આહાહા ! જ્ઞાનનેત્રની દશા ઉગ્ર એવી કર કે અંદર આત્મા જણાય, એમ કહે છે. એવું લખાણ આવે છે, હજાર નેત્રથી અંદર જો. બહારને જોવામાં આંધળો થઈ જા. આહાહા ! કારણ, વસ્તુ તો અંદર છે, બાહ્યમાં એ વસ્તુ નથી. અને બાહ્યનું જોવું બંધ કરી, ઈ કહે છે.આનંદમયથી ઉત્પન્ન થયેલા સુખથી સહિત એવા પ્રકારની જે જ્યોતિ એટલે જ્ઞાનપ્રકાશ અંતરંગમાં હું જોઉં છું. આહાહા ! જ્ઞાનજ્યોતિ ઉત્તમ એટલે અણીન્દ્રિય અને સુખની ઉત્પત્તિ સહિત છે એ. અતીન્દ્રિયને જોતાં આનંદ આવે કહે છે, એમ કહે છે. ઈન્દ્રિયથી જોતાં પર વસ્તુ એ મારી નથી ને દુઃખ થાય. આહાહા ! આવું સ્વરૂપ જ એવું છે.

ઈન્દ્રિયથી જોતાં પ્રતિમા ભગવાન વાણી ઈન્દ્રિયથી જોવાય છે. તેથી કહ્યું છે કે ઈન્દ્રિયથી જે દેખાય છે તે ઈન્દ્રિય છે, એમ કીધું છે. એકત્રીસ(૩૧)મી ગાથા. દ્રવ્યેન્દ્રિય ઈન્દ્રિય, ભાવેન્દ્રિય ઈન્દ્રિય અને ભાવેન્દ્રિયથી જણાય જે સામી ચીજ એ પણ

ઇન્દ્રિય. ભગવાન અને ભગવાનની વાણી પણ ઇન્દ્રિય છે, એમ કહે છે. આહાહા! (**શ્રોતા** : ભગવાનને ઇન્દ્રિય બનાવી દીધા?) આના હિસાબે ઇન્દ્રિય, એના હિસાબે ભલે. કારણ કે ઇન્દ્રિયથી દેખાય, એ પોતાનું સ્વરૂપ નથી. ભગવાનની વાણી સંભળાય, એ પણ પોતાનું સ્વરૂપ નથી. આહાહા! એવી વાત છે પ્રભુ. સ્વસંવેદનથી હું અનુભવું છું. કહે છે કે હું તો સ્વ પોતાથી સંવેદન નામ પ્રત્યક્ષ. આ આત્મા પ્રત્યક્ષ મતિ શ્રુતજ્ઞાનમાં થાય છે, તે હું છું. ભારે ઝીણું ભાઇ આ.

લોકો તો આ બહારની ઇન્દ્રિયથી દયા પાળે, એ એને માને ધરમ. આહાહા! અહીં તો ઇન્દ્રિયોથી જે ચીજ જણાય, એ ચીજ એ આતમાનું સ્વરૂપ જ નથી. આહાહા! ભગવાનની વાણી સાંભળવી એ આત્માનું સ્વરૂપ નથી. આહાહા! ભગવાનને ઇન્દ્રિયથી જોતાં ભાવ હોય વિકલ્પ, પણ જોતાં રાગ જ થાય. તો પછી જિન પ્રતિમાને જોવી શું કરવા? એ અશુભથી વંચનાર્થે એવો શુભભાવ આવે, પણ છે એ ઇન્દ્રિયથી દેખવામાં. આહાહા! રાગની ઉત્પત્તિ થાય ને દુ:ખ છે. અણીન્દ્રિય એવો જે આત્મા જ્ઞાનજ્યોતિ અને સામે ઇન્દ્રિય ત્યાં અણીન્દ્રિય નાંખ્યું છે. ચૈતન્યજ્યોત જે અણીન્દ્રિય એને જોતાં સ્વસંવેદનથી તેને સુખ થાય છે. આહાહા! ભારે મારગ ભાઇ આ! આવો મારગ લોકોને, અને કહે કે પણ વહેવાર કરતા કરતા થાયને? એમ કંઇ પાધરો થાતો હશે?

(**શ્રોતા** : પાધરું જ થાય છે. ઉંધુ કરતાં કરતાં સવળું થાય?) આહાહા! અણીન્દ્રિયની અંદર આ વાત, આ જોવું આ બહારથી. અહીં તો ઇ આવ્યું કે બાહ્ય ઇન્દ્રિયથી જોતાં જ્ઞાનીને પણ તે સ્વરૂપ નથી, તેથી તેને જોતાં રાગ થાય અને દુ:ખ થાય. આહાહા! ભગવાનને જોતાં ને સાંભળતાં રાગ થાય અને દુ:ખ થાય. ફક્ત અણીન્દ્રિય પ્રભુ પોતે, એને જોતાં અરાગ થાય અને સુખ થાય. આવો મારગ છે ભાઇ, આમ જોતાં એ સ્વરૂપ મારું નથી, આમ જોતાં એ સ્વરૂપ મારુ છે. આમ જોતાં રાગ થાય છે, દુ:ખ થાય છે. અને આમ જોતાં અરાગ અને સુખ થાય છે. સુજાનમલજી!

(**શ્રોતા** : વાત તો બરોબર છે પણ અંદર જબરો પ્રયત્ન કરવો પડે) એને પ્રયત્ન કરવો પડે, એમ એ કહેશે આગળ. ૫૨(ગાથા)માં કહેશે. કે બહારમાં એને જરીક અનુકૂળતા શરૂઆત કરે એને અનુકૂળતા લાગે જરીક અને અંતરમાં જવું મુશ્કેલ જેવું લાગે. શરૂઆતમાં એમ આવશે, એમ મુશ્કેલી એટલે અંદર જવામાં એને બહુ પ્રયત્ન જોઇએ એટલે એને મુશ્કેલી લાગે અને બહારમાં એને જરીક ઠીક લાગે આમ. એમ એટલે બહારમાં સુખ લાગે, એ તૃપ્ત છે. આમ જરીક સુખ. આહાહા! આ તો સમાધિતંત્ર છે.

સમાધિ શાંતિ કેમ પ્રગટે અને અસમાધિ કેમ ટળે ? તો ઇન્દ્રિયથી જોવાની ચીજમાંથી તો અસમાધિ થાય છે, એમ કહે છે. આહાહા ! ત્યારે પાછા કેટલાક કહે છે ને જુઓ, ભગવાનની સ્તુતિ આદિ એ સ્તુતિ સાચી નથી, માટે એ ભગવાનની પ્રતિમા ને મૂર્તિ એ શાસ્ત્રમાં છે જ નહિં, એમ વળી કહે છે.

ભાઇ ! એ મૂર્તિ છે એ ઇન્દ્રિયનો વિષય, અને તેમાં શુભભાવ પણ હોય છે અને શુભભાવ એ દુઃખ પણ હોય છે. જ્યાં સુધી સર્વજ્ઞપદ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સ્વસંવેદનનું સુખ અને અતીન્દ્રિય જ્ઞાનનું સુખ પણ હોય છે અને પર ઇન્દ્રિય તરફ વલણમાં જે રાગ થાય છે, એટલું દુઃખ પણ હોય છે. આહાહા ! પણ ઓલો દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય જ્યારે ચાલે ત્યારે એમાં તો એમ કહે કે સમ્યગ્દૃષ્ટિને અશુદ્ધ પરિણામ છે જ નહિં એટલે કે એને દુઃખ છે નહિં એવું આવે. એ તો દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય જે શુદ્ધ ચૈતન્ય છે, એની અપેક્ષાએ કથન છે, પણ જ્યારે સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ કથન ચાલે ત્યારે તો સ્વભાવમાં સુખ છે, એનું પણ ભાન છે, અને પર તરફના વલણમાં જે રાગને દુઃખ છે, એનું પણ ભાન છે. આહાહા !

એ તો ઓલા જ્ઞાનચંદજી ને આવ્યા'તા ભાઇ, દિલ્હીથી. જોવો આ લખ્યું, કહેતા'તા. એણે લખ્યું હતું ને ? એમ કે ન્યાલચંદભાઇને તમે નિશ્ચયાભાસ કહો તો અમે આવીએ નહિંતર તમે નહિં આવતા, જુઓ આ. પછી પંડિતજી ને મળ્યા હશે, એમ, હિંમતભાઇને. મેં કીધું કાંઇ વાતચીત થઇ ? કે, ના. શ્રદ્ધા બહુ સારી. એની હારે શું ? એની શ્રદ્ધામાં મિથ્યાત્વ. સમકિતીને દુઃખ હોય જ નહિં ને અશુદ્ધતા હોય જ નહિં. એ વાંધા ઉઠયા હતા ને શેઠિયા (હારે). કીધું એને માટે શું (**શ્રોતા** : રાગ હોય તો દુઃખ હોય ને) દુઃખ છે ને ? જેટલો રાગ છે એટલું દુઃખ છે. (**શ્રોતા** : રાગ પોતેજ આકુળતા છે) આહાહા ! ત્રીજા કળશમાં ન કહ્યું અમૃતચંદ્ર આચાર્યે. કે હું દ્રવ્યાર્થિકથી તો શુદ્ધ છું. ત્રીજા કળશમાં. પણ અનાદિના મોહના નિમિત્તથી મારામાં કલુષિતતા છે. 'કલ્માષિતાંયામ્' ત્રીજા કળશમાં છે. મુનિ છે, આચાર્ય છે, છઠ્ઠે ગુણસ્થાને, એ કહે છે કે મને હજી કલ્માષિતા એને અશુદ્ધ તો છે નહિં, એ તો મુનિ છે.

મોક્ષમાર્ગ (પ્રકાશક)માં નથી કહ્યું ? કે મુનિને અશુદ્ધતા તો હોય જ નહિં. ત્યારે હવે 'કલ્માષિતાયામ્' એ શુભભાવ છે એ. એ મને અશુદ્ધ છે, કલુષિત ભાવ છે. આચાર્ય પોતે કહે છે. એ મને ટીકા કરવામાં, પાઠ એવો છે, વ્યાખ્યા એવ શબ્દ પડયો છે ને ? વ્યાખ્યા કરતાં એ અશુદ્ધતા ટળો, એનો અર્થ એવો નથી. વ્યાખ્યા કરતા તો વિકલ્પ

છે પણ વ્યાખ્યાના કાળમાં મારું જે લક્ષ અભેદ ઉપર જોર છે, એ જોરથી અશુદ્ધતા ટળી જાવ. એવી વાત છે, પ્રભુ! અહીં તો બાહ્ય ઈન્દ્રિયનું લીધું ને લખવું, શાસ્ત્ર એ બધા વિકલ્પ છે. સાંભળવું, કહેવું એ પણ વિકલ્પ છે.

'કલ્માષિતાયામ્' એ દુ:ખ છે. આહાહા! છટ્ઠા ગુણસ્થાનવાળા એમ કહે કે મને આચાર્ય, અમને એ દુ:ખ છે. વળી કહે કે સમકિતીને દુ:ખ હોય નહિં પણ એ કઇ અપેક્ષાથી? એ તો દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની અપેક્ષાએ વાત છે. આહા! છતાં (જ્ઞાનની) શ્રદ્ધાની અપેક્ષાએ, શ્રદ્ધાનો વિષય અભેદ છે. શ્રદ્ધા પોતે નિર્વિકલ્પ છે ને? એ કંઇ શ્રદ્ધા પોતે પોતાને જાણતી નથી. એ જાણે છે જ્ઞાન. શ્રદ્ધા તો નિર્વિકલ્પ છે, એને પોતે જાણતી નથી, એથી એને નિર્વિકલ્પતામાં તો વસ્તુનું સ્વરૂપ જે આખું પૂરણ છે, એ એનો વિષય છે. કેમ કે અહિં ભેદ નથી જ્ઞાનમાં જાણવાનો, તેથી આનો વિષય પણ આખો અભેદ છે. પણ એ કાળે જે સમ્યગ્જ્ઞાન થયું, એ જ્ઞાન તો પર્યાયમાં જેટલું પરલક્ષમાં જાય છે, એટલું રાગ અને દુ:ખ છે. આહાહા! આવી વાતું. એકાંત તાણે કે નહિં એને રાગ નહિં, એવા દાખલા આપ્યા'તા ને, પહેલા શેઠિયાએ, પેલા કાગળ આવ્યો છે ને. આવા દાખલા આપીએ છીએ ને ન માને હવે ત્યારે જાવ, શેના પણ દાખલા તારા! એ તો દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની અપેક્ષાની વાત છે, અને જે પર્યાયમાં અશુદ્ધતા છે, તેને ગૌણ કરીને એ વાત કરી છે. આહાહા! અને જેટલો વિકલ્પ ઈન્દ્રિયના વિષય તરફ જાય, એટલું દુ:ખજ છે. (**શ્રોતા :** જગપંથ છે તો દુ:ખ જ હોય ને?) રાગ છે ને?

અહિં ભાષા કેવી લીધી જોવોને! ઈન્દ્રિય તરફનું વલણ આમ છે, એના વિષયો છે તેમાં હું નથી. આહાહા! હું તો એક જ્ઞાનજ્યોતિ ઉત્તમ છું એટલે અણીન્દ્રિય છું. આહાહા! અણીન્દ્રિય જ્ઞાનની જ્યોતિ અને તેના ભાન સહિતમાં પ્રસન્નતા આનંદના સુખની સહિત હોય છે. અણીન્દ્રિય આત્માને જોતાં જ્ઞાન સુખ સહિત ઉત્પન્ન થાય છે. આહા! આ વાત એવી લાગે સાધારણ ને એટલે જાણે વહેવાર કરો, શું કરે? આહાહા! (**શ્રોતા :** વહેવાર તો દ્રવ્યલિંગી મુનિ તરીકે અનંતવાર કર્યો) સુખથી યુક્ત છે જુઓ. એવા પ્રકારની જ્યોતિને અંતરંગમાં, અંતરંગમાં અંતર જોતાં હું જોઉં છું. સ્વસંવેદનથી હું અનુભવું છું. આહાહા! અંતરમુખ થવાના કાળની આ વાત છે.

અંતર ઉપયોગથી ખસી જાય, તો બહાર તરફના વલણમાં એને વિકલ્પ થાય. એ સ્વસંવેદનથી ખસી ગયો છે. ચાહે તો દેવ, ગુરુ, શાસ્ત્રને સાંભળે અને માને, એ પણ સ્વરૂપના અનુભવથી પતિત થાય છે. એમ કહ્યું છે ને? પુણ્યપાપ અધિકારમાં.

વહેવાર રત્નત્રય નિશ્ચયથી પાપ છે. આહાહા! કેમકે સ્વરૂપથી પતિત થાય છે. નિર્વિકલ્પ આનંદની દશાથી, જ્યાં વિકલ્પ ઉઠે તો સ્વરૂપથી પતિત થાય છે માટે દેવ ગુરુ શાસ્ત્રની શ્રદ્ધા કે એને સાંભળવાનો ભાવ એ બધો દુઃખરૂપ છે. આહાહા! (**શ્રોતા :** તો નિરાંતે સૂઇ રહેવું ખાટલામાં) વસ્તુનું સ્વરૂપ એવું છે. સૂઇ રહે ક્યાં? સૂવે કોણ અને જાગે કોણ? આહાહા!

ચૈતન્ય અણીન્દ્રિય સ્વરૂપ ભગવાન એનું ધ્યાનમાં લેતાં એને ચૈતન્ય, અણીન્દ્રિય સુખની ઉત્પત્તિ થાય છે અને ઈન્દ્રિયના વિષય જોતાં એ સ્વરૂપ એનું નથી, છતાં એના તરફ લક્ષ જાય છે એટલે એને વિકલ્પ અને દુઃખ થાય છે. આહાહા! હો, વિકલ્પ હોય છે, એ વહેવાર છે પણ એ વહેવાર દુઃખરૂપ છે. આહાહા! શું થાય? અહીંયા તો અણીન્દ્રિય એવું સુખ ભગવાન, એને જોતાં અંતરમાં સ્વસંવેદનપણું પ્રગટે આનંદનું, એને અહીંયા ધરમ અને વાસ્તવિક શુદ્ધ ઉપયોગ કહે છે. આહાહા! અને એ જૈનશાસન છે. બહારમાં જોતા વિકલ્પ ઉઠે એ જૈન શાસન નથી. એ તો રાગ છે.

જૈન શાસન એ તો વીતરાગ પર્યાય છે. આહાહા! કહે છે, તે મારું સ્વરૂપ હો, શું કીધું? કે જ્ઞાનજ્યોતિ ઉત્તમ અણીન્દ્રિય એને વેદતાં હું સુખને સહિત વેદુ છું એ સ્વરૂપ મારું હો! એ સિવાય મારું સ્વરૂપ છે નહિં. આહાહા! મારું સ્વરૂપ અસ્તુ હો! આહા! જ્ઞાનજ્યોતિ, ઉત્તમ અણીન્દ્રિય અને સ્વ સંવેદનમાં ભાવમાં એ વસ્તુ જે જણાણી તે હું છું. આનંદનું વેદન થાય આ તો કહેવું છે આમાં તો કે હું આવો છું, આવો છું, એ પણ એક વિકલ્પ છે. સમજાવવું છે કઇ રીતે? આહાહા! પણ અહીં તો કહે છે કે હું અનુભવું છું, તે મારું સ્વરૂપ હો! એટલે અંદરમાં એ સ્વરૂપ તે હું છું એમ. આહા! આવું સ્વરૂપ હોય એવો જે વિકલ્પ છે એ નહિં, આ તો અસ્તિપણું આવું છે. આ બધા જુઓને.

વાતું! આ રજનીશની કરે ને? કે વિકલ્પથી શૂન્ય થઇ જાવ, વિકલ્પથી શૂન્ય થઇ જાવ. પણ વિકલ્પથી શૂન્ય થઇ કોના ઉપર અસ્તિત્વ? જે અસ્તિત્વ વસ્તુ છે એ અસ્તિ કેટલા પ્રદેશમાં અને કેટલા ગુણમાં? એવું જે દ્રવ્ય, એનું અસ્તિત્વ દૃષ્ટિમાં આવ્યા વિના, એના અસ્તિત્વ ઉપર ગયા વિના, વિકલ્પની નાસ્તિ શી રીતે થશે? તો અસ્તિની તો વાત છે નહિં અને વિકલ્પનો નાશ કરો, વિકલ્પનો નાશ કરો. એ તો ઓલાએ કહ્યું એવું છે આ. ચિંતા. નિરોધ. ઓલાને શું કહેવાય એ? (**શ્રોતા :** એકાગ્ર ચિંતા નિરોધ ધ્યાન) આ અન્યમતિમાં. પાતંજલ (યોગ નિરોધ) હા એ. પણ અહીંયા વિકલ્પથી રહિત પણ નિર્વિકલ્પ ચીજ કેવડી છે? એ ચીજની અસ્તિપણું, એનુ ક્ષેત્રપણું અને એના ભાવના ગુણપણું એ એની દૃષ્ટિમાં આવ્યા વિના વિકલ્પ તૂટે શી રીતે? પંડિતજી! આહા!

એમ બધી વાતું કરે. વિકલ્પથી શૂન્ય થઇ જાવ. વિચાર બંધ કરી દો. પણ વિચાર બંધ થઇને કોની ઉપર જાવું છે એને ? કોના અસ્તિત્વમાં એની દૃષ્ટિ છે ? અસ્તિત્વ એ જ હું, એ કહ્યું. જુઓને. એ વેદુ છું તે મારું સ્વરૂપ અસ્તુ હો. આહા ! તેથી એમાં વિકલ્પ રહિત થઇ ગયો. આહાહા ! આવું તો આત્માની વાતું કરવા હવે શીખ્યા છે ઘણાય માળા. પણ મૂળ અસ્તિત્વ એનું કેવડું છે ? કેટલા ગુણ ? અનંત અનંતગુણવાળું જેનું અસ્તિત્વ છે અને અસંખ્ય પ્રદેશી એ વસ્તુ છે. હવે અસંખ્યપ્રદેશી અનંતગુણથી વ્યાપક છે. એક એક પ્રદેશે બધા અનંતગુણો વ્યાપ્યા છે આખા. એવું એનું અસ્તિત્વ છે. એ અણીન્દ્રિયથી જણાય એવું છે. આહાહા ! સમજાણું કાંઇ ?

બહારમાં લાગે ધમા ધમ આ એવી. આહા ! શિક્ષણ શિબીર. કોટામાં. હેં ? ઘણાં વિદ્યાર્થી, શિક્ષકો, સૌને ઇનામ આપ્યા, પુસ્તકો આપ્યા. કેટલો ખર્ચ ? પણ એ તો બધી પર તરફના લક્ષવાળી, વિકલ્પની વાતું છે. પંડિતજી ! આહાહા ! તેમાં આ બાબુભાઇ લઇને નીકળ્યા હતા ને ધર્મચક્ર ? એ તો ત્રણ મહિનામાં ધર્મચક્ર શું, લાખ મહિનામાં કરે તો લાખ માણસ આવે તો પણ પર દ્રવ્ય તરફ લક્ષ છે તો શુભભાવ છે. એવો મારગ છે પ્રભુનો. અને પાછુ રાત્રે હાલવું અને દિવસે જાત્રા. એક કોર એમ કહેવું કે રાત્રી પૂજન ન કરવું, આવે છે કે નહિં ? મોક્ષમાર્ગમાં. રાત્રીપૂજન ન હોય. (શ્રોતાઃ ત્યાં હાલવું નહિં એમ નથી આવતું) એ તો મિથ્યાત્વનો બાપ થઇ ગયો મોટો. રાત્રી પૂજન ન કરવું, આ તો રાત્રે હાલવું નહિં યાત્રા માટે. એય, વાત તો એવી છે, ભાઇ !

મળ્યો'તો. બાબુભાઇને. બધાને, એમ માનતા કે હો હો જાણે શું કર્યું ? માણસો ભેગા થઇ ગયા હતા, ઈંદોરમાં તો ૫૦હજાર. ઓલું ચક્ર છે, ને વળી ઓલો બોલે અંદર. મહાવીરનો સંદેશ. ઓલો ચંદુભાઇ છે ને ચંદુભાઇ, ચંદુભાઇ ને ? બીજો ચંદુ છે. હા એ બોલતો'તો. સાંભળ્યું. બાબુ, બાબુ (**શ્રોતા** : બાબુલાલ). ના એ નહિં એ ગુજરાતી છે. ફતેહપુરના છે. એ હારે હતાને ? એની હારે. (**શ્રોતા** : નાના બાબુભાઇ) નાના બાબુભાઇ ધર્મચક્ર હારે અંદર બેઠા'તા. એ આ જૂનાગઢમાં પહેલે દિ' અને બીજે દિ' આવ્યા સવારના. ચાર દિ' રહ્યાને અમે જૂનાગઢ, બે દિ' જેતપુર, ને ન્યાંથી પહેલે ગયા આંહી. ત્યાં બીજે દિ' આવ્યા સવારમાં ને હું બરાબર બહાર નીકળીને વ્યાખ્યાનમાં જવાનો હતો, અને ધર્મચક્ર ઉભું રાખ્યું ન્યાં, આંહી બેસો મહારાજ બાબુભાઇ કહે. અહીં સુધી જાઇએ છે ત્યાં સુધી. રથયાત્રા. પણ એ બધી વાત બાપુ ! બાહ્ય તરફના લક્ષવાળી ચીજ તો શુભરાગની.

સ્ત્રી કુટુંબ પરિવારના લક્ષવાળો ભાવ એ અશુભ છે અને આ દેવ ગુરુ શાસ્ત્રના વલણવાળો ભાવ એ શુભ છે, પણ છે બેય બંધના કારણ. આહાહા! (**શ્રોતા** : બંધના પ્રકારમાં ફેર છે) બંધનો પ્રકાર, બંધની અપેક્ષાએ બેય બંધ છે. અબંધ સ્વરૂપથી વિરુદ્ધ તે બંધ છે. પછી ભલે કષાયની મંદતાથી થોડો બંધ પડે, પણ બંધને ? આવી વાત છે ભાઈ ! બહુ હરખ આવે વહેવારનો, ઝાઝા માણસ સાંભળે, ઝાઝા માણસ ભેગા થાય, એનો હરખ આવે, એ તો બધો શુભરાગ છે. એય હિંમતભાઈ ! આવી વાતું છે ભાઈ ! આ તો વીતરાગભાવ છે. હેં ? (**શ્રોતા** : બાવા થવાની વાત છે) બાવો જ છે. રાગ રહિત જ એનું સ્વરૂપ છે, કેવી વાત લીધી છે, જુઓ, શ્લોકમાં તો મૂળ પાઠમાં છે ને ? જુઓ.

**कृत: पुनरात्मज्ञानमेव बुद्धौ धारयेन्नशरीरादिकमित्याह -**

**यत्पश्यामीन्द्रियैस्तन्मे नास्ति यन्नियतेन्द्रिय: ।**
**अन्त पश्यामि सानन्दं तदस्तु ज्योतिरुत्तमम् ।।५१।।**

अन्त पश्यामि सानन्दं तदस्तु ज्योति ત્રીજુ પદ છે ને ? આહાહા ! અને यत् पश्यामि इन्द्रिय तन्मे नास्ति तद् नियते इन्द्रिय । ઇન્દ્રિયોનો નિરોધ કરી, આહાહા! अन्त: पश्यामि અંતરમાં આનંદને અનુભવવો. આહાહા ! એને જોતાં, અંતરને જોતાં આનંદ સહિત અનુભવવો તે વસ્તુ જ્યોતિ, તે હું સ્વરૂપે છું. આહાહા! આવી વાત છે, ભાઈ! (**શ્રોતા** : એવી જ હોયને) વહેવારના રસીલા, એને આ વાત ગોઠવી મુશ્કેલ પડે. (**શ્રોતા** : આ તો સ્વરૂપ જ્ઞાનના રસીલા જોઈએ) આહાહા! (**શ્રોતા** : પંડિત કૈલાશચંદ કહતે હૈ જો પુણ્ય પર કિતના જોર ફિરભી નહીં હોતા) નહીં હોતા, અહીં તો આ કહતે હૈ ભૈયા. (**શ્રોતા** : એનો અર્થ કે એને પુષ્યમાં રુચિ છે) રુચિ, રુચિ. એને શુભભાવમાં.

કુંદકુંદઆચાર્યને પકડતા બીજા આચાર્યોનું બદનામ થઇ જશે એમ કહે છે. બધા આચાર્યોની એકજ શૈલી છે. આહાહા ! પણ જેનો વિશેષપણે ઉપકાર જણાય એને કહે. પ્રભુ ! તમે જો કુંદકુંદઆચાર્ય મહાવિદેહમાં જઇને જો આ ઉપદેશ ન આપ્યો હોત તો અમારા જેવા મુનિ શી રીતે ધરમ પામત ? એમ કહ્યું. દેવસેન આચાર્યે કહ્યું છે. દર્શનસાર પુસ્તક છે, એમાં એ કહ્યું. આમાં લખ્યું છે ને ? સમયસારમાં. આહાહા ! સંબોધન પદ્મનંદીઆચાર્ય, પદ્મનંદી એટલે કુંદકુંદઆચાર્ય. મહાવિદેહ જઇને અહીંયા ઉપદેશ આવો ન કર્યો હોત તો. આહાહા! તો બીજા મુનિઓ બદનામ થઇ ગયા એમાં ? પણ જેનો ઉપકાર ખ્યાલમાં આવ્યો, એને કહે. પણ એ પણ વિકલ્પ છે એક. આહાહા !

પુણ્યને તો પાપ કહ્યું, કીધું ને ? પુણ્ય-પાપના અધિકારની છેલ્લી ગાથાઓ છે. જયસેન આચાર્ય. પહેલું કીધું છે કે એ નિમિત્ત છે, હોય છે, એ કહ્યું પાછું કે ભાઈ આ અધિકાર તો પાપનો ચાલે છે, તેમાં આ તમે ક્યાં નાંખ્યું ? કે એ પાપ જ છે. આહાહા ! આનંદના સ્વરૂપના અનુભવથી ખસી જવું, ભ્રષ્ટ થવું, એ વિકલ્પ છે વહેવારનો, એ પાપ છે. આહાહા ! મુનિનું કહ્યું ઈ, મુનિને કહ્યું હતું ને ? આ સમયસાર નાટકમાં. સમયસાર છે ને ? નાટક, નાટક. ૪૦મો બોલ છે ને ? છઠ્ઠે ગુણસ્થાનમાં જે શુભ વિકલ્પ આવે, પંચમહાવ્રત આદિ ताकारण जगपंथ इत् એ જગપંથ છે. પંડિતજી ! ૫૨-૫૪ બોલ છે, મોક્ષ અધિકારમાં, એમાં ૪૦મો બોલ છે

ता કારન જગપંથ ઈત, ઉત શિવ મારગ જોર ;
પરમાદિ જહકૌં ધુકૈ, અપરમાદિ શિવ ઓર ।। ૪૦ ।।

જે પરમાદિ આલસી, જીન્હકૈ વિકલ્પ ભૂરિ ;
હોઈ સિથલ અનુભૌ વિહૈં, તિન્હકૌં શિવપથ દૂરિ ।। ૪૧ ।।

જે પરમાદિ આલસી, તે અભિમાની જીવ ;
જે અવિકલ્પી અનુભવી, તે સમરસી સદીવ ।। ૪૨ ।।

છઠ્ઠે ગુણસ્થાને મુનિને પંચમહાવ્રતનો ભાવ, વિનયનો ભાવ, ભગવાનના વિનયનો ભાવ, શાસ્ત્રને વંદન કરવાનો ભાવ એ જગપંથ છે જગપંથ છે, એ સંસારપંથ છે. આહાહા ! ઉત શિવમારગ જોર. આ બાજુ ઢળતા જે મારગ થાય એ શિવમારગ છે. આહાહા ! પરમાદિ જગ કો ધુકે. છઠ્ઠા ગુણસ્થાનનો પ્રમાદ છે, એ જગતરફ ઝૂકે છે. આહાહા ! ને એને તો પ્રમાદ શુભભાવનો છે, અશુભ તો છે નહિં. અપ્રમાદી શિવ ઓર હોય. પ્રમાદ રહિત અપ્રમાદિ શિવ મોક્ષ તરફ ઝૂકે છે. આહાહા ! જે પરમાદી આલસી જીનકે વિકલ્પભૂરી. વિકલ્પ વારંવાર આવે હોઈ સિથલ અનુભવ વિષૈં, તિનકો શિવપંથ દૂરિ. આહા ! જે પ્રમાદી આળસી તે અભિમાની જીવ જે અવિકલ્પી અનુભવી તે સમરસી સદીવ. બનારસદાસજી પોતે. આહાહા !

વસ્તુ તો એ સ્થિતિ બાપુ, વીતરાગ મારગ છે આ. આહાહા ! વીતરાગ ભાવ જે પ્રગટે સ્વઆશ્રયે, એ જૈનશાસન છે. બાકી આ વચ્ચે આવે ખરો વહેવાર, પૂરણ ન હોય ત્યારે, પણ છે દુઃખરૂપ, એ સંસાર જગપંથ ઝૂક્યો છે. આહાહા ! હવે આંહી તો સમ્યગ્દર્શન વિનાના શ્રાવક અને મુનિના આચાર, એમાં ધરમ મનાવવો છે. (**શ્રોતા** : એમાંય શ્રાવક હોય છે ને ? પાંચમું ગુણસ્થાનક હોય ત્યારે શ્રાવક હોય) કહો, ચેતનજી !

આવી વાત છે. કોઈની હારે મેળ ખાય એવું નથી આમાં. (**શ્રોતા** : કોઈની હારે શું કામ, સત્યની સાથે મેળ ખાય છે કે નહિં તે જોવું જોઈએને) બરાબર સત્ય હારે મેળ ખાય છે. આહાહા ! અહિં નિયમ કહ્યો છે નહિં.

ફલાણું કીધું છે, સાધક કહ્યું છે. વહેવારને સાધક કહ્યું છે. નિશ્ચય સાધ્ય છે, પંચાસ્તિકાયમાં. (**શ્રોતા** : સાધકનો અર્થ બાધક થાય) આણે ધુવાડીયો વાળ્યો છે ને ? એક પંડિત એમ કહે છે કે એમાં હતું સાધકનું સાધ્ય, નિશ્ચય સાધ્યના અર્થ ફેરવી નાંખ્યા હિંમતભાઈ એ. એમ કહે છે લોકો નહિં, કો'ક કહેતું'તુ. (**શ્રોતા** : પંચાસ્તિકાય બહાર પડયું ત્યારે) પણ એનું તો સ્પષ્ટ છે. હેં ? કો'કે કહ્યું'તું. અર્થ કરીને ધુવાડીયો વાળ્યો છે એવું આવ્યું'તું ક્યાંક, પંચાસ્તિકાયમાં. બાપુ સાધક નથી. જે જે ત્યાં સાધક છે તે તે ત્યાં બાધક છે. આહાહા ! નય, નિક્ષેપ ને પ્રમાણથી આત્માનો નિર્ણય કરવો એ પણ અભૂતાર્થ છે, એ સાધક નથી. આહાહા ! વીતરાગ ભાવ જેમાં ઝરે એ સાધક છે. એ કહ્યું છે એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. ભારે પણ, તકરાર કરે ને. આહાહા !

આ તો પુણ્ય ઉપર ડાંગ લઈને બેઠા છે. ઝેર કીધું, પછી પ્રશ્ન શું ? ભગવાનની ભક્તિનો રાગ પંચમહાવ્રતનો ભાવ ઝેર છે. અમૃતસાગર પ્રભુ, એનાથી વિરુદ્ધ ભાવ એ ઝેર છે. વિષકુંભ કહ્યો છે એને, ઝેરનો ઘડો. એને ઝેરનો ઘડો કહ્યો છે, કહો. મુલચંદજી કહેતા હતા એક ફેરી. ભાઈ આ કહે. આપણે યાદ નહોતું કર્યું એક દિ, કુંદકુંદઆચાર્યને પણ ઝીલવા પડશે (**શ્રોતા** : યહ જો મોક્ષમાર્ગ પ્રકાશક હૈ, મહાવીર કીર્તિ હૈ ને ? વો કહતે થે મોક્ષમાર્ગ પ્રકાશક જો રચે હૈ યે મિથ્યાત્વસે પ્રેરિત બનાયા હૈ) આહાહા ! શું થાય ? મોક્ષમાર્ગ પ્રકાશે તો સત્યને સ્પષ્ટ કર્યું છે. સામાન્યપણે વાત હતી, એનું વિશેષ સ્પષ્ટ કર્યું છે. અક્ષરે અક્ષર શાસ્ત્ર પ્રમાણે મળે છે. આહાહા ! આહીં કહે છે, અસ્તુ. વિકલ્પ વિનાનો અણીન્દ્રિય, ચૈતન્ય જ્ઞાનજ્યોત એનો જે અનુભવ એ અસ્તુ ! એ મારું સ્વરૂપ છે. આહા ! સમજાણું કાંઈ ? હું કેવો થઈને જોઉં છું ?

અણીન્દ્રિય આત્માને જોઉં છું એ કેવો થઈને જોઉં છું ? એમ. ગાથા છે ને ? પાઠમાં नियतेन्द्रियः બીજા પદનો છેલ્લો શબ્દ છે नियतेन्द्रियः આહાહા ! બાહ્ય ઈન્દ્રિયોને બાહ્ય વિષયોથી રોકી, આમાં ઈ કહેવું છે. કેવો થઈને ? ઈન્દ્રિયોને સંયમિત કરીને, બાહ્ય વિષયોથી ઈન્દ્રિયોને રોકીને અને પોતે સ્વાધીન થઈને, ઈન્દ્રિયોને કાબુમાં રાખીને એ તો વિસ્તાર કર્યો છે. વાત એ કે ઈન્દ્રિય તરફનું વલણ મેં છોડી દીધું છે. વાત એ અણીન્દ્રિય તરફમાં હું આવ્યો છું. આહાહા ! ત્યાં મારી જાતનું સ્વરૂપ તે હું છું. આહા ! ભગવાનની

વાણી દિવ્યધ્વનિ કાને પડે એ પણ ઈન્દ્રિયનો વિષય છે. આહાહા ! આકરું માણસને લાગે. (**શ્રોતા** : ભગવાન દેખાય એ આંખથી દેખાય) એ ઈન્દ્રિયના વલણ તરફના ભાવને છોડી દઈ, અણીન્દ્રિય એવો જે ભગવાન આત્મા તેમાં હું છું, તેના અનુભવમાં હું છું, એમ કહે છે.

પોતે સ્વાધીન થઈ ઈન્દ્રિયોને કાબુમાં રાખી, કાબુનો અર્થ ઈ, એ તરફથી વલણ છૂટયું. આહાહા ! ત્યારે એને અંદરમાં શાંતિ અને સમાધિ થાય. એ આ સમાધિ, ઓલા બાવા કરે એ સમાધિ નહિં. અંતર આનંદની દશા ઉત્પન્ન થાય એ સમાધિ. આહાહા ! (**શ્રોતા** : સમ્યગ્દર્શન એ જ સમાધિ) એ જ સમાધિ છે ને. સમ્યગ્દર્શન, જ્ઞાન અણીન્દ્રિય છે ને ! અણીન્દ્રિયના વિષયને બનાવી અને જે પર્યાયમાં પ્રગટ દશા તે આનંદ સહિત દશા છે. આહાહા ! એક ફેરી ભાઈએ કહ્યું'તું આંહી. હુકમીચંદજીએ, કૈલાસચંદજીએ ભાઈ કહ્યું'તું. આ હુકમીચંદ છે ને ? મીઠીભાષાથી. એમ કે આપણા પંડિતો વચ્ચે તકરારનું આવે છે ને લખાણ છાપામાં. એટલા ભાગ્યવાન છે કે સાધારણ માણસો આ ચોપાનિયાને વાંચતા નથી. હેં ? એટલા ઘણા લખાણ ત્યાં ને ત્યાં રહી જાય છે, નહિંતર વાંચે તો પંડિતો, પંડિતોમાં વિરોધના લખાણ (બધા વાંચતા નથી). આહાહા !

એવું મીઠું બોલે છે. એક ફેરે કે' આ બધુ લખાણ, તમે ભાગ્યશાળી કે તમારું આ બધુ લખાણ વાંચતા નથી. એ તો થોથા ક્યાંય પડયા હોય, એ વાંચે બીજું કોણ ? સમાજ. કોણ વાંચતુ'તું. આહાહા ! અહીંયા તો ચૈતન્યમૂર્તિ પ્રભુ અણીન્દ્રિય પર્યાયથી જ અનુભવાય એને રાગના વિકલ્પનો ઈન્દ્રિયનો નિરોધ કરે, ત્યારે અનુભવાય, એમ કહે છે. આહાહા ! ભગવાન ગણધર સાંભળવા બેઠા હોય ન્યાં ત્યારે એને તો ઘડીકમાં છઠ્ઠું અને ઘડીકમાં સાતમું આવે છે. છઠ્ઠું છે ત્યાં સુધી આનું લક્ષ રહે છે વિકલ્પ, સાતમે વિકલ્પ તૂટી જાય છે. ન્યાં ધારાવાહી એક ઓમની ધ્વનિ ધારાવાહી નીકળે છે અને આંહી તૂટક તૂટક થઈ જાય છે. છઠ્ઠે હોય તો ખ્યાલમાં અને સાતમે હોય તો ખ્યાલ નહિં. છઠ્ઠે હોય તો ખ્યાલમાં અને સાતમે ખ્યાલ નહિં, એવું હજારો વાર આવે છે. છતાં શાસ્ત્રની રચના કરે ત્યાં તૂટક ન હોય. આહાહા ! સમજાણું કાંઈ ?

કારણ છઠ્ઠે હોય ત્યાં સુધી એનો વિકલ્પ, આ ભગવાન શું કહે છે એમાં લક્ષ છે. અને ક્ષણે સાતમું આવે ત્યાં લક્ષ છૂટી જાય છે અને ત્યાં તો ધારાવાહી ચાલુ છે, ઉપદેશ. હવે એ ઉપદેશનો ભાવ સંધિ કરીને સરખો મેળવવો પણ એ તો મેળવાય અંદર. અંદરમાં જાય છે અને બહાર આમ વિકલ્પ આવે છે એ હોવા છતાં એની સંધિ બરાબર થઈ જાય છે. ભગવાને જે શું કહ્યું એની સંધિની રચના. (બરાબર થઈ જાય છે). આહાહા !

સમજાણું કાંઇ ? આવો મારગ છે, કહો. સાતમે સાંભળે નહિં છતાં એ ભગવાનના કહેલા એ દિવ્યધ્વનિની રચના આગમમાં કરે, હવે તૂટક તૂટક સાંભળે એને આખું સળંગ શી રીતે કરે ? આહાહા ! પણ એ સળંગ થાય એવું જ ત્યાં જ્ઞાન હોય છે. આહાહા ! આહાહા !

એ અણીન્દ્રિય જ્ઞાનમાં લક્ષ છે ત્યારે ભગવાનની વાણી સાંભળવી ત્યાં અટકી જાય છે, સાતમે. છતાં એ વાણીમાં કહેલા ભાવો, રચનામાં એ કહેલા ભાવો આવે છે. તૂટક તૂટક આવે છે, એમ નથી. આહાહા ! એવી જ વસ્તુની સ્થિતિ છે. દિવ્યધ્વનિ સાંભળીને રચના કરી, એમ આવે છે શાસ્ત્રમાં ! તો દિવ્યધ્વનિ સાંભળવામાં તો છઠ્ઠે સાંભળે અને સાતમે નહિં. છઠ્ઠે સાંભળે અને સાતમે નહિં. એ અંતરમુહર્તમાં હજારવાર ફરે છતાં એ દિવ્યધ્વનિ સાંભળીને આખી રચના સળંગ કરી, એવો સ્વભાવ જ એ જ્ઞાનનો છે. આહાહા ! ઇન્દ્રિયોને સંયમિત કરીને, આ તો સંયમિત આવ્યું ને, એટલે ઓલા આત્મા સંયમિત થઇ જાય છે. બાહ્ય વિષયોથી ઇન્દ્રિયોને રોકીને અને પોતે સ્વાધીન થઇને, ઇન્દ્રિયોને કાબુમાં રાખીને, જુઓ અંતરાત્મા વિચારે છે.

**ભાવાર્થ** : આહાહા ! ઇન્દ્રિયોદ્વારા જે શરીરાદિ બાહ્ય પદાર્થો દેખાય છે, શરીરઆદિમાં બધુ લઇ લેવું. ભગવાન અને ભગવાનની વાણી એ બધું એમાં આવી ગયું. આહાહા ! તે હું નથી. આહાહા ! ભગવાનની વાણી ભગવાન તરફ લક્ષ જાય તે હું નથી. તે મારું સ્વરૂપ નથી. મારું સ્વરૂપ તો પરમ ઉત્તમ અતીન્દ્રિય આનંદમય જ્ઞાનજ્યોતિ છે. આખો સરવાળો કર્યો. પરમ ઉત્તમ અતીન્દ્રિય આનંદમય જ્ઞાનજ્યોતિ છે. આહાહા ! જ્યારે હું ભાવ ઇન્દ્રિયોને નિયંત્રિત કરીને, હઠાવીને, અંતર્મુખ થાઉં છું. જુઓ, આ સમ્યગ્દર્શનના વિષયમાં એકાગ્ર થાઉં છું, એ વસ્તુ છે. આહાહા ! ધ્યાન પછી કે એ તો ઉંચા દરજ્જાની વાત છે. પણ આ સમ્યગ્દષ્ટિની પહેલી વાત છે. (**શ્રોતા** : ઉંચા દરજ્જાની હોય કે હલકા દરજ્જાની હોય) એમ કહે કે એ તો ઉગ્ર, ઘણા આગળ સાધુ થાય ને ચારિત્ર થાય, એને આગળ શ્રેણી માંડવી હોય, એની માટે છે. અહીં તો પહેલે, પહેલે ધડાકે આ છે. આહાહા !

સમ્યગ્દર્શનમાં અણીન્દ્રિય આત્માનો અનુભવ, એને ઇન્દ્રિયના વિષયોને રોકીને, ઇન્દ્રિયના વિષયને રુંધીને, અણીન્દ્રિય તરફમાં જે ઢળ્યો છે, એ જ વસ્તુનું સ્વરૂપ છે. આહાહા ! હવે આમાં ઝાઝી સભા હોય તો માણસને, શું આ વાત કરે છે ? ઝપટ બોલાવે અંદરથી આમ થાય છે. અરે ભગવાન ! (**શ્રોતા** : ઝપટ બોલાવે) એ શું ? આ ઝપટ છે. તાણીને બોલે, ગોખી ગોખી પ્રવચન બોલે, મોટે અવાજે જે કહેવાણું છે, એ આ કહ્યું છે. પ્રવચનસાર, છેલ્લી ગાથાઓમાં. (**શ્રોતા** : અગ્નિમાં જેમ લાકડા હોમાય એમ હોમાઇ ગ્યું)

સ્વાહા, જેટલું કહ્યું તેટલું બધું સ્વાહા થઇ ગયું. આહાહા ! ત્યારે હું જ્ઞાનસ્વરૂપ આત્માને જોઇ શકું છું. આહાહા ! ભાવઇન્દ્રિય તરફના ઝુકાવને છોડી દઇને જ્ઞાનસ્વરૂપ આત્માને જોઇ શકું છું, સ્વસંવેદનથી અનુભવી શકું છું. આહાહા ! આ વસ્તુની સ્થિતિ છે. આહાહા !

## વિશેષ

ભાવાર્થ, એની ટીકા, ભાવાર્થ એમાં વિશેષ. જે ઇન્દ્રિયો દ્વારા દેખાય છે, તે આત્માનું સ્વરૂપ નથી. આહાહા ! ભગવાનની પ્રતિમા, ભગવાનનું સમોસરણ, ભગવાન પોતે અંદર અને એની વાણી, ઇન્દ્રિયોથી દેખાય છે ઇ. આહાહા ! એ આત્માનું સ્વરૂપ નથી, એમ કહીને એની સ્તુતિ વહેવારની છે ને ત્યાં આ સ્થાનકવાસીએ એને ઉલટાવી નાંખી છે. ઓલી આરજાન છે એ જુઓ, ભગવાનની સ્તુતિ નિજ સ્તુતિ સાચી નથી, પણ સાચી નથી, એ કઇ અપેક્ષાએ ? એ તો અણીન્દ્રિય કે પોતાના સ્વભાવ નથી એ અપેક્ષાએ. પણ એવો ભાવ આવે, શુભભાવ હોય, દુઃખરૂપ છે, ઇન્દ્રિયના વલણથી એ વિકલ્પ ઉઠયો છે, છતાં એ વસ્તુ આવ્યા વિના રહેતી નથી. જાણવા જેવી છે. આહાહા ! ભારે વાતું આકરી ભાઇ !

ઓલી દિવાળી. દિવાળી નહિં, લીલાવતી એ એમ કહે છે, આરજાનજી નહિં ૪૦-૪૫ ભેગા કર્યા'તા દીક્ષા માટે. હવે દીક્ષા ક્યાં હતી ? આહાહા ! (**શ્રોતા** : એ તો વળી કોઇવાર એમેય કહે કે એ તો દિગંબર શાસ્ત્રમાં લખ્યું છે, આપણા શાસ્ત્રમાં એમ ક્યાં છે ?) એ એમ કહે કે અમારામાં પંચમહાવ્રતને સંવર કહ્યો છે. એ દિગંબર શાસ્ત્રમાં એમ નથી, માટે અમારે માન્ય નથી. પણ તત્ત્વાર્થ સૂત્રમાં જુઓને એમાં એ કહ્યું છે. મહાવ્રતના આદિ પરિણામ એ પુણ્ય આશ્રવ છે. તત્ત્વાર્થસૂત્રમાં છે, છઠ્ઠા અધ્યાયમાં. આહાહા ! (**શ્રોતા** : પુણ્ય આશ્રવનો અધિકાર છે ને ?) હા છે ને ? પુણ્યઆસ્ત્રવ. તત્ત્વાર્થસારમાં એ છે. અમૃતચંદ્ર આચાર્યનું છે ને તત્ત્વાર્થસાર પુસ્તક ? તત્ત્વાર્થસૂત્ર ઉપરથી બનાવ્યું છે તત્ત્વાર્થસાર. આખુ વંચાઇ ગ્યું છે. આપણે વ્યાખ્યાનમાં વંચાઇ ગયું છે તત્ત્વાર્થસાર. એમાંય લીધું કે જ્યાં પુણ્ય આસ્ત્રવનો અધિકાર હવે વર્ણવીએ છીએ કે મહાવ્રત એ બધા પુણ્ય આસ્ત્રવ છે. આહાહા !

વહાણમાં છિદ્ર પડે ને જેમ પાણી આવે, એમ ભગવાન આત્મામાં શુભભાવ થાય એ છિદ્ર પડયું. પાણી જેમ આવે એમ આંહી પરમાણું આવે. આહાહા ! આત્માની શાંતિ ન આવે એમાંથી. આહાહા ! વસ્તુ એવી છે બાપુ. વીતરાગનો મારગ આવો છે. તારી કલ્પનાથી તું એને બીજુ રૂપ આપ, તેથી વસ્તુ નહિં ફરે. વસ્તુ તો વસ્તુ છે. તે તો

જડનું, પુદ્ગલનું સ્વરૂપ છે. આહાહા! આ આત્માની અપેક્ષાએ બીજા આત્માઓને પણ અણાત્મા કહ્યાં. કળશમાં નહિં, પહેલા જીવ અજીવ અધિકારમાં આવે છે. આ આત્મા એ નથી. એ અણાત્મા છે બધા. આ દ્રવ્યની અપેક્ષાએ બીજા દ્રવ્યો અદ્રવ્યો છે. આ ક્ષેત્રની અપેક્ષાએ બીજુ ક્ષેત્ર અક્ષેત્ર છે. આના સ્વકાળની અપેક્ષાએ બીજા કાળ તે અકાળ છે. આના સ્વભાવની અપેક્ષાએ પોતાના ગુણની અપેક્ષાએ બીજા અભાવ છે.

અદ્રવ્ય અક્ષેત્ર અકાળ અને અભાવ છે પર. આહાહા! પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે. પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નથી આત્મા. એમ એનો આત્મા પણ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે. પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી એનોય આત્મા નથી. આહાહા! એ તો સપ્તભંગીનો પહેલો બોલ છે. સ્વચતુષ્ટયથી છે અને પરચતુષ્ટયથી નથી. આ ચતુષ્ટય હો, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ હો. ઓલું અનંત જ્ઞાન દર્શન એ નહિં. જડ પુદ્ગલનું સ્વરૂપ આત્મા નથી, અણાત્મા છે. ભાષા દેખો. આહાહા! ઇન્દ્રિયથી જણાય તે અણાત્મા છે. ભગવાન અણાત્મા છે. આ આત્મા નહિં, માટે અણાત્મા.

(**શ્રોતા** : એના પોતાના આત્મા ભલે રહ્યા. આપણે શું કામ છે?) એ તો એની અપેક્ષાએ સ્વદ્રવ્ય છે. આની અપેક્ષાએ તો અદ્રવ્ય છે. આહાહા! જુઓ તો વાણી! ઓલા ત્રિપાઠીને લખ્યું'તું ને શ્રીમદ્દ્, ભાઇ! એ વેદાંત હતો એટલે એને જણાવતાં શ્રીમદ્દ્ એક પત્ર લખ્યો. ઓલો વેદાંતિ હતો ને પણ કંઇક નરમ માણસ હશે. આપણે કોઈ પણ દ્રવ્યની એમ કે વ્યાખ્યા કરીએ તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી થઈ શકે એમ ભાઇ શ્રીમદ્દ્ લખ્યું, કારણકે એને ઓલું સર્વવ્યાપક છે એ ઉડાડવું હતું. સર્વવ્યાપક હોય તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, આ જે કહીએ એ હોય નહિં એને. સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી છે અને પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી નથી. તો પર પણ માનતા નથી આ લોકો. સર્વ વ્યાપક એક આત્મા છે. એવું આ નિશ્ચયવહેવાર એમ થઈ જાય કે આ વેદાંત જેવું છે, પણ આ વેદાંત જેવું કાંઇ નથી. આહા!

વેદાંતને તો પાખંડ કહ્યું છે શાસ્ત્રમાં. પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ આકારવાળો લોકવ્યાપક જીવ નથી, એવું કહ્યું છે. વીસ(૨૦) બોલ અલિંગ્રહણના. પંદરમો બોલ છે. પંદરમો બોલ છે. અમેહનાકાર પાખંડીઓને પ્રસિદ્ધ સાધનરૂપ એવા આકાર લોકવ્યાપક એવું જીવસ્વરૂપ છે જ નહિં. આહાહા! આત્મા અણાત્માના ભેદવિજ્ઞાનદ્વારા ભગવાન આત્મા અને એ સિવાય બીજુ અણાત્મા. વિકલ્પ, શરીર,

વાણી, મન, સ્ત્રી, કુટુંબ અને દેવ, ગુરુ, શાસ્ત્ર. ભેદવિજ્ઞાન દ્વારા, બેની જુદાઈના જ્ઞાનદ્વારા, આહાહા! શરીરાદિ પર પદાર્થો પ્રત્યે ઉપેક્ષા કરી, શરીરાદિ અને ઇન્દ્રિયોથી દેખાતી બધી ચીજો ઉપેક્ષા કરી, ઉપયોગને ત્યાંથી હઠાવી, સ્વસન્મુખ કરે છે, સ્વસન્મુખ કરે છે. અનાદિથી વિમુખ છે સ્વથી અને પરથી સન્મુખ છે. એને અહીંયા સ્વસન્મુખ કરે અને પરથી વિમુખ કરે છે. આહાહા!

આત્મસ્વરૂપમાં સ્થિર થતાં તે અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે. બાહ્ય ઇન્દ્રિયના વિષય તરફ ઝુકાવ એ દુઃખ છે અને એને રોકીને અણીન્દ્રિયમાં આવવું ત્યાં સુખ છે. આહાહા! અને આત્મસ્વરૂપમાં સ્થિર થતાં તે અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે. આહાહા! શું જ્ઞાનીને આત્મ સ્વરૂપનું ભાન હોવાથી તે આત્મ વિષયમાં જ રમવાની ભાવના કરે છે, જ્ઞાનીને આત્મસ્વરૂપનું જ્ઞાન હોવાથી, આત્મજ્ઞાન હોવાથી, આત્મવિષયમાં જ રમવાની ભાવના કરે છે તે આત્મામાં રમવાની વારંવાર ભાવના હોય છે. બાહ્ય વિષયોમાં વિચરવાનું પસંદ કરતો નથી. આહાહા!

સ્વરૂપને ચૂકીને બાહ્ય વિષયમાં રમવું, એ પસંદ કરતો નથી. માટે અંતરાત્માને શરીરાદિ બાહ્ય પદાર્થોમાં અનાસક્તિ હોય છે. એ અનાસક્ત શબ્દ આવી ગયો છે. પચાસમી (૫૦) ગાથામાં. અતત્પર, અનાસક્ત, સંસ્કૃતમાં આવે છે, ૫૦નો છેલ્લો શબ્દ છે સંસ્કૃત अतत्परस्तदनासक्तः એમ પાઠ છે. એની ટીકા કરી છે. અનાસક્ત. આ રીતે અનાસક્ત છે. કરવી છે ને અનાસક્ત છે એમ નહિં. આહાહા! રાગની એકતા નથી તે અનાસક્ત છે. આહાહા! તે અંતરાત્માની દશાને અનાસક્ત કીધી છે. પરમાં એકત્વબુદ્ધિ નથી, વિકલ્પમાં એકત્વબુદ્ધિ નથી, નિર્વિકલ્પમાં એકત્વબુદ્ધિ છે. આહાહા! આવું ઝીણું અને આવું.

(**શ્રોતા** : અહીં તો ઝીણું જ હોય ને) શરીરાદિ બાહ્યમાં અનાસક્ત હોય છે, તે જ્ઞાન સ્વરૂપ આત્માનો જ અનુભવ કરે છે. અસ્તિ, નાસ્તિ બેય વાત લીધી છે. આહાહા! જો આનંદમય જ્યોતિ, તે આત્માનું સ્વરૂપ હોય, તો ઇન્દ્રિયોનો નિરોધ કરી તેનો અનુભવ કરનારને દુઃખ કેવી રીતે હોઈ શકે? આ એમ. શરૂઆતમાં અંતર જતાં બાહ્યમાં જરી કાંઈ ઠીક લાગે અને અંતરમાં જવું એ મુશ્કેલી લાગે, એટલે દુઃખ લાગે, એનો અર્થ મુશ્કેલી લાગે, એમ. આહાહા! તે કહે છે.

---

૨. ભાવિતાત્મને – આત્મસ્વરૂપને યથાર્થપણે જાણનારને

**ननु सानन्दं ज्योतिर्यद्यात्मनोरुपं स्यात्तदेन्द्रियनिरोधं कृत्वा तदनुभवतः कथं दुःखं स्यादित्याह -**

**सुखमारब्धयोगस्य बहिर्दुःखमथात्मनि ।**
**बहिरेवासुखं सौख्यमध्यात्मं भावितात्मनः ।।५२।।**

પ્રારંભે સુખ બાહ્યમાં, દુઃખ ભાસે નિજમાંય;
ભાવિતાત્મને[२] દુઃખ બહિર્, સુખ નિજઆતમમાંય ।। ૫૨ ।।

**टीका** : बहिर्बाह्यविषये सुखं भवति । कस्य? आरब्धयोगस्य प्रथममात्मस्वरुपभावनोद्यतस्य । अथ आह । आत्मनि आत्मस्वरुपे दुःखं तस्य भवति । भावितात्मनो यथावद्विदितात्मस्वरुपे कृताभ्यासस्य । बहिरेव बाह्यविषयेष्वेवाऽसुखं भवति । अथ आह । सौख्यं अध्यात्मं तस्याध्यात्मस्वरुप एव भवति ।।५२।।

જો આનંદમય જ્યોતિ (જ્ઞાન) તે આત્માનું સ્વરૂપ હોય, તો ઇન્દ્રિયોનો નિરોધ કરીને તેનો અનુભવ કરનારને દુઃખ કેવી રીતે હોઈ શકે? તે કહે છેઃ-

**અન્વયાર્થ** : (आरब्धयोगस्य) યોગનો અભ્યાસ શરૂ કરનારને (बहिः) બાહ્ય વિષયોમાં (सुखं) સુખ લાગે છે, (अथ) અને (आत्मनि) આત્મસ્વરૂપને વિષે (दुखं) દુઃખ પ્રતીત થાય છે, પરંતુ (भावितात्मनः) આત્મસ્વરૂપને યથાર્થપણે જાણનારને-સારા અભ્યાસીને (बहिःएव) બાહ્ય પદાર્થોમાં જ (असुखं) દુઃખ થાય છે અને (अध्यात्मं) આત્મસ્વરૂપમાં (सौख्यम्) સુખનો અનુભવ થાય છે.

**ટીકા** : બહાર એટલે બાહ્ય વિષયમાં સુખ લાગે છે. કોને? યોગનો આરંભ કરનારને અર્થાત્ પ્રથમવાર આત્મસ્વરૂપની ભાવનાના અભ્યાસીને, અને કહે છે - આત્મામાં એટલે આત્મસ્વરૂપમાં (તેની ભાવનામાં) દુઃખ (મુશ્કેલી) લાગે છે, પણ ભાવિતાત્મને એટલે યથાવત્ જાણેલા આત્મસ્વરૂપના (તેની ભાવનાના) અભ્યાસીને, બાહ્યમાં જ એટલે બાહ્ય વિષયોમાં જ અસુખ (દુઃખ) ભાસે છે; અને કહે છે - આત્મામાં એટલે તેના અધ્યાત્મસ્વરૂપમાં જ (તેની ભાવનામાં જ) સુખ લાગે છે.

**ભાવાર્થ** : યોગનો એટલે આત્મસ્વરૂપનો પ્રથમવાર અનુભવ કરવાનો આરંભ કરનારને બાહ્ય વિષયોમાં સુખ જેવું લાગે છે અને આત્મસ્વરૂપની ભાવનાના અભ્યાસમાં દુઃખ જેવું જણાય છે, પરંતુ જ્યારે તેને પરિપક્વ અભ્યાસથી આત્મસ્વરૂપનું યથાર્થપણે જ્ઞાન થાય છે ત્યારે તેને બાહ્ય વિષયો અસુખરૂપ પ્રતીત થાય છે અને આત્મસ્વરૂપમાંજ સુખ પ્રતિભાસે છે.

યોગનો અભ્યાસ શરૂ કરનારને, પૂર્વના સંસ્કારને લીધે, બાહ્ય વિષયો તરફનું વલણ જલદી છૂટતું નથી અને તેથી તેને આત્મસ્વરૂપમાં રમવું મુશ્કેલ લાગે છે.

આત્મભાવનાનો અભ્યાસ જ્યારે તેને પરિપક્વ થાય છે અને તે સ્વરૂપમાં સ્થિર થાય છે, ત્યારે તેને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. હવે તેને બાહ્ય વિષયો બધા નીરસ લાગે છે; તેને તે ઉપરથી રુચિ ઉઠી જાય છે અને આત્મસ્વરૂપમાં જ વિહરવું ગમે છે.

માટે શ્રી અમૃતચંદ્રાચાર્ય પણ જિજ્ઞાસુ જીવને ઉદ્દેશીને કહે છે :-

''હે ભાઇ! તુ કોઇ પણ રીતે મહા કષ્ટે અથવા મરીને પણ તત્ત્વોનો કૌતૂહલી થા અને શરીરાદિક મૂર્ત દ્રવ્યોનો એક મુહૂર્ત (બે ઘડી) પાડોશી થઇ, તેમનાથી ભિન્ન એવા તારા આત્માનો અનુભવ કર; તારા આત્માના ચૈતન્ય-વિલાસને દેખતાજ આ શરીરાદિક મૂર્તિક પુદ્દ્ગલ દ્રવ્યો સાથે એકપણાનો તારો મોહ છૂટી જશે.''[૩] ૫૨.

---

એ જરીક અંતરમાં ધ્યાન કરવા જતાની વ્યાખ્યા લીધી છે.

**ટીકા** : બહાર એટલે બાહ્ય વિષયમાં સુખ લાગે છે. સુખ લાગે છે, એટલે ત્યાંથી હઠતો નથી અને અંદરમાં જતો નથી, એટલું એને અનુકૂળ લાગે, એમ. સુખનો અર્થ એમ. (અંદરથી) હઠીને બહારથી અંદરમાં જવામાં એને મુશ્કેલી લાગે છે. તો આ બાજુ એને એટલું અનુકૂળ લાગે છે, એમ. એટલે કે એમાં સુખ. એનો અર્થ ઇ. ફરીને, બહાર એટલે બાહ્ય વિષયોમાં સુખ લાગે, સુખનો અર્થ આ હોં. એને જરીક આમ બાહ્યની અનુકૂળતા દેખાય, બહારની અને અંદરમાં જાવું એને મુશ્કેલી દેખાય, એમ લેવું. આહાહા! કારણકે બહારનો અભ્યાસ અનાદિનો એથી બહારમાં એને જરી રહેવું ગોઠે છે. એનો અર્થ બહાર તરફમાં એને જરીક સુખ લાગે છે. સુખ એટલે જરીક ગોઠે છે એટલું બસ. આહાહા! કોને? કે યોગનો આરંભ કરનારને. પ્રથમવાર આત્મસ્વરૂપની ભાવનાના અભ્યાસીને, શરૂઆત આત્મસ્વરૂપની ભાવનાના અભ્યાસીને, અને કહે છે.

આત્મામાં એટલે આત્મસ્વરૂપમાં તેની ભાવના દુ:ખ, દુ:ખ એટલે મુશ્કેલી લાગે છે. અરે! અંતરના અનુભવમાં કેમ જાવું? એમ એને મુશ્કેલી લાગે, એનો અર્થ દુ:ખ લાગે એમ. આહાહા! કેવી વાત કરી છે જોવોને! બહારની ઇન્દ્રિયોના વલણમાં જઇ રોકાવું, એ ઠીક લાગે છે એમ. એટલે એને બહારમાં સુખ લાગે એમ કીધું, ને

૩. જુઓ : શ્રી સમયસાર કલશ - ૨૩

અંતરમાં જવામાં મુશ્કેલી લાગે છે. મહા પ્રયત્ન નિર્વિકલ્પદશા પ્રાપ્ત કરવી એ એને મુશ્કેલ લાગે છે, તેથી એને અંતરમાં દુ:ખ લાગે છે, એમ એનો અર્થ એટલો. સમજાણું કાંઈ ? આચાર્યોએ આ વાત કરી છે. જગતને સમજાવવા માટે કરી છે કે ખાનગી રાખવાને કરી છે ?

(**શ્રોતા :** જગતના લોકો માટે તો રચી છે) એના માટે ભાઈ મારગ આવો છે, ભાઈ ! ઈન્દ્રિયોનો વિષય અને અણીન્દ્રિયનો વિષય બે ભિન્ન છે. ઈન્દ્રિયના વિષયથી તો બહાર જણાય, જે તારું સ્વરૂપ નથી. અણીન્દ્રિયથી તારું સ્વરૂપ જણાય, જે તું સ્વરૂપે છો. આહાહા ! કેવી વાત ! ઘણી સાદી ભાષામાં સત્ ને પંથે દોરી ગયા છે. આહાહા ! કહે છે, ભાઈ ! અંતરમાં જતાં તને મુશ્કેલી લાગે છે, એટલે શરૂઆતવાળાને, એથી ત્યાં દુ:ખ લાગે એમ એમ ભાષા લીધી છે, અને બહારમાં રોકાતા તને ત્યાં રોકાવું તે ઝટ ખસવુ આકરું આ લાગે છે એટલે ત્યાં રોકાવું એમાં જરી ઠીક લાગે છે. આહાહા !

વિશેષ કહેશે......

**।। પ્રમાણ વચન ગુરુદેવ ।।**

**જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે, શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે, વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઈચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે તે કેવળજ્ઞાન સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર, જેના યોગે સહજમાત્રમાં જીવ પામવા યોગ્ય થયો, તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો ! નમસ્કાર હો !**

**દૃષ્ટિનાં નિધાન ૮૪**

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

: પ્રકાશક :

શ્રી કુંદકુંદ-કહાન સત્ સાહિત્ય પ્રચાર

બોરીવલી